[illegible]

[illegible]

[illegible]

[illegible]

# છાલો પાલો

# મરી મસાલો.

છાલા પાલા અને મરી મસાલાથી અંજન,
પોટીસ, ચાહ, ઉકાળા વગેરે ગરીબ ઘરમાં
અને ગામડાંઓમાં સહેલાઇથી કામ
આવે એવા દેશી દવાઓનો
નુકસા સંગ્રહ.

આવૃત્તિ ત્રીજી.

પ્રગટ કરનાર.

## ડી. પી. મારદન.

અંગ્રેજી દવા વેચનાર.

કણપીઠ બજાર—સુરત.



ઇ૦ સ૦ ૧૯૧૬.

કિંમત રૂ. રા.

છપાવી પ્રસિદ્ધ કરનાર—ડાસાભાઈ પાલનજી માડન
કણપીઠ બજાર-સુરત.

છાપનાર—પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

છાપવાનું ઠેકાણું—ખુમચંદ અમીચંદના ધી સુરત "જૈન"
એન્જીન પ્રિન્ટીંગ પ્રેસ ખપાટીઆ ચકલા-સુરત.

# સુચના.

માનપૂર્વક જણાવવાની રજા લઇએ છીએ જે "ભાજી પાલા મરી મસાલા" નું પુસ્તક પ્રગટ કરવામાં અમોએ કાંઈ નવું કર્યું નથી, પણ ભાજી પાલા મરી મસાલાના વૈદક ગુણો બતાવી, તેઓના કેટલા નુકશાઓ જે ગરીબ ઘરમાં અને ગામોમાં ઉપયોગી થઇ પડે તેઓનો ફકત સંગ્રહ કર્યો છે.

આ પુસ્તકનો ઉપયોગ કરનારાઓમાં મોટો ભાગ ગુજરાતી ભાષા થોડી જાણનારા ગામડાના લોકો અને ગરીબ કુટુંબોના બાનુઓ હોવાથી તેઓને સેહેલથી સમજ પડે એવી સેહેલી ભાષા રાખવામાં આવી છે.

દવાના અને દરદોનાં કેટલાક અશુદ્ધ નામો, જે હાલમાં ચાલુ વપરાય છે તે અશુદ્ધ નામો સગવડને ખાતર ચાલુ રાખવામાં આવ્યાં છે.

કેટલાક દેશી ઈલાજો જે હાલમાં હસી કાઢવા જેવા જણાય છે. તેઓને હસી કાઢી રદ ન કરતાં, તે લખાણની અસલ નેમ શું છે, અને તે કેટલા ઉપયોગી છે, તે ઉપર અનુભવીઓએ ધ્યાન આપવું જોઇએ છે.

વધારા અને સુધારા સાથ આ પુસ્તકની ત્રીજી આવૃતિ બહાર પડી છે, એજ પુરાવા આ પુસ્તકના ઉપયોગીપણા અને જાહેર પ્રસંશા માટે બસ છે.

ડી. પી. માડન કણપીઠ–સુરત.

# સાંકળીઊં.

દરદોના નામ. | પૃષ્ટ



A

# દુઃખ દરદ દફે કરવા માટે

૩૦૦૦ વરસ આગળ જરથોસ્તના જમાનામાં પાંચ સાધનો હતાં,–અષો બેષજો, દાતો બેષજો, કેરેતો બેષજો, ઊરવરે બેષજો, માથરો બેષજો. ( અરદીબેસ્ત યશ્ત. )

અષો બેષજો, તે અષોઇથી (પવિત્રાઇથી) દરદ ભાંજનારા; દાતો બેષજો, તે ઈનસાફ આપી દરદ સારૂં કરનારા; કેરેતો બેષજો, તે વાઢાડકાપ કરી દરદ સારૂં કરનારા; ઊરવરો બેષજો, તે ઝાડપાનથી દરદ સારૂં કરનારા; માંથરો બેષજો, તે માંથરવાણી ( મંતર ) ભણીને દરદ સારૂં કરનારાં

—⊱✿⊰—

# દુઃખ દરદો સાફ કરવા માટે

દેશી વૈદાંમાં છાલા પાલાના ઈલાજો સાથ મંતર, તંતર, અને જંતરના ઈલાજો હુતા.

છાલા પાલાના ઈલાજોમાં વનસ્પતી વગેરે ચીજોમાંથી બનાવેલી દવાથી દરદ સાફ કરવાં.

મંતર (ભંતર) એટલે ઈશ્વરનું નામ દઈને અથવા પવિત્ર શ્લોક બોલીને દરદ મટાડવું.

તંતર એટલે ખેલ કરીને અખ્તરા કરીને અથવા દરદીની રૂખ સાચવી ઠગાઈ કરીને તેના મન ઉપર જોઈતી અસર કરી દરદ દફે કરવાં.

જંતર એટલે કાગળ ઉપર હીસાબી આંકડા લખીને તે કાગળ શરીર ઉપર બાંધી દરદ સારૂં કરવું.

"છાલા પાલા મરી મસાલા"માં વનસ્પતીથી બનેલા ઈલાજોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

ડી. પી. માડન.

પાકદાદાર અહુરમઝદની મદદ હોજો.

શ્રી ૧૧

# છાલો પાલો મરી મસાલો.

### અજીરણ થાએ અથવા ભુખ લાગે નહીં.
### ખોરાક પચે નહીં; કોઠાને કઉવત મળે નહીં; જઠર સુધરે; બદહજમી થાય તે માટે નીચલા ઈલાજો.

૧=અજીરણ થાય ભુખ લાગે નહીં ત્યારેઘણા માણસો દવા અને દારૂ પી પીને ખોરાક પેટમાં દાબે છે તેના કરતાં અપવાસ કર્યો હોય તો બધી પીડા સેહેજમાં પતી જાય છે અને ખરચ કાંઇ થતો નથી.

જો અપવાસ કરવાનું ફાવે નહીં તો બપોરના એકવાર ખાવું અને ઘણી જરૂર જણાય તો રાતરે ફકત ગરમ દુધ પીવું. અપવાસ કરવો એટલે ૧ દીવસ ભુખ્યાં રહેવું. કેટલીક પ્રજા અપવાસને હસી કહાડે છે, અને જેમ વધુ ખોરાક પેટમાં દબાય તેમ ફાયદા ભરેલું છે એમ સમજે છે.

અપવાસમાં દવાનો ગુણ છે, અને તે દવા તરીકે કામ કરે છે; દેશી વઇદું બહુજ લાંબા વખતથી એના ગુણ અને જરૂરીયાતની ભલામણ કરતું આવ્યું છે

અપવાસથી ઘણા દુખો હરણ થાય છે. જળંદર ઓછું થાય છે; અજીરણ મટે છે; ભુખ લાગે છે; જીભનો સ્વાદ બગડેલો હોય તે સુધરે છે અને દરેક પકવાન સ્વાદીષ્ટ લાગે છે. ટુંકામાં તનદુરસ્તી ચાલુ રાખવા માટે અપવાસ કરવાની ઘણી જરૂર છે.

૨=ખોરાક ન પચવાથી પેટમાં દુઃખે તો આદુનો રસ ાા થી ૧) તોલો પીવો. આદુના આચાર કરી ખોરાક સાથ ખાવામાં લેવો. આદુનો મુરબ્બો કરી ખાવામાં લેવો. આદુ ખોરાકને નરમ કરે છે, પણ આદુ પોતે જલદી નરમ અને પોચું પડી શકતું નથી આદુનો મુરબ્બો કરતાં તેને નરમ પોચું કરવાની જરૂર છે. જે માટે એને ચોળાઇની ભાજીમાં બાફે છે, ત્યારે તે નરમ થાય છે. પછી તેને ચોખી શાકરના સરબતમાં મુકી ગરમ કરી મુરબ્બો બનાવે છે.

૩=જુનો ગોળ અને પીપર ૦। તોલો ખાવી.

૪=ઇંદ્ર વરણાનું ફળ લઈ તેની ગાબડી કહાડી તેની અંદર અજમો અને કાળાં મરી ભરી ગાબડી પાછી મારી સુકાવા દેવું. પછી એના ચુરણની ભુકી ૦। તોલો પાણી સાથ ખાવી. ઇંદરવરણાનું ફળ જેટલું વજને હોય તેનો ૧૬ મો ભાગ અજમો અને ૧૬ મો ભાગ મરી લેવાં.

૫=અજીરણ મટાડે, કોઠાને કઉવત આપે, ખાધેલું પાચન કરે, પારા સુજેલાને ફાયદો કરે, પેટમાંની અગન નરમ કરે, લાલ પથરી (એસીડવાળી)ને ફાયદો આપે–આ સઘળા રોગો માટે ચુનાનું નીતરૂં પાણી પીવાથી ફાયદો થાય છે, મોટા માણસ માટે અરધો ઔંસથી ૪ ઔંસ સુધી તે પીવામાં અપાય છે.

૬=જીરૂં ૫–વાલ વાટીને પાણી સાથ ફાકી મારવી.

૭=અજીરણ માટે પાચક ચુરણની બનાવટ—

ત્રિફળાં, ત્રિકટું, એળચી, ચિત્રો પીપળીમૂળ, સેકેલી હીંગ, જીરૂં, વરીઆળી, લવંગ, વાવડીંગ, સીંધવ, અજમો, વરાગડું મીઠું, સંચળ, એ બધાનું સમભાગે ચુરણ બનાવી તેને લીમડાના પાનના રસમાં ભીંજવી રાખી સુકાવા દેવું, વજન ૦॥ તોલો પાણી સાથ રોજ બે વાર લેવું.

૮=સવારે નયણે કોઠે ૦॥ શેર પાણીમાં ખાટાં લીંબુની ૧) ચીરી નીચવી રોજ પીવું.

૯=જાંવત્રીનું ફળ તે જાયફળ છે બદહજમી માટે–જાયફળ ૦। અથવા ૦॥ તોલો મધ સાથ ખાવું.

૧૦=લીંબુના રસમાં સીંધવ પીગળાવી, તેમાં સુંઠ આઠ દીવસ ભીંજવી રાખી છાયમાં સુકવી તેનું ચુરણ ૦। તોલો સેવન કરવું.

૧૧=કોપરાં ખાધાથી અજીરણ થાએ, તો કાચા ચોખા ચવાડવા અને ખવાડવા.

૧૨=અજીરણ કેરીનું—કેરીથી અજીરણ થયું હોય તો સુંઠ ખાધાથી દુર થાય છે.

૧૩=અખરોટ ખાવાથી અજીરણ થાએ તો અંજીર ખાવાં ને અંજીર ખાવાથી અજીરણ થાય તો અખરોટ ખાવી.

૧૪=દુધના દુશ્મન—મીઠું, ગોળ. મગ, મુળા, માછલાં દુધના ખોરાક સાથે ખવાય નહીં. ખાય તો ચામડીના દરદો અને કોહડ થાય. દુધ સાથે તાડી દારૂ ન પીવાય કારણ કે અજીરણ થાય.

૧૫=કેળાના દુસમન—કેળું છાસ તથા દહીં સાથ ખાવામાં નુકસાન છે.

૧૬=પાકી કેરી પુષ્કળ ખાવાથી ઝાહડા આવે ત્યારે કેરીના ગોટલા ભુંજી અંદરની ગોટલી ખાવી.

૧૭=ફણુસના ફળ તે ચાંપા છે. ચાંપા ખાવા પછી પાન સોપારી ખાએ તો પેટ ચદે તેનાં ઈલાજ માટે ખાટાં બોર ખાવાં.

૧૮=ચાંપા ઘણાં ખાવાથી અજીરણ થાએ, ઝાહડા આવે તો કોપરૂં ખાવું.

૧૯=અજીરણ બચ્ચાંને ધાણા ૬ તોલા, એલચી ૧ તોલો, આ બધાને ખોખરાં કરી ૨૦ તોલા પાણીમાં ઉકાળીને ૧૦ તોલા રાખી તે પાણી બચ્ચાંને ૦॥ તોલો દીવસમાં ૩ વાર પાવું. મોટા માણુસને ૫ તોલા સુધી આપવું.

૨૦=ધાણા ભુંજીને ચાવી ખાવા.

૨૧=જીરૂ ઉતમીને પાંચ વાલ વાટીને પાણી સાથે ફાકી મારવી.

૨૨=ચણાનો ખાર ૦॥ તોલો સાકેર સાથ મેળવીને પીવો.

૨૩=આમલીની ઉપરની છાલની રાખ ૬) માસા રાતરે ખાવી.

## આરકેનમ ચુરણ.

૨૪=ખાધેલુ પાચન થાય, ઝાડો સાફ આવે તે માટે વડગરૂ મીઠું, લાલ મીઠું, હરડે, વરીઆળી, અને સુનામખી આ ચીજોની મેળવણી છે. ખોરાક સાથે૦॥ તોલો. લેવી.

૨૫=ગાયના દુધનું તાજુ દહીં પાણીથી ખુબ મેળવી છાસ બનાવી પીવું. ખોરાક તરીકે શરીરને ટેકો આપે છે અને અજીરણ મટાડે છે.

૨૬=દુધને ગરમ કરી અંદર લીંબુ નીચવે તો દુધ ફાટે અને પાણી છુટું પડે. તે પાણી ગાળીને બે તોલા પીવામાં લેવું, દીવસમાં ૩ વાર પીવું. તેનાથી અજીરણ મટે છે.

દુધનો ખોરાક બાલકને બહુ સારો છે, પણ દુધ બાલકને જરપત ન થતું હોય તો, વેલાતી અથવા ગામઠી બીસકોટ તાજી એક તોલો ખાંડ ૦। તોલો એ બંનેને ખુબવાટી બારીક કરી, પાણી ગરમ કરી ઉકાલવું તેમાં આ ભુકો જરા જરા નાંખતા જવું અને ઘુંટતા જવું. ઘણું જાડું કરવું નહીં. કપડેથી ગાળી તે પાણી બાલકને પાવું. વખત જતે થોડું થોડું દુધ ઉમેરતા જવું. બાલક માટે આ ખોરાક પહેલા નંબરનો છે.

૨૭=પાણી ઘણું પીવાથી ખોરાક હજમ થાય છે, અને શરીરનો રોગ નીકળી જાય છે.

હોજરી નબળી પડે, શરીરે સુસ્તી લાગે તે માટે—ગરમ પાણી એકેક કપ દીવસમાં ૩) વાર પીવું. ૧) માસ ચાલુ રાખવું. થંડુ પાણી પીવું નહીં. ખાધા પછી ०॥। કલાકે, અને ખાધા અગાઉ ૧) કલાકે પાણી પીવું.

બંધકોસ થાય ત્યારે ગરમ પાણીવાળી બાટલીથી પેડુ ઉપર સેક કરવો.

૨૮=અજીરણ માટે લુણીભાજી નો રસ ૨) તોલા છાસ સાથે પીવો.

---

# અતિસાર, આમવાયુ, મરડો, સંગ્રહણી.

૧=સૌથી સારો ઇલાજ ૧) દીન અપવાસ કરવો પછી પાતળો ખોરાક લેવો; પછી સાદો ખોરાક લેવો.

૨=વડની ટીસીઓ ચોખાના ધોવણમાં વાટીને છાસ સાથ પીવી.

૩=જાંબુ, આંબો, આમલીના પાનનો રસ ૨) તો. મધ દુધ અથવા દહીમાં લેવો.

૪=અફીણ અને કેસર સમભાગે મેળવી ચણોઠી જેવડી ગોળી બનાવી ખાવી.

૫=સુંઠ વરીઆળી, ખસખસની ફાકી ०॥ તોલો. લેવી.

૬=લસણની કળી ઉભી ચીરી તેમાં એક જુવારના દાણા જેટલું અફીણ ભરી તે ગરમ કરીને દીવસમાં ૩) વાર ૩) દીવસ ખાવાની જરૂર છે,

૭=અતિસાર માટે છાસ, ઘણીજ ગુણવાલી છે. દુધ બાંધી દહી બનાવી, તેમાં દહીના વજન જેટલું પાણી નાંખી છાસ બનાવવી માખણ સાથની છાસ માફક ન આવે તો માખણ કાહાડી લેવું, છાસમાં સેકેલું જીરૂં અથવા હીંગ મેળવવી.

૮=કડા છાલ ૦ા તોલો ખાવામાં લેવી. કડાના ઝડને ઇંદ્રિજવનું ઝાડ કહેવામાં આવે છે. ઇંદ્રજવ ઘોડાના મસાલામાં ઘણો વપરાય છે. તે ઇપેકેકયુંનાનું કામ કરે છે.

૯=અંકોલના ઝાડના મુળીઆંનો ભુકો ૦ા તોલો લઇ તેને મધ અને ચોખાના ધોવણ સાથ દીવસમાં ૩ વાર પીવડવું

૧૦=જીણા કરમડાં જેવા કેરીના મરવાનો ભુકો તોલો ૦ા, પાંચ દીવસ લેવાથી મરડો મટે છે. તથા બેઠેલું ગળું ખુલે છે. આંબાના મોહોરને ચુસવાથી પણ બેઠેલું ગળું ઉઘડે છે.

૧૧=આંબાની અંતર છાલ ૦ાા તોલો. દહી સાથ મેળવી દીનમાં ત્રણવાર ખવાડે તો ફાયદો થાય છે.

૧૨=૧) તોલો કાંદાના રસમાં ૧) રતી અફીણ મેળવી દીવસમાં ૩ વાર લેવાથી અતીસારને ફાયદો થાય છે.

૧૩=કેસર અને અફીણ સમભાગે લઇ, મધ સાથે મેળવી, ચોખા જેટલી ગોળીઓ બનાવી તેમાંની એક સહવારે અને એક સાંજે ત્રણ દીવસ ખાવી.

૧૪=નાની હીમજી હરડેને દીવેલનો હાથ લગાડી ગરમ કરીને ચુરણ બનાવે. આ ચુરણ ૦ા અથવા તોલો પાણી સાથ રોજ બે વાર ખાધા પછી ખાઓ.

૧૫=થોરનું મુળ લાવી લાલ દોરા સાથ વીંટાળી કમરે બાંધે તો અતિસારને ફાયદો થાય છે.

૧૬=દીવેલ ઘણું અકસીર છે. બચ્ચાંઓને તે ઘણું ફાયદાકારક છે.

૧૭=કોઈ દરદીને વારંવાર ઝાહડા થતા હોય તેને માટે નીચલો સહેલો ઉપાય છે—

દીવેલ જુલાબનું ૦ાા તોલો, નારંગીનો રસ ૧૦ તોલા આ બન્નેને મેળવવું તેમાંથી એક ચમચી પાણી વગર પીવું. દીવસમાં ૪ વાર પીવું. જરૂર જણાય તો એકેક કલાકે પીવું.

૧૮=દરદીની દુંટી ઉપર આદુનો રસ લગાડવાથી બહુ ફાયદો થાયછે.

બાલકને સંગ્રહણી હોય તે માટે-સુંઠને પાણીમાં ઘસી તેટલુંજ ઘી, અને સાકર મેળવી ગરમ કરી ચટાડવું.

૧૯=ભાંગ ગાજાનું ચુરણુ સાકર સાથ આપવું.

૨૦=બીલ્લાં અને આંબાની ગોટલીનો રસ મધ સાથ પીવો.

બીલ્લાં, સુંઠ અને કાય ફળનો કાહવો અકસીર છે.

૨૧=અતિસાર લોહી સાથનો મટે-બોરડીની છાલ દુધમાં ઘસી મધ સાથ પાવી.

૨૨=૦। તોલો સાબરસીંગુ ઘીમાં ઘસી ખાવું.

૨૩=જાયફળ, અફીણ, ખારેક સમભાગે લઇ પાનના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી દીનમાં ૩ વાર છાસ સાથે ૭ દીન ખાવી.

૨૪=એમાં કમ્મર, પેઢુ અને બરડો દુખે ત્યારે ખજુર ૦। શેર ને પાણીમાં ભીંજવી ચોળીને તેનું પાણી ગાળીને પીવું. એ મુજબ સાત દીવસ પીવું.

૨૫=ટંકણુ ખાર બે વાલ ને પાકેલાં પાનની સાથ ખાવો પાકેલા પાઉન વધારે ખાય તો ફાયદો થાય.

૨૬=મરડો સારો થાય-નગોડના પાનનો રસ ૨) તોલા રોજ બે વાર દરદી પીએ.

૨૭=આમવાતને દુર કરે-ગલો, સુંઠ અને તેલ મેળવી ખવાડવું.

૨૮=મરડો, આમવાયુ, પેચસ સારૂં થાએ-અરડુસાના પાન અને સાકર એકેક તોલો લઈ દુધમાં ઉકાળી રોજ બે વાર પીવું.

૨૯=આમ વાયુ માટે-મેથીને સેકી ભુકો કરી તેનું ૦॥ તોલો ચુરણુ દહીમાં મેળવી ખાવું.

૩૦=અતીસાર બાલકને-તાજાં દાંદવા બાફીને તેનો રસ કાહડી ૦॥ તોલો રસ બાલકને પાએો.

૩૧=મરડો લોહી સાથનો હોય તે માટે-ગુળે અરમાની ૧ ભાગ, ચાક ૧ ભાગ, સાકર ૨ ભાગ, મેળવી તેમાંથી અરધો તોલો પાણી સાથ પીવો.

૩૨=મરડો =અતિસાર-ઘણા સખત અતીસારમાં ધંતુરાનું એક પાન દહીં સાથ મેળવીને રોજ એક વાર ખવાડવું. ફાયદો જણાવા પછી અરધું અને પા (૦।) પાન ખવાડવું. ગળામા ગરમી જણાય તો દુધ પીવું.

૩૩=આમવાત. અતીસાર મટે-આકરાના મુળની છાલનું ચુરણ ૧॥ માસો સાકર સાથ મેળવી ૩ વાર ખવાડવું. આ મુળ ઈંગ્રેજી ઇપેકે કયુનાનું કામ કરે છે.

૩૪=મરડો સારો થાય—દાડમની છાલ ૦। તોલો, સાકેર એક તોલો, એને પાણી સાથ વાટીને રોજ એક વાર પીવું.

૩૫=મરડો, મુત્ર કચ્છ મટે—ગળવેલનો રસ બે તોલા અને દીવેલ બે તોલા પીવું.

## એડકી-હેડકી-અડગરી બંધ પડે.

૧=શ્વાસ થોડી વાર રોકવો.

૨=બકરીનું દુધ સુંઠ સાથ ઉકાળી પીવું.

૩=જેઠીમધ મધ સાથ ચાટવી.

૪=લસણ ઘી સાથે ખાવું.

૫=આબળા, પીપર, સુંઠનું ચુરણ ખાવું.

૬=આદુ મોંઢામાં રાખી તેનો રસ ગળવો.

૭=હીંગ અને અડદની ભુકીનો ધુમાડો લેવો.

૮=જેઠીમધનું ચુરણ મધમાં મેળવી નાકમાં લગાડવું.

૯=પીપર અને સાકેર ફાકવી.

૧૦=હીંગ વાલ બે, ઘી સાથે ખાવી.

૧૧=સાકરીઆ ખાંડમાં જરા સરકો નાંખી જલદી ચાવીને ગળી જવી.

૧૨ કમળકાકરીના બીજ ૦। તોલો પાણી સાથ પીવામાં આપે છે.

૧૩=જુના ચામડાની રાખ મધમાં ખાવી. વેલે રીઅણ રૂટનો ગુણ એમાં છે.

૧૪=સુકાં કોપરાને પાણી સાથે ખાંડી સાકર મેળવીને પાવું.

૧૫=ફુલવેલી ફટકી ૧ વાલ ખવડાવવી.

૧૬=દુધ ઉકાળી તેમાં જરા ઘી નાંખી પીવું.

૧૭=ધોરા ઘાસના મુળનો રસ ૧ માસો મધ સાથ પીવો.

૧૮=પીપળાની છાલના અંગારને પાણીમાં બુજાવી તે પાણી એકેક તોલો, દર ૦। કલાકે પીવું.

૧૯=અડગરી માટે સેરડીનો રસ પીવો

૨૦=જાયફળને ચોખાના ધોવણમાં ઘસી પીએ તો હેડકી બંધ પડે.

# ગોળીમાં આંતરડું ઉતરે-અંતરગળ-સારંગ-ગોળીમાં વધરાવળ-ગોળી મોટી

૧=અંતરગળ માટે ઇલાજ—અજમો ૭ તોલા પાણી બસેર ૦॥ શેર તેલ એઓને સાથે ઉકાળી પાણી બાળી નાંખવું, તેલ ગાળી લેવું. આ તેલ પેડુ, પેટ અને ગોળી ઉપર ૦॥ કલાક સુધી મસળવું. પછીઆકરાના પાન જરા ગરમ કરી ગોળીની આસપાસ અને ગાંઠા આગળ બાંધવા. ૧૨ કલાક પછી ગરમ પાણીથી ગોળીને સેકવી.

અંતરગળ માટે–નગોરના પાતરાંની પોટીસ કરી બાંધવી અને કાચકાના બીજ બે તોલા, મરી સફેદ ૧ તોલો મેળવી તેમાંથી ૦ તોલો ચુરણ પાણી સાથ ખાવું. પવન છોડવવા માટે ૧॥ તોલો આદુ અને ૦॥ તોલો મીઠું મેળવી ખાવું. અંતરગળવાળા દરદીનો ઝાહડો લાવવાની ઘણી જરૂર છે.

૨=એળીઓ, જવખાર, ઉપલેટ, વછનાગ એ સઘળાનું તેલ ઉપર બતાવેલી રીત પ્રમાણે બનાવી તે તેલ અતરંગળની બાજુએ ૧૦ દીવસ મસળવું,

૩=ચમકપાહાણને પાણીમાં ઘસી તે જગાપર લેપ કરવો.

૪=લોટ, અજમો, દીવેલીનું મગજ સરખે ભાગે મેળવી દુધમાં તેની પોટીસ કરીને તે ગાંઠપર મુકીને પાટો બાંધવો. આ મુજબ કરે તો વધરાવળ મટે.

૫=ગાયના પીતાનો રસ તાજો રોજ ગોલીએ મસળે તો ગોલી સંકોચાઈ જાય.

૬=દાડમની છાલનું ચુરણ ૦ શેર અને તલ ૧ સેર ઉકાળીને ગોળીએ મસળે ને કચ્છો બાંધે તો ગોળી નાની થાય.

૭=અંતરગળમાં ઝાહડો અને પીસાબ છોડવવા માટે અજમો ૫, દીવેલીનું મગજ ૨॥, સુંઠ ०।. સંચળ ૫, વરીઆળી ૨ ભાગનું ચુરણ બનાવી તે ચુરણ ०। તોલો. ૧। તોલો દીવેલ, ૧। તોલો દુધ મેળવીને પાવું. ઝાહાડો ०॥ કલાકમાં ન આવે તો ફરી ઉપર મુજબ પાવું.

અજમો, દીવેલીનું મગજ, કલોંજી, સુવા, અજમોદ સમભાગે છુંદી તેનો સેક કરવો.

૮=વધરાવળ માટે કડાનું ચુરણ ના તોલો રોજ બે વાર લેવું

૯=હાથીપગ=સારંગ—હાથીપગ તથા સારંગ ગાંઠ ( આંતરડાંનું ગોળીમાં ઉતરવું તે ) ઉપર આવરના પાંતરાનું વરાળીયું બાંધે.

૧૦=ગાયના પીત્તાનું પાણી ગોળીએ ચોપડવું. ગોળી વધે નહીં અને એક સરખી થાય.

૧૧=અંતરગળ નરમ પડે. અકલબેરના ઝાડનાં પાંતરાં કેળના પાંતરા જેવાં થાય છે તે ઉપર સીલા રસ લગાડી ગોળી પર બાંધે તો અંતરગળ નરમ પડે છે.

૧૨=ઇંદ્રવરણાને છુંદી લેપ બનાવી ૩ દીન સુધી ગોળી ઉપર બાંધે તો અંતરગળ નરમ પડે.

૧૩=ઇસેસ, હીરાદખણ, એલીઓ, હીરાબોળ, કપડછંડ કરીને સરસના પાણીમાં ગરમ કરી લેપનો પટો કરી લગાડવો.

૧૪=અંતરગળ માટે અંગ્રેજી કેમોમાઇલનું તેલ ગોળીએ મસળવું.

૧૫=જીરાંના પાંતરાં, કાંકસીના પાતરાં, ૩ વાલ અફીણ મેળવીને લગાડે અથવા જીરાંપાક જાયુક ખાવામાં લેવો. પાક બનાવાવી રીત—૫ તોલા સફેદ જીરૂં સેરડીના સરકામાં ૨૪ કલાક ખરમોટી રાખવું છાયામાં સુકવવું પછી ૨॥ તોલા સુંઠ અને મધ સાથ મેળવી પાક બનાવવો. ૦॥ તોલો પાક દર વેળા ખાવો.

૧૬=હીંગ પેટનો પવન બહાર કહાડે છે. આંતરડું ગોળીમાં ઉતરી પડે ત્યારે કોઇવાર પેટનો પવન બહાર કાઢવાની જરૂર જણાય છે. તે વેળા ૧) વાલ હીંગ દરદીને ખવાડવી. હીંગમાં ઉંઘ લાવવાનો ગુણ છે

૧૭=ઇંદ્રવરણાને છુંદીને લેપ બનાવી ૩ દિવસ સુધી ગોળી ઉપર બાંધે તો અંતરગળ નરમ પડે.

૧૮=અંતરગળનો ઇલાજ—નવટાંક હળદ સુકાં, ૫) શેર ચુનો ૧) મણ પાણીને કાદવનાં વાસણમાં તેનું મોં બંધ કરી ઉકાળે પાણી બળી રહે ને હળદને સુકવી ચુરણ બનાવી તેમાંથી ૦। તો. સવારે રોજ ખાએ.

૨૦=ત્રણ ધારવાળો કંટારીઓ થુવર તેના પાદડાં સેર ૧૦) લઇ તેને મીઠામાં આંથવા; ત્રણ દીવસ પછી કહાડી તડકે સુકવવા. તે પાતરાંને નીચેની વસ્તુઓ સાથ મેળવી અચાર બનાવવાં. પાતરાં આંટેલાં તેનું નીકળેલું પાણી જેટલું ખપે એટલું લેવું. સાજીખાર, સીંધવ દરેક નવટાંક, આંબાહળદ, રાઈ દરેક ૦ા શેર સરકા સાથ મેળવવું ૧) રાત રાખી રાઇને ચઢાવવી તેની ઝેહેણું નીકળે ને પેલા પાતરાં તેની સાથે મેળવવા. કોઈ ગ્રહસ્થો સરકાને બદલે સરસીઉં તેલ લીએ છે. તેલવાળું અચાર જલદી બગડતું નથી; પણ તેલ જડપત થતાં અડચણ પડે છે. આ અચાર અંતરગળ વાળાં દરદીએ રોજ ખાવું.

૨૧=તવર (આવર)ના પાતરાંને છુંદીને ગરમ પોટીસ કરીને ગોળી ઉપર મુકે તો આંતરડું પાછું ઠેકાણે જાય.

૨૨=તમાકુ અને સેળારસ ગોળા ઉપર બાંધવું.

૨૩=નવસારનાં પોતાં મુકે. ગોળી સંકોચાય અને આંતરડું ચઢે. ઉલટી વગેરે બીજાં ચીન્હો નરમ પડે.

૨૪=અંતરગળ માટે કેમોમાઇલનું તેલ ગોળીએ મસળવું.

૨૫=અજમો ચાર પઇસા ભાર અને ખારેકના ૧૭ ઠળીઆનું ચુરણ બનાવવું.. ઠળીઆને ઠીકરાં ઉપર ભુંજવાથી ભુકો જલદી થાય છે. આ ચુરણ બે આની ભાર રોજ પાણી સાથ બે વાર ખાવું.

૨૬=નમુરાને જરા નીમખ સાથ બાફવી તેને છુંદી લાહી જેવી બનાવવી. તેને લુગડા ઉપર લગાડી પટી બનાવવી તે પટી પેડુ આગળથી ગોળી સુધી લગાડવી.

૨૭=સારંગ ગાંઠ ઉતરે ત્યારે થંડા પાણીમાં ૧) કલાક બેસવું અથવા ૪) ફુટ ઉંચેથી થંડા પાણીની ધાર ગાંઠ ઉપર પડવા દેવી, ૦ા કલાક સુધી પડવા દેવી.

૨૮=કનતારીઆ થુઅરનો ફુટ જેવડો કુમલો કટકો લઈ તેની કાતરી કરવી, તેને ઘીમાં તળી ચુરણ કરવું આ ચુરણ ૦ા તોલો, લવંગ બે આની ભાર મેલવી દરદીને રોજ ખવાડવું.

૨૯=અંતરગળ માટે—મેથીનો આટો ધંતુરા ના પાનના રસમાં મેલવી લેપડી કરી ગરમ ગરમ, સોજા ઉપર મુકી પાટો બાંધવો. ઘણા. દીવસ આ ઇલાજ ચાલુ રાખે તો દરદ દફે થાય. ધંતુરો ન મળે તો પાણી ચાલી શકે.

## આગરૂ-પીંદસ=નાંકમાંથી ચીપરા પડે.

૧=આગરૂ- મોઢામાંથી દુર સુધી બદબો જાય તે માટે—ખેરસાલ ચાર ભાગ, મોરથુથુ ત્રણ ભાગ. કાથો છ ભાગ મેળવીને દાંત તથા પારાપર ઘસે.

૨=ખેરસાલ, ધમાસો, કાંટાસળીઓ સંભાગે ઉકાળી કોગળા કરે તો આગરૂ મટે.

૩ ખેરસાલ ચાર ભાગ, સુંઠ સાત ભાગ, કાકો ચાર ભાગ, પાપડીઓ ખાર ચાર ભાગ ને ઉપલેટ છ ભાગ મેળવીને દાંતે ઘસે તો મોઢામાંથી નીકળતો ખરાબ વાસ દુર થાએ.

૪=જાબુના પાતરાં ઉકાળીને પીવાં.

૫=ઉપલેટ છ ભાગ, પાપડીઓ ખાર ચાર ભાગ મેળવી દાંતે ઘસવું. દાંતમાંથી નીકળતો આગરૂ સારો થાએ.

## અફીણનો અમલ છુટે અફીણનું બંધારણ છુટે.

૧=અફીણનો અમલ છુટે—અફીણ, હીંગ, સીંધવ, સરખે ભાગે લેવું અને સેકટાના ઝાડની છાલના રસમા ગોળી ચણા જેટલી બનાવી સહવારે દીન ઉગતે રોજ ખાવી.

અફીણની તલબ જાય—ગોખરા ગાંજે (દેહેજ) ભરમંદીના બી તથા પાતરાં હુકામાં પીવાં

૨=અફીણનું બંધારણ છુટે— ટીંકચર કેપસીનાઇ ૪ ડ્રામ પોટાસ બ્રોમાઇડ ૪ ડ્રામ, સ્પીરીટ એમોનીયા આરોમેટીક ૩॥ ડ્રામ, કપુરનું પાણી આઉંસ ૬. એ ચીજાને મેળવીને બબે ડ્રામ બબે કલાકે પીવું.

## આધાસીસી=અરધું માથું દુખે તે=આદાસી.

૧=ચનોટીના મુળને પાણીમાં ઘસીને જે બાજુ દુખે તે બાજુના નસકોરામાં સુંઘવાથી ત્રણ દીવસમાં દુખ દફે થાય.

૨=ગળોનો રસ ૨॥ તોલા, મધ ૧ તોલો સહવારમાં ખાવો.

૩=ગરણીના મુળને પાણીમાં ઘસી તેના ટીપાં પાંચ નાકમાં નાંખવાં.

૪=તલનો ખોળ, વાવડીંગ, પાણી સાથે લેપ કરી માથે લગાડવું.

૫=તુળસીના પાતરાં ૩) મરીના દાણા ૩) એ બંનેને છુંદી કપડામાં મુકી પોટલી કરવી. તે પોટલી પાણીમાં બોળીને સુંઘવી.

૬=આકરાનું કુમળું પાતરૂં લઇ તે ઉપર ગાયનું ઘી ચોપડવું. અંગાર ઉપર જરા ગરમ કરી મસળવું. અને લુગડામાં તે ચટણી મુકીને તેના ૪ ટીંપા નાંકમાં નાંખવા, નાંકમાં જરા અગન બળે, અને નાંકમાંથી કફ પડે.

૭=તુળસીના પાતરાંનો રસ ટીપાં ૩ નાકમાં મેલવાં, અગન બળે તો નાકે ઘી લગાડવું.

૮=દુધ સાકેરને બદામની ખીર ખાવી.

૯=તુલસી અને ધંતુરાના પાંતરાંનો રસ સમભાગે મેળવીને સુંઘે તો તત્કાળ માથું ઉતરે છે.

૧૦=તલ અને દુધ વાટી લેપડી કરી માથે મુકવી.

૧૧=પારસ ભીડીના ડીંડવા પાણીમાં ઘસી માંથાપર લગાડવાં.

૧૨=આધાસીસી માટે લવંગ સ્ત્રીના દુધમાં ઘસી કપાળે લગાડવું.

૧૩=ભાંગરાનું મૂળ આસનના પાણીમાં ઘસી કપાળે લગાડવું. કેરીના મરવા સ્ત્રીના દુધમાં ઘસી, જે તરફનું માથું દુખે તે તરફના નાકના નસકોરામાં ટીંપા મુકવાં.

આધાસીસી માટે લુબાન ૦॥ તોલો કમોદના ચોખા ૨) તોલા, સુખડના ઘસાડો, લીંબુનો રસ મેળવી કપાળે લગાડવો.

૧૪=ગરણીના મુળને પાણીમાં ઘસી તેના ટીપાં પાંચ નાકમાં નાંખ ા

૧૫=આકડાના મુળનો ધુમાડો નાકે લેવો.

૧૬=ચણોટીના પાલાનો રસ પાંચ ટીપાં નાંકમાં નાંખે તો નાકમાથી રસ નીકળે. અને માથું નરમ પડે.

૧૭=ભાંગરાનું મૂળ આસનના પાણીમાં ઘસી નાકમાં લગાડવું.

૧૮=ગાયના દુધની મલાઇ સહવારે ભુખે પેટે ખાવી અથવા ગાયનું દુધ, બદામ અને સાકેરની ખીર બનાવીને ખાવી.

૧૯=જે તરફનું અધુ માથું દુખે તે તરફના કાનમા જમાલ ગોટાના બીનું મગજ લીમડાના પાનમાં ઘસો નાંખવું અથવા એ ઘસાડો આંખના પાપણુપર લગાડવો અથવા અથવા કાનમ ઘી તાવીને નાંખવું

૨૦=આંગરાનો રસ અને બકરાનું દુધ મેલવીને લગાડવું. અથવા રસમાં મરી વાટી માથે લેપ કરવો

૨૧=આકડાના પાકાં પાન જે પોતાની મેળે ખરી પડે તેની ઉંધી બાજુએ તેલ લગાડી ગરમ કરે. તેને દાબવાથી પાણી જેવાં ટીપાં પડે, તે ટીપાં પાંચ જે બાજુથી માથું દુખતું હોય તે બાજુના નાકના નસકોરામાં નાંખવાં, ૩ દીવસ રોજ ૧ વાર નાંખવાં, નાક ઝરીને ફાયદો થશે.

૨૨=ગાયનું ઘી રોજ બે વાર નાકમાં મુકવું.

૨૩=ગોળ તોલો ૧, ઘી ‌oll તોલો મેળવી રોજ સહવારે ખાય, અને કાળાતલની લેપડી દુધમાં બનાવી માથે મુકે.

અધાસીસી માટે—રતનજોતના અથવા નેપાલાનાં બીને લીંબુના રસમાં ઘસી ભમર ( ભવાં ) ઉપર ચોપડે તો તરત દુખાવો મટે.

૨૪=સહવારે કાગડા બોલે તે અગાઉ ખીચડી બનાવવી. ત્રણ નવાળા (બુક) થાય એટલી ખીચડીમાં નવટાંક ઘી નાંખી તે ખીચડી અંધારે અંધારે ખાઇ લેવી, તેથી દરદ દૂર થશે. દરદીને ફકત સમજાવવા દવા તરીકે ખાંડનું અથવા સોડાનું ૧ વાલ વજને પડીકું ખીચડીમાં નાખવા આપવું-તેને સમજાવવું કે આ પડીકામાં દવાનો ગુણ છે.

૨૫=શુવરની સુકી દાંડીનો ભુકો અંગારપર મુકી તેનો ધુંમાડો નાકે લેવો.

૨૬=કડવા દોધીનો રસ અથવા કડવાં દોધીના સુકાગરને પાણીમાં ચોળીને તે પાણીના નાકમાં ટીપાં મુકે તો અગન બળે પણ કાંઇ નુકસાન થાય નહીં.

ઉપલેટ ઘોડાવજ, લોબાન પાણીમાં ઘસી કપાળે લગાડે અથવા નવસાગર પાણીમાં પીગલાવી ચુણાના એક કટકાપર નાખી તેને શીશીમાં બંધ કરે અને તે શીશી સુંઘે.

## આંકરાં શરીરે

આંકરાં શરીરે આવે તો બકરીનું દુધ, માખણ અથવા ઘી ખુબ ઘસવાથી આંકરા બંધ પડશે વધુ વખત આ ઇલાજ ચાલુ રાખવાથી ફરીથી આંકરા આવશે નહીં.

# આફરો-આફળો.

૧=આફળો, ઝાડાનો કબજીઆત, પેટમાં કરમ માટે કંપીલો ||| તોલો અથવા વધુ વપરાય છે.

૨=ઘણું ખાધાથી આફરો થાય ત્યારે થુવરનું દુધ પાપડ ઉપર ચોપડી, તે ભુંજીને દરદીને ખવાડે તો ઝાહડો પુષ્કળ આવે અને આરામ થાય.

થુવરની જાતો—દાંડળીઓ ( ખરસાણીઓ ) ભુંગળીઓ, હાથલો, ત્રીધારો અને ચોધારો એટલી જાતના થુવરો છે.

કંટારીઓ થુવર પાંચ ખાંચવાળો છે અને તેના પાતરાં માણસની જીભના આકારના છે, એનું દુધ ઘણું ગરમ અને ચીકાસવાળુ છે. ગુંદર તરીકે કાગળ વળગાડવામાં ચાલે છે. એનુ દુધ સુકાઇને કટકા બને છે, તે જુલાબ માટે ખાવામાં અપાય છે, શરીરે ચોપડવાથી ચામડી લાલ થાય છે.

૩=બાળકને આફરો=મરડો, અતિસાર માટે દીવેળ ઘણું ઉપયોગી છે; પીવામાં આપે તો બહુ ફાયદો થાય.

૪=સુવાની ભાજીનો રસ ૧) તોલો પીવાથી, પેટનો આફળો અને વાયુ મટે.

### આમન બહાર આવે=આંતની જાત ખસે તે માટે.

૧=આમન તથા બદરાંની જાત બહાર નીકળી આવે તો ૨૦૦) બસે વરસની જુની ઇંટ ૨) તોલા અને અસારીઓ ૧॥ તોલો છુંદી પોટલી કરીને ઉપર મુકે તો આમન વીગેરે બેસી જાય.

૨=કેવડાની જડનો રસ એક ચમચો તેનો મલમ બનાવીને લગાડવો.

૩=કણુતોલાંના કણુની લેપડી મુકે તો આમણુ બેસી જાય છે.

૪=ધાવડીના મુળનો ભુકો આમણુ ઉપર દબાવે તો આમણુ બેસે.

૫=છાણુ ગરમ કરી બહાર નીકળતાં સફરાના આમન ઉપર મુકે તો સફરો અંદર બેસી જાય છે.

૬=હરડે બેડાં, આમળાનું ચુરણુ ૧) ભાગ, ચાક ૨) ભાગ દાબે તો મટે.

## અળાઈ દુર થાય, બફાળો ઓછો થાય, ઉકળાટ નરમ પડે=ઉનવા બળતરા શરીરે બળે.

૧=અળાય દુર થાય, બફાળો ઓછો થાય—તાપના દીવસમાં પાણી તડકે ગરમ કરી નાહવું.

૨=અળાઈ મટે—શરીરપર અળાઈ થાય ત્યાં નાળીએરની કાટલીનું તેલ મસળે.

૩=ચણાનો લોટ શરીરે મસળીને નાહવું. પીપળાની છાલ અને ઈંટ વાટીને લગાડવી આંબાના પાન અને ગૌ મૂત્ર સરીરે લગાડવું. કુંવાડીઆના બીનું ચુરણ દહીમાં મેળવી લગાડવું. ડાંડળીઆ સુવરની રાખ પાણીમાં લગાડવી. મગની અને વાલની દાળની રાખ સરસીઆ તેલમાં લગાડવી.

પાપડખાર ટંકણખાર ગૌ મુત્રમાં લગાડવો. આંબાના છાલની રાખ મસળવી. પારસ પીપળાના દોડવામાંથી પીળો પદાર્થ નીકળે તે લગાડવો.

ગુલાબના ફુલ ચોખા સાથ રાંધી ખાવું.

**૪=શરીરની ગરમી** તથા ઉકળાટટ—શરીરની ગરમી મટાડવા માટે આમલા, ૦। તોલો, કાળી દરાખ ૦॥ તોલો અને મધ ૧ તોલો એ સર્વને પાણી સાથ મેળવી ગાળીને પીવું. તેનાથી શરીરનો ઉકલાટ નરમ પડે છે.

જુઓ "ઉનવા"

## ઉદાસી, દલગીરી, ઘેલાપણું-ગમગીની

૧=જીવ ખુશીમાં રહે—મનની ઉદાસી મટે—અરકુરી, બ્રહ્માણી, વજ, હરડે સમભાગે મેળવી તેમાંથી સહવાર અને સાંજ અરધો તોલો ફાકે, અને ઉપરથી પાણી પીએ તો જીવ ખુશીમાં રહે છે. એનો આસવ કરીને વાપરી શકાય છે.

૨=મગજને ખુશ રાખે મગજની શાંતિ રહે—કપાસીના ઝાડના ફુલનું સરબત પીવામાં લેવું.

## ઉલટી, ઓકારી બંધ પડે.

૧=ઉલટી બંધ થાએ—કરોળીઆના સફેદ પડને ગોળ સાથે મેળવી દરદીને ખવાડવું.

૨=આંકડાના પાતરાનો ભુકો એક વાલ મધ સાથે ચાટવો.

૩=ઉલટી-બચ્ચાંઓને થાય ત્યારે ચુનાનું પાણી દુધ સાથ પીવાડે.

૪=તાવ, ખાંસી, ઉલટીમાં અતીવીષ-બચ્ચાં માટે ખાસ છે. માત્રા એક વાલથી બે વાલ સુધી મધ સાથે આપવી.

૫=ઉલટી અથવા ઓકારી—તુળસીનો રસ ૦। તોલો ગોપીચંદન બેઆની ભાર મેળવી પાવાથી ઉલટી મટશે.

૬=ઉલતી કરવા માટે—બે આની ભાર દુધીઆ વજનો ભુકો પાણી સાથ પીવાથી ઉલેટી થાય છે.

ઉલતી થય—મીંઢળનો ગર્ભ દરદીને ખવાડી જેટલી વાર ગરમ પાણી પાએ તેટલીવાર ઉળટી થાએ.

૭=ગર્ભણી સ્ત્રીને ઉલટી થાએ ત્યારે કલંભો ૨ થી ૪ વાલ ખવાડવો.

૮=નાળીએરની ચોટલીની રાખ ૧ વાલ, મધ સાથ ચટાડવી.

૯=આંકડાના પાતરાનો ભુકો એક વાલ મધ સાથે ચાટવો.

૧૦=જાંબુરીના પાનનો રસ એક તોલો પીવો. અથવા ભમરીના ઘરની માટી ૪ વાલ ગરમ પાણીમાં પીવી.

૧૧=આદુ અને કાંદાનો રસ એકેક તોલો પીએ તો ઉલટી બંધ થાએ.

૧૨=કડવી ગરતુંબીનો ગર ખાધાથી ઓકારી અને જુલાબ આવેછે.

૧૩=જીરાંની ધુંઇ નાંકમાં લેવાથી ઉલટી બંધ પડે.

૧૪=ચોખાના ધોવણમાં જાયફલ ઘસીને ખાવાથી ફાયદો થાય.

૧૫=ઉલ્ટીમાં લોહી પડે તે બંધ થાય—જેઠીમધ અને સુખડ દુધમાં ઘસીને દરદીને વારંવાર પાવું. ખોરાકમાં દુધ અને ચોખા.

૧૬=ઉલટી=આફરો મટે—સોવાની ભાજીનો રસ ૧) તો. પાવો.

૧૭=દાણા વગરની દરાખ ચાર માસા મધ સાથ ખાવી.

૧૮=ઉલતી બંધ પડવા માટે—બે વાલ મોમીઆઈ ગરમ પાણીમાં મેલવી પાવી.

## મોમીઆઈ, મમઈ, ( બનાવટી. )

બનાવતી મોમીઆઈ—રાલ શેર ૧, ભીલામું શેર ०।, એ બંધેને ખાંડતા જવું અને ०। શેર તેલ આસતે આસતે મેળવતાં જવું. માટીના વાસણમાં મુકી ચુલે ચઢાવવું. ઉભરો આવ્યા પછી ૨ તોલા હીંગળો નાખવો, અને લાકડીથી હલાવવું. ઉભાણુ આવે, સ્યધળું કાળું બને એટલે થંડુ પડવા દેવું. વાસણ કાઢવતું ભાંગી અંદરની મોમાઆઈના કટકા કરવા.

૧૯=ઉલટી બંધ પડે—મગની પકાવેલી દાળનું પાણી ( ઓસામન ) પીવું.

૨૦=ઓકારી માટે—મોરના પીછની રાખ એક વાલ મધ સાથ ખવાડવી.

૨૧=ઉલટી, ઓકારી માટે—મધપુડાનું ચોખું મીન મધ સાથ મેળવી ખવાડવું.

૨૨=ઉલતી બંધ કરવા ૪) લવંગ ચાવી ખાવાં.

૨૩=ઉલટી બંધ કરવા માટે લુબાનની ધુંઈ આપેલા વાસણમાં ગરમ પાણી નાંખી તે થંડુ પડે ને દરદીને પાવું

૨૪=ઉલટી માટે ૧) તો. વરીઆળી ૨०) તોલા પાણીમાં ભીંજવી રાખી તે પાણી દરદીને પાવું.

## ઉપળીઉ=સસણી=વાવરી

૧=વાઈનિ ઇપેકેકયુનાના બે ટીપાં પાણી સાથ દીવસમાં ત્રણ વાર પાવાં.

૨=ગોરૂચંદન ૧) ચોખા જેટલું માતાના દુધમાં ઘસીને દર ત્રણ કલાકે પાવું;

૩=ગાય નામનું એક જીવ જંતુ છે, જે સોનેરી રંગનું પતંગીઉ છે, જે પહેલો વરસાદ પડતાં ખેતરોમાં તથા વાડ પર પાકે છે; જેને કુંકાંની સાથે મેળવી દાબડીમાં રાખે તો ઘણો લાંબો વખત જીવતું રહે છે તે પતંગીઉ ૧) અથવા અરધું ગોળમા મેળવી બાલકને ખવાડે તો સસણીવાળા બાલકને ફાયદો કરે.

સસણી માટે બામ નામનો છોડ ભીનાસવાળી જગા ઉપર આખું વરસ રહેછે તેનું ૧) પાન જમીનમાં રોપે તો છોડ ઉતપન થાએ. એના પાનનો સેક બાલકની છાતીએ અને પેટપર કરે. અથવા એ પાનના પાંચ ટીપાં મધ સાથ બાલકને ૧) વારજ પીવાડે

૪=જુઓ ' સસણી '-' વાવરી '

# ઓજ ગળતી બંધ થાય.

અરકે, મધ એકેક તોલો પાણી ૦ાા સેર મેળવી કોગળા કરવા.

ઉંઘમાં બડબડે તે માટે—વા તોલો સુનામુખી રોજ પાણી સાથ પીએ.

## ઉંઘ આવે=નીંદ આવે.

૧=ઉંઘ લાવે—ઉંઘ કમી થઇ હોય તો પીપરીમુળનું ૦ા તોલો ચુરણ ગોળ સાથ રાત્રે સુતી વેળા ખાવું અથવા તેની ચાહ બનાવી પીવી. આ ઘણો જાણીતો ઇલાજ છે.

૨=ઉંઘ આવે. સેદરડીના છોડ થંડી જગા ઉપર થાય છે, રામ તુલસીના પાન જેવાં એના પાન છે. એના મૂળની તોપી બનાવી રાત્રે સુતી વેળા પહેરવી.

ઉંઘ પુસ્કળ આવતી હોય તો કમી થાય. કાળાં મરી ઘોડાની લાદમાં ઘસી અંજન કરે, અથવા ઝેર કચુરાનું ચુરણ ૦ાા વાલ મધમાં રોજ ખાએ.

ઉંઘ લાવવા માટે અફીણ બાર વાલ, તુકમે કાહુ ૩૦ વાલ કાળા મરી ૩૦ વાલ, પીપર ૩૦ વાલ, સુંઠ ૪૦ વાલ બાવરના ગુંદર સાથ એકેક વાલની ગોળીઓ બનાવી તેમાંની એક ગોળી રાત્રે સુતી વેળા ખાવી.

ઉંઘ લાવવવા માટે રતાંજરી [ગુલાબમાં ઘસી વારંવાર ૫) દીવસ સુધી કપાળે લગાડે.

૩=ઉંઘ લાવવા, હાજ઼ણુ નરમ કરવા, શરીરે થતું દરદ ઓછું કરવા અને મીઠી પીસાબ માટે અફીણ ખાવામાં આપે છે.

૪=જાયફળમાં ઉંઘ લાવવાનો ગુણ છે ગુલાબજળમાં ઘસી બચ્ચાંને કપાળે લગાડો તો બચ્ચું ઉંઘાઇ જાય છે. જાયફળ ઘણું ખાવાથી ઝેર ચઢે છે.

૫=તુખમે કાહુ—ઉંઘ લાવે છે. મગજનું ઘણું કાંમ કરનાનારાની ઉંઘ ઉડી જાય છે, તેને એની ચાહ પીવામાં લીધાથી ઉંઘ આવે છે. બચ્ચાને એ ઘઉં બાર અપાય છે. આના છોડમાંથીદુધ નીકળે છે.

૬=ઉંઘ—રાતરે સુતી વેળા બેઆખું દુધ ગરમ કરી તેમાં જાયફળની ભુકી નાંખી પીએ તો ઉંઘ શાંતિથી આવે છે.

૭=ઉંઘ આવે—ભાંગ સેકીને ચુરણ બનાવે. ૦ાા વાલથી વધારે તે ચુરણ સાકરમાં મેળવી દરદીને ખવાડે.

૮=ઉંઘ આવે—અળસીનું તેલ અને દીવેલ સંભાગે મેલવી પગના તલીઆને લગાડે અને કાંસના વાટકાથી પગપર મસળે

### ઉનવા=દાહ બળે.

૧=ઉનવા—શરીરે બળતરાં બળે ત્યારે ૧ તોલો આમલાને ૦ાા શેર પાણીમાં ૦ાા કલાક ભીંજવી, તે ગળી અંદર સાકર નાખી પીવું.

૨=તુકમરીઆના બી ૨) તોલા, સાકર ૪), તોલા, પાણી શેર ૦ાા એને ૩) કલાક પલળવા દઈ ગાળીને પીવું.

૩=દાહ બળે—આમળાનું પાણી શરીરે ચોળવું. અને આમળાના પાણીથી નાહવું.

૪=તે જગા ઉપર છાસમાં ભીજવેલું લુગડું મુકવું.

જુઓ બળકરાં બળે.

જુઓ દાહ બળે.

## ઊંદરી માથાની.

ઊંદરી માટે=લીંબોડીનું તેલ લગાડે લીંબોડીના મગજને છુંદી દાબે તો તોલ નીકળે, અથવા મગજને છુંદી પાણી સાથ ઉકાળે તો તેલ નીકળે.

૨=અફીન અને માંખનો અગાર પાણીસાથ મેળવી ને માથે લગાડવા.

૩=કાચા ચણાને બાળીને રાખ કરીને અને તેલ સાથ મેલવીને લગાડે.

૪=કેરીનો ચીક, લીંબુના રસ સાથે મેલવીને માથાની ઉંદરી વીગેરે ચામડીના દરદો ઉપર લગાડે છે.

૫=તુવરની દાલનો કોયલો તથા ગળી સમભાગે મેળવી તેને કોપરેલ સાથ મેળવી કાંસાની થાળીમાં મુકીને કાંસાના વાટકાથી બહુ મસળવું અને પછી માથે લગાડવુ.

૬=ઉંદરી માથાપર થાય તે મારે દીવેલ અને લીંબુનો રસ સંભાગે મેળવીને લગાડે. અથવા દીવેલ અને ચુલા આગળનો ધુમસ મેળવી લગાડવો.

૭=ઉંદરીવાળાં માથાપર ઘી ચોપડવું તે ઉપર રહે એટલી ખાન ભભરાવવી. માથા ઉપર રહે એવી ઘઉંની રોટી બનાવવી; ઠીકરાંપર તેનું એક પડ સેકવું કાચું પડ માથાપર મુકી તે રોટી બાંધી લેવી, ઉંદરીની અંદરના જીવડા બધા રોટીને વળગી આવશે. આ મુજબ ત્રણ દીવસ કરવું,

૮=ઉંદરી માટે—ધોરા ઘાસના રસમાં ચોખા વાટી માથે લગડાવા.

ઉંદરી માથાપરની માટે—મીઠાને દહીં સાથ મેળવી માથે લગાડવું.

૯=ઇંડાનું તેલ મસળવાથી ઉંદરી મટે.

૧૦=ઘોડાવજ ઓના દુધમાં ઘસી લગાડવી.

૧૧=માથા ઉપર તેમજ મુછ, દાઢી ઉપર ઠાડ લાગી બાળ ખરી પડે છે તે માટે. ચણોટીનું મગજ પાણીમાં વાટી, તેમાં ભાંગરાનો રસ ચોથે ભાગે મેળવી તેલ બનાવી લગાડવું—ઉંદરીથી ખરી પડેલાં બાલ પાછા ઉગે.

૧૨=પરોળના પાનનો રસ ૩) દીવસ લગાડવો.

૧૩=પાટાલ જંતરથી નાળીએરની કાચલીના કટકાનું તેલ (ચુંવો) કાહાડવો. ૦ા શેર ચુવામાં મોરથુથું ગંધક તથા ટંકણખાર દરેક ૧) તો. મેળવી માથા ઉપર લેપ કરવો.

# ઉંદર નાહસે-ઉંદર ઓછા થાય.

૧=ઉંદર નાહસી જાય-જ્યાં ઉંદરોનો ઉપદ્રવ ઘણો થતો હોય ત્યાં કૌવચ મુકી હોય તો ઉંદરો તે જગા છોડી નાશી જાય.

૨=ઉંદરના રહેઠાણ આગળ ઉંદરના પગને વળગે એવી રીતે ૧) લીટીમાં મરચાની ભુકી મુકવી. મરચાની ભુકી ઉપરથી ચાલતાં ઉંદરને તે ભુકી લાગે તેને ખચરાટ લાગે તેથી તે રહેઠાણ છોડી જાય.

૩=જેઠીમધનું ચુરણ લોટમાં મેલવીને ઉંદરને ખવાડવું.

૪=હળદ અને ચુનો સંભાગે મેળવી ઉંદરના રહેઠાણુ આગળ મુકવું.

## આસવ.

આસવ—જવ છુંદેલા ૧ ભાગ, ૪ ભાગ પાણી એ બંધેને ઉકાળી ૧ ભાગ રાખે, તેમાં ગોળ વજનસર મુકે તો આસવ બને.

## આંખના દરદો.

આંખની ગરમી
આંખની ખજ મટે
આંખની ચેળ મટે
આંખમાં પરવાળા
આંખમાં બાળ ઉંગે
આંખમાં ખીલ પડે
આંખનું તેજ વધે
આંખનો અંધાપો મટે
આંખનું ફુળુ
આંખમાં ઝામરવા
„ નજળો
આંખે પરડા
„ અંધારા
„ ટુંકી નજર
„ ફુટકે
„ નો મોતીઓ

૧=આંખના દરદ માટે—પીળાં ફુળ વાળી ગળજીભી (ગાવજુબાન)નો રસ એક તોલો તેમાં ૦ા વાલ ફટકડી મેળવી આંખમાં નાંખે.

૨=આંખની ગરમી મટે=આંખની ઝાંખ મટે, આંખનો નજળો, કાથે—જીરાંને પાણી સાથ અથવા બાવળની પાળીના અથવા સંધેસાના પાનના રસમાં વાટી લેપડી આંખપર ૩ કલાક બાંધે અથવા આખીરાત બાંધી રાખે. આ ઇલાજ ૪ દીન બાથુક કરે. આંખમાંથી આંસુ નીકળવા દીએ.

૦ા તોલો જીરૂં સહવાર સાંજ ખાવાથી ઉપલાં દરદોને ફાયદો થાય છે.

આંખનું ભરણુ, આંખના દરદો માટે—ગધેડાની લીડને કાદવના હાલ્લાંમાં મુકી તેમાં પાણી નાંખી એક રસ કરે. ચીમોડને લુંગડાંની પોટલીમાં મૂકી તે પોટલી ગધેડાની લીડવાળાં હાલ્લામાં મુકી પકાવે, ચીમેડનાં છોળતાં કહાડી નાખી તેનું બહુજ બારીક ચુરણ

બનાવે. તે ચુરણુ આંખના પાપણુની અંદર મુકી આંખ બંધ કરે. આંખપર રૂ મુકી પાટા બાંધે. રાતરે સુતી વેળાં આંખમાં આ ભરણુ ભરે અને સહવારે પાટા છોડે.

૩=આંખમાં ખંજ અથવા ચેળ માટે—બેહડાંના ઠળીઆને મધમાં ઘસી અંજન કરે.

આંખની ગરમી=બળતરી=ઝંજવા માટે ૨ સવતી પાણીસાથ તાંબાં ઉપર ઘસીને બંધે આંખે આંજે. દરદવાળી એકજ આંખે આંજે તા તે આંખ સારી થવા પછી બીજી આંખે દરદ થાય, માટે બંધે આંખે સાથે આંજે.

આંખની ગરમી માટે રસમતી પાણીમાં ઘસી આંખની આસપાસ લગાડે અને આમળીનાં પાનની લેપડી આંખ ઉપર ૪) કલાક રાખે તા તરત આંખ સારી થાય.

૪=આંખા આવે—આંખા લાલ થાય—ત્યારે આંખનું ભરણુ નીચે મુજબ બનાવી રાતરે સુતી વેળા આંખમાં ભરવું.

ચીમડના પીળા બી (મીંજ) કાઢીને દેવતા ઉપર સેકી બારીક કરવા, તેમાં જરા વડાગરા મીઠાંની કટકી અને છાસના ટીપાં નાંખી બહુ વાટીને જુના લુગડામાંથી ચાળી લેવા, તેનું અંજન કરવું.

૫=આંખ દુ:ખે ત્યારે આવરના પાતરાને દુધમાં બાફી આંખે પોટલી મુકે. આવરના ઝાડના નાના છોડ રેતાળ જમીનમાં દરિયા કિનારે થાય છે. તેના પાંદડાં સુનામખી જેવાં છે. તેની ઉપર ફુલ પીલાં પછી રાતાં થાય છે, તેના બીની સીંગ બાવલની સીંગ જેવી થાય છે. મેંઢાના સીંગડાં જેવાં ગોળ પાંદડાંવાળી મેંઢી આવર કહે છે; તે સુનામખી જેવું કામ કરે છે. મેંઢી આવળને મીઠી આવળ પણ કહે છે.

૬=આંખ ગળતી બંધ થાય—ગલોડીના વેલાના કંદના રસ તોલો ૧, સીંધાલુણુ ૧ રતી સરવેને વાટી અંજન કરવું.

૭=થુવરનું દુધ તથા બીલાસુ આંખને લાગવાથી તે સુજી આવે છે- ત્યારે પાકી કેરીનો રસ આંખની અંદર તથા બાહાર લગાડવો.

૮=આંખના વધુ ખેંચાવાથી ભમરી, મગજની અશાંતિ, હીસ્ટીરીઆ થાય છે, રાત્રે ઉંઘ ન આવે, ગમગીની પેદા થાય, ફીકર થાય, મગજમાં ગભરામણ, બોલવામાં તોતરાટ થાય, ને પીવાની દવાથી ફાયદો ન થાય તો તેની આંખ તપાસી આંખે ચસમો પહેરાવે તો બધું દુખ દુર થાએ.

૯=આંખની ગરમી કાપવા માટે—સાકેર પાણીમાં ઘસીને આંખે આંજે છે.

૧૦=આંખ આવેલી, આંખમાં ખીલ માટે—ચનોટીના પાનનો રસ આંખમાં આંજવો.

આંખમાં ચણોટીના પાતરાં આંજવાથી રતાસ વધે તો આમળીનો માવો પાણીમાં કહાડી આંખે આંજવો.

૧૧=આંખના પરવાળાં, આંખમાં બાલ ઉગે=તે માટે ઉપાય ઇંદ્રવણુના લીલાં ફળમાં સુરમાંનો કટકો મુકવો. તે ફળ સુકાએ ત્યારે સુરમો અંદરથી કાહાડી બીજાં લીલાં ફળમાં મુકવો; તે સુકાએ ત્યારે સુરમો અંદરથી કાહાડી ત્રીજાં ફળમાં મુકી સુકવવું. ત્રીજીવારના ફળને સુરમા સાથે બારીક ભુકો કરીને આંખે અંજન કરવું.

૧૨=આંખની ગરમી, મોતીઓ શરૂઆતનો—સાકેર અને હીમજીહરડે પાણીમાં ઘસી આંખે આંજે તો આંખનો મોતીઓ અટકે અને આંખના બીજાં દરદોને ફાયદો થાય. આ ઘસારો રોજ તાજો જોઇએ; દીવસમાં બે વાર આંજવો જોઇએ અને તે ઘણા મહીના સુધી ચાલુ રાખવો જોઇએ. આ ઇલાજ અસલ અને ઘણો જાણીતો છે.

અંગ્રેજી ડાકટરો આંખના દરદો માટે એસીડ ટેનીક વાપરે છે, તે એસીડ ટેનીક હરડેમાં છે. આગલા જુના અંગ્રેજી ડાકટરોનો અભીપ્રાય હતો જે ફાસફરસ તેલ આંખમાં આંજવાથી મોતીઓ કપાય છે; તે ફાસફરસ સાકરમાં છે, એટલે હરડે અને સાકેરનો ઘસારો દેશી વઇદો તેમજ અંગ્રેજી વઇદામાં આંખના દરદો માટે ઉપયોગી ગણેલો છે.

૧૩=આંખમાં ખીલ પડે, છોકરાંઓની આંખ આવે, આંખમાં ખીલ થાય ત્યારે છોકરાંઓનો મામો અરણીની સોટી આતવારે કાપી લાવી તેના ઝીણા નાના કડકા કરી માળા બનાવી છોકરાંઓને પેહેરાવે તો આંખ સારી થાય. એવી કહેતી ચાલે છે.

૧૪=અંધાપાનો ઉપાય—આળસીઆં છુંદીને રૂ સાથ મેળવી તેની બતી બનાવી, તેને ઘીમાં મુકી સળગાવી, કાજલ પાડી આંખે અંજન કરે તો રાત્રે અંધારામાં પણ દેખાએ. ચોર લોકોને આ અંજન જાણીતું છે. તે ચોરો અંધારામાં કામ કરી શકે છે. એવું બોલાય છે. અળસીઆમાં ત્રાંબું હોય છે, તે ત્રાંબું બરડ હોય છે, તેને નરમ કરવાની નીચે મુજબ રીત છે.

ઘોડાનાં નખ, હાથીદંત, ભેંસના અથવા બકરાંના સીંગણા, મધ, ઘી ગોળ, ચણોટી, તનકણખાર, સંભાગે મેળવવું. ૧) ભાગ બરડ ધાતુ ( તંબું રૂપુ અથવા સોનું ) અને ¼ ઉપલી મેળવનીને સાથે પીગલાવવાથી ધાતું નરમ માખણ જેવી થાય છે.

૧૫=આંખનું તેજ વધે—૨) તોલા સુનામખી અને ચોપચીની ૧ તોલો છુંદીને ફાકી બનાવી ના તોલો ૪૧ દીવસ ખાવી.

૧૬=આંખનું દુખવું મટે—સત્યનાસીનો રસ આંખમાં આજવો.

૧૭=અંધાપાનો ઉપાય —આળસીઆ છુંદીને રૂ સાથ મેળવી તેની બતીથી કાજળ પાડી અંજન કરવું.

૧૮=થુઅરનું દુધ આંખમાં ગયું હોય તો આમલીનો ગર ઘી સાથે મેળવી આંખમાં આંજવો.

૧૯=આંખ ગળતી બંધ થાય—ગીલોડીનાં વેલાના કનનો રસ તોલો ૧, સીધાલુણ ૧ રતી સરવેને વાટી અંજન કરવું.

૨૦=આંખમાં કચરો જાય ત્યારે ઓરતનું દુધ આંખે આજવું.

૨૧=આંખની ગરમી કપાય—દાડમનાં દાણાનો રસ આંખમાં મુકવાથી ગરમી કપાય છે.

૨૨=આંખની ગરમી કાપે—માથું બોરાવ્યા પછી દીવેલાના પાતરાં ૨, માથે બાંધવા, દરરોજ બાંધે તો ગરમી ચુસી લે છે. માથાના બાળ મોટા હોય તો ગુણ લાગે નહીં.

## દારૂડીઓ-દારૂડા-સત્યાનાસીના.

૨૩=આંખનું અંજન—છોડનો રસ ૧ તોલો, સુરમો કાળો તોલો ૦ા, કાળાં મરી ૧૧ દાણા, ૩ કલાક ખરળ કરી સીસીમાં ભરવું.

૨૪=આંખનું અંજન—દારૂડીનો રસ, એટલુંજ ઘી, કલાક ૬ ઘુંટવું અને અંજન તરીકે વાપરવું

૨૫=આંખના દરદો માટે ના તો. સુનામુખી સેરડીના રસ સાથ રોજ ખાવી.

૨૬=આંખની રોશની વધે, કાળી મૂસલી અને સુનામખીનું ચુરણુ ૦ા તો. રોજ સેવન કરે.

૨૭=આંખનું તેજ વધે, ત્રીફળાનો ભુકો કુમારના રસમાં ખરળ કરી ૧૪ દીવસ તેનું અંજન કરવું.

૨૮=આંખનું તેજ વધે, સળગમ પકાવેલું ભુખે પેટે ખાવું.

૨૯=કુઅરનું દુધ આંખમાં લાગુ હોય તો, આમલીના પાનના રસના ચાર ટીંપાં આંખમાં નાંખવાં, અને આમલાનો પાલો દરદીને ખવાડવો. અથવા ગાયના છાણુનો રસ ૪) ટીંપાં આંખમાં નાંખવાં.

૩૦=બાળકોની આંખો આવે તો પહેલે દીવેલનો જુલાબ આપવો.

૩૧=આંખનું તેજ વધે. રતનજોતના દુધમાં રૂ ભીંજવી તેને સુકવીને જોટ બનાવે. એક કાદવના કોડીઆમાં ઘી મુકી, તે જોટ સળગાવે અને કાજળ પાડે. તે કાજળ કાંસાના વાસણમાં રાખે અને અંજન કરે,

૩૨=આંખની ઝાંખ મટે, આંખની અંદર થંડા પાણીના ફડકા રોજ ૩ વાર મારવાથી આંખની ઝાંખ અને ગરમી મટે.

૩૩=આંઝણી—આંખના પોપચાં ઉપર ફોડકી થાય તે ઉપર ચણો ઠીનું મગજ પાણીમાં ઘસી લગાડવું.

આંજણી આંખપર થાય તે માટે-ગાયનું દુધ અને ભેંસનું છાણુ સંભાગે મેળવી લગાડવું.

હાથની આંગળી બીજા હાથની હથેલી પર ઘસે. ગરમ થાય ને આંજણીને તે આંગળી લગાડવી. આમ ઘણીવાર કરવુ

આંજણી માટે—સીંદુર અથવા લખવાની કાળી સાહી લગાડે.

૩૪=આંખ દુખે ત્યારે આવરના પાંતરાને દુધમાં બાફી આંખે પોટલી મુકે. આવરના ઝાડના નાના છોડ રેતાળ જમીનમાં દરિયા કિનારે થાય છે. તેના પાંદડા સુનામખી જેવાં છે. તેની ઉપર ફુલ પીલાં પછી રાતાં થાય છે, તેના બીની સીંગ બાવળનીસીંગ

જેવી થાય છે. મેંઢાના સીંગડાં જેવાં ગોળ પાદડાંવાળી આવરને મેંઢી આવર કહે છે; તે સુનામખી જેવું કામ કરે છે. મેંઢી આવળને મીંઢી આવળ પણ કહે છે.

૩૫=રોસની આંખમાં વધે=કાળી મુસળી બકરીના દુધમાં ઘસી અંજન કરવું.

૩૬=આંખ નબળીવાળા દરદીએ પગના તળીએ અને માથાપર હમેશ રોજ તેલ દીવેલ મસળવું. ત્રીફળાનું ચુરણ ખાવું અને તેના ટીપા આંખે મુકવાં.

| | |
|---|---|
| ૩૭=આંખે નજલો | ચણોઠીનું મુળ બોકડાના મુતરમાં ઘસી અંજન કરવું. |
| ,, ઝાંખ | |
| ,, પડદો | મોથને પાણીમાં ઘસીને અંજન કરવું. |
| ,, અંધારા | સરગાવાના પાનનો રસ અને મધના ટીપાં મુકવાં. |

૩૮ઝામરવા—૪) વાલ ગળોનો સત્વ દુધમાં ઉકાળી પીવો. દરદ નરમ રહેશે.

૩૯=પરવાળાં=પાપણના વાળ અંદર આંખમાં વળી જઇ દુખ દીએ છે તે માટે ૨) તોલા. સુરમાના પથ્થરને ૧) તાજાં ઇંદ્રવારણાના ફળમાં ખોસવો ફળ સુકાઇ રહે ને તે સુરમો બીજાં ત્રીજાં ફળમાં એ મુજબ ૩) વાર પકવી સુરમો બારીક કરી આંખે આંજવો.

૪૦=આંખની ઝાંખ મટે. નીરમળીના બી ઝેર કચુરના જેવા છે ગંદુ પાણી હોય તેમાં નાંખવાથી પાણી નીતરૂં નીરમળ બને છે. આંખની ઝાંખ તોડવા અને આંખને તેજી આપવા નીરમળી કપુર, મધ, સાથે મેળવી આંખે લગાડવી.

૪૧=આંખનું તેજ વધે, આંધળો દેખે—કાળા નાગના પેટ માની ચરબી લોઢાના વાસણમાં તાવે. તેની કાજળ બહુ તપાસથી પાડે. માટીના કોડીઆને સંધેસરાનો રસ ચોપડી છાયામાં સુકાવે. સાપની ચરબીનું તેલ લોખંડના વાસણમાં મુકે, અંદર જોત મુકી તેની ઉપર એલચી વાસ ૨ નો ભુકો દીવેટના મોઢાં આગળ મુકી પછી દીવો રોશન કરીને ઉપર પેલું કોડીયું ઢાંકે અને કાજળ પાડે આ મેંશ આંખમાં આજે તો આંધળો પણ જોતો થાય.

૪૨=આંખને તેજી આવે. સુનામખી લાલ દરાખ સાથ રોજ ખાવી.

૪૩=ટુંકી નજર=પરવાળા આંખના દરદો માટે. આંખના દરદો માટે સાટોલીનું મૂળ ઘસી અંજન કરવું.

૪૪=આંખનું તેજ વધે—સફેદ મરી ૦। શેર, સાકર ૦। શેર એની મેળવણી બનાવી કોરીના વાસણમાં મુકે તે વાસણ પાણીવાળી એક તપેલીમાં તરતું રાખે. તે તપેલીના ઉપર કાદવનું પાણીથી ભરેલું વાસણ મુકે. તે ચુરણ એક તોલો રોજ બે વાર ખાવું.

૪૫=આંખના દરદ માટે—મમીરા છુંદી ઘી સાથ મેળવી બતી સળગાવે અને કાજળ પાડે તે કાજળ આંખે આંજવું.

# મમીરી.

૪૬=મમીરી એ મમીરા એ મમીરાના જેવી છે, તેને મળતી આવે છે. હરદ્વારના પહાડપર થાય છે.

મમીરો નર છે અને મમીરી નારી છે. મમીરી દીસે જોવામાં આવતી નથી એના ચલકાટથી રાત્રે જણાય છે, એનું મૂળ સફેદ ભુખરા રંગનું હોય છે.

# બનાવટી મમીરો.

કોઇ ઝાડના મુળીઆને નાત્રીક એસીડના પટ આપે અને પછી તે મૂળીઉ ગળીથી રંગેલા કપડા ઉપર ઘશે તો કાળો રંગ નીકળી જાએ અને લુગડું સફેદ થાય. આવો દેખાવ કરી તે મુળીઆ મમીરા તરીકે ઓળખાવે.

ઝ.મર વા=ઝુકોમા મમીરાના મુળીઆંને ઘસી સાફ બનાવે તે આંખનીકીકી ઉપર પાંચ મોનીટ દાબી રાખેતો આંખમાંથી ગરમ પાણી નીકળે અને ઝામરવા મટે

## મમીરો.

આફ્રીકામાં હોદીદા ગામમાં એ મલે છે. આરબ શોકો એને હરણ ટુટીઆ કહે છે.

ઝામરવા માટે —આંખની કીકી ઉપર મમીરો લગાડવાથી આંખનું પાણી ખસે છે.

ગળીથી રંગાયલા કપડાં ઉપર મમીરો મુકે તો કાલો રંગ નીકળી જાએ અને કપડું સફેદ થાય.

ધોળી સાટોડીનું મુળ મમીરા જેવુંજ વધદક કામ કરે છે.

કાશમીર તથા કાબુલમાં મમીરાના છોડ થાય છે એના છોડ થંડકમાં ઉગે છે, તેના ઉપર રાત્રે રોશની દેખાએ છે. એની ગાંઠ હળદરની ગાંઠ જેવી પણ બહુ સખત રહે છે. કાગડાના પીછ ઉપર પાણી લગાડી મમીરો ઉપર ઘસે તો કાળું પીછ સફેદ થાય છે.

૪૭=ઝામરવા, માથે દુખાવો થયા પછી થયલો અંધાપો મટે મમીરાને પાણીમાં ઘસી અંજન કરવું

આંખના પાપણ ઉગે=રસમતી, હરડે અને સાકેર પાણીમાં ઘસી આંખની આસપાસ લગાડે અને આંખમાં અંજન કરે.

આંખનો ડોળો જુલાઇ પડે તો—કાચા ચણાની દાળની લેપડી ડોળા ઉપર બાંધી તે ઉપર પાટો બાંધી ૩ દીવસ રહેવા દેવી.

આંખમાં તમ્મર આવે તે માટે કાળી મુસળી દીવેળમાં મેળવી અંજન કરવું.

આંખ ફુટકતી હોય, આંખમાં વલવાટ થાય ત્યારે—મધમાં સીંધવ ઘસી આંખે અંજન કરે, અથવા કડપની પાતરી પાણીમાં ભીંજવી વાટીને આંખપર મુકે.

## આંખમાં આંજની.

૧=૧૦૦) વાર ધોયલાં ઘીમાં અથવા ઘણા વખતના જુના ઘીમાં સીંદુર મેળવી અંજની પર લગાડવું.

૨=રસવંતી, સુંઠ, મરી, પીપરનું ચુરણ આંજની પર લગાડવું.

૩=આંબાનું પાન ઝાડ પરથી તોડે ત્યારે તેની દાંડીમાંથી જે ચીકણો પદાર્થ નિકળે તે આંજની પર લગાડે.

૪=ભેંસના છાણનો રસ, દુધ સાથ મેળવી લગાડવો.

૫=કજળી ચણોટીનું મુળ સ્ત્રીના દુધમાં ઘસી આંજની પર લગાડવું.

# મોતીઓ.

કરણનો એકસ્ટ્રેકટ અંગ્રેજી એકસ્ટ્રેકટ નકસવામીકા તથા અફીણના જેવો ગુણ ધરાવે છે અને તેનાજ પ્રમાણમાં ખાવામાં લીએ છે.

૧=ફુલું, મોતીઓ—આંખનું ફુલું તથા શરૂઆતનો મોતીઓ સારો થાએ. ઉપર મુજબનો કરણનો મલમ આંખે લગાડે અથવા અંગ્રેજી એકસ્ટ્રેકટ બેલેડોના ટીપાં બનાવીને આંખમાં નાંખે છે. તે મુજબ એકસ્ટ્રેકટ કરણનાં ટીપાં બનાવી આંખમાં મુકે તો ફુલાને તેમજ મોતીઆને ફાયદો કરે.

૨=આંખના દરદો મોતીઓ, ઝામરો સારા થાય—કાંસાની ઠાબીને જરા ઘી લગાડીને દારૂડીના છોડનો રસ મુકવો તે સુકાય ને તેની ટીકડી બનાવવી, આ ટીકડી દુધમાં ઘસી આંખે લગાડયા કરવી.

એટ્રોપીઆ, પોટાસ આયોદાઇ અને મરકીઉરીના મલમ જેવું કામ કરે છે. આ વાપરવામાં જરાએ જોખમ નથી.

૩=આંખનું ફુલું માટે—દારૂડીના છોડમાંથી રસ. પીળો નીકળેછે તે એક ભાગ અને ઘી ૩ ભાગ મેળવી સીસીમાં ભરી રાખે અને તેમાંથી રોજ અંજન કરે. ફુલા માટે આ રામબાણ ઇલાજ છે.

૪=આંખનો મોતીઓ અટકે—ત્રીફળા, જેઠીમધ, તજ, દારૂ ગાળવાના મહુરાનું સંભાગે ચુરણ બનાવી ૦ાા તોલો ચુરણ મધ અને ઘી સાથ ૪૦ દીવસ સહવારે ખાવું.

# આંખમાં ફુળું.

૧=આંખનુફુળું. ગાયના દુધમા સુંઠ ઘસી અંજન કરવું.

૨=આંખનું ફુલું કપાય=પકવેલુ સમુદર ફળ બકરીના મુતરમાં ઘસી અંજન કરવું.

૩=ફુલું આખનું નરમ અને કાચું હોય તો જીરાંના પાણીનાં બબે ટીપાં આંખમાં મુકવાં.

૪=ફુલું—ગધેડાના દાંતને પાણી સાથ ઘસી આંખમાં આંજે તો આખનું ફુલું મટે.

૫=આંખનું ફુલું—ગીલોરીના છેરને માતાના દુધમાં ઘસી આંખે લગાડવું અથવા ચલ્લાના છેરમાં સાકર વાટી આંખમાં ભુકી ભભરાવવી અથવા સફેદ મુસળીને સ્ત્રીના દુધમાં ઘસીને આંજવી અથવા ફટકડીના ચુરણનું અંજન કરવું.

૬=ફુલું આંખનું-ચણીઆંનો અધાર અને સાકર સમભાગે મેળવી તેની બારીક ભુકી આંખમાં મુકયા કરે તો ફુલું કપાએ.

૭=આંખનું ફુલું બે માસનું હોય તે મટે—કપુર વડના દુધ સાથે મેળવી આંખમાં અજન કરવું. ઘણા દીવસ ચાલુ રાખવું.

૮=આંખમાં ફુલું—ફુળુ શફેદ જગા ઉપર હોય તો ૧ વાલ ફટકી અને રાા તોલા પાણી મેળવી તેનાં ટીપાં આંખમાં નાખવાં. એ બહુજ અકસીર ઇલાજ છે.

૧૦=આંખનું ફુલું મટે—જીરાંના પાણીના ૨) ટીપાં મુકવાં અને ચકલાંની અઘાર અને સાકર મેળવી અંજન કરવું,

૧૧=આંખના કાળા ભાગમાં ફુળુ પડે તો વડાગરૂ મીઠું છાસમાં મેળવી અંજન કરે.

૧૨=આંખનું ફુળુ મટે—સમુદર ફળ અને ઘોડાનું નખ પાણીમાં ઘસી અંજન કરે.

૧૩=આંખનું ફુલું સહીએડમાં થયલું મટે.

ગધેડાનો દાંત અને સાકેર સમભાગે પાણીમાં ઘસી આંખે લગાડવું. ચરકલા (ચલ્લા) ની અઘાર અને સાકર સમભાગે બારીક કરી ચુરણનું અંજન કરવું.

૧૪= આંખનું ફુળું મટે—ધોળી મુસલી સ્ત્રીના દુધમાં ઘસી ૨૧ દીન આંજે.

## આટણ.

૧=આટણ ઉપર ચંપેલીના પાંદડાંનો રસ મુકે છે, તેથી આટણ નરમ થાય છે. ઘઉંનું થુલું સરકામાં ભીંજવી ને આંટણ ઉપર બાંધવું.

૨=કાંદો છુંદી આંટણ ઉપર મુકાય છે. તજનું તેલ આટણ પર લગાડયા કરવું.

# આંગળપેરો.

૧=આંગળપેરો—મરઘીના એક ઈંડાને કાણું પાડે તેમાં દાળ અને સફેદી રહેવા દીએ, દરદી દરદવાળું આંગળું એ ઈંડામાં ખોસી પાટો બાંધે, તે પાટો ૩ દીન રાખે તો દરદ પાકે.

૨=આંગળપેરો—કોઠમરાનું ફળ કોતરી તેને પોકળ બનાવી તે આંગળા ઉપર પેહેરાવે છે. તે બધું દરદ ચુસી લે છે.

૩=આ દરદમાં અગન બહુ બળે છે. નસ્તર લગાડવાથી દુખારો વધે છે. આ દરદમાં આંગળાનું એક પેર ખરી પડે, પછી બીજું ખરી પડે. કુમારીઆના પાદડાંની લેપડી દરદ ઉપર બાંધવી અને ઉપર ઠંડુ પાણી મુકયા કરવું. લેપડી સુકાવા દેવી નહીં. અગન જલદી નરમ પડે છે.

૪=દરદ ઉપર ધતુરાનું દીંદવું છુંદીને બાંધવું.

૫=હાથીદાંતના વેહમાં દીવેલ નાખી ગરમ કરી પોટીસ મુકવી.

# આંતરડાંના દરદો.

| | |
|---|---|
| આંતરડાંના દરદો, પીસાબે પથરી, ગળ સુનો, હાજરીના દરદો, | આ માટે અનેનાસ ખાવામાં ગુણકારી છે. અનેનાસનો રસ પીવાથી ફાયદો થાય છે. સોજો ઉતારવાનો મુખ્ય ગુણ એમાં છે. |

આંતરડાનો કોહવાટ સમરે, લોહી સાફ કરે, હોજરી સાફ કરે—ટામેટા કાચા ખાવામાં ગુણ વધારે છે. એનો માવો અને રસ દરદીને સેહેલથી પચે છે. ટામેટા, કાંદા, મીઠું અને લીંબુની કચુમર બનાવી ખોરાક સાથ ખાવામાં ફાયદો છે.

ટામેટા પાકાને સેરડીના સરકામાં ઉકાળી તેનો રસ બાટલીમાં ભરી રાખી ખોરાક સાથ ખાવામાં લીએ તો ખાનુ હજમ થાએ: ટામેટા ના બી અને છાલ કોઠો કબજ કરે છે.

# ઉકળાટ–અગન–શરીરે–બળતરાં.

# દાહ સરીરે.

૧=શરીરે અગન બળે તો કેળાના કુમળાં પાંતરાં ઉપર સુવાથી અગન નરમ પડે છે.

૨= છાતી ઉપરના પીત તથા ગરમીથી આખું શરીર બળાયું બળાયું થતું હોય ત્યારે કરીઆતાનું પાણી પીવામાં અપાય છે. ભુખ લગાડવામાં અને ખાધેલું હજમ કરવામાં અને તાવને માટે કરીઆતું ઉપયોગી છે.

૩=શરીરે દાહ બળે—તો રેહાનના બી ૦।। તોલો પાણીમાં ભીંજવી રાખી તેનો લાબ ગારી લઈને દુધ અને સાકર સાથ મેલવી પીવો.

૪=શરીરે બળતરાં બળે, દાહ બળે-- આમળાનું પાણી સરીરે ચોળવું. અને આમળાના પાણીથી નાહવું.

**ઉટીઉં તુટીઉં નરમ પડે**—તજ, સુંઠ, જેઠીમધ દરેક ૦।। તોલો, એલચી અને બદામ દરેક નંગ બાર એ બધાને ખોખરાં કરી ચાર ભાગ કરવા. ૧ ભાગને ૦।। શેર પાણી સાથ કાદવના વાસણમાં ઉકાળી નવટાંક પાણી રહે તે ગાળી તેમાં ૧ તોલો સાકર નાંખી ગરમ ગરમ પાણી દરદીને પાવું અને ઓઢાડી સુવાડવું. કુચો રહે તેને ઉપર મુજબ બપોરે ઉકાળીને પાવું, વળી સાંજે એ મુજબ ઉકાળી પાવું. ૪ ભાગ ૪ દીવસ આ મુજબ પાવા.

**ઓરી,** બાળકને શરીરે ફુલ્લી અને ખસ માટે—પીપળાનું છોડું અને ઇંટ પાણીમાં ઘસી દીવસમાં ૪ વાર લગાડવું.

**ઓછા** (બચ્ચાને એક જાતના ચાઠાં આખે દીલે) થાય તે ઉપર ધંતુરાના તથા આકરાંના પાંતરાંની રાખ, ૦। તોલા સીંદુર, ૦। શેર તેલમાં ઉકાળીને તેલ શરીરે ચોપડવું.

# કમળો.

૧=કમળા માટે જુલાબ લાવવાની પેહેલી જરૂર છે.

૨=ધોળી ડુંગળી, ગોળ અને હળદર ખાવી.

૩=સંધેસડા અથવા બાવળીના પાનનો રસ ૦। શેર ૨) તોલો સાકર સાથે સાત દીવસ પીવો.

૪=ત્રીફલાનો રસ બનાવી પીવો.

૫=કડુ સર્વોતમ ઉપાય છે. તેના કાહવામાં બે વાલ નવસાર મેળવી પાવો.

૬=એરનડાના કુના (કુમળાં) પાનનો રસ ૪ તોલા અને ગાયનું દુધ ૪) તોલા રોજ બે વાર પાવું.

૭=સાટોડીના પનચાનનું ચુરણુ ૦। તોલો મધ સાકેર સાથે ખાવું.

૮=એલીઆનો જુલાબ એક આંતરે લેવો.

૯=આંબળા, સોનાગેરૂ, હળદર સમભાગે બારીક વાટી આંખે અંજન કરવું.

૧૦=ચણોઠીના પાનનો રસ સુંઘવો.

૧૧=પાન સાથ ખાવાનો ચુનો માખણમાં મેળવી ૩) દીવસ ખાવો.

૧૨=કમળો માટે—કાંડો ધોળો, ગોળ અને હળદર સહવારે અથવા રાત્રે ખાવી.

૧૩=કમળો મટે—પીલુડીના પાન પાંચ સહવારે ખાએ તો ૬) દીવસમાં કમળો મટે, પહરેજી, દુધ ગોળ હળદર, તેલ, ખટાઈ.

૧૪=કમળો મટે, કમોડના ચોખા ૧) તો. ૦। શેર પાણીમાં ૧ આખીરાત ભીંજવી રાખે. આ પાણી ગારીને ૩) તો. લેવું તેમાં સાટોડીનો કણ ૧) તોલો મેળવી પીએ, સરદીની દેહવાળો ફકત ૦॥ તો. લીએ. ગરમીની દેહવાળો ૧) તો. થી વધુ લઇ શકે.

## કમરનો દુખાવો.

૧=કમરનું કળવુ મટે—કુવાડીઆના બી ૦॥ તોલો રોજ સહવારે ફાકે ઉપરથી પાણી પીએ.

૨=કમરમાંજોર વધે, ૦॥ તોલો સુનામખી હરણના દુધમાં રોજ ખાવી.

કમર દુખતી નરમ પડે—ભોંયરીમણી આટા સાથ મેળવી રોટી બનાવી ઘી, ગોળ સાથ ખાએ, તો જરૂર દરદ નરમ પડે.

૧૫=કમળો દુર થાએ—આમળા, સુનાગેરૂ, હલદર સમભાગે પાણીમાં ઘસી આંખે આંજે.

## ઊંબરેકાળો=ભોં ઉમરી, અંજીરે દસ્તી.

૧૬=ભોં ઉમરીના છોડ થાય છે, તેના છેક થડમાં ફળ આવે છે.

ભયંકર રક્તપોટ, લોહી ગમે ત્યાંથી નીકળે, દુઝંતા હરસ, કમળો, લોહીનો સુધારો, પીસાબે પડતો ઘટ પદાર્થ.

આ માટે તાત્કાળી ઉપાય છે.
આસવ બનાવવાની રીત.

| | | |
|---|---|---|
| ભોં ઉમરીના મૂળ | ૧૪૦ | તોલા. |
| જેઠીમધનાં મુળીઆ | ૪૦ | તોલા. |
| બીલીના મુળ | ૧૦ | તોલા. |
| ગોખરૂ | ૧૦ | તોલા. |
| પાણી | ૫૦ | શેર. |

એ બધાંને ઉકાળી ૨૫ શેર પાણી ગાળી લેવું તેમાં નીચે મુજબ મેળવવું.

ચીનીકબાલા, સુંઠ, પીપર, મરી, જાયફળ, સુખડનો ભુકો, ચીત્રકમુળ, લવંગ દરેક ૩ તોલા, કાળી દરાખ ૨૫ તોલા, ધાવરીના ફુલ ૨૫ તોલા, દેશી ગોળ શેર ૧૦ મેળવી એક બરણીમાં ૨૦ દીન રહેવા દેવું પછી બાટલી ભરી મુકવી. જેમ જુનો થાય તેમ એ આસવ નીતરો બને છે. પીવાનું વજન ૨ થી ૪ તોલા દીવસમાં બે વાર ખાધા પછી લેવું.

ભોંઉમરીનું ચુરણ–ઉપર મુજબ ગુણ બતાવે છે. ચુરણ બનાવવાની રીત; મુળીઆને ખાંડી ભુકો કરવો, તે ભુકાને ભોંઉમરીના આખા છોડના રસમાં ૩ પટ આપવા, સુકવીને ભુકો ૦। થી ૦॥ તોલો દીનમાં ૩ વાર લેવો.

૧૭=કરીઆતુ અને સાકર ૦॥ તોલો, નવટાંક ટાઢાં પાણીમાં ભીંજવી રાખે; ૧) કલાક પછી પીવામાં લીએ, આ મુજબ દીનમાં ત્રણુવાર ત્રણ દીવસ પીએ; પાણી વધારે લેવામાં આવે તો ફાયદો છે.

૧૮=દરદીને કેરબાની માળા ગળામાં પહેરાવે છે. તેથી કમળાને સારી અસર થાય છે.

૧૯= કપીલો અને વાયવરંગ દરેક ૦। તોલો મધ સાથે ખાવું.

૨૦=કેળનો રસ ક્ષય રોગને હરે છે. જલંધર, કમળો, લીવરને ફાયદો કરે છે.

૨૧=ચનોટીનાં પાતરાંનો રસ નાકે મુકે તો પીલો મવાદ નીકળી સારૂ થાય.

૨૨=કલેજાના દરદ, કમળો, બરોળ, પીતના ચાઠાં માટે ગળોનું સત્વ સારો છે.

૨૩=અઘેડાંના તાજા લીંડવાનાં પાણીમાં ભીંજવી એક રાત રાખી તેનું નીતરૂં પાણી કહાડી રોજ સહવારે ત્રણ દીવસ પીએ તો કમળો સારો થાય છે.

૨૪= ક્ષય, કમળો, જલંદર, લીવર—માટે બીજા અનુભવીઓ નીચે મુજબ પીવાની ભલામણ કરે છે;

કેળના ઝાડની રાખ ૧ આઉંસ, પાણી ચાર આઉંસમાં મેળવી ૨) કલાક ભીંજવી રાખી એનું નીતરૂં પાણી પીવું. ઘણો ફાયદો આપેછે.

૨૫=કમળો સારો થાય—આકાદોરીના પાનનો રસ ૧૦-૧૦ ટીપા બન્ને કાનમાં નાંખે.

## ડોળકી કડવી-કડવા ગલકા.

૨૬=કમળો—સુકા ગલકાનો ગર ।। ઈંચ ભુકનાં પાણીમાં ।। કલાક બોળી રાખવો. ઉતાવળ હોય તો પાણીમાં પાંચ મીનીટ ચોળવું. તે પાણીના ત્રણ ચાર ટીપાં નાકના બંને નસકોરામાં નાંખવાં. અરધા કલાક પછી નાકમાંથી પીળું પાણી ઝરશે, તે નીકળવા દેવું. એ મુજબ ત્રણ ચાર દીવસ નાંખવું. ટીપા નાખવાથી ખમી શકાય તેટલી અગન બળશે. ત્રણ ચાર દીવસમાં ફેર જણાશે. પછી દવા વધારે મુકવાની જરૂર નથી. ધીરે ધીરે પીળાશ બધો આપોઆપ નીકળી જશે પીસાબનો રંગ એકજ દીવસમાં બદલાશે નાકમાંથી કોઈવાર લોહી પડે તો તેની ચિંતા નહીં. તે વખતે કાળી મટોડી ભીંજવી માથા ઉપર મુકવી અથવા જુની છો (બાંધકામ તુટી પડેલું હોય તેનું છારૂં) ભુકો કરી પાણી સાથે મેળવી માથા ઉપર મુકવું, તે ઠંડક આપશે અને નીકળતું લોહી બંધ પડશે.

ગળામાં અગન તથા તરસ—આ ઈલાજથી કોઈને ગળામાં અગન બળે અને તરસ લાગે ત્યારે સુનામખીની ચાહ ૦। શેર ગરમ પાણીમાં બનાવવી, ગાળીને તે પાણીમાં ૧ તોલો કાળી

દરાખ ઠળીઆ કાઢેલી ભીંજવવી, તેને ચોળી રસ કહાડવો; તેમાં સાકેર પીગળાવવી, ઠંડુ પાડી ૦ાા શેર પીવું. આ મુજબ દીનમાં ત્રણ ચાર વાર પીવું. પેટ ઘણા નહીં આવે તો રોજ પીવામાં નુકસાન નથી. જો ઝાડા ઘણા આવે તો સુનામખી વગરનું સાદા પાણીમાં બનાવી પીવું. કમળાનો થોડો રહેલો પીળાસ એ કહાડે છે. ખોરાકમાં હલધ અને ચીકાસ; ખાવાં નહીં. દુધ ને રોટલો ખાવો સારો છે. કોઇ અનુભવી ખીચડી અને ઘી ખાવાની રજા આપે છે.

## કડુ.

૨૮=કડુ બે આનીથી પાવલીભાર, સાકર ૦। તોલા સાથ મેળવી પાણી સાથ ફાકી મારવી. કલેજાનું પીટ શોધન થઈ ઝાહડા વાટે પડે છે, અને કમળો સારો થાય છે.

૨૯=કુકડવેલના પાનનો રસ બંને નસકોરામાં મુકે અથવા વારંવાર સુંઘે તો નાકમાંથી પીળો રસ ગળે અને તત્કાળ ફાયદો થાય. ૨૪ કલાકમાં આશરે બશેર પાણી પડે છે. પાણી પડતું બંધ કરવું પડે, તો ગરમ ઘી સુંઘ્યા કરવું. પાન લીલા ન મળે તો સુકા પાનને ૧ રાત ભીંજવી રાખી તેનો રસ વાપડવો.

૩૦=કડવાં તુરીઆંનો ગર, પાણીમાં ભીંજવી તેના ચાર ટીપાં નાકમાં નાખવાથી નાક વાટે પીળુ પાણી ગળીને, કમળો નરમ પડે છે. જરૂર હોય તો ત્રણ દીવસ ટીપાં નાંખવા. ટીપાં નાખ્યા પછી એક કલાકે, ખીચડી ને ઘી ખાવું.

કડવું તુરીઉં-કરસીરવળ-પીટફળ એકજ છે. ડોડકી-ડોળકી. ઘીસોડી, ગલકા કડવા, દુધી, તુમડી કરવી આ દરેક ચીજ કડવી હોય ત્યારે તેનો ગુણ એક સરખો છે. આ ચીજોનો લીલો રસ અથવા સુકા ગરને પાણીમાં પલાલી કાઢેલા રસના દસ દસ ટીપાં નાકમાં મુકવાં અથવા ચડાડવાં અથવા આ ફળોનું બારીક ચુરણ રતી એક સુંઘાડવું. તેથી પીટ ઝરે છે. આ નાસીકા રેચ બંધ કરવો હોય તો ઘી સુંઘવું. નાકમાં ટીપાં મુકવા પહેલાં ઘી ચાટવું જેથી ગળામાં ચણચણાટ લાગે નહીં.

૩૧=કમળો તથા બલોર મટે—ઝુરીઉં કડવું-કડવી ઘીસોડી-એનાં બી દુધીના જેવાં થાય છે. એના સુકા ગરને પાણીમાં ભીંજવી તેના ટીપાં ચારપાંચ નાકમાં મુકે તો કમળો તથા બલોર મટી જાય. એનાં સુકાં બી વામીટ અને ઝાહડો લાવે છે. એ ઘણા આકળાં છે.

૩૨=કમળી માટે—ભાંગરાના રસમાં ૬ માસા મરી વાટીને ખાવાં.

૩૩=ઘઉંનું તેલ બે દીવસ આંખમાં આંજે તો કમળો મટે.

૩૪=કમળાની માળામાં જે સળીઓ વાપરે છે તે ગળોની ડાંખલી છે. લીલી ડાંખળીને સુતરના દોરાના અળગા ગાંઠથી બાંધી હાર બનાવે છે. જેમ ડાંખળી સુકાય તેમ દોરો તણાઇને લાંબો થાય છે. કમળા ઉપર એ કેમ ગુણ કરે છે તે સમજાતું નથી.

૩૫=દીનદોરીના પાતરાનો રસ ૯ ટાંક, દહીં શેર ।। સાથે દીન ૩ ખાવો.

૩૬=દુધીની અને ધાનાની જડ વાટીને ફાકી મારી ઉપરથી ટંડું પાની પીવું.

૩૭=નરમાનાના દીંડવાનો રસ નાકમાં મુકે તો નાકમાંથી પીળો રસ ગળે અને કમળો મટે.

૩૮=કમલો—ધતુરાના પાનનો રસ પાચ ટીપાં બંધે કાનમાં નાંખવા.

૩૯=કમળો મટે—આકડાના મુળને ચોખાની ધુણમાં ઘસી તેનું ૧ ટીપુ નાકમાં મુકવું.

૪૦=કમળો—ધતુરાના પાનનો રસ આખા શરીરે મસળવો. મોઢાં આગળથી શરૂ કરી પગ આગળ મસલતા આવવું. પછી તડકે ૦।। કલાક બેસવું ફકત બે દીવસમાં ફાયદો થાય છે.

૪૧=૪) તોલા ત્રીફળાને બશેર પાણીમાં ઉકાળી, પાણી દોઢ શેર રાખી તેમાંથી ૨।। તોલા દીવસમાં ત્રણ વાર પીવાથી કમળો સારો થાય છે.

૪૨=કમળો, કલેજાનું દરદ=ગુરદાના દરદને-કાંકજ પોપટી ઘણી સારી છે; દરદને મુતરાવી કહાડે. ફુકશના દરદોને ફાયદો કરે છે. માત્રા=ચાર માસા.

૪૩=દેવદાંગરના ફુલનું ચુરણુ એક ચોખાભાર દરદી સુંઘે તો નાંકમાંથી પીળો રસ ગળી દરદ સારૂં થાય.

૪૪=ત્રીફળ ૦। સેર અને પાણી એક શેરને ઉકાળી ૦। શેર રાખવું તેને ગાળી અંદર ૧॥ તોલો મધ નાંખી તેના ત્રણ ભાગ કરી દીનમાં ૩) વાર પીવું.

૪૫=કમળા માટે તલવનીનું મુળ આતવારે સવારના સુરજ ઉગવા પહેલાં લાવી, પાણીમાં ઘસી આંખે આંજે તો કમળો જાય.

૪૬=કમળો—દેવદારનાં મુળની ભુકીની પોટલી સુંઘીઆ કરે તો ફાયદો થાય.

૪૭=બીદાર એક જાતનું ફળ છે, તે ફળની નીચે હંમેશા એક કાનું રહે છે. આ ફળ ગાંધીએ વેચે છે.

કમળો મટે—બીદાર ફળને પાણીમાં ભીંજવવું, તે પાણીના ૩ ટીંપા નાકમાં નાંખવાથી નાક ઝરે અને નાકમાંથી પીળો પદાર્થ નીકળે, નાક ઝરતું રાખે. નાકમાં જરા અગન લાગે, અગન ન ખમી શકાય તો માથાપર ઠંડુ પાણી નાખે.

૪૮=કમળા માટે—સફેદ જાસંતીના મૂળ છુંદી પેહેલી રાતે ભીંજવી તેનું પાણી ૦॥ શેર રાતરે ૧૨) કલાકે પીવું.

૪૯=કમળા માટે=૦॥ તોલો સાજીખાર પાણી સાથ સવારે ભુખે પેતે ૩) દીન પીવો. ખોરાકમાં ખીચડી અને ઘી ખાવું.

૫૦=કમળો—સમુદ્ર ફીણ પાણીમાં ઘસી અંજન કરે તો કમળો નરમ પડે.

૫૧=કમળા માટે આપટાના ઝાડની છાલના કટકાને કાચા સુતરના દોરાથી બાંધી, હાર બનાવી દરદીના ગળામાં મુકવો અથવા તેની કમરે બાંધવો. તેનાથી કમળો નરમ પડે છે. આ ઉપાય હજી ચાલું છે.

૫૨=કમળા માટે એરનડીઆના પાંતરાનો રસ તોલા ૪, ગાયનું દુધ તોલા ૪, મેળવીને દીનમાં બે વાર પીવું.

૫૩=કરૂસીરવળ (કડવાં તુરીઆં જેવું છે. એના સુકા ગરને ૧ કલાક પાણીમાં ભીંજવી તેના ચાર ટીપાં નાકમાં નાખે તો કમળો મટે છે. જરૂર વગર ફરી મુકવું નહીં. ખાવામાં ૧ કલાક પછી ઘીને ખીચડી લેવી. (નાકમાં આ ટીપાં મુકનારા બીજાઓ હજીદ અને ઘી ખાવા ના પાડે છે.)

૫૪=ગળોનો સત્વ—ગળો લીમડા ઉપર થાય તે સારી. તે ખાવાથી કડવી લાગે છે. વેલો જાડા હોય તેમાંથી સફેદ સત્વ ઘણો નીકળે છે. ગળોને છુંદી, પાણીમાં ભીંજવી રાખવી, ચાર દીવસ ચોલ્યા કરવી. તેમ કરવાથી અંદરનો આટા જેવો ભાગ છુટે છે. કુચો કહાડી લઈ કપડાથી ગાળી લેવું. સત્વ નીચે ઠરી બેસે તેને પાણીથી નીતારી લેવું. બીજું પાણી નાખી તે સત્વને ધોવું. બે ત્રણવાર પાણીએ ધોવાથી સત્વ સફેદ થાય છે, તેને સુકવે છે.

સંધીવા, કમળો, તાવ અટકાવવામાં ગળોનો સત્વ ઉપયોગી છે.

૫૫=કમળાને ફાયદો કરે—પાકી કેરીનો રસ સહવારે ભુખે પેતે પેત ભરીને પીએ, પછી આખો દીવસ અપવાસ કરે. પાણી પીએ તો અડચણ નથી.

૫૬=કમળા માટે—એરંડીઆનું મુળ ૧ તોલો ઘસીને રોજ પીએ.

સફેદ કાંદા, હળદ અને ગોળ ખાવાથી ફાયદો છે.

૫૭=કમરખનો રસ ૪ તોલા સાકેર સાથ મેળવી સહવારે આ-મદાદમાં ૩ દીન પીવો.

૫૮=કમળી મટે-કુકરવાડાના વેલાનો રસ પાંચ ટીપાં નાકમાં મેળવો અથવા એના ફળનું ચુરણ ૧ રતી સુંઘવું. નાક ગળીને નાકમાંથી પીળો પદાર્થ નીકળી જશે અને રોગ નાબુદ થશે.

૫૯=કમળો સારી થાય—કુંવારના કાંડાનો રસ ઘીમાં મેળવી દરદીએ સુંઘવો.

૬૦=કમળાનો ઇલાજ—કુંવારનો રસ ૩ તોલા, સાકેર ૧॥ તોલો મેળવી ૧૭ દીવસ દરદી ખાવું.

૬૧=કોટીના પાનને દુધમાં વાટી તેનો રસ તોલા પાંચ રોજ પીવો.

૬૨=લીંબુની ફાડમાં ચુનો મેળવીને ચુસે,

૬૩=લીંબુના રસમાં સમુદ્ર ફીણ ઘસીને આંખમાં આંજે.

૬૪=લીંબુના રસના ટીપા ૨ દરેક આંખમાં નાંખે.

૬૫=વાયવળંગ, કપીલો સમભાગે મેળવી તોલો ના અથવા ના॥ થોડા મધ સાથે ખવાડવું.

૬૭=પેટમાંનું દરદ જાય—સમુદ્ર ફળ લીંબુના રસમાં ખાવું.

૬૮=કમળા માટે—૦ા તોલો સોડા દર ચાર કલાકે પાણી સાથે પીવો.

૬૯=હરડે ૪ ભાગ, દરાખ કાળી ૧ ભાગ, મેળવી ૦ા તોલો ખાવી.

૭૦=સાહજી અને ખાંડ સંભાગે લઈને ૦ા તોલો ફાકો મારી ઉપરથી ગાયનું દુધ અથવા પાણી પીવું.

૭૧=સોના ગેરૂ, આમલા, હલદર સંભાગે મેળવી અંજન કરે તો કમળો મટે.

૭૨=હરડે, આમળાં, સુંઠ, કરીઆતું, કડુ, સંભાગે લઈ કાહવો કરી પીવો.

૭૨=કમળાનો ઇલાજ—હરડાં, કાળી દરાખ દરેક ૦ા તોલો રોજ ખવાડે તો મોંઢાંપરનો પીલાસ જાય, અને રતાસ આવે, દીન ૭ અથવા ૧૪ ખાવું. અથવા ઉકાળો કરી પીવો.

૭૩=કમળીના દરદીને—કાળીજીરી ૦ા તોલો પાણીમાં વાટી તેનો રસ ગાળીને દરદીને રોજ ૩ વાર પાવો.

રતનજોત (તનદીરી) ના પાંદડાનો રસ ૦ા થી ૦ા તોલો દહીમાં મેળવીને ખાવો.

લીવર (કલેજાં) ના દરદ માટે સરગવાનું મુળ ૫) વાલ પાણીમા ઘસી પાવું અને કલેજાં ઉપર ઘસેલું મુળ ઉપર લગાડીઆ કરવું.

## સાતોડી=વલીવડ=સતોડી.

૭૪=કમળો મટે--કમોડના ચોખા ૧) તોલો આખી રાત ૧૦) તોલા પાણીમાં ભીંજવી રાખે, આ પાણી ૩) તોલા લઈ તેમાં સતોડીનો કણ ૧) તોલો અથવા વધારે ઘસીને પીવું. ગરમીની દેહવાળો દરદી વધુ પી શકે, સરદીની દેહવાળો ૦ા તો. વાપરે.

૭૫=કમળા માટે લીંબુના ફાડમાં મરી ભરી રાખીને ચુસે તો કમળો નરમ પડે.

૭૬=કમલો સારો થાએ—આકાદોરીના પાનનો રસ ૧૦-૧૦ ટીંપા બધે કાનમાં નાંખે.

૭૬=કાસનીના પાનનો રસ ૭ તોલા લઇ ઉકાળવો અને પાંચ પાંચ તોલા સાકેર નાખીને પીવો, ખોરાકમાં મગની દાળ અને રોટી ખાવી.

૭૮=દેવદારના મુળની ભુકીની પોટલી સુંઘાઆ કરે તો ફાયદો થાય,

૭૯=બાવળના ફુલને બારીક કરી તેની ગોળી મધ સાથે વાળી તે ગોળી તેલમાં ઘસી આંખમાં ચાર દીવસ આંજવી.

૮૦=કમળા માટે મેંદીના પાતરાં ૨ તોલા લઇ તેને પાસેર પાણીમાં ૧ રાત ભીંજવે તે ગાળીને સહવારે દરદીને પાય.

૮૧=કમળો—કમળા માટે ૦। તોલો કુટકી, પાંચ તોલા પાણીમાં મેળવી બએ દીવસને આંતરે પીવી, ઝાડો ઉલટી થાય તેની અડચણ નથી. તેનાથી કમળો સારો થાય છે.

૮૨=કમળો—કમળા માટે સપેશરાની તથા બાવલની પ્રાલીનો રસ શેર ૦। સાકેર ૨ તોલા સાથ ૭ દીવસ પીવામાં આપે તો કમળો જાય.

૮૩=કમળો—ભુતખાસાના પાંદડાનો ભુકો કરી સુઘવાથી કમળાને ફાયદો થાય છે.

# કરમ પેટમાં.

બાળકોને પેટમાં કરમ થાએ ત્યારે નીચે મુજબ આપવું.

૧=વાવડીંગને ભરડી અંદરની મીંજ કાહાડી સેકવાં. ઉમરના અમાણમાં ૧, ૨, ૩ મીંજ પાણીમાં વાટી બેવાર પાવાં. વાવડીંગની ભુકી ૧ થી ૨) વાલ મધમાં અપાય છે.

૨=ડેકામાળી અથવા કીડામાળી વાટીને પાવાથી કરમ બેસી જાય.

૩=કડવી જીરી ૧) વાલ પાણીમાં પાવી.

૪=૧) કાંકચીઓ સેકી તેને વાટી ૪) થી ૮) પડીકી કરવી. રોજ બે પડીકી ખવાડવી.

કરમની ઉપલી દવામાંની કોઇબી દવા રાત્રે આપી સહવારે જુલાબ દીવેલનો આપવો.

૫=કૌવચ (ભેરવસીંગ) ૧) ના કાંટા ખરી વટી કાહાડી ગોળમાં મેળવી ખવાડવા.

૬=કપીલો તેમજ કલંબો ૧ થી ૨ વાલ આપવો.

૭=વટાણા જેટલો કપુર ગોળના નવટાંક પાણીમાં મેળવી તેમાંથી ૧) ચમચી (૦ા તો.) દીવસમાં ૩ વાર આપવી.

૮=વડની વડવાઇના કુણા અંકુરો (કુમળી જડ) ને પાણીમાં વાટી પાવાં.

૯=ઉંદરકાનીનો રસ ૧) ચમચી પાવો.

૧૦=ફુલવેલી ફટકડી ચણોટીભાર લઇ જુના ગોળમાં ખવાડવી.

૧૧=તલનું તેલ કરમને મારનાર છે, માટે તેલમાં તળેલી પુરી બાળકને ખવાડવી.

૧૨=કરમ પેટમાંના=પીતનો માથાનો દુખાવો એ માટે—દીકામારી ૦ાા વાલ અને એક અખરોટનું મગજ પાણીમાં વાટી પીવું.

૧૩=ઘોડાની લાદનું ચુરણ કરવું, વાયવડંગના કવાથથી ૧૦૦ વાર તેને ભાવના આપવી, આ ચુરણ બે વાલ મધ સાથ બાલકને આપવું.

૧૪=ઘણી જુની દાડમરીની છાલ દોઢ તોલો, પાણી એક શેરમાં ઉકાળી ૦ા શેર પાણી રહેને પીવું, નેહાર કોઠે પીવું.

૧૫=કૂરાસ પાપડો બે આંની ભાર ખવાડવો.

૧૬=પલસ પાપડી અધકચરી કરી મગની દાલ જેટલી બાલકને ખવાડે અથવા ૧) પલસ પાપડી પાણીમાં છુંદી, ગારીને બાલકને પીવાડે—(આ પાણીમાંથી ખાર કહાડી શકાય છે.)

૧૭=ગરમારાનો ગોર ખવાડવો એ ચમત્કારી ઇલાજ છે.

૧૮=કાકડાસીંગ, કરીઆતું, કડુ, ગરમારાનો ગર સંભાગે લેવો. તેનાથી ૪ થા ભાગે અજમો અને ૧૬ માં ભાગે ખોરાસાની અજમો લઇ વટાણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી બાલકને ખવાડવી.

૧૯=કરમ બાલકને થાય તે માટે આંબાહળદ અને સીંધવ સં-ભાગે મેળવી ૨) વાલ ખવાડવું. ઉપરથી ગરમ પાણી પાવું.

૨૦=કરમની કસર મટે—પેપેનાસના ૩) પાન ચાહમાં નાખી તે ચાહ બાલકને પાવી.

૨૧=મોઢાં વગરની ઠળીઆ કાઢેલી આમલી ૧ ભાગ, બીલાગુ ૧) ભાગને ગોળ સાથ મેળવી એકેક વાલની ગોળી બનાવે, તેમાંની ૧) ખવાડે તો કરમ મરે અને કરમ ખખડીને બહાર પડે.

૨૨=પાછલી રાત્રે મરઘા બોલવા પહેલાં કરમના મો ખુલ્લા થાય છે તે વેળા બાળકને તેની ઉમરના પ્રમાણમાં ૧૦-૧૫ ટીપાં કોલનવાટર પાણીમાં નાંખી પાવું. કોલનવાટરને બદલે બ્રાંડી દારૂ ચાલી શકે.

૨૩=રાત્રે બે વાગે સંધેસરાની પાલી લાવી તેનો રસ બનાવી રસ ાા તોલો તેમાં બે ટીપાં તેલ નાંખી રાત્રે ત્રણ વાગે પાવું.

પાછલી રાત્રે કરમનું જોર વધે છે, કરમના મોં ખુલ્લા થાય છે, તેમજ સંસધેસરાના ઝાડના પાનમાં રાત્રે બે વાગે રસ વધતો આવે છે.

૨૪=અવરકંટીના પાનને પાણીમાં ઉકાળી ૧ ચમચી ઉકાળો પાવો અને તેના પાનનું વરાળીયું પેટે બાંધવું.

૨૫=કરમાની અને કોથમીર બન્ને આપવાથી કરમ નરમ પડે.

૨૬=કાચી કેરીની ગોટલીનો ભુકો નીચલા દરદો માટે છે.

પેટમાંના કરમ, દુજતા મસા, ઝાડા વાટે લોહી પડે તે, દસતાન ઘણું જતું હોય તે, તથા ઝાડા થતા હોય તે માટે ખાવામાં લે છે. ા થી અરધો તોલો દીનમાં ૩ વાર ખાવો.

૨૭=ગોળના પાણી સાથ કપુર ખવાડતાં કરમ પડે છે. ગોળ જુનો જોઇએ. ઉપલ્યાનો ગોળ ધર્માદા અપાય છે. તે જુનો ૩-૪ વરસનો ગોળ એકલો અથવા કપુર સાથે મેળવી આપે છે. જુનો ગોળ ઝાહાડો લાવવાનો ગુણ ધરાવે છે.

૨૮=કરમ માટે કપીલો ઘણો ઉપયોગી છે. ચપટા, ગોળ અને સુતરીઆ કરમ બહાર પાડે છે.

૨૯=કરમ માટે સહેલો ઉપાય. બચ્ચાંને કરમની અસર જણાય તો અખરોટ એક સહવારે અને બીજી સાંજે ખવાડવી, રાતે સુતી વેળા દીવેલનો જુલાબ આપવો, કરમ હશે તો પડી જશે.

30=કૃમી જંતુને મારે=
યાદ દાસ વધે=
લોહી સુધરે=
વિષ પુટકને ફાયદો આપે=
ક્ષયને ફાયદો કરે=
શકતી વધે,
} નીચે મુજબ ઇલાજ ચાલુ રાખવો.

જેઠી મધ તથા વાવડીંગના બીજ ( વિડંગ તનદુલેને ) ભરડી ઉપરના છોળતાં કાહડી અંદરના ભાનો ભુકો સંભાગે લઇ તેની ફાકી ૦॥ તોલો ૧ માસ સુધી ખાવી. ( અથવા તેની ચાહ બનાવીને પીવી ) ખોરાકમાં ભાત, ઘી અને મગનું ઓસામણ લેવું.

મગનું ઓસામણ—મગ અને આમળા સુકાને પાણીમાં બાફી તેના ઓસામણને ઘી તથા જીરાથી વઘાર કરવો. ઉપલી ફાકી ૦। તોલાથી શરૂ કરી તે દર અઠવાડીએ ૦। તોલો વધારી ૧ તોલા સુધી વધવું. ફાકી અથવા ચાહના આકારમાં લેવું.

૩૧=કરમાની અને કોઠમીરનો રસ પીવાથી કરમ પડે.

૩૨=કરમ માટે—અંગ્રેજી વરમસીડની માફક કાચકાનો પાઉડર અપાય છે. બચ્ચાને એ માફક છે.

૩૩=દાડમના મુળની છાલનું ચુરણ ૦॥ તોલો પાણીસાથ ખાવું. અને જુલાબ લેવો. ( એનો ઘટ એક્સ્ટ્રેકટની ગોળી બની શકે. )

૩૪=પીતપાપડો અને વાયવરંગ દરેક બે વાલ લેવું.

૩૫=ભરવસીંગ (કૌચા=કવચ)ની કાંટા વાળી સીંગને દુધમાં નાખે કાંટા ધોઇ લીએ અને તે દુધ પીએ. પછી જુલાબ આપે.

૩૬=ખાખરાની લીલી સીંગનો રસ મધ સાથે પીવો.

૩૭=લીમડાના છાલનો રસ મરી નાખી પીવો.

૩૮=સમુદ્દર ફળ પાણીમાં ઘસી પીવું.

૩૯=કરમ પડે (પેટમાના) કાળી મુસલી ગાયના ઘી સાથ ખાએ.

૪૦=ઘોડાંની લાડનુ ચુરણ બનાવવું તેને વાયવરંગ ના ઉકાળાની ૧૦૦ ભાગના આપી તે ચુરણુ બે વાલ આપે તો કરમ પડે.

૪૧=કરમ જંતુ માટે ઠીકામારીનું ચુરણુ ૧) વાલ અપાય છે.

૪૨=કરમ બચ્ચાંને થાય તે માટે—કેલોમેળ ઘણો ગુણ કરે છે. ૧ કેલોમેળ ગ્રેન બે, સ્કેમોનીઆ ગ્રેન બે, અનીસુ તેલ ટીપુ ૦। એક બચ્ચાં માટે છે.

૪૩=નાના મોટા કરમ પડે—સ્કેમોનીઆ ગ્રેન બે, નસોતર ૭ ગ્રેન એક વખતે આપવાં.

૪૪=સેનટાનાઈન ગ્રેન એક કેલોમેળ ગ્રેન ૧ રાત્રે સુતી વખત ખાંડ સાથે આપવું.

૪૫=કરમના ગુંચ પડે—નર સેવટી (સેવટી જે ઉપર ફુલ ન આવે તે) તેને અમણુજ કહે છે તેનાં પાંતરાં ગાજરના જેવાં થાએ છે. તેના પાંતરાંનો રસ ૩ દીન પાવો. દરરોજ ૧ તોલો રસ પાય તો કરમ પડે.

૪૬=બચ્ચાંને વામીટ થાય તો કરમ છાતીએ છે એમ જાણવું. તે વેળા ધાણા વાટીને સાકર સાથ આપવા કરમ થયા હોય ત્યારે બચ્ચાંઓ પાણી ઘણીવાર પીવા માંગે છે અને પોતાનું નાક ધવરીઆ કરે છે.

૪૭=ઘણો જુનો ગોળ ઘણો કીમતી બને છે. ઉપલાઉ અને કરમ ઉપર ખવાડે છે. તેથી ઝાહડો આવે છે. કરમ નીચે ઉતરે છે. ગોળ જેમ જુનો થાય છે તેમ તેમાં જુલાબ થવાની અસર વધે છે, કારણ તેમાં સીક્રેટ—પોતાશ ઉત્પન્ન થાય છે. ગોળ જાનવરોના ખોરાક સાથ અપાય છે પણ તે ખટાશવાળો ન જોઇએ.

૪૮=બચ્ચાંના કરમ માટે સહેલો ઉપાય—૧ તોલો દીવેલ અને ૩ ટીપાં ટરપેનટાઇનના નાંખી બચ્ચાંને આપે તો કરમ પડે. દીવેલ વેલાતી લેવાની ખાસ જરૂર નથી. ગામઠી દીવેલ જરા ગરમ કરીને લેવું. તાજું બનેલું દીવેલ વધુ ગુણ આપે છે.

૪૯=બચ્ચાંને કરમ થયા હોય તો દાડમડોના ફુલને પાણીમાં વાટી પાવામાં આવે છે.

૫૦=કરમ પડે—ઈંદ્રિજવ અને વાયડગંગ સંભાગે લઇ મધ સાથ ૧ વાલ જેવડી ગોળી બનાવી ખવાડે તો કરમનો નાશ થાય.

૫૧=કાળીજીરી ૩ વાલ ખાઇને જુલાબ લીએ તો પેટના કરમ પડે.

૫૨=કરમ મટે—બીજોરાંની સુકી છાલનો કાહવો પીવો.

બાળકને સેવ જેવાં ઝીણા કરમ થાય ત્યારે રોટી કરવાનાં ઠીકરાંપરની મેસ દીવેલમાં મેળવી સફરામાં લગાડે તો કરમ નીકળી પડે.

૫૩=કરમ માટે—વાવડીંગ ૨) વાલ નસોતર ૧) વાલ કપીલો ૧) વાલ અને ૨॥ તોલા પાણી સાથે ઉકળાવવું, નિતરૂ પાણી ૦। તો. ૩) ૩) કલાકે પાવું.

૫૪=બાળકના કરમ માટે—અતીવીખ ૧ વાલ મધ સાથ આપવાથી બહુ ફાયદો થાય છે.

૫૫=કરમ માટે—લીંબોડીના તેલના ૨) ટીંપા ખાણુ સાથ બાળકને ખવાડવાં.

૫૬=કરમ માટે—વાયવડીંગનો ઉકાળો બાળકોને મધ સાથે આપવો.

૨) વાલ વાયવડીંગ ગા રતી કેલોમેલ મેળવી આપે.

૫૭=પેટના ઝીણા કરમ મરે—અંકોલના મુળનો કાહવો કરી જરા ઘી નાખી પાવો.

૫૮=બધી જાતના કરમ મરે—દરદીને રાત્રે સુતા વખતે ગોળ ખવાડે જેથી પેતના કરમ તે મોહોસપર વળગે સહવારે દરદીને ૦। તોલો કપીલો દહીમાં ખવાડે તો બધા કરમ મરે. ૦। તોલો કપીલો મધ સાથ આપે છે

૫૯=સુંઠ અને વાયવળંગ ખાવાથી કરમ મટે છે.

સુનામખી અથવા હલધર કાચી, ગોળ સાથે ખાવાથી કરમ પડે.

૬૦=વાયવડંગ કરમને મારે છે. આથી કરમ પેટમાં મરી જાય છે માટે તેને બહાર કાઢવા દીવેલનો જુલાબ જરૂર આપવો જોઇએ.

૬૧=સીતાબના પાંદડાનો રસ બચ્ચાંને કરમ માટે આપે છે. અથવા પાંદડાં ગળે બાંધે છે. એના વાસથી કરમ છાતીએથી નીચે ઉતરે છે. સીતાબ ગર્ભસ્થાનને નુકશાન કરતા છે.

૬૨=બે વાલ પાનના રસને ધાનાના પાણી સાથ પાવો.

૬૩=કરમ પેટમાં પાકે નહીં—સેકટાની સીંગ ખાનારને કરમ પાકે નહીં.

૬૪=કરમ પડે—કમરકાકરીનું મગજ અને એલચી સંભાગે લઇ લીંબુના રસમાં વાટી ચણા જેવડી ગોળીઓ બનાવે તેમાંની ૧ ગોળી રાતરે ૧૨ વાગે બાલકને ખવાડે અને ઉપરથી ૦| તોલો ખાન ફકાડે.

# કરોળીઓ-છીપ-છાહી.

૧=તલના તેલનું મર્દન કરવું.

૨=કળીચુનો ૧) ભાગ સરસીઉં તેલ ૫) ભાગ મેળવીને શરીરે મસળી તડકે બેસવું. પા કલાક પછી નાહવું.

૩=ચોળાઇની ભાજી અથવા તેના મુળની રાખ પાણીમાં મેળવી શરીરે ચોપડી ૦| કલાક તડકે બેસવું અને ગરમ પાણીથી નાહવું.

૪=સુખડ અને ટંકણખાર પાણીમાં ઘસી લગાડવું.

૫=હળદર અને કાળા તલ સમભાગે મેળવી શરીરે મસળવા.

૬=જો દરદીને માફક આવી શકે તો; ઠંડા પાણીમાં બોળેલી ચાદર શરીરે વીંટાળે, અને ધાબળો ઓઢી ૩) કલાક સુધી રહે અને એ વખતમાં પીવાએ એટલું પાણી પીએ તો પરસેવો નીકળી રોગ સારો થાય.

૭=કુવાડીયાના બી અધકચરાં વાટી દહીંમાં ૩ દીવસ રાખીને તે દહી મસલવું અને થોડીવારે નાહી લેવું તો શરીરે ચસેલો કરોળીઓ નરમ પડે છે.

૮=કાળી જીરી અને કાળા તલ સંભાગે મેળવીને ચુરણ બનાવી રોજ ૦। તોલો ખાવો. ચામડી પર થતો કરોળીઓ તેનાથી સાફ થાય છે.

૯=કરોળીઆ માટે—મનસીલ, ટંકણખાર, હળદર સંભાગે વાટીને શરીરે લગાડે તો કરોળીઓ સાફ થાય.

૧૦=ચોળાઇની ભાજીની રાખ પાણી સાથ મેળવી શરીરે ચોપડવી. તડકે બેસવું. પછી ગરમ પાણીથી ધોવું.

૧૧=તુલસીના છોડને વળગેલી મટોડી પાણી સાથ મેળવીને લગાડે તો શરીર ઉપરનો કરોળીઓ સારો થાય.

૧૨=કરોળીઓ શરીરે થાય તો તેલીઆ દેવદારને લીંબુના રસમાં ઘસી લગાડવું

કરોળીઆ માટે શરીર ઉપર વેંગણનો રસ લગાડે.

૧૩=સુકા આમલા પાણીમાં ઘસી શરીર પર લગાડવા.

૧૪=નલના ફુલ ચામડી પર મસળવા.

૧૫ શરીરે સરકો ઘણા દીવસ ચોળવો.

૧૬=હળદ અને ફટકી પાણીમાં ઘસી લગાડે,

૧૭=મજીઠને મધમાં મેળવી શરીરે મસળવી.

૧૮=કરોળીઓ મટે—મુળાના બીજ ૦। સેર વાટીને ।। સેર દીવેલમાં મેલવે અને તે શરીરે મસળે.

૧=કરોળીઓ, છીપ માટે—હળદર, કાળા તલ સંભાગે મેળવી ભેંસના દુધમાં વાટી મસળવું.

૨=સાબુ અને સામરના ફુલ સંભાગે મેળવી શરીરે લગાડવું

૩=કરોળીઓ—સુખડને ટંકનખારમાં ઘસીને શરીરે ચોપડે તો કરોળીઓ મટે.

૪=કરોળીઆ માટે—સમુદર ફળ પાણી સાથે ઘસી લગાડવું.

# નોકરી—ધંધા.

માટે રખડતાઓને ઘેર બેઠા હજારો રૂપીઆ કમાવાનું
ઉત્તમ સાધન.

# સ્વતંત્રતા.

ભાગ બીજો — પહેલી આવૃત્તી.

**ધનવાન થવાનું અને પૈસા પેદા કરવાનું**
**આ એક કિમતી સાધન છે.**

આ પુસ્તકમાં ખાસ અનુભવિ અને કિંમતી હુન્નરોના સમાવેશ કરેલો છે. જે હુન્નરો હજુ સુધી કોઈપણ પુસ્તકમાં કે ચોપાનીઆમાં બહાર પડેલા નથી પરંતુ તદન નવીનજ છે.

આ પુસ્તકમાંના દરેક હુન્નરો સુધરેલી ઢબછબ પ્રમાણેના વીસમી સદીના છેલ્લામાં છેલ્લી શોધનના છે.

આવું પુસ્તક પહેલ વહેલું ગુજરાતી ભાષામાંજ બહાર પડે છે.

**પુસ્તકની સાઈઝ**—પૉકેટ સાઈઝ ત્રણસો પાનાનું દળદાર પુસ્તક—સોનેરી સુંદર પાકી બાઈંડીંગ કીં. ૧૪ આના. પો. જુદું.

**સ્વતંત્રતા પહેલો ભાગ**—તેટલુંજ મોટું ૩૦૦ પાનાનું દળદાર પુસ્તક **તદન નવીન હુન્નરો** કીંમત બાર આના પોસ્ટ ખર્ચ જુદું.

**બીજા** પુસ્તકો—**હુન્નર સાગર** (સચિત્ર) રૂ. ૨ા, **હુન્નર પ્રકાશ** રૂ. ૧ા, **હુન્નર સંગ્રહ** રૂ. ૧, **હુન્નર ૮૦૦** કીં. ૧૧ આના, **ઉદ્યોગ સંગ્રહ** ૦ા આના, **હુન્નર દર્પણ** ૦ાઆના **હુન્નર કળા પ્રકાશ** ૦ા આના હુન્નર કળા (સચિત્ર) રૂ. ૦ા= જર્મનીના અત્તર ઉદ્યોગ છ આના પોસ્ટેજ જુદું, વાળ કાળા કરવાના કલપનો હુન્નર કીં. ચાર આના.

**લખો—હુનરોદય બુક ડીપો.**

ઘોઘારી મહેલાના નાકા સામે બનીયન રોડ મુંબઇ ના. ૯

# કલેજાંના દરદો તથા બરોળ-બલોહર.

૧=કળેજું મોટું થાય ત્યારે ૦ા તોલો અજમો ગોળ સાથે દરરોજ ખાવો.

૨=બરોળ અને કલેજાની ગાંઠને પીગળાવે છે. અસાળીઆને પાણીમાં પીગળાવી દુધ સાથ મેળવી રાબડી કરીને રોજ પીવામાં લેવી. શરીરમાં લોહીની ગાંઠ બંધાઈ હોય તેને પણ એ તોડે છે.

૩=કલેજું-( લીવર ) પાકેલું હોય, સોજો આવેલો હોય કે ફાટેલું પણ હોય છતાં ડા૦ મુર મજબુત ભલામણ કરે છે કે, વીસ ગ્રેન ઇપેકેકયુના રોજ આપવું. બીજો અનુભવી ડાકટર આજ ઉપાય કબુલ કરી જણાવે છે કે દરદીને વામીટ ન થાય માટે એની સાથ દશ ગ્રેન એસીદ ટેનીક અને એક ગ્રેન કેળોમેળ ઉમેરવું જોઇએ. પંદર દીવસ સુધી આ મુજબ દીનમાં બેવાર પાવું.

૪=આકડાંના પાંતરાની ઉદરકાણીના રસમાં ગોળી એક વાલની બનાવી તેમાંની ૧) ગોળી દીનમાં ત્રણ વાર ખાવી.

૫=લીવર એબસેસ=કલેજું પાકેલું-હોએ તો વહાડ કાપ કરીઆ વગર સારૂ થાએ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇપેકેકયુના પાઉડર... | ... | ... | ... | ગ્રેન. | ૨૦. |
| એશીદટેનીક | ... | ... | ... | ,, | ૧૦. |
| કેલોમેલ | ... | ... | ... | ,, | ૨. |

એની મેલવણી કરી ૧. પાઉડર બનાવો.

આવો ૧. પાઉડર સહવારે અને બીજો સાંજે ખાવો. ડા૦ મુર સાહેબનો વખણાયલો ઇલાજ એ છે.

મુદાર પાઉડર=આકરાનાં ઝાહાડના મુળની છાલનો ભુકો ઇપેકેકયુના રૂટના સઘળા ગુણોને મળતો છે.

૬=બલોહર=કલેજાંના દરદ—માટે આકરાના પાંતરાં અથવા મૂળનો ભૂકો બલોહોર અને કલેજાના દરદો ઉપર ખવાય છે.

૭=કલેજાના=બરોળના દરદ માટે—કારેલાનો રસ તજ સાથે મેળવીને પીવાય છે.

૮=બરોળ—વજનમાં અરધા શેર કારેલાનો રસ, અને નીમક અરધા તોલો મેળવી પીવું.

૯=ગરમીના સઘળા આજાર, જળંદર, કલેજાનું દરદ, લોહી વીકાર, પીત વીકાર માટે કાસનીનો કાહવો બનાવી પીવાય છે.

૧૦=કલેજાંના દરદ, કમળો, બરોળ, પીતનાં ચાઠાં માટે ગળોનો સત્વ સારો છે.

૧૧=કલેજાનું દરદ—આંકડાના ઝાડની છાલ અને એલીઓ સંભાગે મેળવી તેની ગોળી ચણા જેવી બનાવી દીનમાં ત્રણ વાર ખાવી.

૧૨=કલેજાના દરદ માટે—વઇદો નવસાર વાપરે છે.

૧૩=કલેજામાં દરદ થાય ત્યારે મધ અને કળી ચુનો મેળવી કલેજાની જગાપર લગાડી રૂ દાબે.

૧૪=નવસાર બે આની ભાર હરેડના ઉકાળામાં પાવો.

૧૫=કડુ ૦। તો. પાણી સાથ પીવું. કડું ચુંક કરે તો સાથે પીપર લેવી.

૧૬=મુળાના પાનનો રસ ૨) તોલા અને નવસાર બે વાલ પાવો.

૧૭=ગૌમુત્ર ૧) તોલો નવસાર ૨) વાલ મેળવી પીવું.

૧૮=કલેજુ મોટું દેખાય તો ૦। તો. અજમો જુના ગોળ સાથ ખાવો.

૧૯=આકડાના પાનને ઉદર કાણીના રસ સાથ મેળવી વાલ ૧) ની ગોળી બનાવી રોજ ત્રણ ગોળી ખાવી.

૨૦=કાંકચીઆની ફાકી ૪) વાલ પાણી સાથ લેવી.

૨૧=સરગવાનું મૂળ ૫) વાલ પાણીમાં ઘસી પીવું અને એનો ઘસારો ચામડીપર લગાડવો.

૨૨=ઉપલેટ ચુરણ ૦। તોલો મધમાં ફાકવું.

૨૩=કલેજાના દરદો, આંતરડું એકેકપર ચઢેલું હોય, પવન પેટનો મટે—આંકડાના મુળનું ચુરણ (મુદાર) ૩ વાલ, એસીદટેનીક ૨) વાલ, કેલોમેલ ૧ ગ્રેન. આ મીશ્ર સહવારે ખાવું અને ફરી સાંજે ખાવું. વામીટ થવા દેવું નહીં. દવા ખાધા પછી ચણાનું મગજ ખાએ તો વામીટ ન થાય.

૨૪=કલેજાંના દરદો માટે—દારૂ પીવાથી અને તંબાકુ ખાવાથી કલેજાંના દરદો થાય તે માટે ૧ જુલાબ લેવો. પગને તળીએ દીવેલ મસલાવ્યા કરવું અને કાળી દરાખ સેરડીના સરકામાં ભીંજવી રાખવી તેમાંથી બે તોલા દરાખ ખાનું ખાધા પછી રોજ ખાવી.

૨૫=કળેજાંના દુખાવામાટે દાડમની કળી અને સુનામખીના દાંડી વગરના પાન સંભાગે ચુરણ બનાવી ાા તોલો રોજ ખાવો.

૨૬=કલેજું, બલોહોર, ફેફસું ફુળે ત્યારે—મધ ૧ તોલો પાણી નવટાંક મેલવીને એક વાસણમાંથી બીજા વાસણમાં સો વાર નાખે, અને રોજ સહવારે ભુખે પેટે પીએ.

## કળતર.

૧=કળતર—ખાંડ, સાકર ઘણી ખાવાથી સાંધાઓમાં કળટર થાય છે.

૨=કળતર થતી હોય તે જગા પર ૩) તોલા આંબાહળદ પાણીમાં ઘસી તેમાં ૧)તોલો સાજીખાર ઉમેરી ને કળતર વાળી જગા પર લગાડીઆ કરે.

શરીરની કળતર અને ચસક મટે—મરી, પીપર, સુંઠ એકેક તોલો ગંધક ાા તોલો એ સઘળાને આદુના રસમાં ખરળ કરે, એક વાલના વજનની ગોળી બનાવે. સહવાર સાંજ એકેક ગોળી ખાએ.

૩=કળતર મટે-મેથીના લાડુ બનાવી ખાવા.

## અતિસાર, આમ—મરડો. સંગ્રહણી.

૧=અતિસાર, મરડો, આફરો—આ માટે દીવેલ ઘણું અકસીર છે. બચ્ચાંઓને તે ઘણું ફાયદાકારક છે.

૨=અતિસાર લોહી સાથનો—માયાંને ઘીમાં તળીને ભુકો કરી ખવાડે.

૩=અતિસાર હોય તો—દરદીને ડુંટી ઉપર આદુનો રસ લગાડવાથી બહુ ફાયદો થાએ.

બાલકને સંગ્રહણી હોય તે માટે—સુંઠ ને પાણીમાં ઘસી તેટલું જ ઘી, અને સાકર મેળવી ગરમ કરી ચટાડવું.

૪=આમને પાચન કરવામાં સુંઠ જેવી અકસીર છે તેવું લસણ પણ છે. આમ, અતિસાર, કોલેરા—એના આવતા ઝાડા માટે લસણનો રસ પીવાથી ઝાડા બંધ થાએ છે.

૫=આમ—અતિસાર—વરીઆળીનો કાહવો પીવો અથવા વરીઆળી, સુંઠ એઓને ઘી લગાડી ભુંજીને ૦ાા તોલો ચુરણ ખાવું.

૬=અતિસારનો ઇલાજ—વડના કુમળા પાન અને તેની ટીસીઓ (કુપળ) ને લાકડાની ખાંડનીમાં ખાંડી તેના કુચા કરતાં ૧૬) ઘણું પાણી નાખી ઉકાળવું, અરધું પાણી બળે ને કુચો ગાળી કહાડવો, ફરી તેને ચુલાપર ઉકાળી ગોળ જેવો ઘટ બનાવી તેની ૧) વાલની ગોળી કરવી, તે ગોળી ૨), દીનમાં ૩) વાર દીહ સાથ ખવાડવી.

૭=અતિસાર—વડવાઇને ચોખાના ધોવાવણમાં છાસ સાથે પીવી.

૮=સંગ્રહણી માટે—સુંઠ અને ખારેક એકેક તોલો, અફીણ ૦ાા તોલા લીંબુના રસમાં ચીનીબોર જેવી ગોળી કરી ખાવી. ખોરાક દહીંને ભાત લેવાં.

૯=આમ, અતિસાર માટે સુંઠ, ગોળ, ઘી મેળવીને ખવાડવું. આમનું પાણી થાય છે, જઠરાગ્ની વધે છે,

૧૦=અતિસારની ગોળી—અફીણ અને કેસર સંભાગે મેળવી મધ સાથ તેની ગોળીઓ ચોખાના દાણાં જેવડી બનાવવી. આ ગોળી ૨ સહવારે અને ૨ સાંજે ગળવી.

૧૧=અતિસાર માટે—કાકડાસીંગ, અતીવીખનો ઘસારો મધમાં મેળવી પીવો.

૧૨=આમ મટે—મેથીની ભાજીનો રસ પાંચ તોલા લઇ સાકર સાથ મેળવી ખાવો.

૧૩અતીસાર લોહી સાથનો—મેથીની ભાજીનો રસ બે તોલા અને કાળી દરાખનો રસ બે તોલા મેળવી પાવો.

## કફ=બળગમ.

૧૪=કફ=બળગમ માટે—કદાઇઓ શુંદર (કતીરો) બળગમ કાપે તથા છાતીનો અને ગળાંનો ચીકણો બલગમ કાઢે છે. ફેફસાનાં અને ફુકાના જખમને ફાયદો આપે છે.

૧૫=કફ પાંચો પડી બહાર નિકળે—દાંડળીઆ થુવરની રાખ ૧ વાલ અદુસાના પાનના રસમાં દીવસમાં ત્રણવાર આપવી,

૧૬=કફ નાશ પામે—ગોળ આદુ સાથ ખાવો.

૧૭=કફને દુર કરે—મધ સાથ ગલોનો સત્વ ખ.એ.

# કબજીઆત.

૧=કબજીઆત, પેટમાંના ખરાબ વાસ માટે—સુનામખી તોલા ૫, સુંઠ ૨ તોલા, સંચળ ૨ તોલા. એલચી ૦॥ તોલો આ પ્રમાણે વજનમાં મેળવી ચીનીબોર જેવી ગોળી બનાવી તે રોજ ગોળી ચુસીને ખાવી. સુનામખી પેટમાં દુખાવો કરે નહીં, માટે એના ફકત પાંતરા લેવાં, ડાંખળી કહાડી નાખવી. અથવા પાંતરાને ઘીનો પટ આપી ગરમ કરવાં. સુનામખીની ચાહ સાથે જુલાબનું મીઠું વાપરવાથી દુખાવો થાય નહીં.

૨=કબજીઆત—મીઠું મોટા આદમીની કબજીઆત દુર કરે છે.

૩=કબજીઆત માટે—એલીઓ તથા હીંગ સરખે ભાગે લઇને તેમાંથી ૧ થી ૨ વાલ રાતરે ખાવી.

૪=કબજીઆત માટે=દાંડી વગરના સુનામખીના પાડદાં, વરીઆળી અને સાકેર સંભાગે મેળવી તેમાંથી ૦॥ તો. ખાધા પછી રોજ બે વાર ખાવું.

૩=કબજીઆત મટે=૧) તો. અથવા વધારે સાલેદનું તેલ ભુખે પેતે રોજ પીવું. સુનાવાળા ધદાર્થ પેતમાં હોય તે નિકળી જાય.

૪=જુઓ "મળબંધ વાયુ." "નળબંધ વાયુ."

### કનક તેલ.

૧=ચામડીના રોગો માટે કનક તેલ પુંજવા લાયક છે. બનાવવાની રીત—

જેઠીમધ, ગઉલા, મજીઠ, ચનદન પોયના, નાગકેશર દરેક ૧) તોલો પાણી બશેર અને તલનું તેલ ૦ાા શેર એને ઉકાળી પાંણી બળી રહે અને તેલ ગાળી લેવું. ચામડી ઉપર મસલવાથી અનેક જાતના વ્યાધી સારા થાય છે.

## કાનના દરદો.

૧=કાનનો દુખાવો મટે—તુળસીના પાતરાંને ખાટા લીંબુના રસમાં વાટી તેના ૪) ટીપાં કાનમાં નાખવાં, દીવસમાં ૩) વાર.

૨=કાનમાંથી રસી નીકળતી બંધ થાએ—બચ્ચાંના મુતરમાં દાડમની છાલ ઘસી કાનમાં ટીંપા નાંખવા.

૩=બચ્ચાંના કાનનું દુખવું મટે—જયારે બચ્ચાંને કાનમાં દુખે ત્યારે માતાના દુધમાં મીઠું મેળવી તેના કાનમાં ટીપાં મુકવાં.

૪=કાનના દરદ નરમ પડે—ઉકાળેલાં દુધના ૧૦ ટીપાં કાનમાં નાંખવાં.

૫=કર્ણ સુળ ટળે—મોટી ભોરીંગણીનું મુળીઉં પાણીમાં ઘસી કાને ભરવું.

૬=બચ્ચાંનો કાન પાકયાજ કરે અને રૂઝ નહીંજ આવે તો પોટાસ આયોડાઇડ પીવામાં આપવો; બચ્ચું છેક નાનું હોય તો તેની માને તે પાવો.

૭=કાનનું ગળવું—ગળતા કાનને પાણીથી ધોઈ સાફ કરીને અંદર નીચે મુજબ દવાના ૧૦ ટીપાં નાંખવા—ફટકી ગ્રેન ૮, ઝીંક સીલફ્સ ગ્રેન ૮, પાણી ૧ આંઉંસ.

૮=કાનમાં પરૂ તથા દુરગંધ હોય—કાનમાંથી પરૂ નીકળે અને કાન વાસ મારે તો ફુદનાના રસના ૧૦ ટીપાં કાનમાં નાંખવાં.

૯=કાનનો મેલ સુકાઇ ગયો હોય અને દુખાવો થાય તો મધ અને તલનું તેલ સંભાગે મેલવી કાનમાં નાંખે તો મેલ બહાર આવે.

૧૦=કાનમાંથી વેહેતું પરૂ બંધ થાય—મેંડીને દુધમાં ભીંજવી રાખવી. તેને વાટી રસ કાહાડી કાનમાં નાંખવો.

૧૧=કાનના કીડા મરે—૪ વાલ એલીઓ, ૧ તોલો ગાયનું ઘી, દીવેલ અથવા તેલમાં ગરમ કરી કાનમાં નાંખવું.

૧૨=કાનનો દુખાવો મટે—કેરા ફળનો રસ કાનમાં નાંખવો.

૧૩=કાનની સુળ મટે—મુળાનો રસ, સરસીઉં તેલ અને આંકડાના પાતરાંનો રસ દરેક ૧૦ તોલા પાણી ૨૦ તોલાને મેળવી ઈંગાર ઉપર ગરમ કરી પાણી બાળી નાંખે અને તેલ રહે તેના ટીપાં કાનમાં નાંખવા.

૧૪=કાનના દરદો માટે—કાનફોડીના પાનનો રસ કાનમાં નાંખવો.

૧૫=કાનમાં ઢાંક પડે, કસારાં બોલે—રેહાન અને અજમો એ બંધેના પાદડાંનો રસ બંધે મળી ૪ પઇસાભાર કહાડી, તેલ ૨ પઇસાભારમાં ઉકાળે, પાણી બળે ને તેલના ૧૦ ટીપાં કાનમાં રેડે.

૧૬=કાનનો દુખાવો, બેહેરાપણું—એ માટે લસણની બે કળી ૧ તોલા મીઠા તેલમાં કકળાવી કાનમાં ટીપાં નાંખવાં.

૧૭=શરદીથી કાન બેહેરા થાય તો સુંઠ, અને કાપરૂં ચાવીને દુખતા કાનની બાજુએ મોંડામાં રાખવું. છાણા બાળીને, તેનો સેક કરવો, તેનો ગરમ ધુમાડો કાનમાં જવા દેવો.

૧૮=કાનના ચસકા મટે—સુંઠ અને અફીણ સ્ત્રીના થાનના દુધમાં ઘસી ટીપાં ૧૦ કાનમાં નાખવાં.

૧૯=કાનનો દુખાવો, બેહેરાપણું, સરદી થયલી હોય તો—એક લસણની કળી કાનમાં રાખે અથવા લસણને છુંદી તેલમાં કકડાવી કાનમાં મુકે તો શરદી તુટે છે.

૨૦=કાનમાં પાણી ભરાવાથી કાન પાકે તેનો ઈલાજ—લસણની કળી ૩, ફટકી બે આની ભાર બંનેને ઉકડતાં પાણીમાં ભીંજવી રાખવી. ૬ ઘડી સુધી રાખીને મીન તોલો ૦।, ધુપેલ તોલા પાંચમાં ઉકાળી ફીન ભાગે ત્યારે થંડુ પાડીને તે તેલના ૧૦ ટીપાં કાનમાં નાંખવા.

૨૧=કણું સુળ, કાનમાં ફુળી—વાંદાના પાનને કેળના પાતરામાં વીંટાળી સેક કરવો પછી પાનનો રસ કહાડી કાનમાં નાખવો.

૨૨=કાનનો બેહેરાત ભાગે—સમુદર ફળ ભાંગરાના રસમાં ઘસીને કાનમાં ટીપા મુકવાં.

૨૩=કાનમાં નાસુરહોય તો ૦।। વાલ ગોળને ૧ તોલો પાણીમાં મેળવવો અને પાણીમાં સમુદર ફળ ઘસીને કાનમાં પાંચ ટીપા નાંખવા.

૨૪=કાનના અથવા કોઇ બી નાસુર મટે—સાપની કાંચળીની રાખ ૨) ગ્રેન કાગળની બીડીમાં મુકી કાનમાં ફુંકવી.

૨૫=કાનના દુખાવા માટે સેકટાના મુળનો રસ કાનમાં નાખવો.

૨૬=કાનમાં અવાજ મુસ્કીથી થાય—તો પેટ ભુખુ રાખે નહીં, દીવસમાં ૪ વાર ખાતુ લીએ અને કાનમાં બદામનું તેલ મુકે.

૨૭=કાનતું બહેરાપણું—જો સરદી લાગવાથી કાન બહેરા થયા હોય તો સુંઠ અથવા મરીને કોપરાં સાથે ચાવી. તે છુંદો જે કાન દુખતો હોય તે બાજુએ મોહામાં મુકવો. સુંઠ અથવા મરી ગરમાવો આપે. અને કોપરૂં તે ગરમાંથી મોંહામાં છાગરો પડવા દે નહીં

૨૮=શરદીથી કાન બહેર મારી જાય તો સફેદ મરી ચાવીને તે સરદીવાલા કાનની બાજુએ રાખવા. કોઈ સુંઠની ભલામણ કરે છે, આથી કાનની અંદરની શરદી દુર થાય છે. તીખાશ મોંમાં છાગરા પડે નહીં. તે માટે સાથે કોપરૂં લેવું. મોંહામા રસ થાય તે થુંકી નાંખવો, તે ગળી જવાય તો અડચણ નથી.

૨૯=કાનનો બહેરાટ મટે—આમળાના પાનનો રસ, મધ સાથ મેળવી કાનમાં ટીપાં નાંખે.

૩૦=બહેરાટ મટે—ઈંદ્રવાણાંના તાજાં ફળને તલના તેલમાં મેલવી ઉકાળે, પાણી બળી રહે ને, તેલ ગાળી કાનમાં નાખે.

૩૧=કાનનો બેહેરાટ ભાગે—ચોખ્ખું મધ (મકા શહેરનું), સરકો. કાંદાનો રસ અને બકરીનો પીતો સંભાગે મેલવી ગરમ કરે, તે રસના ત્રણ ભાગ બળે અને ૧) ભાગ રહે તેમાં રૂ બોળીને તે કાકરો કાનમાં મુકે. ૩) દીવસમાં ફાયદો જણાએ.

કાનકચુરો કાનમાં ભરાયો હોય તો માઉંસનો ખીમો કરી કાન આગળ ધરવો. તેના વાસથી કાનકચુરો બહાર નીકળી માંસને

વળગે છે. અથવા મસાળેદાર ભુંજેલું માઉંસ કાન આગળ રાખે તો તેના વાસથી તે ખાવા આવે છે.

કાનકચુરો કાનમાં ભરાયો હોય તો—કાનમાં કાંદાનો રસ મુકે.

કાનકચુરો કપાળે ચઢીઓ હોય તો—નાખમાં કાંદાનો રસ મુકે.

**કાનમાં માકડ.**

માકડ કાનમાં ભરાયો હોય તો મધના ટીંપા નાખવાથી માકડ નીકળી જાય છે.

૩૨=કાનની દવા—કાયાકુટીનું તેલ એક ભાગ, મીઠું તલનું તેલ સાત ભાગ મેળવીને કાનમાં ટીપાં નાંખે છે. આ કાયાકુટીના તેલને એલચીનું અથવા લેવડાનું તેલ કહે છે.

૩૩=કાનમાં અવાજ—અખરોટ ખાવાથી નરમ પડે છે.

૩૪=કાનનો દુખાવો—આંકડાના પાતરાનો રસ ૨) બે ટીપાં કાનમાં નાખવાં.

ઉકાળેલાં દુધના ૧૦ ટીપાં કાનમાં નાંખવાથી કાનના દરદ નરમ પડે.

કાનના ચસકા મટે—મુળાના કંદના કટકા કરી તેલમાં નાખી ઉકાળી કાનમાં ટીપાં મુકવાં.

૩૫=કાનનો દુખાવો મટે—આકડાના પાન ઉપર ઘી લગાડી તેને ગરમ કરી રસ કાહડી ને રસના ૫) ટીપા કાનમાં નાખવા.

# કાનના ચસકા.

૧=કાનના ચસકા બંધ પડે—કપુર કાચલી અને ધોળી કોડી ગરમ પાણીમાં ઘસીને તેના ટીંપા કાનમાં નાંખવાથી ચસકા તરત નરમ પડે છે.

શરીરને દાહ બળે તે માટે કોરો પાણીમાં ઘસી પીવાડે છે.

૨=કાનની દવા—કાયાકુટીનું તેલ એક ભાગ, મીઠું તલનું તેલ સાત ભાગ મેળવીને કાનમાં ટીપા નાંખે છે. આ તેલને એલચાનું અથવા લેવડાનું તેલ કહે છે.

૩=બચ્ચાંને કાનનું દુખવું મટે—જ્યારે બચ્ચાંને કાનમાં દુખે ત્યારે માતાના દુધમાં મીઠું મેળવી તેના કાનમાં ટીપાં મુકવાં.

૪=કાનના દરદ માટે—ગલગોટાના પાનનો રસ કાનમાં નાખવો.

૫=કાનનો દુખાવો મટે—તુળસીના પાતરાંને ખાટાં લીંબુના રસમાં વાટી તેના ૪) ટીપાં કાનમાં નાખવાં, દીવસમાં ૩) વાર.

૬=કાનનો દુખાવો—આંકડાના પાતરાંનો રસ ૨) બે ટીપાં કાનમાં નાંખવાથી દુખાવો, તથા ચસકા બંધ પડે છે.

૭=કાનના દરદ નરમ પડે—ઉકાળેલાં દુધના ૧૦ ટીપાં કાનમાં નાખવાં.

૮=કાનમાંથી રસી નીકળતી બંધ થાએ—બચ્ચાના મુતરમાં દાદમની છાલ ઘસી કાનમાં ટીપાં નાંખવા.

૯=કાનમાંથી પરૂ નીકળે (બચ્ચાંને) તો દીવેલ અને મધ દર ત્રીજે દીવસે આપવું. બે જુલાબ થાય એટલુંજ દીવેલ આપવું

કાનમાં જનાવર તથા મચ્છર ભરાયું હોય તો દીવેલ અથવા તેલ જરા ગરમ કરીને ફુંકું કાનમાં નાંખવું તેથી ગુંગળાઇને જાનવર મરી જશે અને મેલ સાથે બહાર નીકળશે.

૧૦=કાનમાં નાસુર, કાન પાકેલો એ માટે—ઘણો સારો ઇલાજ છે. જુનો ગોળ ૧ રતી, પાણી ૩૦ ટીપાં, સમુદરફળ ૧ રતી, એને મેળવી બે ટીપાં કાનમાં નાખવાં.

૧૧=કાનમાંથી પરૂ નીકળે તે બંધ થાય—દાંડીવાળા જુવરની દાંડી ભેલટમાં સેકે તેનો રસ બાટલીમાં ભરી રાખે તેના ટીપાં પાંચ કાનમાં નાંખવા.

કાનકચુરો કાનમાં ભરાયલો હોય તો ગાયનું ઘી કાનમાં રેડવું.

કાનકચુરો કાનમાં ગયો તો સફેદ કાંદાનો રસ લુગડાંમાં ગાળીને કાનમાં નાંખે.

કાનકચુરો—ગાયનું ઘી જરા ગરમ કરી કાનમાં નાંખવાથી કાનકચુરો અંદર ભરાયો હોય તે બહાર આવે છે.

**કરણ સુળ કાનનો દુખવો.** } મટે—ધાણા, હીંગ, સુંઠને સમભાગે છુંદે તેનાથી ૪) ઘણું તેલ અને ૪) ઘણું પાણી મેળવી ઉકાળો તેલ બનાવી કાનમાં નાંખે.

કાનમાં દુખાવો, રસી, લોહી માટે, સેકટાના ઝાડની છાલ હથીઆર વડે નહીં પણ પત્થર અણીદાર લઇ તે વતી કાઢવી; તેને પથરથી વાટી રસ કહાડવો; તે રસના ૫) ટીંપાં કાનમાં મુકવાં. બીજીવાર મુકવાની જરૂર હોય તો મુકવાં.

કાનના દરદો માટે=રેહાન ( સબજો ) ના પાનનો રસ ગરમ કરવો; તે થંડો પડે ને તેના ૧૦) ટીંપા રોજ ૪) વાર કાનમાં મુકવાં.

કાનમાંથી બગાય કાઢવા માટે લીંબુના રસના ટીંપા કાનમાં મુકવાં.

કાન ગરમીથી દુખે તો લીંબુના ટીંપા મુકવાં.

કાનમાં પરૂ થતું હોએ તો ઇંડાનાં કોતલાની રાખ કાનમાં નાખે તો પરૂં બંધ થાએ.

૧૪=કાનના દરદો માટે— આંબો, જાંબુરી, વડ, મહુડો એનાં કુમળા પાનની લેપડી બનાવવી. તે લેપડીના વજન કરતાં ૪ ઘણું તેલ અને ૪ ઘણું પાણી નાંખી ઉકાળી તેલ બનાવવું. તે તેલના ટીપાં કાનમાં નાંખવાં.

કાનમાં અવાજ થાય તે માટે—સરસીઊં તેલ, આકડાના કુના પાનનો અથવા કપાસના જીંડવાના રસના ટીંપા કાનમાં નાંખવાં.

ઘોડા વજનું તેલ ખોચા પર મસળવું. એખડાનું તેલ કાનમાં નાંખવું.

## કાનનો બેરહોત.

૧=કાનનું બહેરાપણું—જો સરદી લાગવાથી કાન બહેરા થયા હોય તો સુંઠ અથવા મરીને કોપરાં સાથે ચાવી, તે છુંદો જે કાન દુખતો હોય તે બાજુએ મોઢાંમાં રાખી મુકવો. સુંઠ અથવા મરી ગરમાવો આપે. અને કોપરૂં તે ગરમીથી છાગરો પડવા દે નહીં.

૨=કાંદાનો રસ કપડાંથી ગાળીને કાનમાં મુકવો તેથી બહેરાત તથા સરદી દુર થાય.

૩=આમળાનો પાનનો રસ, મધ સાથ મેળવી કાનમાં ટીંપાં નાખવા.

૪=કાન ફુટીઓ, કાનનો બહેરાટ, કાનનો દુખાવો સારો થાય—રેહાનના પાન હાથપર ચોળી તેનો રસ કાનમાં નાખવો.

૫=બહેરાટ મટે—બાંલ્લાને ગઉમુતરમાં છુંદે, તેની ચટણી બનાવે. એક ભાગ ચટણી બે ભાગ બકરીનું દુધ, બે ભાગ પાણી, ૬ ભાગ તેલ ઉકાળી તેલ બનાવી કાનમાં નાખે.

૬=કાનનો બહેરાટ મટે—ટરપેનતાઇન ૩૦ ટીપાં, સોલેદનું તેલ ૧૨૦ ટીપાં મેળવી તેના ૧૦ ટીપાં કાનમાં નાખે.

૭=કાનનો બેહેરાટ ભાગે—આકડાના પાકા પાનને જરા ગરમ કરી તેનો રસ કાહાડી તેના ૮ ટીપાં કાનમાં નાખે.

૮=બેહેરાત—કુઇનાઇન ઘણું ખાવાથી કાને બેહેરાટ થાએ છે. તે માટે એસીદ બરોમીક દાઇલુટના દશ ટીપાં પાણી સાથ દીનમાં ત્રણવાર આપવા અથવા ગળોનો સત્વ બે વાલ મધ સાથે આપો તો બેહેરાટ જાય છે.

૯=કાનનો બહેરાટ મટે—ભાંગરાના રસમાં કાળી મુસળી ઘસી કાનમાં નાખવી.

૧૦=બહેરાટ માટે—ભુરાં કોહળાનો રસ અથવા મુરબ્બો ખવાડે તો કુઇનાઇન ખાવાથી થયલો બેહેરાટ નીકળે. કુઇનાઇનની ગરમીથી ઉશ્કેરાએલા મગજના તંતુઓને બરોમાઇદ શાંત કરીને જડ બનાવે છે. પણ ગળો ગરમી ઓછી કરીને તંતુઓને પાણીમાં તરતાં બનાવે છે. એટલે બરોમાઇડ પોટાસ કરતાં બેહેરાટ દુર કરવા માટે ગળોનો સત્વ વધારે સારો છે.

## કાનમાં કીડા.

૧=કાનમાંની બગાએ નીકળે—સફરચંદ (સેબફળ) કાપી કાન પર મુકે તો જીવતી બગાય હોય તે બહાર આવે.

૨ કાનના કીડા મરે—સરકાના ૧૦ ટીપાં કાનમાં નાંખવા.

૩=કાનના કીડા નીકલે—તનમનીના પાનનો રસ કાનમાં મેલીને ૩ દાબે તો જીવડા ૩ ઉપર એકઠા થાય.

૪=કાનમાં બગાય હોય, કનેડા ચઢી આવે તો—સોપ્યંડનો તવાથે લાલ ગરમ કરી તે ઉપર દીવેલ નાંખવું. તવાથા ઉપરથી પડેલું દીવેલ કાનમાં નાખવાથી બગાએ પીગળી બહાર નીકળી જશે અથવા લીમડાના પાનનું તેલ કાનમાં મુકવું.

૫=ગલેડીના વેલા મીઠા અને કડવા આવે છે જમીનમાં તેનો કંદ રહે છે, કડવો વેલો રસાયણ બનાવા માટે ઉપયોગી છે; મીઠી ગલોડી દવા તરીકે વપરાય છે.

કાનના કીડા નીકળે—મીઠી ગલોડીના પાનનો રસ અને ચોખા જેવડી હીંગ મેળવી કાનમાં નાંખે અને રૂ કાનમાં ખોસે તો રૂ પર કીડા તરી આવે, અથવા મરી જઈ તેનો મેલ થઈ બહાર આવે. કાનમાં કીડા ન હોય ને એ રસ નાખે તો પણ અડચણ નથી.

બીજી વનસ્પતી કાનના કીડા કાઢવા માટે નીચે મુજબ છે:—

૬=દુધેરી, ચમાર દુધેરીના ત્રણ પાંનનો રસ કાનમાં નાખવો.

૭=ગળોડી અને આંબાના પાનનો રસ કાનમાં નાખવો.

૮=ઝાંકાડોળી જેના ઉપર મરચાંના જેવાં ફળ થાય છે તેના પાનનો રસ કાનમાં નાખવો.

૯=કાનના કીડા દાંતના કીડા } નીકળે—હીંગ ૧) વાલ ભોંયરીંગણીના બી ૦। તો. ખપે એટલું દીવેલ લઇ તેની ગોટી બનાવે. એક ઠાળીમાં પાણી નાખે, તે પાણીમાં રાખે ભરેલો વાટકો મુકે. વાટકામાં દેવતા રાખે. દેવતા ઉપર પેલી ગોટી મુકે તે ઉપર કાનુ પાડેલું કાદવનું કરવડું ઢાંકે. કરવડાના કાનામાંથી ધુમારો નીકળે તે દુખના દાંત ઉપર અથવા કાનમાં જવા દીએ કીડા બહાર નીકળી ઠાળીમાં પાણીપર પડે.

## કીડ-ખુજળી-ચેળ-શરીરે લુખસ-ધવરો.

૧=લીમડા, બોરડી, બાવળના પાન અથવા આમળા એમાંની ૧) ચીજ પાણીમાં ઉકાળી તે પાણીથી રોજ નાહવું.

૨=ગૌમુત્ર શરીરે ચોળી નાહવું.

૩=ગળજીભી અથવા તાજી ગળોનો રસ પીવો.

૪=તાંદળજાની ભાજી ઉકાળી પીવી.

૫=ચારોળી પાણીમાં વાટી પીવી.

૬=તિફલાંનું ચુરણુ ખાવું. તીફળાંનું પાણી શરીરે ચોળવું.

૭=૪) વાલ ધોયલો ગંધક ઘી સાકર સાથ મેળવી રોજ ખાએ; તો કીડ ચેળના ચામડીની અંદરના કીડા મરે.

૮=શરીરે ધવરો, ખસ મટે—કાલાં મરી અને લીંબુનો રસ સંભાગે મેળવી, ધુપેલ સાથ એકરસ કરે અને શરીરે ખુબ મસળે અને ૦ા કલાક તડકે બેસે અને પછી પાણીથી ધોઇ નાખે. ચાર દીવસમાં ફાયદો થાય.

૯=ખુજળી શરીરે થાય તે મટે—મનસીલ ૧ તોલો બારીક કરી ૭ તોલા ઘીમાં ઉકાળે. તેને ઠંડા પાણીમાં નાખે. ઘી બંધાય તે શરીરે મસળે.

૧૦=ખસ મટે—મરી અને અમલસારો ગંધક સંભાગે મેલવી ઘી સાથ મેળવી શરીરે મસલે અને સેક કરે.

૧૧=ગંધકનો મલમ કીડ ઉપર ચોપડે છે. બહુ અકસીર છે.

૧૨=ટંકણખાર, પાણીમાં મેળવી લગાડે તો કીડ સારી થાય.

૧૩=કોપરેલ અને લીંબુનો રસ મેળવી શરીરે લગાડવાથી ફાયદો થાય છે.

૧૪-ગાયનું મુતર કીડવાળી ચામડી પર મસળવું.

૧૫=ગંધક, મોરથુથુ, કપુર સંભાગે ઘીમાં મેળવી લગાડવું.

૧૬=કીડ અને ચામડીના દરદ માટે—કણુક તેલ મસળવાથી બહુ ફાયદો છે.

કનકતેલ—ચામડીના રોગો માટે આ તેલ પુંજવા લાયક છે. જેઠીમધ, ધઉંલા, મજીઠ, ચંદન, પોપના, નાગ કેશર દરેક ૧ તોલો, એને ૨ શેર પાણીમાં ઉકાળવું અને ૦ાા શેર તેલ નાખી પાણી બાળવું.

૧૭=ખુજળી, ચાંદા એક દીવસમાં સારા થાએ.

આંકડાનાં ૬૦) પાંતરાને ઉકળતા પાણીની વરાળથી બાફવાં, તે પાંતરાને છુંદીને રસ કાઢવો. તેમાં ચાર તોલા તેલ નાંખવું, તેને ઉકાળવું. પાણી બધું બળી જાય ત્યારે ૨) તોલા ગંધક નાંખવો, ફરી ઉભરો આવે ને ઉતારી પાડવું. રાત્રે અગીઆર

વાગે લાકડાના ઈંગાર આગળ શરીર શેકતા જવું અને તેલ મસળતા જવું એ કલાક આ મુજબ કર્યા કરવું. પછી શરીરે છાણ ચોળીને નહાવું અને દુધ ભાત ખાઇને સુઇ જવું. આ ઉપાય ચોકસ છે.

૧૮=ચામડીના દરદો નરમ પડે—કુંવાડીઆના બીમાં અંગ્રેજી આયોડોફોર્મના જેવો ગુણ છે તેથી તેનું ચુરણ લગાડવાથી ચામડીના દરદો મટે.

૧૯=ખસ મટે—ધંતુરાના બીનું ચુરણ તેલમાં મેળવી લગાડે.

## દારૂડી=શીઆળકાંટા.

૨૦=એના મુળને ચોક કહે છે, એના બીઆમાં અફીણના જેવો ગુણ છે.

ખુજળી મટે—એના ખાંડેલાં બીને તેલમાં ઉકાળી તે તેલ મસળે.

૨૧=કપીલો ૧) તોલો ઘી ૭ તોલાનો મલમ ખરજવું, દાદર, કોડ, ગુમડા ઉપર વપરાય છે.

૨૨=કોડ માટે ગંધક ખાવામાં અને લગાડવા માટે ઘણો ઉપયોગી છે. ગંધકને શુદ્ધ કરવો-એક તપેલીમાં ઠંડુ દુધ મુંકવું. ઉપર ઢીલો કટકો દુધને લાગે નહીં તેવી રીતે બાંધવો. લુગડામાં ગંધકનો ભુકો નાખવો તે ઉપર ઢાકણુ ચતુ ઢાંકવું. ઢાંકના ઉપર ઇંગાર મુકવો. ગંધક ટપીને પાટલી થઇ દુધમાં પડશે બાકી કચરો કપડાં ઉપર રહી જશે. આ ગંધક શુદ્ધ થએલો ગણાય છે. ઘી સાથ ગંધક મેળવીને દીવસમાં બે અથવા ૪ વાર મસળવું. ખસનું જોર વધુ હોએ તો ०॥ તોલો ગંધક મધમાં મેળવી રોજ ચાટણ લેવું. ગંધક ખાવામાં કાંઇ નુકસાન કરે નહીં. હરસના મસાવાળા દરદીએ ગંધક, મેઢીઆવળ (સુનામખી) અને ગુલાબની સુકી કળી સંભાગે મેળવી તેમાંથી ०॥ તોલો દીવસમાં બે વાર મધ સાથે અવલે (ચાટણ કરે) અથવા રાતરે સુતી વેળા રૂ० ૧) ભાર સુધી રોજ ખાએ.

કાનશીલ નામનો ગંધક આવે છે તે પણ મરાલવાના કામમાં વપરાય છે. પણ તેમાં કુદરતી રીતે સોમલ મળેલું હોય છે માટે તે વાપરતાં સંભાળ રાખવી. ખાવામાં તો લેવોજ નહીં, ગંધક જેવી સસ્તી, ગુણવાળી, જાણીતી ચીજનો ઉપયોગ બંધ થઇ ગયો છે કારણ તે આ જમાનાના લોકો તેનો વાસ ખમી શકતાં નથી.

૨૩=ગંધકનો ભુકો દુધ સાથ ખાય તો કોડ મટી જાય.

૨૪=ગંધકનો મલમ કોડ ઉપર બહુ અકસીર છે.

૨૫=કુમારીઆની સીંગના દાણા વાટી, કરંજ તેલમાં મેળવી લગાડે તો કોડ નરમ પડે છે.

૨૬=આંબાના પાંદડાની રાખ ગાયના મુતરમાં મેળવી લગાડવી.

૨૭=આમલાનો ભુકો) તોલો અરધો પાણી સાથ રોજ સહવારે ખાવો. યાને આમલાના ભુકાને પાણી સાથ મેળવી કોડ ઉપર મસળાવો અને સુકાવવા દેવો.

ચણોટીના લીલાં અથવા સુકાં પાન પાણીમાં વાટી શરીરપર મસળવાં.

૨૮=ગાયનું છાણુ શરીરે ચોળી ગરમ પાણીથી નાહવું.

૨૯=આંબાહળદ કડુ, અને જીરૂને વાટીને શરીરે ખસવાળી જગાએ મસળવું.

૩૦=કોડ મટે—એકસોવાર પાણીમાં ધોએલું ઘી કોડવાળી જગાપર મસળે તો ફાયદો થાય.

૩૧=ઘી ધોવાની રીત—કાંસાની થાળીમાં ઘી નાંખી તેને થંડા પાણી સાથ ૧૦-૧૨ વાર મસળી, પાણી કહાડી નાંખી ફરી આ મુજબ મસળે. આ પ્રમાણે ૧૦૦ વખત મસળે. આ થયલું ઘી ઝેરી બને છે. માટે ખાવામાં લઈ શકાય નહીં.

૩૨=અરીઠાનું ફીણુ ઘીમાં મેળવવું. દરદી તડકે બેસી તે ઘી મસળે અને પછી થંડા પાણીથી નાહે.

૩૩=સુકા આમળા ૨) તોલાને ૧) સેર પાણીમાં ઉકાળે અને પા સેર પાણી રાખે તેમાં ગાયનું ઘી ૧॥ તોલો, સરસાંઉ તેલ ૦॥ તોલો, સીંધા ૦। તોલો, મેળવી શરીર પર લગાડી ૦। કલાક તડકે બેસે. આ મુજબ ૭) દીન ચાલુ રાખે.

૩૪=ગંધક ૧ તોલો, તલનું તેલ ૮ તોલા સાથે મેળવે અને શરીરે લગાડે

અથવા એક કપડાં ઉપર ઘી ચોપડે તે ઘી ઉપર ગંધક ભભરાવે. તે લુગડાંનો કાકડો બનાવી, સળગાવી, કાકરો લટકતો રાખે; કાકરો બળતા જે તેલ ટપકે તે એકઠું કરે અને આ તેલ શરીરના ધવરા પર લગાડે.

૩૫=તંબાકુ પાન ૦ા તોલો, ગધેડાંના લીંડની રાખ ૧ તોલો, ધુપરેલમાં મેળવીને શરીરે લગાડે.

૩૬=કોઢ, ખરજ મટે=સીંદુર અને કાળા મરી સંભાગે વાટી ૭ ભાગ તેલમાં ગરમ કરી ગરમ ગરમ ચામડીપર લગાડે. સુકાયા પછી પાણીથી ધોઇ નાંખે.

૩૭=ખરજ, કોઢ મટે ૦ા તો સુરોખાર ૫ તો દહીંમાં મેળવી સારી પેઠે મસળે.

# કીડા મરે માકડ, મચ્છર મરે—જીવજંતુ મરે.

૧=માકડ ઓછા થાય—તલના છોડપર માકસો નામનો જીવડો થાય છે તે માકડ બધા ખાઇ જાય છે, માણસને કંઇ નુકસાન કરતો નથી.

૨=માખી દૂર નાહશે—ઢોરના તેમજ માણસના બદનપર જુનું દીવેલ લગાડે તો માખી બેસે નહી. દીવેલનો વાસ માખીને પસંદ પડતો નથી

કપડાંમાં જીવજંતુ ન થાય માટે ખુશબોઇ રાખવામાં આવે છે.

ખુશબોઇની બનાવટ—દમનો, સુખો, ઉપલેટ, કપુર, કાંસની, ગઉલી, છડ, ચંદન, સુખડનો વેહેર. એ સઘળાને સરખે ભાગે વાટી એકઠું કરી પોટલી બનાવે.

૪=કપાળનો કીડો મરે—કડવાં કુકડવેળના પાંતરાંના રસને ૩ વાર સુંઘવું.

૫=ઢોરને કીડા પડે ત્યારે—બેહેડાંની છાલનો ભુકો ભાખરીમાં મેળવી ખવાડવો.

૬=કીડા ઢોરોને પડે તે માટે—પીપળાનું છાલનું ચુરણ રોટલામાં નાખી ખવાડે તો કીડા મરે.

૭=કીડા મરે કોહવાટવાળા શરીરપર કીડા પડે તે ઉપર ગલ-ગોટા છુંદીને બાંધે તો કીડા મરે

૮=કીડીઓનો ઉપદ્રવ જ્યાં થતો હોય ત્યાં ગંધકનો ભુકો નાંખવો.

૯=જીવડા મરે—કોહેલાં માંસ ઉપર કીડા થાય તે ઉપર તાનમનીના પાનનો રસ મુકવો.

૧૦=જુવા મરે—રેતાલ જગામાં તેમજ ઢોરોની બેસવાની જગામાં જુવા થાય છે, તે માણસના પગપર ચઢે છે અને કરડે છે, ચામડીમાં પેસે છે. તે જુઆ ઉપર કંટારાનું દુધ અથવા પારીનું છાણુ લગાડવું.

૧૧=કીડા મરે—કોહેલાં માઉસ ઉપર કીડા થાય તો કંટાસરા થુઅરનું દુધ લગાડવું.

૧૨=માંકડ મરે—ભોંયરી=ભગરૂડીના વેળાના રસથી માંકડ મરે અને એના વાસથી માકડ નાહશે.

૧૩=જંતુઓનો નશ થાય—ઉધી (ઉધઈ) વગેરે જીવજંતુને નાશ થવા માટે કાળીજીરી કપડામાં તથા ચોપડી સાથે રાખવી.

૧૪=ઉધાઈ—જે જગ્યા ઉપર ઉધાઇ થતી હોય ત્યાંના ઘરના બાંધકામના લાકડાં ઉપર ચુનો લગાડે તો ઉધાઇ લાકડાને લાગે નહીં.

૧૫=માકડ થાય નહીં—મરી અને મરચાંનો ઉકાળો માંકડવાળી જગા ઉપર લગાડવો.

# કોલેરાની દવાઓ.

## કોલેરામાંથી બચવાના ઇલાજો.

૧=મીઠાંનું પાણી ૧) ચમચી, ફટકડી, બે આની ભાર મેળવી મોટા માણસને દીવસમાં ૩) વાર પાવું. જો આંખમાં રતાસ આવે અથવા ચળકાટ વધે તો જાણવું જે કોલેરા છે. દરદ શરૂ થાય કે તરત બંને પગપર મજબુત પાટો બાંધવો જેથી દરદ આગળ વધે નહીં.

મીઠાનું પાણી બનાવવાની રીત=૧) તોલા પાણી અને ૨) તોલા મીઠું મેળવવું. મીઠું જેટલું પીગળે તેટલું પીગળાવી પાણી સાથ ગાળી લેવું. અથવા મીઠાના ઢગલા નીચે કાદવનું વાસણ ખાલી મુકવું મેં ઉપર સાદરી ઢાંકવી. તે ઉપર મીઠાંનો ઢગલો કરવો. ઘણા દીવસ પછી તે કાદવના વાસણમાં મીઠાંનું પાણી ભરાસે વાસણ ઉંચકીએ તો ફુસાઇ જાય માટે મીઠાંનું પાણી તે વાસણ ઉંચકાયા વગર કાઢવું. આવી રીતે બનેલું પાણી વધારે અકસીર છે.

કોલેરા માટે—ઝહેરકચરો ૧) લઈ તેના ૪) કટકા કરવા. તેમાંનો ૧) કટકો લઇ તેના ૪) ભાગ કરવા. આમાંનો ૧) કટકો ઝહેરકચરો, તજ, લવંગ, એલચી, સફેદ મરી, બાડીઆન એની ચણા જેવડી ગોળી બનાવીને ફટકીનો ભુકામાં સાચવી રાખવી. ૧) ગોળી દીવસમાં ૩) વાર આપવી.

૨=કાળા ધંતુરાના પાનના ૧૦ ટીપાં દહીંમાં ખાવાથી કોલેરાના જંતુ નાબુદ થાય છે.

અઘેડાના મૂળ પાણી સાથ વાટી પાવાં. લીમડાના પાનના રસમાં આમળાનું સુરણ ખવાડે.

૩=કોલેરા લાગુ ન પડે તેનો ઇલાજ કાંકચીઓ રોજ ૧) સેકીને ખાવો.

લસણ, સેકેલી હીંગ, મરી, મરચાંની ૧ વાલની ગોળી બનાવી ખાનું ખાધા પછી રોજ ખાવી.

પીવાની ચાહમાં દુધ નહીં નાંખવું, પણ ફુદનો અને સુંઠ નાખી રોજ પીવી.

૪= લીમડાના પાનનો રસ અને મરી એની ગોળી બનાવી રોજ ખાએ તો કોલેરા લાગુ પડે નહી.

૫=લીમડાના પાનનો રસ કપુર ૧) રતી હીંગ ૧) રતી એની ગોળી બનાવી રોજ ૧ ખાવાથી કોલેરાની અસર થાય નહી.

૬=કોલેરા—લીંબુનો રસ ૧) તોલો રોજ પાણી સાથ પીવાથી કોલેરાના જંતુ શરીરમાં દાખલ થઇ શકે નહીં

૭=કોલેરાથી બચવા માટે રોજ સહવારે આદુની ચટણી ખાવી. ત્રાંબાના વાસણનું પાણી પીવું. દર અઠવાડીએ પગના તળીઆમાં અને હથેલીમાં ગંધકનો ભુકો પંદર મિનીટ સુધી મસળવો.

# કોલેરાના ઈલાજો.

૮=કોલેરાના ઝાહાડાનો બંધ થવા પછી પેટ ફુલી આવે તો સફરામાં ગરમ પાણીની પીચકારી મારવી.

૯=ઘરમાં ધુમાડો નીચલી ચીજોનો કર્યા કરવો—સરકો જુના કાગળ, ધોએલાં જુનાં લુગડાં તથા દોરડાં. સુખડ. અગર. તગર, લુબાન, સીસમનાં છોડાં. આટલી ચીજોના ધુમાડા ઉપયોગી છે.

૧૦=લસણ છોલીને તેના હારડા ગળાએ, કમરે અને દરવાજે બાંધવા એથી કોલેરાના દરદીને ફાયદો થાય

૧૧=કોલેરામાંથી બચવા માટે—કોલેરાના ઉપદ્રવવાળી જગામાં રહેનારાઓએ ગંધક હથેળીમાં તેમજ પગના તળીઆમાં ૫ દશ મીનીટ સુધી દર અઠવાડીએ મસળવો.

૧૨=કોલેરાનું ઓસડ—કોલેરાના તાતકાળ ઉપાય નીચે મુજબ છે;- અફીન ૧૮ ગ્રેન, મરી ૧૮ ગ્રેન, હીંગ ૧૮ ગ્રેન, એની ગોળી ૧૨ કરી એકેક ગોળી અરધે અરધે કલાકે આપવી.

હીંગ અફીણ કરતાં બેવડાં વજનમાં હોય તોજ અફીણનો ગુણ તોડી શકે.

૧૩=કોલેરામાં દસ ગ્રેન કુઇનાઇન એકેક કલાકે આપે છે એકેક કલાકે ચાર વાર આપવું અથવા ઝાહડાનો રંગ પીળાસ ઉપર આવે ત્યાં સુધી આપ્યા કરવું.

૧૪=કોલેરાપર અફીણુઘણું વપરાય છે. પણ લીમડાના ઝાડમાં બાકુ પાડી તેમા અફીણ મુકી તે બાકુ પુરી લેવું. ત્યાર પછી ૬ મહીને તે અફીન કાઢી વાપરવું. તેનો ગુણ વધારે સારો છે.

૧૫=કોલેરા—સુકા નાળીએરના એક ઇંચ કટકાને કોતરી, તેમાં અફીણ મૂકી, સુંયામાં ખોસી, બીની બતી ઉપર ગરમ કરવું. તે અફીણ વાપરવામાં ઘણું સારૂં છે.

૨ થી ૫ વરસના બાળક માટે ૧ ચોખા ભાર, ૫ થી ૧૦ વરસના છોકરા માટે ૨ ચોખા ભાર અને મોટા માણુસ માટે ૪ ચોખા ભાર. આ વજન પ્રમાણે ત્રણ ત્રણ કલાકે આપવું.

૧૬=કોલેરાની ગોળી—હીંગ, મરી, અફીણુ, દરેક વસ્તુ એકેક ગ્રેઇન લઇને તેની ગોળી બનાવી. અને ત્રણ ત્રણ કલાકે ખવાડવી.

૧૭=કોલેરાની દવા ૧ થી ૫ ગ્રેઈન કપુર ખાવાથી શરીરે ગરમી આવે છે. ઝાહાડા ઉલટી બંધ પડે છે. કોલેરામાં દર ૧૫ મીનીટે ૨ ઘઉંભાર કપુર અપાય છે. શરૂઆતમાં આપો તો બહુ ગુણ કરે છે.

૧૮=ગંધક ત્રણ ઘઉં ભાર, કોલસો એક ઘઉંભાર, બને મેળવીને એક પડીકું બનાવવું. આવાં પડીકાં દર ૦। કલાકે મધ સાથ મેળવીને ચટાડવા. પાણી સાથ ગળાવવું નહીં.

૧૯=( કોલેરાની ગોળી ) કપુર ૧, હીંગ ૨, મરી કાળાં ૩, કાચકાનો ગર ૧, લસન ૪ ભાગ એની ચણા જેવડી, ગોળી કરવી, તે દર ૦। કલાકે આપવી. પહેલાં ૪ ગોળી, પછીથી એકેક, આદુ અથવા ફુદનાના રસમાં આપવી.

૨૦=કોલેરામાં—કપુર ૩ ગ્રેન, અફીણુ ૦॥ ગ્રેન અને મરચાં ૦॥ ગ્રેનની ગોળી બનાવી એકેક કલાકે આપવી.

૨૧=કાળા ધંતુરાના પાંદડાનો રસ ૧૦ ટીપાં દહીમાં ખાવાથી કોલેરાના જંતુ નાબુદ થાય છે.

૨૨=કોલેરાના ઉપાય—મોરના ૧ પીછાના ચાંલ્લાની રાખ પાણી સાથ મેળવી એક દરદીને પાવી. ( એની કીંમત કરવી નહીં, એ ફકીરી ટુચકો છે. )

૨૩=ત્રાંબુ નીકળે—મોરના પીછામાંથી ત્રાંબુ નીકળે છે, ત્રાંબુ કાઢવાની રીત જુઓ "આળસીઆ" ના ભાગમાં. આ ત્રાંબાની વીંટી બનાવી, પાણીમાં બોળે તે પાણી દરદી પીએ તો ઝેર ઉતરે. ( ત્રાંબુ કાઢવાની રીત "મોરથુથુમાંથી" છે )

૨૪=કોલેરા માટે ગંધકવટી ઉપયોગી છે તે બનાવવાની રીત—લસણ, જીરૂં, ગંધક, સિંધાલુણ, ત્રિકટું, હીંગ, એની લીંબુના રસમાં ગોળી કરવી.

૨૫=કોલેરામાં શરીર થંડુ પડે ત્યારે—મરચાં એક તોલો એક બાટલી બ્રાંડીમાં મેળવી શરીરે લગાડે તો શરીરમાં ગરમી આવે. અને સુકાં મરચાં ૦॥ તોલો અને મીઠુ એક તોલો ૧॥ શેર પાણીમાં ઉકાળીને એકેક તોલા આ પાણી દરદીને ૦॥ કલાકે પાવું. અફીણુવાળી દવા આપવી નહીં

૨૬=કોલેરા માટે—છેક ઠંડા પડી ગયલા દરદીને રતનજોતનું મુળીયું એક તોલો છાસમાં ઘસીને, અંદર સાબરસીંગની ખાખ ૦ાા વાલ મેળવીને પાએ તો તરત નફો જણાએ.

૨૭=ઝાડા ઉલટી માટે—કટોરાનું પાણી સારૂં છે. ( જુઓ " કટોરાનું પાણી " ).

૨૮=કોલેરા માટે—જાયફલ ૩ માસા દરદીને ૦ાા-૦ાા કલાકે ખવાડી ઉપરથી ગરમ પાણી બે તોલા પાવાથી ઝાડો બંધ થય છે.

૨૯=કોલેરા માટે—મરીની ભુકી ૦ા તોલો ગરમ પાણીમાં પાવી. અથવા મરી ૧૦ ભાગ, અફીણ ૮ ભાગ, સેકેલી હીંગ ૧૦ ભાગ એની એક વાલ વજનની ગોળી એકેક કલાકે આપવી.

૩૦કોલેરાનો દરદી થંડો પડી ગયો હોય તો--ગાયનું મુતર ૧ તોલો દર ૩ કલાકે પાવું.

૩૧=કોલેરા, સાપનું ઝેર, તથા અજીરણ—આ દરદો માટે મરચાંનો ઉકાળો વપરાય છે.

૩૨=કોલેરા તથા અજીરણ—બકરીના પેટમાંથી કાંકરી નીકળે છે જેને પેદર બઝાર કહે છે. તેને કાંદાના રસમાં ઘસી પીવામાં આવે તો ચમત્કારી અસર થાય છે.

૩૩=કોલેરા માટે—મરી, હીંગ અને અફીણ સંભાગે મેળવી ૧ વાલની ગોળી કરી એકેક કલાકે આપવી. કોલેરા લાગુ પડે કે તરત આપવી. ઘણો વખત થયા પછી આપવી નહીં.

૩૪=કોલેરા માટે—કાંદાનો રસ ૧) તોલો અરધે અરધે કલાકે દરદીને પાવો.

૩૬=કોલેરા—લીંબુના રસનો ગુણ જીવજંતુ મારવાનો છે. માટે રસમાં હીંગ, જીરૂં, લસણ, સુંઠ, ગંધક, મરી, પીંપર, સીંધવ સંભાગે મેળવી ૦ાા તોલો દર ૩ કલાકે દરદીને આપવું.

૩૭=કોલેરા—કારેલાના રસમાં તલનું તેલ નાખી પીવાડવું.

૩૮=કોલેરાની દવા—લવંગ ૦ા શેર તેને ગરમ કરી ખુંદવાં. તેમાં રૂા. ૧ ભાર આકરાનું દુધ નાંખી ખરલ કરવું. ખરલ કરતાં જવું અંદર મધ મેળવતાં જવું. સારી પેઠે મળે ત્યારે તેની ગોળી ચણા જેવડી વાળીને એકજ વખત ૧ ગોળી ગરમ પાણી સાથ ગળાવવી. ૧ ચણા જેટલી અથવા ૨ વટાણા જેટલી ગોળી બનાવવી.

૩૯=કોલેરા પ્રીવેનટીવ—કોલેરા લાગુ નહીં પડે માટે રોજ બેવાર નીચે લખેલી ચીજો ખાવી:—

લવંગ ૦॥ તોલો, મરચાં ૦॥ તોલો, સુઠ ૦॥ તોલો, તજ ૦॥ તોલો, જાવંત્રી ૦॥ તોલો, જાયફળ ૧ નંગ, બ્રાંડી ૨૦ આંઉસમાં સાત દીવસ ભીંજવી, ગાળીને લેવું. ૧ થી ૨ તોલા રોજ પાણીમાં પીવું.

૪૦=કોલેરાના અને પ્લેગના બચાવ માટે—લીમડાની ગોળી રોજ ૧ ખાવી. લીમડાની ગોળીની બનાવટ-પાતરાં રૂપીઆ એક ભાર, કપુર રતી ૧, હીંગ રતી ૧, ગોળ સાથે ચણા જેવડી ગોળી બનાવી રાત્રે રોજ ખાવી.

૪૧=સોમલના ફુલ બનાવવાની રીત—૧૦) તોલા સોમલ ને ૧॥ શેર બ્રાંડી દારૂમાં મસળવો. તેને કાદવના વાસણમાં મુકવો; તે વાસણ ઉપર બીજું કાદવનું વાસણ મુકવું, તે ઉપર લુગડું ભીનું મુકવું, તે લુગડું સુકાવા દેવું નહીં પણ ઉપર પાણી નાખીઆ કરવું. આ વાસણ નીચે ઈંગાર રાખવા જેથી સોમલ નીચલા વાસણમાંથી ઉડી ઉપલા વાસણમાં ચોંટી જશે.

૪૨=ઉપર મુજબ પાડેલાં સોમલના ફુલ ૦। રતી અથવા વધારે આદુના રસમાં પાવાં કાંદા, ફુદીનો, તુળસી એનો રસબી ચાલે. દર એક કલાકે ૧) પડીકું ૩) વાર આપવું. કોઈવાર ૧) પડીકાંથીજ કામ થાય છે.

તાજાં જારી ગોળી—એ સોમળ અને મરીની બનાવટ છે.

# કોઢ સફેદ અને કાળો.

૧=બાવચી, આમળીના ચીચોડા છોલેલા, સમાન ભાગે ગૈમૂતમાં વાટી લેપ કરે.

૨=બાવચી, હળદર, ગંધક બકાન લીંમના લીલા પાનની ગોટી બનાવી, તેને ગૈમૂતમાં ઘસી લગાડે. અથવા લીંબોળીને બાફીને કાઢેલું તેલ લગાડવું.

ધોળા, રાતા, કાળા ચાંદા, દાદર, ચિત્રી, કરોળીઓ એ સઘળાં એક જાતના દરદ છે. પણ સાધારણ રીતે સફેદ ચાઠાંનેજ કોઢ ગણે છે. આ રોગ જેમ ચામડીમાં ઉંડો ઉતરે તેમ તે સખત ગણાય. વિરૂધ અન્નપાનનું સેવન થવાથી આરોગ ઉત્પન્ન થાય છે.

દુધ અને તેલના પદાર્થ.
દુધ અને માછી.
દુધ અને દારૂ.

આ વિરૂધ અનુપાન સાધારણ વપરાસમાં હોય છે. ગરીબ લોકો બીજી વસ્તુ છોડી શકતા નથી કોઢના ઇલાજ તરીકે તેથી દુધની બાધા રાખે છે; એટલે દુધ સાથ રોજની ખપતી ચીજ ખાવામાં આવી શકે નહીં તો કોઢને ફાયદો થાય.

લોહી સાફ કરવાની પેહેલી ફરજ છે માટે નીચલી ચીજો માની એકનું સેવન કરવું. એટલે સવાર સાંજ રોજ ઘણા દીવસ ચાલુ ખાવું.

આંબળાનું, કાળીજીરીનું, કાળીપાટનું, લીમડાના, પંચાગનું એમાનું કોઇબી એક ચુરણનું સેવન કરવું.

૪=તીફળાનો ઉકાળો ગુંગળ સાથ પાવો.

૫=આમળા. ખેર સાળ, બાબચીનું ચુરણ લેવું.

૬=મેદીના પાનનો ઉકાળો પાવો.

૭=કોહોડ બેજાતના થાય છે. સફેદ (દુંધીઓ) અને લાલ.

દુંધીઆ કોહડ માટે—ઇંડાના કોટલાની રાખ ૧) તો. દીવેલ ૧) સ્પીરીટ ૧) એ સઘળાને મેળવી, બારીક કરી સુકવવું. તેમાં બેળના ગાડાંના પૈંડાનો કીળ સંભાગે મેળવી, કોહોડપર લગાડે તો ૩) દીવસમાં કોહોડ બેશી જાએ.

૮=સફેદ કોહડ ઉપર નીપાળગોટાના બીને લીંબુના રસમાં ઘસીને લગાડવાં.

૯=ધંતુરાના બી ાા તોલો, કળોજી નવટાંક, બવાવચી ૧ તોલો આંકડાના પાંતરા નંગ ૮ લઇ લેપ કરવો.

૧૦=બાવચી ાા તોલો રોજ ખાવામાં અપાય છે. અથવા બાવચી બે, આમળા બે હરડે ૧ નું દળ, આંબા હળદ બે, હીમજી હરડે બે એનું ચુરણ ાા તોલો રોજ બે વાર ખાવું અથવા તેની ચાહ બનાવી પીવી.

**૧૧**=કાળો અને સફેદ કોઢ સારો થાય--પાનની જર પાણીમાં ઘસી રોજ ૩ વાર દરદ પર લગાડીઆ કરવું. ચામડીમાં રંગ બદલાય ત્યાં સુધી લગાડીઆ કરવું.

**૧૨**=ભીલામાના દાણા ૩, નવસાગર એક તોલો આ બંધેને લીંબુના રસમાં વાટી ગોળી બનાવે. તે ગોળી લીંબુના રસમાં ઘસી કોહોડપર લગાડે.

**૧૩**=મનસીલ લગાડે તો ચામડીનો રંગ બદલાય.

## સફેદ કોઢ.

**૧૪**=ખજુરના ઠળીઆને તલના તેલમાં બાળીને મસળવું.

**૧૫**=કનેરનું મુળીઉં તથા ફુલ થંડા પાણીમાં કુટી, સફેદ કોહોડ ઉપર મુકવાથી ચામડીનો રંગ બદલાય છે.

**૧૬**=કેળના કુમળાં પાંતરાંને દીવેલમાં તળીને તેમાં બોદાર મેળવીને લગાડવું.

**૧૭**=ગરણીના બી વાટી લેપ કરવો.

**૧૮**=ચણોટી, ભીલામુ, વચનાગ, લીંબોડીની મીંજો સરખે ભાગે લઈ છાસમાં વાટીને લેપ કરવો.

**૧૯**= કાજુનું તેલ ચામડી ઉપર લગાડયું હોય તો ચામડીના રંગમાં ફેર થાય છે. કોહોડના સફેત ચાઠા ઉપર મસળે તો પોતાસ પરમેગેનેટની માફક ચામડીનો રંગ બદલે છે.

**૨૦**=ગંધકનું તેલ બે દીવસ માલીસ કરે પછી મારેલું સીસું ઉપર ભભરાવે તો કોહડના ચાઠા જાય.

સફેદ કોહોડવાળાને—ગંધક દુધમાં ખાવાથી ફાયદો થાય છે.

**૨૧**=ચનોઠીના લેપ કરી મુકવો.

**૨૨**=દુધમાં ધોયલો ગંધક ০, ০, તોલો, ৷ શેર દુધ સાથ એક માસ સુધી ખાવો.

**૨૩**=કોઢનાં ચાંઠા જાય—ગાય ઘણા દીવસની વીઆએલી હોય તેના દુધ શેર ૧) ને ખુબ જોશ લાવી અંદર સરકો તોલો ૧ નાંખી કપડાએ ગાળીને ત્રણ દીવસ પીવું.

૨૪=ધઉં કરણુંનું મુલીઉં પાણીમાં ઘસીને સફેદ કોહોડ ઉપર લગાડે તો ફાયદો થાય છે. એના ઝાડ ઉપર સફેદ ફુલ થાય છે.

૨૫=કોઢ અને નાસુર માટે—ખજુરના ઠળીઆને તેલમાં બાળીને તે તેલ મસળવું અને નાસુરમાં મુકવું.

૨૬=કોહોડ—સફેદ કોહોડ ઉપર તમાકુના બીનું પીલેલું તેલ ચોપડવું.

૨૭=સફેદ કોઢ માટે—કાળીજીરી ૪ ભાગ, ત્રીફળા ૧ ભાગ, હરતાલ એક ભાગ, મેળવી ગૌમુત્રમાં લેપ કરે.

૨૮=કાળો કોઢ (છાંયો)—તરબુજનું ગાબડું કાઢાડી તેમાં ચોખા મુકી ગાબડું બંધ કરવું. સાત દીવસ રહેવા દેવું તે ચોખા સુકવી વાટીને કોઢ ઉપર લગાડવા.

૨૯=કાલા કોહોડ માટે—આકડાના દુધમાં હળદ વાટી લેપ કરવો.

૩૦=કાળો કોઢ—કુળીજનને પાણીમાં ઘસીને ચોપડવાથી કાળા કોઢની ચામડીના અંદરનો કાળાસ દુર થાય છે.

૩૧=કાળો કોઢ—ચોળાઈની ભાજી મુંળીઆ સાથ બાળી તેની રાખનો લેપ કરી તડકે બેસવું. ગરમ પાણીથી ધોવું, પછી સંચળ ખાર લગાડવો.

૩૨=કાળો કોહોડ—ગુલાબનો ગુલકન આઠ તોલા, સુનામખી આઠ તોલા, એ બંધેને મેળવીને તોલો ૦॥ સહવારે રોજ ત્રણ માસ સુધી ખાવો.

૩૩=કાળો કોઢ—તુળસીના પાતરાં સુકા વાટીને ચોપડવા.

૩૪=કાળો કોહોડ મટે—સોમલનો અર્ક (અંગ્રેજી લાઈકર. આરસેનીક) ૦। (પા) તોલો (૨૪ ટીંપા) ગંધક તોલા આઠ મેળવી તેમાંથી ૦॥ તોલો ભુકો મધ સાથ મેળવી સવાર સાંજ ખાવો. (૮ દીવસ ખાઇ એક દીવસ ખાંચો રાખવો આમુજબ ત્રણ માસ ખાવું. સોમળ નાના પ્રમાણમાં પણ ચાલુ લેવાથી શરીરે ઝેહેરની આસર લાગુ પડે.

૩૫=સફેદ કોઢ માટે—બાવચી, આમલીના ચીચોડા છોલેલા સંભાગે લઈ લેપ કરવો.

૩૬=સફેદ કોઢ માટે બાવચી દુધ સાથે મેળવી લગાડે છે.

૩૭બાવચી ૧) ભાગ અને ૭) ભાગ ઇથરને ૭) દીવસ ભીંજવી રાખી કપડાં વતી ગાળીને કોહાડ પર લગાડેજ.

આ અરક બતી બળતી હોય તે નજદીક ઉભા રહી ચોપડવો નહીં, સળગી ઉઠવાનો સંભવ છે.

દવામાં લેપ તરીકે વાપરતાં બાવચીને ગાયના મુતરમાં ૨૧ દીવસ ભીંજવી રાખી, છોલતાં કહાડી, છાયામાં સુકવીને વાપરવી.

૩૮=સફેદ કોઢ માટે—બાવચી, કઉચા તેલ કાચલીનું એ સરવે દહીમાં નાખી કોઢ ઉપર મુકવું. કઉચા સુદ્ધ કરેલા લેવા.

૩૯=સફેદ કોહોડ માટે ખાવાની દવા—બોરડીની અંતર છાળ ૦I શેર એનીરાની જડ ૦I, એના ૪૨ પડીકાં કરી રોજ બે ખાવાં. દરદીને બ્રહ્મચાર્ય પાળવું.

૪૦=કોઢ સફેદ—બીલામું નંગ ૩. નવસાધર તોલો ૧, લીંબુના રસમાં પીસી ગોળી બનાવી તે ગોળી લીંબુના રસમાં ઘસીને ચોપડવી.

૪૧=કોઢ—રીંગનું મુળીઉં પાણીમાં અથવા ગાયના મુતરમાં ઘસી ઘણુાજ દીલસ ભરવું. કાળા કોઢનેબી ફાયદો કરે છે.

૪૨=કોઢને માટે મેદીના પાંતરા ૧ તોલો લઇ પાણીમાં આખી રાત ભીંજવી સહવારમાં ૪૦ દીવસ સુધી પીવું.

૪૩=સફેદ કોઢ—સફેદ કોહોડ ઉપર નીપાલગોટાના બીને લીંબુના રસમાં ઘસીને લગાડવો.

૪૪=કોઢ—બાવચીને દુધમાં અથવા ગુલાબજળમાં વાટીને સફેદ ચામડી ઉપર લેપ મુકયા કરવો. ચામડી રતાસ આવશે ઉપર. ફુલી થાય તો મલમ લગાડવો.

૪૫=કોઢ—ઘણા વખતનો હોય તો બાવચી ખાવામાં લેવી.

બાવચી અને કાળા તલ સંભાગે મેળવી એમાંથી બે આની ભાર વજન સાકર સાથ ઘણા દીવસ ખાવું. એની ગરમી ભીલામાના જેવી છે. ભીલામાની બાબદમાં જેમ થાય છે તેમ ખાનારને વળવળી શરીરે ઉપડી આવે છે તે વેળા કાળા તલ, અથવા કોપરાને

છુંદીને વળવળ થતી જગા ઉપર લેપ કરવો. જો પેટમાં ગરમી જણાય તો તલ અથવા કોપરૂં ખાવામાં લેવું અને ગરમી નરમ કરવી. કોઢ માટે બાવચીનું તેલ ખાવામાં ૧૦ થી ૧૫ ટીંપાં લેવા.

૪૬=બાવચીનું તેલ બનાવવાની રીત—૧ ભાગ બાવચી તેમાં ૨=૩ ભાગ પાણી નાંખી છુંદવી, અને બાવચી જેટલું તેલ લઇ ઉકાળી પાણી બાળી નાંખવું.

બાવચી ગરમ છે. બલીસ્ટર ઉઠાડવાનો ગુણ કેનઠારડીસના જેવો છે. તે આંખે લાગવી ન જોઇએ.

૪૭=કોઢ—બાવચી, કુવાડીઆના બીજ, અજમો, કમળકાકડી સંભાગે મેળવી ૦॥ તોલો મધ સાથે ખાવી.

કોઢ માટે બાવચી, ગેરૂં, ગંધક સંભાગે મેળવી અરીઠા જેવી ગોળી કરી રોજ ખાવી.

# સફેદ કોઢ.

૪૮=કોઢ માટે—બાવચી, ગંધક આંબા હળદ અને વરીઆળી દરેક ૧ તોલો પાણીમાં ભીંજવી રાખી, ગાળીને પીવામાં લેવું. એનો ઉકાળો કરી પીએ તો પણ ચાલશે અને તે વધુ ફાયદો કરશે.

૪૯=કોઢ—કોઢ માટે બાવલની છાલ તોલા ૪ પાણીમાં આખી રાત બીંજવી સવારે ઘણા દીવસ સુધી પીવી,

૫૦=સફેદ કોહોડ—કાળા ભાંગરાના રસમાં લાલ ચંદન ઘસીને ઘણીવાર લગાડયા કરવું.

૫૧=સફેદ કોઢ—અસગંધ, વાયવરંગ, ચીત્રા, બીલામુ, જમાલ ગોટાની જડ, અમલતાસ, નીંબોલી એનો લેપ કરવો.

૫૨=સફેદ કોઢની ચાંમડીનો રંગ બદલવા માટે, મધ સાથે મજીઠ મેળવીને લગાડવાથી સફેદ ચામડીનો રંગ ઢંકાઇ જાય છે. પોટાસ પરમેંગનેટ સોલ્યુશન પણ એ કામ કરે છે.

૫૩=કોઢ—મસુર લીંબુના રસમાં વાટી લેપ કરવો.

ગોળી મોટી થાય તો છોળેલા મસુર અને દાડમની છાલને પાણીમાં વાટી માવા જેવું કરીને ગોળી ઉપર લેપ કરવો.

૫૪=કોઢ—સફેદ કોઢ માટે માલકાકણી ગાયના મુત્રમાં દીન એકવીસ પલાળી રાખી તેનું તેલ કાઢી ચોપડવું.

## સફેદ કોઢ.

૫૫=કોઢ સફેદ—બાવચી તોલો ૦।, કરીઆતું, વરીઆળી દરેક તોલો ૦॥, એલચી નંગ ૨૦, પાણી શેર ૪ ઉકાળી શેર દોઢ રાખી તેમાંથી તોલા પાંચ દીવસમાં ત્રણ વાર લેવું.

૫૬=કોઢનો લેપ—બાવચી, હળદ, ગંધક, લીલીઅકાન પાણી સાથ મેળવી લેપ કરવો.

૫૭=સફેદ કોઢ—વેગણુને પાણીમાં બાફવા તે વેગણુને તેજ પાણીમાં ચોળી એકરસ કરી કપડાંથી ગાળી કહાડવું. આ રસ ૮ ભાગ અને તલનું તેલ ૨ ભાગ મેળવી ઉકાળવું. પાણી બળી જાય ને તેલ વાપરવું.

૫૮=સફેદ કોહોડ જાય—સમુદર ફળ આંકડાંના પાંતરાનાં રસમાં ઘસીને ૩ ભીંજવી કોહડપર મુકવો.

૫૯=કાળો કોઢ—હડતાળ અને સુરોખાર સંભાગે લઇ તે કોઢ ઉપર ચોપડી તડકે બેસવું અને થોડી વારે ગરમ પાણીથી નાહવું. ૩ દીનમાં સાફ થાય છે.

સફેદ કોહોડ માટે—હડતાળ ૪ માસા, બાવચી ૧૬ માસાને ગાયના મુતરમાં પીસી લેપ કરવો.

૬૦=કોહોડ (ગળતો) ઉમરાની અંતર છાલ ૧૦ તોલા બાવચી તોલા ૨॥ એનું ચુરણ બનાવી ૦॥ તોલો. ખાય તો કોહોડ અંધારે નાહશે, જલદી સારો થાય.

૬૧=બીજો ઇલાજ—લીમડાની અંતરછાલ ૩ ભાગ અને ખાવચી બે ભાગ મેળવી ૦।। અથવા ૧ તોલો રોજ સહવારે ખાએ. પહરેજી જરૂર સખ્ત પાલે. નીમક, હલવો, મીઠાઇ, માછલી માઉંસ, ચીકનું ચોપડું ન ખાએ, જો ખાએ તો દુ:ખ, દરદ વધે અને દરદીને ઘરમાંથી બહાર કહાડવો પડે.

૬૨=કોઢ માટે—કાચકા, સોપારી ચીકણી દરેક ૦। શેર બાળી તેની રાખ કરે. તેમાં ૦। તોલો સીંદુર મેળવે અને તેલ સાથ મેળવી લગાડે.

૬૩=સફેદ કોહોડ માટે લીંબોડીનું તેલ મસળવામાં લીએ છે.

૬૪=કોડ, લોહીના ઉપદ્રવ માટે—સીસમનો વહેર શેર ૦। અને નદીનું પાણી શેર બે ઉકાળીને પાણી શેર દોઢ રાખી, તે ગાળી, તે પાણીમાં ૧।। શેર સાકેર નાખી સરબત બનાવી રાખવું.

વહેર સીસમનો તો૦ ૦। તેને પાણી શેર ૦। માં ઉકાળી નવટાંક રાખવું. આ નવટાંક પાણીમાં ઉપલું સરબત ચમચો ૧ નાંખીને દીન ૪૦ પીવું, ખટાસ, દુધ. દહીં, સાકભાજી ખાવાં નહીં.

૬૫=સફેદ કોઢ માટે ફાયદાકારક લેપ—આકડાનું છીર, (દુધ) ગોળ, ચીત્રક, થોરનું છીર, દાંતીમુળ, બીલામું. સીંધાલુણ, હીરાકસી આ સઘળું મેળવી લેપ કરવો.

૬૬=સફેદ અને કાળો કોઢ જાએ—લીમડાનો ૧ સોતો બનાવવો. ૧ પૈસો તેમાં બેસાડવો. જેમ સીલ સીકો બને છે તેમ કરવું. એક લોઢાની સાફ કરેલી કઢાઇમાં ૧ તોલો હીરાકસી નાખવી, તેની અંદર મુળાના પાંતરાનો રસ નાખતા જવું અને પેલા પઇસાથી જડેલા લીંમડાના સોટાથી ઘુંટવુ, લીમડાનો સોટો કાળો થાય અને હીરાકસી બીલકુલ મળી જાએ ત્યાં સુધી ખરળ કરવું. હવે લીમડાના સોટાને જેમ સુખર ઘસીએ તેમ પાણીમાં ઘસીને કોહોડ ઉપર રોજ પતલું લગાડીઆ કરવું.

૬૭=કોહોઢ—કોઇવાર લીમડામાંથી રસ ઝરપે છે તે પીએ અને ચોપડે તે કોહોડ સારો થાય છે.

૬૮=સફેદ કોહોડ—લીમડાના બીજ પાતરાં અથવા ફુલ રથી ૩ માસા રોજ ખાય તો દીન ૪ માં કોહોઢ સારો થાય છે.

૬૯=કાળા કોઢ માટે—લીમડાની બીજ સરકામાં ઘસી ચોપડે છે.

# કોહવાટ-ચાઠાં.

૧=વાસ મારતાં ચાઠાં અથવા બગડેલી ચામડી ઉપર કરંજની છાલ અને પાંદડાંની પોટીસ મુકાય છે.

૨=કીડા--જે કોહોવાટ ઉપર કીડા હોય તે ઉપર કરંજનો પાતરાની પોટીસ મુકવાથી કીડા તરી આવે છે

૩=જખમ—કપાસીઆના પાંદડા, કોહોતા રસીવાળા જખમ ઉપર બાંધે તો જખમ રૂઝાય છે.

૪=કોહવાટ=શરીર કોહે તે માટે ગલવેલનો રસ ૧ તોલો, રોજ પાવું અને મલમ નીચે મુજબ લગાડવો.

બીજુ. ( મહુડાના ઝાડ, ઉપરનું ) મજઠ, ઉપલસરી, રાળ, અને તેલ એનો મમલ બનાવી લગાડવો.

૫=શરીરના કોહોવાટ રૂઝાએ નહી તો તનકનખાર, કાડો, ગંધક દરેક ૦ા તોલો ૨ા તોલા ઘી સાથ મેળવીને લગાડે.

૬=સરીરના કોહવાટવાળા ભાગ પર ઉંધા ફુળીની લેપડી મુકે તો જરૂરે કોહવાટ મટે અને રૂઝ આવે. શરીરના કોહવાટવાળો ભાગ કાપી નાખવા જેવો જણાય તે પણ આ ઇલાથી સુધરે છે.

૭=વરસાદની રૂતુમાં પગ કોહે તે માટે—આમળા પાણી સાથ ઘસી લગાડવા સુકાયા પછી ઉપર ઉપર ફરી ફરી લગાડવું.

૮=કોહવાટ શરીરના કોહવાટવાળા ભાગને સૂર્યના તડકામાં રાખવાથી ઘણો ફાયદો છે.

૯=કોહવાટ મટે—ઉંધાફુળી છોડ થુવરના ખેતરમાં થાય છે. અને કેટલાક ગામોમાં બારે માસ ઉકરડા ઉપર રહે છે. આ છોડ ચાર ઇંચ ઉંચા રહે છે. એના પાતરાં લંબગોળ છે, પાંતરાની સીધી બાજુ લીલી અને ઉંધી બાજુ સફેદ રહે છે. આ છોડ ગુચ્છા રૂપે થાય છે. દરેક પાનના મુળમાંથી ફુળ નીકળે છે. ફુલનું મોઢ મુળ તરફ રહે છે. તેથી અને ઉંધાફુળી કહે છે. ફુલનો રંગ ધોળો, લીલો અને તે લાલ રહે છે.

૧૦=કોડરી—રાઇના દાણા જેવી ફુલ્લી, પીતના કારણે હાથે પગે નીકળે તે માટે કમોદના ચોખાને આકડાના દુધમાં ૭ વાર પત આપે. તેને વાટી મોગરેલમાં મેળવી લગાડે.

કોદરા અનાજનુ માન માણુસ અથવા ઢોરને ચઢે તે જમરૂખીના પાંતરાં પાણીમાં છુંદીને તેનો રસ પીવામાં આપવો.

## કોહોવાટે-ચાઠાં.

૧૧=માંઉસ—કોહતાં માઉસની ઉપર હીરાદખણુ લગાડે તો માઉસ સાફ થાય અને રૂઝ આવે.

૧૨=શરીરપર ગરગુમડા થાએ તે માટે—આમળાં હરડે, બેહેરાં, સુખડ સંભાગે મેળવવું. તેનું ૨) તોલા ચુરણ અને ૫) શેર થંડુ પાણી લઈ કાદવના વાસણમાં મેળવી રાખવું અને થરવા દેવું. તેમાંથી ૩) તોલા નીતરૂં પાણી રોજ ૪) વાર પીવું. તરસ લાગે ત્યારે એજ પાણી પીવુ..

## કોહવાટ-ચાઠાં.

૧૩=શરીરનો કોહોવાટ રૂઝાએ નહી તો તનકરખાર, કાંડો, ગંધક દરેક ૦। તોલો ૨॥ તોલા ઘી સાથ મેળવીને લગાડે.

૧૪=પથારીમાં પડી રહેવાથી પડેલાં ધારાં ઊપર દીવેલના પોતાં મુકવાથી રૂઝ આવે છે.

૧૫=ભીલામું લાગવાથી કોહવાટ થયો હોય તો કોપરૂં સુકું ભુંજવું ને છુંદીને બાંધવું.

૧૬=કોહવાટ. જુના ચાંદા—સીનધાલુનના પાણીમાં લુગડું બોળીને ચાંદા ઉપર મુકે અને લીંલું પાંતરૂં ઉપર બાંધે, તો ફાયદો થાય.

૧૭=કોહનાં ચાંદા ઉપર બાવળના પાંતરાની પોટલીસ મુકવાથી રસી નીકળતી બંધ પડે છે અને રૂઝ આવે છે.

૧૮=શરીરે કોહવાટ, શરીરપર જીવડા હોય તે માટે—અંદુસરી ૪ ભાગ, કપુર ૦। ભાગ, તંબાકુની તપકીર ૦। ભાગ મેળવી પોતીસ કરી બાંધવી.

## કંઠમાળા-ગંડમાળ-દુધમાળા.

૧=કંઠમાળા માટે—વાઘનું હાડકું અને સીંધવ પાણીમાં ઘસી લગાડયા કરવું; જો કંઠમાળા બેસી ન જાએ પણ પાકે તો પછી ફોડાવ્યા વગર ચાલે નહીં.

૨=કંઠમાળા માટે—સુઅરની અઘાર અને સરસવ સમભાગે બાળી તેની રાખ પાણી સાથ લગાડવી.

૩=કંઠમાળા માટે—સીંદુર, મરી, લુણ એરંડીઉં તેલ, સાબુ, મીઠું સમભાગે લઇ કાંસાની ઠાળીમાં મુકી, કાંસાના વાડકાથી મસળી મલમ બનાવી તે કંઠમાળા પર મુકે; સુકાઇ ગયા પછી ગરમ પાણીથી ધુએ જુનુ દરદ સારૂં થાય.

૪=કંઠમાળા બેસી જાય—લીમડાના પાનના રસમાં વચનાક ઘસી લગાડવો.

લોહી સાફ કરવાની દવા ચાલુ રાખવી.

૫=કંઠમાળા—જમાલ ગોટાના પાનનો રસ સુકવી ચુરણ બનાવવું તેમની લેપડી કરી કંઠમાળા પર મુકવી.

૬=કંઠમાળા માટે વાઘનું હાડકું પાણીમાં ઘસી અંદર સીંધવ મેળવી લગાડે તો ગાંઠો નરમ પડે.

૭=ગંડમાળા—સારો થાય (માણસના) નખની રાખ માખણ સાથ મેળવી ગંડમાળની ગાંઠ ઉપર રોજ બે વાર લગાડે.

૮=ધંતુરાના પાન વાટી તેમાં ચુનો મેળવી લેપડી બાંધવી.

૯= નગોડના પાન બારી બાંધવા.

૧૦=હીરાકસી, આકડાના દુધમાં ઘસી લેપ કરવો.

૧૧=ગરમાળાના મૂળ ચોખાના ધુનમાં ઘસી સુંઘવું તથા તેનો લેપ કરવો.

૧૨=લીમડાના પાન અને ભીલામાને કાળી બકરીના દુધમાં વાટી લેપ કરવો.

૧૩=કંઠમાળા મટે—આમળીના પાનના રસમાં સમુદર ફળ ઘસીને પીએ. આ ફળ પકવવાની રીત જુઓ "સમુદર ફળ."

# કંઠમાળા.

૧૪=ખતમી—(ખરબાજી=માસ મેળાની) પોટીસ બનાવી કંઠમાળા ઉપર સેક કરવાથી કંઠમાળા પીગળે છે.

૧૫=કાસકીની જડના ૧૪ કટકાનો, શુતરના દોરાથી હાર બનાવી પહેરવાથી કંઠમાળાને ફાયદો થાય છે. શનીવારે એ ઝાડને નોતેરૂં દેવું. અને આતવારે કાપવું, એવી કથા ચાલે છે.

૧૬=ગમ ગુલબેનમ ખાવામાં આપે છે. માત્રા એકથી ચાર માસા. એનો મલમ ગાંઠને પકાવીને ઝેહરવી કાઢે છે. આ ગમ મલમ જેવો છે, બનાવટ પણ તેના જેવીજ છે.

૧૭=કંઠમાળા દુધમાળા, પીસફુટક, કજગાની અને જુની ચાંદી અને કાખબલાડી માટે ઘણો અકસીર મલમ ઘી ગાયનું શેર એક, ખાંડ ાા તોલો, મોમ. ાા તોલો, ટંકણખાર. રાજમ રાહલ, સીંદુર, કીખીઉ, દરેક ૧ તોલો. એનો મલમ કરવો અને લગાડવો.

૧૮=કાચબાની ડીબનું ફાડચું બારીક ભુકો કરી ાા શેર તેલ માં ઉકાળી લગાડવું. કંઠમાલા પાકે નહીં અને આરામ થાએ. દરદી અંગે પાતલો હોય તો તેલને બદલે ઘી લેવું.

૧૯=કાચબાની પીઠ, કુતરાના અથવા માણસના હાડકાની ખાખ સંભાગે લેવી, તેમાં મનશીલ, બોડાસીંગ, કપીલો, રાહળ એ દરેક ચીજ સંભાગે લેવી, એ દીવેલમાં મેળવી દરદપર લગાડવું.( ઘણી વાર અજમાવેલું છે. )

૨૦=ખાખરાનું મુળ ચોખાના ધોવરામણમાં ઘસી લગાડે.

૨૧=કોઇબી જાતની પોટીસ બનાવી કંઠમાળા ઉપર સેક કરવાથી કંઠમાળા પીગળે છે.

૨૨=કંઠમાળા=ખુજળીની ફુલ્લી માટે—ગમ ગુળએન ખાવામાં આપે. માત્ર એકથી ચાર માસા. એનો મલમ બેન્જલીકન મલમના જેવો છે. બનાવટ પણ તેના જેવીજ છે.

૨૩=કંઠમાળા માટે—ગરમારાના મુળનું ચુરણ કરી સુંઘવું.

કંઠમાળા માટે—સુનામખી, અને હરડાનો કાહવો પીવો.

૨૪=કંઠમાલા=ગર ગુમદા, કાખબલાઇ=સોજો, બદ—વચનાગ લીમડાના રસમાં ઘસી ચોપડે તો તરત ગાંઠ, બેસી જાય છે.

૨૫=કંઠમાળા જાય—સમુદર ફળ ઘી સાથ મેળવી લેપ કરવો.

૨૬=કંઠમાળા માટે સરપંખાનું મુળ ગોમુતરમાં ઘસી દીન ૧૪ લગાડવું.

૨૭=કંઠમાળા માટે સીંદુર, એલચી, કપીલો, સાપની કાચરી સંભાગે ચુરણ કરી લગાડવું.

૨૮=કંઠમાલા માટે મલમ—સીંદુર, મરી, નીમક, દરેક પાંચ તોલા, મીઠું તેલ ૦। શેર, ગરમ કરી સાબુ તોલા ૫ નાખવો.

૨૯=કંઠમાળા ઉપર હીરાકસી અને સેલારસનો મલમ લગાડવો.

૩૦=કંઠમાળા માટે—સરડાને તેલમાં ઉકાળી તે તેલ લગાડે તો કંઠમાળા પાકીને ફુટે છે. પછી ૩૪ માટે ગાંઠ ઉપર સફેદ મલમ ચોપડે છે. કંઠમાળાને પાસડાં પાડીને તેલ ચોપડવુ.

૩૧=કંઠમાળા—સાંપની કાંચરી, એલચી, કંપીલો સંભાગે વાટી તેને ૦। શેર તેલમાં ઉકાલી તે તેલ ગાંઠપર મસલે.

૩૨=કંઠમાળા માટે—સીંદુર, મરી, સાબુ લુણ,, મીઠું તેલ સંભાગે લેવું થાળીમાં મુકી કળસીઆથી ઘસવું અને કંઠમાળા પર લગાડવું.

૩૩=કંઠમાળા દરદીને ગળાપર લગાડે—હળદર અને સમુદર ફળ પાણી સાથ ઘસીને લગાડો.

૩૪=કંઠમાળા મટે—કુકરપાડાના બીજને પાણીમાં ઘસી તેનું ૧ ટીંપું માણસના મુતરમાં ૪ ટીપાં સાથ મેળવીદરદીના કાનમાં મેળવું.

૩૫=ગંડમાળા=કંઠમાળા—માટે આંકડાના દુધમાં હીરાકસી ઘસ લેપ કરવો. આ ઇલાજ ઘણો જાણીતો છે.

૩૬=કંઠમાળા, પાકું=ફુલ્લા અને ગાઠમાં બળતી અગન નરમ પડે—ઇંદરવાણીના મુળ અથવા ફળને પાણીમાં ઘસો લેપ કરવો.

# કંઠ ખુલે–અવાજ ખુલે–ઘાતું પડે.

૧=કંઠ બેઠેલો ઉપડે—આમળાનો ભુકો ૦ાા દુધમાં ઉકાળી પીવો.

૨=ઘી આમળાનો ભુકો દુધ સાથે ગરમ કરી રાત્રે પીવાથી બેઠેલું ગળું ખુલે છે.

૩=કેરબાની માળા પહેરનાર કોઇ માણસના અવાજને નુકશાન થાય તો મોગલાઇ બેદાણાનો લોઆબ પીવો.

૪=ચણોટીના પાંત્તરા મોંઢામાં રાખી રસ ગળવાથી કંઠ ખુલે.

૫=આંબાનો મોહોર ૧ તોલો સાકર સાથ મેળવી ચાવી ખાએ પછી ચણોટીના પાન મોમાં રાખી ચુસ.

૬=ઘાટું પડે, કંઠ બેસે તે માટે—૦ાા તોલા ઘઉંને ૦ાા શેર પાણીમાં ઉકાળવા, ૦ા શેર પાણી રહે તે ગાળીને દરદીએ પીવું અથવા ૧ તોલો ઘઉંની બનેલી સેવને ૦ાા શેર પાણીમાં ઉકાળો, ગારીને પીવું.

૭=કંઠ સુધરે=બ્રાહ્મી, વજ, હરડે અરડુસીના પાન, પીપર મેળવી તેનું ચુરણ સાત દીવસ ચાટે—

ચીણીકબાબ, એલચી, કાઠો, સાકેર મોંમા રાખવી.

૮=કંઠ ખુલે, અવાજ સુધરે—૦ાા તોલો ચોખ્ખું મધમાખનું મીણ, બાલસમકોપેવા ૦ાાા તોલો, જેઠીમધનો ભુકો ૦ાાા તોલો એની ગોળીઓ ૧ વાલ વજનની બનાવવી. ૨–૩ ગોળીઓ મોંઢામાં રાખી તેનો રસ ગળવો.

# કાંટો ભાગે (શરીરમાં) ફાંસ લાગે.

૧=કાંટો ખજુરીનો અથવા બીજી જાતનો ચામડીમાં ખુટેલો કાંટો ચામડીની અંદરથી ન નીકળે તો કાંટીઆ પાળાની ગોળી કરી ખવાડવી કાંટો બહાર નીકળશે કાંટીઆ એક જાતનો પાલો છે.

૨=કાંટો–પગે હાથે, બાવળનો અથવા દુઅરનો કાંટો ભાગે તે ઉપર કુમાર ગરમ કરી ચીરી અંદર હળદર, મીઠું ભરીને બાંધે, મેદી ચાવીને લેપડી મુકે, ફેફસું, અથવા સાહનીઆ (જીંગા) ને છુંદી બધે તેથી કાંટો ખેંચાઇ આવે

૩=મેદીના પાન મોંઢામાં ચાવી તે જગા ઉપર લેપડી બાંધે.

૪=બકરાનું ફેફસું કાચું બાંધે.

૫-સાહનીઆ (જીંગા) એક જાતનો જીવજંતુ જે દરીઆમાં પાકે છે તેને છુંદી તેની પોટીશ બાંધે.

આ ઇલાજોથી ભાંગેલો કાંટો બહાર ખેંચાઇ આવે છે.

૬=કંટા—થુઅર અને કવચના કાંટા શરીર ઉપર લાગે તો ચીડ ઘણી થાય છે તે ઉપર છાણ ચોપડવાથી નરમ પડે છે.

૭=થુવરના જીણા બેમાલુમ કાંટા શરીરને વળગે તો કવચની માફક કરડી ખાય છે. તે માટે છાણ ચીડવાળી જગાએ ચોપડવું અથવા અધેડાના ૨ પાન ચાવવાથી કાંટા ખરી પડે છે.

કાંટો ભાગે –ખજુરીનો અથવા બીજી જાતના ચામડીમાં ખુટેલો કાટો બહાર નીકળી ન શકે ત્યારે કાંટીઆ છોડની લેપડી તે જગા ઉપર બાંધે તો કાંટો બહાર આવે.

૯=શરીરમાં ભાંગેલો કાંટો નીકળે—કઢીઓ ગુંદર પાણીમાં ફુલાવીને કાંટાવાળી જગા ઉપર બાંધે તો કાંટો બહાર ખેંચાઇ આવે.

૧૦=કાંટો--ભાગ્યો હોય તો કાંટાવાળા ભાગ ઉપર છુંદેલી મેથી બાંધવી, આથી કાંટો ખેંચાઇ આવે.

૧૧=કાંટો શરીરમાં ભાંગ્યો હોય તે બહાર આવે } શરીરમાં ભાંગેલો કાંટો ઉંડો ગયો હોય તો તે જગા ઉપર સાત પડીનો રસ તે ઉપર મુકે તો ૧) દીવસમાં તે જગા પાકીને કાંટો બહાર આવે.

# ખરફસુ-ખરજવું-દરાઝ

૧=ખરસવું—કુમારીઆના બીનો ભુકો, દહીં સાથ મેલવી ખરસવાને લગાડો તો ફાયદો થાય.

૨=કેળાના કાતરાની ગાંઠની રાખ ગાયના ઘીમાં લગાડવાથી સારૂં થય છે,

૩=ખરસવા ઉપર ત્રણુ ધારા ખાસડીઆં કેળાનો ગર ખુરૂખાન સાથ મેળવી મુકે અને ઉપર કોઇ બી મોટું પાતરૂં બાંધી રાખે આ ઇલાજ ચાલુ રાખવો.

૪=ખરફસાં ઉપર ગાયનુ ઘી ચોપડી કુતરાં પાસે ચટાડવું.

૫=દરાઝ, ખરપસા માટે ટનકનખાર સરકામાં મેળવી લગાડે અથવા તેમાં લુગડું બોળીને તે ઉપર મુકે.

૬=ફટકડીના અથવા મોરથુથુનાં પાણીથી દરાઝ બે ત્રણ વાર ધોવી, જગા સુકાયને ઉપર ડામર ચોપડવો અને તે ઉપર અડાયાની રાખ લગાડવી. પોપરો લઇનેજ ઉકે છે ઘણો અજમાવેલો છે.

૭=ટંકનખાર, પાપડખાર, ગાયના મુતર સાથે મેળવી લગાડે છે.

૮=દાંડીઆ થુવરની રાખ પાણી સાથે લગાડવી.

૯=થુવરનું દુધ ખરજવાને લગાડે તો તે પાકે અને પછી સારૂં થાય; દુખ સખત પડે, અકળામણ થાય, દુખાવો સખત લાગે તો ઘી ચોપડવું. દુધને સુકવી, ગુંદરના આકારમાં રાખી વાપરી શકાય છે.

૧૦=જુવાર અને મીઠું ઠીકરાં ઉપર સંભાગે મુકી બાળીને તેનો ભુકો સવાસો વાર પાણીથી ધોવાયલાં ઘીમાં મેળવી લગાડે.

૧૧=ખરફસું મટે—બે તોલા ચણાની દાળને ાા સેર બકરીના દુધમાં ૩) દીવસ રાખે પછી દાળ દુધમાંથી છુટી પાડે. દુધ ફેંકી દીએ. થોડી દાળ વાટી તેની લેપડી કરી ખરફસાં ઉપર આખો દીવસ રાખે. વધેલી દાળને બીજા તાજા દુધમાં ભીંજવી રાખવી જેથી દાળમાં જીવ પડે નહીં. બીજે દીવસે પેલા ચણાની લેપડી નવી બનાવી ખરપસાં ઉપર મુકવી. આ મુજબ ૭ દીવસ લેપડી કરી મુકવી

૧૨=ખરજવું મટે—જીલના પાનને છુંદી ખરજવાં ઉપર તેની લેપડી ૪ દીવસ મુકે.

૧૩=ખરજવું, કીડ, ચામડીના દરદો માટે—ગઉમુત્રથી તે જગા રોજ ધોવાથી ફાયદો થાય છે.

૧૪=ગોફનાના ઝાડના પાંતરાં ગલકાના ઝાડના પાતરાં જેવાં છે. કોઇપર લાલ અને કોઇપર સફેદ ફુલ થાય છે, ઝાડ ઉપર છેટે છેટે ફળ થાય છે તેને કાંટા હોય છે. તે ફળને ગોફના અને દોરી કહે છે, તે ફળ લીંબુ જેવડાં મોટાં અને હીંદુ ઓરતો ચોટલામાં સુનાના ગોફના મુકે છે તેવા આકારના હોય છે. ઝાડ ઉભુ ભાલા જેવું હોય છે.

પગે ખરજવું, પગે ભુંડણી માટે—આ ઝાડના દાંડી સાથના પાનની રાખ નગોરીઆ ધુપરેલમાં લગાડે અને પાટો બાંધે, તો જખમપર પોપરો આવી સારૂં થાએ. માછલી વાલ વટેણો દરદી ખાએ નહીં.

૧૫=ખરજવું જલદી સારૂં થાય—કુંવાડીઆના બી ૩ ભાગ, બાવચી બે ભાગ અને ગાજરના બીજ બે ભાગને છુંદી ગાયના મુતરમાં આઠ દીવસ ભીંજવી રાખે, તેની લેપડી ખરજવાંપર બાંધે તો ૮ દીનમાં સારૂં થાય.

ખરજવું મટે—ગાજરને બાફી તેમાં મીઠું નાખી તેની પોનીસ બાંધે તો ૩ દીવસમાં ફાયદો થાય.

૧૬=દરીઆ કીનારે થતી ખરેટી ઘીમાં મેળવી લગાડે.

૧૭=ખુજલી—સુકા આમલાના બારીક ભુકાને પાણી સાથે મેળવીને ખુજલી ઉપર મસળે છે.

૧૮=ખરજવા માટે—સીલારસને બેલ તેલમાં મેળવી લેપ કરે તો જલદી આરામ થાય.

૨૦=ખરજવું મટે—મોરથુથુ, કાથો, મરી, કપુર સંભાગે ચુરણ બનાવી લગાડે તો જુનું ખરજવું મટે.

૨૧=ખરજવું મટે—મોરથુથુ, ફટકી, કંકુ, અકેક તોલો, ૧૧ નંગ કાળાં મરી, એઓનું ચુરણ કરંજના તેલમાં મેળવી લગાડવું.

૨૨=ખરફસમાં માટે—વેગણું અને ખાંડ મેળવી ૩) દીવસ લેપડી બાંધે.

૨૩=ખરફસાં મટે—રાઇ અને રેતી સંભાગે ભેંસના ખાટાં દહી સાથ મેળવી ૭) દીન લગાડે તો ખરફસું પાછું થાય નહીં.

૨૪=ખસ મટે—આંબા હળદ અને જીરૂં વાટીને શરીરે ખસ વાળી જગાએ મસળવુ.

૨૫=ખરજવું મટે—કામડીનું મુળ ઘસીને લગાડયા કરવું.

૨૬=ખરજવું મટે—બકરા અથવા ઘેંટાની લીંડીનું તેલ પાતાળ જંતરથી કાહાડી લગાડે.

૨૭=ખરજવાનો ઉપાય—મગ અથવા વાલની દાળને બાળીને તેની રાખમાં જોઇતું સરસીઉં તેલ નાખી મલમ બનાવી લગાડવો.

૨૮=ખરજવાનો ઉપાય—ફટકી. ૧ ભાગ, ગંધક ૨ ભાગ ટનકનખાર ૨) ભાગને મેળવી ભુકો કરવો.

તે ભુકાને ઘી સાથ મેળવી મલમ બનાવી લગાડવો. ખરજ- વાને પાણી લગાડવું નહીં.

૨૯=ખસ, ખરજવું. વીસ્ફુટક માટે—તલનું તેલ ૧૦ તોલા લઇ તેમાં ૪ ભીલામા નાખી ઉકાળવું. બાલામું બળી રહેને નીચલું ચુરણ નાંખવું. બાવચી, ગંધક, હરતાલ મનસિલ દરેક એકેક તોલો લઇ તે તેલમાં નાંખવું. અને પછી તે તેલ ઠંડા પાણીમાં નાખવું. તેલ પાણી ઉપર તરી આવશે, તે વાપરવું. તે શરીરે ચોપડી તડકે બેસવુ. શરીર તપી જાય ત્યારે ભેંસનું છાણુ ચોપડી ઠંડા પાણીથી નાહવું. અને દહી ચોખા ખાવા. ૧ વાર લગાડવાથી શરીરની કીડ મટી જાય.

૩૦=ખરજવા માટે મીઠું અને આમલીના પાંતરાનો લેપ કરી ૭ દીવસ ખરફસાપર બાંધવું.

૩૧=ખરજવાં માટે—લસણની લેપડી મુકે તો બધા ભીંગડાં નીકળી જાય છે. જગા લાલ થાય ત્યારે થંડો મલમ મેલી રૂઝ લાવે.

૩૨=ખરજવું, હરસ,—પાકા પાનની રાખ તેલમાં મેળવી લગાડવી.

૩૪=ખરજવું—કોઇપણ દવાથી સારૂં ન થઇ શકે, તો અંગ્રેજી સોમલનો અર્ક (લાઇકર આરસેનીકેલીસ) ૨ થી ૪ ટીપાં ૨ તોલા પાણી સાથે, જમ્યા પછી દીનમાં ૨ વાર પીવું. દીન પંદર પીએ અને ૪ દીન વચમાં ખાંચો રાખી બીજા ૧ દીન પીવું. જાસુક પીવાથી દવા નુકસાન કરી શકે છે.

૩૫=ખરસવું જાય—બાફેલા વેગણના રસમાં હીરાદખન મેળવી લગાડે તો સારૂં થાય છે.

# ખઈ, ક્ષયરોગ, હાંફણ, ખાંસી.

૧=એ માટે પહેલો અને અગત્યનો ઇલાજ ખુલ્લી સુકી હવામાં રહેવું. સાદો ખોરાક તેમાં બને એટલો તાજાં તરતના દોહેલાં દુધનો ખોરાક રાખવો, બીછાનું રોજ તડકે મુકી સાફ કરવું.

દરદીએ બ્રહ્મચારી રહેવું. ખઈવાળા દરદીને સંસાર વહેવારની ઇચ્છા વધે છે તે ઇચ્છા સમુળગી દાબવી.

૨=બધાજ દરદીઓને દેવલાલી જવા ફાવતું નથી. બધાનેજ સેનેટરીઅમ મળી શકતી નથી.

ગરીબ માણસો માટે, અને જેનાથી બની શકે તેને માટે એક સહેલો ઇલાજ છે, જે આ જમાનામાં કબુલ રાખી શકાય તેવો નથી; પણ તે ઇલાજ જણાયલો હોવાથી દાખલ કર્યો છે.

જે વાડામાં અથવા ખેતરમાં બકરાં બેસતાં હોય ત્યાં ક્ષયવાળા દરદીને રાખવો; બકરાંનું તરતનું દોહીલું તાજુંજ દુધ ખોરાકમાં વિશેષ આપવું. બકરાંના દીલમાંથી તેમજ બકરાંના મળ મુતરમાંથી નિકળતો વાસ દરદીને બહુજ ફાયદાકારક છે.

દરદીને થંડી લાગે તો બકરાંની લીંડી બાળી તેની ગરમી આપવાથી ઘણો ફાયદો થાય છે.

બકરીનું દુધ બીજાં દુધો કરતાં વધારે ફાયદા ભરેલું છે. બકરીના માઉંસનો રસ ઘી વગરનો દરદીને શક્તી આપે છે.

૩=ખરીવાળા દરદીને ગળામાંથી બળખા વાસ મારતા નીકળે તો કેલસીઅમ સલફાઇડ ગ્રેન એકની ગોળી જમ્યા પછી રોજ બે વાર આપવી.

૪=ખાંસી હાંફણુ તથા ખરી માટે અરડુસાના લીલાં પાંતરાનો રસ તોલો ૧. મધ તોલો ાા મેળવી દીવસમાં બે વાર પીવો.

૫=અરડુસાના લીલાં પાંતરાંનો રસ તોલો ૧ અને પીપર લીંડી વાલ ૧ મેળવી દીવસમાં બે વાર પીવો.

૬=ખરી માટે—કનઇના મુળનો ભુકો અરધો તોલો દીનમાં ત્રણ વાર ખાવો.

૭=ક્ષયવાળા દરદીને કેળના ઝાડનો રસ બબે કલાકે એક વાઇન ગલાસ પીવાથી ફાયદો થાય છે.

કેળના રસમાં જવખાર (પાપડખાર, સોદા કારબોનસ) છે તેથી તે રસ પાપડ બનાવવામાં કામ આવે છે.

જવખાર=કેળના સુકા ઝાડને બાળી રાખ કરીને પાણીમાં મેળવી પાણી નીતરૂં કાઢી લેવું, તે પાણી સુકાય અને થરો રહે તે જવખાર.

૮=મસા, રકતપીત, ક્ષય—ગીલોડાં શાક અને અથાણા કરીકે ખવાય છે. કડવા ફળના રોપાનું મુળીયું પાણીમાં ઘસીને પીએ તો ક્ષય, રગતપીત, અને મસાના રોગ સારા થાય છે.

૯=જીનજોટાના છોડને છુંદીને, પાણીમાં હલાવીને તેનો ખાર કહાડે છે. તે હાંફણુ માટે વપરાય છે.

૧૦=ખરી=હાંફણુ માટે—જીનજોટાના બીની રાખ ર વાલ જેટલી પાનમાં ૧૪ દીન ખાય તો ભાત ભાતના કફ દફે થાએ.

૧૧=જીનજોટાના બીની રાખ ૧ ભાગ સાબરસીંગાની રાખ ાા ભાગ, ખેરસાળ ૧, ભાગ પાનના રસમાં વટાણા જેવી ગોળી બનાવી મોંઢામાં રાખવી. હાંફન, ખરી માટે બહુ સારી છે. ઘણી ભલામણુ થઇ છે.

૧ર=અરડુસાનું આખું ઝાડ ખાંસી, હાંફણુ તથા ખરી માટે ઉપયોગી છે. આ ઝાડ આબુના પહાડ ઉપર બહુ થાય છે. કાળી દાંડીવાળા અરડુસામાં ગુણુ ઓછો છે.

ખાંસી સ્વાસ અને હેડકી મટે—અરડુસો, હળદર, ધાણા, ગળો, કાસુંદરો, લીંડીપીપર, શુંઠ, ભોંયરેંગણી એ દરેક તોલો અડધો મરી ૦। તોલો અને પાણી તોલા ૬૪ એ સઘળું ઉકાળીને ૧૦ તોલા રાખવું, અને તેમાંથી ૧ તોલો દીવસમાં ૩) વાર પીવું ખહી માટે અડુસાના ઝાડનું સેવન કોઈ બી રીતે કરવું. ચાહ અથવા ઉકાળો બનાવી ૫) ૬ મહીના ચાલુ રાખે તો એના જેવો બીજો ઇલાજ નથી. દરદીએ માખણ મધ અને શાકેર રોજ સહવારે ખાવી

૧૩=ક્ષય માટે—સીધવ ખારને આંકડાના દુધમાં પટ આપી તે ખાર પકવવો અને ખાવામાં લેવો. આ ખાર વાલ એક મધ સાથે મેળવી દીનમાં બે વાર ખાવો.

૧૪=ખાર—અઘેડાના ઝાડને બાળી રાખ કરી તેને પાણીમાં પીગળાવી નીતરું પાણી કહાડી લઇ બાળવું પછી જે રહે તે ખાર સમજવો.

ખાસી, હાંફણ, કફ, દમ માટે મધ સાથે ૧) વાલ અઘેડાનો ખાર મેળવીને દીનમાં ૩) વાર ખાવાથી ઘણો ફાયદો થાય છે.

૧૫=ખહી=ખહીવાળાં દરદીને ગાજરનો રસ બહુ ફાયદેમંદ છે.

ખહી માટે—મોરના પીછાની રાખ અને પીપર સંભાગે ચુરણ બનાવી તેમાંથી ૩ વાલ ચુરણ મધમાં મેળવી રોજ ૩ વાર ખાય.

ખહીવાળા દરદીને લશણનો બાફ રોજ આપવાથી ફાયદો થાય.

૧૬=બકરીના મુતરને ઉકાળી તેનો ક્ષાર બનાવે તેમાંથી બેઆની ભાર દરદીને મધમાં આપે. બકરીના દુધનો માવો સાકર સાથે પચે એટલો રોજ ખવાડવો.

બકરાંના બાળને સળગાવી તેનો ધુમાડો દરદીને શ્વાસમાં આપવો.

બકરાંની મોંની લાલ મધ સાથે દરદીને ચટાડવી.

૧૭=મધ, માખણ અને ઘી ત્રણે રોટી સાથે ખાવાં.

બદામનું તેલ, તેમજ કોપરાંનું તેલ તાજું કહડાવીને પચે એટલું દરદીને રોજ આપવું; અથવા તે તેલ છાતીએ મસળવું.

તજ ૧) ભાગ, એલચી ૨) ભાગ, સોનાનો વરક ૦।। તોલો, લીંડી પીપર ૪) ભાગ, વાંસ કપુર ૧૬) ભાગ, સાકર ૧૬ ભાગ એનું ચુરણ ૦। તોલો લઇ મધ અને ઘી અથવા માખન સાથે ખાવું.

અરડુસીના પાનને બાફીને કાઢેલો રસ ૧૦) તોલા, સાકર તોલા ૫), ઘી તોલા ૧૧, લીંડી પીપર તોલા ૧૧, એ સઘળાને ધીમા તાપ પર હલાવી, પાક જેવું બનાવી તેમાં ૫) તોલા મધ મેળવી, બરણીમાં ભરી રાખવું. તેમાંથી રોજ ૩) વાર ૦ા તોલો અથવા વધારે ખાવું.

૧૮=અરડુસીના પાનનો રસ ૨) તોલા મધ સાથે પીવો.

૧૯=કપુર, જાયફળ, વાંસકપુર સંભાગે લેવાં, તેના અરધાં વજને સાકર મેળવી તે ચુરણ બેઆની ભાર લેવું.

૨૦=તંબોળીઆ ખહી માટે—બળદાણ, આસંધ, સતાવરી સાટોડીના મુળ એનું ચુરણ ૦ા તોલો અથવા વધારે દુધ સાથે પીવું.

૨૧=ભૂરાં કોહરાંના રસમાં લાખનું ચુરણ બેઆની ભાર દર ટંકે આપવું.

૨૨=લશણ અને બદામ દરેક ૨) તોલાને ૦ા શેર દુધમાં ઉકાળીને થોડી સાકર અને ૦ા જાયફળ નાખી, મુરબ્બા જેવું ચાટણ બનાવી ૧) અથવા બે તોલા રોજ ખાવું.

૨૩=ગળોસત્વ ૪) વાલ અને વાંસકપુર ૪) વાલ મધ સાથ ખાવું.

૨૪=સેસગુંદર, સીલારસ, લોબાન, ગુંગળ, ગંધોબીરાજો એઓની ગોળી ૧) વાલની બનાવી આપવી.

૨૫=ક્ષય માટે—પારેવા જાતના કબુતરનું તડકે સુકવેલું માંઉસ તોલા ૩૨, સાકર તોલા ૧૬, કપુર તોલા ૮, લીંડીપીપર તોલા ૪, એલચી તોલા ૨, તજ તોલો ૧, આ ચીજનું ચુરણ ૦ા તોલો સાકેર, મધ, માખણ દરેક તોલો ૧ા (સવા) સાથે મેળવીને દીનમાં ૩ વાર ખાવું.

ખોરાકમાં ઘઉં નીચે મુજબ બનાવી ખાવામાં લેવાં.

બે વરસનો જુનો ઘઉં મણ ૧, તેમાં આકરાના ફુલની કળી શેરમાં ૫ મૂકી કોઠળા ભરી પાંચ, દીન રાખી મૂકવું પછી ઘઉં સુકવી, કળીઓ ઝાટકી કહાડીને ઘઉં ખોરાક તરીકે વાપરવા.

દરદીએ બકરીને ધાવવું, એમાં બહુ ફાયદો છે, દોહેલું દુધ પીવામાં એટલો ફાયદો નથી.

૨૬=ખઈી માટે ગળો સત્વ કોડલીવર તેલ જેટલો ગુણ બતાવે છે. કોડલીવર આઈલ જરપત થઈ શકતું નથી, અને આ સત્વ કાંઇ પણ અવગુણ કરતું નથી.

૨૭=દમ, ક્ષય, હાર્ટ ડીઝીઝ માટે—થુવરનું દુધ વાલ ૨) ગોળ સાથે ખાવું.

૨૮=ખઈીવાળો એક દરદી ઓને ધાવવાથી સારો થયલો એવો દાખલો બહાર પડયો છે.

૨૯=ખઈી માટે તજ ૦। તોલો. સાકર ૧ તોલો પાણીમાં ઉકાળો કરી દિનમાં ૩ વાર પીવું.

૩૦=ખઈી—કોડલીવરની જગાએ તાજું કોપરેલ પીવું. એ ઉપાય સાથે બકરીનાં દુધનો માવો ચાલુ રાખવો. તેમજ જવખાર લેવો.

૩૧=ખઈી માટે—કોપરાનું તાજું તેલ ઘીને બદલે પચે તેટલું ખાવું. એમાં અજબ ગુણ છે.

૩૨=ખઈી=ચીના ડાકટરો બહુ ખવાયલા અને નબળા દરદી ઓને સ્ત્રીઓને ધાવવાની ભલામણ કરે છે. આ અખતરો વીલાયતના ડાકટરોએ અજમાવેલો તેમાં ઘણો ફાયદો જણાય છે.

૩૩=ક્ષય માટે—સીંધવ ખારને આંકડાના દુધમાં પટ આપી તે ખાર પકવવો અને ખાવામાં લેવો. આ ખાર વાલ એક મધ સાથે મેળવી દીનમાં બે વાર ખાવો.

૩૪=ખઈી માટે—આકડાના પાનનો રસ ૧ તોલો પીવો, પાનને પાણી સાથ છુંદી રસ કહાડવો. રોજ ૧ વાર રસ ૧ તોલો પીવો. તેથી ઉળટી થઇ કફ પડશે. પછી ઘીને ભાત ખાવું અથવા ઘી પીવું.

૩૫=ખઈી માટે—બકરાં દરેક જાતનો પાલો ખાય છે, મુતરમાં ઘણી જાતના ખાર હોય છે, ચોમાસાના ૪ મહીના એ જાનવર પાણી પીતું નથી અને મુતર ઘણું થોડું કહાડે છે. આ વખતનું મુતર એકઠું કરી, તેને બાળીને ખાર મેળવે. રોજ ૨ વાલ મધ સાથે આ ખાર વાલ ૪ સુધી ખાએ તો ખઈીને ફાયદો કરે અને અનેક જાતના વ્યાધી દુર કરે.

૩૮=ખાંસી અને ખહીના ગાભા માટે—અશેર અજમો પાસેર આકરાનું દુધ, આકરાનું પાન ૧, આકરાના ફુલ બે એ બધાં ને કોરા હાલ્લાંમાં ભરી ધાકણ ધાંકી કપડછંદ કરવું, અને અને ચુલા નીચે ૩ દીન દાટી રાખવું, આ ચુરણ ાા તોલો રોજ ખાવું.

૩૯=ખહી તંખોલીઓ (તમોરીઓ) છાતીપરથી લોહી પડે. } તે માટે નવટાંક અથવા વધુ ખાંડ ખાનુ ખાધા પછી દરદી રોજ ખાએ, ઉપરથી પાણી પીએ નહીં–તેલ, મરચું ખાટું, ખોરૂં ખાએ નહીં, ૧૨) દીવસ ખાધા પછી ફાયદો થાય. ઝાડા વાટે લોહી પડે અને ક્ષયને ફાયદો થાય.

૪૦=ખહી, સુવારોગ, પેટમાં શુળ મટે—કાચકાનું ચુરણ ઘી સાથ ખાવું.

૪૧=ક્ષય માટે—કેળના પાનની રાખ અને કેવડાની અંદરનો ભુકો સંભાગે મેળવી તે ચુરણ બેઆની ભાર મધ સાથ રોજ બે વાર ખાવું.

૪૨=ખાંસી, ખહી, હાંફણુ મટે—ખારેકને ચીરી તેના ઠરીઆ કાઢી નાંખવા. ાા તોલો લવંગ અને ાા તોલો પાનની જડ વાટીને ચુરણ બનાવવું તે ચુરણ સાત ખારેકમાં મુકી, સુતરથી બાંધી લેવું અઢી શેર ભેંસના દુધમાં ૭ ખારેકને ઉકાળવી. દુધનો માવો બને ત્યારે ૭ ખારક કાઢી લેવી, તેમાંની એક ખારેક રોજ ખાવી, માવો ખાવામાં લેવો. ફાયદો થાય ત્યાં સુધી આ ઇલાજ ચાલુ રાખવો.

૪૩=ખહી માટે—તજ ૦। તોલો, સાકર ૧ તોલો પાણીમાં ઉકાળો કરી દિનમાં ૩ વાર પીવું.

ખહીવાળા દરદીએ બકરાના લોહીની મમી (મુંમાઈ) ૨ ૪ વાલ મધ સાથે સવાર સાંજ ખાવી.

(મમી બનાવવાની રીતઃ—કાળી ધોએલી મટોડીને સુકવીને બકરાંના લોહીના સાત પત દેવા.)

૪૪=ખહીવાળા દરદીએ બકરીના દુધનો માવો તોલા ૫) સાકર સાથે રોજ ખવો.

૪૫=ખડી માટે બકરાંની લીંડી તોલા ૨ પાણીમાં ઘુંટી ગાળીને મધ સાથે પાવું.

૪૬=ખડી માટે બકરાંનાં વાલનો ધુમાડો રોજ બે વાર શ્વાસમાં લેવો.

ખડી માટે બકરાંની મોંઢાની લબ મધમાં ચાટવી.

૪૭=ખડી માટે—સાબરસીંગાની ખાખ ૦। તોલો રોજ મધ સાથે ખાવી. ( હાથી દાંતની ભસમબી ચાલે. )

ખડી માટે—આંકડાના પાનનો રસ ૧ તોલો પોવો. પાનને પાણી સાથ છુંદી રસ કાહાડવો રોજ ૧ વાર રસ ૧ તોલો પીવો તેથી ઉળતી થઇ કફ પડશે. પછી ધીને ભાત ખાવું અથવા ઘી પીવું.

## ખાંસી-ઉધરસ-કફ-દમ

૧=ધક્કાની ખાંસી જેમાં બહુ ઢાંસ ચઢે } તે માટે—નાળીએરના સુકા ગોટાને કાનુ પાડી તેમાં ૧૦ તો. આબાહુળદ મુકે કાનુ પાછું પુરે.

એક હાંડલામાં બશેર પાણી નાખી તે ઉપર ઘાસનો માલો મુકે તે ઉપર સુકુ નારીએર મુકી તે હાંડલું ઢાંકે. હાંડલાની નીચે ઇંગાર કરે, પાણી બળી રહેને, નાળીએરના ગોટો પાકી રહે તેને બહાર કાહાડી ખરલમાં વાટી ૦॥ શેર ઘી મેળવવું. આ ચાટણુ ૧) તોલો સહવારે રોજ ખાવું

૨=ધક્કા ખાંસી જેમાં ઢાંસ બહુ ચઢતી હોય } તે માટે—૧૦) શેરડીના રસને ઉકાળી ગોળ જેવો બનાવવો, તેમાં ૧૦) તો. આબા હળદર, ૧) તો. એલચી, ૧ તો. કેસર, ૦॥ તો. જાવનત્રી, ખસખસના દાણા ૨॥ તો. તજ ૦॥ તો. જાયફળ ૦। તોલો એ બધાને મેળવી તેમાંથી એકેક રૂપીઆ ભાર સાંજ સહવાર ખાવું.

૩=ખાંસી મટે—મધ ૧ તોલો ગરમ પાણી ૪ તોલામાં મેળવી પીવું.

૪=ઉધરસ માટે—મરીનું ચુરણ ૦। તોલો મધ અથવા સાકેર સાથ ખાવું.

૫=ઉધરસ મટે—જેઠીમધનો સીરો, આમળા, વરીઆળી મીંઢી આવળ, તજ સાકર, સંભાગે લઇ એકેક વાલની ગોળી બનાવી, તે ગોળી મોંઢામાં રાગી રસ ગળવો.

૬=અજમો અને એલચી ચાવી રસ ગળવો.

૭=ખેરસાલ અને જેઠી મધની ગોળી મોમા રાખવી.

૮=આદુનો રસ મધ સાથ લીવો.

૯=મરીનું ચુરણુ મધ સાથ ચાટવું.

૧૦=હરડાં બેરાં અમળાનું ચુરણુ ૦॥ તોલો મધમાં ખાવું.

૧૧=ચણોઠીના પાન અથવા ધોડાવજ મોંમાં રાખતી.

૧૨=નવસાર ૨) ભાગ, લોબાન ૪) ભાગ કપુર ૧ ભાગ એની ગોળીઓ બનાવી સવાર સાંજ ખાંવી.

૧૩=આંફ્ણ માટે આદુનો રસ મધ સાથ પીવો.

૧૪=સુંઠ, મરી, પીપરનું ચુરણુ મધ સાથ ખાવું.

૧૫=જવખાર ૨ વાલ મધ સાથ લેવો.

૧૬=ફુળવેલી ફટકી અને સાકેર સંભાગે મેળવી તેમાંથી ૪) વાલ ખાવું.

૧૭=ધતુરાની રાંખ અથવા અધેડાનો ખાર ૨) વાલ મધ સાથ લેવો.

૧૮=મોર પીંછની ભસમ અને પીપરનું ચુરણુ મેળવી મધ સાથ વારંમવાર ચાટવું.

૧૯=નાગરવેલનું પાન ૧) અરડુસીનું પાન ૧) દર ૩ કલાકે ખાવું.

૨૦=ખાંસી, કફ માટે—પકાવેલી ધામાણુ એક વાલ ઘી અને સાકેર સાથ ખવાડે છે.

૨૧=ઉધરસ—મરી અને બેડાંનું ચુરણનું સેહેવન કરવું.

કોઇ દરદીને ખાંસી ઘણી જોરથી આવે, ખાંસી સુકી હોય ગભા પડે નહીં તેવા દરદીને ધંતુરાની બીડી બહુ માફક છે.

૨૨=જવખરતી ગોળ સાથે ગોળી બનાવી મોંહમાં રાખવી.

૨૩=અજમો અને એલચી ચાવી ચાવીને ખાવામાં લઈએ તો ઉધરસ મટી જાય.

૨૪=ફુફરીઆ થુવરનો ૧ કટકો ભેભટમાં ભુંજી તેનો રસ કાઢી ૨॥ તોલા રોજ સવારે પીવો.

૨૫=થુવરના લાલ દીંડવા એ ભેભટમાં ભુંજી ખાય તો ખાંસી નરમ પડે.

૨૬=ખાંસી તથા હાંફણુ—ટંકનખાર ખાવાના પાન સાથે અપાય છે.

૨૭=કાદલીવર આઇલની માફકજ કોપરેલનું તેલ ગુણ ધરાવે છે. પણ પીવામાં તે સહેલથી હજમ થતું નથી.

ખાંસી જુની—એ દરદીની છાતીએ કોપરેલ મસળે છે. અને પીવામાં આપે છે.

૨૮=ખાંસીની ગોળી=પીપરભેરવી ગુટીકા—ટંકનખાર, સુંઠ, મરી, પીપર સંભાગે મેળવી નાગરવેલનાં પાનના રસમાંગોળી કરી ખાવી.

૨૯=ખાંસી તથા મરડા માટે દાડમની છાલ ખાવામાં અપાય છે.

૩૦=ખાંસી માટે—સંભાગે જેઠીમધ, મરી, માકેરની ગોળી ૧ વાલની બનાવી આપવી.

૩૧=ખાંસી હાંફણ માટે—ખજુર શેર ૦।, સાહજી તોલા ૩) મેળવી તેની ગોળી કાચકા જેવડી વાળી સવારે રોજ એક ખાવી.

૩૨=ખાંસી, દમ—આંકડાના પાંતરાં ઉપર છારી બાઝે છે તે જુના ગોળ સાથ લપેટીને ગોળી કરવી ને તેમાંથી ૧ ચણા જેટલી ખાવામાં લેવી.

૩૩=ખાંસીની ગોળી=આંકડાના ફુલ, ધંતુરાના બી, મરી, લવંગ ગોળ સરખે ભાગે મેળવી, તેની મરી જેવડી ગોળીઓ બનાવી એકેક ગોળી દીનમાં ૪, વાર ખાવી. તેથી ખાંસી મટી જાય છે.

૩૪=ખાંસીની ગોળી—આંકડાના ફુલ, અજમો, સીંધાલુણ, મરી સરખે ભાગે લઇ, મધ સાથ મેળવી, ચણા જેવડી ગોળીઓ બનાવી તેમાની ૧ ગોળી દીનમાં ૩ વાર લેવી. અથવા આંકડાના ફુલ, કાથો, લવંગ, સંભાગે મેળવી ચણા જેટલી ગોળી બનાવી રોજ ગોળી ૩ વાર ખાવી.

૩૫=અરડુશી, હળદર, ધાણા, ગળો, કાંસુદરો, પીપર, સુંઠ, ભોંયરીંગણી એ દરેક તોલો અડધો મરી ૦। તોલો એનો કાઢવો બનાવી પીવો.

૩૬=અંકોલની છાલનો ભુકો ૧થી ૩ વાલ મધ સાથ મેળવી દીનમાં ચારવાર ખાવો.

૩૭=અજમો અને એલચી ચાવીને ખાવામાં લઇએ તો ઉધરસ મટી જાય.

૩૮=ઉધરસ, કફ, દમ—એને માટે તમાકુના ડાંખળાંની રાખ વાલ ૨ મધ સાથે ખવાડે છે. તેથી આ વ્યાધી દુર થાય છે. તમાકુમાં જવખાર રહે છે. તમાકુની ડાંખલીઓ બાળવાથી કેટલી વસ્તુ ઉડી જાય છે અને જવખાર રહે છે. એ જવખાર ગુણકારી છે. વિલાયતી પોટાસ કારબોનસ જો આ મુજબ લેવામાં આવે તો તે પણ ફાયદો કરે છે.

૩૯=ઉધરસ નાશ પામે—આકડાના મુળમાં ચોથે હીસ્સે મરી તો ઉપલી દવા તે ગાંઠને તોડી રૂતુ લાવે છે.

૪૦=આદુનો રસ ૦॥ તોલો મધમાં મેળવી રોજ ૩) વાર પીવો.

૪૧=ખસી મટે—ધંતુરાના પાન, મુલ, છાલનું ચુરણ સુંઘવામાં લેવું.

૪૨=ખાંસી, હાંફણ, ખફી માટે ઘણો જાણીતો ઇલાજ—જીનજોટાના બી (જે કપડાંને લાગે તો વળગી રહે છે) ની રાખ એથી ચાર વાલ મધમાં મેળવી દિવસમાં બે વાર ભુખે પેટે ખાય, જીનજોટાનો આખો છોડ એ કામ માટે વપરાય છે.

હાંફણ માટે જીનજોટાની રાખ, નીપાળાની છાલની રાખ, પીપર, ગોળ, સંભાગે લઇ તેમાંથી ૦। તોલો રોજ બે વાર ભુખે પેટે ખાએ.

૪૩=ખાધેલું પાચન થાય, બાળકની ખાંસી મટે—જેઠીમધ, ગુંદર, સાકર, કડીઓ ગુંદર દરેક ૪ તોલા, કેશર ૦॥ તોલો, મરી ૦॥ તોલો, ઘઉંનું દુધ બે તોલા મેળવી ચોલાઇની ભાજીના રસમાં તેની ટીકરી બનાવી તે ખાવી. તુઅરની દાળ, દુધ, દહીં, માખણ, ઘી ન ખાવું ઘીની જગાપર બદામનું તેલ વાપરવું

૪૪=હાંફણુ અને ખાંસી માટે—બેહડાં અને જવખાર સંભાગે મેળવી ચણા જેવડી ગોળી બનાવવી, તે ગોળી મોંઢામાં રાખી ચુસ્યા કરવી. રાત્રે જરૂર એક ગોળી મોંઢામાં રાખી રસ ગળવો.

૪૫=૧ વાલ ફટકી રોજ ઘણા દીવસ મધમાં ખાવી.

૪૬=બદામનું તાજું તેલ ૦। તોલો, જેઠીમધનો સીરો ૩ વાલ રોજ સહવારે ખાવો.

૪૭=બોરસરીના ફુલનો ગુલકન બાળકને ખવાડે.

૪૮=જવખાર અને બેહડાનાં ચુરણની ગોળ સાથે ગોળી બનાવી તેનો રસ ગળીઆ કરે.

૪૯=હેડકી, ખાંસી, બચ્ચાંને માટે—ટંકનખાર ફુલવેલો ૧ વાલ મધ સાથ રાત્રે સુતી વેળા આપવો.

૫૦=કુકડીઆ ખાંસી માટે—કાંટા સળીઆની છાલનો ઉકાળો પાવો.

કપુર રતી એક મધ સાથ રોજ ૩ વાર ખવાડવો. ફટકડી ૧) થી ૨) વાલ મધ સાથ રોજ ૩ વાર ખવાડવી.

લશણનું તેલ બાળકની છાતીએ અને બરડાની કરોડ ઉપર મસળવું.

પપાઇનું દુધ ૧૦) ટીપા ચટાડવું.

કીરમાની અજમો પાણી સાથ ૧) ચોખાપુર ખવાડવો.

૫૧=હુપીંગકફ—બચ્ચાંઓને ઉડતી ગુંચની ખાંસી—આ ખાંસી ઘણે ભાગે અગરો જાય છે. સાથે રમતા બધાં બચ્ચાંઓને આ ખાંસી ઉડે છે. આ ખાંસીથી એવી ગુંચ આવે છે કે ખાધેલું ઓકી કહાડે છે, એનો ઉપાય નીચે મુજબ છે—૧ તોલો ટનકનખારને છાણમાં અથવા ચોખાના આટાના ગોળામાં દાબી, તેની આસપાસ છાણા મુકી સળગાવી દેવો; આખરે એક તોલાનું વજન ઘટી ૦। તોલો થઇ જાય છે. આ ખાર એક વાલ લઇ મધ સાથે મેળવી, પાછલી રાત્રે બચ્ચાંને ખવાડવો. આ મુજબ ચાર દીવસ ખાવાથી ગુંચની ખાંસી મટે છે.

૫૨=હડકીની ખાંસી માટે કુતરીઆ ઘાસના ફુલને બાળીને ૧ વાલ મધમાં મેળવી ચાર દીન સુધી રોજ ૩ વાર ખવાડે.

૫૩=હડકીનો ઠાંશો, ઉતીઆનો ઠાંશો, કુકરીઆ ખાંસી માટે જીનજોટાના રસમાં હળદર ઘસીને બાળકને ૩ વાર રોજ પાવી.

ઉટાંટીઉં, કુકડીઆ ખાંસી—જેઠીમધનો શીરો ૧) તોલો, કાકડાસીંગ માસા ૩), અતીવીસ અપીંચુ દરેક માસો ૧), આદુના રસ અને મધમાં મેળવી ચીનીબોર જેવી ગોળી બનાવવી તે પાણીમાં ઘસી બાળકને પાવી.

૫૪=જુની ખાંસી મટે—દુધ દોહવાના વાસણમાં હળદરના ગાંઠીઆ ૧૨) મુકવા. તે ઉપર ગાયનું દુધ દોહવું. તે દુધને ગાંઠીઆ સાથ ગરમ કરવું. તેમાં જરા દહીં નાખી, તે દુધનું દહીં બનાવવું. પછી તેની છાસ તાણવી. છાસમાંથી હળદના કટકા કાહડીને કમરકાકડી ( પબડી ) જેવા કટકા કરવા તેમાંના ૭ કટકા દરદીએ રોજ ખાવા.

૫૫=ખાંસી સરદીની મટે—શેરડીને ૧) કલાક ભેભટમાં રાખીને ખાવી.

૫૬=સાબરસીંગાની ખાક બને—અંદુમરી (સીતાફળીનું ઝાડ) ના પાન છુંદી તેમાં સાબરસીંગુ મુકે. તેને છાણા વચ્ચે મુકી સળગાવે; અથવા કપાસના રસમાં પુટ આપી બાળે.

ખાંસી માટે—સાબરસીંગાની ખાક અકસીર છે.

૫૭=હાંસો, સાહસ, દમ, મટે—સુનામખી પાનમાં મુકી ૪૦) દિવસ ખાએ.

૫૮=કફ=ઉધરસ મટે—કુમારનો રસ ૦।। તોલો, સીંધવ બે વાલ, હળદર બે વાલ, મધ સાથે મેળવી રોજ ૩ વાર ખાય.

૫૯=ખાંસી ગરમીની, વરીઆળી અને સાકર મોંમા રાખી રસ ગળવો.

બાળકને કફ=પકાવેલું સમુદ્રફળ ૨ વાલ જેટલું પાણીમાં ઘસીને આપવું, ઉલતી થશે ને ફાયદો જણાશે.

૬૦=ઉધરસની ગોળી—લવંગ, સફેદ મરી, બેહરાની છાલ અથવા ગર દરેક ૧ તોલો, ખાવાનો કાઠો તોલા ૩) એનું ચુરણ કરવું. બાવળની અંતર છાલ ૧૦) તોલાને ૧ શેર પાણીમાં નાખી ઉકાળવું. ૦।। શેર પાણી રાખી તેમાં ઉપલું ચુરણ ૧ કલાક ખરલ કરવું. અને ચણા જેવડી ગોળી બનાવી એકેક ગોળી મોંમા રાખી રસ ગળવો. તરત ખાંસી નરમ પડે છે.

૬૧=બચ્ચાંને ખાંસી=દમ—વાંચલોચનનું ચુરણ મધમાં આપવું. અથવા વાંસનો ગાંઠ ઘસી પાવો.

૬૨=બચ્ચાંને ખાંસી માટે—વાંસલોચન અને વાંસકપુર દરેક ાા વાલ મધ સાથે મેળવીને ખવાડવું.

૬૩=ખાંસી માટે ઘોડાવજનો કટકો મોંઢામાં રાખે. તે કફ લોજનઝેસનું કામ કરે છે. (એની ટીકરી બનાવી વાપરી શકાય છે.)

૬૪=ઉધરસ માટે—હળદરને સેકી, રાત્રે સુતી વેળા, મોંઢામાં રાખીને, રસ ગળવો.

૬૫=ખાંસી—હળદર સેકીને સુતી વેળા ચાવી ખાએ.

૬૬=ખાંસીની ગોળી—હીરાબોર, અફીણ, સીલારસ સરખે ભાગે મેળવી મગ જેવડી ગોળી કરી ૯ ગોળી રોજ ખાવી. ઉપાય ઘણો સારો છે

૬૭=ખાંસી બાળકની મટે—કાસુંદરાના ૧ પાનને માતાના દુધમાં મેળવી ૩ દિવસ બાળકને પાય તો ખરાબ ખાંસી બંધ પડે.

૬૮=ખાંસીની જડ જાય—ખસખસના પોસ ાા તોલો, સુંઠ ાા તોલો, ધાવરીના ફુલ ા તોલો, પાણી શેર ૬ને ઉકાળી એક શેર રાખે તેમાંથી બે તોલા ઉકાળો રોજ ૩ વાર પીએ.

૬૯=ખાંસી, મરડો—ખાંસી તથા મરડા માટે દાડમની છાલ ખાવામાં અપાય છે.

૭૦=ખાંસી માટે—બાવળની કુંમળી પાલી છુંદીને તેનો રસ ખાંડ સાથ મેળવી સહવાર સાંજ પાવો.

૭૧=ખાંસી માટે—ભોંયરીંગણી તથા અદુસાનો ઉકાળો પાવો. એકલો ભોંયરીંગણીનો ઉકાળોબી ચાલે છે. અથવા ભોંયરીંગણીની જડ મોઢામાં રાખી ચુસે તો ખાંસીને જરૂર ફાયદો થાય.

૭૨=ખાંસી બચ્ચાંની માટે—મધ અને સેરડીનો સરકો સાથે મેળવીને તેમાંથી અરધી ચમચી બચ્ચાને દીવસમાં ત્રણ વાર પાવી.

૭૩=ખાંસી અને સળેખમ માટે—મરીચ્યાદી ગોળી—મરી, જવખાર, પીપર, દાડમની છાલ સંભાગે મધ સાથે મેળવી ચણા જેવડી ગોળી બનાવી મોઢામાં રાખીને રસ ગળવો.

૭૪=દમ=સાસ, ખાંસી—લીંડી પીપરનું ચુરણુ ૪ વાલ મધ સાથ ખાવું.

૭૫=ભોંયરીંગણી—કનટાકરીના છોડના પાંદડાં કાંટાવાળાં અને ફળ પીળાં બોર જેવાં છે. તેની અંદર બી રહે છે એના બી તથા પાંદડાંને તેલમાં ઉકાળી તેલ બનાવે છે. તે તેલ પીવાના તેમજ ચોપડવાના કામમાં આવે છે.

હાંફણુ=ખાંસી માટે આ તેલ પીવાના કામમાં આવે છે અને ચાંઠા, વીગેરે ચામડીના દરદ માટે મસળવામાં વપરાય છે.

૭૬=ખાંસી—ભોંયરીંગણીના મુળીઆનો ઉકાળો, ખાંસી માટે પીવામાં આવે છે. ખાંસી અને હાંફણુને માટે આ આખો છોડ ઘણો જાણીતો છે.

૭૭=ખાંસી માટે મધ શેર ૦। તથા પાણી શેર ૨ એને એક વાસણમાંથી બીજા વાસણમાં ૫૦ વાર નાંખવું તેમાંથી પાંચ તોલા દીવસમાં ૩ વાર પીવું. આ રીતે બનાવેલું મધપાણી ખાંસીને ફાયદો કરે છે.

૭૮=સાસ, બેન, દમ મટે—સેકટાના ઝાહડને કોતરી અંદર અજમો ભરવો અને તે ગાબડું પાછું પુરી દેવું. ૪ માસ પછી અજમો બહાર કાઢી તેનું ચુરણુ ૦।। તોલો રોજ બે વાર ખાવું.

૭૯=ખાંસી ધાવતાં બાળકને હોય તે માટે—૧ એલચી; ૧ લવંગ, લવંગના વજન જેટલો અજમો, આ ચુરણુને ચેવલી પાનમાં મુકી બીડી બનાવવી. ૧ તોલા પાણીમાં આ બીડી ઉકાળવી. પછી તેજ ગરમ પાણી અને બીડીને વાટી તેનું પાણી ગાળી લેવું તે પાણી બે આની ભાર બાલકને દીવસમાં ૩ વાર પાવું. અને તેનો ફુંદો બાલકની માતાને ખવાડવો.

૮૦=ઉધરસ મટે—ઈંધરવાણીના ફળમાં મરી ભરે અને તે ફળને સુકવે. અંદરના ૭ મરી અને સંભાગે પીપળ મેળવી મધ સાથ ખાય.

# ખુજલી-કીડ-ખસ.

૧=ખુજલી—કાચ લાગી ખુજલી થાય તો ફુદનાનો રસ લગાડવો.

૨=કીડ માટે—બાવળની છાલનું પાણી કિકાળવું (૧ ભાગ છાલ ને ૭ ભાગ પાણી) તે મસળવાથી કીડ નરમ પડે.

૩=ખસ અને શરીરમાં થતી દાહ સારી થાએ—ભોંપાતરીના પાન ૧) તોલો પાણીમાં વાટી, ગાળી સાકેર નાખી પીવુ. આ દીનમાં ત્રણવાર ત્રણ દીવસ પીવું. સખતમાં સખત ખસ મટે છે.

શરીર બળતી દાહ માટે—ભોંપાતરીનો રસ ૧) તોલો પીવો.

૪=ખુજળી માટે મરઘીની ચરબી અને સરકો લગાડે તો ખુજળી મટે.

૫=કીડ નરમ પડે—બાવળની પાલી છુંદી કીડ ઉપર લગાડવી, તેથી કીડ નરમ પડે છે.

૬=સુકી લખડસ=કીડ મટે—અરીઠાનું રીણુ ઘીમાં મેળવે. દરદી તડકે બેસી તે ઘી મસળે અને પછી થંડા પાણીથી નાહેવું.

૭=ખુજલી ગોળીપર હોય તે માટે—કાથો પાણીમાં મેળવી તેનો ઘસાડો ગોળીપર મસલવો.

૮=ખુજલી માટે—સમુદ્રફીણ લીંબુના રસમાં બોળી ભુંજવું. આ મુજબ સાતવાર ભુંજીને તેનો ભુકો ખુજલીપર મસળવો.

૯=સુકી ખુજલી માટે—સરપંખાની કુમળી પાતરી તોલા ૨ સુધી પાણીમાં વાટીને ગાળીને દીન પંદર પીવી.

૧૦=ખુજળી માટે—લીંબુનો રસ તલના તેલની સાથે સંભાગે મેળવીને મસળવું.

૧૧=ખુજળી માટે—સરકો અને મીઠું તેલ મેળવીને મસળવું.

૧૨=ખુજળી માટે—સુખડનું તેલ લીંબુના રસ સાથે સંભાગે મેળવી લગાડે છે. નરમ મીજાજવાળા દરદીને આથી તાપ આવી જાય માટે મીઠું તેલ સાથે સંભાગે લેવું.

કીડ અને લુંખસ માટે—સુકા આમળા ૨) તોલાને ૧) શેર પાણીમાં ઉકાળે અને પા શેર પાણી રાખે તેમાં ગાયનું ઘી ૧।। તોલો, સરસીઉ તેલ ૦।। તોલો, સીંધવ ૦। તોલો, મેળવી શરીર પર લગાડી ૦। કલાક તડકે બેસે. આ મુજબ ૭) દીન ચાલુ રાખે.

# ખીલ.

૧=ટંકણખાર, ગુલાબ જળમાં મેળવી લગાડવો. ગોરોચનદન અને મરીનો લેપ કરવો.

કપીલો અને હીરાદખણ ઘીમાં વાટે ને લગાડે.

સુખડ પાણીમાં ઘસી લગાડીઆ કરે, સુકાયને ફરી ફરી લગાડે, અથવા ચારોળી વાટીને રાતરે રોજ લગાડવી.

૨=ખીલ થાય તે માટે—એલીઆની ગોળી વટાણાં જેવી જુલાબ માટે વારંવાર લેવી.

૩=ચકલીનો આધાર સુકવી પાણી સાથ મેળવીને ખીલપર ચોપડે તો ફાયદો થાય.

૪=જીરાંને પાણી સાથ ખુબ વાટીને ખીલ ઉપર લેપ કરવો.

૫=નાળીઅરનું દુધ કાળી જીરી સાથે મેળવી ખીલ ઉપર લગાડે છે. તે ચામડી સુવાળી કરે. મોંઢા ઉપરના ખીલ નરમ કરે, મોંઢા ઉપર કરચળી થતી અટકાવે છે. મીલ્ક ઓફ રોઝીસ જેવું છે. વેલાતી મીલ્ક ઓફ રોઝીસનું કામ ઘણા ઓછા પઇસામાં થાય છે.

૬=ગળવેલનો સત્વ વાલ ૪ મધ સાથે દીવસમાં ત્રણ વાર ખાવો.

૭=ચણોટી, સંચળ ખાર સાથ વાટી લેપ કરવો.

૮=ખીલ માટે દરાખના ઝાડને બાળી રાખ સરકા સાથે મેળવી લગાડવી.

૯=મોઢાના ખીલ માટે તલના જુના ખોળને ગોમુત્ર સાથ મેળવીને લગાડવાં.

કાળી દરાખ વાટીને લગાડવાથી ખીલ મટે છે.

૧૦=જાયફળ દુધમાં ઘસી ખીલપર લગાડે.

૧૧=ખીલ મટે—મીંઢળના બી પાણીમાં ઘસી લગાડે.

૧૨=ખીલ મટે—લવંગને પાણીમાં ઘસી ખીલપર લગાડે.

૧૩=ખીલ—સમુદ્રફીણ પાણીમાં વાટી ચોપડવું.

૧૪=મોઢાના ખીલ માટે—સરકો ૩ ભાગ, મધ ૧ ભાગ મેળવીને મોઢે લગાડે.

૧૫=ખીલ મોઢાંના સારા થાય—કડવા વાલનો આટો સરકામાં મેળવી લગાડવો.

૧૬=ખીળ મોઢાના માટે—બદામનું કોટલું અને પાણીનો કુચો બસરઈ એઓને પાણીમાં ઘસી લગાડે.

# મોંઢાના ખીલ.

ખીલ—બાળગાતુંખમનો બારીક ભુકો, ઇંડાની સફેદી સાથે મેળવી ખીલ ઉપર લગાડવો, ખીલ ફોડવા જોઈએ નહીં. ખીલ ફોડવાથી તેની રસી બીજીગમ લાગે છે અને નવા ખીલ વધે છે.

૧૭=મોંઢાના ખીલ તથા મસા સારા થાય—ભેંસના કાનનો મેલ લીંબુના રસમાં ઉનો કરી ખીલપર લગાડે તો ખીલ સારા થાય.

૧૮=મોંઢાના ખીલ માટે મરઘીના એંડાના કોટલાંની રાખ તથા હાડકા બાળીને તેની રાખ સરકા સાથે મેળવી લગાડે.

૧૯=ખીલ—માટે ચીની બોરની રાખ પાણી સાથે ચોપડવી.

૨૦=ખીલ મોંઢાના—મરી અને ગોરૂ ચંદન પાણીમાં ઘસી લગાડે તો ખીલ મટે.

૨૧=ખીલ માટે—માયુફળને ચોખાના ધોવાણમાં ઘસીને ચોપડે તો ખીલ મટે.

૨૨=ખીલ મોઢા ઉપરના મટે—નાક ઉપર અથવા મોઢા ઉપર ખીલ થાએ છે તેને દાબે તો અંદરથી પરૂ અથવા બીઓ નીકળે છે ઓરતને દસતાન પેદા થાએ અને મરદને વિર્ય પેદા થાએ ત્યારે ખીલ થાએ છે. એ જુવાની શરૂ થવાની નીસાની છે, એના ઇલાજ મઠનો આટો સરકામાં મેળવી લગાડવો. મરઘીના એદાંના કોચલાં અથવાં હાડકાની રાખ અથવા દરાખના ઝાહાડની રાખ મો ઉપર લગાડવી,

# ખોરો—માથામાં ખોરો—નીખ.

૧=ખોરો અથવા માથાના ફુલ્લા—ધાનાને સરકામાં વાટી માથે લેપ કરવો.

૨=ખોરો નિકળે અને જુ મરે—દરીઆના પાણીથી શરીર ખુબ ચોળીને નાહવું. કુવાના પાણીમાં મીઠું નાખીને ઉપર મુજબ કરે તોબી ફાયદો થાય.

૩=જુ, ખોરો અને નીખ—પારાનો માખણીઓ મલમ અને માખણ સંભાગે મેળવી લગાડવો.

૪=માથાનો ખોરો—માથાની જીણી ફુલ્લી—બકરીની લીંડ વાટીને માથે ચોપડવી. તેથી ફુલ્લી સારી થાય છે.

# ( બાળકને ) ખુંધ નીકળે.

૧=દોરી પકડાવી હીંચકા ખવાડવા.

૨=આંસુદરાના મૂળ ૦ા તોલો પાણીમાં ઉકાળી ૨) વાલ ગુંગળ મેળવી રોજ પાવું.

૩=ત્રીફળાંનો ઉકાળો, ગુગળ મેળવી પાવો.

૪=ખુંધ બાળકને હોય તે માટે—આંસોદરા ઝાડના મુળની છાલ ૦ા તોલો દરરોજ ઉકાળી તેમાં ૧ થી ૨ વાલ ગુંગળ નાખી પાવી, ઉપલા કાઢવાથી લોહીનો સુધારો પણ થાય છે.

# ખોરાક

### ખોરાક શકતી વધારવા માટે

૧=શકતી આવે—ઘઉંનો દળ ખાવાથી શરીરે શકતી વધે છે.

૨=ચોખાનો ખોરાક બધા ખોરાકમાં સારો છે. ચોખા જુના જોઇએ, નવા ચોખા ખાવાથી કેટલાક માણુસોના પેટ આફળાઇ આવે છે.

જુના ચોખા સરવેને માફક છે. સીક માણુસને માટે અચ્છો ખોરાક છે. તેને પકવવાની રીત નીચે મુજબ છે.

ઓસાવેલા ચોખા દરદીને માફક આવે છે. ઓચા પાણીમાં ઓસાવવાથી ચોખાનો કેટલોક કસ નીકળી જાય છે માટે એક શેર ચોખા ઓસવવામાં ચાર શેર પાણી જોઇએ. ચોખા વાસણના તળીઆમાં બેસે ત્યારે તૈયાર થયેલા સમજવા. ત્યારે પાણી ઓગાળી કાઢવું અને ઘી નાખો ચોખા અંગારે રાખવા ઓસાવવામાં પાણી વધુ લેવાથી ચોખા બગડતા નથી, અને કસ નીકળી જતો નથી, નવો ચોખો સરદી કરે છે, જેમ જુનો ચોખો તેમ ખાવામાં સારો. દરદી માટે જુના સાઠી લાલ વરીના ચોખા વધું સારા. ચળકતા કરેલા ચોખા કરતાં ઓછા છડેલા કુસકીવાળા ચોખા દરદીને ખાવામાં સારા છે.

## અડદ. ( ૧ જાતનો અનાજ )

| | |
|---|---|
| ૩=પુષ્ટીકારક= વીર્ય વધારે= માઉંસ વધારે= દુધ થાનમાં વધારે= | અડદનો આંટો શેર ૦ા લઇ ઘી ૨) તોલામાં સેકીને પછી મધમાં મેળવી ૨) તોલાં ૨૧ દીન ખાવો, |

એમાં છોલેલા કવચા ઉમેરવાથી ગુણ વધે છે.

૪=ખોરાક તરીકે કેળાં—કાચાં કેળાંની છાલ કહાડી નાખી બારીક તેનું ચુરણ બનાવે. તે ચુરણ જલેબી, પુરી અને સીરો બનાવવામાં ખપ લાગે છે. આ ચુરણ દુધમાં ઉકાળે તો આરારૂટની માફક દુધને ઘાટું કરે, અને ખોરાક તરીકે બાળકને અપાએ.

### ખોરાક ખાવામાટે પતરાવળી.

૫=ખાખરાના પાનની પતરાવલીમાં જમવાથી ફાયદો છે, કેટલાક હીંદુઓ ચોમાસાની રૂતુમાં પોતાનું ભોજન ખાસ પતરાવલીમાં લીએ છે.

શરદીવાળાં પાકવાનો ખાખરાના પાનપર ખાવાથી અને ગરમીવાલાં પક્વાનો કેલના પાતરાંપર ખાવાથી ફાયદો થાય છે.

ઉંચ-થાતીના ભોજન કેલના પાતરામાં ખાવાથી શરીરે નુકશાન પહોંચે છે. પતરાવલીમા ભોજન લેનારઓ કેલના પાતરાંપર ભોજન લીએ તે સુધારો કહેવાય નહીં

૬=છાસ—દુધની છાસ બને છે. જેનો ઉપયોગ દેશી વઈદુ બહુ વખાણે છે, હવે અંગ્રેજી વઇદું તેને વખાણવા લાગ્યું છે. છાસ પીવી એ ઘણી ઉમદા અને તનદુરસ્તીને ફાયદો આપનારી છે. ખોરાક પાચન કરે છે, ભુખ લગાડે છે અને શરીરમાં ચરબી વધારે છે. એ પુસ્ટીકારક ખોરાક છે.

દુધનું દહી બને છે—દહી બનતાં તેમાં લેકટીક એસીદ પેદા કરે એવા જંતુઓ થાય છે અને તે જંતુઓ આંતરડાના બીજા જંતુઓ જે ખોરાકને કોહવડાવે છે અને પેટમાં બગાડ કરે છે તે જતુઓનો નાશ કરે છે. અને આ ક્રીઆથી દહી પાચન શકતી વધારે છે અને શરીરે ફાયદો કરે છે.

દહી બનાવતાં દુધને ઉકાળવું જોઇએ તે દુધમાં જરા દહી નાંખવાથી તાજા દુધનું દહી બને છે. તાજું અને મોળું દહી વધારે ગુણે આપે છે કારણ કે લેકટીકએસીદ પેદા કરનારા જંતુઓ તે વખતે દહીમાં ઘણા હોય છે. પણ જેમ દહી જુનું અને ખાટું થાય તેમ તેનો ગુણ ઓછો થાય છે કારણ કે લેકટીક એસીદ પેદા કરનારા જંતુઓ ખટાસથી ઓછા થઇ જાય છે;

આ મુજબ તાજાજ દહીની બનાવેલી ચોખી છાસ ઘણી ઉપયોગી છે. સાધારણ વેચાતી છાસ દરદીને નુકસાન કરે, આ વાત ધ્યાન પર જરૂર રાખવી.

લેકટીક એસીડ દવા તરીકે એકલી લેવાથી છાસના જેટલો ગુણ જણાતો નથી. કારણ કે લેકટીક એસીદ આતરડામાં જાય તે અગાઉ તે શરીરમાં પચી જાય છે અને નશકારક જંતુઓ જે આંતરડામાં છે તેને મારવા માટે તે જગાએ પહોચી શકતી નથી. દહીમાં અને છાસમાં એવું છે જે તે પેટમાં જવા પછી આંતરડામ લેકટીક એસીદ બનાવે છે અને તે એસીડ ત્યના ખરાબ જંતુઓનો નાશ કરે છે. જ્યારે છાસ દવા તરીકે શરીરના સુધારા માટે લેવી પડે ને વખતે ગોસ અને ચરબીનો ખોરાક ન લેવો પણ થોડા દીવસ હલકો ખોરાક લેવો. કેટલાક દરદીને છાસ પીવાથી આહડાનો બગાડ થાય છે કારણકે છાસમાં કેળસીઅમ ફોસફેટ આવે છે.

બચ્ચાંને દુધ જરપત ન થાએ તો દુધ ઉકાળતી વખતે જાયફળનુ અરધું ફાડચું સાથે ઉકાળવામાં લેવું તે ફાડચુ પાણીથી ધોઇ સાફ કરી મુકવું. દર વેળા દુધ ઉકાળતી વેળા તે ફાડચું વાપરવું. ભેજાને સાટી આપવાનો તેમજ ઉંઘ લાવવાનો ગુણ જાયફળમાં છે.

૮=ચાહ રીત સર પીવામાં આવે તો તે ઘણો સારો ખોરાક છે પાચણ શકતી વધારે છે, શરીરે ગરમાવો લાવે છે અને ઠાક ઉતારે છે.

ચાહ બનાવવાની રીત—ચાહને કોરા વાસણમાં નાંખવી ચીનાઈ કોરીનું વાસણ હોય તે વધારે સારૂં તે ઉપર ઊકળેલુ પાણી નાંખવું. પાંચ મીનીટ રહેવા દઇ છુંછો ગાળી નાખવો. પાણી

ઘણું ઉકાળવું નહીં. પાણી ટાંકાનું કે વરસાદનું અથવા મીઠા કુંવાનું જોઇએ. ખારવાલું પાણી ચાહના સ્વાદ બગાડે છે.

ચાહના પાંદડા ગરમ પાણીમાં ઘણો વાર રહેવાથી ટેનીક એસીડ, કેફીન વગેરે ખેંચાઇ આવે છે. જે ભુખ મારી નાંખે છે, માથુ તપાવી મુકે છે, બુદ્ધી ઓછી કરે છે, ખરૂં ખોટું પારખવાની અકલ ગુમ કરે છે.

ચાહની ખાસીયત ગરમ છે જ્યારે શરીરમાં ગરમી જોઇએ ત્યારે પીવામાં ફાયદો છે. આપણા દેશમાં ચાહ પીવી એ મોટાઈ ગણાય છે. જેમ વધુ વખત ચાહ પીવાય તેમ મોટાઇ સમજાય છે.

પીવામાં ચાહ ગરમ સ્વભાવની છે. ચાહ ઘણી ગરમ પડે તો ખાંડ, દુધ, નાંખી તેનો ગરમાવો ઓછો કરીને મોટાઇ માટે ચાહ પીવાય છે.

ચાહની ખાસીયત ગરમ છે. જ્યાં ગરમી જોઇતી હોય ત્યાં પીવામાં આવે તો તે વાજબી છે, પણ સખત તાપના દીવસમાં જ્યારે શરીર બલતું હોય ત્યારે ખરે બપોરે બે ત્રણ વાગે ચાહ પીવી એની મતલબ સમજાતી નથી ચાહની ટેવ અફીણની ટેવ મુજબ પડે છે જો ચાહ મુકી દેવા ઇચ્છતા હો ત્યારે તેને બદલે નીચે મુજબ પીવું.

ચાહ—તુલસીના તથા બીલીના પાંદડાં અને તજ એની ચાહ બનાવી પીવાથી ચીનાઇ ચાહની ગરજ સારે છે.

૯=દરદીનો ખોરાક—કેળાં પાકાં એલચી સાથ શું'દી રોટી સાથ ખવાય છે. ઘઉં કરતાં વધુ તત્વ એમાં છે. ઘઉં કરતાં તે જલદી પચે છે. રોગી માટે તે ઉમદા અન્ન છે.

૧૦=ખોરાક-કેળાને સુકવી ભુકો કરી મેલીન્સફુડની માફક પાણી અથવા દુધ સાથ ખવાય છે. પુષ્ટીકારક છે. બચ્ચાંને બહુ માફક છે.

૧૧=પુષ્ટીકારક ખોરાક-અધકાચાં કેળાંને ભુંજી તેનો આટો બનાવી દુધ સાથ ઊકાળી ૭ દીવસ ખવાડે તો શરીરે પુષ્ટી આવે.

૧૨=ખોરાક—જુરી જુવારના પોંહોખ ખાવાથી શરીરે શક્તી વધે.

૧૩=સૌથી સારો પુષ્ટીકારક ખોરાક—ગાયનું દુધ ગરમ કરી તેમાં ૦ાા તોલો ઘી અને ૦ાા તોલો સાકર નાખી રોજ બે વાર પીવું.

૧૪=દુધ જલદી બગડે નહી—જો લાલ રંગની બાટલીમાં દુધ રાખે તો ઘણો વખત સારી હાલતમાં રહે. અથવા દુધની બાટલી લાલરંગના કપડાંથી વીટાળી રાખે તો ૧૦ કલાક સુધી દુધ બગડે નહીં.

૧૫=તાજું દોહેલું દુધ પીવામાં પુષ્ટીકારક અને જલદી જરપત થાય તેવું હોય છે.

થંડું દુધ ગરમ કરીને પીવું એટલે ૧૨૫ દીગરી જેટલું અથવા પી શકાય એવું ગરમ કરવું.

ઉકાળેલું ૨૧૨ દીગ્રીવાળું દુધ પીવામાં ખોરાક તરીકે નબળું છે, ગુણ ઓછો આપે છે.

દુધ ખુલ્લું, ઉઘાડું ન મુકાય એવું કહેણ ચાલે છે તેનું કારણ એવું કહેવામાં આવે જે, ગલોડી જાનવર દુધમાં પોતાનો અધાડ નાખે. તે અધાડ ઝેરી હોવાથી તે દુધ પીનાર દુખી થાય. દુધ ખુલ્લું ન રાખવાનું સંગીન કારણ એ છે જે. શરીરપરના કોહોવાટની તેમજ ગટરની ગંડકી અને ખરાબ હવા ચુસી લેવાની શક્તી દુધમાં છે. તેથી કોહવાટના તેમજ ગટરના જીવજંતુ દુધમાં ખેંચાઇ આવે છે. તેથી ઉઘાડું રાખેલું દુધ પીવાથી પીનારને તાવ ચઢી આવે છે અથવા બીજી કોઇ બીમારી લાગુ પડે છે.

૧૬=શક્તી વધે—બીજોરાનો મુરબ્બો ખાવાથી શક્તી વધે. શરબત બનાવી પીએ તેથીબી શક્તી વધે. મુરબ્બો બનાવવાની રીત— એક વાસણમાં પાણી નાખવું તે ઉપર કપડું બાંધવું. તે કપડાં ઉપર છાલ કાઢેલા બીજોરાના કટકા મુકવા અને ચુલે ચઢાવવું. પાણીની વરાળથી બીજોરૂં બફાસે. તેને સાકરના સીરામાં મેલવી મુરબ્બો બનાવવો. શરબત બનાવવા માટે ઉપર મુજબ બીજોરાંને બાફી પાણી સાથ વાટીને રસ કાહડવો, તેને સાકર સાથ મેલવી શરબત બનાવવું.

૧૭=બેહેડાંનો અથવા હરડેનો મુરબ્બો—હરડેને ઉકડતાં પાણીમાં એક રાત ભીંજવવી, પોચી પડે ને તે હરડેને કાંટાથી ચોબવી; એજ પાણીમાં સાકરની ચાસણી બનાવી તેમાં હરડે નાખવી અને ધીંગારાપર રાખવી. આ મુરબ્બો જુનો થાય તેમ તેમાં ગુણ વધે છે.

૧૮=પુષ્ટીકારક—ઢોરને ગાજર કાચાં ખવાડવાથી અને માણસને ગાજરનો પાક કરી ખવાડવાથી પુષ્ટી વધે છે.

૧૯=બધેડીનું દુધ ચાલુ પીવાથી—ભુખ બગડે અને ઓછી થાય.

ગેટીનું દુધ—હૃદય નબળું હોય તેવા દરદીને નુકશાન કરે.

૨૧=દુધ બચ્ચાં માટે—બચ્ચાંઓ માટે દુધ ગરમ કરવાની રીત હાલમાં નીચે મુજબ ચાલે છે—સોજું પાણી વગરનું દુધ પસંદ કરી તેને સારી પેઠે ઉકાલ્યા પછી બચ્ચાંને પીવાડવામાં આવે છે. દુધ ઉકાળવામાં પાણી દુધમાથી ઓછું થાય છે. અને તે ઉકાળેલું દુધ જાડું થાય છે એટલે તેમાં ચીકાસનું પ્રમાણ વધે છે. આવી રીતે ઉકાળેલું દુધ નબળાં બચ્ચાંને જરપત થઇ શકે નહીં અને ભારે પડે છે. માટે દેશી વઈદું ભલામણ કરે છે કે બચ્ચાં માટે દુધ ગરમ કરો તેમાં વધુ પાણી નાંખીને પાતલું કરો, અને ગરમ એટલુંજ કરવું કે દુધની અંદર ઉત્પન્ન થયલાં જીવડા મરણ પામે. દેશી વઈદાને આધારે જો બચ્ચાંઓને દુધે પાવામાં આવે તો મેલીન્સફુડ અને દુધના દબ્બાની જરૂર પડે નહીં.

દુધ ઉકાળવાની રીત—૧ શેર દુધમાં ૦। શેર પાણી નાખી ધીમાં આંચે ઉકાળી પાણી બાળવું. વાસણ ખુલ્લું રાખવું. વાસણ ચુલા ઉપરથી ઉતારયા પછી થોડીવાર દુધને હલાવવું.

દુધ બચ્ચાંને ભારે પડે, પેટમાં ગાંઠ બંધાય, ઝાડો આવે, જરપત ન થાય તો દુધ અને પાણી સંભાગે ઉકાળીને પાવું તેબી ભારે પડે તો એલચી,-જાયફળ, દુધમાં અંદાજથી નાખવું. તેબી ભારે પડે તો તેપીઓકાની અથવા આરારૂટની કાંજી પાણી જેવી પાતળી કરી લુગડાંએ ગાળીને પાવી.

દુધ બચ્ચાંને ટકે નહીં તો લાઇમ વાટર, ચુનાનું નીતરૂં પાણી મેળવીને પાવું, ફાયદો ન જણાય તો ચુનાનું પાણી પ્રમાણમાં વધારે લેવું. અને એ ઉપાયને વળગીને રહેવું. બચ્ચાં માટે તાજા દુધના જેવો બીજો સારો ખોરાક કોઇ નથી.

બચ્ચાંને દુધ જરપત થતું ન હોય તો દુધમાં ત્રીજે ભાગે પાણી નાખીને ગરમ કરવું. અંદર સુવાનું પાણી તથા ચુનાનું પાણી નાખવું. સુવાનું પાણી અને ચુનાનું પાણી ઘરમાં તાજું બનાવીને આપવામાં ઘણો ફાયદો થાય છે.

દુધને ખાટું થતું અટકાવવા માટે નીચે મુજબ છે:-એક શેર દુધમાં ૦। તોલો સોડાબાઈ કારબન નાખવો, એક શેર દુધમાં સોદા બેનઝોએટ ૨, વાલ નાખવો, એક શેર દુધમાં ૨, વાલ ટંકનખાર નાંખવો. આ ઇલાજથી દુધ ઘણો વખત પીવા લાયક રહી શકે.

૨૨=માતાના દુધ જેવું બનાવટી દુધ—જ્યારે ગાય એનું દુધ બચ્ચાંને જરપત ન થાય તો દુધ શેર ૦॥, પાણી શેર ૦।, સુગર ઓફ મીલ્ક ૦॥ તોલો મેળવી ગરમ કરી ગાળીને પાવું

પલાસમેન પાઉડર—મલાઇ કાઢી લીધેલાં દુધને ઉકાળી જરા ઘાડું થાય એટલે ગરમ રેતીના ઉપર મુકને બાળીને ભુકો કરે તે.

૨૩=બનાવતી દુધ—બદામ શેર ૦॥ લેવી. તેને ગરમ અથવા ઠંડા પાણામાં ભીંજવી રાખીને છોલતાં કહાડવાં, તે બદામને છુંદવી અને પાણી નાખતા જવું અને લુગડાંથી ગાળતા જવું. આ મુજબ બદામનું દુધ શેર ચાર થાય ત્યાં સુધી છુંદીને રસ કહાડવો. જેમ વધારે છુંદાય તેમ દુધ ઘાહડું થાય. આ દુધ ચાર કલાક પછી ખટાય માટે કડવી બદામ ન જોઇએ, તે નુકશાન કરે

૨૪=દુધ થાનમાંથી પીવાય તે ગુણ વધુ કરે છે. સ્ત્રીનું દુધ બહાર કાઢી બચ્ચાને પીવાડે તો ગુણ ઘણો ઓછો આપે.

નબળાં બાળકને બકરીનું આંચળ મોઢામાં આપી પીવાડે તો બહુ મોટો ફાયદો થાય.

૨૫=બચ્ચાંને શકતી આવે—એક તાજા ઇંડાની સફેદી ચાલીસ ઘઉંભાર ખાંડ, અરધો શેર પાણી એની મેળવણી કરી તેમાંથી બબે તોલા પાણી દર બબે કલાકે બચ્ચાંને આપવું.

૨૬=બાળકો શરીરે પુષ્ટ થાય—૦। સેર કાળા તલ, ૨ સેર ખજુર મેળવી માવો બનાવી તેમાં ૦। શેર આસન મેળવવું ને તેના વડાં બનાવી ઘીમાં તલીને એકથી બે રૂપીઆભાર રોજ ખવાડવાં. એક માસ સુધી ખવાડવાં. દસ વરસની અંદરના છોકરાંઓને ખવાડવા નહીં. કારણ કે ગરમ પડે.

૨૭=આસન અંગ્રેજી સૈનેટોજન નામની દવાના સઘળા ગુણો ધરાવે છે.

બાલકને શકતી આવે અને તન્દુરસ્ત થાએ—૧ ચમચી આસનને દુધમાં ઉકાળી બાલકને રોજ પાવું.

૨૮=બાલકોને શક્તી આવે—ખસખસને દુધમાં વાટવી. બીજા દુધમાં ઉકાળી બાલકોને રોજ પાય. ૩ મહીનાથી મોટાં બાલકને આ ઇલાજ કરવો. વાલથી વધુ ખસખસ બાળકની ઉમરના વીચારથી બાળકને અમાનમા લેવી.

૨૯=બાળાક જલ્દી સુધરે—કાંદો અને ગોળ મેળવી હમેશાં રોજ ખવાડવો.

બાળકના શરીરે ગરમા આવે—ઝીણો કાપેલો કાંદો દુટીએ બાંધવો.

૩૦=બાળકને નજર ન લાગે તે માટે કેરબા દાણાની હારડી હાથે પેહરાવે.

૩૧=વજજર બુટ્ટાની માળા—અરીઠાના બીને ભીંજવી રાખે તે નરમ થાય ને વચમાં કાણું પાડે આ બીનીમા બનાવે તે ઘોડાઓને બીની માળા સોભા માટે પેહેરાવે અને નજર ન લાગે એવા પેહેરાવે છે.

# છાતીએ કફ—ગલફા.

## છાતી પર કફ બંધાય ગળફા પડે, માથામાંથી કફ નીકળી ગળે ઉતરે તે માટે.

૧=મીઠાસ અને ખટાશ ખાવો નહી.

૨=અઘેડાના ક્ષાર વાલ ૨) અને અરડુસીના પાનના રસ એની ગોળી બનાવી ચુસવી.

૩=પીપરનું ચુરણ ૨) વાલ મધ સાથે રોજ ૩) વાર ખાવું.

૪=તુલસીનો રસ ૨) તો. મધમાં પીવો.

૫=જવખાર વાલ ૨ મધ સાથ રોજ ૩ વાર ખાવો. ભોરીંગણીનો ઉકાળો પીવે

૬=દાંડલીઆ થુઅરની રાખ વાલ ૧) અરડુસીના પાનના રસમાં ૩) વાર ખાવી.

૭=આદુનો રસ ૧) તો. મધમાં પીવો.

૮=નવસાર અને ફટકડી એકેક વાલ પાણી સાથે લેવી.

૯=કાકડાસીંગનું ચુરણ વાલ ૨) મધ સાથ લેવું.

૧૦=જંગલી પ્યાજનું ચુરણ ૨) વાલ મધમાં લેવું.

૧૧=ખેરસાલ અથવા કાંઠો ૧) વાલ. બેહેડાં ૬) વાલ, મધ સાથે લેવું.

૧૨=વાંસકપુર ૪) વાલ, પીપર વાલ ૧) મધ સાથે લેવું.

૧૩=સોમાન ૪) ભાગ કપુર ૧) ભાગ અફીણ ૦॥ ભાગ. નવસાર ૨) ભાગ, મધસાથ ૧) વાલની ગોળી બનાવી ખાવી

૧૪=દાંડળીઆ દુઅરની રાખ રતી ૧) મધ સાથ ખવાડવી.

## ગર-ગાંઠ-ગુમડાં.

૧=ગર=ગાંઠ પકવે—લીમડાનાં પાતરાની પોટીસ કરે તો ગર ગાંઠ પાકે.

૨=ગાંઠ—વેગણાની પોટીસ ગાંઠ પકવે છે.

૩=ગર, ગાંઠ જલદી પાકે-કાચા વેગણાના પાણી સાથ ચટણી બનાવે, તે ચટણી એક વાટકામાં મુકી ઇંગારપર રાખે. ઉપર બીજો વાટકો મુકે અને વરાળ બહાર જવા ન દીએ. તે ચટણી ગરમ ગરમ ગાંઠપર બાંધે. ૧ કલાકમાં ગાંઠ પાકે.

૪=ગુમડામાંથી પરૂ કાઢવા માટે—એરંડીઆના બીજની પોટીસ મુકવી.

૫=ગુમડા થાએ તે માટે—સુંઠ, કેરીની ગોટલી અને સુખડ પાણીમાં ઘસી ગુમડાંપર લગાડીઆ કરે.

૬=ગુમડાં—શરીર ઉપર ગરગુમડાં થયા કરે તો નીચે મુજબ દવામાંથી એકેક ચમચી દવા ત્રણ ત્રણ કલાકે પીવીઃ—મીઠું ૧॥ ડ્રામ પાણી ૪ આઉંસ મેળવીને પીવું.

૭=ગાંઠ અને ગુમડાં પીગળે—ગાંઠ અને ગુમડાં પીગળાવવા માટે મરીનો લેપ કરી મુકવો.

૮=ગુમડાં અને ગાંઠ પાકવવા માટે મેથીને વાટી જરા નીમક સાથ પાણીનાં પોટીસ કરી બાંધે તો પાકે.

૯=ગાંઠ પેતની ખસે=ગાંઠ બેસે—આંકડાના દુધમાં કાઠો અને રેવનચીનો સીરો ઘસી લગાડવો.

૧૦=ગોળો, અને પેટના ગાંઠ મટે—આબબા વેલાના પાન છુંદી તેના રસ દુટી નીચે પીરૂ પર લગાડે અને તેનો છુંછો ગરમ કરી પીરૂ પર બાંધે, અને પીરૂને તડકો લગાડે.

# ગમગીની મટે—દલગીરી મટે—જીવ ખુશીમાં રહે—ઉદાસી મટે.

૧=ગમગીની દૂર થાય—કોઇ માણસ કોઇ ચોકસ બાબદ અથવા આફત ઉપર વીચાર કર્યા કરે અને દીલમાંથી તે વિચાર કાઢે નહીં તેવા માણુસને નીચલી દવા પાવી

જુનું વાસ મારતું દીવેલ ૦ાા તોલો, જુલાબનું મીઠું ૦ાા તોલો, પાણી ૨ તોલા, આ ત્રણ ચીજો મેળવીને પાવી. એના ઓટકારમાં એવો વાસ નીકળ્યા કરશે જે તે વાસજ તેને યાદ આવશે અને આખો વખત મન ઉપર અસર કરશે તેથી પેલી અસલ આફત તદન ભુલી જવાશે. કારણ કે નાહના પ્રકારનાં દુખો મોટાં દુખો આવવાથી ભુલી જવાય છે.

૨=હીસતીરીઆ—અને તેની સાથની ગમગીની દુર કરવા હીંગ વાપરવામાં આવે છે.

૩=ગમગીની તથા ઉદાસી મટે—ગમગીની, ઉદાસી ઉત્પન્ન કરનારાં જીવ જંતુઓ આંતરડામાં થાય છે, તે છાસથી નીકળી

જાય છે. અને ઉદાસી દુર થાય છે. માટે ત્રાસ પીવામાં બહુ લેવી,

૪=મનની ઉદાસી (દીલગીરી) દુર થાએ-અરડુસા અને બ્રહ્મીના પાંતરાં અને પીપર સંભાગે મેળવી તેની ફાકી નાથી અરધો તોલો સહવાર સાંજ પાણી સાથે લેવી,

## પાઠું-ગાંઠ ફોડવા માટે.

૧=કબુતરની અગારનો લેપ મુકવો.

૨=હળડરની બાળેલી ભસમ અને હળદરની ભુકી મેળવી લેપ કરવો.

૩=બકરીની લીંડનો લેપ કરવો.

૪=ગાંઠ ફોડયા પછી પર કાઢવા પોટીસ મુકવી.

૫=લીમડા પાન, તળ અને મધની પોટીસ બાંધવી.

૬=સરપંખાને મધ સાથ પોટીસ બનાવી મુકવી તથા વાટી લેપ કરવો.

## પાઠું-ગાંઠને રૂઝ લાવવા માટે.

૧=કરંજ, નગોડના પાન, અરીઠા એઓનો રસ વર્મમાં ભરવો કાથો સંગજીરૂની ભુકી દાબવી.

૨=હીંગલો અને કાઠો સંભાગે મેળવી મુકવો.

૩=બોડારમાં ઘી મેળવીને લગાડવું.

૪=મળી અને સાદો મલમ લગાડવો.

૫=કળી ચુણાનું નીતરૂં પાણી તેના પોતાં મુકવાં.

૬=લીમડાના પાનની રાખ, સરસીઆ તેલ સાથ લગાડે.

૭=કાથો અને બોદાર ૧૦૦) વાર ધોયલાં ઘીમાં લગાડે.

૮=પાકેલી ગાઠમાં જીવડા પડે તો તે ઉપર ખાંડ ભભરાવવી. ખાંડ ખાવા માટે કીડા ઉપર તરી આવે તયારે કપુરનો ભુકો મુકવાથી કીડા મરી જાય.

# ગર, ગાંઠ, ગુમડા બદ, પાઠું, બદ, કાખબલાહી=કાખબીલાલી

૧=ગાંઠ પાકવામાં અને ફોડવામાં કાંદાની પોટીસ ઘણી સારી છે તેની સાથ લીમડાના પાંતરાં, સેતુરના પાતરાં તથા સીંધવ મેળવે છે.

૨=પોટીસ—કાંદાને બાફી, પછી જરા ઘી અને હલદ નાખી ફરી ગરમ કરવું અને તેની પોટીસ કરી ગર ગુમડા ઉપર મુકવાથી તેઓને પકવે છે.

૩ ગુમડા—કાચી કેરીની ગોટલી પાણીમાં ઘસીને ગરમ કરીને કાચા ગુમડા ઉપર લગાડે તો ગુમડાં ચીમરાઇ જાય છે.

૪=ગાંઠ પ્લેગની પાકે—જાયફળ, જાવંત્રી મેળવીને પાણી સાથ ગરમ કરીને ગાંઠ ઉપર મુકી ૨ ડાબી તે ઉપર કાળા પથરનો અથવા કાંદાનો સેક કરવો.

૫=ખણુતરનું છેડ ગરમ બહુ છે—ગુમડાં વીગેરે પકાવવા માટે લેપડી તરીકે વપરાય છે.

૬ બદ, કાખબલાહી—તુળસીના પાંતરાં, દીવેલાની કુપલમાં વાટીને ગરમ પોટીસ મુકે તો બદ તથા કાખબલાઇ પીગળી જાય.

૭=સીંદુર શેર એક, મીઠું તેલ સવા શેર, ધીમી આંચે ઉકાળવું. વાસણ મોટું રાખવું કારણ કે તેલ ઉભાય છે. ઉકાળતાં હલાવીઆ કરવું. રંગ કાળો થાય ત્યારે તે મલમના બે ચાર ટીપાં થંડા પાણીમાં નાંખવાં. મલમ જો પાતળો જણાય તો વધુ ઉકાળવું મલમ ઘણો ઘટ થઇ ગયો હોય તો બીજું તેલ નાંખવું, ચુલાપરથી ઉતારી બે તોલા મીણ નાંખવું, વધારે થંડું પડે પછી કપુર બે તોલા નાંખવો.

આ મલમની પટી ગાંઠ અને દરદ પકવવામાં અને રૂઝાવવામાં વપરાય છે.

૮=ગાંઠો વેરાઇ જાય—કુમારીઅના બીનો થોડાવાર કુઅરના રસમાં રાખવાં. તે બી નરમ થાય કે ગઉમુત્રમાં વાટી લેપ કરવો.

૯=ગુલઆસનાં પાંદડાંની પોટીસ દરદને પકવે,

૧૦=બદ માટે—ચુનો અને ઈંડાની સફેતીનો લેપ કરવો.

૧૧=બદ માટે-કેળની જડ માણુસના મુતરમાં ગરમ કરી બાંધવી.

૧૨=બદ પર બાંધવું—કુવારના એક પાઠાને ચીરી અંદર રસવંતી તથા હળધર ભભરાવી, જરા ગરમ કરી બાંધવાથી બદ અથવા ગાંઠ પીગળે અને ઘણા દીવસની હોય તો પાકે.

## ગરમી શરીરમાં વધે.

કાદો શરીરે ઘસવાથી ગરમી આવે છે.

એક કાચો ગાંદો ખાવાથી શરીરે ગરમી આવે છે.

અમબર અથવા કસ્તુરી ખાવાથી મરવા પડેલા દરદીને શરીરે ગરમી અને હોસીઆરી આવે

## ગળાંમાં સોજો-ગળું બેઠેલું-ગલાનો કાકરો સુજે-ગલસુનું.

૧=ગળાનો કાકરો સુજેલો નરમ પડે—અકલગરો મોંઢામાં રાખી ચુસ્યા કરવો.

૨=ગલાનો સોજા—આંબાના પાંતરાનો ધુમાડો ગળામાં લેવાથી અંદરનો સોજો વીગેરે નરમ પડે છે.

૩=કુળીજણ (એને પાનની જડ કહે છે તે ખોટું કહે છે.) એમાં તીખાસ છે બચ્ચાંને ખવાડવાથી તે જલદી બોલે છે. ધાતુ-ષ્ટ છે. કુળીજન રાતે મોંઢામાં રાખી ચુસવાથી ગલું બેસેલું ખુલ્લું થાય છે.

૪=સાકેર અને જધારનું છરૂં મોંઢામાં રાખી તેનો રસ ગળવાથી ફાયદો થાય છે.

૫=ચણા સેકેલા બે તોલા, એલચી પાંચ નંગ અને નીમક બે આનીભાર. એની ફાકી મારી ઉપરથી પાણી પીવું.

૬=ચાવળને ગોળના સીરામાં પકાવી રાતે ખાવાં, બીજું કાંઈ ખાવું નહીં. તરસ લાગે તો ત્રણ કલાક પછી ગરમ પાણી પીવું.

૭=અદુસાના લીલાં પાતરાંને વરાળથી બાફી રસ તોલો ૧ કાઢી મધ તોલો ૦ા સાથે સહવારે પીવો. આથી ગળું ખુલે છે.

૮=ગળાસનું થાય તે માટે—બાદરવેલના કંદની પોતાંસ બાંધે.

૯=ગળું બેઠેલું ખુલે, મોંઢાની ગરમી મટે—સફેદ અથવા લાલ ચણોટીના પાન મોંઢામાં રાખી ચુસવાં.

૧૦=ચણોઠીનો અને જુઠનો પાલો દરેક ૧ાા તોલો, કાથો બે તોલો એની ચણા જેવડી ગોળી બનાવી ૧ ગોળી મોંઢામાં રાખે ને રસ ગળે તો ગળાંને ફાયદો થાય.

૧૧=ગળે ગાંઠ હોય ના પાનનો રસ ૧)ભાગ, ચુનો ૧) ભાગ મેળવા બહારથી લગાડે.

૧૨=ગળું આવે, ગળામાં કાંટા ખુંચે તે માટે--ગુજે અરમાની સુરો ભાર. સંભાગે કાઠમીરના રસમાં મેળવી ગળાની બહાર ભરીઆ કરે.

૧૩=ગળાના ગાંઠ માટે—ગુળે અરમાની પાણીમા મેળવી ગળાં પર લગાડવી. સુકાય ને ફરી ફરી લગાડવી.

૧૪=સાંધવ, વજ, બાચી, હળદર, મરી, પીપળ, એનું ચુરણ ૦ તો મધ સાથ ખાવું.

૧૫=જેઠીમધનો શીરો, આંમળા, વરાઆળી, મંદા આવળ, તજ સકેર સરખે ભાગે લઈ દુધમાં મેળવી ૧ વાલની ગોળાઓ બનાવી મોહમાં રાખી ચુંસવી.

કાળ દરાખ, જેઠીમધ અને સાકેરનો કાહવો પવો.

ફટકડીના કોગળા વારંવાર કરવા. અકલકરાનો કટકો મોંમા રાખવો,

વાયુથી હોયતો તલનું તેલ અને મીઠું એના કોગલા કરવા. પિત્તથી હોયતો મધ અને ઘીનો કોગળો કરવો કફથી હોય તો. સાંધા લુણ, મરી મધના કોગળા કરવા જમીઆ પછી મરી મરી. ગીમા મેળવી ચાટવાં.

# ગળાંનો કાકરો વધે-પડજીભી મોટી થાય, ગળાના ગાંઠ-ગળેચું.

૧=ગળાંનો કાકડો વધે, પડજીભી—ધાવડીના મુળ તથા ઓહાસીંગ સંભાગે લેવી ગોળી ૨ વાલની બનાવી રાત દીન મોંઢામાં રાખે તો એ દરદો નરમ પડે.

૨=પરજીભ મોટી થાએ, ખાંસી આવે તે માટે—આમળાંનો ચીચોરો પાણીમાં ધસી ટાળવાપર અને કાકરાને લગાડવો.

૩=ગળાનો કાકરો મોટો થાય ત્યારે તે કપાવી તે ઉપર જવખાર દાબે.

૪=ગળાંનો કાકરો સુજેલો હોય તે વેળા અકલગરો મોંઢામાં રાખી તેનો રસ ગળીઆ કરવો.

૫=ગળાના ગાંઠ માટે ગળે અરમાની પાણીમાં મેળવી ગાંઠ-વાળી જગા ઉપર સારંમવાર લગાડી લેપ કરવો.

૬=ગળામાં ગાંઠ થાય તે એસે,

ધતુરાના પાનની લેપડી ગળાં ઉપર ગાંઠની બાજુએ બાંધવાં.

# ગળાંમાં હાડકુ-ગળાંમાં-કાંટો.કણાયું.

૧=ગળામાં કાંટો અથવા હાડકું અટકીયું હોય તો—ગરમ ગરમ ચાવલનો મોટો બુક એકદમ ગળી જવો.

૨=ધઉંની રોટલી ગરમ ગરમ મોટા બુકમાં ખાવી.

૩=એકેક આંગળી કાંનમાં દાબવી. દાંત ઉપર દાંત દાબવા, જીભ ટાળવે લગાડવી, નાંક બંધ રાખવું, દમ ઘુટવો; જ્યારે ગળાંની નસ ફુલે ત્યારે મોંઢા વાટે દમ એકદમ કાઢે, ત્યારે કાંટો અથવા હાડકું બહાર આવશે.

૪=પરજીભ મોટી થાએ, ગળાનો કાકરો મોટો થાએ, ખાંસી આવે તે માટે—આસળીનો ચીચોરો પાણીમાં ઘસી ટાળવાપર અને કાકરાને લગાડવો.

૫=ગળુ બેસે અથવા સુજે ત્યારે ાા તોલો મરી ૧ શેર ઉકળતાં પાણીમાં નાખી તે થંડુ પાડીને કોગળા કરવા.

૬=ગળુ બેઠેલું હોય ત્યારે ઇસપગુળની પોતલી મોઢામાં રાખવી મોઢામાં રસ થાય તે બહાર થુકી નાંખવો.

૭=કણુાયુ ગળામાં થાય, ગળામાં દુખાવો, ગળુ આવે તે માટે—માંધરાં કેળાંને ઉભું કાપી તેમાં મીઠું અને હળદ ભભરાવે ચુલાની ભેબટમાં બાફી પોટીસ કરે.

૮=ગળાંની ગાંઠ માટે મરચાંની લેપડી બહારથી લગાડે તેથી ગળાંની ગાંઠ પીગળી જાય

૯=ગળાના દરદ માટે મેઠી ખાવામાં આપે.

૧૦=ગળાનો કાકરો મોટે થાએ તયારે કાસ્ટીકની માફક લસણનો રસ તે ઉપર લગાડે છે.

૧૧=ગળેચુ—કંઠ આગળ કાનની નીચે ગાંઠ થાય છે તે ઉપર મરીકંદાનું મુળીઉં ઘસીને લગાડે છે. આયોદાઇનું કામ કરે છે.

૧૨=ગળું બેઠેલું—હરડે ૫ વાલ, નીમક ા તોલો એ બન્ને મધ સાથે ખાય તો ગળું ખુલે.

ગળું બેઠેલું—લવંગ સાકેર ચુસવાથી ખુલ્લું થાય છે.

૧૩=કરિહારી=કલગારી, (કલઇ, કળવી, ખડીઆ નાગ.)

ઘાસના જેવો છોડ થઇ એ વેલો વાડપર ચઢે છે. આદુના પાન જેવાં એના પાડદાં છે, ફુલની પટી, જાસુદીના ફુલની પટી જેવી હોય છે. રંગ લાલ, પીળો, ભગવો, ધોળો એવો બેરંગી હોય છે. એનો કંદ ઝેરી છે. ઝાડ સોભા ભરેલું છે.

ગાંઠ પાકે, વાળો મરે—આ ઝાડના કંદની લેપડી બાધે.

૧૪=ફુલ્લા બેસે—શરીરપર ફુલ્લો થાય તે ઉપર જીરાંની લેપડી બાધે તો ફુલ્લા વધે નહીં.

૧૫=શરીરે ગરગુમડાં થાએ તે માટે—આમળા હરડે, બેહેરા, સુખડ સંભાગે મેળવવું. તેનું ૨) તોલા ચુરણ અને ૫) શેર થંડુ પાણી લઇ કાદવના વાસણમાં મેળવી રાખવું. અને ઠરવા દેવું. તેમાંથી ૩) તોલા નીતરૂં પાણી રોજ ૪) વાર પીવું. તરસ લાગે ત્યારે એજ પાણી પીવું.

૧૬=ગુમડું પાકે, ગુમડાનું મોઢું નિકલે—પાનમાં ખાવાનો ચુનો દીવેલ સાથ ખુબ મેળવે. અને મલમની પટી બનાવી તે પટીપર સંચોરો ભભરાવે અને પટી ગુમડાંપર મુકે, ગુમડું પાકે, પરૂ બધુ નીકળી રહે, ત્યારે સંચોરા વગરની ઉપલા મલમની પટી મારે.

૧૭=ગુમડાનું મોં નીકળે, નસતર મારીયા વગર ગુમડું ફુટે= મોરથુથુ, ચુનો, કબુતર અથવા મરઘીની અઘાર સંભાગે મેળવી તેનું એક ટપકું પાકેલાં ગુમડાંની વચે મુકે તો તે ગુમડાનું મોં નીકળે અને પરૂ બહાર આવે.

૧૮=ગાંઠ પાકે—ચણોટાંની દાળ અને મીંઢળ વાટીને લેપ કરે તો ગાંઠ તતડીને ફાટે.

૧૯=ગુમડું પાકે—ચણાની દાળને દુધમાં વાટી ગરમ પોટીસ ગુમડાંપર બાંધે તો તે ગુંમડું પાકે.

૨૦=બદ, ગુમડાં પાકે—પીળવંતના પાન છુંદી ગરમ કરી દર-રોજ પોટીસ મુકવી. છાલમાં અને અને પાંદડામાં એકસરખો ગુણ છે.

૨૧=ચણોઠી લાલ અને સફેદ થાય છે, પાલો એકસરખો છે. બીના છોટલાંના રંગમાં ફેર છે. ઉપરના છોટલાં ઝેરી હોય છે તે કહાડી નાંખી મગજ વાપરે છે. ૪ દીવસ ગઉમુત્રમાં બી ભીંજવી રાખવાથી ઉપરનાં કોટલાં નરમ થાય છે તેને કહાડી નાખી મગજ વપારય છે.

કાખબામલી, કાખબલાઈ—બગલમાં ૧ જાતનો ફુલાવો થાય છે તે પકવવા માટે ચણોટીને પાણીમાં વાટી ગરમ કરીને લગાડે તો જલદી પાકીને ફુટી જાય.

૨૨=ગાંઠ અને બદને પાકવવા માટે સુવાની પોટીસ મુકવી.

૨૩=લીમડાના પાન અને હળદની પોટીસ ઘી સાથે મુકવી.

૨૪=આંકડાનું દુધ અને રેવનચીનો સીરો અને કાથો એનો ૭) વાર લેપ કરવો.

૨૫=ત્રીધારા થોરના મુળનો રસ ચોપડવો,

૨૬=લીમડાના બાફેલા પાન અને મીઠું એની પોટીસ મુકવી.

૨૭=બીલામાનો રસ લગાડવો.

૨૮=કળી ચુનો અને મધ લગાડવું.

૨૯=આંકડાનું દુધ લગાડવું. તે સુકાયા પછી ૭) વાર લગાડવાથી ૧ કલાકમાં બદ પાકસે.

૩૦=ગરગાંઠને પકવ્યા પછી ફોડવા માટેના ઇલાજો. સાજીખાર, જવખાર. પાકેલીગાંઠપર મુકવો.

૩૧=દારૂડીની ડાંડળીનો રસ ચોપડવાથી ગાંઠ ફુટે.

૩૨=હાથી દાંતનો ભુકો પાણીમાં વાટી પાકેલી ગાંઠ ઉપર મુકવાથી ગાંઠ ફુટે,

૩૩=પથારીમાં પડી રહેવાથી પડેલાં ધારાં—ધારાં ઉપર દીવેલના પોતાં મુકવાથી રૂઝ આવે છે.

૩૪=ચાંદી, ધારાં વીગેરે જલદી રૂઝાય—જુના ગોળને ગરમ કરીને લુગડાં ઉપર મુકીને તેની પટી ધારાં ઉપર ૪) દીવસ મુકવી.

૩૫=ગર, ગુમડા પકવવા માટે—સીંદુર ૦ા ભાગ, મીણુ ૧) ભાગ, દીવેલ ૧) ભાગ; બીરજો, ૦ાા ભાગ ઉકાળી મલમ બનાવે, તેની પટી મારે.

૩૬=ગરગુમડાં ફુટે—સાજીખાર અને જવખાર પાણીમાં પીગળે તેટલું પીગળાવી તેનું ૧ ટીપું ગુમડાં પર મુકે.

૩૭=ગર અને ગાંઠ પીગળાવવા માટે—મધ અને ચુનો મેળવી લગાડે છે.

૩૮=વડના દુધમાં રૂ ભીંજવી મુકે, કાચુ ગર બેસી જાય, પાકુ હોય તે ફુટી જાય.

૩૯=ગર ગુમડાં માટે નાના બાળકોને રતાંજળી ગુલાબજળમાં ઘસી વારંવાર લગાડે.

મોટાં બાળકને રતાંજળી, સુખડ અને સુંઠ પાણીમાં ઘસી લગાડે.

# જુઓ "પાનું" "ફોલ્લા"

# ગુલમવાયુ-ગોળો પેતમાં-પેતમાં ગાંઠ,

૧=પેટનો ગોળો, પેટની ગાંઠ, ગુલ્મ વા મટે—ટંકનખાર અને જવખારનું ગોળ સાથ સેવન કરે તો જરૂર ફાયદો થાય.

૨=ગુલમવાયુ—ગોળો પેટમાં દોડતો ફરે તે માટે થુવર કંટારી આના સુકા પાંતરાં શેર ૧, હળદર શેર ૦।, રાઈ દળેલી શેર ૦। સીંધવ શેર ૦। એના અચાર બનાવી ખાવામાં લે છે.

# ગોળીમાં પાણી ભરાએ.

તે માટે નીચલો ઉપાય સગવડ ભરેલો છે.

ખોરાસાની અજમાને વાટી તેની લેપડી ગોળી ઉપર લગાડવી. પછી બકાળ ( મીઠો લીમડો )ના પાંદડાને વાટી તેની લેપડી તંબાકુના લીલાં પાંદડા ઉપર લગાડવી તેને ગોળી ઉપર રાત્રે સુતી વેળા બાંધવી. એનાથી ગોળીમાંનું પાણી ઝરી જશે; એમ ચાર પાંચ દીવસ કરવું. લીલો તંબાકું અગન કરતો નથી, લીલો ન મળે તો પછી સુકા તંબાકુના પાંદડાને પાણીમાં ભીંજવી રાખીં નરમ થએથી તે વાપરવા. જરા અગન બળવાનો સંભવ છે. આ ઉપરથી જો ગોળીમાં પાણીમાં હશે તો તે બધું ઝરી જશે, પણ કોઇવાર કોઇક દરદીને એ પાણી પાછું ભરાય છે.

ગોળી મોટી થાય તે માટે.

વેગણું કાપી તેમાં ૨) માસા હિંગળો મુકી બાફે તેનો ગર લીલા તંબાકુના પાનપર લગાડે અને ગોળીપર બાંધે. લીલો તંબાકુ ન મળે તો સુકા પાનને પાણીમાં ભીંજવી રાખી નરમ થાયને તે વાપરવું.

ગોળીનો સોજો બાફેલા વેંગણને ગોળીપર બાંધવાથી ફાયદો થાય છે.

## ગોળીમાં પાણી ભરાય તે માટેના ઇલાજો.

૧=ગોળીમાં પાણી ( હાઇડ્રો સીલ )માટે–ખાવામાં કાચકાનો ભુકો વપરાય છે અને દીવેલાના પાંતરાં ઉપર એ ભુકો લગાડી ગોળીએ બાંધે છે.

૨=ગોળીમાં પાણી ઉતરે તે વેળા કાચકાના ભુકાનો દીવેલ સાથ લેપ કરી દીવેલના પાદડાં ઉપર મુકી તે પાંડદા ગોળી ઉપર બંધાય છે.

૩=ગોળીએ સોજો હોય તો કાચકાંના પાંતરાં છુંદી, તેમાં દીવેલ નાખી ગરમ કરી ગોળીએ લેપ કરવો.

૪=દીવેલનો જુલાબ આદુના રસમાં બબે દીવસે લેતા રહેવું

૫=ત્રીફળાના ઉકાળામાં ગૌમુત્ર અથવા ગુગળ નાખી પીવું.

૬=આવળના પાનનું વરાળીઉં રોજ બે વાર બાંધ્યા કરવું.

૭=ગોળીમાંનું પાણી નીકળે—આબવાના બી, જે ચાપરા લાખના રંગના અને તે આકારના થાય છે, તેને પાણી સાથ ધસી લેપ બનાવી ગોળીએ લગાડવો. ( ગોળીનું પાણી ઝરપી નીકળી જાય છે. રાત્રે સુતી વેળા લગાડવું. બીછાનું ખરાબ ન થાય તેની સંભાળ લેવી.

૮=ગોળીમાં પાણી હોય ત્યારે ગોળી ચકચકે, ડાબો તો ઉપર ચઢે નહી ત્યારે નીચે મુજબ લેપ લગાડયા કરવો—જવનો આટો મોઠ અને ગાયનું છાણ ગોળી ઉપર ચોપડવું.

# ગોળીએ સોજો-ગોળી મોટી થાય-વધરાવળ-ગોળીમાં હવા હોય-ગોળી વાથી વધે-અંડવૃદ્ધિ-ગોળીમાં અવાજ થાય.

૧=ગોળીપરનો સોજો મટે-લીલા ધાણાના રસમાં ગુલેઅરમાની, રતાંજળી મેળવી લગાડવું. અથવા કપાસના તથા દીવેલના બી-ચને કોથમીરના રસમાં લગાડવા.

૨=ગોળી વાએ વધે અને મોટી થાય ત્યારે ૦॥ શેર કાંદાને ખમણે અને તેને શેર ૦। ઘીમાં તળે, સોરમ બહાર નીકળે ને ઉતારે. એની પોટલી કરી ગોળીએ બાંધી આઠ પોહોર એટલે સહવારથી બીજી સહવાર સુધી બાંધી રાખે. બીજો પાટો તરતજ બાંધે. એ મુજબ ત્રણ દીન કરે તો ગોળી નાહની થાય.

૩=કસાઈ છોડના મુળીઆં છુંદી ગાયના મુતરમાં ગરમ કરી ગોળીપર મુકવાં, (આ ઝાહડા ઉપર મોતીના જેવા ફૂળ થાય છે.)

૪=કાચબો બાળી તેની ખાક કરવી. પછી તેની સાથ દીવેલ અને સીંધવ ખાર સંભાગે મેળવી ગોળીપર લેપ કરવો. જુનુ દરદ દફે થાય છે.

૫=અંડવૃદ્ધી-ઈંદરવણીના મુળનું ચુરણ ૦। તોલો, એરંડીઉં ૨) તોલા. ગાયનું દુધ ૪) તોલા આટલું ફકત ૭) દીવસ ખાએ તો ફાયદો થાએ. જો ૨૦) દીન ખાએ તો જનમમાં આ બ્યાધી પાછો થાએ નહીં-

૬=નગોડનું વરાળીઉં સુજેલી ગોળી ઉપર બાંધે છે. એ એ પાતરાને પાંણીમાં ઉકાળી તે પાણીથી સંધીવાવાળા ભાગને શેક કરે.

૭=અજમો છુંદી બરાંડી સાથ મેળવીને ગોળીપર મુકવામાં-આવે છે.

૮=ધંતુરાના પાનની થંડી લેપડી મુકયાં કરવી.

૯=આબબાના પાનનો રસ લગાડે.

૧૦=આકડાના કુમળા પાન ૨) (કુમળીઆ એટલે ૨) પાન સાથેજ વળગેળાં હોય (તેવાં નાના પાન) ચેવલી પાન ૩ તે ઉપર કાઠો, ચુણો, સોપારી, રીતસરની મુકી, બીડી બનાવી રોજ ૧ બીડી ત્રણ દીવસ ખાવી, ગરમી જણાય તો ઘી ખાવું.

૧૧=ગોલો ઉપર જળદ દારૂ ચોપડી તે ઉપર ફટાકડીનું (બંદુકરી) ચુરણ છાંટવું. ઉપર અજમો ભભરાવવો અને તે ઉપર તંબાકુનું લીલુ પાન મુકી કાછો બાંધવો. પીસાબની નળી છુટી, ખોલ્લી રાખવી. તંબાકુનું પાન લીલું ન મળે તો સુકુપાન પાણીમાં ભીંજવી રાખી નરમ કરીને લેવું.

૧૨=આંતરડુ ઉતરઉં હોય તે જગા ઉપર નવસાર ૧ તોલો પાણી ૨૦ તોલામાં મેલવી તેના પોતાં મુકે.

૧૩=ગોળીમાં હવા હોય, ગોળીમાં મવાડ હોય તે માટે જીરા પાક ચાલુ ખાવામાં લેવો.

૧૪=ગોળો ચહડે ઉતરે અથવા ગુરગુર અવાજ કરે તે માટે અવલ સારો અજમો તેને નીચલી ૧૨) ચીજોના રસમાં ત્રણ ત્રણ પટ આપવા અને ખાવામાં લેવો:—

૧) નાની વાછરડીના મુતરમાં. ૨) શેરડીના રસમાં, ૩) આદુના રસમાં, ૪) કુઆરના ઢીબના રસમાં, ૫) કડવા સેકટાના મુળના રસમાં, ૬) બોડીકહલારના રસમાં, ૭) પીળવંતના પાતરાંના રસમાં, ૮) ગલોના રસમાં, ૯) મરજાદના રસમાં, ૧૦) ભાંએ પાતરીના રસમાં, ૧૧) ભાંએ રીંગણીના રસમાં, ૧૨) સરપંખાના રસમાં. આવી રીતે પકાવેલા અજમાની ફાકી ૦ાા તોલો રોજ લેવી. (અંગ્રેજી વૈદામાં જંતર પેરવા તથા વહાડકાપ કરવા સીવાએ બીજો ઇલાજ નથી.)

૧૫=સુનાગેરૂં એળીઓ, સાબુ, જુની પૂરાણી ઇંટ સંભાગે ચુરણ કરી લેપ લગાડીઆ કરવો.

૧૬=ગોળો ઘણી મોટી થાય તો ગોળી ઉપર ઠંડા પાણીની ધાર ૧૦ મીનીટ સુધી નાખવી. દીવસમાં ૫) વખત નાખવી. ખોરાકમાં

ખીચડી, દાળ ભાત ખાવા, ખોરાક અધુરે પેટે ખાવો; બહુ દાબીને લેવો નહીં. આ ઇલાજ ૮ દીવસ ચાલુ રાખવો. થંડા પાણીને બદલે ગરમ પાણી વાપરો તો તેથીબી ફાયદો થશે.

૧૭=ગોળી મોટી થાય તે માટે સીંધવ ०। તોલો ગાયના ઘી સાથ સાત દીન ખાવું.

૧૮=આકડાનું મુળીઉં દારૂમાં ઘસી ગોળીપર લગાડે અને કાછો બાંધે અથવા આંકડાના પાનપર દીવેલ લગાડી ગોળીપર બાંધે.

૧૯=ગોળી મોટી થાય યા સોજો આવે ત્યારે ધંતુરાના પાંદડાં કુંડીને તેની લેપડી બાંધવામાં આવે છે. અને ખાવામાં પાંદડાંનો ભુકો ૨ ગ્રેઇન અપાય છે.

૨૦=ભાંગરાનો રસ બે ભાગ, મીઠું એક ભાગ મેલવી લેપ કરે.

૨૧=૧ શેર પાણીને ત્રાંબાના વાસણમાં ઉકાળી ०॥ શેર રાખે. આ ०॥ શેર પાણીમાં ૧॥ તોલો તાવેલું ઘી નાખી ૧૫ દીવસ સુધી રોજ સહવારે પીવું.

૨૨=ચુણાની ફાંક ૧ તોલો, તંપકીર તંબાકુની ૧ તોલો પાણી સાથ મલવી ગોળી ઉપર લેપ કરવો; ઓકારી થાય, ચક્કર આવે તો કાંદો સુંઘવો. અને ખાવો. આ ઇલાજ જેને સદે તેણે ચાલુ રાખવો.

૨૩=વધરાવળ-બાલકને અથવાં મોટા માણુસની ગોળી મોટી થાય તે માટે દીવેલ અને દુધ રોજ ખવાડવું, તેથી ઘણોજ ફાયદો થાએ છે. ૧) ઝાડો આવે એટલુંજ દીવેલ (०। અથવા ०॥ તોલો ) રોજ લેવું.

૨૫=ગોળીમાં મવાદ હોય તે ઉપર પારાનો મલમ માખણ સાથે મેળવી મસળવો. અથવા પારાના સુકા મલમની પટી માર-વાથી મવાદ વીખરાઇ જાય છે.

૨૬=ગોળી મોટી થાય તો—માજુફળ અને અસ્ગંધ પાણીમાં પીસીને ગરમ ગરમ લગાડવું.

૨૭=મોટી થયલી ગોળી, અથવા બીજા સોજા ઉપર મીઠાનો સેક કરે. તો સોજો નરમ પડે.

૨૮=ગોળી નાની થાય—આકડાનું મુળીઉં દારૂમાં ઘસી ગોળી પર લગાડે અને કાછો બાંધે અથવા આંકડાના પાનપર દીવેલ લગાડી ગોળીપર બાંધે.

૨૯=ગોળીમાંનું પાણી નીકળે—આબ્બાના બી, જે ચાપરા લાખના રંગના અને તે આકારના થાય છે, તેને પાણી સાથ ઘસી લેપ બનાવી ગોળીએ લગાડવો. ગોળીમાંનું પાણી ઝરશી નીકળી જાય છે. રાત્રે સુતી વેળા લગાડવું. બીછાનું ખરાબ ન થાય તેની સંભાળ લેવી.

૩૦=ગોળી મોટી હોય તે માટે—ા તોલો આબબાનું મુળ દીવેલમાં ઘસી દુધ સાથ ખવાડવું.

૩૧=ગોળીએ સોજો ચડે તો આબબાના પાનનો રસ લગાડે.

૩૨=ગોળીપર સોજો હોય તો બકરીની લીંડી બકરીના મુતરમાં મેળવી ગરમ કરીને ગોળીપર લગાડે.

# ગુરદાના દરદો.

## રેતિ પિશાબે, પથરિ પીસાબે.

૧=ગુરદાની રેતી માટે—ખરણુચાંની લીલી અથવા સુકી છાલની ચાહ રોજ બે વાર પીવાથી ગુરદાની રેતીનો દુખાવો બંધ થાએ, પીસાબ છુટે અને પથરી ધોવાએ.

૨=એમોનીઆક ગુંદર ( ઓસોક—સમગેબળ, ) ગુરદાની પથરી, તલ્લી, સોજો, ઉંઢીઓ વા, સંધી વામાં એમોનીઆક સારો છે.

૩=ગુરદાના દરદ માટે ઘીમાં વઘારેલી ચોળાફની ભાજી રોજ ખાવી.

૪=ગરમાળાના ઝાડનો કોઇ પણ ભાગ ઉપયોગી છે.

૫=પટોલ ( સીવલીંગે જેઠીમધ, કડુ, સુંઠ, લીંમડાની અંતર છાલ, દેવદાર, મોઠ ( નાગર ) દરેક ૧ તોલો લઇ એના બે ભાગ કરી એક ભાગ પાણીમાં ઉકાળી દીવસમાં બે વાર પીવું.

૬=ગુરડાના દરદો, કમળાના દરદો, મરદને શકતી વધે ને ફાયદો થાય—ગાજર ભુંજીને રોજ ખાવા.

૭=ગુરડાના દરદના દુખાવા માટે અરડુસાના વરાલીઆંનો સેક બહુજ ગુણ આપે છે.

# મીરગી—માથેભમરી—ઘેલાપણું—દાવાનાપણું—મગજે નબળાઈ—માલેખુલ્યા દીવાનાપણું.

૧=ઘેલાપણું—કપાસીઆનું મગજ નવટાંક અને ચોખા શેર ૦॥ એની ખીચડી બનાવી રોજ ખવાડવાથી ઘેલાપણું મટી જાય છે.

૨=દેવાના માણસને હીંગનું અંજન કરવાથી ફાયદો થાય છે. હીંગ વાલ પાંચ, મરી તોલો એક, મેથી તોલો એક, નગોડનો રસ તોલા બે ખરળ કરી બારીક અંજન આંખમાં કરવાથી ફાયદો થાય છે.

૪=માલેખુલ્યા=મેલન કોળીઆ, માખુલ્યા, એક જાતનું માથાનું દરદ છે. તેના ચીન્હ નીચે મુજબ છેઃ—આ ચીન્હોમાંથી કોઈબી એક અથવા વધુ દરદીને લાગુ પડેલું હોય, ગમગીની પેદા થાય, પેટમાં વગર કારણે ફકર લાગીઆ કરે, કોઈ દરદી એકદમ ચુપકીડી પકડી બેસી રહે, કોઈ દરદીને આંખે આખી આલમ ફરતી દેખાય, કોઇ દરદીને આંખે અંધારા આવે, અને દીવસ રાતના જેવો દેખાય તે માટે—આવા દરદીને ખસખસનું શરબત બે તોલા દીન ઉગને રોજ આપે.

શરબત બનાવવાની રીત—ખસખસ ૧॥ શેર છુંદેલી, પાણી મણ ૧ એ બંનેને કાદવના વાસણમાં ઉકાળી ૧૦ શેર રાખવું, અને ગાળી લેવું. ૨॥ શેર અથવા વધારે સાકેર મેલવીને તેનું શરબત બનાવવું.

ગરમીની દેહવાળા દરદીને આ શરબત ફાયદો આપે. શરદીની દેહવાળા દરદીને નુકશાન કરે. માલેખુલ્યાનું દરદ શરદીથી હોય તો ચીનીકબાળા અને અકલગરો સંભાગે ચુરણ કરી તેનો ૧ તોલો ચુરણ મધ સાથ રોજ દરદીને ખવાડે.

૫=માલેખુલ્યા=મેલન કોળીઆનો બીજો ઇલાજ—બકરીના માથાનું ભેજું એક, મેદાંની રોટી સાથ નેહાર કોઠે સહવારે ખવાડે. રાત્રે સુતી વેળા ๐ાા તોલો ખસખસ, ๐ાા તોલો સાકર પાણી સાથ વાટીને રોજ પીએ.

૬=ઘેલાપણું, આદમી વાપર જાએ, આદમી લવે બકે તે માટે—ગળથોટાના પાન છુંદી પગને તળીએ અથવા માથા ઉપર મુકે.

૭=માથે ભમરી, ચકરી, મીરગી=ઘેલાપણું મટે અને તેની નીસાન રહે નહીં. ભોંયરીંગણીના બે ફળ (દીડવા)નો રસ કાહાડી તેના ૫) ટીંપા નાખમાં મુકે.

૮=ઘેલાપણું=આ દરદ ભેજાંનું છે. જો સરદીના કારણે હોય તો પવન શરીરે ફરતો ફરે, અને પાછો ભેજાં ઉપર આવે. તે માટે માણુસના હાડકાનું ચુરણ ๐ાા અગવા વધારે દુધમાં ઉકાળી પીએ.

૯=ઘેલાપણા માટે—તીફળાં ૩) ભાગ તજ ૧) ભાગ નું ચુરણ ๐ા તોલો સવાર સાંજ રોજ ખાએ.

૧૦=ઘેલાપણાનો બીજો ઇલાજ—ગંધક ૪ તોલા, પારો, વચ નીક, તનખાર, કનેરનીજડ, મરી, પીપર, અકલગરો, બબે તોલા, સુંઠ, ચીનીકબાબ દરેક ૧ તોલો, ખાંડ તોલા ૫) એના ચુરણને મોગરાના રસમાં ચણા જેવડી ગોળી બનાવી સહવાર સાંજ એક વરસ સુધી દરદીને ખવાડે.

૧૧=ઘેલાપણું કમી થાય—મેથી અને મરી એકેક તોલો, નગોડનો રસ બે તોલા અને હિંગ ૫ વાલને વાટીને ચુરણ બારીક બનાવવું તેનું અંજન ૭ દીવસ કરવું. દરદીને ઓરડામાં એકલો રાખવો.

૧૨=ગફલત=ફરામોસી=ગઇ કાલનું સાંભળેલું આજે યાદ આવે નહીં ને યાદી કમ થાએ માટે—મોથ, છડ, સુંઠ, દરેક તોલો,

૧I, હરડે તોલા ૩II, હરડે બેરાં ૩II તોલા, એનું ચુરણ બનાવે તેને પાંચ શેર મધમાં મેલવે, તે લખોટેલાં વાસણમાં કપડચંદ કરી જવની કોઠીમાં અથવા ઘઉંની કોઠીમાં અથવા ઘોડાની લીડમાં ૪૦ દીન દાબી રાખે. તેમાંથી રોજ સહવારે એક તોલો ૪ માસ સુધી ખાએ.

**૧૩**=બીજો ઇલાજ—મોઠ, જડ (છડ) સુંઠ દરેક ૩II તોલા, મધ શેર પાંચ, તીફળ ૧૦ તોલા એ સઘલાને લખોટેલાં વાસણમાં મુકે. જમીનમાં ખાડો ખોદી તે વાસણ ખાડામાં મુકે અને તે ખાડો ઘોડાની લીડથી પુરે. ૪૦ દીન પછી કહાડે. તેમાંથી ચાર માસ રોજ સહવારે ખાએ.

**૧૪**=ઘેલાપણું મીરગી એ દરદ ભેજાનું છે.
જો સરદીના કારણથી હોય તો, પવન સરીરે ફરતો ફરે, અને પાછો ભેજા ઉપર આવે, તે માટે માણસના હાડકાનું ચુરણ ૧) તોલો દુધમાં ઉકાળી દરદીને પીવાડે.

**૧૫**=દીવાનાપણું-તાડની ડાળ એનો રસ બે તોલા એકલો અથવા જુના ઘી સાથ ખાવાથી ફાયદો છે.

૧૬=દીવાનાપણું—ધંતુરાનું બી ૧ અને પીપળ નંગ ૨૧ મેળવી તે ચુરણ ચાર તોલા જુના ઘી સાથ ખાવું. દર અઠવાડીએ ધંતુરાનું બી એકેક વધારતા જવું. પાંચ બી ખાવામાં આવે ત્યાં સુધી વધવું. પછી દર અઠવાડીએ એકેક લેવું.

**૧૮**=દીવાનાપણું, ઉન્માદ, ચિતભ્રમ, ઘેલછા—આ નુકસામાં લખાયલી દરેક ચીજો એકલી વાપરવાથી પણ ગુણ જણાય છે, છતાં નીચે મુજબ નુકસો બહુ દરદીઓને ઘણો જલદી માફક આવેલો કહેવામાં આવે છે. બ્રહ્મી, ઘોડાવજ, સિંધવ, સખાવલી, છીણું (બેયણા) માલ કાકણી, ઇદ્રવારણી, લીંડીપીપર દરેક ત્રણત્રણ જવભાર, સુનાનો વરખ બે જવભાર, વછનાગ, તલ ૧) જવભાર આનું ચુરણ ૧૦) વરસના જુના ઘી ૧) તોલા સાથ ચટાડવું. તે પાચન થયા પછી સાઠીચોખા. મધ, ઘી, ખાવું. આથી ક્ષય કર અને જુનું દરદ જડ મુળથી જાય છે.

ઘી અને મધ સરખા વજને કોઇ દીનબી ખાવું નહી. તે સંભાગે ખાવાથી ઝેર બને છે એવું કહેવાય છે. આ બાબદ હસી કાઢવી નહિં કારણ ઘણા વૈદોએ કહેલું છે. મુળ મતલબ સમજાતી નથી.

૧૯=ઘેલાપણું કમી થાય-દરદીની આંખે કાંદાનો રસ આંજવો.

૨૦=દીવાનો માણસ હુસીયાર થાય—સમુદર ફળ ૦। તોલો દરદી એ પોતાની પીસાબમાં ઘસીને પીવું.

# જુઓ "દીવાનાપણું" "મુરગી" "ફરામોસી" "ચિતભ્રમ" "ઉન્માદ" ગોળો ગુલમવાયુ,

૧=પેટનો ગોળો જાય—પકાવેલો સમુદર ફળ ૦। તોલો રસ ભાંગરાના સાથે ખાવું. (પકવવાની રીત જુઓ "સમુદરફળ".)

૨=ગુલમ-વાયુ-જળંદર-જળોદર-૦। તોલો સમુદર ફળનું મૂળ અને સીંધવ સંભાગે મેળવી ઘી નાખી ખાવું.

૩=ગાંઠ પેટની ખસે અથવા આંતરડું વળ ખાય—તો જીવતો ધોયલો પારો તોલા ૫ દરદીને પીવાડવો (શેર ૧ પારો પીવાય તોબી અડચણ નથી) તે ઝાડા વાટે નીકળી જાય છે. પારો વજન ભારે હોવાથી આંતરડામાંથી પસાર થતાં સીધા સરખાં આંતરડાને કરે છે. જો પારો ઝાડામાં નીકળે નહીં તો દરદીને ઉંધો ટાંગવો ત્યારે મોંઢામાંથી પારો નીકળી પડશે. પછી દરદીને મરઘાંનો રસ ચાલુ આપવો અને પેટે પાટો બાંધી રાખવો. આ દરદ માટે ઇલાજ કરતાં ધીળ થાય તો જીવ જોનામમાં આવે.

૪=પેટની ગાંઠ બેસે તેનો ઇલાજ—કુમારનો ગર, સાજીખાર, ગોળ સંભાગે લેવો. કુમારથી અરધે હીસ્સે જવખાર લેવો. એ સઘળાંને મેળવી તેમાંથી અરધો તોલો અથવા વધારે રોજ ખાવો.

# ચરબી વધે.

ચરબી વધે—શરીરમાં ચરબીનો વધારો કરવા માટે જાનવરની ચરબી ૦। તોલો અથવા ૦॥ તોલો, દુધ શેર ૧માં ઉકાળવી અને સારી પેઠે હલાવીને દુધ સાથે મેળવીને તે દુધ રોજ પીવું.

ચામડી સુન મારે—કોકેન, વચનાગ, બેલેડોનાના ગુણ જેવો કનેરમાં ગુણ છે. ચામડીપર લગાડવાથી ચામડી સુન મારે.

શરીરની ચામડી જાડી થાય ત્યારે કુમારીઆના બી તથા પાંદડાં વાટીને લગાડે.

ઢીળું ચામડું કઠણ થાય—દાડમની છાલ અને ફટકી સંભાગે પાણીમાં મેલવીને ચામડીપર લગાડે તો સાત દીવસમાં લબડી પડેલું ચામડું કઠણ થાય.

# ચરબી તવાય.

પેટમાંની ચરબી તવાય—નબુરી એ સેવ જેવાં, જડ પક્ષીના માળા જેવી ગુંઠાએલી અને ઝાડ ઉપર થાય છે, તેની જડ જમીનમાં હોતી નથી. તે નબુરીને છુંડીને પેટ ઉપર બાંધે તો પેટમાંની ચરબી તવા[illegible]

૧=મેથી—મેથીમા આંટો અને ગુંદર નથી. એમાં ચરબી વધારનારૂં તત્વ છે.

૨=ચામડી સુવાળી અને ચોખી રાખવા માટે મેઠીનો આટો પાણી સાથે મેળવી શરીરે મસળાય છે.

# ચસકા મારે.

આખા શરીરે ચસકા મારે તે માટે—સેકટાની છાલ અને સાંબરસીંગડુ પાણીમાં ઘસીને લગાડે અથવા એ ઘસાડો અરધો તોલો પીવામાં લીએ. સેકટાના પાનમાં પણ એ ગુણ છે.

૧=ચામડી નરમ અને સુંવાળી થાય—બદામનું તેલ, ચામડી મસળવાથી અળસીના તેલ અને ગલીસેરાઇનની માફક ચામડી સુંવાળી થાએ છે.

# ચાંદી-ચાંદા, ચાઠાં-વિસ્ફુટક.

૧=દારૂડી—ઓનાગ ધંતૂરાનો છોડ ચોમાસામાં થાય છે, ફુલ પીળાં છે. ડીડવાં એરનદીના જેવા છે, પાન મુળાના પાન જેવાં છે. બી બંદુકના દારૂ જેવાં છે, આખે છોડે કાંટા હોય છે.

ચાંદા—એના રસથી ન રૂઝાતાં ચાંદા જલદી સાફ થાય છે. એના રસને સુકવી ભુકો કરવાથી અંગ્રેજી આયોદોફારમના જેવો રંગ, વાસ અને ગુણ થાય છે.

૨=ચાંદા સારા થાય—કાથો અને મુડાસીંગ સંભાગે લઈ માખણમાં મેળવી લગાડે.

ચાંદા વાસ મારતા, ધારા વાસ મારતા—ચાઠા ઉપર પાનની લેપડી બાંધવાથી રૂઝ આવે છે, અને ખરાબ વાસ દુર થાય છે.

૪=ચાઠાં શરીરે પડે તે ઉપર–નગોડના પાનની રાખ દાબે.

૫=" વિસફુટક "માં જુઓ.

૬=ઈંદ્રીએ ચાંદી પડે તે માટે ચાંદીને વારંમવાર ધોઇ સાફ રાખવી. જુઇ, જાઈ, ધોળી કણેર, આકડો એના પાનના ઉકાળાથી ધોવું.

૭=બોદાર, કાથો, એલચીનું ચુરણ ચાંદી ઉપર દાબવું અથવા મધ સાથ લગાડવું.

૮=સંખજીરૂં અને કાથાની ભુકી દાબવી.

૯=મોરથુથુ ૧) ભાગ, કાથો ૪) ભાગનું ચુરણ દાબવું.

૧૦=હરડે, બેહેરાં, આમળાની રાખ દાબવી.

૧૧=સંખજીરૂ ૧, તોલો. કાથો ૦ાા તોલો, રસ કપુર વાલ ૧ નું ચુરણ દાબવું.

૧૨=ઊમરો, પીપળો, કાંટાસળીઓ એમાની ૧) ચીજની રાખ દાબવી.

૧૩=રસવંતી મધમાં લગાડવી.

૧૪=૧) ભાગ હીંગળો અને ૪) ભાગ કાથો એની ભુકી દાબવી.

૧૫=કરેણનું મૂળ વાટી લગાડવું.

૧૬=ચાંદી રૂઝાએ—ખડી (એક જાતની માટી) ને પાણી સાથ મેળવી લેપ લગાડે.

૧૭=ચાંદીવાળા દરદીને માટે-ગરમીવાળા દરદી માટે-કૃમી જંતુને નાશ થાય-યાદદાસ વધે-શરીરનું ઝેહેર કહાડે-ક્ષય માટે-મરદને કમતાકાત માટે-ગરમીનાં જુના આજાર માટે નીચે મુજબ ઉપાય ચાલુ રાખવો.

જેઠીમધ તથા વાવડીંગના બીજ (વિડંગ તનદુલેને) ભરડી ઉપરના છોળતાં કહાડી અંદરના બીનો ભુકો સંભાગે લઇ તેની ફાકી ૦ાા તોલો ૧ માસ સુધી ખાવી. (અથવા તેની ચાહ બનાવીને પીવી.) ખોરાકમાં ભાત, ઘી અને મગનું ઓસામણ લેવું અથવા મગનું ઓસામણ—મગ અને આમળા સુકાને પાણીમાં બાફી તેના ઓસામણને ઘી તથા જીરાંથી વઘાર કરીને ખાવું. ઉપલી ચીજોની ફાકી ૦। તોલાથી શરૂ કરી તે દર અઠવાડીએ ૦। તોલો વધારી ૧ તોલો સુધી વધવું. ફાકી અથવા ચાહના આકારમાં લેવું.

જેઠીમદ દેશી વઘદામાં બહુ ઉપયોગી ગણેલું છે. જીવણુ વધારનાર છે—જેઠીમધને દુધ, ઘી, મધ, સાકર સાથ ખાવામાં લીએ છે.

૧૮=ચાંદી અથવા ચાંદા જેમાંથી રસી નીકળતી હોય તેને માટે અને ઘાહ પડેલો હોય તે માટે પકવેલી ધાભણનો બારીક ભુકો દાબવામાં આવે છે. એનો મલમ કરીને વાપરે છે

૧૯=ચાંદી, બદ. વિસફુટક—એ માટે કરેણનું મુળ પાણીમાં ઘસીને લગાડવું.

૨૦=ચાંદીનો ઈલાજ—સુપારી બાળીને કોલસો કરી તેને કાથા સાથ મેળીને, દરદીના મોંઢાની થુક સાથે લગાડે તો તરત રૂઝ આવે.

ચામડી સાફ થાએ—આમળાનો ભુકો શરીરે રોજ નાહતી વેળા મસળે તો ચામડી શાફ થાએ. આમળાનો ભુકો સરીરે રોજ નાહતી વેળા બાલને લગાડે તો બાલ કાળા થાય નહીં.

મોંઢાની ખુબસુરતી વધે, સુામડી સુવાલી નરમ થાય—ચણાના આટાને દુધમાં મેળવી રોજ મોઢાંપર મસળીઆ કરે.

ચાહ દેશી—ચીનાઇ ચાહને બદલે નીચલું ચુરણુ ૦। તોલો ગા। શેર ઉકળેલા પાણીમા બે મીનીટ રાખી પીવું, તુળસીના પાન ફળારના પાન, આંબાના પાન, લજામનીના પાન, બીલીના પાન સંભાગે ચુરણુ કરી ૦। તોલો ચુરણ એક કપ માટે લેવું.

ચીમોદી જાણવરના દીલપર થાય તો દીવેલ લગાડે.

ચામડી પરનો કાળાસ મટે—ગાળ ઉપર કાળી છાયા પડે તે માટે બદામના મીચને અંદરવાયાના ફળમાં સુકી ચુહલા નીચે ૬ દીવસ રાખે. આ મીચ અથવા મધમાં અને સ્રીના દુધમાં ઘસી ગાળ ઉપર લગાડે તો ચામડી પરનો કાળાસ મટે

## છીંક આવે.

૧=કાંદાનો રસ નાકમા નાંખવાથી છીંક આવે.

૨=તપકીર—નવસાર, સફેદ મરી, કડવી તુરઈ (તુરીઉં), ફળી ચુનો એની સરખે ભાગે બનેલી તપકીર બહુ છીક લાવે છે.

૩=એસીડ સેલીસીક, અરીઠાની છાલનો ભુકો, અરક મુળ મરી, શ્વેત કરણપત્ર આ હરેક ચીજનો ભુકો કરી સુંઘવાથી છીંક ઘણી થાય છે.

૪=કુકડવેળ સુંઘવાથી છીંક આવે છે.

૫=છીંક આવે, માથાનું દરદ નરમ પડે માટે—ભુતરસના પાલાનું ચુરણુ સુંઘે.

## છીપ.

છીપ=લાલ રંગના તુંકતા અળાઇની માફક જાતપર થાય છે તે માટે—ધતુરાના પાનનો રસ, ગંધક, પારો સરખે ભાગે લઇ ખુબ મેલવીને દરદપર લગાડે.

## છાતીએ પીત.

૧=છાતી દુખે તે માટે દાડમના રસમાં ાા તોલો સુનામખી મેળવી ખવાડે.

૨=છાતીનો કફ મટે—સીંધવખારની ભસ્મ ૧) વાલ મધ સાથ રોજ બે વાર ખાવી.

૩=છાતી પરથી લોહી પડે તે માટે—ા તોલો અથવા વધારે હીરાદખણનું ચુરણને અધકચરાં બાફેલાં ચોડાની ૧) દાળમાં મેળવી રોજ ૩) વાર ૭) દીન ખવાડે; તેલ, ઘી, માછલી, ખટાઇ, મરચું ખાએ નહીં.

૪=છાતી સાફ થાએ=બળગમ મટે—ખાંડ સાથે સુનામખી ખાવી.

## જખમ-ઘાહ રૂઝે.

૧=વાટેલી સાકેર અથવા ખાંડ બહારના જખમ ઉપર દાબે તો લોહી બંધ થાય છે અને રૂઝ આવે છે.

૨=કોઇબી રીતે જખમ પડયો હોય તેમાં ઠંડા પાણીની ધાર રેડીને અંદરનો ભરાયલો કચરો કાઢી નાખવો, તેથી પાકપર ચઢે નહીં. જખમની કોર દાબીને પાટો બાંધવો.

૩=જખમ માટે ઉમરાનું દુધ લુગડામાં નાંખીને જખમ ઉપર મુકવું. આ દુધ જખમ ઉપર પોપડી બાઝી લોહી બંધ કરે છે. સડેલા જખમ ઉપર ગંધક મુકવાથી ફાયદો છે.

૪=જખમ બાહેરનો હોય તે ઉપર ઘાસતેલ લગાડે તો લોહી બંધ થાય અને જખમ પાકે નહીં.

૫=જખમ ઉપર જેઠીમધનું ઘી મુંકવું. વાહાડકાપ કીધા પછી ચામડીને રૂઝ લાવવા માટે જેઠીમધનું ઘી લગાડવું.

૬=જખમ જલદી રૂઝે. ૧૫) દીવસનું કામ ૧૫) કલાકમાં થાય.

પાડનેલ નામનો વેલો પથરપર ચઢે છે, ફુલ ફળ થતાં નથી. એનું મૂળ પાણીમાં ઘસી જખમપર લગાડે.

૭=જખમને પાણીથી ધોવો, અંદર થંડી માટી મુકવી અને પાટો બાંધવો. કોહવાટને માટી ચુસી લાએ અને રૂઝ લાવે.

લુગડામાં માટી મુકી તેને ભીંજવી જખમપર પાટો બાંધે તો રૂઝ આવે.

શરીરની અંદરના ભાગમાંની દરદ હોય તો ભીંની માટીનો પાટો શરીરપર બાંધે તો ફાયદો થાય. ઠંડા પાણીના પાટા ઉપર ફલાદી ન બાંધવામાં આવે છે તેમ મટોડીના પાટા ઉપર ફલાદીન બાંધવાની જરૂર નથી. મટોડી પોતેજ ગરમી ઉત્પન્ન કરે છે. ચીકણી મટોડી વધારે ગુણવાળી છે.

૮=જખમપર મધ મુકે તો રૂઝ જલદી આવે.

૯=વાહાડકાપ કરવા પછી ટાંકા મારી જખમ રૂઝવે છે, મકોડાના ડોકાં કાપી નાંખી તેના ડોકાનો લેપ કરી જખમપર મુકે તો રૂઝ ઘણું જલદી આવે.

૧૦=ઉંડા જખમ રૂજવા માટે—ઘીને પાણીમાં ધોવું. ચીકાસ નીકળી રહે ત્યાં સુધી વારંવાર ધોવું. ૦। શેર ધોયલાં ઘીમાં મોરથુથુ બે વાલ મેળવવું. આ ઘી ઘણું જુનું થવાથી કઠણ થાય છે. આ મલમ ઉંડા જખમ રૂઝાવે છે.

ઓષડી ઘી અથવા તેલ બનાવવાની રીત—જે વસાણાનું ઘી અથવા તેલ બનાવવું હોય તે વસાણાનો સ્વરસ અથવા ચટણી (કલ્પ) ૧ ભાગ અને ઘી અથવા તેલ ૪ ભાગ લેવું. જો વનસ્પતી લીલી હોય તો વનસ્પતી કરતાં ૪ ઘણું પાણી નાખવું. દવા બનાવવાની વનસ્પતી લીલી અને સુકી બંને હોય તો વનસ્પતી કરતાં આઠ ઘણું પાણી નાંખવું. જો વનસ્પતી સુકી હોય તો ૧૬ ઘણું

પાણી નાખવું અને ઉકાળવું. પાણી બળી રહેને ગાળી લેવું. ઝેરકચેરા જેવી સખત વનસ્પતી હોય તેને છુંદી ખોખરી કરી તેના વજન કરતાં ૧૬ ઘણું પાણી લઇને ઉકાળે તોજ બધો કસ તેલમાં અને ઘીમાં આવે. સુકી વનસ્પતી પાણી વગર તેલમાં ઉકાળો તો ભજીયાં તળાય તે મુજબ તળાય, તેનો બધો કસ તેલમાં ઉતરે નહીં.

**૧૧**=તરપેનતાઇનનાં પોતાં જખમપર મુકે.

**૧૨**=૦। શેર દીવેલમાં ખપે એટલું લુગડું બોળે. તે લુગડાને પાતલા ઉપર પાથરે, તે ઉપર ગંધક ભભરાવે. તે લુગડાનો કાકરો બનાવે, વચેથી તાર સાથ બાંધી લટકાવે. કાંકરાના બંધે છેડા સળગાવે. જે તેલ તપકે તે એકઠું કરે. આ તેલમાં જુનો રૂ બોળી જખમપર મુકવો. તે ઉપર કોઇ પાતરૂં મુકી પાટો બાંધવો. બે દીવસ પાટો રહેવા દેવો. જરૂર હોય તો બીજી વાર પાટો બાંધવો.

**૧૩**=હાથ પગનો અંગુઠો, અથવા આંગળા વગેરે કપાઇ ગયાં હોએ, છુતા પડવા જેવાં પણ થયાં હોય તેને દાબી. બરાબર ગોઠવીને તે ઉપર રતનજોટનું દુધ લગાડે તો પડ બંધાઇ ને ચામડી વળગેલી રહે, તે ઉપર જેઠીમધના વેલાના પાનની રાખ દાબેને પાટો બાંધે ઉંડા જખમ રૂઝવવા માટે જેઠીમધની રાખ બહુ સારી છે.

**૧૪**=પીપળાના દુધમાં રૂ ભીંજવી જખમપર મુકે.

**૧૫**=આસો સુદ ૧૦ (વીજીઆદસમી) ને દીને આપટાના પાન સોના તરીકે ઓળખાય છે. આ પાન આપવાં અને લેવાં તે સોનું આપવા અને લેવા બરાબર ગણાય છે. આટલું બધુ માન આ ઝાહાડને અપાય છે તે તેના ઉપયોગી ગુણ માટે છે. જખમ રૂજવવા માટે એ પાન ઘણા સરસ છે.

**૧૬**=જખમનું લોહી બંધ કરવા માટે—થંડા પાણીની ઢાર મુકવી, અને થંડા પાણીમાં મીઠું મેળવી તેમાં લુગડું ભીંજવી પાટો બાંધવો.

**૧૭**=કપાસના પાન વાટી બાંધવા.

**૧૮**=જખમ પાકી પરૂ બંધાય તો તે સાફ કરી ગરમ કરેલા ગોળની પટી કરી મુકવી.

૧૯=રતન જોતના ઝાડના રસમાં લુગડું બોળી તે જખમપર મુકે તો જળદી રૂઝ આવે અને જખમ પાકે નહીં.

૨૦=કંડોરીના ફળ કાગડોડા (કાગડોલ) ભુંજીને ખવાય છે. એ ઝાંહડની છાલનો બારીક ભુકો ઘા રૂઝવે છે. આયોડોફારમનું કામ કરે છે.

૨૧=કાળી મુસળી ૦ા તોલો, ત્રિફળાં ૦ા તોલો મેળવી દરદી રોજ ખાય તો જખમ જળદી રૂઝે.

૨૨=જખમ રૂઝે—સમરીના પાન છુંદીને અથવા મોંઢામાં ચાવીને જખમપર બાંધે તો ઘાહ જલદી રૂઝે.

ક્ષતી લોકો એને પુંજે છે કારણ કે એ ઝાહાડ તેઓને ઘણું ઉપયોગી છે. લડાઇમાં પડેલા જખમ રૂઝવવા માટે એ કામ આવે છે.

૨૩=જખમ તરત રૂઝે—સમરીની છાલનું ચુરણ કરી ઘાની ઉપર મુકે અથવા ગાયના હાડકાંને બારી તેની રાખ મુકે. આ ઝાડની નીચે ઢોર બેસે તો મરણ પામે.

૨૪=સમેરવો ઘાસની માફક થાય છે, ઘોરો માટે એક ખોરાક છે. કરેણના પાન જેવાં એના પાન થાએ છે, પણ નાકા પર અની હોતી નથી એના પાનની લેપડી જખમ ઉપર મુકે તો લોહી બંધ થાય.

૨૫=જખમ રૂઝે—ગમે એવો જખમ હોય તેમાં ભુંજેલી બાદીક કારી દાબીને પાતો બાંધે.

રતનજોટનું દુધ હાથપર મસળીને લગાડે. રૂ ની રાખ, આદુ છુંદીને, ફટકડી, બંદુકરીના પાનની લેપડી, લસણ કાચી, કાંડો ઘીમાં બાલી કાળો કરીને, ચુલા આગળનું ધુમસ, અવર કંટીના પાનનું ચુરણ, તુવરના ઝાડની રાખ જખમ પર મુકે.

૨૬=જખમ જલદી રૂઝે—કુંતરાંની તોપી વરસાદની રૂતુમાં થાય છે. લીલી હોય ત્યારે સફેદ હોય છે સુકાયા પછી કાલી થાય છે. એનું ચુરણ જખમ પર દાબે તો જલદી રૂઝ આવે.

૨૭=ઇંદ્રીના જખમ રૂઝે—ચોમાસામાં કુંભી ઉકરડા ઉપર થાય છે તેને ફળ, ફુલ, પાન, દાંખલી કાંઇ હોતુ' નથી. મુલાના મુલ જેવી દાંડી નીકળે છે. તે લીલું છે ત્યાં સુધી સફેદ છે, પછી કાળું થાય છે, આ બુટી તેની જડ સાથ લાવીને ચુરણ બનાવી જખમ પર બાંધે.

વાઘનો જખમ રૂઝે—કુંવારના પાઠામાં હળદર મેળવીને જખમપર બાંધે.

૨૮=જખમ પુરાય—રતનજોતના ઝાડના દુધમાં લુગડું ભીંજવી જખમ ઉપર મુકવાથી લોહી બંધ થાય છે, અને પોપડી બાઝે છે.

૨૯=જખમ રૂઝે—શરીરે વાઢાડ કાપ કર્યા પછી જો જખમ રૂઝાતો ન હોએ તો લીમડાના પાનની પોટીસ મુકવાથી જલદી રૂઝ આવે છે.

૩૦=જખમનું લોહી બંધ પડે—લુબાનનો અરક રૂમાં બોળી જખમ પર મુકે. લુબાનના ફુલની ધુઈ સફરાને આપે તો હરસનું લોહી બંધ થાય છે.

૩૧=ઘાવ રૂઝવવા માટે—સંગજીરાનો ભુકો ઘાપર છાંટે છે. અથવા ફટકીનો ભુકો તે ઉપર દાબે.

૩૨=જખમ જલદી રૂઝે—હીરાકસીના પાણીથી જખમ ધોવો.

૩૩=જખમ, નાસુર માટે મલમ—રાળ નવટાંક, ઘી નવટાંક બંનેને ઠંડા પાણીમાં મસળી ૭ વાર ધોવું. દાઝેલાં માટે આ મલમ બહુ થંડો છે. ઘીને બદલે તેલ લઈ શકાય.

૩૪=જખમ ઝરતો રાખવાનો મલમ—સાજી, સીંધવ, હીંગને માખણમાં મેળવી જખમ પર લગાડે તો રૂઝાએ નહીં.

૩૫=જખમ રૂઝે—ઘણો ઉંડો હોય તે અંકોલાના તેલથી રૂઝે છે.

૩૬=જખમ રૂઝાવવા માટે—ભીલામા નંગ ૪, તેલ નવટાંકમાં ઉકાળવાં, સંગજીરૂં ાા તોલો મેળવવું, અને મરઘા પીછા વતી લગાડવું.

ઢોરના જખમ સારા થાય—ઉપલું તેલ લગાડવાથી જખમ સારો થાય છે.

૩૭=ઘા રૂંઝે—સીનઘાલુણના પાણીમાં લુગડું બોળી જખમ પર મેળે તો છરીનો ઘા રૂઝે છે.

૩૮=જખમ, ચાંઠા રૂઝે—મીઠાંના પાણીમાં લુગડું બોળી જખમપર મુકે તે ઉપર ઝાડનું પાતરૂં મુકી પાટો બાંધે તો રૂઝ આવે

૩૯=જખમ જલદી રૂઝે—એરંડાની છાલ, મરી, લીંબુની છાલ ઉજલી ડોળીનું મૂળ પીવામાં આપે.

# જળોદર—જળંદર—કઠોર—નારગોર.

૧=સૌથી સારો ઉપાય જાળંદર માટે બીલામુ ૧) લઇ તેના માથા પરની, ખોપરી કહાડી, તેના ૫) ૭) કટકા કરી દુધમાં ઉકાળી ગારીને પાવું. બીલામુ, સુંઠ, મરી, પીપર, ત્રીફળાં, તલ સંભાગે ચુરણ બનાવી તે ૦। અથવા ૦॥ તોલો ચુરણ દુધમાં નાખી પાવું. દવામાંથી એજ અને ખોરાકમાંથી એજ.

સાંઢણી (ઉંટડી) નું ફક્ત દુધ ખોરાક તરીકે લેવાથી ઝાડા આવીને દરદ સાફ થાય

સરગવા છાલના કાહવો જવખાર નાખી પીવો.

અઘેડાના આખા છોડનું ચુરણ ૧) તોલો ૧૬) તોલા પાણીમાં ઉકાળી ૪) તો. રહેને પાવું.

એકલું ગૌમૂત્ર તો. ૧) રોજ બે વાર પીવું.

કંટાળા થુઅરને બારી તેનો રસ ૧) તો. મધ સાથે ખાવાથી ઝાડા થશે; આ ઇલાજ આકરો છે. ગામડેના લોકોથી સહન થઇ શકે

૨=કબુતરનો અઘર ૨ પાણીમાં ખખડાવીને પેટ ઉપર લેપ કરે. ખોરાકમાં ખીચડીને ઘી બીજું કાંઇ નહીં ખાવું.

૩=વાનો જળંદર, પીત્તવાળો જળંધર અથવા ગાંઠવાળો જળંધર હોય એ માટે ખરસાણીના થુઅરને ઘઉંના મેદાંમાં મેળવીને ખમીર બનાવવું, તેમાંથી ૨) માસા લઇ તેની રોટી જેવી ટીકરી કરી અંગાર ઉપર સેકીને ખવાડવી અથવા પાપડ ઉપર ખરસાણીનું દુધ ૧) માસા જેટલું લગાડી પાપડ ભુંજી ખાવામાં લેવો; ઝાડા વાટે બધુ નીકળી પડશે. તબીએત તપાસીને દુધ વધુ ઓછું આપવું.

૪=ખરચંપાની છાલ ૦। તોલો ચોખાના ધુણમાં ઘસી એકવીસ દીવસ પીવી

૫=કાચો કાંદો ખાવ માં લેવો.

૬=દીવેલ તોલા ૩ બકરીના દુધ સાથે ચાર માસ સુધી પીવું

૭=ઈંધરવણાનું એક ફળ તાજુ બસેર પાણીમાં ઉકાળી પાસેર રાખીને પીવું.

૮એલીઓ, અને ઈંધરવણાનું ફળ વાટીને પેટ ઉપર મુંકવું.

૯=કુમારીઆના બીનો ભુકો ૦ા તોલો, ગોળ સાથે દીવસમાં બે વાર ખાવામાં આવે તો જળંદર નરમ પડે છે.

૧૦=જળંદરના દરદમાં રેચ લાવવા માટે થુવર કંટારીઓ જાડી દાંડીવાળાનું દુધ ૩ વાલ ખવાડે છે.

૧૧=જળંદર માટે—કોરાની ખાખ વપરાએ છે. એમાં ચુનાનો ભાગ છે, એને લીંબુના રસમાં ૧૦ પટ આપે, એની ખાખ ૦ા તોળો, ગોળ સાથે સહવારે અને બીજી વાર સાંજે ખાવાથી જંળદર મટે છે.

૧૨=જળંદર=પેટના વાયુ માટે=અજમો ૨ તોલા અને ખારેકના ભુજેલા ઠળીઆનુ ચુરણ ૧ તોલો મેળવી તે ચુરણ બે આની ભાર રોજ બે વાર પાણી સાથ ખાવું. ઠળીઆને ઘીનો હાથ લગાડીને ગરમ કરે તો ભુકો જલદી થાય.

૧૩=જળંદર, કઠોદર, નારગોર માટે -ખરસાણીથુઅરના દુધમાં ૧ શેર બાજરીનો અથવા જુઆરનો આટો મસલી તેની કાદવના ઠીકરાંમાં ધીમી આંચે રોટી બનાવી તે રોટીને ૫ દીવસ સુકવવી તે રોટીને છુંદી ભુકો કરી ફરી ખરસાણીના દુધ સાથ મસળી રોટી બનાવી પાંચ દીવસ સુકવવી. આ મુજબ ૪ વાર કરવું, શેર આટાની છેલી રોટી ૦ા ની થશે ચોથી વખત રોટી થાય તેને ગરમ ગરમ મસલીને બાજરી જેવડી ગોળી બનાવવી. આમાની બે ગોળી રોજ ૧ વાર ૩ દીવસ સુધી આપવી. પેટમાંથી ગળેલાં જેવા કટકા પડશે, પછી ચાર ચાર દીવસે બે ગોળી આપવી અને ને એક માસ સુધી ચાર ચાર દીવસે આપ્યા કરવી, ઈયાને મરજ દફે થાય ત્યા સુધી આપવી, ખોરાકમાં વેંગણાનું ભરત, વેંગણાની કાતરી ઘીમાં તળેલી, મેઠીની ભાજી અને રોટી.

જળંદરની ઘણી સખત બીમારીવાળા દરદીની જીંદગીનો ભરૂશો નથી, તેવાં દરદીને જુવાન ઘોડાનું મુતર છાસ જેવું પહેલી ધારનું જવા દેવું, છેલી ધારનું નીતરૂં મુતર જીળવું તેને કપડાંથી ૭ વાર ગાળવું અને બે પઈસાભાર દરદીને રોજ પાવું.

૧૫=સારંગગાંઠ અને જળંદર માટે ઇલાજ—અજમો ચાર પઇસાભાર અને ખારેકના ૧૭ ઠળીઆનું ચુરણ બનાવવું. અને તે ચુરણ બે આની ભાર રોજ પાણી સાથ બે વાર ખાવું.

૧૬=જુમખાદોરીના પાનનો રસ પાંચ તોલા આંતરે આંતરે પાવો- ૩ વાર પાવાથી ઝાડાના રસ્તે દરદ નીકળી જશે.

૧૭=જળંદર=પેટ કોઇબી કારણે મોટું થાય—ગરમારાના પાન છુંદી ગરમ કરવાં, તેનો રસ ૫ તોલા કહાડી દરદીને રોજ બે વાર પાવો અને તેના પાનનું વરાળીઉં પેટે બાંધવું.

૧૮=વાયુગોળો, સારંગગાંઠ અને જળંદર માટે—દરીઆ વગરની ખારક ૧૭ ભાગ, અજમો ૪ ભાગ એનું ચુરણ ૦। તોલો ૧૫ દીન રોજ બે વાર ખાવું.

૧૮=મુળાના પાનનો રસ બે તોલા અને દીવેલ ૧ તોલો મેળવીને રોજ પીએ

પીસાબે રેતી હોય તે નીકળે—મુળાના પાનનો રસ ચાર તોલા સહવારે ભુખે પેટે પીવો ખમાએ એટલોવાર પીસાબ ખમવી પછી એકદમ પીસાબ થવાથી રેટી બહાર નીકળશે.

૧૯=જળંદર માટે માણસની ખોપરીનું હાડકું પાણીમાં ઘસી દરદીને પાવું.

૨૦=જળંદર મટે—સમુદર ફળને દીવેલમાં ઘસી રોજ પીએ.

૨૧=જળંદર=પેટ મોટું થાય, પગ તવાઇ જાએ, ( કંટરાઇ જાય ) તે માટે—૦॥ શેર સુનામખી ૭) શેર પાણીમાં ભીંજવવી; ૩) કલાક પછી સુનામખી ચોળવી, ૧) રાત થારમાં રાખવી. અને કપડા વતી ગાળી લેવી. દરદીને તરસ લગે ત્યારે આ પાણી પાયા કરવું.

૨૨=જળંદરવાળા દરદીના પેટપર દબાણુ કરીએ ને ખાડો પડે તો રાઇ ગાયના મુતરમાં છુંદીને ખાવી. ૧ થી ૪ વાલ.

૨૩=જળંદર—જે જળંદર વાથી થાય છે તે દરદી પાણી બહુ પીએ છે. તેનું પેટ ઠોકીએ ને ઢોલના જેવો અવાજ આવે તે માટે લસણુની કળીઓના છોલટા કહાડી તેને પથર ઉપર વાટીને પુરતાં મધમાં મેળવી રાખવી. સાત દીવસ પછી અથાઇ રહે ને તેમાંથી ૦। તોલો અથવા વધારે દીન ૪૦ ) સુધી સહવારે ને સાંજે ખવાડવું.

૨૪=જળંદર તથા કલેજાંના દરદ માટે, ધાંગરી માછલીની પથરી પાણીમાં ઘસીને પીએ.

૨૫=જળંદર. બરોળ, કાળજું, સંધીવા—શુરીજન, એલચી સાથે મેળવીને તેની એકેક વાલની ગોળી કરીને એક અથવા બે ગોળી દીવસમાં બે વાર ખાવી

૨૬=જલોદર ઇઆને જળંદરવાળા દરદીને અંકોલના મુળનો કાઢવો અથવા મુળ પાણીમાં ઘસી ઘણા દીવસ પાવું.

૨૭=જળંદર, મનની દલગીરી, મગજની બીમારી માટે—કાળી કુટકીના મુળની ભુકી ૧ થી ૨ વાલ વપરાએ છે.

જળંધર—વાનો જળંધર, પીપવાળો જળંધર અથવા ગાંઠવાળો જળંદર હોય તે માટે ખરસાણીના થુઅરને ઘઉના મેદામાં મેળવીને ખમીર બનાવવું. તેમાંથી બે માસા લઇ તેની રોટી જેવી ટીકરી કરી અંગાર ઉપર સેકીને ખવાડવી અથવા પાપડ ઉપર ખરસાણીનું દુધ ૧ માસા જેટલું લગાડી પાપડ ભુંજી ખાવામાં લેવો; ઝાડા વાટે બધુ નીકળી પડશે. તબીએત તપાસીને દુધ વધુ ઓછું આપવું.

૨૮=જળંદર માટે દીવેલ તોલા ૩ બકરીના દુધ સાથે ચાર માસ સુધી પીવું.

૨૯=જળંદર—વાયુથી થયલા જળંદરવાળા દરદીનું પેટ અફાળવાથી ઢોલ જેવો અવાજ થાય તેને એક અથવા બે પઇસાભાર દીવેલ દુધમાં મેળવી રોજ પાવું. ૪ માસ ચાલુ રાખવાથી બધો વા નીકળી જાએ.

૩૦=જળંદર માટે ઇલાજ—કાંદાના બીનું ચુરણ ૪૫ તોલા અને જુના કામળાં (વાંસ) ની રાખ સંભાગે મેળવી તેમાંથી ાા તોલો અથવા વધારે ૩) મહીના સુધી રોજ પાણી સાથ ખાવી પેટનું પાણી મુત્રમળમાં નીકળી જશે અને વહાડકાપ કરવાની જરૂર રેહેસે નહીં.

૩૧=જળંદર માટે—બરૂના મુળનું ચુરણ ાા તોલો મધ સાથ ખાએ.

# જીવજંતુ મરે–જીવડા મરે, માખી નાહશે, મચ્છર નાહશે–કીડા મરે.

૧=કોહવાટવાળાં ગુમડાં ઉપર દીકામાલીની રાખ મુકે તો અંદરના જીવડાં નીકળી પડે.

૨=કોહેલા શરીરના ભાગ આગળ દીકામોલી પાણીમાં ઘસી લગાડે અથવા એનો ઉકાળો કરી તે દરદવાળા ભાગને ધુવે તો માંખી તે દરદ ઉપર બેસે નહીં અને તે કોહવાટવાળા ભાગ ઉપર જીવજંતુ પાકે નહીં.

૩=જીણા જીવડા મારી નાંખવાનો કરંજમાં ગુણ છે. માથાના ખોળા અને ચામડીના દરદો માટે આખું ઝાહાડ વપરાય છે.

ચામડીના દરદો માટે કોઇ મલમ બનાવવો તો તેમાં કરંજનું તેલ વાપરવું ફાયદાકારક છે.

૪=માખીઓ નાહસે—ધંતુરાના મુળીયાંને પાણીમાં ઉકાળી તે પાણી છાંટવાથી અથવા મુળીયાંનો ધુમાડો કરવાથી માખીઓ નાહસે છે.

૫=ચામડીના દરદો જંતુવાળા હોય તે ઉપર ધંતુરાના પાતરાંનો લેપ લગાડવાથી જીવડાં મરી જાય છે.

૬=માખી દુર થાય—ગંધક તેલમાં મેળવી ઘોડાના પગને લગાડે તો માંખી ઘોડાપર બેસે નહીં.

૭=ડંખ મારતા જીવજંતુ નાહસે—ગુળએનમ ગમનો ધુમાડો કરે.

૮=રૂષીઓએ ગાયના મુતરને અમૃતરૂપ માનેલું છે. તે બીજી ઓસડો કરતાં જીવજંતુને અને બારીક જીવડાને વધારે જલદી નાશ કરે છે.

૯=હવા ચોખી થાય, જીવજંતુ મરે, સાકરને અંગાર ઉપર મુકી ધુમાડો કરે.

ક્ષયના જીવજંતુ મરે—સાકરનો ધુમાડો દરદીને આપવો. હુકો પીવામાં તંબાકુ સાથ ગોળ મેળવવામાં આવે છે તેની મતલબ ક્ષયના જીવજંતુનો નાશ કરવાની છે.

૧૦=જીવડા મરે—શરીરપર કોહવાટ થઇ જીવડા પડે તો કાંટા સળીઆના પાનનો રસ લગાડે, તો જીવડા મરી જાય.

૧૧=સીતાફળના પાંદડાં તથા બી જીવજંતુને મારે છે.

કોહવાટવાળા ભાગમાં, સીતાફળના પાદડાંની પેટીસ મુકવાથી કોહવાટને રૂઝવે છે.

૧૨=જીવજંતુ મરે—પાણીમાં ખરાબ જીવજંતુ હોય તો તેમાં લીંબુનો રસ નાખવાથી જીવજંતુ મરે છે.

૧૩=હોજરી અને આંતરડામાં જીવજંતુ થયા હોય તો લીંબુ, ટોમેટો, લીલી દરાખ, એપલ વગેરે ખટાસવાળાં ફ્રૂટનો રસ પાવાથી જીવજંતું મરે જે ફ્રુટનો રસ પેટમાં જવા પછી બી ખટાસ પકડતો હોય તે જીવજંતુ મારે છે તે જરમી સાઇડ છે.

૧૪=જીવજંતુઓ પેદા થાય ચણાના લોટને મેદામાં ભીંજવીને બહાર કહાડી તે ઉપર દહીંનું પાણી રેડે તો પુષ્કળ જીવજંતુ પેદા થાય. કઠોર સાથ દુધ દહીં ખાવાથી અજીરણ થાય.

૧૫=કીડામારીના પાનનો રસ લગાડે તો, કીડા ખરી પડે.

૧૬=માખી નાહશે-જયાં કીડામારીના પાનનો રસ લગાડો ત્યાં માંખી ન આવે.

૧૭=જીવજંતુ મરે—લીમડાના બીનું તેલ ઘા ઉપર કારબોલીક તેલની જગાએ વપરાય છે. જીવડાને મારે છે, અને રૂઝ લાવે છે.

૧૮=જીવજંતુ મારવા માટે—સીક માણુસના બીછાના આગળ સરકો છાંટવો.

૧૯=નાંકમાથી લોહી પડે, જીવડાં પડે—તો લીંબોળીનું તેલ નાકમાં મુકે

૨૦=મગજે પડેલા જીવડા નીકળે, શરીરપરના જીવડા મરે—કપુર, જાયફળ, ટીકાંમાળી, તંબાકુ દરેક ના તોલો લેવો, ૬ તોલા તેલ અને ૧૪ તોલા પાણીમાં ઉકાળી તેલ બનાવી, તે તેલ લગાડવું. મગજ માટે તે તેલ નાકમાં નાખવું.

૨૧=જીવજંતુ નાશ પામે, કીડા મરી જાય—૧ તોલો કરમ-ડીનાં મુળને પાણીમાં વાટી ૪ તોલા તેલમાં નાંખી ઉકાળે, તે તેલ જખમમાં પડેલા કીડાને લગાડે તો કીડા મરે.

૨૨=માખી દુર થાય—કરંજનું તેલ ચામડીપર લગાડે ત્યાં માખી બેસે નહીં. માખીનું જોર, ઉપદ્રવ શ્રાવણ માસથી ભાદરવા સુધી રહે છે.

૨૩=જીવડા નીકળે—કોહાટવાળાં ગુમડાં ઉપર દીકામાલીની રાખ મુકે તો અંદરના જીવડા નીકળી પડે.

૨૪=જાનવરને કીડા પડે તો ભીલામાની ધુંઇ આપવી.

૨૫=કોહવાટના કીડા—શરીરપરના જખમ વાસ મારે અથવા તેમાં કીડા પડે તો મધને ગરમ કરી જરા ઘટ બનાવી તેની પટી કરી જખમ પર મુકાય છે.

૨૬=ઉડતા રોગના જીવજંતુઓનો ઘરોમાંથી નાશ કરવા માટે ચુનો ધોળવામાં આવે છે. તે વખતે ૧ મણ ચુનાના પાણીમાં પોણો તોલો મીઠું નાંખવાથી વધારે સારૂં પરીણામ આવે છે.

જુઓ " માખી નાહશે. " " મચ્છર મરે. "

## જીભનો સ્વાદ સુધરે.

૧=મોઢાનો સ્વાદ બગડેલો હોય તો બાવળની પાલી ચાવવી.

૨=જીભ સમરે, જીભે સ્વાદ વધે—અકલગરાનું છોડું મોઢામાં મુકી ચુસવું.

૩=જીભ સુન મારે, જડબાં બેહેર મારે—કુતરીઆ ઘાસનો રસ જીભે અથવા જડબાંએ લગાડે તો જીભ સુન મારે અને જડબાં બેહેર મારે.

૪=જીભ દાંતથી કપાય, અને દાંત આરપાર નીકલ્યો હોય અથવા જીભ સેજ વલગી રહી હોય તે જખમ રૂઝે—કાથો ૧॥ તોલો, ચેવલી પાન ૦ા તોલો, બંને સારી પેઠે વાટવાં. આ ચુનો ૧ તોલો તેલ ૧ તો૦ સાથે મેળવવો. બંને મેળવણી મેળવીને મલમ બનાવવો. ચેવલી પાનનો એક ટુકડો જીભની નીચે મુકવો, પછી જીભ પર મલમ લગાડી તે ઉપર બીજી પાનની પટી મુકવી. લોહી બંધ થાય નહીં તો ફરી ફરી આ ઇલાજ કરવો.

# ઝાડા બંધ થાય.

૧=રા। માસા જાયફળનું ચુરણુ દહીમાં મેળવી ખાવું.

૨=ઝાહાડાના ઉપાય—કોઇ દરદીને ઝાહડા રોજ થતા હોય તેને માટે નીચલો સહેલો ઉપાય છે.

હોવેલ્સ જુલાબનું ૦ાા તોલો, નારંગીનો રસ ૧૦ તોલા આ બનેને મેળવવું. તેમાંથી એક ચમચી પાણી વગર પીવું. દીવસમાં ૫ વાર પીવું. જરૂર જણાય તો એકેક કલાકે પીવું.

૩=જમાલગોટાનો જુલાબ ઘણો લાગી ગયો હોય તો મરી ૦ા તોલો પાણી સાથે ભેળીને પીવું. પછી દહીં ચાવલ ખાવા એટલે ઝાડો બંધ થાય.

૪=ઝાડા બંધ થાય=વેગળાની જડનું ચુરણુ બે આની ભાર ગરમ પાણીમાં પીવું.

૫=જાનવરો ઘાસ ખાય છે તે ઘાસની કંઠી તોલો ૦ા ઘી સાથે ખાવી.

# ઝામરો.

શરીરપર ફોલ્લો થાય છે, તેમાં છાગરાની માફક પાણી ભરાય છે, અને વેદના બહુ ચાલે છે. તે ઝામરો છે. તેના ઇલાજો.

૧=મેદીના પાણીનો લેપ લગાડવો.

૨=સોનાગેરૂ પાણીમાં મેળવી લગાડવું.

૩=તુકમરીઆ પાણીમાં વાટી બાંધવાં.

૪=ગળીથી રંગાયલા દોરાને સોયમાં પોવો. સોયને ઝામરા માંથી ફોડી કહાડી દોરાના બંને છેડા બાંધી રાખવાથી ઝામરો સારો થાય છે

૫=તાંદળજાની ભાજીનો રસ, મરી સાથ પીવો.

૬=ઝાંમરો તરત મટે—કાચા કેળાંની છાલની રાખ લગાડતાંજ ઝાંમરો શાંત પડે છે.

૭=ઝામરો—મરી અને તુકમરીઆની લેપડી મુકે.

# ઝાડો થાય-જુલાબ લાગે, પેટ આવે, દસ્ત આવે.

૧=જુલાબ માટે ઠળીયા કાઢેલી કાળી દરાખ ૦ાા શેર, ગુલાબજળ ૦ાા શેર, ૧૨ કલાક ભીંજવી ૦ાા શેર રસ કહાડવો. તેનું સરબત બનાવી એક ચમચો પીવાથી ઝાહડા આવે છે.

૨=કપીલો એક ઝાડના ફળનો ભુકો છે. રંગે ઈંટના ભુકા જેવો છે, સ્વાદમાં કડવો છે, સ્વભાવે ગરમ છે. રંગ તરીકે એનો બી વપરાય છે.

જુલાબ, કરમી, આફરો, લોહીવીકાર માટે કપીલો વપરાય ચાંદા ઉં, ઉપર એનો મલમ કરી વાપરેછે.

૩=કપીલાનો જુલાબ પેટમાં દુખાવે છે માટે તેની સાથે હરડે, વાયવરંગ, સીંચવખાર ઉમેરે છે

૪=જુલાબ બચ્ચાંનો—દીવેલ અને મધ મેળવી ચટાડવું.

૫=જુલાબનું સરબત—ઈંદરવાણીની છાલ બે ભાગ, પાણી દસ ભાગ ઉકાળીને બે ભાગ રાખવું. જેટલી છાલ એટલી ખાંડ નાંખી સરબત બનાવવું. બે તોલા સરબત પાણી સાથએકવાર પીવું.

૬=જુલાબ આવે—જેલપ-( ગુલઆસની જીની ભુકી ) હીંદુસ્તાનીના કરતાં વેલાતી જેલપમાં જોર વધુ છે. જુલાબના કામમાં આવે છે. માત્રા બે માસા છે. બળગમ કાપે છે

જેલપને બદલે નીસોતર ( નીસવત ) વાપરો તો ચાલે છે, બંનેના ગુણ સરખા છે નીસોતર વધુ ગરમ છે.

૭=જુલાબનુ તેલ—જમાલગોટા, ( શોધેલા ) અમલસારો ગંધક, ટંકણખાર, સુંઠ, દરેક ૦ાા તોલો એ સરવેને ખાંડીને નાળીએરમાં ભરી તેનું મોંહ બંધ કરવું એક ગજ પહોળો અને એક ગજ ઉડો ખાડો જમીનમાં ખોદીને તે નાળીએર ૩૦ દીવસ રહેવા દેવું. તેમાંથી તેલ નીકળે તે નખે ( વીસે ) અથવા ડુંટીએ લગાડે તો જુલાબ આવે. જુલાબ બંધ ન થાય તો મરી ૦ા તોલો ઘી ૧ તોલો, ખાવું અને પછી દહીં સાથે ચાવલ ખાય તો પેટ બંધ થાય.

૮=એકસ્ટ્રેટ કોલોસીંઠ—ઈંદરવાણુાના ફળના ગરનો એ સીરો છે. એ ફળનો ભુકો પણ થાય છે. જુલાબ માટે આ આખું ફળ ઉપયોગી છે. મગજના તેમજ આંખના ખરાબ રસ માટે આનો જુલાબ સારો છે. ભુકાની માત્રા એકથી બે માસાની છે.

૯=ભું જ્યા વગરની ઇંદ્રજવની ભુકી ો તોલો પાણી સાથે ખાવી.

૧૦=ગરમાળાનો ગર ા તોલો ગરમ પાણી સાથે મેળવી પીવો.

૧૧=ઝાડો અને પીસાબ એક પહોરમાં છુટે—ઇંદરવણાનું મુળીઉં તોલો ાા પાણી સાથે પીવામાં આપવું.

૧૨=જુલાબ માટે—ગૌમૂત્રને કપડાંથી ગાળીને પીવો. જેમ વધારે વાર ગાળે તેમ રેચક ગુણ વધે છે. ગૌમૂત્રને બાળવાથી તેનો ખાર નિકળે છે.

૧૨=જુલાબ સાટે—ડુંટી ઉપરે સુરજમુખીનાં બીના તેલનું ટપકું પાડવું.

જુલાબ આવે, આમ વા નીકળે—ધીમાં તળેલી હરડે અને સુનામખી સંભાગે ાથી ાા તોલો મધમાં ચાટે.

હીમજી હરડે નાની કાચી—જુલાબ લાવે છે.

૧૩=શરીરે શકતો આવે. ઝાડો ખુલાસાથી લાવે—આમળાના ઝાડની છાલનું ચુરણ ાા તોલો દુધ સાથે ઉકાળીને પીએ.

૧૪=સુનામખી સાથ લીંબુનો રસ અને બતાસા મેળવીને ખાય તો જુલાબ ઘણો લાગે તે બંધ કરવો હોય તો ખીચડો ને ઘી ખાવું.

૧૫= જુલાબ માટે—બારીક રેવનચીના ભુકાને સાતવાર સર કામાં પટ આપવો. આ પકાવેલો રેવનચીનો સીરો ૧ વાલ ખાંડ સાથે ફાકે ઉપરથી ગરમ પાણી પીએ. જેટલીવાર પાણી ગરમ પીવામાં આવે છે તેટલીવાર ઝાડો આવે છે.

૧૬=જુલાબ—એરતડીઆનો જુલાબ બધા જુલાબ કરતાં સારો છે. નબળાઇ બીલકુલ કરે નહી.

૧૭=ઝાડો આવે—દીવેલાના ૧૦ બીના મગજને વાટી મધ સાથ ખાએ તો દીવેલના જેવો જુલાબ લાગે.

૧૮=ઝાડો આવે મ દો નરમ થાય—બદામ અને સાકર દરેક ૦ાા તોલો, માખણ એક તોલો મેળવી તેના બે વાર ખાવું, એમાં ફીમજી હરડે ૦ા તોલો મેળવે તો જરૂર ઝાડો આવે.

૧૯=વરીઆળીને કપડામાં ઘાલી મસળવાથી એની અણીવાળી (છોતરી) નીકળી જાય છે. એનો ભુકો ઘીમાં લાલ કરવો, સાકર ના સીરામાં નાંખી તેના કટકા બનાવવા. રોજ સવાર સાંજ ખાવાથી ઝાડો આવે છે.

જુઓ "જુલાબલાગે" "પેટ આવે" "દસ્ત આવે"

# જુ માથાની મરે—નીખ માથાની મરે ચાન જુ મરે.

૧=કાળીજીરી લીંબુના રસ સાથ મેળવી માથામાં લગાડે તો માથાની જુ મરે.

૨=ઇંદ્રજવના બી નો ભુકો મસળે તો જુ તુરત મરે.

ચાન જુ મરે—દરીઆના પાણીથી શરીરને ખુબ ચોળીને નાહવું. કુવાના પાણીમાં મીઠું નાખીને ઉપર મુજબ કરો તોબી ફાયદો થાય.

૩=ઉપલેટ, વજ કાવલી સંભાગે મેળવી ૧) તોલો લેવી, તેને ૭) તોલા તલના તેલમાં ઉકાળીને તે તેલ ૭) દીન માથામાં મસળવું.

૪=કાંગફળ બે તોલા, તેલ ૦ા શેર બંને ચુલા પર કકડાવી, તેલ કરી, માથે ભરી, માથુ બે પહોર બાંધી રાખે તો જુ ફરીથી થાએ નહી.

૫=જુ અને નીખ મરે—ગંધક, વાયવરંગ, મનસીલ દરેક ૮ તોલાને ગઉમુત્ર સાથ વાટી મેદા જેવું કરે તેમાં ૩ાા શેર ગઉમુત્ર અને ૧ા શેર સરસીઉ તેલ મેળવી ચુલે ઉકાળે પાણી બળી રહે ને તેલ ગાળે. આ તેલ માથે લગાડે.

૬=બે ભાગ ગંધક, એક ભાગ પારા સાથ એકરસ કરે તે ભુકો બે વાલ જેટલો લઇ તેલમાં મેળવી રાતે માથે મસળે અને માથું બાંધી રાખે, સહવારે માથું છોડે તો જુ કપડાંને વળગેલી જણાશે.

૭=પારાને નાગરવેલના પાનમાં સારી પેઠે મેળવીને કપડાં ઉપર લગાડે અને તે કપડું માથે બાંધે તો જુ ખરી પડે.

વાળો નાશ પામે—પારો ૧ ભાગ, ઘી બે ભાગ, કોકમનું ઘી ૭ ભાગ મેળવી તે મલમ મસળે.

૮=ચણાને એક રાત છાસમાં ભીંજવી રાખવા તેને સહવારે છાસમાં વાટી માથે ચોળવા બે પોહોર પછી માથું ધોઈ નાખવું.

૯=જુ માથાની મરે—ઈંદ્રજવને વાટી માથે ભરે તો જુ મરે.

૧૦=જુ માથાની, ખોડો માથાનો નીકળે—ઉજળી ખાંડની સાથ લીંબુનો રસ મેલવી માથે લગાડે.

૧૧=લીંબોડીનું તેલ ચોપડવાથી માથામાંની જુ મરી જાય છે.

જુ મરે—સીતાફળના બીનું ચુરણ માથે લગાડી આખી રાત બાંધી રાખે તો નીખ અને જુ મરે.

૧૨=જુ, નીખ માટે—સંચરો પાણી સાથે મેળવી લગાડે.

માથાની જુ—અરીઠાના ફીણથી મરે છે.

૧૩=—શરીરે જુ પડે તો વજકાવલી ૧ ભાગ અને ઉપલેટ ૨ ભાગ તેલમાં ઉકાળીને ૭ દીન શરીર પર ચોપડીને નાહવું.

૧૪=જુ માટે ધંતુરાનું તેલ વપરાય છે.

૧૫=જુ મારવા માટે પારો પાનના રસમાં મસળીને લગાડવો.

૧૬=જુ માથે થવા દે નહીં—જેને વારંવાર માથે જુ થતી હોય તેને નીચે મુજબ ગળે બાંધી રાખવું.

૧=બદામને ઝીણું કાનું પાડી ખુલ્લી મુકવી. કીડીઓ અંદરનું મગજ ખાઇ જાય ને બદામમાં પારો ભરવો. તેનું કાનું લાખથી બંધ કરવું આ બદામ ગળે લટકાવી રાખે તો જુ પાકે નહીં

૧૭=જુ મરે—મધ માથે ચોપડવાથી જુ મરે છે.

૧૮=જુ મારવા માટે પારાને મુળાના પાંતરાના રસમાં મસળીને લગાડવો.

# ઝેહેર ઉંદરના ડંખનું

૧=ઉંદરના કરડવાથી ઝેર ચઢે છે. શરીરે ચાઠાં પડે, ઢાહરાં પડે ત્યારે અંકોળનું લાકડું ઘસીને પાવું અને ઢાહરાં ઉપર ચોપડવું દરદીને માટી ખવડાવે તો ઉંદરનું ઝેહેર હોય તો માટીનો સ્વાદ ખાટો લાગે.

૨=સાપની કાંચળીનો ધુમાડો ૩ દીન આપવો.

૩=ઊંદરના ઝેર ઉપર દીવેલ લગાડવું.

૪=કોપરૂં મુળાના રસમાં વાટી લેપ કરવો.

૫=દીવેલ લગાડવું અને દરદીએ મીઠું જરાબી કોઇ પકવાનમાં ખાવું નહીં.

૬=દમરાનું મુળ અથવા ડાળી પાણીમા ઘસી લગાડે.

૭=મુળાના રસમાં કોપરૂં વાટી લેપ કરવો,

૮=ઉંદરનાં ડંખથી બળતરાં બળે ચાઠાં પડે તે ઉપર ઉંદરની લીંડી વાટી લગાડવી.

૯=ઉંદરકાનીનો રસ સરીરે મસળવો અને પીવો.

ઉંદરના ડંખ માટે સુંઠ, મરી, પીપરને છાણના રસમાં ઘસી દરદીને અંજન કરે.

પેતની ગાંઠ ખસે પેટમાં અવાજ થાદી ઝાડા આવે.

સુંક સુવા સંભાગે લઇ તેના આઠમે ભાગે એલચી લઇ એ બધાને ગરમ કરીચુરણ બનાવે તે ચુરણને સંભાગે સાકેર ચેળવી તેમાં ૦॥ તો ખાવું વાએદી ચીજ ન ખાવી.

૧૦=ઉંદરના અને સાપના ઝેર માટે—અંકોળનું મુળ તો. ૦॥, ચોખાના ધોવણમાં વાટી મધ સાથ ખવડાવવું. અંકોળનું મુળ રેચક છે અને ઉલટી કરાવે છે અને તેથી ઝેર ઉતરે છે.

૧૧=ઉંદરના ડંખવાળા દરદીને સાપની કાંચળીની ધુપ૩ દીવસ આપવી.

૧૨=ઉંદરના ઝેર માટે—ઉંદર ઝેરી હોએ તો થોડા વખત ગયા પછી દરદીને રતવા જેવા ચાંઠા શરીરે નીકળે છે. સુનામુખી નો ઉકાળો ૭ દીવસ પાવો, જેથી ઝાડા સાફ આવે તો ઝેહેર નીકળી જાએ.

૧૩=ઉંદરના ઝેર ઉપર દીવેલ લગાડવું.

૧૪=ઉંદરના ઝેર માટે—કરંજના ઝાડની છાલ અથવા બી ઘસી લેપ કરે.

# ઝેર અફીણનું ઉતરે,

૧=ચોલાઇની ભાજીનો રસ ૦। શેર પાવો, અને તે ભાજીની લેપડી ટાળવા પર મુકવી.

૨=અરણીનું મૂળ પાણીમાં ઘસી તે ઘસારો ૧) તોલો પીવારે તો ઝેહેર તરત ઉતરે અફીણનું ઝેહેર કાપવામાં એ અજબ ગુણ ધરાવે છે,

૩=અફીણ ખાધું હોય ત્યારે બમણી હીંગ ખાવામાં આપે તોજ અફીણનું ઝેર ઉતરે.

૪=દસ ચોખાપુર હીંગ ફુલવીને પાણી સાથે પાવી. જેટલું અફીણ ખાધુ હોય તેથી બમણી હીંગ ખાવી જોઇએ.

૫=અફીણનું ઝેહેર ઉતરે—નોલવેળ (નોરવેલ) વેગાનાકોહાળી ભાગનું પાણી કરી દરદીના પેટમાં નાખે તો ઝાડો ઉલટી થાય નહી પણ અફીણ મંટોડું થઇ જાએ. એ સુધ દરદીના પેટમાં આ રસ જાય તો હુસીયાર થાય.
નોરવેલના ફળ ૧) વરસ સુધી સાચવી રખાએ છે.

૬=જુઓ "ઝેર સોમળનું" નંબર ૩

૭=અફીણનું ઝેર ઉતરે—રના છોડનો મુળની છાલનો રસ એક તોલો પીવો દરદી કદી મરે નહીં.

૮=અફીણનું ઝેર—વેગણાનો અથવા વેગણના છોડના પાંદડા રસ ૩ તોલા પાવો.

૯=અફીણનું ઝેર—સુણી ભાજીનો રસ તોલા ૧૦ પીવાથી ઉતરે છે.

૧૦=અફીણનું ઝેર ઉતરે—સીંધવખાર ખાવાથી ઝેર ઉતરે છે

## અફીણનું ઝેહેર વધે,

પાંપળાના ઝાડના પાનનો રસ પીવાથી અફીણનું ઝેહેર વધે છે

## ઝેર કુતરાંનું-હડખવા ઉતરે,

૧=મીઠા પાણીનો કાચબો પકાવી, સુકવી, બારીક ભુકો કરો કાચબાની ભુકી પાંચ તોલા જેનસીઅન રૂટ ત્રણ તોલા પ્રસિસ તોલા ત્રણ મેળવી એક રસ કરવો તેમાંથી પેહેલે દીવસ ચાર માસા ખાવી પછી રોજ ૧ માસો વધારીને સવા તોલો થાય ત્યાં સુધી ખાવું. ઘી શાથ મેળવી ખાવું. ઉપરથી પાણી પીવું

૨=ધતુરાના બે પાતરાંનો રસ કહાડી પાવો તેથી દરદી વધારે ઘેલો જણાય તો ફીકર નહીં પણ ઝેર નરમ પડશે.

૩=કાળા ધંતુરાના બે પાંતરા દરદી ચાવીને ખાઇ જાએ. ને ચાવીને ન ખાએ તો તેનો રસ કહાડીને પાવો. આથી દરદી દીવાન જેવો થશે તેની અડચણ કરવી નહી—૩ દીવસ પછી તે સારો થઇ જશે

ધંતુરાના ડીંડવાં, લીંબુના પાંતરા, બીજોરાના પાતરાં, છુંદી દંખ ઉપર લેપડી મુકવી.

કુતરૂં હડખયલું હોયત્યારે કપડું પહેરેલું હોય તો ઝેહેર લાગતું નથી, ચામડીમાં દાંતનો દંખ પડે પણ ઝેહેર લુગડામાં અટકી રહે છે.

૫=કુતરાનું ઝેર લાગે તે માટે ધંતુરાના કાહડો પાવામાં આવે છે જો ધંતુરાનું ઝેહેર ચડે તેના ઉતાર તરીકે જેઠીમધ ચાહ પાવામાં આવે છે.

૬=ધંતુરાના દીંડવાં અને બીજોનાં લીંબુના પાતરાં છુંદી તેનો રસ જખમ ઉપર રેડવો ને તે લેપડી જખમ ઉપર બાંધવી. દીવસરમાં ૩ વાર નવું બાંધવું. એવી રીતે ૪ દીવસ કરયા કરવું.

૭=દંખ ધોઇને તે ઉપર દરાખના વેલાના લાકડાની ખાખ સરકામાં મેળવી લગાડવી.

૮=ઝેરી કુતરૂં કરડયા પછી ૪૦ દીવસે ઝેર ચઢે છે. ઝેર ચઢે તેની આગળ અથવા કુતરૂં કરડયા પછી ૧૫ થી ૨૫ દીવસમાં તે દરદીને નીચે મુજબ ખવાડવું;-

સહવારે ૦।। તોલો લાકડાના કોલસાનો ભુકો ખવાડવો, અરધા કલાક પછી કાળા ધંતુરાના પાતરાનો રસ બે તોલા પાવો. વામીત ન થાય માટે ગોળ ખવાડવો અથવા બીજો ઉપાય લેવો. હવે દરદી તોફાન કરશે માટે દરદીને બાંધી ૪ કલાક બાર વાગા સુધી તડકે રાખવો. જો દરદી ઘેલાપણું બતાવે તો જાણવું જે એને ઝેરી કુતરાએ કરડેલો છે. બપોર પછી દરદી ઉપર ઘણા ઘડા પાણી નાંખવું તેથી તે બુમો પાડશે. પછી તેને સાદો ખોરાક આપવો. ત્યાર પછી કાંઇ થાય નહીં દરદીને જો હરખું લાગુ પડયું ન હોય તો તેના કપાળમાંથી લોહી કાઢવું અને ત્યાં ધતુરાના પાતરાંની પોટીસ દાબવી.

આકરાના પાનનોરસ ૦।થી ૦।। તોલો ગોળમાં મેળવી ૩ દીવસ ખવાડે. અથવા આકડાનું લીલું પાંતરૂ ૧ પૈસાના આકાર જેટલું લઇ તેને ૨ પૈસા ભાર દુધમાં વાંટી પાવું. જો ઉલટી ન થાંએ તો ફરી પાવું.

૧૦=કુતરાના દંખને પાણીથી સાફ કરે તે ઉપર મરચાનો આધાર મુકી તે ઉપર ત્રીમાનો પઇસો બાંધે.

૧૧=કરચલાનો શેરવો પીવાથી આ ઝેર ઉતરે છે

૧૨=તુરગની દાળને અંકડાના દુધમા ૭) પટ આપવા તેની ચણા જેવડી ગોળી બનાવી રોજ સવારે આપવી. જુલાબ થઈ ઝેહેર ઉતરશે

૧૩=તલનો ખોળ, તેલ, અંકડાનું દુધ અથવા મુળા, ગોળ સાથ ખાવામાં લેવું.

૧૪=ગોળ, તલનું તેલ, આકડાનું દુધ સંભાગે મેળવી ૦ાા થી ૧ તોલો ખાવું. તેનાથી હડકવા ઉત્પન્ન કરનારા કીડા ઝાડા વાટે બહાર નીકળી પડે છે.

૧૫=જીંજોટાનાં પાતરાં, કડવી તુમડીનો ગર એ બંનેની ગોળી ચીની બોર જેવી કરી ગોળમાં ૩ દીવસ ખવાડવી.

૧૬=અંકોલના ઝાહડનું મુળયું પાણીમાં ઘસીને, તે ઘસારો ૦ાા થી ૧) તોલો લઇ ઘીમાં મેળવી ખવાડવું.

૧૭=ઝેહેર કુતરાનું, સાપનું, વીછુંનું ઉતરે—આકડાના પાંતરાને અને ગુંગળબોર એ બેની ધુંઈ આપે તો ઝેહેર ઉતરી જાય.

૧૮=કુતરાના ઝેહેર માટે—એલીઓ એક વાલથી ૫ વાલ સુધી બાજરીનું શુલું ૦ા તોલો એની ફાકી સવારે અને સાંજે આપવી.

૧૯=કુતરીઆ ઘાસનો ભુકો તોલો ૦ા ગોળ સાથ મેળવી દીનમાં ૩ વાર ખવાડવો, સારૂ થાએ ત્યાં સુધી ખવાડવું. પાણી બીલકુલ પાવું નહી. પાણીને બદલે દુધ પાવું. અથવા કુતરીઆં લીલા ઘાસના ફુલને પાણીમાં ભીંજવી તેનો રસ કાહાડી ૧) ચમચો રસ, ૧) ચમચી મધ સાથ મેળવીને દીવસમાં બે વાર ૭) દીન સુધી પાવું. જો ઝેર દરદીને લાગુ હશે તો ઝાડા વાટે જીવડા નીકળશે.

૨૦=કુતરીઆં ઘાસના એના મુળની જડને પાણીમાં ઘસીને દંખ ઉપર લગાડે અને પીવામાંબી આપે.

૨૧=લીલી ઝેરી માંખ (કનહારદીસ) ૫ તોલા, મસુર ૫ તોલા, કેસર, લવંગ, તજ, કાળા મરી દરેક ૧ાા તોલો કપડછાન કરી ૧ માસાની ટીકરી બનાવવી. તેમાંની અરધી ટીકરી ( અડધો માસો ) સહવારે ખવાડવી. દરદીને ગરમ નાહવાના પાણીમાં સુતરાવે અને તેજ પાણીથી નવાડે.

૨૨=કુતરીઆં ઘાસના બીનો જુખમો સુકવી મધમાં ગોળી કરી આપે તો દરદીના ઝાડામાંથી જીણા જીવડા જેવું નીકળે ત્યારે જાણવું જે હરખાયલાં કુતરાંએ દરદીને કરડેલો છે.

૨૩=ગધેડાંના પુછડાંની રાખ માંસા ૨ ( તોલાનો છઠ્ઠો ભાગ ) દીવસમાં એક વાર ગોળમાં બે માસ સુધી ખવાડવો.

૨૪=કુતરી ( કુનગેઉ ) ઘાસ=ગાત્રી ઘાસનો ભુકો તોલો ૦। ગોળ સાથ મેળવી દીનમાં ૩) વાર ખવાડવો, સારૂ થાએ ત્યાં સુધી ખવાડવું, પાણી બીલકુલ પાવું નહીં.

૨૫=દેવબાળુલ=કાંકર=રામ બાવળીઓ.

એના મુલ એકથી ૪ તોલા પાણીમાં છુંદી રસ કહાડી સવાર સાંજ ૭ દીવસ દરદીને ભુખે પેટે પાવો.

૨૬=આંકડાના દુધના ટીપાં ૫) બાલકને અને ટીપાં ૧૦ મોટાં માણસને, બીડી પીવાના પાનમાં મુકી દરદીને ખવાડવાં. ગોળ તેલ, અને આંકડાનું દુધ સંભાગે મીશ્ર કરી દરદપર લગાડવું. અથવા આંકડાનું પાન ૧) પઈસાભાર ગાયના દુધમાં મેળવી પાવું. જો વામીટ કરે તો ફરી પાવું. ૩ દીન પાવું.

૨૭=વેલાતી આમલીના પાન દરદીને ચવાડવાં.

૨૮=તલનું તેલ, તલનો ખોળ, ગોળ અને આકડાંનું દુધ સભાગે મેળવી એક તોલો અથવા વધારે દરદીને ખવાડવું.

૨૯=ધીસોડી=ઝુમખંડ=કડવી ડોડકીની છાલ અથવા બી વગરનો ગર ૨-૩ વાલ જેટલો થંડા પાણીમાં ૦। કલાક ભીંજવી રાખે તેને ચોળીને ગાળે, તે પાણી સહવારે ૧ વાર ૭ દીન સુધી દરદીને પાએ. એથી ઝાહાડા ઉલટી થઇ ઝેર નરમ પડશે.

૩૦=ઝેર ચઢી ગયલું હોય, દરદી કુતરાની માફક અવાજ કરતો હોય તો—ઝેર કચરાનું આખું બી છુંદીને ખવાડવું. એટલે થોડા વખતમાં ઝાડો થશે, જેમાં જીણા જીવડા નીકળશે, અને દરદીને આરામ પડશે.

૩૧=ઝેર કચરાના બીને છુંદીને ખરસાનીના દુધમાં ૭ પત આપવા તેમાંથી ૦॥ વાલ અથવા એક વાલ ચુરણ ગોળ સાથ મેળવીને દીવસમાં ૩ વાર ખવાડવું. પંદર દિવસ ચાલુ રાખવું.

૩૨=હડકુ ઉતરે, સાપનું ઝેર ઉતરે—પીડોર વેળાના પાન તુરીઆના પાન જેવાં થાય છે, તેની ઉપર ડોરી થાય છે, તે દોરીનો રસ બે તોલા દરદીને પાએ તો ઝાડાના રસતે જાળ પડે અને હડકું ઉતરે.

૩૩=ઝેર કચરાનું ૧ બી લઇ તેના ૧૨ કટકા કરવા ૧ કટકો રોજ ચુસીને ખાવો. સોળ દીવસ ચાલુ ખાવો અથવા એક રતી ચુરણ ગોળ સાથે ૧૬ દીવસ રોજ ખાવું. અથવા ઝેર કચરાંની માણસના મુતર સાથ બનાવેલી લેપડી દંખપર મુકવી.

આ ઇલાજ તરત કરવો.

૩૪=કુતરાના ઝેર માટે—૦। તો. સીંધવ કુમારના રસમાં ૭) દીન ખાવો.

૩૫=કુતરાના ઝેર માટે કુતરીઆં ઘાસનું ચુરણ ૦। તો. ગોળ સાથ ઝેહેર ઉતરે ત્યાં સુધી રોજ બે વાર આપવું. ખટાઇ બીલકુલ ખાવી નહીં. જરાબી ખટાસ ખાએ તો ગુણ જણાય નહીં.

૩૬=કુતરાનું ઝેહેર—હડખાયલું કુતરૂં કરડે ત્યારે બાવલના પાનનો ચોખો રસ ૨) તોલા રોજ બે વાર દરદીને પાવો. ખોરાક બે કલાક સુધી આપવો નહીં.

મરી મસાલો, મીઠું, ખાટું ખવાડવું નહીં. આ ઉપાય તરત ચાલુ કરે તો હડકું લાગે નહીં.

૩૭=ધંતુરાના પાનનો ઉકાળો દરદીને પાવાથી તાણ અને જુસ્સો વધારે માલમ પડે છે; દરદી બીજા માણસને અથવા પોતાના હાથ પગને કરડે નહી તેવી રીતે તેને બાંધવો. જોઇએ તે કરતાં વધુ ધંતુરો પાવાથી ધંતુરાનું ઝેર ચડેલું જણાય તો જેઠી મધના મૂળનો કાહવો પાવો:

આ દરદ માટે ધંતુરો ઘણો ઉપયોગી જણાય છે.

૩૮=કુતરાના ઝેર માટે—કરચલાંને ભુંજીને ખવાડે અથવા રસ બનાવી પાય.

૪૦=કુતરાના ઝેર માટે--ઉંદરની લીડીનો પાણી સાથ લેપ બનાવી દંખપર મુકે.

૪૧=કુતરાનું ઝેર ઉતરે—ઉમરાનું મુળ અને ધંતુરાનું ફળ ચોખાના ધોવાણમાં પીવું.

૪૨=કુતરાનું ઝેર લાગે નહી—અંકોલના મુળનો કાહવો બનાવી ઘી નાખી દરદીને પાવો. ઝેરના જંતુ મારવાનો અને ઝાહાડો લાવવાનો ગુણ એમાં છે ( કાહવો ૧૦ તોલા થી ૪ તોલા )

૪૩=કુતરાના ઝેર માટે—લસણની લેપડી કરી ડંખ ઉપર મુકે. લસણનો રસ પીવામાં આપે અને લસણ ખાવામાં ખોરાક સાથે વાપરે.

હડખાયલાં કુતરાના ઝેર માટે—લસણને છુંદવી· ડંખને ધોઇને પછી લસણ છુંદેલી ડંખપર ઘસવી અને તેનો છુદો ડંખપર બાંધવો દરદીને ૭ દીન સુધી લસણનો ઉકાળો ખોરાક ખાતી વખતે ખોરાક સાથે પાવો. હડખુ લાગશે નહીં, એની અસર અચુક છે.

૪૪=કુતરાના ઝેર માટે—લીમડાનાં પાંદડાનો રસ પાસેર લઇ ખાંડ નાખીને પાવાથી ઝેર ઉતરે છે.

૪૫=કુતરાનું ઝેર—વાઘનું માંસ ખાવાથી કુતરાનું ઝેર ચઢતું નથી.

૪૬=કુતરાનું ઝેર—ડંખ ધોઇ કાસ્ટીક લગાડવું અને શેરડીનો સરકો ૧ ઔંસ પાણી સાથે મેળવી આઠ દીન પાવો.

૪૭=કુતરાનું ઝેર ચઢે નહીં—ડંખને સરકાથી ધોઇ નાંખવો અને સ૫ા તોલો સરકો તેટલાજ પાણીમાં મેળવી દીવસમાં બે વાર ૭ દીન પાવો.

૪૮=કુતરાનું ઝેહેર—હરણના આંટાવાળા સીંગડાની અંદર સફેદ ભુકો રહે છે તે હડખુ લાગેલા દરદીને ખવડાવાથી ઝેર ઉતરે છે, એ ભુકો ખાવાથી ઝાહાડા ઉલટી થાય છે અને પેટમાંથી કીડા જેવા જાનવર પડે છે.

૪૯=રામબાવળીઆ ઉપર પીળાં ફુલ થાય છે. તે ફુલની પાંતરીનો રસ ૨ ) તોલા ૩ ) દીવસ પીવાથી કુતરાનું ઝેહેર લાગતું નથી.

૫૦=કુતરાના ઝેરનો ઉપાય—ફ્રેન્ચ એકેડેમીક સાએન્સમાં નવી શોધ થઈ છે જે કુતરાના ડંખ ઉપર લસણ છુંદી તરત બાંધી દેવી અને લસણનો ઉકાળો ૭ દીવસ પાવો તો હડકવુ માણસને લાગે નહીં. આ ઇલાજ દેશી વઇદામાં તો બહુ આગળનો જણાયલો છે. પશ્ચીમના દેશમાં શોધો થાય છે તે દેશે દેશ જાણવામાં આવે છે. દેશી વઇદોમાં જે દવા ઊમદા છે તે ઘરનો પડોશી પણ જાણી શકતો નથી. આ રીતી મુજબ વઈદુ ઢંકાઈ ગયલું છે.

એક કળીવાળું લસણ વધુ જોસ રાખે છે.

કુતરાનું ઝેર—ડંખ ધોઈને ચુનો તરત લગાડી દેવો. ને શેરડીનો સરકો પાવો.

૫૧=કુતરાનું ઝેહેર, સાપનું ઝેહેર—લસણની લેપડી ડંખ ઉપર મુકવી અને જેમ બને તેમ વધુ લસણ દરદીને ખાવામાં આપવી, અથવા લસણનો ઉકાળો પાવો. મોઢે ગરમી જણાય તો ઘી પાવું. લસણના રસમાં સમુદ્રફળ ઘસી દરદીને અંજન કરવું.

૫૨=કુતરાનું ઝેર—સાબરસીંગનો વેહેર ૩ તોલો પાણી શેર એકમાં ઉકાળી ૦॥ શેર રાખીને પાવું.

કુતરાનું ઝેર—સાબરસીંગ ગરમ પાણીમાં ઘસીને પાવું

કુતરાનું ઝેર—તાંબાના પઇસા ઉપર મરવાનું ચરક ( છેડ ) લગાડી ડંખ ઉપર મુકવું.

૫૩=કુતરાનું ઝેર—કોઇપણ ડંખ ઉપર દારૂ ગોળો મુકીને સળગાવવું. કોઇપણ જાનવરના ઝેર માટે આ ઇલાજ ૨૫ વરસ સુધી મી૦ મોરીઆરીએ અજમાવેલો છે.

૫૪=કુતરાના ઝેર માટે—બે તોલા શેરડીનો શરકો પાણી સાથે સવાર સાંજ પીવો.

૫૫=કુતરાનુ ઝેર લાગે નહીં—ડંખને ધોઇને, કાસ્ટીક લગાડવું અને ૧આંઉસ સરકો પાણી સાથે મેળવી આઠ દીન પાવો.

૫૭=કુતરાનું વીષ—સાટોડીનો ૨ તોલા રસ પાવો.

૫૮=કુતરાનું ઝેર ઉતરે—સાયંતીનો પાલો દરીયા કીનારે ઉજડ જગામાં થાય છે, તેના પાતરાં ૦ા તોલો ખવાડવાં. સામતાં

ખવાડવાં નહીં કારણ કે તેથી ઉલટી થાય છે. માટે ૧ પાતરૂં ચાવીને પછી બીજુું એ મુજબ ૦ા તોલો પાતરાં ખાઈ જવાં ઉલટી થાય નહી તો દરદી બચે. ઉલટી થઈ તો દરદીની આશા થોડી રાખવી.

કુતરાનું ઝેહેર ઉતરે—ચાયંતીના પાતરાં બાવલની પાલી કરતાં જરા મોટા છે. તેનું ફુલ જાંબુરા લાલ રંગનું છે. સ્વાદ કડવો છે. વાસ ઝેરી બદામના જેવો છે. તેના પાતરાં ઝેરને મારે છે.

૫૯=કુતરાના ઝેર માટે સેકટાના મુળીઆંનો રસ પાવામાં આવે અને દંખ ઉપર સેકટાનો ગુંદર મુકે. અથવા સેકટાનાં પાતરાં, મરી, લસણ, મીઠું, હળદને વાટી લેપડી બનાવે, તે ખાવામાં આપે અને દંખ પર લગાડે.

૬૦=કુતરાનું ઝેહેર—આ ઝાહાડ ઉપર મરી જેવાં લાલ ફળ થાય છે. તેની ઉપર પીળાં ફુલ થાય છે તે બચ્ચાંઓ ખાય છે. એનું મુળ બે તોલા પાણીમાં ઘસીને દરદીને પાવું. નાના બચ્ચાંને ૦ા તોલો પીવાડવું. હડખું લાગવાથી લાલ રંગના જીવડા પેટમાં પેદા થાય છે તે ઝાહાડા વાટે પડે છે. જરૂર હોય તો બીજી વાર પાવું.

૬૧=કુતરાંના, વીંછુના તથા સાપના ઝેહેર માટે શરીરમાંથી પરસેવો કહાડવો જરૂરનો છે, માટે દરદીને ખુબ દોડાવીને અથવા કોઈબી દવાથી પરસેવો કાહાડવો જરૂરનું છે.

૬૨=કુતરાનું ઝેહેર કાળા ધંતુરાના પાતરાં બે દરદી ચાવીને ખાઇ જાએ. જો ચાવીને ન ખાઇ શકે તો તેનો રસ પાવો. આથી દરદી દીવાના જેવો થશે તેની અડચણ કરવી નહી—૩ દીવસ પછી તે સારો થઈ જશે.

૬૩=ધંતુરાના ડીડવાં, લીંબુના પાતરાં, બીજોરાના પાતરાં—છુંદીને દંખપર લેપડી મુકવી.

કુતરૂં હડખયલું કરડે ત્યારે કપડું પહેરેલું હોય તો ઝેહેર લાગતું નથી, ચામડીમાં દાંતનો દંખ પડે પણ ઝેહેર લુગડામાં કોઇવાર અટકી રહે છે

૬૬=કુતરાનું ઝેર—પીપળાની વડવાઇનો ભુકો ૦ા તોલો પાણી સાથ પાવો; ઝેર ઉતરી શકે તેવું ન હશે અને દરદીનું આયુસ વધુ ન હશે તો દવા પેટમાં ટકશેનહીં. ૩ દીવસ એ ઇલાજ રોજ એકવાર સહવારે ચાલુ રાખવો. હડખું લાગેલો દરદી સારો થાય છે.

પરેજી-તેલ, મરચું, ખાટું ન ખાવું.

૬૭=કુતરાના ઝેરનો ઇલાજ—કુવા આગળ ભીની જગા ઉપર પીળી પોપટી ઉડે છે તેની આંખ કાળી રહે છે. એક પોપટીને ગોળ સાથ મેળવીને ગોળી બનાવી દરદીને ખવાડવી. દરદી એકદમ આ ગોળી ગળી જાય તો જાણવું કે કુતરાનુ ઝેર લાગુ નથી.

આ ગોળી જો દરદી ગળતાં અડચણ કરે તો જાણવું જે તેની ચામડીમાં કુતરાનું ઝેર લાગુ પડયું છે. આ ગોળી એક ૩ દીવસ સુધી જબરજસ્તી કરીને ગળાવવી તેથી ઝેર ઉતરી જશે.

૬૮=કુતરાનું ઝેર ઉતરે—તલનો ખોળ, તેલ, આકડાનું દુધ અથવા મુગ ગોળ સાથ ખાવામાં લેવું.

૬૯=કુતરાનું ઝેહેર—તુંવરની દાળને આકડાના દુધમાં ૭) પટ આપવા તેની ચણા જેવડી ગોળી બનાવી રોજ સહવારે આપવી જુલાબ થઇ ઝેહેર ઉતરી જશે.

૭૦=કુતરાના ઝેહેર માટે—દંખ ધોઇને તે ઉપર દરાખના ઝાડની ખાખ સરકા સાથ મેળવી લગાડવી.

૭૧=કુતરાનું ઝેહેર—ફારકા ચોખ્ખું તોલો ૦। થી ૦ા દરરોજ દીવસ ૩ સુધી ખાય તો કુતરાનું ઝેર લાગે નહી

૭૨=કુતરાના દંખ ઉપર કુદનાને નીમક સાથે વાટીને લેપડી મુકવાથી ઝેર લાગે નહીં.

૭૩=કુતરાનું ઝેહેર—બાવળની કુમળી પાંતરી પથર પર છુંદી તેનો રસ કહાડે. ૦ા તોલાથી ૨ા તોલા સુધી રસ દરદીને પાવો. ૩) દીન સુધી ભુખે પેટે સહવાર સાંજ પાવો. ૧ કલાક પછી ખાવાનું આપવું. ખોરાકમાં રાંધેલા ચોખા અને ચોખાની રોટી, દુધ અને છાસ આપવી. મીઠું અને દારૂ નુકસાન વધારે કરે છે. ૩) દીવસ પછી જખમ રૂજાશે. બાવળની કુમળી પાંતરી દરેક જાતના ઝેહેર ચુસવામાં ઉપયોગી છે.

૭૪=કુતરાનું ઝેર—હડખાયલા કુતરાં અથવા કોહલાંએ કર-
લાં દરદીનો જખમ પાણીથી સાફ કરી તે જખમને લોખંડના
લાલ તપેલા સળીઆથી દાબવો અને પછી તે ઘા ઉપર મીઠાનું
લોશન ૧ ભાગ મીઠું અને ૧૫૦ ભાગ પાણી મેળવેલું લગાડીઆજ
રવું.

૭૫=કુતરાનું ઝેર ઉતરે—વેવાતી આમળીના પાન દરદીને ચવાડે.

૭૬=કુતરાના ઝેહેર માટે—દંખને ગરમ પાણીથી સાફ કરવું.
પાબુલનો પાણી વગરનો રસ બે થી ૩) તોલા સહવારે અને સાંજે
મુખે પેટે આપવો. ૧) દીન સુધી કાંઇ ખોરાક આપવો નહીં. ૩)
દિવસ ઇલાજ ચાલુ રાખવો.

૭૭=કુતરાનું ઝેર—ભોંયદોડીના મુળનો રસ સવા બે તોલા
તથા ગાયનું ઘી સવા બે તોલા પાવામાં આપે તો કુતરાનું ઝેર ઉતરે.

૭૮=કુતરાનું ઝેહેર—ભોંયરીંગણીના આખા છોડનો કોલસો
કરી તેની ભુકી દંખ ઉપર દાબવી અથવા બળતા દીવાના દીવેલમાં
મેળવી લગાડવી.

૭૯=કુતરાંના ઝેહેર માટે—દંખપર તરતજ મરચીનો અથાર
અને માણસની પીસાબ મેળવીને લગાડવી.

૮૦=કુતરાના ઝેહેર માટે—મીઠું દંખની અંદર ભરી પાટો
બાંધવો. પીગળી જાય ત્યારે ફરીથી મીઠું ભરવું.

કુતરાનો દંખ—મુળાના પાનની પોટીસ કરી ગરમ ગરમ
દંખ પર બાંધવી.

૮૨=કુતરાના ઝેરનો ઇલાજ—અકલગરાના મુળના ચુરણને
ખરસાણીના દુધમાં ૭ વાર પત આપવો. એકવાલ ભુકો ગોળમાં
મેળવી ૧૫ દીવસ સુધી રોજ ૩-૩ વાર દરદીને ખવાડવો. ખો-
રાક ઘઉની રોટી અને ચણાની દાળ આપવી ૧૫ દીવસ પછી
ચલો ઉપાય ચાલું રાખવો

ઝેર કચલાંને ગાયના મુતરમાં ૭ દીન ભીંજવી રાખવાં,
તેની છાલ ઉપરથી કહાડી નાંખવી પછી તેને ખરસાણીના દુધમાં
ઘુંટી ૧ વાલની ગોળીઓ બનાવવી. ૧ ગોળી દીનમાં ૩ વાર
૧૫ દીવસ ખાવી.

૮૩=કુતરાનાં દંખ માટે—કાંદો છુંદી મધ સાથ મેળવી દંખ ઉપર મુકે તો ઝેહેર ચઢે નહી.

૮૪=કુતરા ઝેહેર માટે, વાઘની અથવા કુતરાના માથાની ખોપરીનું હાડકું અથવા તેઓનો સુકો દાંત પાણીમાં ઘસીને દરદીને પાવો.

૮૫=કુતરાનું ઝેહેર ઉતરે—ચુલા પરની ધુમાસ, જુની ઇટકીનો ભુકો હીંગોરાની છાલનો ભુકો સંભાગે મેળવી ૪ વાલની ગોળી બનાવે. એકેક ગોળી ૪ દીવસ ખવાડવી. પાણી ગોળી ઓને લાગે નહીં. પાણી દરદી ઓને દેખાડે નહીંઅને પાણી પીવા દરદીને આપે નહીં. ખોરાક જુવારની રોટી, ચોલાઇની ભાજી, ખીચડી, ઘી, વેંગણું આપવું.

૮૬=કોહોળીનો દંખ—વરસાદની ગર્જનાના ગભરાટથી તેમજ ટુંકી ખજુરી ઓની ઘણી તાડી પીવાથી કોહોળી મસ્ત બનીને લોકોને કરડે છે. તેનો ઉપાય વાઘના ચામડાંની રાખ ૧ ચોખાપુર અથવા વધારે દરદીને ખાવામાં આપવી.

## વાંદરાનું ઝેર.

૧=વાંદરાનું ઝેર ઉતારવા માટે—સીંદુર માખણમાં મેળવી ઘા ઉપર લગાડવો.

૨=વાંદરો કરડે તેનું ઝેર—બોદારસીંગ (મુરદાસંખ) પાણીમાં ઘસીને ઘાપર લગાડે તો સારૂં થાય.

# ઝેહેર પારાનું.

૧=ભોંયાતરીનો રસ પાવો.

૨=પારો શરીરે ફુટી નીકળે તે માટે—ગળજીભીના મુળનો રસ બે તોલા પાવો અને શરીરે લગાડવો એની ભાજી રાંધી ખવાડવી.

૩=ચોળાઇની ભાજી ખાવી.

૪=કારેલીની જડ પાણીમાં ઘસી પીએ.

૫=રસ કપુર અથવા મારેલો પારો શરીરપર ફુટી નીકળે ત્યારે કેળના કણુનું પાણી ૦। શેર અને સાકેર બે તોલા મેળવીને કાદવના લખેટેલાં વાસણમાં અથવા ચીની વાસણમાં મુકી આખી રાત ઠારમાં મુકે. દરદી સહવારે ભુખે પેટે પીએ. દરદીની પીસાબ ઝીલી તપાસે તો તેમાં નીચે પારો જણાય.

પારો બંધાય—અરીઠાના પાનના રસમાં પારાને મસળે તો પારાની ગોટી બંધાએ. સ્વચ્છ કરેલાં તાંબા ઉપર આ ગોટી ઘસે તો તાંબાને ઝળકાટ આવે.

---

# ઝેહેર સોમલનું.

૧=પેહેલી ઓકારી આપવી પછી પેટમાં ચુકારા થાય તે માટે ૦। તોલો કાથો, માખણ અથવા દુધ સાથે દર ૦। કલાકે આપવો.

૨=કેળના થડનો રસ પીવામાં સારો છે.

૩=અફીણનું ઝેર મટે—ચોમાસામાં જમીનમાં થાય છે તે આળસીઆં સુકાં અને મરી સંભાગે લેવાં બંનેને ખાંડી બારીક કપડાંમાંથી ચાળી અને બકરીના પીટટામાં મેળવી આંખે લગાડે તો મરણાળે ગયલો હુપીઆર થાએ, ૧) દીન થઇ ગયો હોય તો ઇલાજ કામ આવે નહીં.

૪=ડિંબરાના ૧૦ પાતરાં વાટી તેનો રસ પાય. ત્રણ ત્રણ કલાકે ૩ વાર પાય તો સોમલનું ઝેર ઉતરે.

૫=સોમલના ઝેરની ગરમી ફુટી નીકળે ત્યારે—મુલાના પાનનો રસ ૦। શેર સહવાર સાંજ પીવો. સોમલને મુલાના પાનના રસમાં ખરળ કરે તો અગ્ની ઉત્પન્ન કરવાની તેની ખાશીએત નરમ પડે.

૬=સોમળનું ઝેર તરત ઉતરે—ઉંબરાની અંતર છાલનો કાહવો પીવો અથવા ૧ તોલો ઉમરાની છાલ પાણીમાં વાટી પાવી. ૧ વાર સોમળનો કટકો બીજી ચીજો સાથ મેળવી તડકે સુકાવા મુકેલો. બીજી ચીજોની ખુસબો સારી હોવાથી ૧ વાંદરો તે સોમળ ખાઇ ગયો. વાંદરાને સોમળની ખરાબ અસર લાગુ પડી અને લથડવા લાગ્યો. તે વાંદરો પાસે આવેલાં એક ઉબરાના ઝાડપર ગયો અને ઉબરાની છાલ ખાધી તેથી તે તરત હુશીયાર થએલો જણાયલો.

## બીલાડીનું ઝેહેર.

બીલાડીએ કરડેલા જખમ ઉપર—કાલા તલ પાણીમાં પીસી લગાડે અને ખાવામાં ફુદનો આપે.

## ઝેહેર સરડાનું.

૧=ઝેહેર સરડાનું માણસને લાગુ હોય તો ઝાહડો આવે, તે સાથે ચીથરાં જેવો મળ પડે તે માટે આંકડાનું ભુળ ૦। તોલો પાણીમાં ઘસીને પાય તો સારૂં થાય.

## ઝેહેર વાઘનું.

૧=વાઘે કાપેલા જખમ માટે—અરણીના પાલાની પોટીસ બાંધવાથી જલદી રૂઝ આવે છે.

નોળીઆનું ઝેહેર મટે—અરણીના ઝાહાડના છોડા પાણીમાં ઘસી લગાડે.

# ઝેહેર ઘીલોડીનું.

૧=ઘીલોડીના ઝેરનો ઉપાય—આશોપાલવ, આંબો, પીપળો એમાનું કોઈ પણ ઝાહાડનું મુળીયું પાણીમાં ઘસીને પાવું તેથી ઝેર ઉતરે છે.

૨=ઘીલોડીને અડકવાથી હીંદુઓ અભડાય છે. એ સાપ બામણીના જેવી છે.

ઘીલોડી પોતાનો અધાર દુધ અથવા એવી ધોળી ચીજમાં વધારે નાંખે છે. અધાર સાથ સફેદ ભાગ વળગેલો હોય છે તે ઝેરી છે. તે પેટમાં જવાથી ઝાહાડો તથા ઉલટી આવે છે.

૩=ઘરોળીનું ઝેર પેટમાં જાય ત્યારે ઝાહાડા ઉલટી થાય છે. માટે આંબાનાં ઝાડનું મુલીયું પાણીમાં ઘસી પાવું.

૪=ઘલોડી જાનવરનો અધાડ (ગલ) લાગે તે માટે—ખજુરીની અથવા તાડની તાડી પીવી.

૫=ઘરોળીનું ઝેર પેટમાં ગયું હોય ત્યારે સોજો આવે, સરીરે સોયો ભોંકાયા જેવું થાય; સરીર પર લાલ રંગની ફોડકીઓ ઉઠે

---

# ઝહેર કચરાનું.

ઝેહેર કચરાનું ઝેહેર કપુર ઉતારે છે.

---

# વીચ્છુનું ઝેર.

૧=જીરૂ=સફેદ જીરૂં—વધારનું જીરૂં=ઊટમી જીરૂં, ખંભાતી જીરૂં Cummin Seeds એની ખાસીઅત થંડી છે.

વીચ્છુનો ડંખ ઉતરે—જીરૂં, મીઠું, ઘી, મધ સંભાગે મેલવી ડંખ ઉપર મુકે.

૨=કુમાશની કાજળ અને આટા (સાજી) મેળવીને ડંખ ઉપર લગાડે અથવા માખીનું માથું કુંકમાં મેળવી ડંખપર બાંધે.

૩=પમારીઆનું મુળ ૧ વરસની અંદરનું (જુનુ ન ચાલે) પાણીમાં ઘસી ડંખ ઉપર લગાડવું. ડંખ ચઢી ચુકયો હોએ તે જગા આગળથી આ મુળીઉં ફેરવીને ડંખની જગા આગળ લાવવું. આમ ઘણીવાર ફેરવવું મુળીઉં ચામડીથી અળગુ રાખવું. ચામડીને લગાડવું નહીં.

૪=થુઅર હાથલાનો છુંદી દંખ પર લેપડી મુકવી.

૫=જાંબુના પાતાંની પોટીસ મુકે.

૬=અફીણ અને હળદરને થુવરના દુધમાં ગોળી બનાવી તે ગોળી દંખ ઉપર મુકવી.

૭=વીચ્છુનો દંખ ઉતરે—ફરંગી ધંતુરાનું મુળીયું હાથમાં પકડવું.

૮=કપુર ૧ વાલ, ચેવલી પાન સાથ ખવાય છે.

૯=કાચકીની મીંચ પથરપર ઘસી ગરમ કરીને દંખપર ચોંટાડવી.

૧૦=ભુરાં કોહળાનું લીલું અથવા સુકુ ડીચું પાણીમાં ઘસી દંખ ઉપર ચોપડવું.

૧૧=કાંદો છુંદી વીછુના ડંખ ઉપર બાધવો તે એમોનીઆની માફક કામ કરે છે.

૧૨=કેરીનો ચીક વીછુના ડંખ ઉપર લગાડે છે.

૧૪=સફેદ આંકરાની જડ દરદીના બંધે કાનમાં ખોસવી અથવા આકરાનું દુધ દંખ ઉપર મુકવું.

૧૬=ગુંદી ઝાડના ફળને ગુંદા કહે છે ગુંદીના પાનની લેપડી દંખ ઉપર મુકે.

૧૭=ભીંડાનું મુળ પાણીમાં ઘસી લગાડવું અથવા મુળને છુંદી તેની લેપડી દંખપર બાંધવી.

૧૮=થોર=થુઅર ફાફલો, હાફરા, હાથલા ફાફલા થોર છુંદી લેપડી દંખપર મુકે.

૧૯=વીંછીનું ઝેહેર ઉતરે—આતવારે કપાસનું મુળીઉં લાવી વીચ્છીના દંખ ઉપર ફેરવવું, દંખ ચડેલા ભાગ આગળથી દંખ આગળ ફેરવવું શરીરને મુળીઉં લગાડવું નહીં.

૨૦=તંબાકુ ૦॥ પૈસાભાર લઇ તેમાં તેટલું પાણી નાંખવું તેમાંથી બે ટીપાં દરદીની આંખમાં મુકવાં.

૨૧=આતવારે કાપેલા કપાસીઆના મુળને દરદી મોઢામાં મુકીને ચાવે અને છુંદો દંખ પર મુકે.

૨૨=ઉજળી ચણોટીનું મુળ રવીવારે લાવે, દરદીની પાસે બેસી તેની ઉજણી દે તો ઝેર ઉતરે.

૨૪=વીછુનો ડંખ એક મીનીટમાં ઉતરે—ઘીસોડી કડવી (ગુમખડા) નું બી પાણીમાં ઘસીને અથવા વાટીને વીંછુના ડંખ ઉપર મુકે.

દરદીને ખુબ દોડાવવાથી વીછુનો ડંખ ઉતરે છે.

૨૫=ખુરસાણી વજનો ૧ ટુકડો મોઢામાં ચાવી દરદીને જે બાજુ ડંખ મારીઓ હોય તે બાજુના સામેના કાનમાં ૩ વાર ફુંક મારવી.

૨૬=દાડમરીના પાનને પાણી વગર વાટી લેપડી કરી દંખ પર બાંધે.

૨૭=આકડાનું મુળીયું પાણીમાં ઘસી લગાડે. જો દંખ સફરામાં મારેલો હોય તો પહેલાં સફરા પર ઘી લગાડે પછી મુળીઆનો ઘસાડો લગાડે.

૨૮=ઘઉંનો લોટ, રોટી કરવાના ઠીકરા પરની મેસ અને ગરમ પાણીની પોટીસ કરી ડંખપર મુકવી.

૨૯=૧ અરીઠાની છાલની ગોળ સાથ ૩ ગોળી બનાવવી. દરદીને એક ગોળી ખવાડી ઉપરથી થંડુ પાણી પાવું ૰૧ કલાક પછી બીજી ગોળી ખવાડી ઉપરથી ગરમ પાણી પાવું. એટલે દંખ ઉતરી જશે.

૩૦=દંખની સામી બાજુના કાનણાં બોરડીના પાનનો રસ નાખે.

૩૧=ઘોડાવજ મોઢામાં ચાવી દરદીના કાનમાં પાંચ વાર ફુંક મારે.

૩૨=નીમખ મોઢામાં ચાવી, દમ ઘુટી પછી દંખ ઉપર ધીરે ધીરે ફૂંક મારવી.

૩૩=બાજરીને ચલમમાં ભરી તેના ધુમાડાનો દમ લીએ. અથવા બાજરી બાળીને ચુરણ કરવું. દરદીના દંખની સામી બાજુની આંખમાં તે ચુરણ આંજવું.

૩૪=આકડાના પાકા પાન હાથમાં મસળી રસ કહાડી તેના ટીપાં ૫) ૭) નાકમાં નાખે તો છીંક આવે અને દંખ ઉતરે.

૩૫=જમાળગોટો વાટીને લેપડી દંખપર મુકવી.

૩૬=વીંચ્છુનો દંખ જલદી ઉતરે—ગરોલી જાનવરને તેલમાં ઉકાળી તે તેલ દંખ ઉપર મુકે.

ગરોળી માણુસને ચાટે તો શરીર ફુળી આવે છે માટે ગરોળી શરીરને લાગી હોય તો તે માણસને નાહવાની જરૂર છે; નાહવાથી ગલોડીના ખરાબ અસર શરીરને લાગતી નથી. ગલોડીને ઘેરીને નામે ઓળખે છે, ઘેરીના શરીરને અડકવાથી નાહવાની જેટલી જરૂર હીંદુઓએ જણાવી છે તેટલી જરૂર ગલોડીને અડકવા પછી નાહવાની જણાવેલી છે

૩૭=મરઘીના પીછ બારીક કાપી તેની બીડી બનાવે. (જેમ તંબાકુની બીડી બનાવે છે તેમ) તે બીડી દરદી પીએ, તેનો ધુમાડો પેટમાં જવા દીએ. મરઘાંનો અઘાડ ખાવામાં તેમજ દંખપર લગાડવામાં વાપડે તો ફાયદો જણાય.

૩૮=બે વાલ મીઠું એક ચેવલી પાનમા મુકી દરદીએ તે ખુબ ચાવી ચાવીને ખાવું. ૧૦ મીનીટ પછી બીજીવાર ખાવું.

૩૯=વીચ્છુના દંખ ઉપર આમલીનો કચુકો (ઠરીઓ) ઘસીને મુકે તો વીચ્છુનું ઝેહેર ઉતરે.

૪૦=અઘેડાના છોડની ડાંખળી વીચ્છુના દંખ ઉપર ફેરવો તો દંખ ઉતરે. ડંખની જગા ઉપર અગન પાછી આવે ત્યારે અઘેડાના પાનની લેપડી મુકવી.

૪૧=બાલવજ=સફેતવજ=વજગંધારો, મોંઢામાં ચાવીને દંખની સામી બાજુના દરદીના કાનમાં ૩) વાર ફુંક મારે તો વિચ્છુનો દંખ ઉતરે.

૪૨=વીચ્છુનો દંખ ઉતરે—ઘીસોડીનું બી અથવા આમળાનું બી કાપીને દંખપર મુકે તો ઝેર ચુસી લે છે.

૪૩=વીંછીનો દંખ—પાકનો રસ સુંઘવો

૪૪=વીચ્છુંએ દંખેલા માણુસને સત્યાનાશીની જડ હાથમાં પકડી દરદીને બતાવે તો દંખ ઉતરે. અગન બહુજ હોય તો ઘસીને દંખ પર લગાડે. વરસાદની ગરજનાના અવાજથી આ જડીનો ગુણ ઉતરી જાય છે.

૪૫=વીંછુના ડંખ માટે—અરીઠાની મીંચ પથર ઉપર ઘસી ગરમ ગરમ ડંખ ઉપર દાબે તો ડંખ નરમ પડે.

૪૬=વીંછુના ડંખ માટે—લીલી હળદરના રસમાં ખપે એટલું મીઠું પીગળાવી રાખી તેનાં પાંચ ટીપાં આંખમાં નાંખવાં. અને તે મેળવણી પગના તળીઆમાં ચોપડવાથી ડંખ ઉતરે છે. લીલી હલદર ન હોય તો સુકીની ભુકી પાણીમાં ભીંજવીને ગાળી લેવી.

૪૭=વીંછુનો ડંખ—ઘરના ચુલામાની અરાયા અથવા છાણાની રાખ ગાયના વાસી મુતરમાં મેળવી ડંખ ઉપર લગાડે તો અગત નરમ પડે. મંતર ભણી વીંછુનો ડંખ ઉતારનારા આ રાખ શરીર ઉપર લગાડે છે. ડંખ નરમ પડે છે તે મંતરથી નહી પણ રાખના ગુણથી નરમ પડે છે, દરેક દરદીને ફાયદો થતો નથી કારણ કે તે વીંછુની જાત ઉપર આધાર છે; ઘણો સખત ડંખ ઉતરતો નથી.

૪૮=વીંછુના ડંખ માટે લસનનો રસ મધમાં મેળવી પાવો.

૪૯=વીંછુનો ડંખ ઉતરે—લીમડાના પાદડાં ચાવીને જોરથી ફુંક મારવી. શરીરની ડાબી બાજુ ડંખ હોય તો જમણા કાનમાં ફુંકવું. જમણી બાજુએ ડખ હોય તો ડાબા કાનમાં ફુંકવું.

૫૧=વીંછુનો ડંખ—વચ્છનાગ પાણીમાં ઘસી લગાડવું.

૫૨=વીછુંનો ડંખ મટે—સમુદર ફળ લીમડાના મુસ સાથ ઘસીને ડંખને લગાડવું.

૫૩=વીછુનો ડંખ—ધોળી સાટોડીનું મુળ આતવારે કાપવું. તે મુળ હાથમા રાખી વીછુને ચીડવીએ અને વીછુ ડંખ મારે તો પણ તેનું ઝેર ચઢે નહી.

સાટોડીનું મુળીયું મોઢા ચાવીને વીછું ઉપર મોઢાની થુક ઉરાડીએ. આવી રીતે છંટાયલો વેછુ ડંખ મારે તે કોઇને લાગે નહી.

૫૪=વીછુનો ડંખ ઉતરે—મોઢામાં મીઠું પીગળાવી પછી ડંખની ઉલટી બાજુના કાનમાં જોરથી ફુંક મારે. ડંખ શરીરની ડાબી બાજુએ હોય તો જમણાં કાનમાં અને જમણી બાજુએ હોય તો ડાબા કાનમાં જોરથી ફુંક મારે.

૫૬=વીછુનો ડંખ ઉતરે—દરીઆનું મીઠું પાણીમાં પીગળાવી તેના ટીપા પાચ આંખમાં નાખે. અથવા મોઢાંનું પાણી કરી તેના ફડકા દરદીના મોંઢાપર મારે.

વીંછુનો ડંખ ઉતરે—મુળાંનો રસ ડખ ઉપર ઘસે તો ઉતરે.

૫૯=વીછુનો ડખ ઉતરે—આકડાના પાકા પાન હાથમાં મસળી રસ કહાડી તેના ટીપાં ૫) ૭) નાકમાં નાખે તો છીંક આવે અને ડંખ ઉતરે.

૬૦=વીછીનો ડંખ ઉતરે—એલચી ચાવી દરદીના કાનમાં જોરથી ફુંક મારે.

૬૧=વીછુના ડંખ મારે—સફેદ કરેણનું મુળ પાણીમાં ઘસી ડંખ ઉપર ફરી ફરી લગાડીઆ કરવું.

૬૨=વીછુનો ડંખ ઉતરે—શરીરે જે બાજુએ ડંખ હોય તે બાજુના કાનમાં કાનફેડીના પાનનો રસ નાખવો.

૬૩=વીછુનો ડંખ ઉતરે—તંબાકુ વા પઇસાભાર લઇ તેમાં તેટલું પાણી નાખવુ તેમાંથી બે ટીપા દરદીની આંખમાં મુકવાં.

૬૪=વીછુનો ડંખ ઉતરે—પમારીબાનું મુળ ૧ વરસની અંદરનું, (જુનુ ન ચાલે) પાણીમાં ઘસી ડંખ ઉપર લગાડવું. ડંખ ચઢી ચુકયો હોએ ચઢેલા ડંખ આગળથી આ મુળીઉં ફેરવીને ડખની જગા આગળ લાવવું. આમ ઘણીવાર ફેરવવું. મુળીઉ ચામડીથી અળગુ રાખવું, ચામડીને લગાડવું નહીં

માથે આવેલી સ્ત્રીનો એળો આ મુળીઆં ઉપર પડવાથી તેનો ગુણ નીકળી જાય છે.

૬૫=વીછુનો ડંખ ઉતરે—બાવળની પાલી મોંઢામા ચાવી ડંખ ઉપર ફુંક મારે તો દુખાવો નરમ પડે છે.

૬૬=વીછુનો ડંખ ઉતરે—બાવળની પાલી ચાવીને દરદીને જે બાજુ ડંખ હોય તેની સામી બાજુના કાનમાં જોરથી ફુંક મારવી.

૬૭=વીછુનો ડંખ ઉતરે—બાવળના પરદાના બી વાટીને ડંખ ઉપર મુકવાં.

૬૮=વીછીના ડંખ માટે—મરીના દાણા બે વાટી ડંખવાળી જગાની સામે બાજુની આંખમા આંજવાથી ડખ નરમ પડશે.

૬૯=વીચ્છુનો ડંખ શરીરની ડાબી બાજુએ હોય તો જમણી બાજુના કાનમાં મરચાંના અરક (ટીંકચર કેપસી સાઇ) ના બે ટીપાં કાનમાં મુકવાથી ડંખ તરત ઉતરી જાય છે. ટીપાં નાખવા પછી ગ્લીશેરાઇન અથવા સાકેરને પાણીમાં વાટી તેના પાંચ ટીપાં કાનમાં નાખવાની જરૂર છે.

૭૦=વીચ્છુંનું ઝેહેર ઉતરે—વીચ્છુ ડંખે ત્યારે ડંખ ચઢીઓ હોય તે જાગાની ઉપર દોરી જોરથી બાંધે તો ડંખ વધું ઉપર ચઢે નહી પછી માંખણુ મસળે તો નરમ પડે.

૭૧=વીછુનો ડંખ—નાગરવેલ પાન પર બીજું પાન ઉંધુ મુકી ને તે ઉપર નીમક મુકી ખુબ ચાવી ચાવીને રસ ગળવો. પા કલાક પછી ખપ પડે તો બીજીવાર ખાવું.

૭૨=વીછુના ડંખ માટે—મીઠું ૦ાા તોલો ડંખ ઉપર બાંધી રાખવું.

૭૩=વીછુનો ડંખ—એક ચમચો મીઠું, પાંચ તોલા બ્રાંડીમાં પીગળાવી તેના પોતાં ડંખ ઉપર મુકવાં.

વીછુનું ઝેર—મીઠાનું પાણી કરી, નાકમાં ૩ ટીપાં મુકવાથી ઝેર ઉવરે છે,

૭૪=વીછુના ડંખ માટે દરદીની આંખમાં મીઠાંના પાણીના ટીપાં મુકવાં.

૭૫=વીછુનો ડંખ ઉતરે—બાવલના લાકડાની રાખ ડંખ ઉપર દાબે તો ડંખ ઉતરે છે.

૭૬=વીછુના ડંખ માટે—બોરડીના પાતરાનો રસ કાઢી કાનમાં નાખવો. શરીરની જમણી બાજુ પર ડંખ હોએ તો ડાબા કાનમાં રસનાં ટીપાં મુકવાં

અથવા (લાલ કસારી છુંદીને ડંખ ઉપર મુકવી)

૭૭=વીછુના ડંખ માટે—ભીંડાંના છોડની જડ છુંદી ડંખ ઉપર મુકવાથી ડંખ ઉતરી જાય છે.

૭૮=વીચ્છુના ડંખ માટે—ભીંડાના મુળીઆને પાણીમાં છુંદી લોપી કરી ડંખ ઉપર મુકવી.

૭૯=વીચ્છુના ડંખ ઉપર મધ ચોપડવાથી ડંખ ઉતરે છે.

૮૦=વીચ્છુનો દંખ ઉતરે—ઉબરાના પાન હાથ વતી તોડે (હાથ ન લગાડે અને મોંઢાથી તોડે તો વધારે અસર લાગે) તેનો રસ કહાડે. દરદીને ઉભો રાખે તેની સામે દંખ ઉતારનાર ઉભો રહે. દરદીની ડાબી બાજુએ વીછુંનો દંખ હોય તો દંખ ઉતારનાર પોતાના જમના હાથપર પેલો રસ લગાડે. ખભાથી શરૂ કરી આંગળાં સુધી જોરથી રસ મસલે. જો દંખ દરદીની જમણી બાજુએ હોય તો દંખ ઉતારનાર પોતાના ડાબા હાથને તે રસ ખભાથી આંગળાં સુધી જોરથી મસલે એટલે દરદીને હાથ લગાડયા વગર અજાયબ રીતે દંખ ઉતરે.

૮૧=વીચ્છુનો દંખ ઉતરે—એરંડીઆના પાનનો રસ દંખની સામી બાજુના દરદીના કાનમાં નાખવો. ૦।—૦। કલાકે ૩વાર નાખવો.

વીચ્છુના દંખ માટે—૧ વાલ કપુર પાન સાથે દરદીએ ખાવો.

૮૨=વીચ્છુનો દંખ ઉતરે—કમોઈનું મુળ અથવા નીચે મુજબ બીજાં મુળીઆમાંથી કોઈબી એક પાણીમાં ઘસી દંખપર લગાડે. વીચ્છુનો કાંટો, અરીણુ, બાટલીપર મારે છે, તે લાકડાંનો કારક (બુચ) અંખેરીઓ, બંદુકરી, વેગશુ, ગળી, ગળીનો પાનનો રસ અથવા ગલોડાંના ઝાડના સાડાત્રણ પાન ખવાડે તો દંખ ઉતરે.

૮૩=વીચ્છુનો દંખ ઉતરે—કુતરીઆં ઘાસનો રસ દંખપર લગાડે. કહેવત છે જે "વીચ્છુનું ઓષડ કુંચી" (કુતરીઉ ઘાસ.)

૮૪=વીચ્છુનો દંખ—સંવેસાના મુળીઆ દંખના ચઢેલા ભાગ આગળથી મુલ દંખવાળી જગોએ ફેરવ્યા કરવું.

વીચ્છુનો દંખ—હલધરની ધુંઝ તે જગા ઉપર મુકવી અને ચલમમાં હલધર મુકી ધુંઇ લેવી.

૮૬=વીચ્છુનો દંખ ઉતરે—વીચ્છુ કરડે કે તરત આકડાના મુળની સળી બંધે કાનમાં ખોસવી.

૮૭=વીચ્છુનો દંખ ઉતરે—રતાળુના પાનની અથવા સુકા કંદની લેપડી દંખપર મુકવી.

૮૮=વીંછીનો દંખ ઉતરે—લસણ અને મીઠું સંભાગે મેળવી તેની લેપડી દંખ ઉપર મુકવી.

૮૯—વીચ્છુનો ડંખ ઉતરે—ડંખ ચઢીઓ હોય તેની ઉપર સુતરની દોરી બાંધવાથી ડંખ આગળ વધતો નથી લસણ છુંદી ડંખ ઉપર લેપડી મુકીને બીજી અગનવાળી જગા ઉપર લસણ મસળવું.

૯૦=લસણ અને અઘેડો સંભાગે મેળવી ડંખ ઉપર પોટલી મુકવી.

૯૧=વીચ્છુનો ડંખ—લીંબુ (ખાતાં) નો રસ ડંખ ઉપર મુકવો. અથવા ડંખાયલા માણસે બહુ જોરથી દોરવું.

વીચ્છુના ડંખ ઉપર વડનું દુધ ચોપડવું.

વીછીનો ડંખ મટે—વાંદાની લેપડી મુકવી.

૯૨=સાપ અને વીછીના ડંની ઉપર વીંછીદાના પાતરાંની તથા મુળીઆની લેપડી મુકવાથી ફાયદો થાય છે.

૯૩=વીછુંનો ડંખ—સાટોડીનું મુળ દરદીએ ચાવવું અને તે મુલ ડંખપર બાંધવું.

૯૪=વીછુંનો ડંખ—પુષ્ય નક્ષત્ર રવીવારે ઉત્તર બાજુનું સામુરનું મુળ લાવવું. લાવનારનો ઓળો ઝાડ પડે નહીં. આ મુળ ચઢેલાં ડંખ આગળથી નીચે ફેરવવું. અથવા ઘસી ડંખ પર લગાડવું.

૯૫=વીછુંનો ડંખ ઉતરે—સનદેસરી બે જાતની થાય છે. સફેદ ફુલવાળી અને પીળા ફુલવાળી. સફેદ ફુલવાળી સનદેસરી વધારે શકતી રાખે છે. સફેદ ફુલવાળી સનદેસરીમાં બે જાત છે, નાના ફુલવાળી અને મોટા ફુલવાળી. મોટા ફુલવાળીમાં ગુણ વધારે છે. આ ઝાડનું મુળ આતવારે બપોરે ત્રણ કલાકે ઉત્તર દીસાથી કાઢવું (આતવાર અને ઉત્તરદશા શા માટે તેના કરણ જણાતાં નથી) બપોરના ૩ વાગે આ ઝાડમાં રસ એક સરખો ફરે છે તેથી આ વખતે કાપેલાં મુળીઆમાં ગુણ લધતો રહે છે. એવું કહેવાય છે. આ મુળીયું હાથમાં પકડવું, શરીરથી બે આંગળ ઉંચુ રાખીને ડંખ ચઢી ચુકયો હોય તે જગાથી તેને ડંખની જગા સુધી ફેરવ્યાં કરવું–આ મુજબ ાા કલાક અથવા વધુ વખત ફેરવવાથી ડંખ ઉતરશે. ચઢેલો ડખ આસતે આસતે ડંખવાળી જગા આગળ નીચે ઉતરશે, ત્યાર પછી મુળીઉં ડંખવાળી જગા ઉપર દાબવું. જો ઝેહેરની

અગન નરમ ન પડે તો એ મુળીઉ પાણીમાં ઘસી દંખ ઉપર લગાડવું. મુળીઆને વાપરતી વખતે પાણીથી ધોવું, તેથી કામ જલદી થાય છે જયારે દંખ ઉપર મુળીઉ દાબે ત્યારે ત્યાં અગન વધારે લાગે છે. મુળીઉં ફેરવતાં તે ચામડીથી ૨ આંગળ દુર રાખવાનું કારણ એ જે, જયારે મુળીઉ ચામડીને લાગે ત્યારે ત્યાં અગન વધે છે દંખ ઉપર મુળીઉં મુકવા પછી ન ખમી શકાય ને મુળીઉં ઉચકી લેશો તો દંખ પાછો ચઢવા માંડશે. મુળીઉ દંખપર દાબો તેના કરતાં મુળીઉં પાણીમાં ઘસીને દંખપર લગાડો તો અગન ઓછી જણાશે. મુળીયું ૧ વરસ પછીનું જુનું ચાલે નહીં.

૯૬=વીછુ દંખ ઉતરે—વેગણનું મુળીઉ પાણીમા ઘસી લેપડી કરવી.

૯૭=વીછુંનો દંખ ઉતરે—વજ મોમાં ચાવીને દંખની સામી બાજુના કાનમાં ૩) ફુંક જોરથી મારવી. ઉપાય ચોકકસ છે.

૧૦૦=વિછીડા છોડને ૨) કાંટાવાળાં વીન્છુના આકારના ફળ થાય જેને વીછીઓ કહે છે એના પાન તંબાકુના જેવાં મોટાં અને સુંવાળાં થાય છે કારતક માસમાં તે પાન પીળાં થઈ ખરી પડે છે.

૧૦૧=વીછીટ ઝાહડના (છોડવાનું) ફુલજે વીરછુના આકારનું હોય છે. તે દરદી જુએ તો દંખ ઉતરે.

૧૦૩=નવસાર, કળીચુનો, ટંકનખાર મેળવીને દરદીને સુંઘાડે.

૧૦૪=મોરની પીછનો ધુમાડો, તંબાકુની બીડીના ધુમાડાની માફક પેટમાં લીએ.

૧૦૫=૨૦) થી ૧) સુધી ઉલટું ૨૦) વાર ગણે

૧૦૬=ઇંદ્રિાએણનું તાજુ ફળ ાા તોલો દરદી ખાએ.

૧૦૭=વીન્છુને તેના ઘરમાંથી નસાડવો હોએ તો ત્યાં ૧) વીન્છુ બાળવો.

૧૦૮=ધોળો સદેસો=માળવી સદેશો, એનું મુળ પાણીમાં ઘસી દંખપર લગાડવું.

૧૦૯=આકડાને દુધમાં વાટી તેની ગોળી બનાવી તે ગોળી પાણીમાં ઘસી દંખપર લગાડવી.

# CHXANPRASHA—AVALEA.

## च्यवनप्राश—अवलेह.

# જીવન.

### ગુજરાત અને કાઠિયાવાડમાં જીવનને આટલું બધું લોકપ્રિય કરવાનું માન.

મુંબઈ ઇલ્લાકાના સુપ્રસિદ્ધ મહાત્મા ઝંડુભટજીને છે. એ મહાત્માએ આપેલું નામ હાલમાં બધાએ દાખલ કર્યું છે એજ બતાવે છે કે **જીવન** ગુણમાં ખરેખર અકસીર છે.

અમારૂં જીવન ચરક મુનિની સંહિતાના પાઠ પ્રમાણે બનાવેલ છે. ઘણાખરા બનાવનારાઓ જીવનને વધારે સ્વાદિસ્ટ બનાવવા ખાતર કેટલાક ગુણકારી તત્વો નાખતા નથી; ખરેખર ફાયદોજ મેળવવો હોય તો અમારૂં શાસ્ત્રના પાઠ મુજબ બનાવેલું જીવન વાપરો.

**જીવન**—લાંબા મંદવાડ પછીની અશકિતમાં, ક્ષયમાં અને ઉધરસમાં ફાયદો કરે છે.

**જીવન**—સાધારણ નબળાઇમાં બચાંઓ અને વૃધોને ખાસ ફાયદો કરે છે.

**આયુર્વેદના સ્થંભરૂપ** આ ઔષધી મગજને અને શરીરને ખરેખરી શકિત આપે છે. વિલાયતિ ગોળીઓ, પ્રવાહીઓ વગેરે અનેક ઔષધોને હંફાવનાર ખરેખરૂં ઔષધ જો કોઇ હોય તો તે એક જીવન છે.

બંગાળ અને મદ્રાસ ઇલાકામાં, મુંબઇ અને ઉત્તરમાં, ચવન પ્રશાવલેહના નામથી કોઇ અજાણ્યું નથી તેનો બહોલો ઉપયોગ એજ એના અકસીરપણાની મોટામાં મોટી સાબીતી છે.

વૃદ્ધ ઉમરે કામે લાગે તે માટે મનુષ્યો જેમ જુવાન વયમાં પૈસાનો સંચય કરે છે તેમ બળ અને શકિતનો સંચય કરવો હોય તો અમારૂં જીવન ખાઓ.

**સુચનાઃ**—ગમે તે ઋતુમાં ખાઇ શકાય છે.

માત્ર ાાથી ૧ તોલો અથવા જમવાના વખત સુધીમાં પચે તેટલું. જીવન ઉપર પીધેલું દુધ અસરમાં વધરો કરે છે માટે ઉપર દુધ પીવું.

ા રતલની બાટલીની કીં. ૦—૧૨—૦
૧ ,, ,, ,, ૨—૮—૦

## બદામનું જીવન.

વધારે પુષ્ટિની જરૂરીઆત જેને હેય, મગજનું કામ વધારે કરવું પડતું હોય અથવા તો મગજની નબળાઈ જણાયા કરતી હોય તેને માટે જીવનમાં ઉમેરા કરીને અમે બદામનું જીવન બનાવેલ છે.

શિયાળામાં પાકને બદલે આ જીવન ખાવાથી વધારે ફાયદો થાય છે. પાકના જેટલુંજ સ્વાદિષ્ટ છે છતાં તેના કરતા ઘણો લાંબો વખત સરખું સ્વાદિષ્ટ રહી શકે છે. રતલ ૧ ની બાટલીની કીંમત રૂ. ૪-૦-૦

## દ્રાક્ષારસ.

જૂનો તાવ, ખાંસી, દમ, અનાજ બરાબર પચતું ન હોય તેને માટે આ ઉત્તમ દવા છે પીવામાં ઘણોજ મધુર અને લ્હેજતદાર છે. સવારે જીવન, અને જમ્યા પછી દ્રાક્ષારસ, એમ બન્ને સાથે લેવાથી ઘણો ફાયદો થાય છે. અને સારી શક્તિ આવે છે.

રતલીયા બાટલીની કીં. રૂ. ૧ાા
મોટી બાટલીની કીં રૂ. ૨

## બાળાગોળી.

નાના બચ્ચાંઓને શરૂઆતથીજ આ ગોળી આપવાથી કોઇ પણ રોગ થતો નથી, એટલુંજ નહિ, પણ બાળકનો બાંધો મજબુત થાય છે. બચ્ચાંનું ભલું ઇચ્છનાર દરેક માબાપે આ ગોળી અવશ્ય આપવી. કોઇ પણ **કેફી ચીજ વિનાની** કેવળ વનસ્પતિની બનાવેલી છે.

૨૦૦ ગોળીની બાટલીની કીં. રૂ ૦ાા

## ચંદ્રપ્રભા.

નામ પ્રમાણેજ શીતળ-ઠંડી છે દરેક જાતના પીસાબના રોગ ઉપર અકસીર આ દવા જેવી ગુણવાળી દવા અંગ્રેજી વૈદ્યક શાસ્ત્રમાં નથી. એટલે ડૉકટરો પણ ખાસ વાપરે છે.

ચંદ્રપ્રભા સાદી તોલા ૧ ના રૂ. ૦ા~
,, લોહવાળી ,, ,, ,, ૦ા~
,, લોહ શીલાજીતવાળી ,, ૧

---

મુખ્ય દુકાનઃ-જુની મહાજનવાડીનું નવું મકાન, કાલબાદેવી રોડ, મુંબઇ.
શાખાઃ—માંડવી બંદરને રસ્તે, ડબગર ગલીને નાકે. ,,
,, બોરીબંદર સામેનો મોટો સ્વદેશી સ્ટોર. ,,

૧૧૨=જ્યાં ડંખ ચઢેલો હોય તે જગા આગળ પાસે બતાવવા



મુજબ આકાર, લાંકડાની સળ વડી પાડે તો ડંખ નીચે ઉતરે, ફરી ફરી આ આકાર ડંખ આગળ પાડે તો ડંખ છેક નીચે ઉતરે.

વીંછુનો ડંખ ઉતરે—ગંધક અમલ સારો બાલકના મુતરમાં ઘસી ડંખપર મુકે. ગંધકનો ધુમાડો ડંખપર લેવો અથવા આખા શરીરપર લેવો.

---

# સાપનો ડંખ, સાપનું ઝેહેર.

૧=સાપના ડંખથી દરદી બે સુધ થયો હોય શરીરે ઢીચાં થયાં હોય મોમાથી ફીણુ નીકળતું હોય તેવાને બી શેરડીનો સરકો તોલા ૨॥ દર ૫) મીનીટે પીવામાં આપે તો દરદી હુસીઆર થાય. આંખે દીલે સરકો મસળે તેથી વધુ ફાયદો થાય.

૨=સાંપે ડંખેલા દરદીની ઉપર ૧૬ ફીટ ઉંચાઇથી ખમી શકાય એવાં ગરમ પાણીની ધાર નાંખે તો દરદી હુસીઆર થાય.

૩=સાપ અને વીંછીના ડંખ ઉપર કુતરીઆં ઘાસનો ઝુમખો મસળે.

૪=૦। તોલો કાળી મુસળી બાલકની પીસાબમાં ઘસીને પીએ.

૫=સફેદ ચંપાની સીંગને દુધનો બાફ આપી રાખે જ્યારે સાપ કરડે ત્યારે તેને પાણીમાં ઘસી ડંખ પર લગાડે અને ૪ વાલ ઘસીને પાયે અથવા ચંપાની લીલી છાલનો રસ ૨॥ તોલા દરદીને પાવો ઉલટી થશે અને ઝેહેર ઉતરશે.

નાગચંપાની સીંગ કવચીતજ મળે છે. એને નાગ રાતરે ખાઇ જાય છે. માટે નાની સીંગ ફુટી કે તેને ગુણપાટની કોથળીમાં અથવા બીજી રીતે ઢાંકીને મોટી થવા દેવી. સાપના કબજામાં જવા દેવી નહીં. તે સીંગને દુધનો બાફ કલાક આપવો. દુધ ઉકાળવું તે ઉપર ચારણી મુકી તેમાં સીંગ મુકવી અને બે કલાક ઢાંકી રાખવી પછી વાપરવામાં લેવી.

૬=સાંપ કરડેલા માણુસને તરત ગાયનું ઘી પાય તો ઝેર ચઢવા પામે નહી.

૭=નીપાલના બીજમાંથી અંદરની જીભ કાઢી નાંખે. બીજને લીંબુના રસમાં ૨૧ પત દેઇ તેની ગોળી કરી રાખે. તેને માણુસના મુત્રમાં ઘસી અંજન કરે તો મુવલો દરદી જીવે.

૮=કંટોલાના (વાંઝીઆ) કણુને માટીના વાસણમાં ગાય અથવા બકરાંના મુતર સાથ સાત દીવસ તડકામાં રાખી સુકવ્યા પછી સાંપના ઝેહેર માટે વાપરે છે.

૯=વાંઝીઆ કંટોલાના કણુનો રસ ૨ થી ૪ તોલા પાવાથી અને તે કણુ ડંખ ઉપર બાંધવાથી સાંપનું ઝેહેર ઉતરે છે.

૧૦=સાપના દંખ ઉપર કરમાનાની પોટીસ મુકાય છે.

૧૧=છંદરાવળી તાજું તેનો રસ ૧) તોલો દરદીને પાય તો અરધા કલાક પછી વામીટ થઇને ઝેહેર ઉતરે, શરીર તપી આવે ત્યારે નવટાંક ઘી દરદીને પાવું અને ઉંઘવા દેવું નહી.

૧૨=કડવી નાયનો કાંડો—સાપના ઝેર ઉપર કામ આવે છે.

૧૩=કુતરી ઘાસના રસનું અનજન કરવું, સુંઘાડવું, દંખ પર લગાડવું, લીલા ઘાસનો રસ સુકવીને તેની પતરી જ્યારે જોઇએ ત્યારે પાણીમાં મેળવી વાપરવી.

૧૪=ગળવેલનું મુળીયું અથવા કંડ વાલ ૨ વાટીને પીવાથી ઉલટી થાય; એ ત્રણવાર આ મુજબ પીવાડી ઉલટી કરાવવી. વારંવાર દરદીને પાવું. ઉલટી થઈ ઝેર નીકળી જાય છે.

૧૫=નવસારનું પાણી બનાવવું જે બાજુએ દંખ હોએ તેની સામી બાજુના કાનમાં આ પાણી નાંખવું.

૧૬=અમલસારો ગંધક બચ્ચાંના મુતરમાં મેળવી દંખ ઉપર મેલવું.

૧૭=બંદુકરીનું મુળ પાણીમાં ઘસી આંખે આંજે તો અજડાનું ઝેર ઉતરે.

૧૮=ધંતુરાનું ડીંડવું ગાયના મુતરમાં ઘસી દંખને લગાડવું.

૧૯=થુવરને મનસાસજી એટલે સાંપનો ખુદા કરીને કહે છે, કેટલાક લોકો સાપ ન કરડે માટે થુવરની માનતા લે છે એટલે

આ ઝાહડ આગળ જઈ બોલે છે "મને સાપના ડંખથી બચાવો." આથી અસલ રીવાજને ટેકો મળે છે. કારણ કે દેશી વઇદુ આ ચુત્તરના મુળને સાપના ઝેરના ઉપાય તરીકે ઓળખાવે છે. એનું મુળ પાણીમાં ઘસી પાય.

૨૦=સાપના ડંખ માટે થુઅરના મુળ અને મરી સંભાગે ખવાડે છે.

૨૧=ઘી તપાવીને દરદીને પાવું. દશ દશ મીનીટે જેટલું પીએ એટલું પાવું સાપના ઝેરને લીધે દરદીને ઘી નો સ્વાદ ગરમ પાણી જેવો લાગે છે. ઝેર જેમ આકરૂં હોય તેમ ઘી વધારે પીવાએ. ૭ કલાકમાં ચાર રતલ ઘી પી શકાય છે. પેટમાં જંતુ અને ઘી ઝાડા વાટે નીકળી જાય છે. ડંખ આગળના સોજા ઉપર લીમડાના પાતરાની લેપડી મુકવી. જેમ જેમ ઘી પાય તેમ તેમ દરદીને હુશીઆરી આવતી જાએ. ઘી પીધા પછી ૧૦ મીનીટમાં ઝાડા વાટે નીકળી જાય છે.

ઘીને ઈથર સાથ મેળવે તો, પીગળી જશે. ભેળસેળનું ઘી પીગળે નહીં.

૨૨=સાંપના ડંખ ઉપર કેરોસીન તેલ રૂમાં મુકીને ડંખ ઉપર બે કલાક રાખવું.

૨૩=ઇનડીઅન ટેરીટરીમાં ઢોર ચારનારાં માણસો હંમેશા પોતાની પાસે ગળીનો ભુકો રાખે છે, જાનવરને સાપ કરડે કે તરત તે ભુકો દાબે છે તેથી સાંપનુ ઝેર ચુસાઇ જાય છે.

ગળી ખાંડનો મેળ કાપવાને વપરાય છે.

૨૪=કપાસીઆનું મગજ પાણીમાં ઘસી આંખમાં આંજે તો સાપનુ ઝેર ઉતરે.

૨૫=કાળી મરોડી દરદીને ખવાડે. જો ખાટી લાગે તો કાળા સાંપનો ડંખ જાણવો. તીખું લાગે તો બીજા સાપનો ડંખ જાણવો. મરોડી મીઠી લાગે તો ઉંદરનો ડંખ જાણવો. એને માટે ઉતાર એ છે જે, જાઇનાં પાતરાં, નાઇના પાતરાં, કડવાં દોધીનું મુળ, સનચળ એ સરવું થંડા પાણીમાં વાટી પીવું.

૨૬=કારેલું જંગલી જે સોપારી જેવું થાય છે તેને પાણીમાં ઘસી તરત લગાડે તો ઝેર ઉતરે.

૨૭=કનેર ચાર જાતની છે, લાલ સફેદ, પીળી, ગુલાબી દવા માટે સફેદ સારી છે. જ્યાં સફેદ કરેણુ હોય ત્યાં સાંપ આવે નહી.

૨૮સાપના દંખ માટે—ઝેર કચરાના બીને પાણી સાથ ઘસી દંખ ઉપર મુકવું. દરદી મરી ગયલો જણાય છતાં ઝેર કચરાનું ચુરણુ વાલ ૩ તેના કંઠમાં નાખે. ચુરણુ ગરદન ઉપર અને આખે શરીરે મશળે તો ઝેર ઉતરે અથવા દુટીના ઉંચલા ભાગ પર (પેન પર) છરીથી કાપ મુકી તેમાં જમાલગોટો છુંદી દાબે.

૨૯=સાપના દંખ માટે જમાલગોટાના બીજ ચાર તોલા લુંગડામાં બાંધી પોતલી કરી કાદવના અથવા ત્રાંબાના વાસણમાં તે પોતલી મુકી તેની ઉપર ભેંસનું છાણુ ૫ શેર મુકવું. થોડું પાણી નાંખવું અને ઈંગાર ઉપર ૪ કલાક રહેવા દેવું. બીજની ઉપરના છાળતાં કાઢવાં અને તેની અંદરની જીભ કહાડી નાખવી. એક તોલો મગજને વાટી તેમાં ૧૦ તોલા લીંબુનો રસ મેળવવો. તેની ગોળી બનાવવી; તે ગોળીનો મોઢાંની ઠુંકમાં ઘસી દરદીની બંન્ને આખે આંજવી. આ ઈલાજ ઘણો સારો છે. ઝેહેર ચઢી ગયું હોય, બીમારી વધી ગઇ હોય, અને વખત બહુ વહી ગયો હોય છતાં આ ઇલાજ ફાયદો આપે છે.

જો દરદી મરી ગયલો જણાય તો તેના માથાના ટાળકપર છરીને ઘા કરવો. લોહી ન નીકલે તો દરદી મરી ગયલો સમજવો. જો લોહી નીકલે તો આ ઇલાજ ચાલુ કરવો. દરદીની આંખને દંખના ઝેરની ગરમી લાગે છે, માટે આંખની અંદર માખણુ રોજ વારંવાર લગાડીઆ કરવું. દરદીને પાંણીની તરસ બહુ લાગે છે પણુ પાણી પીવા દેવું નહીં.

૩૦=ફટકડી ૦ા તોલો અથવા વધારે દુધમાં પાય, તેથી પાણીમાં ફટકી નાંખવાથી કચરૂં અને કેટલાક ખાર ફટકી સાથે મળી જઇ નીચે ઠરી બેસે છે તેમ ઝેર સાથ ફટકી મળી જઇ તેનો ગુણુ દોસ ઓછો કરે છે.

૩૧=અરીઠાને પાણીમાં ઘસી દરદીને આંખે આંજે, આંખ લાલ થઇ જાય તયારે માંખણ અથવા ઘી લગાડવાથી રતાસ મટે. સાપનું ઝેર સખત હોય તો અરીઠાનું પાણી પાય અને ઉલતી કરાવે. અરીઠાની છાલ ૦ાા તોલો અને ૦। શેર પાણી મેળવી પાય ૧ કલાક પછી ફરી ફરી પાય, ઝેર ઉતરે ત્યાં સુધી અકેક કલાકે પાય, ઝાડા ઉલટી થઇ ને ઝેર નીકળી જાએ. બેહોસ થયલા દરદીને બી આ ઇલાજથી ફાયદો થએ દરદીના જડબાં બેસી ગયા હોય તો અરીઠાં છુંદીને જડબાંપર મસળે તો જડબાં ખુળે એટલે દવા પી શકાય

૩૨=સાપનો દંખ લાગવા પછી દરદીને પીસાબે લોહી પડે તો ૦ાા તોલો જીરૂં પાણીમાં વાટી ખવાડે અને ગુલાબના ફુળ પાણી સાથ કાદવના વાસણમાં ઉકાળીને પાય

૩૩=આંકડાના કુમળાં પાનની કલી ૧ ચેવલી પાન સાથ ચવાડવી અથવા પાણીમાં વાટી પાવી. અરધે અરધે કલાકે પાવી, દરદી હુસીઆર થાય ત્યાં સુધી એ મુજબ પાવી. પણ નવ કળીથી વધારે પાવી નહીં. ( કલી એટલે ૨) પાન સાથે જોડાયલાં હોય તે. )

આકડાનું દુધ આંખે લાગે તો જુણી હરડે પાણીમાં ઘસી દરદની આંખે લગાડે, અથવા હરડે ખવાડે.

૩૪=આકાદોરી બે જાતની થાય છે જેના પાંન ૩) ધરી છે. જે ઉપર લીલાં મરચાં જેવાં ફળ થાય છે, તેનું મુળ પાણીમાં ઘસી બે વાર અંજન કરે તો સાપનું ઝેર ઉતરે.

૩૫=સફેદ આંકડાના મુળ, સફેદમરી, મોરથુથુ ફુલવેલું સમભાગે મેળવી તેની અકેક માસાની ગોળી બનાવવી તે માની ગોળી ૧) દરદીને રોજ આપવી.

૩૭=સાપના ઝેહેર મારે—ખરસાણી થુઅરના પાન દરદીને ખવાડવાં.

૩૮=સાપનો દંખ ઉતરે—દરદી બેસુધ થયો હોય છતાં તેના માથા ઉપર છરીથી કાપ મુકવા, જો લોહી નીકળે તો જાણવું જે દરદીમાં જીવ છે. તે કાપની ઉંપર નેપાળાની ટેપલી (લેપડી) મુકવી. ઇલાજ અકસીર છે.

૩૯=અજડા સાપનું ઝેહેર ઉતરે—નાહીવેલાના મુળના ૪) મસકરા પાસેર પાણીમાં મેળવીને દરદીને પાએ તો લીલા રંગનું વામીટ કરે અને ઝેહેર ઉતરે.

૪૦=ખમી શકાય એવાં ગરમ પાણીની ધાર ૪) ફુટ ઉંચાઈએથી દરદીના માથાપર ૦। કલાક સુધી નાખે. દરદી જો સુધીમાં આવે, શરીર કંપાવે તો આ ઇલાજ વધુ વખત ચાલુ રાખવો.

૪૧=સાપના દંખ માટે—ગળજીભના મુળનો રસ પાવો.

સાપનું અને સોમળનું ઝેહેર ઉતરે—આ પોપટીના પાનનો રસ પાવાથી ઝેહેર તરત ઉતરે છે. એના બી પીવામાં અપાય નહીં

પોપટીના પાલાનો વેલો વાલના કયારમા અથવા રવી તુલ ઓડે તે કયારામાં થાય છે. એ છોડ ઉપર કાળા ફળ વટાના જેવા થાય છે. તે ફળ ઉપર ધોળાં ટીપકા હોય છે.

૪૨=Gulancha, Tinosqora Cardifolia, સાપના ઝેરનો ઉતાર—ગલોના વેળાનો કંદ દુધમાં બારી રાખવો. દરદીને તે પાણીમાં ઘસીને પાવો. દરદી બેસુધ થયલો હોય તો કંદ તાળવાપર મસલે. જાનવર બેસુધ થયું હોય તો તેની જીભે કંદ મસળવો. હુશીયારીમાં આવે ને કંદ ઘસીને પાવો એના મુંળીઆમાં એવોજ ગુણ છે.

૪૩=બોહોની એક જાતનો વેળો છે તે કાહાનપુર, બેરેલીમાં થાય છે, નોરીઓ ( ઊંદરનો દુશ્મન ) જાનવર એના પાન ખાય છે. નોરીઆને સાંપ દંખે એટલે નોરીઓ આ વેળાનું મુળ ખાય છે ત્યારે દંખ ચઢતો નથી.

સાંપનો દંખ ઉતરે—સાંપથી દંખાયલા દરદીને ૧ વાલ બોહોનીનું મુળ ખવાડે તો ઝેર ચઢે નહીં.

મદારી લોકો બોહોનીની છાલનો ભુકો સાંપથી દંખાયલા દરદીને સુંઘાડે છે જેથી સાંપનું ઝેર ચઢતું નથી.

સાંપના ઝેરની કોથળી કહાડવી હોય ત્યારે સાંપને તોપલીમાં બંધ કરે છે તે વેળા બોહોનીની છાલનો ભુકો તોપલીમાં મુકે છે. જેથી સાંપ ઉંઘનસી અને નબળો બને છે.

૪૪=જુના પીપળાના મુળની છાલનું ચુરણ તપકીરની માફક દરદી સુંગે, રોજ ૨) વાર સુંગે, તેથી ઓકારી આવે અને ઝેહેર ઉતરે. જો નાકમાંથી લોહી પડે તો તે વધારે ફાયદાભરેલું જાણવું.

૪૫=લીમડાપરની ૦॥ શેર ગળવેલને પાણી સાથ છુંદી તેનો રસ દરદીને પાવાથી વામીટ થશે અને ઝેર નીકળી જશે.

૪૬=દંખની આસપાસ છરીથી છેડ મરાવી ભુંગળી વતે લોહી ચુસે. ૧ દેડકાને ( ચેન વધારે સારી ) ચીરીને તે દંખવાળી જગાએ બાંધે. તો અગન નરમ પડે અને ઝેર બહાર આવે.

૪૭=કાળા સાંપનું ઝેર ઉતરે—દંખ આગળ છરીથી છેડ પાડીને તે જગા ઉપર ઉંદરને ચીરીને બાંધે.

૪૮=સાંપના ઝેહેર માટે—મોટા એરંડીઆનું મૂળ ઘસી ૧) તોલો પીવામાં આપે.

૪૯=સાંપના દંખ ઉપર—મરઘીનો પીત્તો મસળે તો ઝેર ચડે નહીં.

૫૦=ચોળાં મરીને સરસાડાના ફુલના રસમાં ૭ દીવસ ઘુંટવું અથવા ૭ ભાવના આપવી આ મરીનું ચુરણ ખાવામાં, સુંઘવામાં અંજન કરવામાં વાપડવું.

૫૧=સાંપનું ઝેર ઉતરે—પાંચ તોલા મધુનાશીનો રસ દરદીને પાય. તો ઓકારી થઇ ઝેર નીકળી જાએ. રસને સુકવી રાખી તેનું ચુરણ ૧॥ તોલો ખવાડે તો તે ઉપર મુજબ કામ કરે.

૫૨=સાંપનું ઝેહેર ઉતરે—ચોળા ( એક જાતનો કઠોર ) ના આટાને આકરાના દુધથી ૪) વાર પત આપે તે ભુકો ૧) વાલ ખવાડે.

૫૩=સાંપ અને વીંછુના દંખ માટે—મીઠું અને કાંદો છુંદીને તરત દંખપર મુકે. સાપના દંખ ઉપદ મુકવાથી તે લેપડી લીલી થાય ત્યારે કહાડી નાખી બીજી મુકવી

૫૪=દરદી બેભાનખી થયો હોય છતાં એક વાલમોરથુથુ બારીક દરદીના નાકમાં ફુકે, છેક મગજે જાય તેમ ફુકે તો ફાયદો થાય.

૫૫=સાંપના ઝેહેર માટે સાબરસીંગાના નાના કટકા કરી તેને ઘાસમાં વીટાળવા પછી તેને તાંબાની ડબ્બીમાં બંધ કરી તે ડબ્બીને તાપ આપવો. સાબરસીંગા કટકા પાકવા પછી સાંપના

દંખ ઉપર મુકે તો તે દંખપર વળગી રહે; અને લીલા થાય ત્યારે કહાડી દુધમાં ધુએ અને ફરી ફરી દંખપર મુકયા કરે.

૫૭=સાપના દંખ માટે સાપનો મોહોરો બનાવટી — સાબરસીંગાને આમલીના ચીચોડાના કદ જેવા કટકા કરવા, તે કટકાને ઘાસમાં વીટાળી તાંબાની ડબ્બીમાં પેક કરી છાણાના તાપથી પકવવા. આ પકવેલો સાબરસીંગાનો કટકો સાપના મોહરા તરીકે વેચાય છે. મદારીઓ આ કટકાની કીંમત રૂપીઆ પાંચ કહી પછી ભાવમાં ઉતરતા ઉતરતા છેક આના પાંચથી વેચે છે. તેઓ એકના એકવીસ કરી લે છે. આ પકાવેલા સાબરસીંગાના કટકામાં અને ખોટા સાપના મોહરામાં ગુણ એવો છે જે સાપના દંખ ઉપર પાણી લગાડીને જ્યારે એ મોહરો મુકે છે ત્યારે તે કટકો દંખને વળગી રહે છે. થોડીવારમાં છુટો પડે છે. આ છુટા પડેલા કટકાને દુધમાં ધોઇ પાછો ફરીથી દખ ઉપર મુકો તો ફરીથી ચોંટે છે. આ મુજબ દંખ ઉપર ત્રણવાર ચોંટે છે. આ ક્રીયા નજરે જોવાથી, અજાણ્યા માણસો મદારી માંગે તે કીંમત આ મોહરાની આપે છે.

૫૮=સાપનું ઝેર ઉતરે—સાંપે કરડેલો માણસ ૩ દીન સુધી મરતો નથી, એવી કહેવત ચાલે છે. પુરાવામાં એ છે જે કેટલાક ભરવાડ લોકો સાંપે કરડેલા દરદીને રાખી મુકી તેની આગળ ૩ દીવસને રાત ચાલુ ભજન કર્યા કરે છે. કેટલાક ગામમાં એવો રીવાજ છે કે સાપે કરડેલા દરદીને લીમડાના ઝાડ ઉપર ઝોળી બાંધી તેમાં ૩ દીન સુવાડી રાખે છે.

લીમડાને અને સાપના ઝેરને વેર છે. સાપે કરડેલા દરદીને લીમડો ખવાડે તો કડવો લાગતો નથી, ઝેહેર ઉતરે ત્યારે કડવો લાગે છે. એટલે ઝેરનું જોર વધુ હોય તો લીમડાનું જોર જણાય નહીં.

ઘણે વખતે લીમડાનું જોર વધે ત્યારે ઝેરનું જોર ઘટે છે. લીમડો ઓછા પ્રમાણમાં લેવાથી ભુખ વધારે છે.

૫૮=સાપના દંખ માટે—રેહાનનો રસ ૫) તોલાં આપવો. ૩) ૪) વખત આપવાથી ઘણું સખત ઝેર ઉતરશે.

૫૯=સાપનો ડંખ—લસણ છુંદીને ગાયના ઘીમાં મેળવી દંખ ઉપર મેળવું.

સાપનું, વીચ્છુનું, ઉંદરનું ઝહેર મટે--કાળાં મરીના ભુકાને; લસનના રસ સાથે ગોળી બનાવી રાખે તેને પાણીમાં ઘસી દરદીને અંજન કરે.

૬૦=સાપના દંખ માટે—દરદીને એકેક તોલો લીમડાના પાંતરાનો રસ પાયાજ કરવો. દંખ ઉતરે ત્યાં સુધી ૦ા, ૦ા, કલાકે પાવો.

૬૧=સાપનું ઝેર—દરદીને લીંબુનો રસ પીવામાં આપે અને શરીરે ચોપડે. બે ત્રણ વાર આ મુજબ કરવું.

૬૨=સાપ બામણ પુછડું મારે છે તે દરદી કોહી કોહીને મરે. છે તે દંખ ઉપર સરકો જળાડ લઇને તેમાં કપડું ભીંજવી મુકે. સાપના દંખથી શરીર ફુલે, લોહી નીકળે, તે વેળા ૨ તોલા સરકો ૩, ૩, કલાકે પાવો.

૬૩=ચીત્રા સાપનું ઝેર ઉતરે—ઉમરાનું મુળીઉં ૦ા તોલો પાણીમાં ઘસીને પીવું અને ઘસાડો દંખ ઉપર મુકવો.

૬૪=ધાયડા સાપનું ઝેર ચઢે નહીં—અરદુસો, કપાસ, દતેરો, રાંઝણી કંટોલી એમાંનું કોઇબી મુળીઉં ૦ા તોલા જેટલું ગોમૂત્રમા ઘસીને પાવું.

૬૫=ખાખરાના ફુલને કેસુડા અને ફળીઓને ( ફળને ) પીત પાપડો કહે છે. એનો સુંદર હીરા દખનના જેવો છે.

આ ઝાડને કાળું બનાવવાની રીત-ખાખરાના ઝાડના થડ આગળ બે હાથ ઉંડો ખાડો ખોદવો, અંદરના મુળને કાતરવું તેમાં ૦ાા શેર કાપેલાં ભીલામા ભરવાં. મુળ કાતરતાં જે વહેર પડેલો તે વેહેર ભીલામાંની ઉપર દાબવો, પછી મટોડાએ ખાડો પુરી નાંખવો. ૭ માસ સુધી દર અઠવાડીયે એ ઝાડમાં પાણી સીંચવું. એ ઝાડ ૭ માસ પછી કાળું થઇ જશે. જો ૭ માસમાં ઝાડ કાળું ન થાય તો બે ત્રણ વાર એ ક્રીયા ચાલુ રાખવી, એટલે દર ૭ માસે ભીલામુ તેના મુળમાં દાટવું અને પાણી પાયા કરવું.

સાપનું ઝેર તરત ઉતરે—કાળાં થયલા ખાખરાના ઝાડના ફુલ તથા અતિવીસની કળી દરદીને ખવાડે અથવા ખાખરાના મુળ પાણીમાં ઘસી પીએ.

૬૬=સાપનું ઝેર ઉતરે—ઘણી જાતના દંખ માટે કુકરપાડાના પાનનો રસ દરદીની શકતી મુજબ પાવો. અથવા એના ફૂળીની રેખા બે ગુંજાપુર લઇ પાણી સાથ પાવી. દરદીને પછવાડેથી ગરમી જણાય તો ઘી પાવું.

૬૭=સાપના ઝેર માટે જાણીતો ઇલાજ—કુંબો બે જાતનો છે જેને એકજ દાંડી છે તે નારી જાતી છે. તેમાં ગુણ નથી. શાખા ફૂટે છે તે નર જાતી છે. તે નર જાતીના આ છોડનો રસ ત્રણથી પાંચ તોલા દરદીને ०|-०| કલાકે, ચાર વાર પાવો. એના રસની ટીકરી બનાવી રાખે, જયારે ખપ પડે ત્યારે વાપરે. ખાતરી પુરવક ઇલાજ છે.

૬૮=સાપનો દંખ નરમ પડે—કેળના કંદનો રસ ૧ તોલો દરદીને પાય અને કુમળા પાનની લેપડી દંખપર મુકે.

૭૧ સાપનું ઝેર ઉતરે—અરીઠાને પાણીમાં ઘસી દરદીને આંખે આંજે, આંખ લાલ થઇજાય ત્યારે માંખણ અથવા ઘી લગાડવાથી રતાશ મટે. સાપનું ઝેર સખ્ત હોય તો અરીઠાનું પાણી પાય અને ઉળતી કરાવે. અરીઠાની છાલ ०॥ તોલો અને ०| સેર પાણી મેળવી પાય ૧ કલાક પછી ફરીફરી પાય ઝેર ઉતરે ત્યાં સુધી એકેક કલાકે પાય. ઝાડા ઉલટી થઇને ઝેર નીકળી જાએ. બેહોસ થયલા દરદીને પણ આ ઇલાજથી ફાયદો થાએ. દરદીના જડબાં બેસી ગયા હોય તો અરીઠા ખુંદીને જડબાંપર મસળે તો તે જડબાં ખુળે એટલે દવા પી શકાય.

૭૩=સાપનું ઝેર ઉતરે--બે તોલા અંકોલની છાલ લઇ તેનો કાહવો બનાવી તેમાંથી બે તોલા દર અડધા કલાકે પાવો, અંકુલનું મુળ દરદીના મોંમા રાખવું. બીજો ઇલાજ એજે અંકોલનું તેલ બે આનીભાર લઈ બે તોલા ઘીમાં મેળવી દર ०| કલાકે દરદીને ખવાડવું.

૭૪=સાંપનુ ઝેર ઉતરે--કનેરના ફુલ સુકાં, તંબાકુની તપકીર દરેક અરધો તોલો એલચીદાણા ०| તોલો એનું ચુરણ દરદીને સુંઘાડવું.

૬૫=નોળીઓ કરડે, સાપ કરડે, વીછું દંખે, સાંપની ફુંક થી શરીર સુજી આવે-આ દરદો માટે ઇલાજ--કાંસકીનું મુળીઉં

ચીનું અથવા સુકું પાણીમાં ઘસી દંખપર લગાડે. તે સુકાય ને ફરી ફરી લગાડીઆ કરે.

સાપનું ઝેર ચઢેલું હોય તો કાંસકીના મુળીઆનો ઘસારો ૦॥ તોલો અથવા વધારે દરદીને પાએ અને દંખપર લગાડે પેહેલે દીવસે ઘણીવાર પાય અને ઘણીવાર લગાડે. પછીના દીવસે રોજ ૧ વાર પાય અને ૧ વાર લગાડે એ મુજબ ૭ દીન ચાલુ રાખે

મુળીઆના એવાજ ગુણએના પાતરામાંથી છે. સાપે કરડેલો દરદી બેહોસ થઇ ગયો હોય, માથાપર મુકેલું ઘી તવાતું બી નહીં હોય તો પણ આ ઇલાજ ચાલુ કરવો. ફટકીને પાણીમાં ઘસીને તેના ૪-૫ ટીંપા બેહોસ થયલા દરદીના નાકમાં બધે ફીપરામાં નાખવાં. આ ઇલાજથી દરદીના મોઢામાં ફીણ આવશે. તયારે મોઢામાં લાકડાની વેળણ ઘાલી મોંઢું ખુલું કરે અને ઉપર મુજબ મુળનો ઘસાડો અથવા પાનનો રસ ૦। ૦। કલાકે દરદી હુશીઆર થાય તયાં સુધી આપયા કરે.

ઉંઘમાં સાપ કરડે—માણુસ ઉંઘેલું હોય અને સાંપ કરડે ત્યારે દરદીને ઝેર આવે અને શરીરે અગન બળે તે વખતેબી આ ઇલાજ કરવો

૭૭=સાપનું ઝેહેર—નવસારનું પાણી બનાવવું જે બાજુએ દંખ હોએ તેની સામી બાજુનાં કાનમાં આ પાણી નાંખવું.

૭૮=સાપનું ઝેર ઉતરે—ફટકી ૨૦ ચણોટીભાર, પાણી તોલા પાંચ નવસારના અરકનાં ટીપાં ૨૦ સાથ મેળવી દર ચાર કલાકે ૩, ૪ વાર પીવાથી ઝેર ઉતરે છે.

ઝેર સાપનું, ઉંદરનુ, વીછુંનું ઉતરે—ફુલવેલી ફટકી અરધા પઇસાભાર ૨ તોલા પાણીમાં મેળવીને પાવી.

૭૯=સાંપનું ઝેહેર ઉતરે—૦। તોલો ફટકી, નવટાંક પાણીમાં મેળવી દરદીને પાવી. ૦।, ૦।, કલાકે પ્રણવાર પાવી, ઓકારી થઇ ઝેહેર ઉતરશે.

૮૦=સાપના ઝેર માટે—બકરીની લીંડી બાળીને તેની રાખ કરી ખાવામાં આવે; અને બકરીની લીંડીનો લેપ કરવામાં આવે ઝેર ઉતરે છે.

૮૧=સાપનું ઝેર—સાંપના ઝેરના દંખ ઉપર મરી, સરકા સાથે મેળવી લગાડે છે.

૮૨=સાપના ડંખ માટે—(ત્રીકટુ) સંભાગે મરી, સુંઠ અને પીપરનું અજંક આંખે અંજન અને મોરથુથાનું વામીટ આપવું.

૮૩=સાપનું ઝેર—મદારીઓ સાપને કરડાવી, તરત ફટકીનું પાણી પીએ છે તેથી ઝેર ચઢતું નથી.

૮૪=સાપનું ઝેર, વીછુનો ઝેર—ફટકી ૨૦ ગ્રેન, સ્પીરીટ એમોનીઆ અરોમેટીક બે આઉંસ ( અથવા ફટકી પીગળે તેટલું ) એમાંથી વીસ ટીપાં પાંચ તોલા પાણી સાથે દર ચાર કલાકે આપવાથી ઝેર ઉતરે છે. વીછુનો દંખ તરત ઉતરવા માંડે છે.

૮૫=( પારડી SURAT ) માં ' આકન ખોકન ' અથવા ' આખલું ખોંખલું ' નામનું ઘાસ થાય છે તેને પાણીમાં છુંદી તેનો ૦। શેર રસ ૩ વાર પાવો તો સાપનું ઝેહેર ઉતરે.

૮૬=સાપ ઝેરી છે તે જાણવા માટે—દરદીને મરચું ચવાડે ને તે તીખું ન લાગે તો જાણવું જે સાપ ઝેરી છે.

સાપના ઝેરનો ઉપાય—દંખવાળા દરદીને માણસનું મુતર પાંચ તોલા દશ દશ મીનીટે પાવું. વધુ પીવામાં અપાય તો અડચણ નથી. શરીરે ઘી સારી પેઠે મસળવું ગળામાં ગરમી જણાય, ગળુ સુકાય તો ઘી પાવું, સાપના દંખ માટે માણસનું મુત્ર ઉપયોગી છે એવું ઘણી વખત લખાયલું છે.

સાપના દંખ માટે તાત્કાળ ઉપાયો—સાપ કરડે કે તરત માણસનું મુતર મદારી લોકો પીવામાં લે છે તેથી સાપનું ઝેર લાગતું નથી

૮૭=સાપનું ઝેર ઉતરે—તોલો મીઠું લઈ તેને આંકડાના દુધની ભાવના આપે અને ગાયના દુધમાં પીવાડે તો ઉલટી થઈ ઝેર ઉતરે છે.

૮૮=સાપના ઝેર માટે—સફેદ આંકડાના મુળ, સફેદ મરી, મોરથુથું ફુળવેલું સંભાગે મેળવી તેની અકેક માસાની ગોળી બનાવી તેમાંની એક ગોળી દરદીને રોજ આપવી.

૮૯=સાપનું ઝેર ઉતરે—ચેળાના લોટને ૪ વાર આકડાના દુધનો પત આપવો તેને દાબડીમાં ભરી રાખવો. ભુકો ૧ વાલ દુધમાં મેળવી દરદીને પાવો.

૯૦=ઝેર સાપનું, ધતુરાનું, સોમલનું ઉતરે—કરંજના ઝાડની છાલનો રસ બે અથવા ત્રણ તોલા દરદીને પાય તો વામીટ થઇ જઈ ઝેર નીકલી જાય.

૯૧=સાપના ઝેર માટે—કુકડવેલના (તુતરવેલ=પાડાવેલ) પાલા નો રસ દરદીને શકતી મુજબ એક થી વધુ તોલો પાવો.

૯૨=સાપનું ઝેર, વીચ્છુંનો ડંખ ઉતરે—કુતરીઆ ઘાસના લોલીઆનો રસ સીસામાં ભરી રાખવો. તેના ટીપાં, દરદીની આંખમાં, અને નાકમાં નાંખવાં અને ડંખપર મુકવા આ રસ પીવાથી પણફાયદો છે. આ રસને સુકવીને તેનો ભુકો શીશીમાં ભરી રાખ અને જ્યારે ખપ પડે ત્યારે પાણી સાથ મેલવીને વાપરે. ૦।—૦। કલાકે આ રસ ૧ તોલો પીવામાં લેવો.

૯૩=સાપનો ડંખ મટે—કુતરીઆં ઘાસને મુળ સુધાં લાવીને રસ કાહાડે. દરદી બેસુધ હોય છતાં આ રસ નવટાંકથી ૦। સેર સુધી તેને પીવામાં આપે. શરીરે રસ ચોપડે અને તેનો કુચો ડંખ પર બાંધે તો દરદી હુસીયાર થાએ. એનુ ચુરણ ખાવાથી પણ ગુણ લાગે.

૯૫=સાપનું ઝેર ઉતરે—૦। તોલો પકાવેલાંસમુદર ફળને છોકરાંની પીસાબમાં ઘસીને પાવું. (પકાવવાની રીત જુઓ "સમુદર ફળ".)

સાપના ઝેરનું ઓખદ—સરસડાના ફળ, મુળની છાલ, થડની અંતર છાલ, લીલાપાન, ફુલ દરેક ૨૦ તોલા લઇ માણસના મુત્રમાં વાટીને પછી ૧૦૦ તોલા મુત્રમાં મેળવવું, ચુલે ચઢાવી ખખડાવવું અને તેમાં ૫૦ તોલા ઘી નાખવું, મુત્ર સઘળું બળી જાય ત્યારે બાટલીમાં ભરી રાખવું. ૧ સેર ઘી દરદીને પાવાથી જરૂર ડંખ ઉતરે છે, ૫ રતલ સુધી પીવાની કોઇ દરદીને જરૂર જણાય છે. પીધેલું ઘી ઝાડા વાટે નિકળી જાય છે. જેમ ઝેર જબરૂં તેમ ઘી વધુ ખપે છે.

સાપના દંખવાલા દરદીને કોઇ વાર વીસ્ફુટક જેવાં ચાઠાં ફુટી નીકળે છે.

૯૬=સાપનો દંખ—તરત અંગાર મુકીને દંખ બાળી મુકવો એ પહેલો ઉપાય.

દંખની જગાપર નીચે અને ઉપર જોરથી પાટા બાંધવાથી લોહી ફરતું બંધ થાય છે.અને ઝેર ચઢતું અટકે છે.

૯૭=સાપનું કરડેલું માણસ ત્રણ દીવસ સુધી મરતું નથી, એવું દેશી વઇદું કહે છે, તે અંગ્રેજી વઇદું અને આ જમાનાની સાધારણ અકલ માનતી નથી. પણ જેઓથી બને તેઓએ નીચલો સહેલો ઉપાય અજમાવી જોવો—સાપના દંખથી બેશુધ થઇ પડેલા માણસને અથવા સાપના દંખથી મરી ગયલો સમજવામાં આવતા દરદીને આંખે સુરોખાર બારીક વાટીને આંજવો. દરદી સુધીમાં આવે અને તે જીવતો છે એવી ખાત્રી થાય તો પછી અરીઠાનું પાણી પાઇને તે દરદીને વામીટ કરાવવું. ૨-૩ વાર અરીઠાનું પાણી પાઇ વામીટ કરાવ્યા પછી તેને ઉંઘ બહુ આવે પણ જરા બી ઉંઘવા દેવો નહી. સુઇઆ ભોકીને પણ જાગ્રત રાખવો. એટલે હુશીયાર થશે. આ ઇલાજ ઘણી બાજુએથી એક સરખી રીતે વખાણવામાં આવે છે.

૯૮=સાપનો દંખ ઉતરે—ઉબરાનું ફુળ દંખ ઉપર બાંધે.

૯૯=સાપનું ઝેર ઉતરે—પાંચ તોલા ઉંધાફુળીની જડ પાણી સાથ વાટીને તેના બે ભાગ કરે. ૧ ભાગ દરદીને પાય અરધા કલાક પછી બીજો ભાગ પાય.

૧૦૦=ઉંધાફુળીનો છોડ ૧॥ ફુટ ઉંચો થાય છે, આસમાની રંગના ફુળ ઉંધા આવે છે. ફુલના ઝુમખા થાય છે. મર ગુમડા પકવવાનો ગુણ એમાં છે.

૧૦૧=સાપનું ઝેર ઉતરે—આયડાના મુળનો કાહાવો અથવા પાનનો રસ દરદીની શકતી જોઇ પાવો.

જો ગળામાં અગન બળે તો ઘી પાવું. ધોળી કનેરનું મુળ પાણીમાં ઘસી આંખમાં ટીપાં મુકવાં.

૦૨=સાપનો દંખ ઉતરે—પાંચ તોલા કપાસના પાનનો રસ
ને પાવો.

૦૪=સાપના દંખ માટે—કરમદાનું મુળ પાણીમાં ઘસીને
ોમાં વાટી ગાળીને પાવું. જો ઉલટી ન થાય તો જાણવું જે
ચડેલું નથી.

૦૫=સાપનો દંખ કોઇથી માણુસ ચુસી શકે. ચુસનારના મોંમાં
લા અથવા ઘસારો કોઇબી જાતનો ન જોઇએ. ચુસનારે થાંડી
ા ઘીના કોગળા કર્યા કરવા, ચુસાએલું ઝેર બહાર થુંકયા
, ગળવું નહીં, ચુસનાર માણુસને દારૂ પીવો જોઇએ. ૧ કલાક
ચુસવું પડે છે. ચુસતાં ચુસતાં માણુસ થાકી જાય તો બીજો
ુસ તરત વળગે.

૦૬=મરઘાંનો સફરો દંખ ઉપર દાબવો. મરઘું મરી જાય તો
ું લેવું. એ પ્રમાણે મરઘાંમુકયાં કરવાં. ઝેર હશે ત્યાં સુધી
ાં મરી જશે.

રૂમળી વાટે ઝેર ખેંચાય છે.

૦૭=દંખ માટે—સાબરસીંગુ ૦॥ તોલો ઘસીને પાણી સાથે પાવું.

૦૮=મરઘાની તાજી કલેજી દંખપર બાંધવી, તે ઠંડી પડે ને
 મુકવી.

૦૯=સાપ, વીછુ અને કુતરાનું ઝેર ઉતરે—સીતાફળનો અથવા
સુખડીનો ઠળીઓ પાણીમાં ઘસી દંખ ઉપર લગાડવો.

૧૦=સાપનું ઝહેર લાગે નહીં, સાંપ નાહશે—જે માણુ પાસે
ોલાને આસરે રસ કપુર હોએ તેને સાપ કરડે નહીં તેનાથી
 દુર નાહશે. જો કરડે તો ઝેહેર ચઢે નહીં.

૧૧=સાપનું ઝેર—વછનાગ બે માસા પાણીમાં ઘસીને તરત
તો ઝેર ચઢે નહીં. કેટલાક ગોવાળીઆઓ હમેશાં પોતાની
 વછનાગ રાખે છે.

૧=હીંગ અને ગંધારો વજ બંધે વાટીને હાથ પર અને
ે લગાડી સાપને પકડો તો સાપ કરડે નહી,

૨=સાપ નાહસે—ગંધકની, સીસમના વહેરની, ઇંડાના કોટલાંની ધાણાની ધુંઇથી સાપ નાહસે.

૩=ગોળ કુંડાળું જમીન પર પાડે તે જગા પર સાપ આવે નહીં. સાપને ઉંદરનો સીકાર બહુ પંસદ છે.

૪=સાપ કરડે નહીં—રીસામણુંનું મુળ હાથે બાંધે અથવા તે મુળનો લેપ શરીરે લગાડે.

# ઝેર સઘળી જાતના ઉતરે.

૧=તાંદરજાની ભાજીનો રસ પીવામાં લેવાથી કોઇબી જાતનું ઝેર ઉતરે છે.

૨=સરવે જાતના ઝેર માટે—આંકડાના કુમળીઆં (કુમળાં પાન) પાણી સાથ વાટી તેનો રસ ઘી સાથ દરદીને પાવો.

૩=દંખની જગા સરકારથી અથવા દારૂથી ધોઇને પાનમાં ખાવાનો ચુનો પાણી સાથ મેળવીને દંખ ઉપર લગાડવો, તરતનો પેહેલો ઉપાય એ છે.

૪=વીચ્છુ સીવાએના બધા ઝેહેરી જાનવરના દંખ ઉપર જંગલી કલાદરને છુંદીને લેપડો બાંધે.

૫=તુંમડી—પાતળ ગુચ્છી, ગુચ્છી, વાંદરાની ટોપી, ફુગ, ફનજી, ભુંટુંબી-નાગટુંબી-આ ચીજ વેરાવલ તાબે પાટણમાં ઘણી મળે છે.

૬=દરેક જાતના ઝેર માટે આ લચ્છી પાણી સાથ પીવામાં ઘણો ફાયદો છે.

૭=તનાજા (ચોળાઇ)ની ભાજીનો પાસેર રસ પાયે તો કોઇબી ઝેર ઉતરે. ન ઉતરે તો ભાજી છુંદીને ટાળવા ઉપર મુકવી.

૮=દરેક જાનવરના ઝેર માટે ઉપાય—બીજોરાના બી તોલો ૦॥ ફાકવા અથવા ખોખરા કરી પાણી સાથે પીવાં. બીજોરૂં તોલો ૦॥ નો કાહવો કરી પીવું.

## ધંતુરાનું ઝેર ઉતરે.

૧=ભોંયરીંગણીનો રસ ૪) તોલા પીવો.

૨=કપાસીઆના મગજનો કાઢો ( કાહવો ) પીવો,

૩=તલનું તેલ ૧) તોલો ગરમ પાણી સાથ પીવું.

૪=ઘી પીવું અથવા દહીં ખાવું.

ધંતુરાનું ઝેર અને તેની કેફ ઉતરે—લાલ એરંડીઆના મુળ પાણીમાં વાટી પાએ.

ધંતુરાના ઝેર માટે—વેગણના ૨ કટકા કરી તેને પાણીમાં ખુબ મેળવી તે પાણી પાવું અથવા ૨ તોલા ગઉમુતર પાવું. અથવા ૧ તોલો નીમક ( મીઠું ) પાણીમાં દોહી પાવું.

૫=ધંતુરાનું ઝેર ઉતરે-ગાયનું દુધ અને સાકેર ગરમ કરી પીવું

૬=ધંતુરાનું અને કરેણ ઝાડનું ઝેર ઉતરે—દુધમાં સાકેર દોહવી પીવું.

૭=ધંતુરાના ઝેરવાળાં દરદીની આંખની કીકી મોટી થાય છે. દીવાની રોશની જોવાથી કેફ વધુ ચઢે છે. કપાસના બીજ ખાવામાં લેવાથી અને કપાસના બીજનો અને કપાસના ફુલનો કાહવો પીવાથી ઝેર ઉતરે.

૮=જેઠીમધના મૂળીઆનો કાઢો ( કાહવો ) પાવો.

## વચનાગનું ઝેર ઉતરે.

વચનાગનું ઝેહેર ઉતરે—૦ા તોલો ટંકણખાંર ઘી સાથ ખાવો.

## જોડા દંખે.

૧=જોડા દંખે તે ઉપર—રતનજોતનું દુધ લગાડીઆ કરવું.

૨=જુની કામરી અને જુનું અને રદ થયલું ચામડું ઘસીને લગાડીઆ કરવું.

## તરસ મટે—પાણીની સોસ મટે— મોંઢાની ગરમી સારી થાય.

૧=ગુલાબી ખોલી—કાથાને ગુલાબજળમાં પીગળાવીને તેની ગોળી અથવા ટીકરી બનાવે તે મોઢામાં રાખે.

૨=મોંઢાને કડવાસ કાપે ઝાડો લાવે—કાળી દરાખનું સરબત પાવું. કાળી દરાખ વાપડતાં તેના ઠરીઆ હમેશાં કાહડી નાખવા જોઇએ.

૩=સોનું રૂપુ, અથવા લોખંડથી ઝામેલું પાણી પીવું.

૪=છાતીપરની દાહ તરસમાટે—કાદવના વાસણમાં પીવાનું પાણી રાખી તેમાં છુંદેલા ધાણાની પોતલી મુકી રાખે, અને તે પાણી પીએ. રોજ નવું પાણી બનાવી પીએ.

૫=તરસ મટે—ખાટાં લીંબુ ૨-૩નો રસ ખાંડ સાથે ચોળી ગાળીને પાણી સાથપીએ છે.

૬=તાવમાં તરસ લાગે તો સુખડ તોલો ૧ પાણી ૧ાા શેર સાથે ઉકાળી તે પાણી પીવામાં લીએ તો તરસ માટે છે.

૭=તરસ મટાડવા માટે-સુંઠ તોલો ૧ અથવા સુખડ તોલો ૧ પાણી સેર ૧ાા માં ઉકાળીને તે પાણી પીવામાં લેવું.

૮=સોપારી ચુસવાથી થુંક છુટે અને તરસ મટે.

૯=તરસ મટાડે છે, મોઢાંનો કડવાસ કાપે ઝાડો લાગે—કાળી દરાખ ખાવાથી તથા તેનું સરબત પીવાથી ઉપલી અસર થાય છે. દરાખ વાપડતાં તેના ઠરીઆ હમેશાં કહાડી નાખવા જોઈએ.

## તાઢ વાઇને આવતો તાવ—મેલેરીયા—વિષમ જવર—સતત—સંતત.

૧=મેલેરીઆ તાવ, ચોમાસાની બગડેલી હવાથી થતા તાવો, એગીઉફીવર, દુર્જલ જવર અને ટાઢવાઇને આવતો રોજીઓ, આંતરીઓ, ( તરીઓ )અને ચોહીઓ તાવ.

ચોમાસાંની ખરાબ હવા સરીરને લાગુ પડે તો મેલેરીઆ તાવ આવે છે.

જો હવાની ખરાબ અસર લોહીમા લાગુ પડે તો તાવ ૧૨ કલાકને અંતરે આવે; જો ખરાબ હવા માઉંસમાં પેઠી તો ૨૪ કલાકે તાવ પાછો આવે. જો મેદમ દાખલ થઈ તો તાવ, ૪૮ કલાકે, પાછો આવે જો, હાડકામાં પેઠી ગઈ તો ૭૨) કલાકે તાવ પાછો આવે.

કોઇ બી કડવા વસાણુનો કાહ્વો ફાયદો આપે જેમકે ખડસળીઓ, લીમડો, કરીઆતું, અતિવિષ, ગળો, બાળમૂળ કડું એમાંથી એકનું ચુરણુ ૦ા તો. ખાવું.

સુંઠ, ધાણા, તજ, ગોખરૂનો ઉકાળો પીવો.

૨=કરીઆતું, સુંઠ, ગળો રતાંજરીનો કવાઠ પીવો.

૩=તુલસી અથવા કુવાનો રસ મરી સાથ પીવો.

૪=સુંઠ. જીરૂં, ગોળ, પાણી, સાથ પીવો.

૫=લીમડાની છાલ, ધાણા, સુંઠનો ઉકાળો

સરદી, તોડે ભુખ વધે { પીપર, પીપળીમુળ, કુલાંજન, અજમો, સુંઠ લવંગ, તજ, કાલા મરી, સફેદ મરી નીસોતર (લીસોતર) એનો કાહ્વો રોજ બે વાર પીવો.

૬=કબુતરનો આધાર ૧ તોલો લેવો તેને સુકવી ગોળ સાથ મેળવી નવ ગોળી કરવી ૧ ગોળી દિવસમાં ૩ વાર તાવ ગયા પછી આપવી. દીન ૩ થી ૬ સુધી ચાલુ રાખવી.

૭=સરદીવાળો તાવ અટકાવવા માટે જીરાં સાથે હીંગ ખાવી,

૮=તાવ ટાઢીઆ, આંતરીઆ, માટે—કાચકાને ભુંજી ઉપરથી છોલતાં કાહાડીને અંદરની મીંચને ભુકો કરી, ત્રીજે ભાગે કાળાં મરી મેળવીને કાચના બુચની શીશીમાં રાખવું, માત્રા ૧૫થી ૩૦ ઘઉં ભાર. એ પસવીસ બોનદીઉસીના કમપાઉંડ કહેવાય છે.

એ પાઉડર (કુઈનાઇન ટેનેટ) ફેબરીફીઉજની માફક કામ કરે છે. ચોકીઓ તાવ આવવાની વખતે હોય તે આગળ આમાના પડી-

પડીકા ૧૫ થી ૩૦ ગ્રેનના ત્રણુ ત્રણુ કલાકે આપવાં, ગર્ભવાળી સ્ત્રીને આપવામાં અડચણુ નથી.

૯=કાચકા અને મરીના ભુકાને પસવીસ બોનડી સીઉલા કમપાઉંડ કહે છે. ઠંડી લાગીને આવના દરેક તાવમાં ૧૫ થી ૩૦

એકાંન ૧ વખતે તે અપાય છે. જે દીવસે તાવ આવવાનો હોય તે દીવશે તાવ આવે તે પહેલા ત્રણ ત્રણ કલાકે પડીકાં ૪ આપવાં તાવ સાથે પેટમાં દુખાવો હોય તો લવેંગ ૧ દરેક પાઉડર સાથે મેળવીને આપવું.

૧૦=કપાસીઆનું મગજ ૧ શેર ને ૧॥ શેર પાણીમાં ઉકાળી ને ૧ શેર પાણી રાખવું. ટાઢ ભરાય તેની ૧ કલાક આગળ એ પાણી ૧ ચમચી ભરીને દરદીને પાવું.

૧૩=તાંદલીઆની ભાજીના મુળીઆં બહુ બારીક પીસી માથે મુકે તે તાવની ગરમી ઓછી થાય.

૧૪=આકડાના કુમલા પાન ૨) ચેવલી પાન સાથ ખાવાં.

૧૫=ટાઢીઆ તાવો માટે અકસીર ઇલાજ નીચે પ્રમાણે છે. સફેદ જીરૂં ૧તોલો, બાવલના સુકા પાન ૧॥ તોલો, કાચકાની મીંજ તોલા ૫ અને લીંડીપીપર તોલો ૦॥. આ સઘળી ચીજોને પીસીને ચણા જેટલી ગોળીઓ ત્રણ ત્રણ કલાકે આપે.

ફેબ્રીફીઉજ—ઉપર મુજબની કાચકાની મેળવણી ટાઢીયા તાવો માટે અંગ્રેજી ફેબ્રીફીઉજની ગરજ સારે છે.

૧૬=કરચલું જે દરીઆમાં થાય છે, તેને ઠીકરાં ઉપર સેકી ભુકો બનાવવો. તાવ આવી ગયા પછી આ ભુકો બે આની ભાર મધ સાથે મેળવીને દીવસમાં ૩ વાર આપવો.

૧૭=(સતતજવર) એ ૭, ૧૦, અથવા ૧૨ દીવસ રહે છે. એ માટે કડું, ઈંદરજવ, પટોળના પાન એનો ભુકો કરી ૦તોલો ફાકી પાણી સાથે દીવસમાં ૩ વાર લેવો.

ટાઢીઆ તાવોની સસ્તી દવા—કડુનું ચુરણ ૦। તોલો તેના પડીકાં ૮ કરવાં. તાવ આવવાનો હોય તેની ત્રણ કલાક આગળ એક પડીકું આપવું. પછી તાવ ચઢે ને બીજું પડીકું અને એ પ્રમાણે ત્રણ કલાક પછી ત્રીજું આપવું.

૧૮=તાવ ટાઢીઓ, રોજીઓ તાવ, ઇનટરમીટન—કાચકાની ભુકો વાલ ૨)થી ૫) સુધી વજનમાં લેઇ તેટલાંજ વજને મરી લઇને તેની ૧) પડીકી બનાવી પાણી સાથ દીનમાં ૩) વાર લેવી.

૧૯=કુંવરપાઠાનું (કુમાર) મુળ ૧ તોલો ગરમ પાણીમાં ઘસીને પીવાથી ઉલટી થઇ તાવ નરમ પડે.

૨૦=કરોળીઆના સફેદ પડ ત્રણ ગોળમાં મેળવી ખાય તો સરવે જાતના ટાઢીઆ તાવ ઉતરે.

૨૧=સરદીનો તાવ, ચોકીઓ, આંતરીઓ વગેરે માટે કાચકીના બીજને આતસ ઉપર ભુંજી ૧ ભાગ, મીઠું ૧ ભાગ, મેળવી ૦॥ા તોલો સહવારે બામદાદે ફાકવો. અથવા કાચકીના છોડનો રસ મધમાં પાવો. પાછલી રાતના પીવાથી એનો ગુણ વધે છે.

ટાઢીયા તાવ માટે–કાચકાને ઠીકરા ઉપર સેકવા તેના ઉપરનું પડ ફાટી જાય ત્યાં સુધી સેકવા, પછી અંદરના બીજનો બારીક ભુકો કરવો. તે સીનકોના ફેબ્રીફ્યુજનું કામ કરે છે.

કાચકાના ભુકાને મરી સાથ મેળવી કવીનાઈનની જગાએ વાપરેછે.

૨૨=મેલેરીઆ તાવ માટે આઠ કટોરીનું પાણી આપવું ઘણુંજ ફાયદેમંદ કહેવાય છે. મેલેરીઆ તાવને કહાડે છે, પથારી પર મરવા પડેલાને ૧) વાર હુશીઆરી આપે છે; ૧૬ કટોરીનું, ૨૪ કટોરીનું, ૩૨ કટોરીનું એ મુજબ ૬૪ કટોરીનું પાણી બને છે; જેમ વધારે કટોરી તેમ તેમાં ગુણ વધે છે; અને માત્રા જેવું કામ કરે છે. બેભાનીને ૧) વાર ભાનમાં લાવે છે. બે તોલા પાણી દીવસમાં ૩) વાર પાવું.

આઠ કટોરીનું પાણી બનાવવાની રીત—૧) કટોરી જેમાં ૧ વાર પીવાય એટલું પાણી રહે, તેવી ૮) કટોરી પાણી લઈ કાદવના વાસણમાં નાખી ઉકાળે તેમાં સફેદ મરી, લવંગ, તજ, વાવડીંગ બબે આનીભાર નાખે. ૧) કટોરી પાણી રહે તે ગાળીને દરદીને પાએ આ મુજબ રોજ ૩ વાર તાજું બનાવેલું પાણી પાએ. વસાણા વગર ઉકાળેલું પાણી પણ ગુણ આપે છે.

બહુ સખત તાવ, વા, અચેતન, ઝાડો, ઉલટી, શરીર થંડુ અસાધ્યતા થયલા દરદીને ૬૪) કટોરીનું પાણી સારૂં છે જ્યાં દવા, વસાણા અને વૈદ ન હોય ત્યા આ ઇલાજ, બહુ ઉપયોગી છે.

૨૩=ટાઢીયા તાવ માટે સસ્તી દવા—ત્રીફળાં તોલો ૧, પાણી તોલા ૨૦ માં ઉકાળો કરી તેમાંથી તોલા ૨॥ તાવ આવવા પહેલાં દરદીને પાવું

૨૫=ટાઢીઓ તાવ—ફુલવેલી ફટકી પાંચ ગ્રેન ચાર ચાર કલાકે આપવી.

૨૬=ટાઢીઓ તાવ જાય—કાળા મરી અને સાકર સંભાગે મેળવી ૦। તોલો ફાકી તાવ આવવા પહેલાં પાણી સાથ ખાય બે કલાક પાણી પીએ નહીં.

૨૭=ટાઢીઆ તાવ માટે—કવીનાઇન સાથે મરચાંની ભુકી અથવા મરચાંનો અરક આપવાથી ઘણો ફાયદો છે.

૨૮=ટાઢીઆ તાવો માટે—માકડ ૩, તુળસીના પાતરાં ૩ એની ગોળમાં ગોળી કરવી. આવી ૧ ગોળી દરરોજ ૩ થી ૯ દીવસ ખાય તો તાવ જાય.

૨૯=તાઢીઆ તાવ માટે—આબબાના વેળાના સારાત્રણ પાંતરાંને દીવેલની ધુપ આપીને બાજુએ બાંધે તો તાવ જાએ. આ પ્રયોગ હજી વપરાય છે.

૩૧=ટાઢીઆ તાવો સારા થાય—કરણનું મુળ આતવારે લાવેલું હોય તે દરદીને કાને બાંધવું.

૩૨=મેલેરીઆ તાવ માટે મીઠાંને લોઢાની કઢાઇમાં ( ત્રાંબાની કઢાઈ ન ચાલે ) ગરમ કરવું. ધીમી આંચ રાખી કાફી જેવું કરવું તેમાંથી ચમચો એક ભરી નીમક પાણી સાથે સહવારના પહોરમાં ભુખે પેટે આપવું.

૩૩=તાવ તાઢીઓ—સતાવરી અને જીરાનું ચુરણ ૧ તોલો પાણી સાથ આપવું.

૩૪=મેલેરીઆ તાવ માટે અકસીર છે. હાંડીઆ કરણ છોડનો કોઇ પણ ભાગ બે આની વજનમાં પાણી સાથે પાવો. જેમ વધારે ગંધવાળો છોડ તેમ ગુણ વધારે છે.

૩૫=તાઢીઆ તાવ માટે સસ્તી દવા—જમવા પેહેલાં દરદીએ લસણ અને તલ વાટીને ખાવી. આ ઘણો સરસ ઉપાય છે.

૩૬=તાઢીઆ તાવ માટે—સાટરા, પીનપાપડો દરેક પાંચ ભાગ કાળામરી ૪, ભાગ અને મધ ૩ ભાગ એ સઘલાની મેળવણી કરી વાલ એકની ગોળી કરી બબ્બે ગોળી ખાવી.

૩૭=તાઢીઓ તાવ માટે—હરડેનું ચુરણ મધમાં આપવું અથવા ૦। તોલો જીરૂં અને ૦।। તોલો ગોળ ખવાડવો.

૩૮=તાવ ખરાબ પાણીનો—( જવર દુર્જળ ) હરડે, હલદર, જવખારનું ચુરણુ સંભાગે મેળવી ૦। ૦॥ તોલો પાણીમાં લેવું.

૩૯=તાઢીઓ તાવ--કાચકીના ચુરણુ સાથ જરા હીંગ મેળવીને ખાય તો ઘણો જલદી ફાયદો થાય.

૪૦=તાઢીઓ તાવ માટે—કુતરીઆં વાસનો રસ દરદના પ્રમાંણુ પ્રમાણે એક અથવા બે તોલા પીવો.

૪૧=જીરૂં ૦॥ તોલો સવાર સાંજ ખાઇને થંડુ પાણી પીવું. કારેલીના પાનના રસમાં જીરાંને પત આપે તો વધુ ગુણ થાય

૪૨=દુધેલી ( નાગલી ) વનસ્પતી વેલો છે, જેમાંથી દુધ નીકલે છે. નાગ અને સાપ આ દુધ ખોરાક તરીકે પીએ છે તેથી એને નાગલી દુધેલી કહે છે. એની ઉપર ફળ થાય છે તે પાકીને ફુટે છે ત્યારે રૂની માફક પુમડા નીકળી હવામાં ઉડે છે.

૪૩=એના રૂનાં પુમડાં ગોળમાં મેળવી ખવાય છે. વાલ વટાણો ખવાય નહી તોજ ફાયદો થાય.

ટાંઢીઆ તાવ સઘળી જાતના દર્દ થાય. ધંતુરાના પાનનો રસ ૦। અથવા ૦॥ તોલો દહી ૪ તોલામાં મેળવી તાવ આવવાના વખતની એક કલાક આગળ દરદીને ખવાડવો.

૪૪=બોરડીના પાન ૩॥) સાડાત્રણુ, ધતુરાના પાન ૩॥, અક-લગરો ૦॥ તોલો, પીપર ૦॥ તોલો, મરી ૦॥ તોલો, લવંગ ૦॥ તોલો, એની ચાની બોર જેવડી ગોળીઓ કરે, એક ગોળી રવીવારે ખવાડે.

૪૫ સીતજવર માટે ગળજીબાના મુલ ૦॥ તોલો ચોખાના ધુણુમાં વાટી પાવાં.

૪૬=દરદીએ જમતાં પેહેલાં લસણુ, અને તલની ચટણી બનાવી રોજ ખાવી.

૪૭=તાવ મેલેરીઆ-મેલેરીઆ તાવની મોસમ આવે સારે ખાવાના ખોરાકમાં રોજ હીંગ વાપડે.

## પિત જવર–ચોમાસાનો તાવ.

૧=તલવણી=લટુકરીના પાનની લુગદી કરી એક હાથના કાંડા ઉપર મુકે તો ફેલ્લાએ ઉઠે, તે ફોડે તો તાવ નરમ પડે

૨=તાવ પીતનો—કારેલ્લાના પાનનો રસ ૧ તોલો, જીરૂં નાખી ૩ દીન પાવો.

૩=તાવ પીતનો જાય=તરસ મટે—મોથ અને ખડસળીઓ એકેક તોલો લઈ એનાં ચાર પડીકાં કરવાં ૧ પડીકું દોઢ શેર પાણીમાં ઉકાળીતેપાણી કાદવના વાસણુમાં આખો રાત રાખવું. દીવસે તે નીતારીને દરદીને પાવું. આથી તરસ મટે છે અને તાવ જાય છે

## ચોથીઆ તાવ માટે.

૧=અભયાદી કવાથ એટલે હરડે, મોથ, ધાણા, રતાંજરી, અરદુસીના પાન, ઇંદ્રજવ, વાળો, ગળો, ગરમાલો, કાલીપાટ, સુંઠ, કડુ, એનો ઉકાળો કરવો. એ ઉકાળો ૨)તોલા સુરજ ઉગીઆ પેહેલાં અને સુરજ અસ્ત પામીઆ પછી પીવો.

૩=કાળી તુલસીના પાન અને મરીની ગોળી ખાવી.

૪=બે વાલ ફટકી પાણીમાં દીવસમાં ૩ વાર આપવી.

(નગોડના પાનના રસમાં મુકી ફટકીને ફુળાવે તો વધુ ગુણ કરે. ૧) તોલો ફટકડી તોલા ૫) તોલા નગોડનો રસ લેવો. )

૫=કાંકચીઆ તોલો ૧) ખડસળીઓ તોલો ૧) કાળાં મરી તોલો ૧) તુળસીના રસમાં ચણા જેવડી ગોળી બનાવી આપવી.

૬=અગડીઆના પાનના રસનું ૧) ટીંપુ નાકમાં નાખે.

૭=જુના ઘીમાં હીંગ ઘસીને નાખે રોજ ૩) વાર સુંઘે.

૮=ફટકડી અને ખાંડનું સંભાગે ચુરણ કરી ૦ાા થી ૨) માસા દરદીના ઉંમરના પ્રમાણુમાં આપવું.

૯=ધંતુરાના બીને કાદવની કુલીમાં મુકી કપડ છદ કરી અંગારમાં મુકે. બીની રાખ થાય તે રાખ ૨) વાલ આપે.

૧૦=કાળા ધંતુરાના પાન, નાગરવેલના પાન, કાલાં મરીની ગોળીઓ વટાણા જેવડી કરી સવાર સાંજ આપવી.

૧૧=ધંતુરાના પાતરા ૩, જુનાં ગોળ સાથે મેળવી ૧ વાલની ગોળી કરીને એકેક ગોળી ૩ દીવસ સુધી દીવસમાં ૩ વાર ખાવી.

૧૨=અગથીઆના પાતરાનો તથા ઝાડનો રસ બે દીવસ સુંઘે અથવા ટીંપા ૫ નાંકમાં એક દીવસ નાંખે.

૧૩=ચોથીઓ તાવ અને હાફ્ન—કરોળીઆનું સફેદ પડ ગોળ સાથે ખાવાથી હાફ્ણ અને ચોથીઓ તાવ મટી જાય છે.

૧૪=ચોથીઆ તાવ માટે કાસણી ઉપયોગી છે. ઉકાળો કરી પીવાય છે કાસની ઘણી ઉપયોગી છે ભુખ લગાડે, ખાધેલું પાચન કરે, લોહી સુધારે શરીર ફુલી જાએ તે માટે વપરાય છેઃ કાસનીમાં ટેરેકસેસાઈ રૂટનો ગુણ વધારે છે.

૧૫=ચોથીઓ તાવ નરમ પડે—સહવારે સુરજ ઉગ્યા પેહેલાં તાજુ તરતનું દોહેલું દુધ ચાર દીવસ રોજ ૧ વાર પીએ.

૧૬=ચોથીઓ તાવ માટે—ધોળી મુસલી ०। અથવા ०॥ તોલો છાસમાં વાટી પીવી ગરમીના ચોથીઆ તાવ મટે

૧૭=ધંતુરાના પાનના રસના બે ટીપા દહીં સાથ મેલવીને તાવ ચઢે ત્યારે દરદી ખાય. દરદી બેહોશ થઈ જાય તેની ફકર નથી, હુશીયાર થાય ત્યારે મગની ખીચડી અને ઘી ખવાડવું. તાવ જરૂર નાસે.

૧૮=અચારનાં કેનાં ( બોર જેવાં ) ના ઝાડનું મુળીઉં રીત સર કાપી લાવે, ચોખાના ધુવણમાં ઘસી એક તોલો ઘસાડો પીએ,

૧૯=ચોથીઓ તાવ ચઢે ત્યારે—ટાંકાના પાણીએ નાહવું, ૩, વાર નાહવું. જેને થંડુ પાણી માફક આવે તેણે આ ઇલાજ કરવો.

૨૦=વિષ્મ જવર=ચમીટ વખતે આવતો તાવ દુધેલીના મુળીઆં કાનપર બાંધવાં. એના પાન ભાગરાના પાન જેવાં છે અને છોડપર સીંગ થાય છે.

૨૧=०॥ વાલ ભાંગ ગોળ સાથ મેળવીને તાવ આવવાના વખતને હોયતેની ૪ કલાક પહેલાં આપવી.

૨૨=०॥ તોલો ચુણો, બે તોલા લીંબુનો રસ અને બે તોલા પાણી એકઠાં મેળવવા, તે એકરસ થાય ત્યારે દરદીને તાવ આવ વાની એક કલાક આગળથી પાવું. ચુનાનો ગરમાવો લીંબુના રસથી મરી જાય અને સાઇટ્રેટ ઓફ લાઈમ બને.

૨૩=નાગ જાનવરની કાંચરી ૧ વાલ ગોળમાં મેળવી તાવ ચઢવા પછી દરદીને ખવાડે.

૨૪=ચોથીઓ તાવ જાએ—રૂના પાનનો રસ નકકેરામાં મુકે.

૨૫=સનના જુના ટાટની રાખ ૧ વાલ ઘી સાથ ખવાડે.

૨૬=ચોથીઆ તાવનો ઇલાજ—ચોથીઓ તાવ ચડે ત્યારે કુકડવેળ એક માસો ગોળમાં ખાએ.

૨૭=ચોડીઆં નાવ માટે ધતુરાના પાન જુના ગોળ સાથે મેળવી ૧ વાલની ગોળી કરીને એકેક ગોળી ૩ દિવસ સુધી દીવસમાં ૩ વાર ખાવી.

૨૮=ચોથીઆ તાવ માટે-મરી બે રતી, નવસાર ૩ રતી મેળવીને તાવની વારીને દીવસે ખાવું.

૨૯=ચોથીઆ તાવ માટે-ભુંજેલું મીઠું કાળી જેવું થયલું હોય તેમાંથી ૦। તોલો પાણી સાથે ગેળવીને ચોથીઓ તાવ નરમ પડયા પછી આપવું. આથી તાવ જાય છે. આ ઉપાયથી દરદીને તરસ બહુ લાગે તો થોડુ થંડું પાણી આપવું ભુખ લાગે તો હલકો ખોરાક લેવો. સરદીથી દુર રહેવું.

૩૧=ચોથીઆ તાવ માટે-૦। તોલો સાટોડીનું મુળ પાનમાં મુકી ખાવું.

૩૨=ચોથીઆ અને તાઢીયા તાવો માટે-સીનકોના સલફસ અથવા કુઇનાઇન ૩ ગ્રેનનું (અરધા વાલનું) પડીકું ૧ તાવ ચઢવાની એક કલાક આગળથી આપવું. ઉપરથી દુધ વગરની સાબુ ચોખાંની કાંજી પાવી. તાવ ચઢે તે વેળા એવું બીજુ પડીકું આપવું, એક કલાક પછી ત્રીજું પડીકું આપવું.

૩૩=ચોથીઆ (તીજારી) તાવ માટે ૧ વાલ હીંગની ગોળી બનાવી સહવાર સાંજ ભુખે પેટે ગળવી.

૩૪=ચોથીઓ તાવ જાએ—સફેદ સાટોડીનું મુળ ૦। તોલા જેટલું ગાયના દુધમાં ઘસીને પીવાડવું.

ચોથીઓ તાવ જાય-૧ વાલ સાપની કાંચળી ગોળ સાથે ખાય તો તાવ જાય.

૩૫=ચોથીઆ તાવ માટે—સુંઠ, અરદુસાના પાતરાં અથવા દાખલી, દેવદાર, આમલા, દરેક અરધો તોલો, સાકેર ૨ તોલા, પાણી શેર ૧ તેને ઉકાળી ૦। શેર પાણી રાખી પીવું.

૩૬=ચોથીઓ તાવ જાય-ત્રીફળાં ૧) તોલો દુધ સાથે પીવાથી ચોથીઓ તાવ જાય છે.

૩૭=ચોથીઆ તાવ માટે—સફેદ કરેણનું મુળ દરદીના કાને બાંધે

૩૮=ચોથીઆ તાવ માટે—કાંસકીના પાન ૩ા તોડવાં. ૩ પાન તોડવાં અને બીજુ અરધું પાન તોડવું. બાકી અરધું પાન ઝાડપર લટકતું રાખવું, ૩ા પાન હથેલીમાં મસળી દરદીને ખવાડે.

## આંતરીઆ તાવ માટે.

૧=પીળવંતના સારા ત્રણ પાંદડાં તોરી દરદીને ખવાડે, અરધુ પાન ઝાડપરજ રહેવા દીએ.

૨=પમારીઆના બીજ તથા મેથી સંભાગે વાટીને ૫ દીવસ સવાર સાંજ ૦। થી ૦।। તોલો ખાવો.

૩=આંતરીઓ, ચોથીઓ તાવ જાએ-નાગલી દુધેલીના પાતરાંને રસ ૪ તોલા તથા ૦। તોલો મરી મેળવીને સવારમાં ૩) દીવસ પીવું. ઘણા દરદીઓ એકજવાર દવા પીવાથી સારા થયાં છે.

૪=એકાંતરીઓ, (તરીઓ) ચોથીઓ તાવ-આ માટે તલવણીના પાતરાનાં રસનાં ટીપાં આંખમાં નાંખવાં.

૫=તાવ ત્રીજે દીવસે આવે તે એકાંતરીઓ છે. એ માટ કરીઆતું, ગળો, સુંઠ, કડુ, ચંદન દરેક સંભાગે મેળવવું એનું ચુરણ ૦।। તોલો ફાકવું.

૬=એકાંતરીઆ તાવ માટે ચમતકારી ઈલાજ.

કરોળીઆની જાળના તાતણાની બતી બનાવે તેબતી તલના તેલમાં ભીંજવી બતી કરી કાજળ પાડે, તે કાજળનું અંજન કરે.

૭=તાવ આંતરીઓ જાય=સેકટાની છાલ અણીદાર પથરથી કાહાડવી કોઇ ઓજારથી કાહાડવી નહીં. તે છાલને પથરથી છુંદી લેપડી બનાવવી. કમરની નીચેના ભાગમાં હાડકાની ઉપર તે લેપડી બાંધવી.

૮=૦। તોલો કાળી મુસળી પાણી સાથ ૭ દીવસ ખાવી.

૯=એકાંતરીઓ, (તરીઓ) ચોથીઓ તાવ-આ માટે તલવણીના પાતરાના રસનાં ટીપાં આંખમાં નાંખવાં.

૧૦=આંતરીઓ તાવ જાય—પમારીઆના બીજ તથા મેથી સંભાગે વાટીને ૫ દીવસ સવાર સાંજ ૦। થી ૦।। તોલો ખાવો.

૧૧=એકાંતરીઓ તાવ—(અન્યેધુ) ૨૪ કલાકમાં એકવાર તાવ આવી ઉતરી જાય તે માટે મોથ, કાળી દરાખ, ઇંદ્રજવ સભાગે મેળવી ગોળી ચણા જેટલી કરી આપવી.

૧૨=આંતરીઆ તાવની દવા-( Agnemfxture ) કરીઆતું, કડુ, ઇંદ્રજવ, વરીઆલી, હીમજીહરડે, સુઠ, કાલીજીરી, ધાણા, મરી, એકેક તોલો લેવો, પરુફ સ્પીરીટ પંદર આઉંસમાં સાત દીવસ ભીંજવી રાખી ગાળી લેવું. તેમાંથી ૦।। તોલો દવા, અને બે તોલા પાણી સાથે મેલવીને સવાર સાંજ પીવી.

## તાવ ટુટીઆનો ( ઉટીઉ ટુટીઉ. )

૧=દારૂડીના બી બે વાલ, ફુલવેલી ફટકી વાલ ૧ એની પડીકા ૧ બનાવી દીવસમાં ૩) વાર લેવી.

૨=ખાતાં લીંબુ ૧) નો રસ અને ૩ તોલા પાણી આ મુજબ દીવસમાં ત્રણ વાર પીવું.

૩=સુંઠ અને સુદર્શનની ચાહ આપવી.

૪=ઉટીઆ ટુટીઆં માટે—કાદવના વાસણમાં ૦।। સેર મીઠું અને ૦।। સેર જુની ઇંટના નાના કટકા મુકી તે ગરમ કરવા તે ગરમ થયલું વાસણ ઇંગારવાળી સગડી ઉપર મુકે, મીઠું ગરમ રાખી તેનો બાફ દરદીને આખે દીલે આપે ૩) દીવસ સુધી રોજ બે વાર આ મુજબ બાફ આપી ઓઢાડીને સુવાડી દેવું. દુખાવો જરૂર નરમ પડે.

## તાવ.

સાધારણ તાવ માટે—ખોરાક બંધ કરવો. અથવા સાબુ ચોખાની કાંજી, મગનુ ઓસામન, અથવા આરારૂટની પાટલી કાંજી પાવી. મોટા તાવમાં દુધ ન આપવું. ઝાડો લાવવાના ઉપાય લેવા. પરસેવો લાવવાના ઉપાય લેવા.

માથે ગરમી વધુ ચડવા દેવી નહી અને માથા ઉપર થંડાં પાણીનું પોતું રાખવું, બરફ મુકવું. પણી અને બરફ કેટલાક દરદીને માફક આવતુ નથી. માટે એરનડાના અથવા લીમડાના પાન માથે બાંધવાં, માટીને પાણી સાથ લેપ બનાવી, તેને લુગડાં ઉપર મુકી તે લુગડાંવાળો ભાગ માથાપર રાખવો. ગરમ પાણીમાં પગ બોરવા અથવાં ઉપળતાં પાણીમાં સુકી ચાહ અથવા લીમડાના પાન નાખી તેનો બાફ આખા સરીરપર લેવો.

નીચે મુજબ ચાહ પીવાથી પરસેવો પડી તાવ ઉતરે છે. સુકી ચાહની ભુકી, તુલસીના પાંન, સુંઠ, ધમાસો, ખડસલીઓ (ખાસીઓ પીત પાપડો) એમાની કોઈબી ચીજની ચાહ ગરમ ગરમ પીવી અને ઓઢીને સુવું.

૨=તાવ ઉતારવા માટે ગલો, ભોંયરીંગણી, નાગર મોંઠ, એરંડાના મુળનો કાહવો ખાંસી અને સુળવાળા તાવ માટે છે.

૩=કાયફળ, ઇંદ્રિજવ, કાળીપાત મોથ એનો ઉકાળો પિત જવર માટે છે

૪=લીંમડાની છાલનો ઉકાળો મરી અને સાકેર સાથ પાવો.

૫=લીંડીપીપર, કાકચીઆ, જીરૂ, બાવળના પાન એનું ચુરણ બે આની ભાર લેવું.

૬=વરીઆળી, જેઠીમધ, બનફસા કાસની દરેક તોલા ૩ અને પાણી શેર બે ઉકાળીને અરધુ પાણી રાખી તેમાંથી ૨ તોલા પાણી સાકેર સાથ ૩ વાર પીવું.

૭=કફજવર માટે સુંઠ, મરી, પીંપરનું ચુરણુ બએ વાલ મધ સાથ ખવાડવું,

૮=કફજવર માટે આકડાના મુળ ૨ ભાગ, કાળાં મરી ૧ ભાગનું ચુરણુ બકરીના દુધ સાથ ચણા જેવડી ગોળી બનાવી આપવી અથવા ચુરણુ ૧ વાલ દુધ સાથ આપવું.

૯=અબરક અને સાકેરનું સંભાગે બારીક કરવું તેને લુગડામાં મુકી પોતલી બનાવી તે પોતલી પાણીમાં બોલવી તેથી સાકર પાણીમાં પીગલી જશે. અને કાચો અભરક છુટો પડશે. એનટી ફેબ્રીનની માફક એ તાવ ઉતારે છે અને નબળાઇ કરતું નથી.

૧૦=હરેક તાવ જાય ૦। તોલો કરીયાતું મુસળી ગોળ સાથ ખાએ.

૧૧=આંબળા, હરડે, પીપર, ચિતક મુગનો કાઢવો અથવા ભોંય-રીગણી, સુંઠ ધાણા, દેવદારનો ઉકાળો સઘળી જાતનો તાવ માટે છે.

૧૧=તાવમાં શરીર થંડુ કરવા અને પરસેવો કમી કરવા } માટે ૧ ભાગ સરકો અને ૪ ભાગ મધ પાણી સાથ મેળવી દરદીને પાવું.

૧૨=તાવના જંતુઓ ખાતાં લીંબુનો રસ પીવાથી નાશ પામે છે.

વીશ્વજવર—અન્યમીત તાવ માટે જેઠીમધ, પટોળ ( કડવાં પરબળના પાન ) કડુ સંભાગે ચુરણ કરી દીનમાં ૧ વાર ખાવું.

૧૩=ત્રીદોષ અને કફ જવર (નીઉમોનીઆ) માટે કરચળીનો શેરવો પીવામાં આપે.

તાવ ઘણી લાંબી મુદતનો દરે થાય અને તાવ કોઇ બી જાતનો ખસે—ઇંદરજવ, કાચકીના બીનું મગજ, લવંગ સંભાગે લીએ તેમાં લીંબોડીનું તેલ મેલવી એક વાલની ગોળી બનાવે, એક અથવા વધુ ગોળી દરદીને સવાર સાંજ ખવાડે.

તાવની ગોળી—લીંબોડીનું મગજ એક તોલો, એની એક વાલના વજનની ગોળી બનાવી મોટાં માણસને બે ખવાડવી. (લીમડાની ગોળી છે એવું જો દરદી જાણે તો તેને અસર કરે નહીં)

તાવ માટે આદુના રસ સાથે સુનામખી ૦॥ તોલો ખાએ.

૧૪=તાવ ( ઇનટરમીટંટ ) માટે ૦। તોલો મરી તુલસીના રસ સાથે આપે છે.

૧૬=તાવ આવ્યા પછી ફેર આવે ત્યારે—સુંઠનું અંજન કરવુ.

૧૭=તાવ ઉતારવા માટે તુળસીના પાનના રસમાં ૨) વાલ મરી મેળવી ખાવાં.

૧૮=તાવનો ઇલાજ—સફેદ આકરાનું મુળ કાને બાંધે તો તાઢીઓ તાવ તરત નરમ પડે એમ કેટલાક માને છે.

૧૯=તાવ—દરદીને કપાળે આંકરાના પાતરાં મુકે તો પરસેવો થઇ તાવ નરમ પડે છે પાંતરા બાંધવાથી મગજ થંડુ રહે છે.

૨૦=તાવ—કેટલાક તાવના દરદીને નાળીએરનું તેલ (કોપરેલ) મસળવાથી ફાયદો જણાય છે.

૨૧=રાતે આવતો તાવ જાય—કુકડવેલનું મૂળ કાને બાંધે.

૨૨=તાવ માટે—કાચબાને આંખો બાળી તેની રાખ કુઇનાઇનની જગોએ રૂશીઆના મુલકમાં વપરાય છે.

૨૩=તાવ માટે ઇલાજ—નઘોડનાં ઝાડનું મુળીઉ આતવારે સહવારે લાવી તેને રાતસર કટેલા નવા સુતરથી બાંધી કમરે બાંધે તો તાવ જાએ એવી માન્યતા છે.

૨૪=તાવ કાઢવા અને વીર્ય વધારવામાં ઝેહેરકચરો જાણીતો છે.

૨૫=તાવ માટે—તીવરી (તીકરી) ખારાં પાણી આગળ થાય છે તેના ફળ અને પાંન તાવ માટે ઘણુ ઉપયોગી છે.

૨૬=તાવ પીતની હોય તે માટે—ચોખા તોલા બે, ધાણા ો। તોલો આખી રાત પાણીમાં ભીંજવી રાખી તેની કાંજી બનાવી પીએ.

તાવમાં અરૂચી માટે—ધાણા, એલચી, મરી સંભાગે ચુરણ બનાવી ો। તોલો ખાવું.

૨૭=તાવ માટે-દારૂ હળધર અને બરબેરીસની છાલનું ચુરણ અપાય છે. તે વારબર્ગ ટીંકચર અને જેમ્સ પાઉડરનું કામ કરે છે. તાવ અટકાવવામાં કુઇનાઇન જેવું કામ કરે છે. પણ શરીરને ખોટું કરતું નથી અને કાને બેહેરાટ લાગતો નથી.

૨૮=તાવ—કવીનાઇનને બદલે પાંચ ગ્રેન ફટકો દર ત્રણ ત્રણ કલાકે આપવી, ઠંડી વાગીને ચોકસ વખતે આવતા તાવ માટે બે કલાક આગળથી આપવી, પછવાડે મોઢાંનો જુલાબ જરૂર આપવો.

૨૯=તાવ માટે—ફટકડી તો૦ ૨) કલમી સુરો (સુરોખાર) ૪) તોલા એને કુંવારપાઠાના રસમાં ખરળ કરી તે કાદવના વાસણમાં મુકી મોહ બંધ કરી કપડમટી કરવી. તેને છાણાનો તાપ આપવો દવા ફુલી જશે તેમાંથી ૧) વાલ સુધી ખાવામાં આપવી.

૩૦=તાવ ઉતરે—દરદી મરીની ગરમ ગરમ ચાહ પીએ અને ઓઢીને સુએ તો પરસેવો પડીને તાવ ઉતરે છે.

૩૧=તાવ આવે નહીં, તાવ અટકે—તાવ આવવાનો વખત થાય ત્યારે કાનફોડીના પાનનો રસ કાનમાં નાંખવો.

૩૨=તાવ ઉતરે—સુંઠ વાટી, ગરમ કરી, કપાળે લગાડે અને ઓઢીને સુએ તો પરસેવો થઇ તાવ ઉતરે છે.

૩૩=તાવ નરમ પડે—આંકડાના પાન દરદીને માથે બાંધે તો પરસેવો પડી તાવ નરમ પડે.

૩૪=તાવ સરવ જાતના નરમ પડે—૩ માસા કાળીજીરીને ફુટે ત્યાં સુધી ઠાકરાપર સેકવી, ૧૪ તોલા પાણીમા ઉકાળી ૪ તોલા પાણી રાખી તેમાં મધ મેળવી પીવું.

તાવ સુનજવર, તાવ સંતતજવર તરત ઉતરે—કુકરવાડાના પાનો રસ શરીરે લગાડે તો તાવ તરત ઉતરે.

૩૬=તાવ જાય—૦। તોલો પકાવેલો સમુદ્રફળ ગોળ સાથ ખાવું.

જુનો તાવ જાય—સાજીખાર આદુના રસમાં ખાવો.

૩૭=તાવ, હાંફણ, ચસકા મટે—સાબરસીંગાના કટકા કરી હાંલ્લીમાં મુકી કપડછંડ કરી ભઠ્ઠીમાં સળગાવવા. તેમાંની ખાખ તોલા ૦। દહીં તોલા ૫ સાથે ખાવી. (દહીં જેવી સરદીવાળી બીજી ચીજોનીમી હાફણ માટે ઘણીવાર ભલામણ કરવામાં આવે છે.)

૩૮=તાવ—સેદરડીનો ગુણ એ છે જે તે સુંઘવાથી તાવ ઉતરે છે.

૩૯=તાવ માટે—સતતજવર ૨૪ કલાકમાં બે વાર ચઢે અને ઉતરે. તે માટે લીમડાની અંતર છાલ, પટોળપત્ર, ત્રીફળ, એનું ચુરણ ૦॥ તોલો દીનમાં ૩ વાર ખાય. અથવા ઉકાળો કરી પીએ.

૪૦=તાવ મટે—કીડામારીના પાનનો રસ ૦। તોલો, મરી દશ પાણીમાં વાટી પીવું.

૪૧=તાવ ખસે, નસકોરાં ફુટેલી બંધ થાય—કુતરીના ઘાસના ૩॥ પાનનો રસ કાહાડી દરદીના નાખના બંધે નસકોરામાં નાખે. ઘાસ સુકું હોય ત્યારે પાણીમાં તે વાટીને કસ કહાડી તે રસ વાપડવો.

૪૨=તાવ માટે—લીમડાનું આખું ઝાહાડ ઉપયોગી છે. તાવના કામમાં તેમજ તાવ ગયા પછી નબલાઇ માટે ઘણું ફાયદા કારક છે.

૪૩=ટાઢનો તાવ—ત્રરીઆળી સાકરનો કાહવો પીવો.

૪૪=તાવ માટે—સાજીખાર ફુલવેલો બે ચણા ભાર સરબત સાથે ખાય તો તાવ જરૂર જાય.

૪૫=તાવ જાય—તાજી છાસમાં અથવા દહીમાં સાજીખાર ખાવો.

૪૬=દરેક જાતના તાવ માટે—લીમડાનો ઉકાળો પીએ, તાવ હોય ને પીએ તો નુકસાન નથી.

૪૭=તાવ માટે, કુઇનાઇનના જેવી ફાકી—લીમડાના પાન, કાંકચીઆના બીજ (કાચબાના બીજ) ગળોનું ચુરણ, કડુ, તીખાં (મરી) કરીઆતું, કાળીજીરી, કીડામારી, સર્વ સંભાગે મેળવી તેનો ના તોલો ફાકી મારવી. તાવ ગયા પછી એ ફાકી ચાલુ રાખે તો શક્તિ આવે છે.

૪૮=કાંકચીઆ, અતિવીષ અને મરી સંભાગે મેળવી બે આની ભાર ફાકી ઠંડા પાણીમાં લેવી. તાવ હોય અને ન હોય તે વેળા પણ લઇ શકાય છે. તાવ માટે ઘણો સારો ઇલાજ છે.

૪૯=તાવ ચઢવા પહેલા વચ્છનાગના અરકના પાંચ ટીપાં પાણી સાથ આપવાં.

૫૦સાધારણ તાવ માટે—વાંદાના પાનમાં પાણી નાંખી રસ કહાડી તે પાવો.

તાવ માટે—શેરડીનો સરકો ૧) ભાગ, પાણી ૫) ભાગ મેળવી તેનાં પોતાં મુકવાથી તાવની ગરમી ચુસાઈ જાય છે. કોઇ તાવમાં આખે શરીરે સરકો લગાડવો પડે છે. આજે એ જગાએ કોલનવોટર વપરાય છે.

## તાવ આવે.

૧=સીતાફળ ખાઇને પાણી પીએ તો તાવ ચઢે.

૨=કાકરી, જમરૂખ, ફુટ ખાઇને પાણી પીએ તો તાવ ચઢે.

૩=તાવ ચઢે—અનુરાધ અથવા ઉતરાભાદરપદ નક્ષત્ર વખતે આંબો અને ખાખરો એ ઉપરનો વાંદોલઇ હાથે બાંધે તો તાવ આવે છે.

## તાવ ઇનટરમીટંટ.

૧=ઇનટરમીટંટ ફીવર—મીઠું તાવ અટકાવનાર તરીકે વપરાય છે પણ કયુનાઇન કરતાં ગુણ ઓછો છે.

૪=તાવ ઇનટરમીટંટ માટે—કપાસીઆના બીના ચાહ એક કપ ભરીને તાવ આવવાની વખતની એક કલાક આગળથી આપવી.

તાવ ઇનટરમીટંટ—અંગરેજી ઇપેકેકયુનાની માફક શુરીજન તાવને અટકાવે છે.

ત્રીદોષ, ન્યુમોનીયા, અવધા તાવ માટે—કાચકા અને મરી સંભાગે ચુરણ કરીને ૪ થી૬ વાલ રોજ ૩ વાર પાણી સાથ લેવું.

## ધગીતાવ—જીર્ણજ્વર હાડધગી

૨=ધગીતાવ—કુવાડીઆના બી શેકી કાફીની માફક કાવો બનાવી પીવાથી ધગી જાય છે. કુંવાડીઆના બી ખુનની જગાએ વપડાય છે.

૩=જીર્ણજ્વર માટે ગળોનો સત્વ, સાહજીરું, સંભાગે લઇ જુના ગોળ સાથે એની ગોળી એક વાલ વજનની બનાવી એકેક ગોળી દીવસમાં ત્રણ વાર ખાવી.

૪=શરીરની અંદરનો તાવ નીકળે—જીરાંની ભુકી એક પઇસા-ભાર, ગોળ અથવા સાકેર સાથ પરોઢીએ ખાવી, ઉપાય સારો છે. તાવની ગરમી નીકળી જાય છે.

૫=જીરણ તાવ માટે—લીંડી પીપરનું ચુરણ ૦। તોલો મધ સાથ ખાવું.

૬=ચમારદુધેલી=આ વેલો ઝાડ ઉપર સાધારણ થાય છે, ચોમાસાની આખેરીએ તે ઉપર ફુલ થાય છે, શીઆળામાં ફળ થાય છે, એ ફલો સાથે થાય છે. આકડાના ઝાડના ફળ જેવાં એનાં ફળ છે. પણ તે ફળ પર કાંટા હોય છે, તે ફળ ફાટીને અંદરથી રૂ નીકળે છે તે હવામાં ઉડી જાય છે. આકડાના પાનની માફક ચમાર દુધેલીના પાનમાંથી દુધ (ચીર) નીકળે છે. આ ઝાડ ઠામેઠામ થાય છે.

જીરણુ તાવ, ઉધરસ, મરડો મટે, ચામડીના રોગ, ઉપદંસ સારો થાય, સંધીવા મટે, લોહી સાફ થાય—ફુળ આવે તે વખતે આ આખા વેગાને સુકવી ચુરણુ બનાવે તેમાં જેઠીમધ અને સાકર સંભાગે મેલવે, આ ચુરણુ ૦ા થી ૦ાા તોલો રોજ બે વાર ખાએ. ઉપલસરી અને સારસાના બધા ગુણો એમાં છે. એનો અરક ( ટીંકચર ) બની શકે છે. એનો રસ ૪ ભાગ અને સ્પીરીટ ૧ ભાગ મેલવે તો અરક બને, તેની માત્રા ૩૦ થી ૬૦ ટીપાં છે.

૭=જીર્ણજ્વર માટે લીંડી પીપરનું ચુરણુ ૨ વાલ મધ સાથ ખાવું અથવા દુધમાં ઉકાળી પીવું.

૮=ગળોનું ચુરણુ મધ, ઘી, અથવા ગોળ સાથે ખાવું.

૯=જીર્ણ તાવ માટે—કડાછાલ ૦ાા શેર, પાણી ૧ાા શેરને ઉકાળી તેમાંનુ ૦ા શેર પાણી બાળીને તે પાણી ગાળી લેવું. આ ૩) તોલા પાણી દરદીને રોજ ૪) વાર ૩) દીવસ પાવું. અથવા ઇંદ્રજવ ૦ા તોલો દહી સાથ ખાવું,

૧૦=હાડધગીવાળા દરદીના પગના તળીઆમાં દીવેલ મસળવું.

૧૧=જીરણુ તાવ માટે પકવેલી ધાપાણુ ( ધાભણુ ) ૨) ૪ વાલ અથવા વધારે અપાય છે.

જુઓ જીર્ણજ્વર ધગી ' હાડધગી '

## જીરણુ તાવ-ધગી -હાડ ધગી.

જીર્ણ તાવ / હાડની તાવ } માટે લીમડાની ગળોનો સત્વ, ચુરણુ કે ઉકાળો જુના ગોળ અથવા મધ સાથ ઘણા દીવસ લેવું. એમાં પીપરની ભુકી ૧ વાલ નાંખવી.

૧૩=ભોયરીંગણી સુંઠ, ગળોનો ઉકાળો પીપર સાથફકત સાંજે લેવાથી તાવ, ખાંસી, અરૂચી દુર થાય છે.

૧૪=અતિવીષનીકળીનો ઉકાળો સવાર સાંજ પીવો.

૧૫=શાકર તો ૮ાા વાંસ કપુર ૪ તોલો, પીપર ૨ તોલો એલચી ૧ તોલો તજ ૦ાા તોલો એનું ચુરણુ ૦ા તોલો મધ ઘી સાથ ખાવું. તાવ ઉધરસ મટે શકટી આવે.

૧૬=તીફળાં અને પીપર સંભાગે ચુરણુ બે આની ભાર સાંજ સહવાર બે વાર ખાવું.

૧૭= જીરણુ તાવ માટે વિછીદાનુ ચુરણુ ૧ રતીથી ૧ વાલ સુધી ખવાડવો.

## તાવ ભયથી અથવા ક્રોધથી

તાવ ક્રોધ અથવા ભયથી ઉતપન થયો હોય, ત્યારે સાંતી આપવી અને ભય અથવા ગુસ્સો દુર કરવો.

## તાવ કામ વીકારથી.

કામ વીકારથી, વીર્યના જોસથી તાવ ચઢે તો વાળો, કમળ ચંદન તજ, ધાણા જટામાસી વગેરે થંડા પદાર્થનો કાહ્વો પાવો. સરીરે થંડો લેપ કરવો.

## તાવ વાગવાથી—શ્રમથી

વાગવાથી અને શ્રમથી } થાકોડાનો તાવ ચઢે તે માટે દરદીએ દુધ ચોખા ખાવા, અથવા ઘી પીવું. શરીરે ઘી અથવા તેલ મસળવું.

## ટાંકી—વિસ્ફુટક.

૧=ટાંકીવાળા દરદી જેને ટાંકી ફુટી હોય તેને સુવરનું દુધ મધ સાથે મેળવી ખવાડે.

૨=ટાંકીની ભુકી—ફટકી ફુલાવેલી તોલા ૨) કાથો તથા પાપડીઓ ખાર તોલો ૦। મોદારસીંગ તોલો ૦।, સંખજીરૂં તોલો ૦।, બધું કપડછંદ કરી આયોડોફોરમની માફક વાપરવું તેથી ટાંકીની ચાંદી રૂઝે.

૩=વિસ્ફુટક—મોદાસીંગ બાળેલી ૦॥ પઇસાભાર, જુની કામરી (વાંસ) ને બાળીને કરેલી રાખ ૦॥ પઇસાભાર, એલચી દાણા ૮ પઇસાભાર, બરાસ કપુર માસો ૧ કપડછંદ કરી ચાંદામાં દાબે તો રૂઝ આવે છે

૪=ટાંકીના દરદ, પીત્તાબના દરદ—પાતરાં સાથે આખો મુંગ સહવારે ખાવાથી આ દરદોને ફાયદો થાય છે.

૫=ટાંકી ઉપર દાબવા માટે—મોદાસીંગ તોલો ૦॥ સફેતો તોલો ૧। મેળવીને લગાડવું.

૬=આતેશક ગોળી—મરી, સરસવ, અજમાંનું ભુસું સમભાગે મેળવી ચીનીબોર જેવી ગોળી કરી રોજ ૧ સહવાર સાંજ ખાવી.

### જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા હોય તો આ જરૂર વાંચો.

# મુડદાંઓને જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે, એટલે કુટેવ અથવા બીજા ખોટા કર્મોથી નસોને કમજોર કરી નાંખી છેવટ જુવાનીનો લાભ લઇ શકતા નથી અને પછી ખરેખર વખત પર આપઘાત કરવા જેવા ખોટા વીચારો ઉપજાવે છે અને એમજ સમજે છે કે, આવા જીવવા કરતાં તો મરવુંજ બહેતર છે. આવા જીવતા જીવ મુડદાઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશેશથી એક લેપ તૈયાર કર્યો છે, જેની કીંમત મહેનત અને ફાયદાનાં પ્રમાણમાં રૂા. ૨૫ રાખીએ તો પણ વાપરનાર તો સસ્તીજ સમજે પણ ગરીબ અને અમીર સરખો લાભ લઈ શકે તેટલાજ માટે ફકત રૂા. ૧-૦-૦ કીંમત રાખી છે. ફકત એકજ શીશી વાપર્યાથી સઘળી નસો મજબુત થઈ જાય છે અને ગયેલી શક્તિ પાછી આવી મળે છે.

# તોતડાપણું-બોબરાપણું-વાચા સુધરે.

૧=પીપળાના પાકેલાં ફૂલ ( ટેટા ) અથવા તેનું ચુરણ બનાવી બાળકને રોજ ખવાડે તો વાચા સુધરે.

૨=જબાન સાફ થાય=ગાયના ઘી સાથ સુતામખી ખાવી.

૩=જીભ કઠણ થાય, હાલે નહીં, જીભ ભારે થાય તે માટે—નવસાગર, રાઈ, મરી, પીપરનું ચુરણ લગાડે

| | |
|---|---|
| કલ્યાણ કાવલેહ તોતડા પણું બોહેરા પણુ બેહુરાંટ. | મટે—હળદર, ઉપલેટ વેખણ. ( વેખંડ ) પીપર, સુંઠ. જીરૂં, અજમોડ જેઠીમધ, સંભાગે ચુરણ કરી તે ૦। તોલો ચુરણ ઘીમાં મેળવી સેવન કરે. |

૫=તોતડાપણું—સુણીની ભાજી ખાવાથી તોતડાપણું કમી થાય છે.

---

## ઠાક ઉતરે.

૧=ઠાક બહુ લાગી ગયો હોય તે ઉતરે—પેહેલાં ગરમ પાણીએ નાહી લેવું. પછી ૦॥ તોલો આદુ, એક તોલો ઘી અને એક તોલો ગોળ ખાવો. અરધા કલાક પછી ખીચડીને ઘી ખાવું. પછી ગોધડુ હોડીને સુઈજવું. પાણી પીવું. નહીં.

૨=ઠાક ઉતરે—બહું ચાલવાથી ઠાક લાગે ત્યારે નવટાંક અથવા ખવાય એટલો ગોળ ખાવો ઠાક ઉતરશે અને બીજું નુકશાન થવા દેશે નહીં, અથવા ઠાક ઉતરવા માટે જમીનપર સુવું અને પગ દીવાલે અઢેલી ઉંચા રાખવા.

---

## શરીરે થંડી ભરાઇ આવે.

૨=શરીરમાં સરડી હોએ. તાઢ વાગી આવતી હોએ. } તે માટે હાથલા હુઅરના લાલ દીદતાં પાકાંનો રસ કાહાડી સાકર સાથ ચાસણી બનાવે. પછી તુલસીનો પાક બનાવે તે મુજબ એનો પાક બનાવી ખાએ.

---

## થંડી શરીરે ભરાઇ આવે.

૧=શરીરમાં શરદી હોય તો—લીમડાના ઝાડમાં ૬ માસ રાખેલાં લવંગ ખાવા.

રાતરે સુતીવેળાં પગ ઝારવા.

૨=પીવામાં રાતરે ગરમ પાણી લેવું.

૩=રાતરે સુતીવેળા કડવીજીરી ૨ વાલ ખાવી.

૪=કપુર અને સાકરની સંભાગે ૧ વાલની ગોળી બનાવવી. તે ગોલી તાજી બનાવેલી મરીના ભુકામાં રાખી હલાવવી અને તેમાંજ સુકાવા દેવી આ ગોળી રોજ એક ૩ વાર ખાવી।

૫=આઠ કટોરાનું પાણી પીવું. ( જુઓ કટોરાનું પાણી )

## દરાખ આસવ, દરાખ પાક

૧=દરાખ અરીષ્ટ—( આસવ ) કાલી દરાખ, ૬। શેર, પાણી ૧૨૮ શેર, ૩૨ સેર પાણી રહે ત્યાં સુધી બંનેને ઉકાળો ગાળી લેવું, તેમાં ૧૫ શેર ગોળ નાંખવો, અને ૮ તોલા દરેક નીચે મુજબ મેળવવું તજ, એલચી, તજપતર, નાગ કેસર, મરી, પીપર વાયવરંગ, આ બધું મેળવીને ખંભીર ચઢવા દેવું.

આસવ, શકતી ખાંસી, અને ખહીને, ઉપયોગા છે.

૨=દરાખનો આસવ બનાવવાની રીત—કાળી દરાખ શેર ૫ લેવી, પાણી શેર પચાસ લેવું તેને મેળવી ઉકાળો બાળીને શેર પચીસ પાણી રાખવું, તેમાં ગોળ શેર વીસ નાખી મેળવવું તેમાં નીચે મુજબ મસાળો છુંદીને નાંખવો.

તજ, તમાલપત્ર, એલચી, નાગ કેસર, પીપર મરી દરેક ૪ તોલા, ધાવડીના ફુલ ૫૦, ૧ બાટલીમાં ભરી તડકે ૧ માસ સુધી મુકવું.

પછી બાટલીઓ ભરવી મંદ અગ્ની, પેટનો વાયુ, ચુંક, ઝાડાનો કબજો એટલાં દરદ માટે એ અસવ ઉપયોગી છે.

અસવ કોઇ બી વસાણાનો બનાવવો હોય તે નીચે મુજબ છે.

તે વસાણુનો ઉકાળો શેર ૫, મધ શેર ૬I, ગોળ શેર ૧૨II પાણી શેર ૩૨. એને મેળવી બરણીમાં પેક કરી તડકે અને ઠારમાં ૧ માસ રાખી પછી બાટલીઓ ભરવી.

૩=દરાખ આસવ—કાળી દરાખ શેર ૧૦ અને પાણી ૧૦૨ સેર એને ઉકાળી ૫૧ સેર પાણી રાખવું તેમાં ૧૦ સેર મધ ૧૦ સેર સાકર મેલવવી. તેમાં નીચે મુજબ નાંખવું.

ધાવણીના ફુળ ૬૪ તોલા, લવંગ, જાયફળ, મરી, એલચી, નાગ કેસર,, તમાલ પત્ર, ચીત્રો, ચવક પીપરી મુળ, વાયવરંગ, જેઠીમધ દરેક ૪ તોલા, ૧ બરનીને ઘીનો હાથ દેવો તેને લુબાનની ધુંઈ આપવી; તેમાં બધું નાખી મોં બંધ કરી એક માસ સુધી ઠારમાં અને તડકામાં રહેવા દેવું, પછી ગાળીને બાટલીઓ ભરવી.

૪=દરાખ પાક—ઠરીઆ વગરની કાળી દરાંખ ૪ તોલા, જીરૂં એક તોલો, મરી ૦II તોલો, મેલવીને ખાય તો બહુ મજા આવે, એમાં જરા લીંબુ નીચવે. દરેક ચીજ ફાવે એટલી સ્વાદના પ્રમાણમાં લેવી.

## દમ—સ્વાસ-ઉધરસ-કફ—હાફણુ.

સ્વાસ—દમ માટે ધંતુરો ઘણો ઉપયોગી છે. ઘણી સારી અસર કરે છે. દમ વાળા દરદીને ધતુરાનું બી એકેક રોજ ૧ અથવાડીયું ખવાડવું. બીજું આખું અઠવાડીયું બબે ખવાડવાં. ત્રીજે અઠવાડીએ ત્રણ ત્રણ રોજ ખવાડવાં, ચોથે અઠવાડીએ ચાર ચાર અને પાચમે અઠવાડીએ પાંચ પાંચ ખવાડે તો એ રોગ મટે.

૨=દમ ઉધરસ કફ મોઢામા ચાંદા—જેઠીમધની માફક ચનોટીના પાતરાં મોંઢામાં રાખી ચુસવાથી ફાયદો થાય છે.

૩=દમ માટે—આંકડાના ઝાડની અંતર છાલની રાખ એક વાલ ખાવાના પાનમા છ દીવસ ખવાડવી અથવા પાનના રસમાં ગોળી કરી આપવી. દમ સારો થાય છે.

૪=જુઓ સ્વાસ=ખાંસી=ઉધરસ=દમ=હાફણુ.

## દરાજ, ખરફસુ, લુખસ, કીડ–ધવડો

## દાધર—ગજકરણુ

૧=દરાજ—ગળકાને કાપી કટકા કરી ઘીનો હાથ દેવો. લોઢી ઉપર ઘીનું પોતું ફેરવી ગળકાને બાળી કોયલો કરવો. ૧૦૦ વાર ધોએલાં ઘીમાં મલમ કરી લગાડવો તેથી દરાજ મટી જાય છે.

૨=દરાઝ માટે—ધઉંનું તેલ અને મરઘાંની ચરબી મેળવી લગાડવું.

૩=લુખસ, ખસ, ધાધર, દાધર સારી થાએ—૪ ભાગ તલના તેલ સાથ ૧ ભાગ ગંધક મેળવીને દીવસમાં બે અથવા ૪ વાર મસળે.

૪=દરાઝ માટે—કાથો અને ફુણસ પાપડો મેળવીને લગાડવો

૫=દરાઝ માટે—ગોઆ પાઉડરની માફક અમલસારો ગંધક વપરાય છે.

૬=એલીઆને સરકામાં ગાળીને લગાડવો. એલીઆને સરકામાં મેળવી. ગાળી સુકવીને ગોઆ પાઉડર માફક વાપરવો.

૭=પારસનાં ડીંડવા પાણીમાં ઘસી લગાડવું.

૮=કુંવારીઆનાં બી એક ભાગ, સાજી ખાર બે ભાગ, જવ ખાર ૪ ભાગ, લીંબુના રસમાં મેળવી વાપરવું. દરાઝને અરાયાંથી પહેલે ઘસવું ને પછી લગાડવું,

૯=કુવાડીઆ, અને લીમડાના પાંદડાનો રસ લીંબુના રસ સાથે દરાજ ઉપર લગાડવામાં આવે છે.

૧૦=નાળીએરની કાચલીનું તેલ લગાડે છે. કાટલીને ચુલામાં મુકી સળગાવી તે બળતી કાટલીને પીતળની થાળીમાં મુકવી અને તેની ઉપર બીજું વાસણ ઢાંકવું. આ રીતે તેલ નીકળે છે.

૧૧=દીવેલ શેર ૦। ઉકાળવું તેમાં આંકડાનું એક પાતરૂં નાખવું તે તળાઇ રહે ને બીજું નાખવું. એ મુજબ ૨૧ પાતરાં નાખવાં જ્યારે પાતરાં બળી જાય ત્યારે તેલ નીચે ઉતારી અંદર ૦॥ તોલો મનસાલ મેળવીને ચોપડવું. દરાઝ અને ખુજળી બે દીવસમાં સારી થાય છે.

૯ ટંકનખાર ભાગ ૫, ઇસેસ ૪, ગુંગળ ૩, કપુર ૨. કાઠો ૩, ગંધક ૫, સાકર ૩ કુવાડીઆના બી ૪ મોરથુથુ ૨, લીંબુનો રસ ૫ ભાગ, એની ગોટી બનાવી સુકવવી. તે પાણીમાં ઘસી દરાજ તથા ખરસવા ઉપર લગાડવી.

૧૨=દાંડીઆ થુરની સુકી ડાળી, આંકડાનાં પાતરાં, પોસડોડા સંભાગે બાળી, રાખ કરીને દીવેલમાં મેલવી ચોપડવું. તડકે બેસવું અને ગરમ પાણીએ નાહવું.

૧૩=ખડીઓ ખાર, અરીણુ સુખડ સંભાગે મેળવીને લીંબુના રસમાં લગાડવું. દરાજને ઘસીને લગાડવું.

૧૪=ગંધકના ભુકાને તેલ સાથ મેળવી મસળવાથી ચામડીના દરદ સારાં થાય છે.

૧૫=આમલીનો ચીચોરો લીંબુના રસમાં ઘસીને લગાડવો.

૧૬=આમલીના પાતરાનો રસ પીવો.

૧૭=મીંઢી આવરનું મુળ લીંબુના રસમાં ઘસીને ચોપડે છે.

દરાઝ ઉંદરી, સફેદ કોહોડ, કરોળીઓ, પીટના ચાઠાં માટે કાચું દીવેલ ાા શેર, ભોં પાતરીનો રસ ા શેરને ઉકાળવું પાણી બળી રહે ને મસળવામાં લેવું.

ડંખ માખીનો લાગે તો—તે ઉપર દીવેલ લગાડે.

૧૯=કાચળીનું તેલ પાતાલ જંતરમાં કાહાડી દરાઝપર લગાડે

૨૦=નવસાગર અને ફટકડી સંભાગે લીંબુના રસમાં મેળવી રોજ બે વાર લગાડે.

૨૧=કાચા પપાઉનનો રસ લગાડવાથી ફાયદો છે.

૨૨=ગજકરણ માટે—કોઈબી મલમ વાપરો તેની ૧ દીવસ આગળ દરાંજની જગાપર રુાની પોટીસ બાંધી રાખવી અને બીજે દીવશે મલમ લગાડે તો તરત ફાયદો થાય.

૨૩=કોડીઆમાં દીવેલનો થરો થયો હોય તે લગાડે.

૨૪=દરાઝ આખા શરીરે હોય તે માટે—બાવળ અથવાં બોરડીની છાલના ઉકાળાથી ધોવું અને પીળાં ફુળ વાળી દારૂડીના મુળીઆની છાલનો લેપ કરવો જો આખા શરીરે હોય તો ાા તોલો છાસ ૧૦) મરીનો ઉકાળો બનાવી ૨ માસ સુધી રોજ પીવો. શરીર સુધરશે અને ચોખું થશે.

૨૫=ખરજવું અને દાદર એની જગા ઉપર ઘી ચોપડી કુતરા પાસ ચટાડવું.

ખરાજવા ઉપર જોરથી પાટો બાધી રાખવો છોડવો નહી.

૨૬=હવા ન લાગવાથી પોપરો બંધાઈ દરદ નીકળી જશે પછી તાર લગાડી પાટો બાંધવો.

૨૭=ડાંડલીઆ કુઅરની સુકી દાંડી આકડાના પાન, ખસખસના પોસ સરખે ભાગે બાળી તેની રાખ એરંડીઆ તેલમા મેળવી લગાડવી.

૨૮એળીઓ સરકામાં મેળવી લગાડવાથી ગોઆ પાઉદર જેટલો ગુણ બતાવે છે.

૨૯=દાદરને ખણી ઘી ચોપડી ઉપર કળી ચુણો ભભરાવવો.

૩૦=ઘઉના લોટના કુળાની અથવા અળસીની પોટીસ દરાઝપર બાંધી તે જગા પકવવી અથવા નરમ કરવી; પછી બાવચીના બી મોંમા ચાવી તેની લેપડી દરદપર બાંધે તે વળગી રહે. લેપડી પોતાની મેળે નીકળે ત્યારેજ કાઢવી અને બીજી વાર આ ઇલાજ કરે.

૩૧=ચણાની દાળને બકરીના દુધમાં ૩) દીવસ ભીંજવી રાખે પછી તેને વાટીને લેપડી મુકે, આઠ દીવસ લેપ મુકયા કરવો.

૩૨=દળેલી રાઇ દહી સાથ મેળવીને; લગાડવી.

૩૩=લોબાન લીંબુના રસમાં ઘસી લગાડવું.

૩૪=આંબલીનો ચીચોડો (કચુકા) લીંબુના રસ સાથ લગાડવો.

૩૫=સરપંખાના બીનું તેલ બનાવી દરાઝ પર લગાડવું.

૩૬=હળદરની રાખ, ચુનો, અને ચેવલી પાન, વાટીને પાણી સાથ વાટીને લગાડવું.

૩૭=હીંગને લીંબુના રસમાં ઘસી લગાડવી.

૩૮=દાડમડીના પાનનો રસ મસળ્યા કરે તો દરાઝ સુકાઇ જાય.

૩૯=કુતરી (કુંટેલા) ઘાસનો ઝુમખો દાદરવાળી જગાપર ઘસે તો અગન બળે અને દરાઝ સારી થાય.

## દાંતના દરદો.

દાંતના કીડા મરે, દાંતનો દુખાવો મટે, હાલતા દાંત મજબુત થાય, પારા સુઝેલા નરમ પડે, દાંતનો કાળાસ મટે.

૧=દાંતના દરદ માટે અકલગરાનું મૂળીયું મોંઢામાં દુખતા દાંત આગળ રાખવું.

૨=હીંગ કીડાનો નાશ કરે છે. તે દાંતમાં દાબવાથી દાંતનું દરદ નરમ પડે છે.

૩=કેરીનો ચીક કાથા સાથે મેળવી દુખતા દાંત ઉપર મુકે છે.

૪=દાડમના પાતરાં ०। તોલો ચાવવાં; મોંઢામાં તેનો રસ એકઠો થાય તે થુંકી નાખવો. રસ ગળી જવો નહીં.

૫=અકલગરાના મુળનો અરક (ટીકચર પાએરેઠરાઈ) રૂમાં મેળવીને દુખતા દાંત પર મુકે છે.

૬=ધંતુરાના બીનો ધુમાડો દુખતા દાંત ઉપર લેવો.

૭=થુવરના સુકાં દુધને પોટલીમાં બાંધી ઉપાણીમાં બોળી તે પોટલી દાંત ઉપર મુકે છે.

૮=ધંતુરાના બીને છુંદી તેની પોટલી કરી દુખતા દાંત ઉપર મુકવામાં આવે છે.

૯=દાંતના કીડા નીકળી પડે—કાંદાના બીજનો ધુમાડો મોંમા લીએ તો દાંતના કીડા નીકળી પડે.

૧૦=કરંજના ઝાડની ડાખળીનું દાતણ કરવાથી દાંતના કીડા મરી જાય છે.

દાંતનું મંજન—એક ભાગ કપુર અને આઠ ભાગ ચાક મેળવી બનાવે છે: જે જાથુક વાપરવામાં નુકશાન છે, એવું કેટલાક અનુભવીઓનું મત છે

કપુર બારીક વાટી શકાય નહીં તેથી તેમાં સ્પીરીટ અથવા કોલનવૉટર નાંખો તો તરત બારીક ભુકો થાય છે. નાળીએરનું પાણી તથા સરકો કપુર સાથે વાટે તો કપુર જલદીથી વટાઇ જાય છે કપુર જલદી ઉડી જાય છે. કપુર સાથ કાળાં મરી હોય તો કપુરને ઉડતા વખત વધુ લાગે છે.

૧૧=લોહી, રસી બંધ કરે—દાંતનું અને દસ્તાનનું લોહી કાથો અટકાવે છે. મોંઢાની ગરમી ઉપર દબાય છે, ટાંકીના ચાંઠાને ફાયદો કરે છે. ધાવણુની બોટરીના પડેલા ચીરાને રૂજવે છે.

૧૨=દાંતનું મંજન—દાડમના શુકા ફુલ ૫૦, ચીનીકબાલા બે તોલા, રૂમી મસ્તકી એક તોલો, કાઠો એક તોલો, વાંસકપુર એક તોલો, એલચી એક તોલો, ફટકી ોા તોલો, બદામના કોચલાં બાળેલાં ૨ાા તોલા, બે તોલા સોપારી બાળેલી એ સઘળું મેળવવું. જો મંજન આકરૂં લાગે તો ચાક ઉમેરવો.

૧૩=દાંત કળતાં બંધ પડે—તુળસીના પાતરાંને છુંદીને કુળીંજન અને લવંગ સાથે મેળવીને દાંત પર લેપડી મુકવી.

૧૪=દાંત સડેલાં હોય તેનો દુખાવો મટે—કપુર અને અફીણુ સંભાગે લઇ તેની ગોળી બનાવી દાંત પર મુકે.

૧૫=દાંત હાલે—જો નાની ઉંમરમાં દાંત હાલતા હોય તો તલનું તેલ અને સીંધાલુણ મેળવીને દાંતને લગાડે.

૧૬=દાંત મજબુત થાય—દાંતનું દરદ મટે—તલના તેલમાં સીંધાલુણ મેળવી કોગળા કરવા.

૧૭=દાંતના દરેક દુખ માટે—બોલસરીના ઝાડની છાલનું ચુરણ બનાવી તેનું મંજન કરે.

૧૮=દાંતનો દુખાવો નરમ પડે—દુધેલીના પાનનો રસ કાનમાં નાંખે અને છુદો દાંતપર મુકે તો દાંતના કીડા નીકળી આવે.

૧૯=એરંડાનું દાતણુ કરવામાં ઘણો ફાયદો છે. તનદોરનું દુધ અડાયાની રાખમાં અથવા કાળી મટેડીમાં મેળવી દાંતનું મંજન બનાવી વાપડે. હાલતા દાંતને મજબુત કરે, આ અકસીર ઇલાજ છે.

૨૦=જાયફળનું તેલ દુખતા દાંતમાં મુકે.

૨૧=દાંતના પારા કારા હોય પારાપર સોજો હોય ત્યારે ચેત્રલી પાન ચાવે.

૨૨=દાઢ દુખે (વાઇથી) તો નાકમાં અને તાળકપર દીવેલ લગાડવું.

૨૩=દાંતના કીડા મરે—કાંદાનાં બી છુંદી તેની પોતલી દાંત ઉપર મુકે.

૨૪=મરીના ૭ દાણા અને મીઠું તેટલુંજ મેળવી દુખતા દાંત ઉપર પોતલી મુકે મોઢામાં રસ એકઠો થાય તે બહાર કહાડે.

૨૫=દાંતના દુખાવા માટે—ગાલ ઉપર અને હડદી ઉપર માટીનો પાટો બાંધે.

૨૬=રતનજોતનું મુળીયું ભેલટમાં સેકી તેને છુંદી દાંત ઉપર મુંકવું.

૨૭=દાંતના પારા સુજે ત્યારે—મીઠું દાબી લોહી કાઢવું પછી ફટકી દાબી લોહી બંધ કરવું.

૨૮=દાંત સફેદ થાય. દાંતનો દુખાવો મટે—રતનજોતનું દુધ કાળી મટોડીમાં અથવા રાખમાં મુકી મંજન બનાવી દાંટે ઘસે.

૨૯=દાંતનો દુખાવો નરમ પડે—મીંઢળની મીજની પોતલી દાંત ઉપર મુકે. મોંઢામાં રસ છુટે તે બહાર કહાડે.

૩૦=દાંત હાલતાં મજબુત થાય—ભરવાડાના ઝાડનું અથવા કાંટા સળીઆનું દાટણ બનાવી દાંતે ઘસવું.

૩૧=દાંત મજબુત થાય—બોલસરીની છાલ દાંતે ચાવવી અથવા એ છાલનો ભુકો, ભોંયરીંગણી, બદામના કોટલાની રાખ મેળવી મંજન કરે.

૩૨=દાંત હાલતાં હોય તો પીળવંતની દાખશીથી દાતણ કરે.

૩૩=દાંત હાલતા મજબુત થાય—ધમાસના ઉકાળાનાં કોગળા કરવા અથવા જુની દીવાળનું મટોડું દાંતે ઘસવું.

૩૪=લવંગ પાણીમાં વાટી તેના ટીંપાં અથવા તલના તેલના ટીંપા કાનમાં નાખવાથી દાંતનો દુખાવો તરત નરમ પડે છે.

૩૫=અકલગરો ચાવવાથી દાંતનું દરદ નરમ પડે.

૩૬=દાંતનો સરો, સોજો મટે—પીપર, સિંધવ, જીરૂં એનું ચુરણ દાંતે ઘસવું.

૩૭=કાચુ અંજીર પારાપર મુકે તો દાંતનો સોજો નરમ પડે.

૩૮=અધેડાના ફુલનો રસ લગાડે તો દાંતનું દરદ મટે.

૩૯=ચંદ્રવરણનું મુળ દાંતે ઘશે તો કળતર મટે.

૪૦=રતનજોતનું દુધ કાથા સાથે મેળવીને ચુરણ દાંતે ઘસે તો દાંત મજબુત થાય.

દાંતનું મંજન—રૂમી મસતકી, દાડમના ફુલ, હીમજ, સુકા આમળા બબ્બે તોલા, મોચરસ, હીરા દખણુ અકેક તોલો મેળવવું.

૪૨=ગરમીથી પારા ચઢે અને દાંત દુખે, દાઢ કળે. } તે માટે વરીઆળી ચાવી મોંઢામાં રાખવી, અને રસ બહાર થુકવો.

૪૩=દાંત દુખતા નરમ પડે—સેવગાના ફુલ તથા પાન ચાવે.

૪૪=દાંતનો દુખાવો નરમ પડે—સુંઠ અને ફટકડી સંભાગે લઈ મંજન બનાવી દાંત ઘસે.

૪૫=દાંતનો દુખાવો નરમ પડે—વડ વધે તે વડના ઝાહાડ ઉપરથી લટકતી મુળીનું ચુરણ બનાવી દાંતે રોજ મંજન કરે.

૪૬=દાંતના કીડા નીકળે—હીંગ, સુવા, અથવા કનેરની જંડ એમાંની એક ચીજ દાંતપર રાખે.

૪૭=કળતા દાંત, હીળતા દાંત. } ને ફાયદો કરે—સંધેસરાના પાન મોમાં રાખવા અને તેની લાકડાની સળીથી દાદણુ કરવું.

૪૮=દાંતના પારા કાળા થયા હોય તો, સાજીખાર મધમાં મેળવી ઘસવું. મુરડાલ માંઉંસ નીકળી જશે, અને નવું આવશે.

૪૯=દાંતમાનું લોહી બંધ પડે—મીઠાંના પાણીના કોગળા કરવાથી લોહી બંધ પડે છે.

૫૦=દાંત દુખે—જો ગરમ પાણી દાંતને લાગવાથી દાંત દુખે તો સુવા ચાવીને તેનો છુંદો દુખતા દાંત આગળ રાખવો.

૫૧=દાંતનો દુખાવો—સેકટાનો ગુંદર દાંત ઉપર દાબે.

૫૨=દાંત દુખતા નરમ પડે—કપુર અને અફીણ સંભાગે લઇ ૧ વાલ જેવડી ગોળી બનાવી ૧ ગોળી દુખતા દાંત આગળ મુકે મોંઢામાં રસ નીકળે તે બહાર કહાડે. નીકળતો રસ અથવા ગોળી પેતમાં જાય નહી.

૫૩=દાંતની કળતર મટે—કાથો તોલા બે, કપુર ૦। તોલો, માયાં બે તોલા, ચાક તોલા ૪, બાવલની છાલ તોલા એનું મંજન કરી દીવસમાં ૩ વાર દાતણુ કરે,

૫૪=દાંત હીલતા મજબુત થાય—તંબાકુ ૪ તોલા, મરી ૧ તોલો લવંગ ૦॥ તોલો, ફુલવેલી ફટકી ૪ તોલા મેળવી દાંતનું મંજન બનાવી વાપરવું.

૫૫=દાંતના પારાને લવંગ મજબુતી આપે છે. ખરાબ વાસ દુર કરે છે. દુખતાં અને કળતાં દાંત ઉપડ લવંગ ચાવીને રાખવાથી દુખાવો નરમ પડે છે, મોંઢામાં ખરાબ વાસ આવે તેવા માણસોએ ચાર લવંગ રાતરે મોંઢામાં રાખી સુવું, સહવારે થુકી નાંખવાં.

૫૬=દાંત દુખવા માટે—વડનું દુધ રૂમાં ભીંજવી દાંત ઉપર મુકે છે.

વડવાઇ—વડની જડ, દાંત માટે સારી છે.

૫૭=દાંત મજબુત રહે—વડનું દાતણ રોજ કરવાથી દાંત મજબુત રહે છે.

૫૮=દાંતના કીડા નીકળે—ગાયવળંગના બીજને લીંબુના રસમાં ગરમ કરવાં. તેની પોટલી દાંત પર મુકે તો દાંતના કીડા નીકળે છે.

દાંતમાં કીડા પડેલા હોય તો હીંગ અને ભોંયરીંગના બીજ સંભાગે આતસ ઉપર મેલીને તેનો ધુમાડો દુખતાં દાંત ઉપર લેવો.

૫૯=દાંતનો દુખાવો, દાંતનું હાલવું—રતનજોતના દુધમાં પાનમાં ખાવાનો કાથો ભીંજવી, સુકવીને દાંતપર ઘસવાથી દાંતનો દુખાવો નરમ પડે છે. અને હીલતા દાંતો મજબુત થાય છે. એ ઘણો જાણીતો ઇલાજ છે.

૬૦=દાંતણ—લીમડાની ડાળીનું દાતણ કરવાથી મોંઢાના જીવજંતુ મરી જાય છે.

૬૧=દાંત હાલતા હોએ તો સીંધવ અને પીપરનું ચુરણ દાંતે ઘસવું.

દાંત કળે અને હાલે તો નીચલું મંજન રોજ બે વાર કરવું.

૬૨=સીંધવ, લીંડી પીપર, જીરૂં, બદામના કોતલાંની રાખ મેળવી મંજન બનાવવું.

૬૩=દાંત કળતા, દાંત દુખતા—આ દરદ માટે વજદંતીના ઝાડની છાલ ચાવે તો ઘણો ફાયદો થાય છે, આ ઝાડના પાતરાં બોરડીના પાતરાં જેવાં પણ જરા નાનાં છે.

૬૪=હાલતા દાંત માટે—વાયવલંગ, મરડાસીંગ અને કાથો એનું મગજ કરી હાલતા દાંત ઉપર મુકી ઉંઘી જાય તો દાંત મજબુત થાય છે.

૬૫=અકીકની ભસમ—અકીકના પથરને ગરમ કરી પાણીમાં બોળવું. આ મુજબ ૪-૫ વાર કરવાથી બારીક ભુકો થઇ શકશે.

દાંત હાલતા બંધ પડે—અકીક ભસમ એકલી અથવા મોતી અને પરવાળાની ભસમ સંભાગે મેળવી દાંતને લગાડે તો હીલતા દાંત મજબુત થાય; અને દાંત ઉપરની છારી નીકળી જાય.

૬૬=દાંત હાલે તે માટે—હીરાડકન ૫ તો૦, બાભુળ ૫ તો૦, ૨ તો૦ ફટકી (ફુલવેલી હોય તો ૧॥ તોલો) સોનાગેરૂ ૦। તો૦, એનું મંજન બનાવી દાંતે ઘસે.

૬૭=દાતનું મંજન=બદામના કોટલામાં એસીડ તેનીક ઘણી છે એની રાખમાં ખાર ઘણો છે. બદામના કોટલાંના કોલસાને ચાક સાથ મેળવી મંજન બનાવે. એકલો બદામના કોલસાનો ભુકો મંજન કરે તો મોંઢામાં છાગરા પડે.

૬૮=દાંતના દરદ માટે ૪ ગ્રેન મીઠું સુંઘવાથી દાંતનો દુખાવો મટે છે. મીઠાંના પાણીના કોગળા કરવાથી જીભનો ઠરો સાફ થાય છે,

૬૯=દાંત દુખતા નરમ પડે—અકલગરો અને કારાં જીરાંનું સભાગે ચુરણ બનાવી તેની પોટલી કરી દાંત પર મુકે અથવા અકલગરો અને ફટકીનું સંભાગે ચુરણ કરી દાંતપર દાબે.

૭૦=દાંતનો દુખાવો નરમ પડે—ઇંદ્રાણીના ફુળને ગરમ તવાથા ઉપર મુકે અને તેનો ધુમાડો દાંત પર લીએ તો અંદરના જીવડા બહાર પડે.

૭૧=દાંતનો દુખાવો મટે—કેરાંને છુંદી તેની લેપડી દાંતે મુકવી

૭૨=દાંત દુખે તે માટે—દાડમના પાતરા ૦। તોલો ચાવવાં. મોઢામાં તેનો રસ એકઠો થાય તે થુકી નાખવો. રસ ગળી જવો નહી.

૭૩=દાંત દુખે—જો ગરમ પાણી દાંતને લાગવાથી દુખાવો થાએ તો મસ્તકી દુખતા દાંત આગળ દાબે.

૭૪=દાંતનું દુખવું—દાંત ઉપર મીઠું મુકે તો દુખવો મટે

૭૫=દાંતને સાફ કરવા માટે મીઠાંના પાણીના કોગલા કરવા

૭૬=દાંતના દુખાવા માટે દાંત ઉપર પીપરમીંટના ફુલ મુકવામાં આવે છે.

૭૭=પેપરમીન્ટના ફુલ અને કપુર સરખે ભાગે લઇ સાથે મસળે અથવા જરા ગરમ કરે તો તેલ જેવું બને છે. તે તેલ દાંતમાં મુકાય છે તથા બીજા કોઇ બી શરીરના દુખાવા પર મસળાય છે.

૭૮=દાંત દુખે ત્યારે ભોંયરીંગણીના બીની બીડી બનાવીને, તેનો ધુમાડો મોઢામાં થોડો વાર રાખવો. દાંત દુખતા નરમ પડશે.

૭૯=દાંતના દુખાવા માટે—ભોંયરીંગણીના બીનો દાંત પર ધુમાડો લેવો.

૮૦=ડીલના દાંતનો દુખાવો—મરડાસીંગ, વાયવડંગ તોલો દરેક ાા, કાથો તોલો ાા વાટીને એક ચમટી દુખતા દાનમાં રાતરે સુતી વખતે મુકી રાખે તો ફાયદો થાય.

૮૧=દાંતમાંથી લોહી નીકળે ત્યારે લીંબુ દાંતે તથા પારાએ ઘસે કોઇથી ખટાસ સહેવાય નહીં તો મીઠાં લીંબુ વાપરે તેનો ગુણ બી ઘણો છે.

૮૨=દાંતમાંથી લોહી, પરૂ, પાણી નીકળે તો—હીરાબોરના કોગળા કરે.

૮૩=દાંત કોહેલાની ઉપર હીરાબોર મુકે તો દાંત નીકળી જાય એવું કેટલાક વઇદ કહે છે. અંગ્રેજી વઇદોમાં તે એનો ભુકો દાંતને ઘસવાના મંજનમાં વપરાય છે તે પારાને કાવત આપે છે.

૮૪=દાંતનું મંજન, હાલતા, કળતા દાંત સારા થાય—લીંડી પીપર નાની, સીંધવ, લુણ, જીરૂં, બદામના કોચલાં બાળેલાં સંભાગે મેળવી સવાર સાંજ દાંતે ઘસે.

૮૫=દાંતનું મંજન—મીઠું દાંતને સાફ કરે છે. પારાને મજબુત કરે છે અને વાસને દુર કરે છે.

૮૬=મંજન—ફુકારેલી ફટકડી ૧ ભાગ, કાળા મરી ૧ ભાગ મેળવી બે વાર રોજ મંજન કરવાથી મોઢાનો વાસ નરમ પડે છે.

૮૭=દાંતનું મંજન —બાવલની છાલ અને બદામના કોચલાના કોલસાને મીઠાં સાથ મેળવી દાંતનું મંજન બનાવે છે.

૮૮=દાંતનું મંજન—કાળા મરી અને ભુંજેલું મીઠું દાંતે ઘસવું.

૮૯=દાંત મજબુત થાય—દાંતનું દરદ મટે—તલના તેલમાં સીંધાલુણ મેળવી કોગળા કરવા.

૯૦=હાલતા દાંત મજબુત થાય—મોરસળીના (બોરસરી) ફુલ મગજને બહુજ તરી આપે, એની ખુસબો બહુ સારી છે. આ ઝાડની છાલ રોજ ચાવે તો દાંત મજબુત થાય.

૯૧=દાંતના પારાનું માઉંસ કાળુ થયું હોય તેનો ઈલાજ } સાજી ખારને મધ સાથ મેળવી દાંતના પારા ઉપર રોજ ત્રણ વાર મસળે તો મુરદાળ માંઉંસ નિકળી જાય અને નવું માંઉંસ આવે. જો પારા ઉપર સોજો હોય તો ચેવલી પાન ચાવે.

## દાંત ઢીલા પડે.

૧=મીંઢળનું દાતણ કરવાથી દાંત ઢીલા પડે છે. એના ફળ ગાંધીઓ વેચે છે.

૨=દાંત કોહેલા હોય, કાઢી શકાતો નહીં હોય, બહુ દરદ કરે ત્યારે નેત્રલ કાંટીન નામનું કાંટાવાળું ઝાડ થાય છે તેનું દુધ અને આંકડાના દીંડવાં ( કાપુસ ) નું દુધ રૂમાં મેળવી તે રૂ દાંતમાં દાબવો. દુખાવો તરત નરમ પડે.

૩=રામેઠા નામની વનસ્પતિની સળીઓ ઝેપટાના ઝાડની સળીઓ જેવી થાય છે. દક્ષિણ પ્રાંતો તરફ તે બહુજ થાય છે.

દાંત નીકળી પડે—રામેઠાની સળીથી દાટણ કરે અથવા એના ચુરણને દાંતપર દાબે.

૪=દાંત ઢીલા પડે—મીંઢળ એક નાનું ઝાડ છે. એની દાખ-લીથી દાતણ રોજ કરે તો દાંત હીલી જાય.

૫=દાંત નીકળી પડે—હીલતા દાંત ઉપર ગુજ્જર ૧) ભાગ, કીરાબોર ૩) ભાગના ચુરણની પોતલી ૪) દીન મુકે તો હીલતો અથવા અરધો ભાંગેલો દાંત નીકળી પડે. ( એનો અર્ક બનાવી મુકે તો બી ફાયદો થાય. )

૬=દાંત ભાંગેલો હોય તે ઉપર હીરાબોરને લુગદામાં મૂકી તેની પોતલી દાંત ઉપર વારંવાર મૂકવી. ૩, ૪ દીનમાં બાકી રહેલો દાંત નીકળી જશે.

રામેઠાના છોડ ૨) થી ૬) ફીટ ઉંચા થાય છે, એની છાલ લીસી અને ચીવટ હોય છે તેની ડાંખલીઓની શાખા નીકળે છે. તે મહાબલેશ્વર, માથેરાન, ખંડાળા ઘાટ અનેલાનોલીમાં બહુ થય છે. ગુજરાત કાઠિઆવાડમાં થતી નથી. અંગ્રેજીમાં એને મેઝેરીઅનને નામે ઓળખે છે જે ફારમાકોપીઆમાં દાખલ છે. એની છાલ માછલાંઓને બેશુદ્ધ કરે છે તેથી માછીઓ એનો ઉપયોગ ઘણો કરે છે. વીદાહી એ (Caustic) છે. મોંઢામાં ચાવતાં અગન જણાય છે. એનું લાકડું અથવા રાખ દાંતનો નાશ કરે છે; દાંતના પારા પોચા કરે છે અને દાંતને મૂળમાંથી ઢીલા કરે છે. એની મદદથી દાંતને સહેલાઇથી કેમ ઉખેડવા તે જણાયલું નથી.

## દાઝેલું-બળેલું.

૧=ચુનાના મલમની (દેશી) બનાવટ—ચુનાને પાણીથી ધોઈ સુકવવો, કોઇ વઇદ ચુનો ધોવાની જરૂર જોતા નથી.

૧ તોલો ચુનો અને સાલીદ તેલ, મીઠું તેલ અથવા અળસીનું તેલ ૦। શેર સાથે મેળવી લાહી જેવું બનાવી મલમ તરીકે વાપરવું.

ચુનાનો મલમ (અંગ્રેજી) ચુનાનું નીતરૂં પાણી અને સાલીદનું તેલ અથવા તલનું તેલ મેળવવું.

૨=દાઝેલાનો મલમ—૦। શેર ચુનાને પાણીમાં પલાળવો. નીતરૂ પાણી કહાડી નાંખવું. ચુનાને કપડામાંથી ગાળવો તેમાં એક શેર કોપરેલ નાંખી ખુબ હલાવવું. કલઇ સફેદો ૦। શેર મેળવો એ ત્રણ દીવસ પછી પાણી સુકાઇ જાય તો તેલ નાખવું.

તરત દાઝેલા ઉપર આ મલમ ચોપડે તો ફોલ્લાઆ ન ઉઠે, ફોલ્લાઆ ઉપર ચોપડે તો પાકે નહી, પાકેલા ઉપર ચોપડે તો રૂઝ લાવે, અગન બળતી નરમ પડે માથાના સડતાં ચાંદા સાફ કરે, ( આ મલમ ઘણો ખાત્રીપૂર્વક છે. )

૩=દાઝેલા ઉપર જુનુ ઘી ચોપડવું. અથવા તાજું ઘી ૧૦૦ વાર પાણીથી ધોઇને લગાડવું.

ઘી કોઇ બી વસાણાનું કાઢવું હોય તો તે વસાણાનો સ્વરસ અથવા કલક ૧ ભાગ, ઘી ૪ ભાગ, પાણી ૧૬ ભાગ લેવો. પાણી બળે ત્યાં સુધી ઉકાળવું અને ગાળી લેવું, કોઈ પાણીને બદલે દુધ લે છે. કોઈ ગાયનું મુતર લે છે.

૪=બળી જવું=દાઝવું—એના તરત ઉપાય તરીકે કોપરૂ સુકુ પાણીમાં ઘસી ચોપડવાથી અગન તરત બંધ થાય છે. છાગરો પડ્યો હોય તે નરમ કરે, માંસ બલયું હોય તેને રૂઝ લાવે. ઘણો સરસ તાત્કાલિક અને સસ્તો ઇલાજ એ છે.

૫=દાઝવાથી અને બળવાથી દાહ બળે ત્યારે—બેહેડાને પાણીમાં ઘસીને લગાડે તો થંડક પડે.

૬=દાઝેલું શરીર સારૂં થાય—પપેટા છુંદીને બાંધે તો અગન નરમ પડે અને પાકવા દીએ નહી.

૭=દાજેલા શરીર ઉપર ઉમરાની કુંપળ દહીમાં વાટીને ચોપડવી.

૮=દાજેલા ભાગ ઉપર આમલીનો રગડો લગાડીઆ કરવો. અગન નરમ કરે, છાગરો પડે નહી.

૯=હીંગ પાણીમાં મેળવી ચોપડવી. હીંગ હંમેશા જરા ગરમ કર્યા પછી વાપરવી. હીંગ ખાનારની પીસાબમાંથી હીંગનો વાસ નીકળે છે. હીંગ ગરમ કરવાથી તેનો કશ વધે છે.

૧૦=ગુળેઅરમાની સરકામાં મેળવી લગાડવી.

૧૧=ઇંડાની સફેતી તેલમાં મેળવી ચોપડવી.

૧૨=દાજેલાં શરીર ઉપર તરત દુધ ચોપડવું. છાસ તથા દહી પણ ચોપડાય છે.

૧૩=કુમારીઆના બીને બકરીના મુતરમાં ૭ દીવસ રાખવાં. પછી તે બીને પીસીને લગાડવાં.

૧૪=આંબાના પાંતરાની રાખ ૫૦ તોલા, ૦I તોલો મોરથુથાંની ભસ્મ મેળવીને દાજેલા ઉપર ભભરાવવી. દાજેલો ભાગ ધોવા માટે ૦I તોલો મોરથુથુ અને બશેર પાણી મેળવીને વાપરવું.

૧૮=દાઝેલાં ઉપર મરઘીના ઈંડાની સફેદી લગાડે છે.

૧૯=દાઝેલા માટે મેંદીના પાતરાં માખણમાં વાટી લગાડવાં.

૨૦=દાઝેલા ઉપર—એરંડીની કુંપળ વાટીને ચોપડવાથી અગન નરમ પડે છે.

૨૧=દાઝેલા માટે—માયાફળને પાણીમાં ઘસીને ચોપડવું.

૨૨=દાઝેલાંનો ઉપાય—કેળના કંદનું પાણી કહાડી લગાડવું અને છુંદો બળેલી જગાપર બાંધવો.

૨૩=દાઝેલા ભાગ ઉપર તરત સરકો નાખે તો ફાયદો થાય.

૨૪=દાઝેલા માટે—બેડાં ત્રીફળાં પાણીમાં ઘસીને દાઝેલા પર લગાડે તો શરીર બળીને ધોળું થયું હોય તો પણ અસલ રંગ પકડે છે.

જુઓ " બળેલું. "

## દભરાયલું-વાગેલું-પછાડ-લોહીબાઝેળું-ઠપકાયલું.

૧=પડી ગયલા અને ઠપકાયલા માણસનું લોહી છુટું કરવા લીલાં નાળીએરના તરોપાનું પાણી પાવાડે.

૨=લોહીનો સોજો હોય તે માટે—નવસારના પાણીના પોતાં મુકવાથી લોહી વેરાઇ જાય છે.

૩=લોહીની ગાંઠ પીગળે—ગાંઠ ઉપર કાકરી બાંધે.

૪=કોપરું વાટી તેમાં ૪ ઘણી હળદર મેળવી ગરમ બનાવી પોટલીથી સેક કરવો ને પોટલી વાગેલા ઉપર બાંધી રાખવી

૫=માર ખાવાથી ઉંચાઇએથી પડવાથી માણસ દભરાયો હોય બેહોસ થયો હોય, બદન સુણી આવે તેનો ઇલાજ—માણસ લાંબા પગ રાખીને સુવે તેટલો ખાડો જમીનમાં ખોદે તેમાં છાણા સળગાવી તે ખાદો ગરમ કરે અંદરથી ઇંગાર કાઢી નાંખે. પછી આવારના પાન અથવા પીલવંતના પાન ખાડામાં મુકે. દરદીને તેપર સુવાડે બીજા પાંદડા દરદી ઉપર મુકે ઉપર બંદુસ ઓઢાડે.

આ પાંદડા બાફી તેની ઉપર દરદીને સુવાડે તો થોડો ફાયદો થાય.

૬=માર ખાવાથીકે પડી જવાથી શરીરે દુખાવો થાય તો અસાળીઆની ખાર પાણી સાથ બનાવી તે દુખાવાવાળી જગાપર લગાડે.

૭=પછાત, દભરાવું—એ આખા ભીલામાંના કટકા કરવા ને તેને ઘીમાં તળવાં. તે ઘીની રોટી અથવા શીરો બનાવી રોજ એક વાર ૭ દીન સુધી ખાવું ગરમ ચીજ ખાવી નહીં. તડકે ફરવું નહીં. આ પહરેજી તુટે તો શરીરપર ફુલી ફુટે અને ચેળ આવે. ઇલાજ રામબાણ છે.

૮=માર ખાવાથી શરીરમાં ચસકા મારે=અકૂળાયા પછી શરીર દુખે તે માટે—મીનનું તેલ શરીરે ચોપડી ઓઢીને સુએ તો પરશેવો નીકળી આરામ થાય.

મીનનું તેલ બનાવવાની રીત—લાલ કાચી ઇંટના કટકા, જાડી રેતી અને મીનને પાતાળ જંતરમાં મુકી તેલ કહાડે.

૯=લોહી બાઝેલું ફરતું થાય—માર ખાવાથી અથવા પડી જવાથી લોહી બાજી ગયું હોય તો મેદા લાકડી, આંબા હળદર, સાજીખારનો લેપ કરી ઉપર શેક કરવો.

૧૦=માર ખાવાથી બંધાયલું લોહી ફરતું થાય—મેથી ૨૧ દાણા, સુંઠ ૦। તોલો, સાકેર ૧ તોલો મેળવી ખાવું અથવા તેઓની ચાહ બનાવી પીવી.

૧૧=કાળા તલ, એરંડીઆની મીંજ વાટી તેલ સાથે લેપ કરી મારવો. અથવા તલના ખોળને ગરમ પાણીમાં મુકવો નરમ થાય ને લેપ બાંધવો.

૧૨=પડી જવાથી, અકૂળાવાથી લોહી બંધાય ત્યારે તરત ખાંડ અને મીઠું દરેક છ છ માસા ખાવું. ૦॥ તોલો ખાંડ અને ૦। તોલો હળદર દીવસમાં બે વાર ફાકવી.

૧૩=લોહી બંધાયલું છુટું પડે—આંબાહળદ અને હીરાબોળ સંભાગે ઘસી ગરમ કરી ઉપર ઉપર લગાડીઆ કરવું.

૧૪=લોહીની ગાંઠપીગળે—મોંવડાંના દારૂ સાથ સુનામખી ખાવી.

૧૫=બાળકના પેટમાં ગંડ—બે વાલ પકાવેલું સમુદર ફળ દુધમાં ઘસી પીવું.

૧૭=પછાટ, દભરાવું=એના ઉપર ભીલામું બહુજ અકસીર છે. ફકત ૬) ભીલામાના ૧૫) કટકા કરી તેને ૮) તોલા ઘીમાં કકળાવે, પછી કટકા કાઢી નાખે, તે ઘીમાં લોટ દરદીથી ખવાય એટલો સેકવો આ સેકેલા લોટમાં ગોળનું ગરમ પાણી નાખી સીરો બનાવવો ( મળીદો કરવો ) ૭ દીવસ રોજ ૧) વાર અ ખાવાથી દરદી જરૂર ખુશીખાર થાય છે.

૧૮=દબાયલાં દ દીનું લોહી ફરતું કરવા મોમીઆઈ બહુ સારી છે, ખરી મોમીઆઈ ꠲ વાલ ઘીમાં મેળવી ખાવામાં આપે છે. ૧) વાલ મોમીઆઈ ૨) તોલા તેલમાં ગરમ કરી મસળવામાં લે છે.

બનાવટી મોમીઆઈ આવે છે તેમાં ભીલામુ મુખ્ય છે.

૧૯=લોહી બાઝી ગયું હોય તે જગાએ લોધર અને આમળા વાટી લેપ કરવો

૨૦=વાગેલું, લોહી બાઝેલું, દબરાયલું—વરી બાળીની જડ વાટી પાણી સાથે પીવી.

૨૧=વાગેલું, દભરાયલું અને લોહી બાઝેલું હોય તો ꠲ તોલો સાબરસીંગુ ઘસીને પાણીમાં પીવું. ફાયદો ઘણો કરે છે.

૨૨=વાગેલાં, દભડાયલાં, લોહી બાઝેલાં માટે—હઝરતે હાઉ એ માસા જેટલો પાણીમાં ઘસીને પીવો.

૨૩=વાગેલું અથવા દભડાએલું હોય તે માટે—રોહડો ꠲ તોલો લઈ મધમાં ઘસી ખવાડે. અથવા નાળીએરના તરોપાના પાણીમાં મધ નાખી રોજ એક તરોપો સાત દીવસ પીવો, અથવા પીવાના પાણીમાં હળદના ગાંઠીઆ નાંખી ગરમ કરે, તે પાણી કાદવના વાસણમાં ભરી રાખે. દરદીને તરસ લાગે ત્યારે આ પાણી પીવાડે. કેરૂં અને મીઠાસ બીલકુલ ખાએ નહીં જો ખાય તો ધનધોડીઓ વા થાય.

૨૪=પડી ગયલાં, ડભડાયલાં, માણુસને તરત ખાંડ અને હળધર સંભાગે મેળવી ૧ તોલો ખાવા આપવી.

વાગેલું, દભડાયલું, ભીંતરનું બાઝેલું લોહી માટે—૧ તોલો કાચું વેગણું ખાંડ સાથે ખાવું.

૨૫=પડી ગયલા અને ટપકાયલા માણસનું બંધાયલું લોહી છુટું કરવા લીલાં નાળીએરના તરોપાનું પાણી પીવાડે છે.

૨૬=દબરાયલા માણસે પીપળાનું એક પાન ગોળ સાથે ૨૧ દીવસ ખાવું.

૨૭=શરદીના દરદો વા, લકવો, દમ, સુવા રોગ, દબ-ડાયલાં—એને માટે ભીલામાનું તેલ શેર ૧, સફેદ રાળ શેર ૦।, ભેંસા ગુંગળ શેર ૦।, હીંગળો તોલો ૧ આ ચીજોને ઉકાળી પાક જેવું ઘટ થાય અને ગીની રકાબી ઉપર થાપી દેવું. અને કટકા કરવા. એ બનાવતી મોમીઆઇ છે. દબરાયલા માણસને મીઠાં તેલમાં એ મેળવી મસળે છે. ચણા જેટલી આ મોમીઆઇને ૫) તોલા ઘીમાં ગરમ કરી તેમાંથી તોલો ૦॥ ઘી રોજ પીવામાં આપવું.

૨૮=પછાડ=દબરાવું—૫ ભીલામાંના ૨૦ કટકા કરવા ૧ શેર ઘીમાં તળવા રસ ઘીમાં મળી જાય ત્યારે ભીલામાંના કટકા કાઢી નાંખવા. તે ઘીમાં ખપતો ખપનો ઘઉંનો આટો પકાવી અંદર ગોળનું પાણી નાખી શીરો બનાવવો. આ મુજબ બનેલો શીરો રોજ ચાર દીવસ ખવાડવો.

૨૯=પછાડ-દબરાવું—ઘણી સખત બીમારી હોય તો સાત ભીલામાં લઇ તેના ચાર ચાર કટકા કરી ૦। શેર ઘીમાં તળવા, પછી ઘીમાંથી ભીલામાં કહાડી નાખવા તે ઘીમાં ઘઉંનો લોટ ખાઈ શકાય એટલો તલવો. ગોળની ચાસણી પાણી સાથે બનાવી તેમાં પેલો ઘી સાથનો આટો નાખી શીરો-( મલીદો—મગજ ) બનાવી દરદીને સાત દીવસ એ મુજબ ખવાડવું. જો ભીલામું ફુટી નીકળે તો ખાવું બંધ કરવું. અને ભેંસનું છાણ ચોપડી તડકે ૨ કલાક બેસી નાહવું. ખોરાકમાં તેલ, ગોળ, મરચુ, ખાવું નહીં. ભીલામું ખાધાથી શરીરમાં લોહી ફરતું થાય શરીરે ગર-માવો આવે અને શરીર લાલ થાય છે. ઝીણી ફુલ્લીઓ શરીરપર ફુટી નીકળે ત્યારે ભીલામું ફુટીયું એમ સમજી ઉપર મુજબ તેનો ઉપાય કરવો.

ગરમ ૠતુ હોય તો ભીલામાં ઓછા લેવાં.

જુઓ "વાગેલુ" "પછાડ" "ડબકાયલુ" "લોહી બાઝેલુ".

## દરીઓ લાગે.

દરીઓ લાગવો—દરીઓ લાગવાથી ઓકારી થાય તે માટે મરચાં ખાવાં સારા છે.

---

## દરાજ-ખરફસું-ખુજાળી.

૧=દરાઝ માટે—હીંગને લીંબુના રસમાં ઘસીને ચોપડે.

૨=દરાઝ માટે—દળેલી રાઇને દહી સાથ છુંદીને લેપ કરવો.

૩=દરીઝ માટે—રાઇના છાલાંને સરકામાં મેળવી તેની પોટલી કરી દરદપર મુકવી.

૪=દરાઝ માટે—હળદર બાળી ચુના અને પાન સાથે મેળવી પાણીમાં ઘસી લગાડે.

૫=દરાઝ માટે—હળદર બાળીને ચુના અને પાણી સાથ મેળવી લગાડે.

૬=દાદર સારી થાય—કાસુંદરાનું મુળ પાણીમાં ઘસીને લગાડે.

૭=દરાઝ મટે—કુતરીઆ ઘાસના લોલીઆ દરાઝપર મસળે પછી એનાં પાનનો રસ લગાડે.

૮=દરાઝ=ખરપસાં માટે—ટનકનખાર સરકામાં મેળવી લગાડે અથવા લુગડું બોળીને તે ઉપર મુકે.

૯=દરાઝ ખુજલી મટે—દાંડીઆ થુઅરની સુકી દાળી. આકડાના પાતરાં, પોરૂદોડો, સંભાગે બાળી, રાખ કરીને દીવેલમાં મેળવીને ચોપડવું. તડકે બેસવું અને ગરમ પાણીએ નાહવું.

૧૦=દરાઝ તથા ખુજલી માટે તેલ—દીવેલ શેર ૦। ઉકાળવું તેમાં આંકડાનું એક પાતરૂ નાખવું તે તલાઈ રહેને બીજું નાંખવું એ મુજબ ૭ પાંતરા નાંખવાં જયારે પાતરાં બળી જાય ત્યારે તેલ નીચે ઉતારી અંદર ૦।। તોલો મનસાલ મેળવીને ચોપડવું. દરાઝ અને ખુજલી બે દીવસમાં સારી થાય છે.

૧૧=દરાઝ માટે—પારસના ડીંડવા પાણીમાં ઘસી લગાડવાં.

૧૨=દરાઝ માટે—પારો, ગંધક, આમળા, મોરથુથુ, લીંબુના રસમાં વાટીને લગાડવું.

૧૩=દરાઝ માટે તથા નબળી પડેલી નસો માટે—ભીલામું ૧ તોલો, અનારની છાલ બે તોલા, અરીઠા ૧ તોલો એ સરવેને ખુંદી ૦ા શેર સરસીઆ તેલમાં રાંધે અને તેલ કાહાડી તે તેલ મસળે.

૧૪=દરાઝ મટે—ઘઉંનું તેલ અને મરઘાની ચરબી મેળવી લગાડે તો દરાઝ જાય.

૧૫=દરાઝ માટે—મુળાના બીની ગોળી લીંબુના રસમાં કરવી અને દરાઝ ખણીને તે ઉપર તે ગોળી ઘસી લગાડવી.

૧૬=દરાઝ માટે ફ્રાસ પાપડો લીંબુના રસમાં ઘસીને લગાડે.

૧૭=દરાઝ—બોયરીંગના દાણા છુંદીને દરાઝ ઉપર બાંધવાથી ફાયદો થાય છે.

૧૮=દરાજ માટે—મેંદીના પાતરાં સરકામાં વાટી તેની લેપડી કરી દરાઝને ખનીને તે ઉપર લગાડવી.

૧૯=દરાજ માટે—લીંબુના રસમાં આમલીનો ચીચોડો ઘસી લગાડે તો દરાઝ મટી જાય.

૨૦=દરાઝ માટે—સોબાન લીંબુના રસમાં ઘસી ચોપડવું.

૨૧=દરાઝ માટે—સરપંખાના બીનું તેલ અથવા બી વાટી તેલમાં ઉકાળી દરાઝપર લગાડવું.

૨૨=દરાઝ ખુજલી માટે-હડતાલ ૧ ભાગ, મીઠુ તેલ ૨ ભાગ ઉકાળે હડતાળનો ભુકો થોડોથોડો તેલમાં નાંખતા જવું અને લાકડી વતી હલાવતા જવું આંચ નરમ રાખવી. તેલ સળગી ઉઠે તો ઢાંકવું. પાછું ઉઘાડવું, સળગેતો ફરી પાછું ઢાંકવું, આ મુજબ વારંમવાર ઉઘાડ ઢાંક કરવું.

૨૪=દરાઝ મટે—બદામના મગજને લીંબુના રસમાં ઘસી ૩ દીન લગાડે.

જુઓ " ખરફ્સ " ખરજવું. " ખુજળી "

## દારૂની કેફ ઉતરે.

૧=દારૂની કેફ ઉતરે—કાકરી ખવાડવાથી દારૂની કેફ ઉતરે.

દારૂ પોચો પડે—દારૂમાં કાકરીનો કટકો નાંખે તો દારૂ નરમ પડી જાય છે.

૨=દારૂની નીસા ઉતરે—ધાના ખાવાથી દારૂની કેફ ઉતરે છે.

૩=કેફ—દારૂની કેફ મીઠું ખાવાથી ઓછી થાય છે.

૪=દારૂ પીધેલાનું મોહોડું વાસ મારે તે બંધ થાય—ઉપલેટ, એલચી, વાળો જેઠીમધ. સંભાગે પાનના રસમાં ગોળી એક વાલની કરી મોઢામાં રાખવી.

૫=પીધેલા દારૂનો વાસ મોંઢામાંથી નીકળતો બંધ થાય—ઉપલેટ, એલચી, ધોળો વાળો, જેઠીમધ સરખે ભાગે પાનમાં ગોળી કરી ને ગોળી મોંઢામાં રાખવી એથી દારૂનો વાસ મોંઢામાંથી બહાર આવે નહીં.

૬=દારૂ પીધો હોય તેનો વાસ મોંઢામાંથી આવે નહીં તે માટે—ઉપલેટ, એલચી, વાળો, જેઠીમધ, મોથ, ધાણા સંભાગે ચુરણ કરી ચેવલી પાનના રસમાં બોર જેવડી ગોળી કરી દારૂ પીનારે મેંઢામાં રાખવી.

૭=દારૂની તલપ ભાંગે—દારૂ પીનારને દારૂ મળે નહીં અને દારૂ માટે ઘણી ઇચ્છા થાય ત્યારે કાળા મરીની ચાહ બનાવી ગરમ ગરમ પીવાથી સંતોષ મળે છે.

## પીવાનો દારૂ સુધરે, દારૂનો ખરાબ વાસ નીકળી જાય.

## કંત્રી દારૂ સુધારવાનો નુકશો.

૧=કંત્રી દારૂ સુધારવા માટે—બદીઆન ૧ તોલો, કેસર, ાા તોલો એલચી ૧ તોલો, ધાણા ના તોલો, કસ્તુરી ૧ વાલ, દારૂ ૧ ગ્યાલન, સાકેર ાાા શેર, જેઠીમધ ૨ તોલો એ બધાંને ૭

દીવસ ભીંજવી રાખી રોજ હલાવે, પછી ગાળી નાંખે. વધુ ગરમી લાવવા માટે ચોપચાની ૧ તોલો, પીપળીમુળના ગાંઠ ૧ તોલો નાખે.

૨=દારૂનો મસાલો—દારૂ મણુ ૧, તજ તોલા ૬, ગુલાબનાં ફુલ શેર ૦।, ફુદનો શેર ૦।, પાનની જડ તોલા ૬, ખસખસ તોલા ૪, બકરાની મુડી આખી કાચી ૧, સઘળાંને ભેક કરી રાખે. રાત રાખી સહવારે ભઠ્ઠી શળગાવી દારૂ કાઢે.

દારૂ મસાલેદાર, મહુડાંનો વાસ નીકળી જાય અને દારૂ સુધરે—બાદીઆન, એલચી, ધાણા દરેક તોલો ૧, કેસર તોલો ૦।, કસ્તુરી ૧ વાલ, જેઠી મધ ૨ તોલા, સાકેર શેર ૦॥, દારૂ એક ગ્યાલન સાત દીવસ ભીંજવી રાખે. અને દરરોજ હલાવે.

૪=દેશી દારૂનો મસાલો-કેરેવે (કેરવાસી બાસકાટમાં નાંખે છે તે) તોલો ૧।, એલચી તોલા બે, કારસબ્જ સારી જાતની તોલો ૦॥, જેઠીમધનું મુળીયું તોલો ૧, ગોળ શેર ૦॥, દારૂ ૧ ગેલન.

કેરવાસી ગરમ કરવી, એલચી ગરમ કરી છોળતાં કાઢી નાખવાં. દરેક વસાણુ ખોખરૂં કરી ગોળ સાથ મેળવવું. મલમલના લુગડાંમાં પોટલી બનાવી તે પોટલી દારૂમાં તરતી રાખવી. પાંચ દીવસ પછી પોટલી કહાડી લેવી. વધુ વખત રહે તો અડચણ નથી. દારૂમાંથી મહુવડાનો ખરાબ વાસ તથા પાણી પાવાનો અવગુણુ નીકળી જશે. દારૂ જેમ જુનો થશે તેમ સ્વાદમાં વધશે.

## દાઢી પાકે—માંકડીના ફુલ્લા.

૧=દાઢી પાકે—તે માટે લીંબુના રસમાં લુગડાને ૩ પટ આપવા તેની રાખ કરવી દાઢી ઉપર લીંબુનો રસ ચોપડી તે ઉપર રાખ ભભરાવવી, આથી દાઢી પાકેલી સારી થાય છે,

૨=લીંબુનો રસ અને તલનુ તેલ સમભાગે મેળવી લગાડે.

## દીલ વાસ મારે-શરીર દુર્ગંધ મારે.

દીલ વાસ મારતું હોય તે માટે—કમોદના ચોખા (નવા વધારે સારા છે) શેર ૧ લેવા. તેને પાણીમાં ઉકાળી પેજ બનાવવો. એક કુમળી કાકડીનું ડોકું કાપી નાખી કાકડીની અંદરનો મવાદ કાહાડી નાંખ્યા પછી તેમાં ચોખાનો પેજ ભરવો. પેજ થંડો પડયા પછી કાહાડીને પીવામાં લેવો. કાકડી ખાવામાં લેવી નહીં.

૨=શરીર દુર્ગંધ મારે ત્યારે—બીલીના પાનનો રસ લગાડવો.

## દીવાનાપણું-ઘેલાપણું-મગજની અશાંતી-ઘેલછા-ઉન્માદ ચિતભ્રહ્મ વાયુ.

૧=ઘેલાપણા માટે બે આની ભાર નાગર મોથ દુધમાં આપવી.

૨=અથવા પીપળાની વડવઇ ૦। તો. પાણી સાથ પીવી. વડવઇ સાથ ૦।। વાલ અફીણ ઉમેરવાથી એનો ગુણ વધે છે.

૩=સુકાં અણસીઆંનો ભુકો ૧) રતી મધ સાથે ચાટવો.

૪=હરણના સીંગડાની રાખ ૨) વાલ, પીપર ૧) વાલ મધ સાથ ખવાડવી.

૫=ધમાસાના ઉકાળામાં ઘી નાંખીને રોજ પીવું.

૬=ગાયનું જુનું ઘી ખાવામાં ગુણકારી છે.

૭=આ દરદ માટે સોનાનો વરખ વધારે કામ કરે છે અને બ્રહ્મીનો પાલો સૌથી વધારે ઉપયોગી છે. આ ત્રણે વસ્તુ જુદી જુદી ઘણો વખત ખાય તેમાં પણ ફાયદો છે. પણ બ્રહ્મીનો પાલો ઘી સાથે ઉકાળી તેનું ઘી તોલો ૧ અથવા ૨ તથા સોનાના વરકનું પાનું ૧ રોજ ખવાડે તો બહુ ફાયદો થાય. ઇલાજ લાંબો વખત ચાલુ રાખવો.

૮=ધંતુરાનું બી ૧ અને પીપર નંગ ૨૧ મેળવી તે ચુરણ ચાર તોલા જુના ઘી સાથે રોજ ૧ વાર સાત દીવસ ખાવું. પછી દર અઠવાડીએ ધંતુરાનું બી એકેક વધારતા જવું. પાંચ બી ખાવામાં આવે ત્યાં સુધી વધવું, પછી દર અઠવાડીએ એકેક ઓછું લેવું.

૯=તાડની ડાળીઓનો રસ બે તોલા એકલો અથવા જુના ઘી સાથ ખાવાથી ફાયદો થાય છે.

૧૦=દરદીએ બદામ રોજ સવારે ખાવી, અને બ્રહ્મીના પાનનો રસ ૨) તોલા ખાવો.

૧૧=૧) ટાંક કાળીમુસળી દરદી પોતાની પીસાબમાં ઘસી પીએ તો ફાયદો થાય છે.

૧૨=મગજની બીમારીમાં ધંતુરાના ૪) બી અથવા પાનનો રસ ૦ાા તોલો ઘીમાં મેળવી ખવાડે છે.

૧૩=ઘેલા દરદીનું તોફાન નરમ કરવા કપુર ૧) વાલ દીવસમાં ૩) વાર ખવાડે તો ફાયદો થાય છે.

૧૪=મગજની બીમારી માટે—બ્રહ્મીના પાલાનું ચુરણ ૦ાા તોલો મેળવીને રોજ બે વાર ખાવું. ચાલુ રોજ બે વાર ખાવું. આ ઈલાજ બહુ જાણીતો છે.

૧૫=ઘેલાપણા માટે જુનું ઘી જાથુક ખાવું અને માથે મસળવું.

બ્રહ્મીના પાનનો રસ ૪ શેર, ઘી ૪ શેર, ગોડાવજ ૧૪, કોષ્ટ, સંખ, પુરંગી, દરેક ૦ાા શેર ઉકાળી ઘી બનાવવું. ઉપલા દરદો માટે આ ઘીનું સેવન કરવું.

ચિત્તભ્રમ વાયુ, ઘેલાપણું, ઉનમાદ—બ્રહ્મીનો રસ એક તોલો કુળીજણ અથવા અકલગરો ૩ માસા અને ૦ાા તોલો મધ રોજ બે વાર આપ્યા જવું. આ ઈલાજ ઘણો સારો છે.

**જુઓ "ઘેલાપણું"="ઉન્માદ"="મગજની બીમારી"= "ચિતભ્રમ વાયુ"**

## ધ્રુજારી.

૧=ધ્રુજારી મટે—તુળસીના પાતરાંના રસમાં પીપર ઘસીને પાય તો ધ્રુજારી મટે.

૨=હાથ પગના ધ્રુજારા માટે—ઝેહેર કચલાને પાણીમાં ઉકાળી, ઉપરની છાલ કાઢી નાખવી, આ સાફ કરેલા કચલા, અફીણ, મરી સંભાગે લઇ તેમાંથી ૧ રતીભાર દરરોજ સવારે ખાવું.

હાથ ધ્રુજે=હાથમાં કલમ પકડાય નહી, બરડાના કાથાંમાં દુખાવો થાય —તે માટે ઝેહેર કચરાના ભુકાનું ઉપર લખવા મુજબ સેવન કરવું. લખતી વેળા સ્ટીલ પેનનું હેંડલ ધાતુનું રાખવું નહીં.

ઝેહેર કચરો સુદ્ધ કરેલો ૧ થી બે વાલ રોજ લેવો. ઝેહેર કરચરાને ગૌમૂત્રમાં ૩ કલાક બાફવાં, ઉપરની છાલ કાહવી, તેની બે ફાડ વચેની જીભ કાહાડી નાંખવી, તેને સેકી ચુરણુ બનાવવું. આ ક્રીયા થવાથી, એનુ ઝેહેર, કડવાસ, અને ઉગ્રતા ઓછી થાય છે, તેથી ૧ થી ૨ વાલ દર ટંકે લઇ શકાય છે.

## ધાત વધે-વિર્ય વધે-શરીરે શક્તિ આવે-પુરૂષાતન વધે.

૧=ધાત વધે—ધાત વધારવા માટે તલ, મોચરસ, ભોં કોળું સરખે ભાગે મેળવી ૧ તોલો સવાર સાંજ ખાવું.

૨=પુરૂષાતન વધે—તુળસીના બી અને ગોળ સંભાગે મેળવી તેમાંથી ૧) તોલો રોજ સહવારે ખાઇ ઉપરથી દુધ પીવું.

૩=વીર્યનો વધારો, શરીરમાં કઉતી—દારૂડીની છાલનો રસ તોલા ૪૦, શાકેર તોલા ૨૦, કેસર માસા ૪, જાયફળ તોલો ાા, કેવડાનું પાણી તોલા ૨૦, એનું સરબત કરી ૧ તોલો સરબત ને દુધ ાા શેર સાથે પીવું.

૫=શરીરે શકતી આવે—ભોંયરીંગણીના બીજ તોલો ૧ાા, ઘઊંનો આટો તોલો ૧ાા, એની ૩ ગોળી કરી કાળી મોટી મરઘીને ખવાડે. ૧ અથવા ૨ પહોર પછી તેને હલાલ કરે, સાફ કરી જીના કટકા કરી ૧ શેર અથવા ઉકળતાં ઘીમાં પકાવે આ પકાવેલી મરઘી નવ દીવસ સુધી ખાવી બુરીઆન કરીને ખાય તો અડચણુ નહીં.

૬=શકતી માટે—મરી, અકલગરો, સુંઠ દરેક વાલ ૧, એક ઇંડાની દાળ. એ બધાને મધ સાથે એકરસ કરી દીવસમાં બે વાર ખાય તો શકતી બહુ વધે છે.

૭=વીર્ય વધે—મસતકી, અને અખરોટની મીજ ૦। તોલો મધ સાથે મેળવી રાત્રે ચાટે તો વીર્ય વધે છે. જાવંત્રી પાન સાથે સહુવારના પહોરમાં ખાય તો વધુ ફાયદો થાય.

૮=શરીરે શકતી વધે—માલકાકણી શેર ૧, કાળા તલ ૩ પઇસાભાર, લાલ ચણોટી ૩ પઇસાભાર, ધતુરાના બી ૩ પઇસાભાર, તથા ભંગ ૩ પઇસાભાર લેવી. તેને તેલના ૩ પટ દેવા અને પાતાળ જંતરમાં તેલ ગાળી લેવું. આ તેલના ૩ ટીપાં પાનપર લગાડી ખાવાં અને તેલ પાન પર લગાડી તે પાન નસ તથા માઉંસના લોચા ઉપર બાંધે તો શકતી આવે.

૯=વીર્ય વધે—૧ કળીવાલું લસન એક અને એક શેર દુધ ઉકાળી લુગડાંથી ગાળીને રોજ પીવું.

૧૦=બંધેજ રેહે, કઉવત આપે—મુળાના બીજ તોલો ૦। વાટી પાણી સાથ ત્રણ દીવસ પીએ તો બંધેજ રહે.

૧૧=વીર્ય વધે—મુસળી કંદના બીજ નવટાંકના ભુકાને ગોળ સાથ ચીની બોર જેવડી ગોળી બનાવી દરરોજ ૧ ખાય તો શરીરે તાકાદ વધે,

૧૨=વીર્ય વધે—બકરાના અંડકોષ, (કપોળીઓ) ઘી, લીંડીપીપર સાથ ગરમ કરી દુધમાં પકાવી ખાય તો હાલવા ચાલવાની શકતી ઘણી આવે.

૧૩=વીર્ય વધે—સહવારે રોજ બદામ ખાવી.

૧૪=ધાતુ પુષ્ટ—કાચા કુમળા ભીંડા ખાવામાં ધાતુપુષ્ટ છે.

૧૫=શકતી માટે—ઘઉંનો આટો શેર ૧ લેવો, ૧ શેર ઘીમાં તળવો પછી નીચલી ચીજો સાથે મેળવવો—ગોળ શેર ૧) જુનો ૩ વર્ષનો લેવો. ગાયનું ઘી ૧ શેર. આંબા હળદર, અસાળીઓ, મેથી અમેરી, માલ કાકણીના બીજ, ગોખરૂ દરેક શેર ૦।, ભોંયરીંગણીના બી શેર ૦॥ મેળવીને રોજ એક તોલો ખાવો.

## વિર્ય વધે, બળ વધે, સ્તનમાં દુધ વધે.

૧૬=અળદની દાળનો આટો, ઘી, ખાંડમાં પકાવી તેનો હળ બનાવી રોજ ખાવામાં લેવો. અડદ અને દુધ સાથે ખાવામાં શરીરને નુકસાન થાય છે.

૧૭=દીલ સાફ રહે—જો સુનામખી ગાયના દુધ સાથે રોજ ખાય તો મરાદનગી વધે—જો બકરીના દુધ સાથે રોજ ખાય તો નહીં—હરણના દુધ સાથે રોજ ખાય તો ચાલવાની શકતી વધે.

૧૮=ધાતુ પુષ્ટી માટે—રતનજોતની કળી ૫) ઘીમાં તળી સાકર સાથે રોજ બે વાર ખાવી.

૧૯=વિર્ય વધે, સ્ત્રીને દુધ વધે—૦ાા તોલો અસાળીઆને દુધ સાથે પકાવી ખીર બનાવી રોજ ખાવી.

૨૦=વિર્ય વધે, પીત્ત અને દાહ મટે, પીસાબે અગન, પીસાબમાં પરૂ—આ દરદો માટે ૧ તોલો કમળ કાકડી પાણીમાં વાટી પીએ તો બહુજ મોટો ફાયદો થાય. બીજની અંદર લીલો પદાર્થ છે તે કહાડી નાંખવો. ખોરાકમાં મગની દાળ અને ચોખા ખાવા.

પુરૂષત્વ વધે—કાંદાનો રસ આદુનો રસ, મધ, ઘી, સંભાગે મેળવીને ૨ તોલા રોજ સહવારે ખાવું.

૨૧=ધાતુ પુષ્ટીનો પ્રયોગ—અડદની દાળ ૨ શેર ને ૧) શેર કાંદાના રસમાં પટ આપવો આ મુજબ ૨૦ પટ આપવા, એટલે ૧ મણ કાંદા વાપરવા. આ દાળનો દેખાવ માણેકના રંગના જેવો થશે.

આ બે તોલા દાળને દુધમાં પકવવી, દાળ ચરી રહે એટલે ૨) તોલો સાકેર સાથ ઘુંટવી, તેમાં ૦ાા અથવા એક) શેર દુધ નાખી ઉકાળીને ૪૦ દીન સુધી રોજ સહવારે પીવી.

૨૨=નબળાઈ દુર થાય, શરીરે શકતી વધે—બાવળના કુમળા પડદાના રસમાં મલમલનું લુગડું એક હાથ ભીંજવી છાયામાં સુકવે. આ મુજબ ચઉદ પટ આપે. પછી તે કટકાના ચઉદ ભાગ પાડે. ૧ ભાગ દુધમાં ઉકાળી પીએ.

ધાતુ પુષ્ટી ચુરણ—બાવળના કુમળાં પડદાનું ચુરણ, ખાંડ, સતાવરી, ગોખરૂ, મુસળી સંભાગે મેળવી તેનું ૦ા તોલો ચુરણ ૦ાા શેર દુધમાં ઉકાળી રોજ બે વાર પીવું.

૨૪=રગે માહી ૧ ભાગ, પીપર ૭ ભાગ, મધ ૭ ભાગ મેળવીને તેમાંથી ૦ા અથવા અરધો તોલો ખોરાક ખાધા પછી રોજ ઠંડા પાણી સાથે ખાવો.

૨૫=પુરૂષાતન માટે—આંબાના ઝાડનો વાંદો, ગોખરૂ, સુનવે હેલ સંભાગે મેળવીને ૨-૩ પઇસાભાર સાકર સાથે ખાવો અથવા ઉકાળો કરી પીવો.

૨૬=વીરય વધે, શકતી વધે—આમળાના ચુરણને, લીલા આમળાના રસમાં બે વાર પટ આપી છાયામાં સુકવે. ૦। તોલો ચુરણ સાકેર સાથે રોજ બે વાર ભુખે પેટે ખાઇ ઉપરથી દુધ પીએ.

મરદને શકતી વધે—ખાખરાના મુળનું ચુરણ લાખ દીધેલાં કાદવના વાસણમાં મુકે. તે વાસણ ઢાંકી ઉપર દેગાર કરે. તો મુળમાંથી રસ ઝરે. રસના ૪ ટીંપા પાનપર મુકી ખાય તો એકદમ શકતી વધે.

**જુઓ "ધાત વધે"="વિર્ય વધે"="શરીરે શક્તિ આવે"= "પુરૂષાતન વધે".**

## નસોને શકિત આવે-ઢીલી નસ મજબુત થાય.

૧=નસો ઢીલી પડે ત્યારે—વછનાગ, અફીણ, ધંતુરાનાં બી સંભાગે ચુરણ કરી ગાયના ઘીમાં મેળવી નસો ઉપર લેપ કરે તો તાત્કાળ ચમત્કાર બતાવે છે અને નસોમાં શકિત વધે છે.

૨=નસો ઢીલી પડે ત્યારે—વછનાગ, ભીંડા, ગળો સંભાગે ઘસીને નસો પર લેપ લગાડવો. લેપ સુકાયા પછી ગરમ પાણીથી ધોઇ ઘી મસળવું.

નસો છુટી પડે—વજ, આસંધ, ગજપીપર સંભાગે ભેંસના માખણમાં મેળવી મુરદાલ જગાપર લેપ કરે તો શકતી આવે.

૩=નસોને શકતી આવે—ચરબી મીઠા તેલ સાથે ગરમ કરી તેમાં થોડોક મુસક નાંખી, તે તેલ ઘીલી પડેલી અને નબળી નસો ઉપર લગાડે તો તેમાં શકતી આવે.

૪=નબળી નસોનો લેપ—સીંધવ અને કબુતરનો છેડ સંભાગે લેવો. મધ સાથ મેળવી ૭ દીન લેપ કરવો. ઢીલી નસો મજબુત થાય છે.

ઢીલી નસ માટે—સીંધવ પીસી, ઘીમાં મેળવી લેપ કરવો.

ઢીલી નસ માટે—સુંઠ અને ખારેકના ઠરીઆ છુંદી ઘી સાથે મેળવી લગાડે તો નસમાં શકતી આવે છે.

૫=ઢીલી નસ માટે, શકતીનો લેપ—હીંગળો, કપુર, જવખાર સંભાગે લઇ મધ સાથે લેપ લગાડે.

૬=નસોનો દુખાવો, હાથનો માર ખાવાથી થનો દુખાવો, પેટની ટાઢી ગાંઠ મટે—ગાં તોલો અથવા વધારે ઉમરાનું દુધ ૧૪ દીન સુધી રોજ સહવારે ચાટે.

ઉંબરો=કાળો ઉંબરો=ભોંય ઉંબરો=કટુંબરી.

આ ઝાડ ખારેટીના ઝાડને મળતું છે, ખારેટીના પાનને ખાંચો હોય છે. ઉંબરાના પાનને ખચો નથી. ફળ બંનેના એકસરખાં છે.

૭=ઢીલી નસો મજબુત થાય—કનેરના મુળને ગધેડાના મુતરમાં ઘસી લેપ કરે.

૮=નસોને તાકાત માટે—હાલચીગુીને ગાયના મુતરમાં ઘસીને લગાડે.

૯=ઢીલી નસોને કૌવત આવે—સુંઠ અને ખારેકનો ઠળીઆ ઘીમાં ઘસીને નસો ઉપર મસળે.

૧૦=ઢીલી નસો મજબુત થાય—શુરીજન પાણીમાં ઘસી ચામડી ઉપર લગાડવાથી નસોમાં જોર આવે.

૧૧=ઢીલી નસોને જોર આવે, વીર્ય સુધરે—સુવરની ચરબી અને મધ સંભાગે મેળવીને ચામડી ઉપર મલવાથી શરીરની નસોને મજબુતી આવે, નસ ફુલે અને લોહીનું ફરવું વધારે જોરથી થાય.

૧૨=ઢીલી નસ મજબુત થાય—હારકટીલા નામના જાનવરનું તેલ, સાહાડાના તેલ માફક કાઢે, આ તેલ બહુ જલદ છે, તેલ નસપર લગાડી બકરાની મુંડીના ગોસનો ખીમો બાંધે અને ઉપર ચોલી પાન-ઉંધાં બાંધે. સોજો આવે (ઉડે) તો ગાયનું ઘી રોજ બે વાર ચોપડવું. હાર કટીલો, સરદા, અને સાહાડાની જાતનું ઘણું ઝેરી જાનવર છે. એની ફુંકથી અંધાપો આવે એનું માંસ જરાબી ખાધામાં આવે. તો મરણ નીપજે. એ ઘણી જાતના રંગ બદલે છે.

૧૩=નસોને શકતી આવે. બંધેજ રહે, હાથ ધ્રુજતા નરમ પડે—રતનજોતનું દુધ ૩ દીવસ લગાડયા કરવું, તેથી ચામડી પર લોહી ફરતું થશે. વધુ લગાડે તો ફોલ્ડઓ ઉઠે. અથવા રતનજોતનું દુધ ૧ ભાગ પાણી ૫ ભાગ મેળવીને તેનાં પોતાં નબળી નસવાળા ભાગ ઉપર મુકી ૧ કલાક રહેવા દેવું. એ પ્રમાણે રોજ લગાડવું. અથવા ધ્રુજતા હાથના આંગલાં આ પાણીમાં રોજ ૧ કલાક બોળી રાખવાં.

૧૪=શરીરની નસો મજબુત થાય. લવંગ, સુંઠ, અકલગરો સંભાગે લઇ બારીક કરીને ચામડી ઉપર મસળે

સાહાડાનું તેલ—મરદને શકતી માટે ઉપયોગી છે. સાહાડાને ચીરી અંદર નીચે મુજબ મસાલો ૧ રસ કરી ભરવો. જાયફળ, જાવંત્રી લવંગ, કેસર એકેક ભાગ, સફેદ લોબાન. માલકાકણી બબે ભાગ, સાહાડાની અંદર મસાલો ભરી તેને સીવી લેવો. પેણો ચુલા ઉપર કોરવેકો મુકીને તેલ નીકળે તે કાઢી લેવું. આ તેલ ઢીલી પડેલી નસપર ચોળીએ તો નસ મજબુત થાય. કોમળ ચામડીને લગાડે તો ફોલ્ડઆ ઉઠે.

૧૫=ખેંચાયલી નસ છુંટી પડે—પડી જવાથી, અફળાવાથી અથવા કુટેવથી નસ ગંટાઇ અને ખેંચાઇ ગઇ હોય તો મધ અને સીંધવ મેળવીને માલેસ કરવું.

૧૬=નસ ઢીલી પડી હોય તો અબરકનો ભુકો નસો ઉપર મસળવાથી શક્તિ આવે છે.

દેશી વઇદું અબરકને ખાવામાં બહુ વાપરે છે.

૧૭=નસ મજબુત થાય—પીપરલીંડી, ખાંડ મધ સંભાગે મેલવી લેપ કરે, તે ઉપર નાગરવેલ પાન બાધે.

૧૮=ખીળી નસમાં શકતી આવે—૦। તો૦ પાન ૦॥ તો૦ સફેદ કનેરની છાલ છુંદી તેમાં ૨) તો. તેલ નાખી ઉકાળે; પાણી બળી રહે ને તેલ ગાળી લીએ. આ તેલ નસપર મસળે.

૧૯=કચરાનું તેલ—આ તેલ ગાઉટી ઓઇલ તરીકે ઓળખાય છે. તે લકવા, સાંધાનું દરદ, નસની નબળાઇ માટે ચોળવામાં આવે છે. બનાવવાની રીત—કચરાને તેલ યા દીવેલનો હાથ દઇ

ઠીકરા ઉપર સેકવા અને ફુળે નેબહાર કહાડવા. બળવા દેવા નહીં (બળીને કાળા થાય તો તેલમાં કસ આવે નહીં.) થંડા પડે ને છુંદવા બહુ બારીક નહીં. ભુકાના વજન કરતાં ચાર ઘણું દુધ નાખવું અને ઉકાળવું પછી ભુકા કરતાં એવડું તેલ તલનું નાખવું. અને ઉકાળવું. દુધને માવો બધાશે અને તેલ છુટું પડે તે નીતારી લેવું. સ્પીરીટમાં જેટલો કસ કચરાનો ઉતરે છે તેટલો તેલમાં ઉતરતો નથી એમ કેટલાક માને છે.

૨૦=શરીરની ઘીલી નશો માટે—ધંતુરાનું ઘી બનાવીને દીવસમાં બે વાર ધીલી થયલી નશો પર મસળવું અને વટાણા જેટલું ખાવામાં એક વાર લેવું આ મોગલાઈ ઇલાજ છે.

૨૧=નસ ગંઠાએલી છુટી પડે—ફટકી ૦॥ તોલો મધ ૫) તો૦ ઘી તો૦ ૨ ગરમ કરી એક રસ કરે તેમાં કપડું બોળીને ગંઠાયલા ભાગપર મુકી પાટો બાંધે.

ઢીલી નસ મજબુત થાય, શરીરનાં નબળા અવયવો મજબુત થાય—પીળવંતના ફુળના સુકા ઠળીઆ ભરડી તેની મીંજ કહાડે તેનું તેલ બનાવે તે તેલ ઘીના જેવું ઘટ છે. રંગે પીળું છે, તેને ખાખણુ કહે છે આ ઘી વઘારમાં લેવાય છેઃ વાયડી તરકારી અથવા કઠોર સાથ ખવાય છે. આ તેલ મસળવાથી ફાયદો થાય છે.

જુઓ "પુરૂષાતન"-"મરદને શકતી"

૨૨=સફેદ કણેરની, આકડાની, ધંતુરાની જડ, ધંતુરાના બી, અકલગરો, માલકાકણીના બીજ, ચણોટી, રૂમી મસતકી, દરેક બે તોલા, એનું ચુરણ બનાવી ૧૦ શેર દુધમાં ઉકાળે, દુધ ૭) શેર રહે તેનું ઘી બનાવે તે ઘી ગળવેળ અથવા એરંડીઆના પાતરાં પર લગાડે અને ઢીલી નસ પર બાંધે.

૨૩=આળસીઆં શરીરની સુરતી ભાંગે—આળસીઆ ૦॥ તો. તેલ ૨) તો. કમર કાકડી ૦॥ તોલો પાણી ૧૬ તોલા એઓને ઉકાળી તેલ બનાવી પગની એડીએ લગાડે.

૨૪=ગાડરનું દુધ મસળે. ૧૫ દીવસ.
ગાયને પીતો મસળે. ,,

પીપલાની છાલની રાખ માખણમાં મેળવી મસળે અને લેપ લગાડે.

રીંગણનું ફુલ, કોઠમડો, વજ કાવલી, અસન, પાણીમાં ઘસી લેપ કરે. અથવા એની ગોટી બનાવે, તે ઘસીને લેપ કરે.

૨૫=નસો માટે—ખારેકનો ઠળીઓ અને સુંઠ, મધ સાથ ઘસીને નસો ઉપર મસળવો.

૨૬=ખારેકને મધ સાથ ઘસીને નસો પર મસળે.

૨૭=તજ તથા ચીનીકબાલા સંભાગે લઇ મધમાં બોર જેવી ગોળી બનાવવી. સાંજે ખાધા પછી તે ગોળી મોંઢામાં મુકો ચાવે, તેનો મગજ કહાડે, તે ચીક ચામડીને લગાડી એક પહોર સુધી રાખે, તેથી ચામડીની નસ ફુલે છે અને શકતી આવે છે.

૨૮=ઢીલી નસ મજબુત થાય—લાલ, તથા સફેદ ચણોટીનું, દેવડાગરીના ફળનું મુળીઉ પાણીમાં ઘસીને ચામડી પર દીન ૧૪ લગાડે તો મજબુતાઈ આવે.

૨૯=અફીણ. જાયફળ, કેશર, કાળા ધંતુરાના બી સંભાગે લઇ માખણ સાથે લેપ કરી નબળી નસો પર લગાડવું.

નબળાઇને લીધે શરીરના માઉંસના લોચા ફફડે છે તથા ઉઠે છે ત્યારે અફીણ ખાવામાં આપે છે.

૩૦=આળસીઆંને, બકરાના ગોસ સાથ છુંદી દીન સાત સુધી લેપ કરવો.

આળસીઆં, ઉજળી કનેરની જડ, ઉજળી ચણોઠીની જડ, એ દરેક અકેક તોલો, દેડકો એક, તેલ તોલા બે, એનું તેલ કહાડી કાગળ ઉપર ચોપડી ઢીલી નસો ઉપર બાંધવું.

૩૧=પારસ ભાંડીનું લીલું ડીંદવું કપુર સાથ મેળવી લેપ કરી ઉપર ધંતુરાનું પાતરૂં બાંધવું.

૩૨=કઉચાની જડ બકરાંનાં મુતરમાં ઘસી નસોને લગાડે, તો નસોમાં શકતી આવે.

૩૩=તજ અને ચીનીકબાલા સંભાગે લઇ મધ સાથે તેની ગોળીઓ ૦। તોલાની બનાવે તે ગોળી ૧) મોંઢામાં ચાવીને તે છુંદો ધીલી થયલી અને અડી ગયલી નસો પર લગાડે અને ૩) કલાક રાખે તો ફાયદો થાય,

૩૪=કનીરની જડને ઇંડાની સફેતીમાં ઘસીને ચામડી પર લેપ કરવો.

૩૫=કંટાળા થુવરના દુધમાં કપડું ૭ વાર ભીંજવવું. એવા સાત પત દેવા. લોઢાની કડછીમાં ગરમ કરી લુગડું તેમાં બોળી તેની પટી ૨૧ દીવસ સુધી નસપર બાંધવી, જગા લાલ થવાનો સંભવ છે, બલીસતર ઉઠે એટલીવાર રાખવું નહી. જો બલીસતર ઉઠે તો ગાયના ઘીમાં હીરાદખન અને સફેતો મેળવી મલમ કરી લગાડવો.

૩૬=કબુતરની લીંડી (ઘાબાલ) સીંચરખાર સાથ સંભાગે મધમાં મેળવીને લેપ લગાડવો ઉપર પાન બાંધવું દીન સાત સુધી લેપ મુકવો.

૩૭=કબુતરની પીખાલ અને સીંધાલુણ સંભાગે લઇ મધ સાથે પીસીને ચામડી ઉપર લેપ કરે.

પથરી પીગળી જાય—કબુતરની પીખાલ ૧ તોલો, કબુતરનો અઘાર ૧ાા તોલો, આ બંનેને નાળીએરના પાણીમાં દીન સાત સુધી પીસે તેમાંથી ૧ વાલ દીવસમાં ખવાડે.

૩૮=સુંઠ અને ખારેક સંભાગે ઘીમાં ઘસીને લેપ કરી નસો ઉપર મસળવું.

૩૯=ચંપેલાના પાંતરાનો લેપ નબળી નસો ઉપર બાંધવો.

૪૦=નસ ગંઠાઈ ગઇ હોય—રોહીડો ( અથવા અગર ) દારૂમાં ઘસીને લેપ કરે.

બદામનું તેલ ૧ ભાગ, ટરપેનટાઇન બે ભાગ, કપુર ૧ ભાગ, મીણુ એક ભાગ, જેહતુનનું (સાલીદનું) તેલ બે ભાગ, રાજમ પાંચ ભાગને ગરમ કરી મલમ બનાવી મસલીઆ કરવું.

૪૧=ઢીલી નસો મજબુત થાય—ભીમસેની કપુર, કેસર, લવંગ, મુળાના બીજ સંભાગે લઇ ચુરણુ બનાવે તેને ત્રણુ પોહોર ખરલ કરે. પછી દારૂમાં મેલવી તેનો લેપ કરી નસો ઉપર લગાડે અને તે ઉપર ચેવલી પાન બાંધે. ત્રણુ દીન આ ઈલાજ ચાલુ રાખે તો ધ્રુજરી વગેરે દુર થાય અને નસોમાં શકતી આવે.

૪૨=ઢીલી પડેલી નસોને શકતી માટે—મરી, ખાંડ, ઇસપન વાટી મધમાં મેળવી લેપ કરેથી શકતી આવે છે.

૪૩=નસને મજબુતી આવે—મરધાંને પીતો અને મોદારસીંગ વાટીને લેપ કરે તો નસોને શકતી આવે છે.

૪૩=નસોમાં શકતી આવે—મુળાના બીજ તોલો ા। નવટાંક તેલ નસોપર મસળે તો નસમાં જોર વધે છે.

૪૪=ઢીલી નસ મજબુત થાય—અંકોલની છાલના રસમાં બળબીજ અને ધંતુરાની જડ ઘસીં નસપર લેપ કરે.

ઢીલી નસ મજબુત થાય—અંકોલાનું તેલ ૧ માસ સુધી મસળવું.

ઢીલી નસ મજબુત થાએ; સુંઠ, ખારક; વેસંધ સંભાગે પાણી સાથે ઘસીને લગાડે.

હાથની નસ ગંઠાઇ જાય ત્યારે સીંધાલુણ હાથમાં રાખી મુકે તો નસ છુટે, અથવા સીંધવ પાણીમાં મેળવી નસપર લગાડે

ઢીલી નસ મજબુત થાય—સીંધવ, કબુતરને અઘાર મધમાં મેળવી લેપ કરે ૭) દીન ચાલુ રાખે.

## નાંકના દરદો-નસકોરી ફુટે-નાકમાંથી ચીપડા પડે આગરૂ, નાકમાંથી લોહી પડે અને પીંદસ.

અરડુસીના પાનનો રસ, હળદર સાકર સાથ પીવો ( પાન બાફી, હાથે ચોળી, રસ કહાડવો.

૨=ભુરૂકોળું કોઇબી બનાવત કરી ખાવું.

૩=બકરીનું દુધ સાકેર સાથ પીવું.

૪=દરાખનો રસ, દુધ, સાકેર મેળવી પીવું.

૫=આંબાની અથવા જાંબુની છાલ ૪) તોલા રાતરે ભીંજવી મધ સાથ સહવારે તેનું પાણી પીવું.

૬=ગાયના છાણનો રસ ૧) તોલો અને ઘી તોલો ૧) મધ તોલો ૦।। મેળવી પીવું.

૭=લોહીના ગાંઠા પડતા હોય તો જંગલી પારેવા (કબુતર)નું ચુરણ અથવા કબુતરની અઘાર વાલ ૪ મધ સાથ ખાવી.

૮=સેરડીનો રસ પીવાથી લોહીની ઉલતી ૫ દીવસમાં નરમ પડે.

૯=કપાસના પાન અથવા કપાસીઆ સાકેર સાથ ખાય.

૧૦=આવળની અથવા બોરડીની અંતર છાલનું ચુરણ દહીં સાકર સાથ દીવસમાં ૩) વાર ખાવું.

૧૧=સરપંખાના મૂળનું ચુરણુ બે વાલ સાકર સાથ ખાવું.

૧૨=ફુલવેલો ફટકડી ૨) વાલ, દહીં સાકર સાથ ખાવી.

૧૩=નસકોરી માટે ૫) તોલા ખજુર ૫) તોલા ઘી ખાવું.

નસકોરી ફુટયા કરતી હોય તો દરદીએ કેરબાની માળા પેહેરી રાખવાથી ફાયદો થાય છે.

૧૪=નસકોરી ફુટવા પછી કાંદાના ૨ કટકા કરી ગળે બાંધે તો લોહી બંધ થાય.

૧૫=નસકોરી ફુટે તે બંધ થાય—ઠંડા પાણીમાં લુગડું ભીંજવી ૧) કટકો માથાંપર મુકવો, બીજો ગરદનપર મુકવો.

૧૬=નસકોરી ફુટવાની ટેવ હોય, મગજ ખાલી થયું હોય તે માટે—એક શેર દુધી છોળી તેનો રસ કહાડે, તેમાં ૦। શેર માખન અને ૧ તોલો નાગકેશર મુકી ઉકાળે અને ઘી બનાવી તે નાકે મુકે. ઉકાળવા માટે વાસણ લોખંડનું જોઇએ તાંબાનું વાસણ નુકશાન કરે. માંથુ વાકું વાળી ઘી સારી પેઠે મગજમાં જવા દેવું. ઘી ગળામાં જાય તો અડચણ નથી.

૧૭=નસકોરી ફુટવાની ટેવવાળા દરદીને—ઘણી જુની દીવાલની છોનું રોરૂ ઘુંટી સુંઘાડવું અને છેનું રોરૂં પાણીમાં વાટી માંથે મુકવું. એ મુજબ કાળી મટોડી બી કામ કરે છે

૧૮=નસકોરી માટે—દાડમના ફુલનો રસ, આંબાની ગોટલીનો રસ અથવા કાંદાનો રસ અથવા આંબળાના ચુરણને પાણીમાં મેળવી માંથે લગાડે અથવા ૧૦૦) વાર ધોયલું ઘી માંથે મૂકે. અથવા તાંદલજાની ભાજીના પાનનો રસ અને ઘી સંજોગે ઊનાળી ઘા બનાવે અને તે ઘી આખા શરીરે લગાડડે.

૧૯=નાકમાંથી લોહી, પરૂ પડે—હરસના આજારવાળા દરદીને નાકમાંથી લોહી પડે તો લોહી બંધ ન થવું જોઇએ. લોહી બંધ કરવાની જરૂર પડે તો દુધીનો ગર, ચોલાઇની ભાજી અથવા ખાસુની ભાજી છુંદીને બોચી ઉપર બાંધવી અથવા સુખડ ગુલાબમાં ઘસી બોચીએ લગાડવું.

૨૦=નાકની બદબો નરમ પડે—માછલી અથવા લીસરૂં ખાવાથી, નાકે દમ લેતાં એક જાતની બદબો વીસરાત નિકળે છે તે માટે કોઠમીર ખાવી, દાળમાં અથવા ચાવલમાં નાખીને ખાય તો ફાયદો થાય.

૨૧=ચોમાસામાં હવાવાળી જગાપર કુતરાના કાન જેવી વસ્તુ જમીનમાંથી નીકળે છે. તે જરા કઠણુ ગોળ અથવા લંબગોળ રહે છે, એક ઇંચ લાંબી થાય છે. ગાજનીઆની માફક તે ઉપર છત્રી જેવો આકાર થતો નથી. એને સુકવીને ચુરણુ કરે તો બલું રંગનું ચુરણુ થાય છે. આ ચુરણુ ૪ વાલ અને તપકીર બે વાલ મેળવી નાકમાં લગાડે તો નાકના છોડ, ચીપડા નાકમાંથી નીકળતાં બંધ થાય.

નાકમાંથી લોહી પડે તો—કાંદો ભાંગીને સુંઘવો.

૨૨=નાકમાંથી નીકળતી છોલ, નીકળતું લોહી બંધ પડે—૪ તોલા ઘીમાં કેશર અને સાકર દરેક ાા તોલો ઉકાળીને ઘી નાકમાં ૧૪ દીવસ મુકવું.

૨૩=નાકમાંથી લોહી, પરૂ પડે—તો હીરાબોરનો ધુમાડો નાકે લેવો.

૨૪=નસકોરી ફુટે તે માટે સરકાના પોતાં માથાંપર મુકે તો લોહી બંધ થાય.

૨૪=નાકમાંથી લોહી વારંવાર નિકળે તે માટે ખજુર અને ઘી ગરમ કરી બે તોલા અથવા વધારે ૭ દિન સુધી રોજ બે વાર વાર ખાવું.

૨૫=જીરૂં, ઘી, અને સાકર મેળવી ૧ તો. અથવા વધારે ઘણા દીવસ ખાવાથી લોહી બંધ થાય.

૨૬=દહીં, જુનો ગોળ ૪) વાલ મેળવી રોજ સવારે ખાવાથી રકતપાટ મટે.

૨૭=સરપંખાનું મુળ પાણીમાં ઘસી સાકર મેળવી ખાવાથી લોહી બંધ થાય.

૨૮=કપાસના પાનનો અથવાં લીલાં જીદવાનો રસ ૧) તો સાકર સાથ ખાવાથી લોહી પડતું બંધ થાય.

૨૯=કપાસીઆનું મગજ પાણીમાં વાટી સાકર સાથ પીવાથી લોહી બંધ પડે.

૩૦=નાકની છોડ મટે—દહી, મરી,અને ગોળ ખાવો અથવા ઘી ગોળ અને વાયવડંગ ખાવાં.

૩૧=સુતી વેળા બે આણીભાર મરીની ભુકી ફાકવી ઉપરથી પાણી પીવું—નાકના છોડ સારા થાય.

૩૨=તુલસીના પાનનુ ચુરણુ નાકના છોડ માટે સુંઘવું.

૩૩=નાકમાં જખમ હોય તે માટે જાઇના પાનનો રસ અને જુનું ઘી અથવા એકલું જુનુ ઘી નાખે લગાડે.

છેક જખમ પર, અથવા મગજે જવા દેવું નાકમાં જીનો મસો હોય તે માટે—કરણુ, જાઇ અને મેણુરાના ફુળને તેલમાં મેળવી લગાડવું.

જુઓ " પીંદસ, " આગરૂ " " નસકોરી "

## નિદ્રા આવે, ઉંઘ લાવે.

૧=નિદ્રા લાવવા માટે, ૧) વાલ ભાંગ અને ૪) વાલ મરી મધમાં ખાવાં.

૨=અફીણુ લુગડાંમાં મુકી તે વારંવાર સુંઘવું.

૩=ખસખસ અને સાકેર મેળવી ૧)તોલો ચાવી ચાવીને રાતરે ખાવી.

૪=ખસખસના પોસ ૦ાં તો પાણીમાં ઉકાળી પીવો.

૫=ખુરાસાની અજમો ૧)વાલ મધ સાથ રાતરે ખાવો.

૬=પીપળીમૂળના ગઠોડાનું ચુરણુ ૦ા તોલો મધમાં રાતરે ખાવું.

૭=ઉંઘ લાવવા માટે પગના તળીઆં પર તલનું તેલ મસળવું

૮ઊંઘ લાવવા માટે પિલુડીંના મૂળનો ઊકાળો ગોળ નાખી પીવો.

૯=રાતરે ખોરાક ખાવો નહી જરૂર હોય તો ભેંસનું ગરમ દુધ પીવું.

જુઓ " ઉંઘ લાવે "

## નખ છેર.

નખ છેર માટે—બકરાંના પીટટાને જરાકાનું પાડી નખછેર પર બાંધે. પાણી સુકાઇ જાય ત્યારે ખપ જણાય તો બીજો પીટટો બાંધે. અથવા જુનો રૂં બાંધી પાણીથી ભીંજેલો રાખે.

## નીસા છુટે.

નીસા અફીણની છુટે—અફીણનું બંધારણ છુટે. ૧) રતી કપુર રોજ ૩)વાર ખાએ.

જુઓ " અફીણનું બંધારણ "

## નારગોર—જળંદર.

૧=નારગોર માટે—કંટારા થુવરના દુધમાં બાજરીના આટાની ગોળી વાળ જેવડી આપે તો પેટ આવે. (ગમ સ્કેમોનાઇનનું કામ એ કરે છે.)

૨=ગલ પાપડીનો વેલો વડના ઝાડના નીચે અને ઉનાળામાં તળાવની પારે, અને ઘરના વાડામાં થાય છે ...તરાં ગોળ હોય છે, અથવા કોઈવાર લાંબા થય છે. કમોઈના ઝાડ ...ન જેવાં એના પાન છે. એની ઉપર જીણી સીંગ થાય છે.

નારગોર માટે—એના ગોળ પાન ૦૧ તોલો લેવાં તેને દુધ સાથ વાટી ગોળ મેળવી ખવાડવાં, ઉપરથી બકરીનું દુધ પાવું, રોટી અને આદુ સિવાય બીજું કાંઇ ખાવું નહીં.

૩=બાજરીના આટાને કંટારીઆ થુઅરના દુધમાં મેળવી ગોળી ૧ વાલ જેવડી બનાવે ને ૧ અથવા વધુ ગોળી દરરોજ દરદી ખાએ અને ઉપરથી છાસ પીએ.

૪=નારગોર માટે—સુરત શહેરની પાસે પુના ગામમાં ખાડી-પર નરગોટી ઝાડ થાય છે, તેના પાનનો રસ બે તોલા પીએ અને રસ પેતપર લગાડે.

૫=નારગોર માટે—તળાવના પાણીમાં નારીની ભાજી થાય છે તે ૧ તોલો ભાજી છુંદી તેનો રસ સહવારે પીવો તે ભાજી બારીને બપોરે અને રાતરે ખાવી. અને તેને લેપડી પેતપર મુકવી.

૬=જળદંર—કરવી શેરડી ખાવાથી જળદંરને ફાયદો છે.

૭=જળંદર, પેતના દરદો, ઝાડાની કબજીઆત માટે—સુનામખી નસ કાઢેલી, નીસેતર, જીરૂં, સફેદ દરેક ૩ તોલા, સુરોખાર ૦ાા તોલો, મધ ૫ તોલા. મેળવીને પાક બનાવવો. તેમાંથી ૦ા તોલો અથવા વધારે ખાવો.

૮=જળદંર માટે—રાઇ બારીક કરી ગાયના મુતરમાં ૧ થી ૪ વાલ ખાવી.

૯=જળંદર—જેને વાયુનું જળંદર હોય, જેનુ પેટ ઠોકવાથી ઘોળના જેવો અવાજ કરે, તે દરદીને રાઈ ૦ા તોલો અથવા ઓછી વધતી લઇને ગાયના મુતર સાથ મેળવી રોજ ખવાડવી જેના પેટ પર આંગળી દાબવાથી ખારો પડે અથવા પેટમાં ગાંઠ બંધાય તે દરદ જોખમભરેલું છે.

૧૦=જલંદર, અરોળ, લીવર, પીસાબ—આ દરદો માટે ૦ા તોલો સાટોદા, સુંઠ અને કરીઆતાનો કાવો, પીવામાં આપે છે.

## નાસુર-વરણુ-ભગંદર.

૧=નાસુર અને વરણુ—પરૂવાળા જખમ ઉપર ગોળ બાંધવાથી પરૂ સાફ થાય છે.

૨=નાસુર માટે—નાસનાના પાંતરાં છાયામાં સુકાવી બાળીને રાખ કરી તે રાખ દાબવાથી નાસુર જાય અને જખમ રૂઝાય. આ ઇલાજ ઘણો સારો છે.

૩=નાસુર માટે—મેંસાગુંગળ તથા કળી સુનો બંને બરાબર લઇને પાણીનાં ટીપાં નાંખતા જવું ને ખરળ કરતાં જવું, પછી તેનો કાકરો કરી નાસુરમાં મુકે, તે ઉપર મલમની પટી લગાડે. રૂઝે ત્યાં લગણુ મલમ લગાડયા કરે.

૪=નાસુર માટે—ગાંજાના પાલાનો રસ નાસુરમાં ભરવો. નાસુર મોટું હોય તો તેમાં ફટકડી ઉમેરવી. પીચકારી વતી રસ નાંખવો.

૫=નાસુર—નાસુરવાળા દરદીને થુવર કનટાસરાનો સુકો ગર હુકામાં રોજ સવારમાં પીવાડવો.

૬=ચકલીના અઘારનો લેપ નાસુપર મુકવાથી ફાયદો થાય છે.

૭=આમલીના કચુકાને પાણીમાં પલારી રાખી છોટલા કહાડી નાંખવા, તેજ પાણીમાં કચુકાને વાટીને તેની બત્તી બનાવવી અને નાસુરમાં મુકવી. આથી દુખાવો થાય છે પણ જલદી સારૂં થાય છે.

૮=ખજુરના ઠળીઆને તેલમાં બાળીને તે તેલ મસળવું અને નાસુરમાં મુકવું,

૯=આમલીના ચીચોરાની રાખ અને બીલાડીનું હાડકું ઘસીને ભુકો કરી બંને મેળવીને અંદર મુકવું.

૧૦=જેટલી જાડી જોઇએ તેટલી રૂની જોત બનાવી તેને ઇંડાની સફેતીમાં બોળી નાસુરમાં મુકવાથી સારૂં થાય છે.

૧૧=નાસુર અને વ્રણ ઉપર આસનનો ભુકો કરી ભભરાવવો.

૧૨=નાસુર સારૂ થાય—ઇંડાની જરદી અને મીઠું, લીમડાના ઝાડની સળીથી મેળવીને મુકવું.

૧૩=નાસુર માટે—કાળા તલ વાટીને લેપડી મુકવી.

સફેદ તલ ખાવામાં સારા છે. કાલા તલ દવામાં સારા છે.

૧૪=નાસુર સારૂ થાય—આમળીના ચીચોરા પાણીમાં ઘસીને નાસુરપર લગાડે, તે ઘસાડો નાસુરની અંદર જવાથી વધુ ફાયદો થાય.

૧૫=નાસુર વ્રણ ઉપર હળદર બારીક ભભરાવવી

૧૬=ભગંદર માટે—માણસના હાડકાંના બારીક ભુકાનો મલમ કરવો, તેને રેસમના કકરા ઉપર લગાડવો અને ભગંદરમાં મુકવો, અથવા હાડકું પાણીમાં ઘસી ભગંદરની અંદર અને ઉપર મુંકવું.

૧૭=નાસુર ઉપર સમુદ્ર સોસની રાખ મુકવી. અથવા નાંસુરમાં ભરવી.

૧૮=નાસુર—આટોડીના પાતરાંની લેપડી નાસુર ઉપર મુકે, તો ફાયદો થાય.

૧૯=નાસુર-ભગંદર—સાટોડીના પાંદડાને છુંદીને નાસુર ઉપર મુકે તો પરૂં સુસાઈ જાય અને રૂઝ આવે.

૨૦=નાસુર માટે—સાપની કાંચરીની રાખ ઉમરાના દુધમાં મેળવી તેનું પુમડું નાસુર ઉપર ૧૦ દીવસ મુકયા કરે.

નાસુર—સાપની કાંચળીની રાખ નાસુર ઉપર ભભરાવે તો ફાયદો થાય.

૨૧=નાસુર માટે—સતાવરીનું મુળ પાણીમાં ઘસી લગાડવું.

૨૨=નાસુરવાલો દરદી—હંમેશા લીમડાનું દાતણુ કરે તો ફાયદો થાય છે.

વડવાઈની લેપડી—ભગંદર ઉપર મુકે તો ફાયદો થાય છે.

૨૩=ભગંદર માટે—પારસના ફળનો રસ ભગંદરની અંદર મુકવાથી રૂઝ લાવે છે.

૨૪=નાસુર સારૂ થાય—મીણનું તેલ નાસુરમાં મુકે. તેલ બનાવવાની રીત—ગા શેર મીઠું ગરમ કરવું. ગરમ થયલું મીઠું આતસ ઉપર મુકવાથી ફુટે નહીં ત્યાં સુધી ઠીકરાં ઉપર ગરમ કરવું. તે મીઠાંને જંતરમાં મુકી તેની ઉપર ૧ શેર મીણ મુકી અરક કહાડે તેમ તેલ કહાડવું. પહેલાં તેલના થોડા ટીપાં રદ કરી પછીનું તેલ એકઠું કરવું. તે તેલ નાસુર માટે બહુ સારૂં છે. જંતરમાં મીઠું રહે તે જખમ ઉપર દાબવાથી જખમ રૂઝે છે.

૨૫=નાસુર માટે—મરઘીના પીછની રાખ તથા હરણનાં સીંગડાંની રાખ મેળવીને નાસુરમાં મુકે તો તે રૂઝે.

૨૬=નાસુર—વ્રણ ઉપર મરઘાંના પીછાંની અથવા ઇંડાના કોચલાની રાખ ભભરાવવાથી નાસુર બંધ થાય છે.

૨૭=નાસુર (વ્રણ) માટે—મસુર બાળીને રાખ મુકે તો નાસુર સારૂં થાય છે. મોંઢા ઉપર ચાઠાં અથવા સફેદ દાધ પડે તો મસુરનો આટો પાણી સાથે મેળવીને મસળવો.

૨૮=નાસુર માટે—માથાની બાળેલી રાખ નાસુર ઉપર ભભરાવવી.

૨૯=નાસુર માટે—કામળી બાળીને રાખ કરી તેમાં મોરથુથુ મેળવી લગાડે તો રૂઝ આવે છે.

૩૦=ભગંદર મટે—ઉંદર, કોહોડ, બીલાડી, કુતરી એમાંથી કોઈબી જાનવરના નળાનું હાડકું પાણીમાં ઘસી ભગંદરમાં મુકે.

૩૧=પીંદસ, નાકમાં નાસુર માટે—ગાયના ઘીમાં કાંદો લાલ કરી રોજ ખાવો; ઘી બાકી રહે તે નાકમાં મુકવું, અને મગજપર જવા દેવું. માછલી, તેલ, મરચું ખાવું નહી. કાંદો અને ઘી લોખંડના વાસણમાં ગરમ કરવું, અથવા કલઈવાળું વાસણ ત્રાંબાનું લેવું. કલઈ વગરના તાંબાના વાસણમાં ઉકાળેલું ઘી નાકમાંમુકે તો નાખમાં નાસુર પડે.

જુઓ "નાસુર"="વરણ"="ભગંદર."

## પીસાબે લોહી

પીસાબે પડતું લોહી બંધ થાય—કાકડીનું મગજ ૦ાા અથવા ૧ તોલો પાણી સાથ ખુબ વાટીને તે સહવારે ભુખે પેટે પીએ. જરૂર હોય તો બીજીવાર સાંજે ભુખે પેટે પીએ.

જુઓ "પીસાબે લોહી"

## પીસાબે રેતી-પીસાબે પથરી-પીસાબ છુટે-ગુરદાના દરદો.

૧=પથરી પીગળે-ટંકનખાર પાણી સાથ ઘસીને પીએ તો પથરી પીગળે.

૨=પથરી પીસાબની પીગળે—તુમડીના બીજનું ચુરણ ૦ાા તોલો ૧૦) તોલા ગેટીના દુધમાં ઉકાળી દીવસમાં ૨) વાર પીવું.

૩=પથરી—વીર્યને અટકાવાથી પથરી બંધાય છે તે માટે તલસરાની રાખ મધમાં આપવી.

૪=પથરી માટે—નરમાનાના પાતરનો રસ તોલા ૫) તથા જીરૂં ૦ા તોલો મેળવીને ૭ દીવસ પીવું.

૫=પથરી પીગળી જાય—કાંટા સળીઆનો છોડ મુળ સાથે આખો સુકવીને બારીક ભુકી કરી તે ૦ા તોલો પાણી સાથે ખાય તો પીસાબની પથરી પીગળે છે.

૬=પીસાબે બંધાતી પથરી માટે—કબુતરનો આધાર ૧ વાલ, મરી ૧ વાલ, મધમાં મેળવી એની ત્રણ ગોળીઓ બનાવી એકેક ગોળી દીવસમાં ત્રણ વાર આપવી રોજ તાજી ગોળી બનાવવી. એમાં પીસાબની પથરીને પીગળાવવાનો ગુણ છે.

૭=પથરી પીસાબે હોય તો ગાઓજબાન=ગલજીબી=ભોંપાથરીનો રસ પીવાથી ફાયદો થાય છે.

૮=પથરી પીસાબે હોય તે માટે—૨ થી ૪ વાલ ટંકનખાર પાણીમાં ઘસી પાંચ દીવસ પીવો. અંગ્રેજીમાં બોરોસાઇટરેટ ઓફ મેગનીસીઆ અપાય છે.

૯=પથરીનો રોગ દુર થાય—૩ વાલ જવખાર, સાકેર, ગાયની છાસમાં મેળવી પીવું.

૧૦=પથરી માટે જાંબુ ખાવાથી ફાયદો થાય છે.

૧૧=પથરી માટે—ખાંડ શેર ૦।, જવખાર તોલા બે મેળવી તેમાંથી એકેક તોલો દીવસમાં ૩ વાર ખાવો. અને ઉપર છાસ પીવી. આ પીવાથી કદાચ વામીટ થાય.

૧૨=પથરીના દુખાવામાં પીસાબ છોડાવવા માટે ગરમ દુધમાં જુનો ગોળ નાંખી પીવું.

૧૩=ક્ષાર મુત્રળ, પીસાબે કાંકરી, પથરી—તલના તલસરાં એટલે સુકી સાંઠીને બાળી ખાર કાઢે છે તે ખાર બે વાલ ખાવામાં આપે.

૧૪=પથરી બે જાતની હોય છે તેમાં એક સફેદ ચુનાની જાતની અને બીજી હાથ વડે મસલાય તેવી હોય છે તે માટે ખટાસવાળી દવા સારી છે. તે માટે એસીડ સલફીઉરીક આરોમેટીક પીવામાં ચાલુ રાખવી.

ગમએમોનીઆક=ઓસોઝ=સમગેબળ. ગુરદાની પથરી, તલ્લીનો સોજો, ગાંઠીઓ વા, અને સંધીવાને માટે સારો છે.

૧૫=પથરી નીકળે છે—જુની ઇંટનો ભુકો ૦। તોલો અને ખાંડ બુરૂ ૦॥ તોલો મેળવી દરરોજ ફાકવું.

૧૬=પથરી પીસાબે—ગોખરૂના બીજ તોલો ૦॥, મધ તોલો ૦॥, ઘેટીનું દુધ તોલા ૧૦, સાત દીવસ પીવું.

૧૭=પથરી માટે—ગુંદર તોલા ત્રણ ઉકળતાં પાણી શેર ચારમાં મેળવવું, થંડુ પડે ને જ્યારે તરસ લાગે ત્યારે તે પાણી પીવું.

૧૮=પથરી (ખટાસ વાળી) હથોડીથી ભાગે નહીં તેવી પથરી માટે—દરદીએ ચુનાનું નીતરૂં પાણી હંમેશ સાધારણ પીવાના પાણીને બદલે પીવું જોઇએ.

૧૯=પથરી પીસાબે હોય તે માટે—નાળીએરનું પાણી શેર ૧૦) ગરમ કરે; જરા ઘાડું થાય ને તેમાં જાયફળ, સુંઠ, મરી, પીપર, જાવનત્રી નીયમસર નાંખી બાટલીમાં ભરી રાખે. ૧) તો૦ સવાર સાંજ દરદી પીએ; તો પથરી પીગળે—અથવા નાળીએરનું પાણી ૨) તો. તેમાં કબુતરનો અંગાર ૧ વાલ મેળવી, ગાળીને દરદી ૧૪) દીન પીએ.

૨૦=પીસાબે પથરી હોય તે પીગળે—આંબાહળદનું ચુરણ ૪) વાલ લેવું તેને આમલીના પાનના રસ ૦ા શેરમાં મેળવી ૨૧) દીવસ પીવું. પેહેલા બે દીવસ પછી દરદીની પીસાબ ઝીલીને તપાસી જોવી. નીચે થરો માલમ પડે અને રેતી જણાય તો જાણવું જે પથરી પીગળે છે. મીઠું અથવા કોઈબી જાતનો ખાર ખાવો નહીં.

વરણની છાલ ૧) રતલ, પાણી ૧૬ રતલ એઓને ઉકાળી ૪) રતલ પાણી રાખવું. નીચે મુજબ કળથી, સીંધાલુણ, વાવડીંગ, સાકર, જવખાર, કોળાંના બીનું મગજ, ગોખરૂ, દરેક ચાર તોલા (આમાંની જેટલી મળે એટલી લીજો લેવી). એ બધાને પાણીમાં વાટી ચટણી બનાવી વરણના ઉકાળામાં મુકવી. તેમાં ઘી ૧) શેર નાંખવું. ધીમાં ઈંગારથી પાણી બાળી ઘી ગાળી લેવું. રોજ ૨) તોલા ઘી ખાય તો પથરી તુટે.

૨૨=પીસાબે પથરી હોય તે માટે—ઘણા ઇંડા ખાવાથી પથરી થવાનો સંભવ છે. મોરાના પાડદાં અને લીંબુ અથવા સાલીદના પાડદાં અને સરકો ખાવાથી પથરી બંધાતી નથી, અને બંધાએલી પથરી પીગળે છે.

પીસાબે પથરી હોએ તેને બહાર કાઢ્યા પછી જો સાલીદના પાનના રસ અને સરકાની મેળવણીમાં મુકે તો તે પથરી પીગળે છે. એ ચોકસ છે.

૨૩=પથરી પીગળે—વાંઝ કંટીળીના છોડને ફૂળ આવતાં નથી, એના પાન અથવા મુળનું ચુરણ અરધો વાલ પાણી સાથ ખવાડવામાં આવે છે, એમાં ઝાડો ઉલટી લાવવાનો ગુણ છે. માટે પથરીવાળા દરદીને પથરી પીગળવવા માટે ઘણા ઓછા પ્રમાણમાં આપવું. એટલે ઝાડો ઉલટી થાય નહીં એટલા વજનમાં આપવું.

૨૫=પીસાબની પથરી પીગળે—મરઘીના ૧૫)ઇંડાના કોટલાના ચુરણને ઘી સાથ મેળવવું તે બધું ૧૫) દીવસમાં દરદીએ ખાઈ જવું.

૨૬=પીસાબે પથરી હોય તે માટે સુરોખાર ટાંક ૨) ઘસેલી કોરી ટાંક ૨), બરાસ વાલ ૨) મેળવી તે બધું ૧૫) દીવસમાં ખાવું.

૨૭=કાચી હળદ તોલો ૧) વાસી પાણી સાથ ૧૫) દીવસ પીએ.

૨૮=રેતી પીસાબે હોએ તે કાઢવા માટે—૧ તોલો કાકડીના મગજને ગરમ પાણી સાથ પીવાં.

૨૯=ધાતુપુષ્ટ, પીસાબે રેતી—નસોમાં થયલી નબળાઇ અને પીસાબે રેતી માટે ગોખરૂ બહુ સારાં છે. ચાહ બનાવી પીવી.

૩૦=રેતીનો દુખાવો મટે—ગોખરૂની ચાહે પેટ ભરીને પીવી. સાથે સરવંખાના પાતરાં ૩ સાથે લીએ તો ઘણો ફાયદો થાય.

૩૨=પથરી પીગળે—સાટોડના (પથર ચટી) પનચાંગનુ ચુરણ ૦।। તો. અને સાકર ૧)તો પાણી સાથ મેળવી દીવસમાં બે વાર પીએ.

૩૩=ધાંગરી માછલી, (શીંગાલી માછલીના) માથામાંથી નીકળતો ગરમ કરેલો પથર તેને હજરતે હાઉ કહે છે.

પીસાબ છોડવે } ૧ અથવા ૨)વાલ અથવા વધારે હજરતે
પથરી પીગળે } હાઉને પાણીમાં ઘસી રોજ બે વાર પીએ.

એમાં ૨) વાલ સીંધવ નાખેતો ગુણ વધે

૩૪=પીસાબ છોડવવાના બીજા ઇળાજો, તણછની છાલનો ઉકાળો, સાગવાનના ઝાડના બીજ પાણીમાં વાટીને, મુઠીભર વસંત વેળાનો રસ સાકર સાથે, જાંબુ પેટ ભરીને ખાવાં અથવા જાંબુનો રસ સાકર સાથ પીવો, ગુલદાવડીના લીલાં અથવા સુકા ફુલનો અથવા પાંતરાંનો રસ એટલી ચીજો ખાવામાં લીએ. મીઠું અને ઘી મેળવી દુંટી ઉપર મેલવાથી પીસાબ છુટે.

૩૬=પથરી માટે—બોરોસાત્રેટ ઑફ્ મેગનીસીઆ વપરાય છે તેની બનાવત નીચે મુજબ છે—મેગનસ કારબોનસ ૧૫ ગરેન. ઍસીડ સાઇત્રીક ૦ાા આઉંસ, ગરમ પાણી ખપે એટલું લેવું. બધાંને મેળવી ચુલાપર બાળીને ભુકો બનાવવો. પ્રમાણમા ૧૦ થી ૧૫ ગરેન ભુકો પાણી સાથ દીવસમા ત્રણ વાર પીવો. અથવા મેગનીસકારબોનસ ૧ દરામ, ઍસીડસાઇત્રીક ૨ દરામ, બોરેકસ ૨ દરામ અને પાણી ૮ આઉંસ, એ બધાને મેળવીને તેમાંથી ૨ દરામ દવા ૩ તોલા પાણી સાથે મેળવી રોજ ત્રણવાર પીવાથી પીસાબની પથરી મટે છે.

૩૭=પથરી હોય તે રેતી થઇ નીકળી જાય—ભોંય પાતરી બે પઇસાંભાર, જીરૂં તોલો ૦ાા, ગાયનું ઘી બે પઇસાભાર. ઘીમાં જીરૂં વધારી પાતરાંની ભાજી બનાવી ૩ દીવસ ખાય તો પથરીને તથા રેતીને કમી કરે.

૩૮=રેતી પીસાબે પડતી હોય—કુમળો મુળો પાંદડા સથે સવારે રોજ ખાવાથી રેતી ધોવાઇ જાય છે; મુળો સાંજે ખાવામાં અવગુણ છે.

ગુરદાનો દુખાવો-મુળાના પાતરાંની ભાજી ઘીમાં બનાવીને ખાવી, અથવા લીંબુનો રસ તોલા ૨ાા, અથવા મુળાનો રસ તોલા ૨ાા પીવો.

૪૦=કબુટરની અઘાર ૦ા તોલો નાળીએરના પાણીમાં નાખી ૭ દીન પીએ સવારની પીસાબમાં રેતી જણાએ તે જાણવું જે પથરી પીગળે છે.

૪૧=પીસાબે રેતી અથવા પથરી હોય તે પીગળે—કેવડાની જડ લીલી બે તોલા, પાણી ૩ શેરને ઉકાળી ૦ાા શેર રાખવું, તેમાથી ૨ાા તોલા રોજ ૩ વાર પીવું.

૪૨=પથરી માટે—સરગવાની છાલનો કાહવો, મરી, પીપર, સાથ પીવો.

પથરી માટે—સુરોખાર ૩ વાલ, કરીમ ટારટર તોલો ૦ા. પાણી તોલા ૮ મેળવી તેના ભાગ ત્રણ કરી, દીનમાં ૩ વાર પીએ.

પથરી—હકીકની ભસ્મ ખાવાથી પીસાબની પથરી પીગળે છે.

૪૩=પથરી માટે—૦ા થી ૦ાા તોલો હળદર ગોળ સાથે ખાવી. ઉપરથી જવનો અથવા ઘઉંનો ઉકાળો પીવો

૪૪=રેતી પીસાબે હોય તે નીકળે, આમળુ બહાર આવેલું પાછુ બેસે—કમળના ફુલનો ગુળકન્નુ બનાવી ૧ તોલો રોજ સહવારે ખાય.

૪૫=પથરી પીસાબે હોય તે પીગળે—કુંવારનો રસ ૦ા તોલો અથવા વધારે હળદર બે આનીભાર મેલવીને રોજ બે વાર દરદીને ખવાડે.

૪૬=પીસાબે રેતી હોય અને દુખાવો ઘણો થાય તો—કેસુરના ફુલની પોટીસ દુખાવા ઉપર મુકવી. તે પોટીસના ઉપર ગરમ પાણીની બાટલી, ગરમ ઇંટ અથવા ગરમ પથર મુકી રાખવો

૪૭=પથરી માટે—રેહાનન બી તોલા ૭, પીવાના પાણી શેર ૫) માં ભીંજવી રાખી કાદવના વાસણમાં ગાળી રાખવું. પાણીની તરસ લાગે ત્યારે આખો દિવસ એ પાણી પીવું. પાણી રોજ નવું બનાવવું.

પથરી—પીપર, મધ, છાસ પીવી

૪૮=પથરી માટે—સીંધવ ૨ તોલાના પડીકાં ૨૧ બનાવી તેમાંનું પડીકું ૧ રોજ ગાયની છાસમાં પીએ. પછી ઉભો ઉભો પેટ ભરીને છાસ પીએ તો પથરીના દરદ ટળે.

પથરી માટે—સીંધા લુણ ૧ તોલાના ૧૨ પડીકાં કરી તેમંથી એક સહવારે ખાવું. અને ઉભા ઉભા ગાયની છાસ પીવી.

૪૯=પથરી માટે—સુનામખી કાકડીના રસ સાથ ખાવી.

પથરી દુર થાય—સુનામખી કાકડીના બી સાથ ખાવી.

પથરી માટે—હજરતે યાકુડ ૨ માસા જેટલો પાણીમાં ઘસીને રોજ પીવાથી પથરી પીગળી જશે.

૫૦=પથરી પીગળે—બે વાલ હજરતે હાંઉને ચોખાના ધુણમાં ઘસી ને પીવાડે

ગુરદાના દરદ માટે—ફુલ અથવા લીમડાના ઝાડનો કોઇ પણ ભાગ રેતી અથવા ગુરદાના દરદને ફાયદો કરે છે, કોઇ પણ રીતે એ ખાવામાં લેવાથી ફાયદો થાય છે.

૫૧=પથરી માટે—એ સાબુની ચણા જેવી ગોળીઓ બનાવી તેમાંથી રોજ આખો દીવસ ગોળી ૨૦થી ૩૦ સુધી ચુસ્યા કરવી.

**પર**=પથરી પીસાબે હોય તે પીગળે—જુની ઇંટ પાંચ વાલ, ખાંડ ૧૫ વાલ મેળવી રોજ ખાવી.

**૫૩**=ક્ષાર મુત્રલ, પીસાબે કાંકરી, પથરી—તલના તેલસરાં એટલે સુકી સાંઠીને બાળી રાખ કાઢે છે તેમાંથી બનેલો ખાર બે વાલ ખાવામાં આપે છે.

**૫૪**=ગુરડાની રેતી માટે—પટોલ, જેઠીમધ, કડું, સુંઠ લીમડાની અંતરછાળ, દેવદાર, મોઠ (નાનેર) દરેક ૧ તોલો લઇ એના બે ભાગ કરી એક ભાગ પાણીમાં ઉકાળી દીવસમાં બે વાર પીવું.

**૫૫**=રેતી પીસાબે—ચોળાઇનીભાજીના ખીની ચાહ પીવાથી પીસાબની રેતી નીકળી પડે છે.

પથરી હોય તો પાલખની ભાજી, ચોલાઈની ભાજી, કાકડી, દોધી, દાડમ વગેરેમાંથી કોઇ બી એક ખાવામાં લેવું.

**૫૬**=પથરી બહાર નીકળે—પથરી પીશાબની નળીમાં અટકે તો બદામના તેલની પીચકારી મારવાથી પથરી બહાર નીકળે છે.

પથરી—પીસાબે પથરી હોય તે માટે ભોંય રીંગરીનું મુળીઉ ઘસીને પાવું અથવા મુળીઆનો ઉકાળો કરી પાવો.

પથરી-બહોહિર માટે--રાઇ અને સીંધવ સંભાગે મેળવી ૧ તોલો ગૌમુત્ર સાથે ખવાડવું.

**૫૭**=પથરી માટે--શુકું અથવા લીલું લસણુ ખાવામાં રોજ ઘણું વાપરે તો તેને પથરી બાઝતી નથી.

ગુરદાના દરદ, રેતી--લીમડાની છાલનો કાહવો દીવસમાં ત્રણવાર પીવાથી દરદ નરમ પડે છે.

**૫૮**=રેતી કાઢે છે—એમોનીઆ બેનઝએટ રોજ ૧૦ ગ્રેન ખાવાથી ધાત જતી અટકે અને રેતી પીગળે છે. લોબાન, ખાંડ દરેક ૧॥ પઇસાભાર અને ઘઉંનો આટો પૈસા ૩ ભાર મેળવીને ૧॥ પૈસાભાર ભુકો મધમાં લેવો. ઉપાય ચોકસ છે.

**જુઓ "ગુરદાના દરદો"="પીસાબે પથરી"="પીસાબ છુટે."**

## પરસેવા.

૧=પરસોવો ઘણો થતો અટકે—ચણાનો આટો ૪ તોલા, સુંઠનો ભુકો ૧ તોલો મેળવીને પરસેવાવાળી જગાપર લગાડે.

૨=પરસેવો ઘણો છુટે તે બંધ થાય—જાંબુના ઠળીઆ પાણીમાં ઘસીને શરીરે લગાડે

૩=પરસોવો નહી થાય માટે—ગાયનું સુકું છાણુ અને મીઠાંના કાદવના વાસણનાં કટકા સંભાગે વાટી તેનું ચુરણ શરીરે લગાડે.

૪=પરસોવે હાથ પગમાં ઘણો નીકળે—આવળની સુકી પાલીનો ભુકો મસળવામાં આવે તો પરસોવો બંધ થાય છે.

૫=હાથ પગે ઝરી છુટે તો મગ બાળીને તેની રાખ બનાવી મસળવી.

૬=હાથ પગના ઝરાં છુટે તો બોરડીના પાંતરાં વાટીને ચોળવાં.

૭=ખહીવાળા દરદીને પુષ્કળ પરસેવો થાય તે વેળા છાતી ઉપર શેરડીનો સરકો ૧ ભાગ, પાણી ૨ ભાગ મેળવીને છાતી ઉપર લગાડવું.

## પનીરની બનાવત.

૧=પનીર બને—પનીરબંદ ૨॥ તો૦ ને એક શેર પાણીમાં ઉકાળી કાહવો બનાવે ૧) ગેલન ગરમ કરી દુધમાં નાખી ૦॥ કલાક રહેવા દીએ તો દુધ બંધાઇ, તેના પનીર બને.

૨=દુધનું પનીર બને-દુધ સેજ ગરમ કરી અંદર મરઘી ઠંઠવો નાખે. દુધ દહીં જેવું થાય તેનો પનીરનો આકાર બનાવે.

## પલેગનો તાવ.

૧=પલેગ,—લીંબુનો રસ ૧) તો રોજ પાણી સાથ પીવાથી પલેગનાં જંતુ શરીરમાં દાખલ થઇ શકે નહી.

૨=૧ ટીંપુ ટીંકચર આયોડાઇ પાણી સાથ પલેગના ઉપદ્રવ વખતે રોજ બે વાર પીએ તો પલેગના જંતુ શરીરે લાગુ પડે નહી.

## પ્રમેહ—પરમો.

૧=ભોંય આમળી તો. ૧) અને મરી દાણા ૧૫ વાટી પાણી સાથ ૭ દીવસ પીવું.

૨=ત્રીફળાંનો ઉકાળો—મરી, મધ સાથ પીવો. ઉંદરનું ચુરણ ૦। તો મધમાં લેવાથી જુનો પરમો મટે. કાકડીનો મગજ પાણીમાં વાટી પીવો.

તાંદલજાની ભાજીના મુલીઆનો રસ ૨) તો. મધ સાથ પીવો. ચીનીકબાબ ૫) તો. ફુલવેલ ફટકી ૦। તો. કાથો ૦। તો. એનું ચુરણ ૦। થી ૦॥ તો. પાણી સાથ દીનમાં ૩) વાર લેવું. મુળાના પાનનો રસ ૨) તો રોજ બે વાર લેવો. જવખાર ૦। સાકર તો. અરધા શેર પાણીમાં પીવું.

૩=પરમો જુનો મટે—જાઇના કુમળાં પાનનો રસ ૧) તો. ઘી એક તોલો, રાળની ભુકી ૨) વાળ મેળવી સવારે પીવું. સાત દીવસમાં ફાયદો થશે. ખોરાક—ચોખા, ઘઉં, ઘી, સાકર દુધ, જાઇને બદલે ચંબેલીના પાનનો રસ ચાલે છે.

૪=પ્રમેહે મટે—ભીંડાના બીનું સરબત પીવાથી ગરમી મટે.

૫=પરમો તણુક સાથનો મટે—તલના સુકા પાન એક તોલો પાણીમાં આખી રાત ભીજવી રાખે અને સહવારે ગાળી પીએ. ૭ દીન ચાલુ રાખે.

૬=પ્રમેહ મટે—ગાજરનો રસ ૭ તોલા, સાકર અઢી તોલા રોજ એક વાર પીએ.

૭=પરમો લોહી સાથનો—તાંદલીઆની ભાજી તેના મુંળ સાથ છુંદીને રસ કહાડે. તે ૦। શેર રસમાં ખાણ્ નાંખી ૭) દીન પીએ તો ફાયદો થાએ. અથવા ઉત્રાહણનું મુળીઉં ૦। તોલો ચોખાના ધુણ સાથ ઘસીને પીએ.

૮=પરમા માટે —દુધેલીનો ભુકો અને સુંઠ સંભાગે મેળવીને ૦॥ તોલા લઇ ખાંડ સાથ રોજ ૩ વાર ખાય તો ૧૮ જાતના પરમા સારા થાય છે.

૧૦=પરમો જુનો હોય તે માટે નાળીએરનાં ત્રોફાનું (કાચા તરોપાનું) પાણી પીવામાં આપે છે.

૧૧=પરમા માટે—ઘી, આમલાનો રસ ૨ તોલા. ખાંડ એક પઇસાભાર દીન ૭ સુધી પાવું. આમલામાં ટેનીક આસીડ ઘણું છે.

૧૨=પરમો જાય—તરબુચની ગાબડી કાઢી અંદર ના શેર સાકર, ળ શેર કાળી દરાખ ઠરીઆ વગરની, ૧ જાયફળ ભુકી મુકીને તરબુચની ગાબડી પાછી બીડવી તેને ૩ દીવસ ઠારમાં રાખી તેનો રસ કહાડી બાટલીમાં ભરી રાખવો તેમાંથી ૧ ગલાસ સહુવાર સાંજ પીવો.

૧૩=પરમો વાસ મારતો મટે—કમોદના ચોખાની પાણી જેવી પાતળી કાંજી પીવી.

ચોખા વાયડા છે એમ સમજવામાં આવે છે તે નવા ચોખા છે. જુના ચોખા પકાવેલા હોય તો દરદીનેજરાબી અવગુણ કરે નહીં.

ચોખા સાથ દાળ વાપરવાથી તેનો વાયડો ગુણ ઓછો થાય છે.

ચોખા અને દાળ જુદા પકાવી ખાવા એ ખોરાક હલકો છે ને જલદી જરપત થાય છે, કેહેવત છે જે "દાળ ભાતકા સુતરા ખાના મેરે ભરૂશે ગાઉં મત જાના."

ખીચડી ભારે છે પણ દાળ મગની વાપરી હોય તો તે ખીચડી હલકી છે અને તે જરપત જલદી થાય છે.

૧૪=તણખીઓ પરમો, આતસીઓ તાવ નરમ પડે—ચણોટીના પાનનો રસ ૨ તોલો પીવો.

૧૫=પરમો વીસ જાતનો સારો થાય, કમળો સારો થાય—ગળવેલનો રસ ૫ તોલા મધ સાથ પીવો.

૧૬=પ્રમેહ મટે—નવટાંક ઘઉંને પાણીમાં ૧ રાત ભીંજવી રાખે. સહવારે ઘઉંને ખુંદી તેનો રસ કહાડે તે રસ ૩ તોલા લેઇ તેમાં સાકર મેળવી સહવાર સાંજ રોજ પીવો.

૧૭=પીસાબે ગરમી, પીસાબે પરૂ હોય તે માટે—આમળા તોલા ૧ા પાણી શેર ળા) એક રાત ભીંજવી રાખે. સહવારે ભુખે પેટ મધ એક તોલો મેળવીને પીવું.

૧૮=પીસાબે બળતરા થાય તે નરમ પડે—ાા તોલો જીરૂ જુના ગોળ સાથે મેળવી દીવસમાં ૩ વાર ખાએ.

૧૯=પરમો રગતીઓ, પરમો લોહીવાળો—પરમા માટે બળબીજના પાતરાંનો રસ શેર ા પીવો. પાતરાં ન મળે તો બળબીજ, એખરો, ખાંડ સંભાગે મેળવી ાા તોલો દીવસમાં ૩ વાર ફાકે તો પરમો સારો થાય.

૨૦=જુનો પરમો, સ્ત્રીના છુપાં દરદો—બાવળના પાતરાંના ઉકાળાની પીચકારી મારવાથી જુનો પરમો તથા સ્ત્રીના છુપા દરદો ને ફાયદો થાય છે.

૨૧=પરમો ભીંડાના બીનો ઉકાળો પીવાથી પરમાના અને પીસાબના ફુકાના સોજાને ફાયદો થાય છે.

૨૨=જુનો પરમો—કોઇવાર મરચાં ખાવાથી પરમો નરમ પડે છે.

૨૩=પીસાબે ગરમી, પીસાબે પરૂ હોય તે સાફ થાય—અંકોલની કુમળી ડાળીઓનું ચુરણ ા તોલો મધમાં મેળવી રોજ ૨ વાર ખાવું.

૨૪=પરમો જુનો—ચીનીકબાલા તોલા ૫), ફુલવેલી ફટકડી ા તોલો, કાથો ા તોલો એનાં ૯ પડીકાં કરવાં. એક પડીકો રોજ ૩) વાર પાણી સાથ લેવી.

પ્રમેહ—વડવાઇનો કાહવો પાવો.

૨૫=પરમો છાસીઓ જાય—સાજીખાર, તજ સાથે પાણીમાં ઘસીને ખાવો.

૨૬=પરમો—સંધેસાની અને બાવળની પાલો પાણી સાથ છુંદી રસ કહાડી ા શેર રસ, સાકેર સાથે, ૭ દીન પીએ તો પરમો સારો થાય.

૨૭=પીસાબે ગરમી તથા પરૂ મટે—૧૦૦ વરસની જુની ઇંટ ા તોલો પાણી સાથે મેળવી દીનમાં ૩ વાર પીએ.

૨૮=પીસાબે અગન હોય તે મટે—કપાસના છોડના લીલાં ફુળ દરદીએ ચુસવાં અથવા કપાસના ફુળ ૧ તોલો, સાકર ગા તોલો પાણીમાં વાટી; ગાળીને પીવું.

૨૯=પીસાબે ગરમી હોય તે માટે—કુમારનો રસ ૧ તોલો, જીરૂ અને મરી બએ વાલ મેળવી દીવસમાં ૩ વાર ખાવું.

૩૦=પીસાબે ગરમી હોય, અથવા પરૂ પડે તે સારૂં થાય—કુતરીઆં ઘાસનાં બીના ઝુમખાનું ચુરણ ૦॥ તોલો સાકર સાથ મેળવીને ખાય.

૩૧=પરમો—જુના પરમા માટે લોબરનો ભુકો તોલો ૦। મધ સાથે ખવાડે છે.

૩૨=દુધ વડનું—પરમા ઉપર પીવામાં વાપરે છે

૩૩=પરમો—વડનું ૦। તોલો દુધ, સાકરમાં ચાટવું. ઉપરથી ગાયનું દુધ પીવું. તેથી પરમો નરમ પડશે.

૩૪=હજારીઆ ગોટાનું એક ફુલ, અને ૨ વાલ જાયફળ, મેળવીને તેની ફાકી પાણી સાથે લેવાથી પરમો મટે છે અને પીસાબ છુટે છે.

૩૫=પરમા માટે—હળદર વાલ બે, ગળોનો રસ પાંચ તોલા, મધ એક તોલો, દીવસમાં એક વખત લેવું. ઘણા દીવસ સુધી લેવું.

૩૬=પરમો—આમળાંનો રસ ૫ તોલા, મધ ૧ તોલો, હળદરનો ભુકો બે વાલ, સુખડનો ઘસારો બે વાલ, એ મુજબ દીનમાં ૩ વાર પીવું.

૩૭=પરમા, હરસ, ધાતુ વીકાર માટે—રતનજોતનું મુળીઉં બે આનીભાર દુધમાં ઘસી સાકર સાથ પીવું.

૩૮=પરમો જુનો—રાજમ ખાવામાં લે છે, ઉપાય ઘણો વખણાયલો છે. એનો ભુકો ખુલ્લી હવામાં ખુલ્લો રહેવા દેવામાં આવે તો, કોઈવાર હવા અને ગરમીના કારણથી આપોઆપ સળગી ઉઠે છે.

૩૯=પરમા ઘણી જાતના સારા થાએ—સરવાલા (ઉખડરા) ઘાસનો તો. ભુકો ખાંડમાં મેળવી ખાય

૪૦=પરમો તનખીઓ મટે—સુનાગેરૂ અને સાકર સંભાગે મેળવી ૦॥ તો. ફાકી મારે ઉપરથી, વાસી પાણી પીએ. સાત દીન ચાલુ રાખે.

૪૧=સુજાક } માટે અકસીર ઇલાજ-સિલાજીત દરેક દરદીને
પરમા } લાગુ પડી શકે.

લીમડાની ગળોનો સત્વ, કેરબો, સિલાજીત, બળબીજ. ચીનીકબાળા, એલચીદાણા, સોનાગેરૂ સંભાગે મેળવી તેનું ચુરણ ૦ાા તોલો મધ સાથ મેળવી રોજ ૩) વાર ખાવું.

૪૨=પરમો મટે } વડના ટેટાને વાટી સાકર સાથ ખાય અથવા
ધાતુ પુષ્ટી થાય } વડનું દુધ ૧૦) ટીપાં પતાસા સાથ ખાય.

૪૩=પીસાબે ગરમી હોય, પીસાબે પરૂ નીકળે તે માટે—૧) તોલો કોપરૂં ઘણો વાર ચાવી ચાવીને ખાવાથી ફાયદો થાય છે.

૪૪=બહુફળી=બાકુચી=મુંઢેરી—એના પાનમાં ચીકાસ બહુ છે, તેથી ધાતુને પુષ્ટી આપે અને પીસાબે ગરમી નરમ કરે.

૪૫=પરમો=પ્રદરના દરદ, કમરનો દુખાવો મટે. ધાતુ સુધરે—બહુફળીના પાન છાયામાં સુકવી ચુરણ બનાવે તે ચુરણ ૦ાા તોલો સવાર સાંજ ખાય.

૪૬=પરમા માટે—બહુબળીના કુમળા પાનનો રસ એક તોલો સાકર સાથ સાત દીન પાવો.

૪૭=પરમો સારો થાય—મુળાના પાંતરાનો રસ તાજો રોજ બે પઇસા ભાર પીવો.

૪૮=પરમો—મુળાના પાતરાંનો રસ ટાંક ૯), ગોળ ટાંક ૨ાા, મીઠું ટાંક ૧ મેળવીને પીવો.

## પાંડુ રોગ—લોહી શરીરે વધે.

૧=શરીરમાંથી લોહી ઓછું થવાથી, શરીર ફીકું પડે છે તેને પાંડુ રોગ કહે છે, એ માટે લોહી વધારવાના ઇલાજ લેવા.

શિલાજીત, હરડે, વાયવરંગ, મધ, સાકર ખાવી. લોઢાની કઢાઇમાં દુધ ગરમ કરી પીવું. ગળો સત્વ, મધ અને ઘી ખાવું. ત્રીફળાંનુ ચુરણ ૦ાા તો. મધમાં ખાવું.

પાંડુ રોગ માટે—ગઊમુત્રને કપડામાંથી ગાળીને એકથી બે તોલા દરદીને સવારે રોજ ૧ વાર એકવીસ દીન પાવું.

## પાલ લાગે-પાલ્યાં પાણી.

૧=ખરાબ પાણીથી પાળ લાગેલું કપાય—મરી શેર ાા, કોપરૂં શેર ાા, જવખાર તોલો એક એ સરવેને ગોળ સાથ મેળવી ૧૪ ગોળીઓ બનાવી એકેક ગોળી ૧૪ દીવસ ખાવી.

૨=પાળ પાણીનો લાગે તો મરી, કોપરૂં સંભાગે મેળવી તોલો ૧ાા રોજ ખાવું. અથવા મરી અને કોપરૂં દરેક શેર ાા અને જવખાર ૧ તોલો મેળવીને ાા તોલો ભુકો રોજ ખાવામા લેવો.

૩=ખરાબ પાણીથી થતી બીમારી—વાયવળંગની ચાહ બનાવી રોજ બે વાર પીવી. ખરાબ પાણીવાળી જગામાં તાવ લાગુ પડે છે, બરોળ મોટી થાય છે, ઝાડો સાફ નથી થતો, ભુખ લાગતી નથી એવી જગા ઉપર રહેનારે આ ચાહ રોજ પીવી. અથવા પીવાની ચાહમાં વાયવળંગ નાંખી રોજ ચાહ પીવી.

૪=પાલ લાગે—નબળા પાણીથી પાલ લાગે, પેટ મોટું થાય ત્યારે ૧) તોલો કોપરૂં અને ા તોલો મરી મેળવીને રોજ ખાય.

## પાણી સ્વચ્છ થાય.

૧) વાલ ફટકી ૧૦) શેર પીવાના પાણીમાં મેળવે તો સઘળો કચરો નીચે ઠરી જાય.

પાણી સ્વચ્છ કરે—જાંબુરીમાં પાણી સ્વચ્છ કરવાનો મોટો ગુણ છે. કુવામાં, અને તળાવમાં સેવાલ જેવાં જંતુ થયો હોય તો જાંબુના ઝાડની ડાંખળી પાણીમાં મુકે તો સેવાળ મરી જાય.

## પારૂગલો-ગળુ પડવું-બાળશોષ-સુકટાણુ-બાળકનાં માથાંમાં ખાડો-બાળકનું સુકાવું.

### આ દરદમાં બાળક તવાય, પેટ મોટું થાય, ટાલવે ખાડો પડે, એ માટે બાળકને અને માતાને ખોરાક હલકો આપવો.

૧=ગર્ભ રહ્યા પછી માતા પોતાના બાળકને ધવાડે તો તે બાલક નબળું પડે છે તે માટે મરીની ચાહમાં સાકર નાંખી રોજ ૨) વાર પીવી. કાળી પાટનું મુગીયું પાણીમાં ઘસી પાવું. લીંડીપીપર ૧) રતી મધમાં પાવી.

૨=મોટી હરડે અને તજ થંડા પાણીમાં ઘસી પાવી. આદુનો રસ અને નીમક મેળવી પાવું. સીંધંલુણ મધમાં મેળવી ગરમ કરી ગોળ સાથ પાવું.

૩=ત્રાંમણમાં ચુનાનું તત્ત્વ છે તે હાડકાના બંધારણમાં મજબુતી આપે છે. ક્ષયના રોગ માટે ઉપયોગી છે. એને પકવવાં પહેલાં કોઈ અનુભવી કુંવાર પાઠાના રસમાં ૧) દીવસ બોળી રાખે છે, પછી છાણાની ભઠીમાં પકવે છે.

૪=સુકતાન માટે ઉપયોગી છે. ૧) વાલ ધાભણુ ઘી, અથવા માખન સાથ સાકર મેળવી ખાવામાં આપે છે; અને એક વાલ ધાભણુ માખન, ઘી, સાથે મેળવી બાળકના શરીરે રોજ મસળી નહવાડે છે. બીજા દરદો માટે દરદના પ્રમાણમાં ધાભણુ વધતું ઓછું અને જુદાં જુદા અનુપાણ સાથ ખાવામાં આપે છે.

૫=બાળકનું ટાળક ઉછરે—તો એરંડીઆના પાન ઉપર ઘી લગાડી માથાપર મુકવાં.

૬=તજ અને જાયફળ દુધમાં વાટી તાળવે થેપલી મુકવી. જવખાર અને મધ મેળવી તાળવે ઘસવું. વેવડી અથવા વાસણુ વેલના પાનની થેપલી મુકવી. સાંબરસીંગુ દુધમાં ઘસી તાળવે ભરવું અને બાળકને જરા પાવું.

૭=સુકગળું—નાના બાળકનું ગળું સુકાય છે, હાથ પગ ગળી જાય છે તેનો ઇલાજ:—

૮=ગળાને પાણીથી ધોવું પછી માખણ અને તલનું તેલ મેળવીને ગળાં ઉપર મસળવું અને લુગડાની કોથળીમાં મીઠું ભરીને તે ગળાંએ બાંધવી. માખણ, તેલ, અને મીઠું મસળવાથી સુકગલું સારૂં થાય છે.

૯=બાલકને પારૂરો લાગવો, તાલવું બેસવું—એ માટે ઉંબરાના દુધમાં ભીંનવેલું કપડું ટાળવા પરના ખાડામાં મુકવું, ઉમરાનું દુધ ૧૫ ટીપાં મેથીના લોટમાં ખવાડવું. ગરમ પાણીમાં મીઠું નાંખી તે પાણીથી નહવાડવું.

૧૦=બાળક ચાર માંસનું થવા પછી તેને દુધ પાણીના મીશ્રમાં, ખાપરીઉં ઘસી રોજ બે વાર પાવું ઘણો લાંબો વખત ચાલુ રાખવું.

૧૧=ચોખો નવસાર ( નવસારને પાણીમાં પીગળાવી, પાણી બાળી નાખી બનાવેલો ખાર ) ૧) રતી કાળી દરાખ સાથ મેળવી રોજ ૧) વાર આપવો.

૧૨=માતાને ત્રીફળાંનું ચુરણ દુધ સાથે આપી તેનું દુધ સુધારવું.

૧૩=ઓડાસીંગ, પીપર એલચી અકેક તોલો લઇ નાગરવેલના પાનના રસમાં ચણા જેટલી ગોળી બનાવી હરડે અને સંચળનો ઘસાડો કરી તે સાથે રોજ સવારે પાવી.

૧૪=બાળકને ટાળવું પડે તે ઉપડે—આબરસીંગું દુધમાં ઘસી બાળકને પાવું અને ઘીમાં ઘસી માથા ઉપર લગાડવું:—(જાયફળ અને વજ પાણીમાં ઘસી માથે લગાડવું.)

૧૫=બાલકના માથામાં ખાડો પડે અને તવઇ જાય ત્યારે વડના દુધમાં રૂનું પુમરૂં ભીંજવી ટાળકપર મુકે. ઉપર કોઈ ઝાહાડનું મોટુ પાતરૂં મુકી પાટો બાંધે.

૧૭=સ્ત્રીને ગર્ભ રહેલો હોય ત્યારે તે સ્ત્રીએ બાળકને ધવાડવું નહીં.

૧૮=ધવાડનારી સ્ત્રીને પાણી પડતું હોય તો તપખીર ( ફુલસંભાગે ) તબાસીર બબે આની ભાર દુધ સાથ મેળવી રોજ આપવું, આથી ઝાડો સુધરી ફાયદો થશે.

૧૯=માથાના ખારામાં ઉબરાનું છીર (દુધ) દાબવું, અને ધુપેલ તેલ લગાડવું.

૨૦=દુધમાં દોહયું, (વલોયું) જાયફળ ૧) આઠ દીવસમાં પાણી સાથ ઘસી બાળકને ખવાડી દેવું. બીજા ઉપાયની જરૂર રહેશે નહીં.

દોહીઉ જાયફળ બનાવવાની રીત=ગાયનું દુધ દોવાના વાસણમાં ૧) જાયફળ રાખી તે ઉપર દુધની ધાર પાડવી. દુધનું દહી જમાવતી વખતે તે જાયફળ દહીના વાસણમાં રહેવાં દેવું—દહીની છાસ વલોવતી વખતે પણ તે જાયફળ દહીમાંજ રાખવું. આવી ક્રીયા ૭ વાર કરવી આવી રીતે તૈયાર થયલું જાયફળ દોહ્યું અને વળોયું કહેવાયે છે. બાળકને નવી જીંદગી તે બક્ષે છે.

જુઓ "ગળું પડવું"="બાળશોષ"="સુકટાણું"= "બાળકના માથાંમાં ખાડો."

## ધાતુ હીણ થાય–ધાત નબળી પડે.

૧=ધાતુ હીણ થાય—મીઠું ઘણું ખાવાથી ધાતુ હીણ થાય અને દારૂની કેફ ચઢે નહીં.

૨=મરદને શક્તિ કમ થાય—કેળાં ઘણા ખાવાથી મરદને શક્તિ ઘટે છે.

## ધાતુપુષ્ટ–વિર્યસ્ત્રાવ–પુરૂષાટણ–મરદને શક્તિ–વિર્યવર્ધક.

૧=ધાતુ પુષ્ટી માટે વડનું દુધ બતાસામાં ખાવું.

૨=વીર્યસ્ત્રાવ—સ્વપ્નામાં ધાત જાય તે ધાત જતી વેળા વીર્યનું જોસ ન હોય તો દરદીને નીચે મુજબ આપવું. ઇસ્ત્રી ચખણા ગ્રેન એક, એસીડ ફાસફોરીક ડાઇલ્યુટ આંઉસ ૨ મેળવીને એમાંથી ૨૫ ટીપાં ૨ આંઉસ પાણી સાથે ખાણા પછી દીવસમાં બેવાર આપવું.

૩=ધાતુ વર્ધક, મગજને પુષ્ટીકારક—સીતાવરીનું ૦॥ તોલો ચુરણ ઘી અને સાકર સાથ ખાય છે. સ્ત્રીઓના દરદો માટે ખાસ છે.

૪=શકિત વધે—સુકાયલા સરડાનો બારીક ભુકો કરીને ખાવામાં લે છે તેથી પુરૂષાતન વધે છે. અને નસોમાં શકિત આવે છે.

૫=પુરૂષાતન માટે—સાહડાના તેલના પાંચ ટીપાં, પાનમાં ખાવાં અને ખેંચાઇ ગયલી નસો ઉપર તેલ માલીસ કરવું.

૬=મરદને શકિત આવે, ખેંચાયલી નસો છુટે—સરસવના ઝાડના કુમળાં પીળા, દુધમાં અથવા ઘીમાં મેળવી લેપ કરે, નરમ ચામડી ઉપર લગાડે નહીં; ઢીલી નસો ઉપર લગાડે.

૭=ધાત વધે—સાજીખાર ચણાના છોડના મુળના પાણીમાં ખાવો.

૮=ધાતુ પુષ્ટી માટે—સતાવરીના મુળનું ચુરણ ૧ તોલો દુધ સાથે રાત્રે રોજ ખાવું.

ધાત વધે—સાજીખાર સાકર સાથ ખાય તો નવી ધાત વધે.

૯=મરદને શકિત માટે—સાંબરસીંગાના રાખ તોલો ૦। રોજ મધ સાથ ખાવી.

૧૦=ધાતુની નબળાઇ, સુજેલી ગોળી, નબળું હૃદય, બહી, ખાંસી, હાફણુ—સાંબરસીંગાના ટુકડા કરી તેને આંકડાના દુધનાં મેળવ્યા પછી, ખુલ્લા ઇંગારમાં ભુજવા. તેની ખાખ બે વાલ મધ સાથે આ દરદો માટે ખાવી

૧૧=મરદને શકતી (અંગ્રેજ)—અકલગરો, ચીનીકબાલા, ખસ ખસ, મુસળી કંદ, કુળીજન, લવંગ, અસકંદ, કેફલ, સંભાગે લઇ મધ સાથ ચીનીબોર જેવી ગોળી કરી સવારના પોહોરમાં ખાય તો બહુજ તાકાદ વધે.

૧૩=ધાત જતી બધ થાય—અળસીની ચાહ પીવી અથવા અળસીના બીનો ભુકો ૦॥ તોલો મધમાં મેળવી રોજ બે વાર ખાવો.

૧૪=ધાત જાય ત્યારે—ચુણીની ભાજી કાચી સવારે ૦॥ થી ૧ તોલો ખાવી અથવા ઘી સાથે પકાવી ખાવી. આથી પીસાબે ધાત જતી અટકે છે.

૧૫=વીર્ય માટે—સાલમ તોલો ૧ દુધમાં ઉકાળી ૭ દીવસ રોજ પીવામાં લેવો.

૧૬=વીર્ય માટે સાલમ તોલો ૧ તથા દુધ શેર ૧ ને ઉકાળી અંદર જાયફળ, જાવંત્રી, એલચી, લવીંગ અને કેસર એકેક વાલ નાખવું. બદામની મીજ, અખરોટ, પીસ્તાં, ખસખસ, વરીઆળી, સાકર સંભાગે મેળવી તે એક તોલો દુધમાં નાખી પીવું.

૧૭=આસન, આસંધ, અશ્વગંધ, અષગંદ.

અશ્વગંધ=અશ્વ એટલે ઘોડો; ગંધ એટલે વાસ. આસનનો વાસ ઘોડાના વાસ જેવો હોવાથી તેને અશ્વગંધ કહે છે.

મરદને શક્તિ આવે, ઘડપણની નબળાઇ દુર થાય, વીર્યનો વધારો થાય, મગજે શક્તિ વધે, કુટેવથી થયલી નબળાઈ સારી થાય, ગર્ભસ્થાન સુધરે, શરીરે ફુલેલી સ્ત્રીને ફાયદો આપે,—આટલા દરદો માટે આસન સારી પેઠે જણાઇ ચુકયું છે. ૦॥ અથવા ૧) તોધા ૧) રાત પલારી રાખી સહવારે ૦॥ શેર દુધમાં ઉકાળી ૦॥ તોલો ચોખ્ખું ગાયનું ઘી નાંખી પીવું

આસંધનો અરક અને વાઇન તૈયાર બનાવી વેચાતી દવા તરીકે વેચાય છે તેના ગુણો નીચે મુજબ જણાવ્યા છે.

Asandh Wine is the best "pick me up." It has been recognised as the best Tonic in nervous debility, Exhaustion, Loss of memory BrainFag. Dimness of sight, Confusion of ideas, loss of vigour, Pulpitation of heart, sleeplessness, Incapacity of study or business.

## પાઠું-ગર ગુમડા-બદ, ગાંઠ.

૧=પાઠાંપર કપાસના પાતરાં છુંદી, ઠંડા બાંધવાથી દરદને નરમ કરી પકવે છે.

૨=પાઠું—કડવા દુધીની છાલ અથવા બી છુંદીને પાઠા ઉપર બાંધે તો પાઠું તરતનું હોય તે બેસી જાય. જુનું હોય તે પાકે.

મીઠાં દુધીના મગજનું તેલ ઘણું ઠંડુ છે. માથા ઉપર ચોપડે, નાકમાં નાંખે તો માથું દુખતું નરમ પડે.

૩=પાઠું—કરીઆતું, હરડાં, બેહેળાં, આમળા, દરેક ૦। તોલો લઈ પાણીમાં ઉકાળો કરી પાવો.

૪=પાઠું—કડવી દુધીને છાલ અથવા બી પાણી સાથ છુંદી મા વો કરી પાઠાંપર લેપડી મુકયા કરવી. તરતનું હશે તો બેસી જશે અને જુનું હશે તો પાકીને ફુટી જશે. રસી નીકળી ગયા પછી એ લેપડી મુકવી નહીં.

૫=ગાંઠ તથા બદ બેશે—આકડાના દુધમાં કાથો અને રેવન-ચીનો સીરો ઘસી લગાડવો.

૬=બદ માટે—કુળદરને દીવેલમાં તળવી. સરકામાં ઉકાળવી અને લેપ કરી મુકવો.

૭=કાળો મલમ, ગર ગુમડાં માટે—સીંદુર શેર ૦ાા, તેલ શેર ૧ માં ખુબ ઉકાળવું. ચાસણી આવે ને મીણુ નવટાંક ઉમેરવું.

ગાંઠ, દર દ પીગળાવવા માટે મલમ ( બેરજીનો મલમ )—સીંદુર શેર ૦ાા, તેલ શેર ૧ માં ઉકાળી ચાસણી આવે ને બેરજી શેર ૦ાા નાખે.

૮=દરદ ફુટે (નસ્તર મારવું ન પડે)—ઉપર મુજબ કાળો મ લમ તોલો ૨, મોરથુથુ તોલો ૦ાા, સોમલ તોલો ૦ાા મેળવીને તેનું ૧ ટીપું દરદ ઉપર મુકે તો તે ફાટે. નસ્તર મારવું ન પડે.

૯=બદ નરમ પડે—૦ાા વાલ સાપની કાંચળી ગોળમાં મેળવી દરદીને રોજ ૧) વાર ૩) દીવસ ખવાડે.

૧૦=પાઠું બાવળની કુમળી પાંદડી અને બોરડીના પાંદડાં છુંદી લેપ કરી બાંધે તો પાઠું અને ગુમડાં પાકે છે.

૧૧=બાવળની પાલી છુંદી તેનો લેપ પાઠાં ઉપર મુકે તો, પાઠાંની અગન નરમ પડે છે અને પકવે છે.

૧૨=પાઠું—લીંબડાની છાલને છુંદી પાઠા ઉપર સાત દીવસ બાંધે તો પાઠું બેસી જાય છે, જુનું હોય તો તે પાકે છે.

૧૩=પાઠું રૂઝે—હળદરના ભુકાને ૪) વરસના છોકરાના મુત-રમાં ખખડાવી તેનો પટો કરી પાઠા ઉપર મુકે અને તે ૩) ૪) દીન પાઠાં ઉપર રહેવા દીએ.

૧૪=પાઠું રૂઝવવાનો મલમ—સીંદુર, રાહાલ, કપુર, કાથો, દરેક એક તોલો ૦ાા શેર ગાયના ઘીમાં મેળવી થાળીમાં મુકી તાંબાના કાંસીઆથી મસળવું.

૧૫=બલોહર, પાઠું વધરાઈ જાય—ખજુરીઆના પાનની થંદી લેપડી મુકે તો પાઠું, તથા બલોહર પાકે નહીં. ખજુરીઆના પાનની માફકજ રાયસીંગના ઝાડના પાતરાં કામ કરે છે.

૧૬=પાઠું, બલોહર પીગળે—કોઠમડાનો વેલો થય છે તે ઉપર કડવા કોઠમરા થાય છે, તેનો ગર અને હળદર સંભાગે મેળવી તેમાંથી ૧ તોલો અથવા વધારે રોજ બે વાર ખાવો.

જુઓ "પાઠું"="ગર ગુમડા"="બદ=ગાંઠ."

## પીંદસ—આગરૂ—નાકમાં છોડ—નાકના દરદો.

૧=પીનસ સારો થાય, પીનસનું લોહી બંધ પડે—પાનનો રસ ૧ તોલો, કપુર એક માસો મેળવી તેના ટીપા પાંચ સહવાર સાંજ નાકમાં નાંખવાં.

૨=નાકમાં પીંદસ, મસા તથા કીડા—ચકુદરના પાતરાંનો રસ કરી ટીપાં નાકમાં મૂકવાં.

૩=નાકમાં છોડ બંધાય, પીંદસ, નાકનો સ્વાસોસ્વાસ બંધ હોય—એ માટે ચણોઠીનાં મુળીઆંને પાણીમાં ઘસીને સુંઘે છે.

૪=પીનદસ માટે—તનદીરીના પાતરાંનો રસ ૧ તોલો તથા કપુર ટાંક ના મેળવીને નાકમાં ટીપાં નાખવાં.

૫=પીંદસ—કપુરને ગીલોડીના રસમાં મેળવી નાકમાં ટીપાં મુકે અથવા નાસ આપે તો પીંદસ જાય.

૬=પીંદસ—એ નાકનું દરદ છે. નાકનાં ઉપરનાં ભાગમાં જખમ રહે છે. તેમાંથી વાસ ખરાબ નીકળે છે પછી પરૂ જેવી રસી નીકળે છે. પછી ચીપડા અને લોહી નીકળે છે. પછી નાક બેસી જાય છે. રૂઝ લાવનારી દવા વપરાય છે. પણ દરદ પાછું થાય છે. એનો દેશી સહેલો ઉપાય અકસીર નીચે મુજબ છે.

ધોરમુરાનાં લીલાં પાંદડાં છુંદીને તેને ગાયના ઘીમાં ધીમી આંચે કકડાવવાં, પાંદડાં કકડાં થાય ને ઘી ગાળી લેવું. ઘી લીલા રંગનું થાય છે અથવા સુકા પાંદડાંને પાણીના ભીના લુગડામાં બાંધી રાખવાં તે પાંદડાં નરમ થાય ત્યારે છુંદીને ઘી સાથે ઉકાળવાં. આ ઘી

નાકમાં રોજ ૩ વાર સારી પેઠે મુકવું. ગળામાં જાય તેની અડચણ નથી. ઉપાય સહેલો છે. અને ચોક્કસ છે અથવા એના પાંદડાની બીડી બનાવી તેનો ધુમાડો નાક વાટે બહાર કાઢવો જો દરદ વધી ગયલું હોય તો બંને ઉપાય ચાલુ કરવા. ઈલાજ બહુ સારો ને સસ્તો ખાત્રીપૂર્વક છે.

૭=પીંનસ માટે—ાા તોલો સફેદ મરી બહુજ બારીક વાટે અને ત્રણ તોલા ગાયના ઘીમાં કકળાવે તે ઘી નાકમાં મુકે.

૮=પીનસ નાકમાં હોય, ખુસબો અથવા બદબો નાકે લાગે નહીં તે માટે—કલોંજીને ગધેડાના મુતરમાં મેળવી દરદીએ સુંઘીઆ કરવું.

૯=પીનસ—લીમડાના બીજનું તેલ સુંઘવાથી ચીપડા બંધાય નહીં અને ખરાબ વાસ દુર થાય છે.

૧૦=પીનસ માટે—દરદીના નાકમાં દીવેલ રોજ ૩-૪ વાર મુકયા કરવું. મચ્છી ન ખાવી.

પીંડસ ( Coryza ) હુગદની ધુણી નાકમાં લેવી.

**જુઓ " આગરૂ "=" નાકના દરદો. "**

## પીસાબ છુટે-ગુરદાના દરદ-પીસાબે રેતી.

૧=પીસાબ છુટે—પેરૂ ઉપર ઠંડા પાણીની ધાર ૨) ફુટની ઉંચાઈએથી નાખે.

૨=કાળી મુસળી લીંબુના રસમાં ઘસી ડુંટી અને પેઢુ પર ઘસે તો પીસાબ છુટે.

૩=પીસાબ છુટે—બે તોલા ગોખરૂને ાા શેર દુધમાં પકાવી ખીર કરીને પીએ. અથવા બે તોલા ગોખરૂ, બે તોલા શાકર એક શેર પાણી એને ઉકાળી ાા શેર રાખી પીવું.

૪=જીરૂં અને સુનામખી સંભાગે લઇ લીંબુના રસમાં મેળવી તેમાંથી ા તોલો રોજ ૩ વાર ખાવો.

૫=પીસાબનો હરેક આજાર જાય—કાળા તલ, ધઉં, કેસુરીના ફુળ બલબીચ, એલચી દરેક ૧ શેર લેવું દરેક વસાણું આતસપર સેકીને ભુકો કરવો, તેમાં ૦॥ શેર સુંઠ મેળવવી. ખાંડ શેર એકનો શીરો કરી ભેળેલું વસાણું તેમાં નાંખી એક રસ કરી તેમાંથી ૨) તોલા સહવારે અને ૨) તોલા સાંજે ખાવું.

૬=પીસાબ છુટે—ઇંદ્રીમાં કપુર અથવા સુરોખાર મુકે તો પીસાબ છુટે. ઘણી વાર આ ઉપાય ચાલુ રાખવામાં નુકસાન થાય છે.

૭=તલના છોડની સાઠીની રાખ મધ સાથે અથવા દુધ સાથે પીવી.

૮=દુધ અને પાણી સંભાગે પેટ ભરીને પીવું.

૯=કાકડીનો મગજ ૧ તોલો પાણીમાં ઉકાળીને પીવો.

૧૦=ગોખરૂનો ઉકાળો અને જવખાર ૨ વાલ, પીવાથી પીસાબ છુટે છે.

ગોખરૂ પીસાબના દરદને અને રેતીને ફાયદો આપે છે. એની ચાહ વધારે પીવાથી પેટ તણાઈ આવતું નથી. ચાહ વધારે પેટ ભરીને પીવાથી ફાયદો ઘણો છે. ચાહ પીવાથી રેતી પીસાબે હોય તે મટી જાય છે. તાવવાળા દરદીને ગોખરૂની ચાહ આપી શકાય નહીં.

૧૧=મુરદાના દરદ તથા ધાતુ માટે—ગોખરૂ ૭ દાણા, પીપળીમુળ તોલો ૦। સાકર, ૦। તોલો દરરોજ પાણી સાથ દીવસમાં ૨ વાર પીવું.

૧૨=પીસાબ વારમવાર થતી બંધ થાય—તલ ૨ ભાગ, અજમો ૧ ભાગ મેળવી તેની ફાકી દીવસમાં ત્રણ વાર મારવી.

૧૩=પીસાબ છુટે—નાની કોડી પાણીમાં ઘસીને પીવી.

૧૪=ઉંદરની લીંડી અને સુરોખાર વાટી પેઢું ઉપર લેપડી મુકવી. ઉપર મોળાના પાતરાં બાંધવા, તેથી પીસાબ છુટે છે.

૧૫=ખારેક તથા કોપરૂ દરેક ૦॥ તોલો વાટીને ખાવું.

૧૬=ગોખરૂની ચાહ પીસાબ છોડવે છે. શકતી વધારે છે. ધાતુપુષ્ટ છે.

૧૭=છાસમાં જવખાર નાખી પીએ તો પીસાબ છુટે.

૧૮=જવનું પાણી બે વાલ સુરાખાર સાથ પીવું. અથવા જવનું એકલું પાણી પુષ્કળ પેટ ભરીને પીવું.

૧૯=કેળના ઝાડનો રસ પીવાથી પીસાબ છુટે છે.

૨૦=ગોખરૂને દુધમાં રાંધી પેઢું પર મુકવું.

૨૧=લોહીની પીસાબ થાય તો—ભાંગ, એલચી, વરીઆળીને પાણીમાં વાટીને પાવી; જે દરદીને અફીણ આપી શકાતું નથી તેને ભાંગ ફાયદો કરે છે.

૨૨=જવખાર પીસાબ છોડવવા માટે પીવામાં લેવો. (સોડા બાઇ કારબાન પણ વાપડાય છે.)

૨૩=પીસાબ છુટે—૧૦ કાળાં મરી છુંદીને ાા શેર પાણીમાં નાંખી તે પાણીને ૨૫૦ વાર એક વાસણમાંથી બીજા વાસણમાં ઉંચી ધારથી નાંખી પીવું.

૨૪=પીસાબ છુટે—મુળાના પાંદડાં અને સુરોખાર છુંદી પેઢું ઉપર બાંધે તો પીસાબ છુટે છે.

૨૫=પીસાબ છુટે—મુળાના પાતરાનો ૦। શેર રસ પીએ તો પીસાબ છુટે.

૨૬=પીસાબ છુટે—ઉંદરની લીંડી ાા તોલો, અને સુરોખાર તોલો ાા વાટીને દુંટી માંહે ભરે અને તેની ઉપર મુળાના પાતરાં બાંધે તો પીસાબ છુટે.

૨૭=મુળાનો રસ તોલા ૨ાા, સાકર તોલો ૧ા મેળવી દીનમાં બે વાર પીવો.

૨૮=પીસાબ બંધ થયલો જલદી છુટે—કડા છાલ અને કેશુડીના ફુલ સંભાગે લઇ તે મેળવણીનો ૧ તોલો ૦। સેર પાણીમાં ૧ રાત ભીંજવી રાખી સહવારે તે પાણી ગાળીને પીવું.

૨૯=પીસાબ બંધ હોય, પીસાબે તનક મારે તે માટે—ભુરાં કોહળાંનો રસ ૨) તોલા, સાકેર ૧) તોલો મેળવી ૩) દીન પીએ.

૩૦=પીસાબ છોડવવા માટે—ત્રીફળાનો ઉકાળો પીએ.

પીસાબ છુટે—હલદર કાળી તોલો ૧ ફાકે તો પીસાબ છુટે.

૩૧=પીસાબ છુટે—પીસાબ બંધ થઇ ગઇ હોય તો કેળના રોપાનું પાણી પાંચ તોલા, તાવેલું ઘી બે તોલા મેળવી પાવું. ચમતકાર એ છે જે આવી રીતે ખાધેલું ઘી છુટું પડી પીસાબ વાટે નીકલી પડે છે અને પેસાબનો રસતો મોકળો કરે છે. ને જલદી ફાયદો કરે છે.

૩૨=પીસાબ છુટે—કેસુડાના ફુલ બાફીને પેઢુપર મુકે તે ઉપર ગરમ પાણીથી ભરેલી બાટલી મુકી રાખે તો પીસાબ છુટે.

૩૩=પીસાબ ઘણી છુટે તો ટીંકચર રતાંળ ટીપા ૨૫ અને પાણી આઉંસ ૧।। પીવું. બબે કલાકે ૩ વાર પીવાથી પીસાબ બંધ થાય છે.

૩૪=પીસાબ છુટે — સીતાફળનું મુલ ।। તાલો પાણીમાં ઘસીને પાવું.

૩૫=પીસાબને આરજો ઘણો હોય તો સવા શેર ૧।, મધ શેર ।।।, ખાંડ શેર ०।। એના લાડવા કરી ખાવા.

પીસાબ છોડવે—०।। તાલો સોદાબાઇ કારબ પીવાથી પીસાબ છુટે છે.

૩૬=પીસાબ છુટે—ઉંટના પેટમાંથી નીકળતો પથર પાણીમાં ઘસીને પેઢુ ઉપર લેપ કરે.

અરીઠામાં મેલ કાપવાનો ગુણ, સાબુ કરતાં પાંચ ઘણો વધારે છે. પીસાબ છોડવે—અરીઠાના પાણી સાથ ઉંદરની લીંડીની લેપડી કરી પેઢુ ઉપર મુકવી.

પીસાબ બંધ થએલો ખુલે—સમુદ્ર ફળ લીંબુના રસમાં ઘસીને દુટી અને પેઢુ ઉપર લગાડવું.

૩૭=પીસાબ બંધ થયલો ખુલે—સરગવાનો ઉકાળો ગરમ કરી પીએ. (રાઇની માફક સરગુઆના મુળની છાલ પ્લાસ્ટર વપરાય તરીકે છે.)

૩૮=પીસાબ ખંચાય ત્યારે સાકર અને જુવારનો આટો સંભાગે મેળવીને ०। થી ०।। તાલોં રોજ સહવાર સાંજ પાણી સાથ ખાવો.

૩૯=પીસાબ છુટે—પીસાબની નળીમાં સુરોખાર મુકે, માફકસર જોઇએ એટલો મુકે, ઘણીવાર મુકે તો નુકશાન છે.

૪૦=પીસાબ છુંટે—લીલા આંબળાનો રસ પીવો.

૪૧=જવખાર ।। તાલો, ०।। શેર પાણી અને સાકર મેળવી પીવામાં લેવું.

૪૨=ભોંગરીંગણીનો ઉકાળો ૧૦) તાલા મધ ૧ તાલો પીવું.

૪૩=કેસુંડા બે તાલા પાણી વીસ તાલામાં ઉકાળી બે આનીભાર સુરોખાર તેમાં નાંખી પીવું.

૪૪=દરભના—કાંસડાના, ડાંગરના, તલસરાંના સેરટીના મુલ સંભાગે લઇ બાળી તેની રાખમાંથી ખાર કહાડે તેનો ગુણ ઘણો છે.

૪૫=કાંસકીના મુલનો ઉકાળો પીવો.

કેસુડાના ફુલ બાફી પીરૂ ઉપર બાંધવાં અને ઉપર બાટલીનો સેક કરવો.

૪૬=કાંદો બાફીને તેની પોટીસ પીરૂપર બાંધવી.

૪૭=ગોળ ઉના દુધમાં મેળવી પીવો.

૪૮=તુકમરીઆં અથવા ગોખરૂં છુંદીને થંડા પાણીમાં પલાળી રાખી તેનો ચીકણો લુઆબ સાકર સાથ પીવો.

૪૯=સરગવાના મુળની છાલની ચાહ પીવી.

૫૦=પીસાબે ખારજતો હોય તો ત્રીફળાંનો કવાથ પીવો.

૫૧=છાસ જેવો પીસાબ થાય તે માટે હળદર અથવા દારૂહળદરનો કવાથ પીવો

૫૨=પીસાબ છાસ જેવો જાય ત્યારે—માયાં એઆની ભાર ભુકો કરી પાણી સાથ રોજ ૩ વાર ખાએ.

પીસાબ બંધ થાય ત્યારે ૦। શેર સુરાખારને ૩૫) શેર પાણીમાં ઉકાળે અને ખમી શકાય એવું ગરમ પાણી તેમાંથી લઇ ઉંચી ધારે રેત અને પીરૂં ઉપર સેક કરે અથવા એ ગરમ પાણીમાં લુગડું ભીંજવી પેત અને પીરૂ ઉપર મુકે. જો પીસાબ ઘણીજ થાય તો ખસખસના પોસનો સેક કરે.

૫૪=પીસાબે બળતરાં બળતાં હોય તે મટે-લુણીની ભાજીનો રસ ૫) તોલા, અને સાકર ૫) તોલાનું સરબત બનાવી પીએ.

૫૫=પેસાબ છાસ જેવો જાય ત્યારે દરદીએ બપોરે તાડી ાા શેર પીવી.

જુઓ " ગુરદાના દરદો" "પીસાબે રેતી."

## પીસાબ ઉંધમાં.

પીસાબ ઉંઘમાં થઇ જાય તો ધાના તથા ખાંડ સાથે મેળવીને રોજ ફાકવી.

## મુત્ર કૃચ્છ—પીસાબ વારંવાર થતો અટકે.

૧=પીસાબ થોડી થાય—કપુર, એલચી, તજ, ગોળ, પાખણુ ભેદ, પીપળ સંભાગે, ગોળ સાથ મેળવીને, વજને બે આની ભાર લઇ, ચોખાના ધુણ સાથ પીયે તો પીસાબ કમી થાય.

૨=પીસાબ બંધ કરવા માટે—કાંદો ગરમ ગરમ પીરૂં ઉપર બાંધવાંમાં આવે છે.

૩=પીસાબ વારંવાર થતો અટકે—ધાવડીના ફુલ ૦॥ તોલો રોજ ખાવાં.

૪=પીસાબે થતાં દરદ માટે ગળોનો સત્વ અને હલદર સંભાગે મેળવી તેમાંથી બે આની ભાર ચુરણ દીવસમાં ૩ વાર ખાય તો બળતરાં અને તનક બંધ થાય.

૫=પીસાબ વારંવાર આવતો અટકે—ખજુર ઘીમાં તળીને તેમાં પીપળ, અજમો, કાળા તલ મુકીને ખાય તો પીસાબનો આરજો ટળે.

૬=મુત્ર કૃચ્છ માટે—તાડનું મુળીઉ ચોખાના ધોવાણમાં ઘસી પાવું.

૭=પીસાબ વારંવાર થાય—ઇસપગુળ મસતકી, અજમો, તલ સંભાગે મેળવીને ૦॥ તોલો દીવસમાં બે વાર ખાવો.

૮=પીસાબ બે અખત્યાર આવે, તે ગરમીની હોય તો પાણીની તરસ ઘણી લાગે તેનો ઇલાજ—ધાણા, સુખડ, લીમડાની છાલ, મોઠ, એલચી નાગકેસર એ સરવેનો ઉકાળો સાકેર સાથે પીવો.

૯=મુત્ર કૃચ્છ માટે—ભોંયરીંગણીનો રસ બે તોલા, મધ ૦। તોલા સાથ પીવામાં લેવો.

૧૦=પીસાબ ઘણી થતી હોય તો—૧) તોલો આદુનો રસ, સાકર સાથ મેળવી દીવસમાં બે વાર પીવો.

૧૧=પીસાબ વારંવાર થતી હોય—તો બાવલના કુમળા, બી વગરના પડદાં (સીંગ) નું ચુરણ અને સાકેર સંભાગે મેળવીને તેમાંથી એક તોલો લેવો, તેના ૭ ભાગ કરવા. એક પડીકું રોજ સહવારે ખાવો.

૧૩=સરગુઆનું મુળીઉં શેર ૦।, પાણી શેર ૨ માં ઉકાળી ૦। શેર રાખી તેમાંથી પાંચ તોલા પાણી રોજ બે વાર પીવું.

૧૪=મુત્રકચ્છ—૦॥ તોલો સામરની છાલનું ચુરણ દુધમાં પીવું.

૧૫=મુતરકછ માટે—સંધેસરાનું મુળીઉં શેર ૦।, પાણી શેર ૨ માં ઉકાળી ૦। શેર રાખવું. તેમાંથી ૦। થી ૦॥ તોલો પાણી સાથ પીવું.

૧૬=પીસાબ બે અખત્યાર આવે—સરદીનું કારણ હોય તો તરસ લાગે નહીં અને પીસાબ ઉતાવળે આવે, મારેલું લોઢું ૧૦ ભાગ, સુંઠ ૨૦ ભાગ, સાકર ૩૦ ભાગ મેળવીને દરરોજ ૦। તોલો ખાવું.

૧૭=પીસાબ વારંવાર થાય તો સુવા શેર ૧।, મધ શેર ૦॥ બેરીઓ ગુંદર શેર ૦।, ખાંડ શેર ૫ તેના લાડવા કરી ૧૪ દીવસ ખાવા. પીસાબ ઘણી થય તેનો ઇલાજ—સુવા ૧ શેર, મેદો શેર ૦॥, ગુંદર ૦॥ શેર, ખાંડ ૦॥ શેર, ઘી ૧) ૧/૪ શેર એના લાડુ બનાવે. સહવારે ૦। શેર અને ૦। શેર સાંજે ભુખે પેટે ખાય.

૧૮=મુત્ર કચ્છ માટે—એલચી ૦। તોલાનું ચુરણ મધમાં ખાવું.

મુત્ર કચ્છ માટે—કેળના કંદનો રસ ૧ તોલો, ગાયનું મુતર ૦॥ તોલો મેળવી પાવું.

જુઓ "પીસાબ"

## પીત છાતીએ-છાતીએ પીત.

૧=પીત જાય—સાજીખાર ખાંડમાં ખાવો.

૨=પીત ખાતું છાતીએ—૦। તોલો સાતોદીના મુળ સહવારે રોજ ચાવી ખાવું ૧૪ દીન સુધી.

૩=પીત માટે—ત્રીફળની ચાહ રાતરે મનાવે અને ખાંડ સાથ સવારે પીએ તો પીત મટે અને જુલાબ આવે

૪=છાતીએ પીત થાય પીસાબે ધાતુ જાય તે માટે—પાકેલું ૧ કેરું, ઘી ૦॥ તોલા સાથ ભુખે પેતે સહવારે ૭ દીન ખાય. જો કોઇ દરદીને થંડી લાગો આવે તો ઘીમાં ૦। તોલો મધ મેળવીને ખાય.

પીત છાતીપરનું મટે—કોટની અંદરનો પાકેલો ગર ૦ા તોલો સાકર ૦ા તોલો મેલવીને ખાવો.

કડવું તુરીઉં—કરૂસોરવળ-પીટકુળ એકજ છે. ડોડકી-ડોળકી, ઘીસોડી, ગળકા કડવા, દુધી, તુમડી કડવી. આ દરેક ચીજ કડવી હોય ત્યારે તેનો ગુણ એક સરખો છે. આ ચીજોનો લીલો રસ અથવા સુકા ગરને પાણીમાં પળાલી કાઢેલા રસના દસ દસ ટીપાં નાકમાં મુકવાં અથવા ખાવાં, અથવા આ ફળોનું બારીક ચુરણ રતી એક સુંઘાડવું, તેથી પીટ ઝરે છે. આ નાસીકા રેચ બંધ કરવો હોય તો ઘી સુંઘવું. નાકમા ટીપાં મુકવાં પહેલાં ઘી ચાટવું જેથી ગળામાં ચણચણાટ લાગે નહીં.

પીત છાતીએ—કારેલાના પાનનો રસ ૧ તોલો પાવાથી ઓકારી થઇને પીત બહાર પડશે અથવા ઝાડા વાટે નીકળી જશે.

જુઓ "છાતીએ પીત"="પીત છાતીએ."

## પીતના ચાઠાં-પીત શરીરે-રગત પીત.

૧=પીત શરીર ઉપર—આમળાનો તથા લીંબુનો રસ એકેક તોલો મેળવી ૧૪ દીન સુધી પાવો. પીતના ચાંદા તથા ફાટેલી ચામડી સાફ થાએ છે.

૨=પીતના ચાંદા—દીવસમાં બે વાર ચોળાઈની ભાજી દરરોજ ખાવી.

૩=પીતના ચાંદા માટે—આમળાનો ભુકો અરધો તોલો, પાણી સાથે રોજ સવારે ભુખે પેટે ખાવો. અથવા આમળાનો ભુકો અરધો તોલો, અરધો તોલો ઘી સાથ મેળવી રોજ સહવારે ભુખે પેટે ખાવું. અથવા મુરબો ૨ તોલા, આમળાના ઘી સાથે સહવારે રોજ ખાવો.

૪=પીતના ચાંદા ઉપર છાસ પીવી બહુ સારી છે. પણ આગલા વખતમાં જેને છાસ કહેતા હતા તેવી છાસ આજે મુસકેલીથી મળે છે. છાસના ગુણો ઘણા છે, જે ગરીબ વર્ગમાં જાણીતા છે.

૫=પીત શરીરે, ખરજુસું મટે—ધંતુરાના ડીંદવામાં આમળીના એક ચીચોરા જેટલો ગંધક મુકી, કપડ છંદ કરી અંગારમાં બાફવો. તે ગંધક તેલમાં મેળવી શરીરે લગાડવો. ગંધક સાથ એક વાલ મોરથુથુ લેવાથી ફાયદો જલદી થાય.

### પેટમાં ચરબી.

પેટમાંની ચરબી તવાઇ જાય—નણુરી એ સેવ જેવી જડ, પક્ષીના માળા જેવી ગુંચાએલી ઝાડ ઉપર થાય છે તેની જડ જમીનમાં હોતી નથી. તે નણુરીને છુંદીને પેટ ઉપર બાંધે તો પેટમાંની ચરબી તવાઇ જાય.

## પુરૂષાટન—મરદને શક્તી વધે-ધાતુપુષ્ટી વધે; પુરૂષાર્થ વધે—નબળાઈ મટે—નસ ઢીલી મજબુત થાય.

૧=મરદને શકતી વધે—પીપર, લવંગ, અકલગરો, દરેક પાંચ તોલા, મધ ના શેર મેળવી એક તોલો રોજ ખાવું.

૨=મરદને શકતી વધે—ગુંગલ (અખાસીલ) તાંક એક બકરીના માંસ સાથ છુંદી તેમાં મીઠું, મરી, હળદ, આદુનો રસ મેળવી ૩ કલાક રાખે, પછી ઘઉંની રોટી સાથ એ માંસ કાચું સાત દીન ખાય.

શકતી વધે—જેઠીમધનું ચુરણુ, ઘી, અને મધ, મેળવી ખાય, ઉપરથી સાકરવાળું દુધ પીએ.

૪=પુરૂષાતન માટે—જાયફળ, લવંગ, કેસર, અફીણુ, સુંઠ સંભાગે લઇ પાનના રસમાં ૧ વાલની ગોળી બનાવી એકેક ગોળી ૧૪ દીન ખાવી.

૫=પુરૂષાતન વધે—ખારેક ૦। શેરને પાણીમાં ઉકાળવી, પોચી પડે કે તેને ચીરીને ઠળીઆ કાઢી નાખવાં. ખારેકને સુકાવા દેવી. કઠણ થાય પછી દરેક ખારેકમાં બે વાલ અફીણુ ભરી દોરાથી બાંધવી. પછી શેર દુધમાં ઉકાળી રોજ અડધ અથવા આખી ખાવી.

પુરૂષાતન વધે—કાળી મુસલીના કણનું ચુરણુ ઘીમાં તળીને રોજ ના અથવા તોલો ખાવું.

૬=મરદને શક્તિ વધે—ગાજરના બીજ ૦॥ તોલો નરણ સાથે દીવસ ઉગતે ખાવાં.

૭=પુરૂષાતન વધે—ચીનીકબાલા, અક્કલકરો, જીરૂં, મુસળીકંદ, નગોરના બી, કોસમબા તથા એખરાના બી, ગોખરૂ, સુંઠ, વછનાગ કઉચા, માલકાકણી, ચતુર જાતક સંભાગે લઇ તેની ચણા જેવડી ગોળી બનાવી રાતરે એક ગોળી ખાય. ઉપરથી દુધ પીએ, અકરૂં બેસીને દુધ પીવાથી પુરૂષાતન વધે છે. અકરૂ બેસવાની ટેવથી હરસના મસા થાય છે.

૮=પુરૂષાર્થ વધે—ગજપીપર, આસંધ, વજ, સંભાગે લઇ ભેંસના માખણમાં મેળવી લેપ કરવો. ખેંચાઇ ગયલી નસ છુટે.

૯=ચોપચીની—મરદને શકતી માટે બહુ વખણાય છે.

પુરૂષાતન વધે—ગંધકનું તેળ ૫) ટીંપા ચેવલી પાનપર લગાડી રોજ ખાય. તેલની બનાવત માટે જુઓ " ઢીલી નસો."

૧૦=મરદને શકતી આવે, યાદદાસ વધે, લકવાને ફાયદો કરે, ગર્ભવાળી સ્ત્રીની ઉલટી માટે જાદુઇ ઇલાજ છે, મીઠી પીસાબને ફાયદો કરે, ઉળની ખાવા પછી થાય તેને મટાડે—ઝેહેર કચરો શુદ્ધ કરવા માટે ૭ દીવસ તેને ગૌમુત્રમાં બોળી રાખે. ઉપરની છાલ કાઢી નાખે, તેને ઘીનો હાથ લગાડી ગરમ કરે, ચુરણ બનાવી સંભાગે મરી મેલવે, તેમાંથી ૦॥ થી ૧ વાલ સુધી સાત દીન સહવારે રોજ ખાય બે દીવસ ખાંચો રાખે, વળી સાત દીન ખાય, એ મુજબ ચાલુ રાખે.

૧૧=પુરૂષાતન વધે—કપુર નાહના પ્રમાણમાં લેવાથી પુરૂષાતન વધે.

પુરૂષાતન વધે—વાથી અટકેલા સાંધા છુટા થાય—તેલ ગંધકનું એક સળી પાન સાથ ખાવું.

૧૨=શકતી માટે—ચીનીકબાલા, સુઠ, અજમો, અકલગરો, તજ, લવંગ, જાયફળ, કાકડીના બીજ સંભાગે મેળવી સાકેર સાથ ૦॥ તોલો ખાએ.

પુરૂષાતન વધે—અખોટીનું મુળ ૦ા તોલો દુધ સાથ ૭ દીવસ પીએ તો બહુ શકતી વધે.

૧૩=શકતીની ગોળી—જાયફળ તોલા ૦ાા ના વજનથી ઓછું ન હોય તે લેવું. તેની ગાબડી કાઢી અંદર અફીણ વાલ ૮ ભરી બંધ કરી ઘઉંના આટામાં લેપ કરે (ગલેફ કરે). ભાતના છાળાના ઢગલાની વચે જાયફળ મુકે. તે ઢગલા ઉપર સુતરના ૪ દોરા મુકી આઠ ગમથી તે દોરા સળગાવે. છાલાં બળી રહેને ખળમાં વાટી ૪ ભાગ કરવા તેમાંનો ૧) ભાગ રાત્રેખાવો અને દુધ શેર ૧ પીવું તેથી શકતી વધે છે.

૧૪=નબળાઇ માટે—ખજુર ચાર પઇસાભાર, પીપળ તોલો ૦ાા, દુધ શેર એક મેળવી, અંદર મધ નાખી ગરમ કરી સાત દીવસ પીવું.

પુરૂષત્વ, ધાતુ વધારે—બેઆની ભાર ચનોટીના પાતરાંના ઉકાળીને દુધ સાથ મેળવી સાત દીવસ સવાર સાંજ પીએ.

૧૫=પુરૂષાતન—દુધ બકરીનું શકતી આપનારૂં, વીરય વધારનારૂં અને ભુખ લગાડનારૂં છે. જો સુનામખીની ફાકી સાથ આ દુધ રોજ પીવામાં આવે તો પુરૂષાતન ઘણું વધે છે.

૧૬=પુરૂષાતન વધે—તુળસીના બી અને ગોળ સંભાગે મેળવી તેમાંથી ૧) તોલો રોજ સહવારે ખાઈ ઉપરથી દુધ પીવું.

૧૭=પુરૂષાતન વધે—આદુનો રસ ૦ાા તોલો, પીઆજનો રસ ૦ાા તોલો, ગાયનું ઘી ૧) તોલો, મધ ૦ાા તોલો. બેડાની દાળ (જરડી) એક, મેળવીને દીન એકવીસ પીવી. ઉપલી ચીજોનો કુચો રહે તે ઘીમાં તળી રોટલી સાથે ખાવો, માંસનો ખોરાક લેવો નહી.

૧૮=પુરૂષાતન—કાલુ માછલી અને કરચલાં એ પુરૂષાતનમાં બહુજ ઉપયોગી છે એને આતશ ઉપર ભુંજી ખાય છે એની ખાખ બનાવીને ઘી સાથ ખાવામાં લે છે.

૧૯=પુરૂષાતન વધે—કરચલાંનો રસ પીવાથી શકતી વધે છે. તે સ્વભાવે બહુ ગરમ છે.

૨૦=પુરૂષાતન પાછું આવે—કનેરના ઝાડ ઉપર સફેદ ફુલ થાય છે તે ઝાડની જડની છાલ અનેકાળા ધંતુરાની જડની છાલ દરેક ૦ાા શેર દશ શેર ગાયના દુધમાં ઉકાળી દુધ પાંચ શેર રાખી તેનું ઘી મનાવવું. તે ઘી મગના જેટલું વજને પાનમાં મુકીને સવારે

ખાય તો ૭ દીનમાં ફાયદો જણાય છે. ખાટું ખારૂં ન ખાવું. વળી એજ ઘીને પાન ઉપર ચોપડી તે પટી નબળી નસો ઉપર બાંધે તો શકતી આવે.

હાથ દરાજથી બગડેલો મરદ સમરે—ઉજળી કનેરની જડ, ઉજળી ચણોઠીની જડ, આળસીઆં દરેક તોલા ૨, દેડકો એક, તલનું તેલ ચાર તોલા સર્વે એકઠું કરી લોઢાના વાસણમાં મુકી અંગાર ઉપર મુકી. તેલ કહાડવું તે તેલ કાગળ ઉપર ચોપડી નબળી નસોને લગાડે તો નસ મજબુત થાય.

૨૧=પુરૂષાતન વધે—ચલ્લાના ભેજાને ખાંડ સાથ ખાવાથી શકતી ઘણી વધે છે.

ઢીલી નસ માટે લેપ—નર ચલ્લાનું લોહી ઢીલી નસોને અને ગોળીને લગાડે તો શકતી આવે છે.

૨૨=ધાતુનું બંધારણ થાય—મરદને શકતી આવે—અકલગરો, લવીંગ, પીપર, ભાંગ, ઉપલેટ દરેક સરખે ભાગે લઇ તેમાં મધ મેળવી ચીનીબોર જેવી ગોળી બનાવી તેમાની એકેક ગોળી સાત દીવસ ખાવી. અને ઉપરથી દુધ પીવું.

૨૩=શકતી વધે—ખુરાસાની અજમો અને બાવળની સુકી પાલી સંભાગે મેળવી રોજ ૦॥ તોલો ખાવામાં આવે તો શકતી વધે.

૨૪=પુષ્ટી માટે—ઇંડની કાચી દાલ, મધ, ઘી સાથે મેળવી ખોરાક તરીકે લેવાય છે.

૨૫=પુરૂષાતન આવે—કાચા ઇંડાની દાલ ૧, અને ૦॥ તોલો ઘી મેળવી એકવીસ દીવસ ખાવું. બ્રહ્મચારી એક મહીના સુધી રહેવું.

૨૬=મરદને શકતી વધે—ગુંદર ૦। તોલો ઉજળી, ખાંડ સાથ ત્રણ દીવસ ખાય અને ઉપરથી પાણી પીએ.

૨૭=શકતી આવે—મરઘી તથા મોરના ઇંડાના કોચલાની રાખ ૧ થી ૧॥ વાલ, પીપર બે વાલ, મધ સાથ મેળવી રોજ ખાય તો મરદ તેમજ ઓરતને શકતી આવે.

૨૮=પુરૂષાતન માટે—આળસીઆંનો ભુકો વાલ બે થી ૪ ગોળ સાથ ખાય તો શક્તિ વધે છે.

## અળસીઆં (ભુનાગ)-અળુસીઆં.

૨૯=આળસીઆ ચોમાસાની રૂતુમાં જમીનમાં પાકે છે. એ મ-ટોડું ખાઇને જીવે છે એને દવાના કામમાં વાપરવા હોય તો ખાધેલું મટોડું છેદા બહાર કાઢવું જોઇએ, તે માટે આળસીઆનાં ઉપર લીંબુનો રસ નાંખ્યો હોય તો આળસીઆંના પેટમાંનું મટોડું નીકળી પડે છે.

૩૦=મરદને શકતી વધે—એકથી બે તોલા લસણને ઘીમાં તળે અને ભુખે પેટે સહવારે ખાય, લસણ તળતાં વધેલું ઘી દાળ ભાત સાથ ખાય.

૩૧=ગંધક (અમલસારા) નું તેલ—અમલસારો ગંધક શેર પોણો, આકડાના પાકા પાનનો રસ શેર બે લેવો. ગંધકને રોજ રાત્રે ત્રણ પૈસાભાર રસની સાથ ખરળ કરે. રાત્રે ખરળ કરે ને દીવસે તડકે મુકે. આ મુજબ અઢી માસ ખરળ કરે તો અંદરથી તેલ નિકળે. આ તેલના ૫) ટીપાં પાન પર લગાડે ને ખાય તો મરદને શકતી વધે. ઢીલી નસોપર મસળે તો ફાયદો થાય.

ગંધક તેલ—ગંધકને આંકડાના દુધમાં બે દીવસ વાટવી. તેની ટીકરી બનાવી છાયામાં સુકવવી. પાણી સાથ તે ટીકરી ને ધીમી આંચે ઉકાળવાથી તેલ તરી આવે છે.

૩૨=પુરૂષતાન, લકવો, લોહીને ફરતું કરવું અને શરીરમાં ગરમી લાવવા ઇંડાંનુ તેલ મસળે પાંચથી પંદર ટીપાં તેલ ઉપલા દરદો માટે દુધમાં સવાર સાંજ પાવામાં આપે.

ઈંડાનું તેલ કાઢવાની રીત—બાફેલા ઇંડાની દાળને ભુકો કરી ગરમ દારૂમાં અથવા બ્રાંડીમાં મુકવું. ઘણે વખતે તેલ દારૂ સાથે મળી જશે તેને ગાળીને તડકે મુકવું. દારૂ ઉડી જશે ને તેલ રહી જશે.

બાફેલા ઇંડાની દાલને લોખંડના વાસણમાં બહુ સેકે તો તે બળીને કાલી થશે. ગરમી ચાલુ રાખવાથી તેલ છુટું પડશે.

ઇંડાનું તેલ બનાવતાં ૨૧) ઇંડાની દાળમાં ૧) માસો પારો મેળવવાની ભલામણ કેટલાક અનુભવી કરે છે.

ઇંડાનું તેલ કાઢતી વેળા, ઇંડાવાળુ વાસણ ચુલા ઉપર તલક કલાક રાખવું.

૩૩=મરદને શકતી વધે—રેગમાહી ટાંક ૫), પીપર ટાંક ૭), મધ ટાંક પાંચ મેળવીને રોજ ૦। તો. અથવા વધારે ખાએ. અથવા મુસળી કંદના બી ૦। તો. ગોળમાં રોજ ખાએ.

૩૪=મરદને શકતી આવે—લવંગ પીપર, અકલગરો, ઉપતલેત દરેક ટાંક ૫) મધ ૧) શેરમાં મેળવી પાક બનાવી ખાય, અને સાત દિનમાં પુરો કરે. જો વીર્ય બળતું હોય, એટલે વીર્ય નીકળતાં ચામડીને ગરમાવો લાગતો હોય તો ભાંગનું ઘી ૫) ટાંક ઉમેરવું.

૩૫=પુરૂષાતન ઘટે—કપુર મોટા પ્રમાણમાં લેવાથી વીર્યનું જોર નરમ પડે.

મરદને શકતી વધે છે. થુઅરના ફળનો રસ કાહાડી લેવા પછી બીને સુકવવાં તેને ખાંડી આટો બનાવવો તેના, પેંડા બનાવી ખાવા. ૧) શેર માવો, ૦। શેર બીનો લોટ, ૧) તો. એલચી, ૦। તો. ભાંગ, ૧) તો મરી, સાકર ૧। શેર એઓને મેળવી પેંડા બનાવી રોજ ૫) તો. ખાવા.

તુલસીના બી, પીપળાની પેપડી, શીવલીંગીના બીજ, બીલ્લાંન ફળમાંથી નીકળે તે બી એ બધાં બીના પેંડા ખાવાથી બનાવીશકતી વધે.

૩૬=વીર્ય બંધેજ રહે—બાવલના ઝાડના કુમલાં પાન તેની સાથના લીલા કાંટા સાથે લાવી તેનું ચુરણ બનાવે. ૦। અથવા ૦॥ તો. ચુરણ ખાય ઉપરથી દુધ પીએ. પાન છાયામાં સુકવે.

૩૭=વીર્ય વધે—સુંઠ, અસન દરેકટાંક ૪), ખારેક ટાંક ૫) દુધ સાથ મેળવી ૭) દીવસ પીએ.

મેથી, મોચરસ, ભોંયકેહરૂં સંભાગે લઇ શેરડીના રસમાં ચીની બોર જેવડી ગોળી (૧ ટાંકની) બનાવી રોજ સહવારે ૧૪) દીવસ સુધી ખાય. દુધ માખણ વગેરે ખોરાક લીએ. ખાટું ખારૂં ન ખાય.

૩૮=ઢીલી નસો મજબુત થાય—ઇંડાની દાળ, ઘી સાથ અથવા તેલ સાથ મેળવવીને લગાડે તો નસોમાં જોર આવે અને માઉંસ કઠણ થાએ.

૩૯=મરદને શકતી વધે—( પાહશાહી ઇલાજ છે ) ધોળી મુસળી, કાળી મુસળી, અકળકરો, અંદર જવ, ગોખરૂ, ગળોનું સત્વ, મોચરસ,

બહુફળી, સસેડ', કચાઉ, બળબીજ, એખરો, ચીનીકબાબ, બાવચી એ સઘળું સંભાગે મેલવી ૦ાા તોલો ચુરણ સહવારે નેહાર કોઠે ખાએ તો શકતી ઘણીજ વધે.

૪૦=કૌવત વધે, મોઢે લાલી આવે, તેજી વધે—રતાલુ કંદ ઘીમાં તલી રોજ ખાએ. અથવા ઘીમાં તળેલો કાંદો, બદામ, ચારોલી, લાલ દરાખ, આ સઘલાંને ઘીમાં તલી રોજ સહવારે ભુખે પેટ ખાએ. થંડી મોસમમાં ખાવાથી બહુ તેજી આવે. આ તેજાનું રોજ ૫) તોલા ખાએ.

૪૧=શરીરે તાકાત વધે. શક્તિ લાવવા માટે લોખંડની બનેલી દવા સારી છે તેમાં હીરાકસી ઉત્તમ છે.

૪૨=પુરૂષાર્થ માટે—રેગ માછલી ૭ ભાગ, પીપર ૫ ભાગ મેળવી તેમાંથી ૦। તોલો મધ સાથે રોજ ખાવો. ( આ ઉપાય સલામતીભરેલો અને ચોકસ છે. )

૪૩=મરદને શકતી માટે—લસણ, આદુ તથા કાંદાનો રસ દરેક ૦। તોલો, મધ ૦ાા તોલો, ઘી ૦ાા તોલો, ઈંડાની દાળ કાચી ૧ એ સઘળું મેળવીને ૧૨) દીવસ સુધી રોજ ખાએ, ઇંડાની સફેદી તથા મસાલાના છુંદાને ઘીમાં તળી રોટી સાથે ખાએ.

૪૫=મરદને શકતી—સાબરસીંગાની ખાખ તોલો ૦। મધ સાથે દીન ૫ ખાય તો શકતી વધે.

૪૬=મરદને શકતી વધે—હળદને ગાયના પીતાના પાણીમાં ભીંજવી સુકાવીને ખાવામાં લેવી.

૪૭=શરીરે શકતી આવે, ઝાડો ખુલાસાથી આવે—આમળાના ઝાહડની છાલનું ચુરણ ૦ાા તોલો દુધ સાથે ઉકાળીને પીએ.

૪૮=મરદને શકતી આવે—એ વાલ કેસર અને ચણા અને સાકેર ૦ાા તોલો રોજ ફાકે.

૪૯=પારો બંધાએ—સાતોડીના મુળના રસમાં પારો (ધાતુ) મસળે તો મસકા જેવો થાય, આ મસકાને આમલીના પાનના રસમાં ઉકાળે તો કઠણ થઈ જાય. પારાના ગલાસ બનાવી તેમાં દુધ ૦ાા કલાક રાખીને તે દુધ પીએ તો ક્ષયના જંતુ મરે. ક્ષયવાળા દરદીને ફાયદો થાય, શરીરે શક્તિ આવે.

૫૦=શક્તિ વધે } પીવાના પાણીમાં સોનું રાખે અને તે પાણી
આયુસ વધે. } પીએ, અથવા સોનાને પાણીમાં ઉકાળી તે પાણી પીએ.

૫૧=શક્તિ ઘણી વધે—હાથલા શુઅરના દીદવાંના બીનો લોટ બનાવે તેનો પાક કરી ખાય.

૫૨=શક્તિ પુષ્કળ વધે—બકરીના દુધ સાથ સુનામખી ખાવી.

૫૩=ઘીમાં તળેલો ગુંદર ૦। તોલો સાકર સાથે ખાવો.

૫૪=ભોંયકોળુ અથવા વીદારી કંદ ૦। તોલો સાકર સાથ દુધમાં લેવો.

૫૫=રૂમીમસતકી બેઆની ભાર, બદામનું મગજ ૦॥ તોલો, સાકર ૧) તોલો. એની ફાકી ૦। તોલો. અથવા ૦॥ તોલો દુધમાં પીવી.

૫૬=સાલમ, મુસરી, ગોખરૂ, સતાવરી, આસંધ એમાંનું ૧) તોલો દુધમાં પીવું.

૫૭=એખરો, બહુફળી, મોચરસ. ચોપચીની, ગળોસત્વ એમાંની એક બી ચીજ લાંબો વખત ખાવી.

૫૮=ધાવાછ ગયલા મરદ માટે આસંધ, તલ, અડદ, સુંઠ, ગોળ, ઘી, સંભાગે લઇ લાડુ બનાવી, રોજ ૨) તોલા લાડુ ખાવા અને દુધ પીવું.

૫૯=અકલકરો, લવંગ, પીપર, ભાંગ, ઉપલેટ સંભાગે ચુરણ બનાવી, બેઆની ભાર ચુરણ મધમાં ચાટવું. ઉપરથી દુધ પીવું.

૬૦=અફીણ, જાયફળ, જાવંત્રી, તજ, કેસર, એલચી, સંભાગે મેળવી પાનના રસમાં વાલ વજનની ગોળી બનાવી રોજ ૧) ખાવી, ઉપરથી દુધ પીવું.

૬૧=ચણોઠીના મુળનું ચુરણ ૦॥ તોલો. સાકર ૦। તોલો. દુધ સાથ પીવું.

૬૨=અકલગરાનું મૂળીઉં, અબરક કાચી, ઇંદ્રીપર લગાડવી.

**જુઓ " મરદને શક્તિ " " ધાતુ પુષ્ટી " " નસ ઢીલી " " નબળાઇ. "**

## પેટનો પવન.

૧=પેટમાંનો પવન છુટે—શેરડીનો સરકો અને પાણી સંભાગે ગરમ કરી પેટ ઉપર પોતાં મુકે.

૨=પેટમાં વાયુ હોય તો—નગોડના પાન કુમળાં ૪ ચાવી ખાવાં.

૩=પેટનો પવન=અંતરગળ=કલેજાંના દરદો=આંતરડું એકેકપર ચઢેલું હોય તે=પવન પેટનો મટે—આકડાના મુળનું ચુરણ (મુદાર) ૩ વાલ, એસીદટેનીક ૨) વાલ, કેલોમેલ ૧ ગ્રેન. આ મીશ્ર સહવારે ખાવું અને ફરી સાંજે ખાવું. વામીટ થવા દેવું નહીં. દવા ખાધા પછી ચણાનું મગજ ખાય તો વામીટ ન થાય.

૪=પેટમાંનો બળગમ નીકળે—ાા તો. નીસેતર મધ સાથે ખવાડે.

૫=પેટનો મલ નીકળે—ગુંદીના પાન છુંદી બાફીને પેટપર બાંધે.

---

## પેટના દરદો-પેટનો દુખાવો.

૧=પેટ ફુલે તે મારે—લસણના ફોતરાં કહાડી ૧)રાત છાસમાં ભીંજવી રાખે. સહવારે તેમાંની ૧) તો. લસણ, ાા તો. સીંધાલુણ, સેકેલી હીગ ા તો. આદુનો રસ ૧ાા તો. તેની એકેક વાલની ગોળી બનાવે. ૧) અથવા ૨) ગોળી આદુના રસ સાથે ખાય

૨=પેટની ચુંક મટે—હીંગ ૧) વાલ, ઘી સાથ ખાવી. લસણની કળી ગળી જવી. બાળેલી છીપનું ચુરણ ા તો. ગોળ સાથ ખાવું. શંખની ભષ્મ ા તો લીંબુના રસમાં ખાવી. કીડામારીનું ચુરણ ા તો. પાણીમાં ખાવું. સોદા (સાજીખાર) અને હળદર સંભાગે મેળવી ાા તો. ખાવી.

૩=પેટના દરદ દફે થાય—કાળીમુસળી ા તો ગરમ પાણીમાં ખાવી.

૪=પેટનો દુખાવો—ચણાના છોડ ઉપર પતલું કપડું રાત્રે ઢાંકે, તેની ઉપર રાત્રે ઓસ પડે તે સહવારે નીચવીને એકઠું કરે, તે પીવાથી પેટનો દુખાવો નરમ પડે, એને ચણાનો ખાર કહે છે.

ચણાનો ખાર ખરો છે તે પારખવા માટે મેથીના દાણાને આ ખારના પાણીમાં બોળી સુકવે, સાત પત આપે; આ મેથીને મટોડામાં મેળવી ઉપર પાણી છાંટે તો તરત ભાજી ઉગે.

૫=પેટનો દુખાવો હોય તો એ બોનદીઉં સીલાકમપાઉંડ, લવીંગ સાથ મેળવી આપે.

૬=પેટના દરદ બે માલુમ હોય તે મટે—સુંઠ સાથ સુનામખી ખાવી.

૭=પેટનો દુખાવા માટે પેપરમીટના ફુલ પાન સાથે ખાવામાં આવે છે.

૮=પેટમાં પવન હોય ત્યારે—મરી, હીંગ, કપુર સંભાગે મેળવી ૨ થી ૪ વાલ પાણી સાથે ખાય.

૯=ચુકો થયો હોય તો મધ શેર ૦। પાણી શેર ત્રણ સાથે ઉકાળી શેર ૧ રહે ત્યારે તેમાંથી બબે તોલા પીવામા આપવું.

મધ અને પાણી સરખા ભાગે પીવું એ નુકશાન કરતા છે. મધ અને ઘી સરખે ભાગે ખાવાથી નુકશાન થય છે.

૧૦=પેટના રોગો માટે—અજમો ૧૪ તોલા, ટંકણખાર ૧ તો એનું ચુરણ ૦॥ થી ૧ તોલો પાણી સાથે મેળવી રોજ બે વાર ખાવું.

૧૧=પેટનાં સઘળાં દરદો=ચોપડા ગાંઠ=મુઝારા ગાંઠ સારી થાય—ઉટકંટાનું આખું ઝાડ ૧૦ તોલા લઈ પાંચ શેર પાણીમાં ઉકાળી ૦॥ શેર રાખે. તેમાં પાંચ તોલા ગોળ મેળવે. તેમાંથી એકેક તોલો દરદીને રોજ ૩ વાર પાય.

## પેટની ગાંઠ ખસે—આમળ ખસે.

૧=પેટની ગાંઠ ખસે છે, એટલે આંતરડું વલ ખાય છે, તે વખતે દરદીના અંગુઠાંને અથવા પગના ટેટાંને મજણુન બાંધે છે.

૨=પેટની ગાંઠ ખસી હોય તે માટે કાંસકીના મુળને શનિવારે નોતરું દેવું. આતવારે તે લાવી સણની દોરી સાથ બાંધી પગની છેલ્લી આંગલીએ બાંધવું. જો ગાંઠ જમની બાજુએ ખસી હોય તો ડાબા પગે બાંધવું જો ડાબી બાજુએ ખસી હોય તો જમના પગની છેલ્લી આંગલીએ બાંધે.

૩=આમળ ખસે ત્યારે—૪ વાલ દુધેલીના લોટમાં મેળવી ખાવામાં લીએ છે અને રોજ ચાલુ રાખે છે.

૪=ગોળો, અને પેટની ગાંઠ મટે—આબ્બા વેળાના પાન છુંદી તેનો રસ દુટી નીચે પેઢુપર લગાડે. પછી તેનો છુંદો ગરમ કરી પેઢુપર બાંધે, અને પેઢુને તડકો લગાડે.

૫=પેટની ગાંઠ ખસેલી હોય તે ઠેકાણે આવે—અમોઘનો રસ પાંચથી દસ તોલામાં જરા ઘી નાંખી દરદીએ ઉભા ઉભા પીવું.

૬=પેઢુની ગાંઠ, આંતરડાંનો સોજો, બલોરની ગાંઠ, પેટના દરદો } માટે—સુવાની ભાજીના પંચાંગનું ચુરણ ૦। તોલો ગોળ સાથે ખાવું.

૭=ચામડીનો દરદો, આંતરડાંનો દુખાવો, પેટનો દુખાવો, ગાંઠ, બદ } આ સઘળાં દરદોને ગરમ સેક ફાયદો આપે છે.

કીડ તથા ચામડીના દરદો માટે છાણાનો સેક સારો છે; બીજાં દરદો માટે પથરનો, બાટલીનો, રેટીનો, નળીઆનો સેક સારો છે.

## પેતમાં ચરબી–ચરબીથી શરીર જાડું બને તે પાટળું થાય,

૧=તીફળા ૪) તોલા નો કાહવો રોજ પીવો.

૨=ઉકાળેલુ પાણી થંડુ પાડીને મધ નાંખીને રોજ સહવારે પીવું.

૩લીંડીપીપર અથવા ચિત્રક મુળનું ચુરણ ૨થી૪ વાલ રોજ મધમાં લેવું. ગરમ પડે તો ચાલુ રાખવું નહી

૪=સુંઠ, મરી, પીપર, ત્રીફળાં મોથ, વાવડીંગ સંભાગે લેવું. તે ચુરણ બરાબર ગુંગળ મેળવવો. તેમાંથી ૦। તોલો સવાર સાંજ ખાવો.

૫=૧) ગલાસ પાણીમાં ૧) લીંબુનો રસ નીચવી સહવારે પીવાથી ૧૫) દીવસમાં ફેર જણાસે.

૬=હરડેનું ચુરણ શરીરે ઘસી પછી રોજ નહવું. આથી નિકળતો પરસેવો ઓછો થસે ને ફાયદો જણાશે.

પેટ મોટું થયલું હોય—દમ—સાસ આવે.

ગોસ વેલ નામનો વેલો થાય છે તેના ઉપર બોરડીના કાંટા જેવા કાંટા થાય છે તેનો ધસારો દારૂમાં પીવો—(૩ દીવસમાં ફાયદો જણાશે.

## પીત છાતીએ-છાતીએ પીત-છાતીએ દાહ.

૧=પીત નાશ પામે—ગોળ, હરડે સાથ ખાવો.

૨=પીત છાતીપર થાય તે માટે—આમલાનું ચુરણ ૦॥ તોલો સાકેર સાથ રોજ બે વાર ખાવું.

૩=પીત છાતીએ થાય તે માટે—બેઢાં અને આમળાનું ચુરણ ૦॥ તોલો અથવા વધારે ખાધા પછી લેવું.

૪=પીતના ઉછાળા માટે દાળ ભાતમાં કોકમને બદલે આમળા નાંખવાં.

પીપર મધ સાથ ખાવી.

૦॥ તોલો આમળાની ભુકી પાણી સાથ લેવી.

છાતીની દાહ નરમ પડે લુણીભાજીનું ચુરણ ૦। તોલો મધમાં મેળવી ખાય.

૫=છાતી ઉપર પીત ચઢે—હરડે, જીરૂં સફેદ, પીપળીમુળ એ સરવેને સંભાગે મેળવીને ૦॥ તોલો ફાકવું.

૭=છાતીએ પીત થાય, પીસાએ ધાન જાય તે માટે—પાકેલું ૧ )કેરૂં, ઘી ૧॥ તોલા સાથે ભુખે પેટે સહવારે ૮ દીન ખાય. જો કોઇ દરદીને ઠંડી લાગી અને તો ઘીમાં ૦। તોલો મધ મેળવીને ખાય.

૮=છાતી ઉપર દાહ માટે—૦। તોલો મીઠું, ૦। તોલો સોડાબાઇ કારબન, સોડા વોટર સાથે પીવું.

જુઓ “ ચરબી પેટમાં ”

---

## ફાંસ લાગે-કાંટો ભાંગે.

ફાંસ લાગે અથવા કાંટો ભાંગે તો લસણ છુંદીને બાંધવું, કાંટો ન નીકળે તો પછી બકરાનું ફેફસું બાંધવું, કાંટો ખેંચાઇ આવશે.

જુઓ “ કાંટો ભાંગે ”

# ફેફરૂ—વાઈ—અપસમાર—મુરગી.

૧=અરીઠાનું બારીક ચુરણ, માલ કાકણી અને મરીનું ચુરણ, કાળાં મરી અને દુધેળીના ફળનું ચુરણ, આમાંનું કોઈબી એક ચુરણ સુઘાડવાથી ફાયદો થાય છે.

વાવડીંગ અને પીપરનું ચુરણ ૦ાા તોલો રોજ સાંજ સહુ-વાર ખવાડવું.

ફેફરૂ મટે—સમુદ્રફળ ભેંસના મુતરમાં ઘસી નાકમાં મુકે. અથવા નાસલીએ. સમુદ્રફળ પકવીને વાપરવાથી ગુણ વધે છે. પક-વવાની રીત જુઓ "સમુદ્રફળ"

૨=ગાયનું ઘી, દુધ, દહી, તથા ગાયના છાણનો રસ દરેક ૦। શેર મેળવવું તેમાં ૫ તોલા ઘી બીજું નાખી ગરમ કરવું. સર્વ બળી જાય અને ઘી ગાળી લેવુ. ફેફરાવાળા બાલકને બે આનીભાર અને મોટાં માણસને ૦ાા તોલો રોજ બે વાર ખવાડવું.

૩=ભુરાં કોરાંનો રસ અને જેઠીમધ રોજ પાવું.

૪=કાળીઆ સરસની છાલ અથવા બી તથા કરંજના બી પાણીમાં ઘસી અંજન કરવુ.

૫=હાથીના મૂત્રના ૨) ટીંપાં વાઇ આવે ત્યારે નાકમાં નાખવાં

૬=સુરોખાર ૧) વાલ લઇ ઘોડાના ખુસીઆ ઉપરના પરસેવા સાથ મેળવી બંધે નાખના ફીફરાંમાં મુકે.

૭=સસલું જાણવરના કાન કાપીને તેનું લોહી નાખમાં અને કાનમાં મુકે.

૮=પીપળાની વડવઇનો ભુકો ૦। તોલો લેવો. તેને પાણીમાં મેળવી પાવો, અફીણ અરધો વાલ ઉમેરવાથી વધુ ફાયદો થાય છે.

૯=બાવલના ઝાડના ફુલને ઘીમાં તળી તેનો ભુકો કરી મધમાં અથવા ગોળમાં ગોળી ચણા જેટલી બનાવી ૭) દીન ખાવી.

૧૦=લીલા કુકકડપાડા (તુરીઆં) માં વીછુ મુકવો. તે સુકાયા બાદ વિછી સુધાં તેનું ચુરણ બનાવવું. જ્યારે વાઇ થાએ ત્યારે તે ચુરણ સુંઘાડવું.

૧૧=આંકડાનું દુધ અડાયાની રાખમાં મેળવી સુકવીને સુંઘાડે તો ફેફરૂં મટી જાય.

૧૨=જ્યારે બ્રોમાઈડ નહી કામ કરે ત્યારે ૧૫ ગ્રેઇન ટંકનખાર દીવસમાં ત્રણવાર ખવાડવું.

૧૩=કાંદાનોરસ નાંખમાં નાખે તેથી છીંક આવી નાકમાંથી કીડા પડે તો ફીફરૂં જતું રહે. કોઇવાર તે કીડા મગજે ચઢે તો નુકસાન કરે,

૧૪=બોલવાનું ભાન ન હોય ત્યારે પારો, કનેરની જડ, પીપર, અકળગરો દરેક તોલા ૨, ચીનીકબાબ તોલો ૧, ગંધક તોલા ૪, મરી તોલા ૨, તનકનખાર તોલા ૨, શુંઠ તોલો ૧, ખાંડ તોલા ૪. એ બધાને ભાંગરાના રસમાં મેળવી ચીનીબોર જેવી ગોળી બનાવી, તેમાંની ૧ ગોળી સહવારે અને ૧ ગોળી ખવાડે.

૧૫=પારસ પીપળના દીંદવાના રસના ટીપાં નાકમાં મુકે તો નાકમાંથી કીડા બહાર આવે. દીંદવા લીલા ન મળે તો સુકાને પાણીમાં ઘસીને વાપડે. એ મુજબ જુમખા દાડમીના પાનનો રસ નાકમાં મુકે તો ફાયદો થાય.

૧૬=ફીકરા માટે—સુંઠનો ભુકો, નાંખમાં ઘસવો અથવા સુંઠ પાણીમાં ઘસીને ટીપાં નાકમાં નાખમાં.

મુર્છા-વાયુ માટે-લવંગ ઘસો અજંન કરવું.

૧૭=મોટા ઉંદર (કોહોર) ના સકરામાં વજ કાવળી મુકે, તે ઉંદરને હાંડીમાં મુકી ૩ માસ જમીનમાં દાટવો, પછી આ વજકાવલીને જવના પાણીમાં ઘસીને ટીપાં ૩ નાકમાં નાખે તો કીડા મરે ને ફીફરૂં નરમ પડે.

૧૮=ફેફરૂ આવે નહીં—ઉભી રીંગણીના ફળ અને ફુલના રસમાં ૧ લુંગડાને ૭ પત આપવા. તે લુગડાને સાકરના પાણીથી ભીંજવી દરદીને સુંઘાડવું.

૧૯=ફીફરૂં મટે—અકલગરો અને વજનું સંભાગે ચુરણ બનાવી તે ચુરણ ૧૦ વાલ મધમાં મેળવી રોજ ૩ વાર ખવાડે.

૨૦=દુધવાળી લીબોડીઓ લેવી તેને કાદવના વાસણમાં બંધકરી ચાણીવાળા ખબોચીઆમાં દાટવી. જે ખબોચીઓ ૬ માસ સુધી

બીનાસવાળો રહે. ૬ માસ પછી લીંબોડી કાઢે. સો મરીના દાણાને, કંટારીઆ કુંબરના મુલની ગાબદી કાઢી તેમાં મુકે. અને ૬ માસ પછી તે કાઢે લીંબોડી અને મરીનું ચુરણ બનાવે. તે ચુરણ દરદીને સુંઘાડે તો છીંક આવે અને મગજનો કરમ બહાર પડે, અથવા અંદર મરી જાએ.

૨૧=દરદીને બોલવા ચાલવાનું ભાન રહે નહીં તે માટે ભોંય-રીંગણીના દીંડવાનો રસ બે ટીપાં નાકમાં નાંખે તો મુરગીના આજા-રને ફાયદો થાય, તેલ ખાવું નુકશાનકારક છે.

૨૨=મુરગીનો આજાર (મગજનો બગાડો)—ભોંયરીંગણીના દીંડવાનો રસ બે ટીપાં નાકમાં નાંખે તો હુશીયારી આવે.

પીફરાવાળા દરદીને મીઠું ખાવા દેવું નહીં. પીફરાની અકસીર દવા બરોમાઇડ છે. તેનો ગુણ મીઠું તોડી નાંખે છે.

૨૩=પીફરૂં—સુંઠ મધ સાથે ઘસીને નાકમાં ૪ ટીપાં મુકવાં.

જુઓ "વાઇ" "મુરગી" "અપસમાર."

## ફુલ્લો હથેલીમાં.

હથેલીમાં ફુલ્લો થાય છે તેમાં અગન બહુ બળે છે, નસ્તર લગાડે તો અગન વધારે બળે; અને ફુટે તે પાછો ભરાએ તે માટે—ફુડેલીના પાનની ગરમ લીપડી ફુલ્લાપર મુકે. તેમાં જરા મીઠું બી નાખે. એ લેપડી ઉપર લીમડાના પાનનું વરાળીઉં બાંધે તો જલદી ફુલ્લો પાકે. ફુડેલીના વેળાના પાનની સીધી બાજુએ કાળી સહીના જેવી છાંટ હોય છે.

## ફુલું-આંખનું ફુલું.

૧=આંખનું ફુલું-વાઘણનું દુધ આંખે લગાડવાથી ફુલું કપાય છે.

૨=આંખનું ફુલું—વાઘણનું દુધ, દાંભાનું ફુલ, ચીનાઇ સાકર, બકરીના દુધમાં ઘસી આંખે લગાડવું.

૩=આંખના ફુલાં માટે-સમુદ્રફળ પાણીમાં ઘસી આંખે આંજવું.

૪=આંખના ફુલાં માટે—ઉજળી ચણોટીનું મુળ આંખે અંજન કરવું.

૫=ફુલું આંખનું મટે—આંખ ગળે તે માટે—ધોળી સાટોડીનું મુળ મધમાં ઘસી અંજન કરવું.

૬=ફુલું—આંખના ફુલાં માટે—સાબરસીંગુ પાણીમાં ઘસીને આંખે લગડયા કરવું.

૭=આંખના ફુલાં માટે—અરીઠાનું પાણી ( અરીઠાને પાણી સાથે દોહવીને ) આંખે આંજે.

૮=ફુલુ આંખનું—અરીઠાનીછાલ પાણીમાં ઘસીને આંખે આંજે.

આંખનું ફુલું કપાય—લવંગ અને ધોળી ચણોટીનું મુળીઉં પાણીમાં ઘસી આંખે લગાડે તો ફુળું મટે.

૯=કુતરાના દાંતને પાણીમાં ઘસી આંખે લગાડે તો ૨૦ વર્ષનું ફુલું કપાય.

૧૦=આંખનું ફુલું—અખીરાના બીજ, ઉજળી ગુંજ પાણીમાં ઘસીને આંખે લગાડવું.

૧૧=આંખનું ફુલું—થોડા વખતનું હોય તો આતવારે શેરડીનું મુલ લાવીને ફુલાંવાળી આંખની પાસેના કાનપર બાંધવું.

૧૨=આંખનું ફુલું જાય—સમુદરફળ ગધેડીનો દાંત પાણીમાં ઘસીને આંખે આંજવું.

૧૩=આંખનું ફુલું બચ્ચાનું કપાય—સાકર અને ચલ્લાંની અધાર વાટી બારીક કરીને આંખમાં છાટવું.

૧૪=ફુલું—જીનજોટાનું મુળીઉ પાણીમાં ઘસી આંજે.

૧૫=ફુલું—સાટોડીનું મુળ રવીવારે લાવી, ધુપ દઇ કાને બાંધવું.

૧૬=ફુલું આંખનું—હરણ ( કરીઆળ ) નું સીંગડું છોકરીની માતાના થાનના દુધમાં ઘસી આંખે આંજે.

૧૭=ફુલું—હાથી દાંતને છાસમાં ઘસી આંખમાં આંજે તો ફુલું કપાય.

૧૮=સીતલાથી પડેલું આંખનું ફુલું સારૂં થાય—ઉંટની દાઢના દાંતને પાણીમાં ઘસી ફુલાં પર લગાડે.

૧૯=આંખમાં ફુલું, આંખમાં માઉંસ વધે એ માટે—કરંજના બીઆના ચુરણને ખાખરાના ફુલના રસમાં ૩ વાર પત આપે. તેની સલી બનાવે, તે સલી પાણીમાં ઘસી આંખમાં લગાડે તો આંખના

દરદો સારા થાય, જે આંખના દરદો કાપી કહાડવા જેવા હોય તે પણ આ ઘસારો લગાડવાથી સારાં થાય.

૨૦=આંખનું ફુલું સારૂં થાય—માણસના કાનનો મેલ મધમાં મેલવી ખુબ ખરળ કરી તેનું અંજન કરે.

જુઓ " આંખનું ફુલું. "

## ફેફસું ફુલે.

૧=ફેફસું ફુલેલું હોય અને ઝાહાડા આવવાનું દરદ હોય તો પમારીઆના પાતરાં પીસીને પીવાડે તો દરદ જાય.

## ફોડાં શરીરે—ધાહડાં.

સરપંખાની રાખ દાબવાથી ધાહડાં રૂઝે.

## બફારો—ગરમી.

બફારો ઓછો થાય—તાપના દીવસમાં તડકે ગરમ કરેલાં પાણીથી નહાવું.

બરફની માફક તરબુજ પીવામાં તેમજ લગાડવામાં કામ આવે. માથે તાવ ન ચઢવા દેવા માટે કાળી મટોડીને પાણીમાં ભીંજવી તેને લુગડાં ઉપર મુકી તે લુગડું માથા ઉપર મુકવામાં આવે તો તેનાથી ભેજાંને ઠંડક રહે, અને આ ઠંડક આખા શરીરે પસરે નહીં.

ઠંડક માટે બીજો ઇલાજ—જુનાં મકાનની દીવાલનું છારૂં બારીક ભુકો કરી કાળી મટોડીની માફકજ વપરાય છે. કાળી મટોડીના જેવોજ તેમાં ગુણ છે.

જુઓ 'શરીરે ઉકળાત'.

## બંધેજ–પુરૂષાટણુ–મરદને શકતી–ધાતુ પુષ્ટી–વિર્ય વધે.

૧=બંધેજની ગોળી—જાયફળ ૧ (પોણો તોલાથી ઓછું નહીં હોવું જોઇએ) તેને કોતરી તેમાં વાલ ૮ અફીન ભરે. ગાબડું બંધ કરી ઘઉંના આટાનો ગલેફ કરે. ભાતના છાણાના એક ઢગલામાં જાયફળ વચમાં મુકે, તે ઉપર ૪ સુતરના દોરા મુકી તેના આઠ છેડા સળગાવે. છાણા થંડા પડે ને જાયફળ વાટીને ૪ ભાગ કરે. ૧ ભાગ પાકા પાનમાં મુકી ચાવી ખાય, ઉપરથી ૧ શેર દુધ પીએ.

૨=બંધેજ રહે, પાણી પડે નહી–ભુજેલા છોલેલા ચણા, ખાંડ સાથે ખાય તો હમેલવાળી સ્ત્રીને ધાત ન જાય અથવા પાણી પડતું બંધ થાએ.

૩=બંધેજની ગોળી–શકતીની ગોળી–સાકેર, ચીનાઇ કપુર, લવંગ, જાયફળ, જાવંત્રી, અકલગરો, અફીણ, ભાંગના બીજ સંભાગે લઈ મધમાં એકેક વાલની ગોળી બનાવે. ૧) ગોળી ખાઇ ઉપરથી દુધ પીએ.

જુઓ "પુરૂષાટન," "મરદને શકતી" 'ધાતુ પુષ્ટી" " વિર્ય વધે "

## બગલ વાસ મારે.

૧=બગલ વાસ મારતી હોય તો બોડાસીંગ પાણીમાં ઘસી લગાડે તો વાસ બંધ થાય.

## બળગમ દુર થાય, કફ મટે.

બળગમ ૬ માસમાં દુર થાય—લવંગ નંગ ૩, જવખાર વાલ ૨) આદુના રસમાં વાટી પાન સાથે ખાવું.

કફ ગળાનો છુટો પડે—બદામ ગરમ કરી નંગ ૧૫ સહવારે ખાએ. જુઓ " કફ " " ખાંસી "

## બળી જવું

બળી ગયલા અથવાપાકપર ચઢેલા શરીરના કોઇબી ભાગ સાફ કરવા માટે ચણાનો લોટ દુધમાં મેળવી લગાડવો અને પાણીથી ધોઇ નાંખી ઘીનો મલમ લગાડવો. જુઓ "દાઝવું."

## બરોળ-કલેજાંના દરદ-કમળો-પ્લીહ-યકત.

૧=બરોળ તથા ખાંસી—કોરીને લીંબુના રસમાં તથા ચોખાની કાંજીમાં ભીંજવી રાખવાથી ચોખી થાય છે. કાદવના વાસણમાં પેક કરીને એને પકવે છે. પછી લીંબુના રસમાં બોળે છે. એ મુજબ સાત વાર પકવે અને ૭ વાર લીંબુના રસમાં બોળે. બરોળ, હાંફણ, ખાંસી ઉપર કોડીની આ ખાખ વાપરે છે.

૨=બરોળની ગાંઠ મટે—ઇંદરાયણના ફળમાં લાહોરી મીઠું ભરી તેના ઉપર ઘઉંના લોટનું પડ ચઢાવી ચુલામાં બાફવું. ફળને બાળવું નહીં. તે ફળને નીમખ સુદ્ધાં વાટી ભુકો કરવો. તેમાંથી ૦। થી ૦।। તોલો પાણી સાથે રોજ સહવારે ખાવું.

૩=બરોળ માટે—તાડના ઝાડની રાખમાંથી ખાર બનાવી તે ૨) વાલ ખાવામાં આપે.

૪=બરોળ માટે—જવખાર, સાજીખાર, સંચર સંભાગે મેળવી ૦। થી ૦।। તોલો ખાવામાં લેવું.

૫=બરોળ મટે—થુવરના ડીંડવાંનો રસ સાકર સાથ ગરમ કરી પાવો.

૬=બરોળ માટે—ડાબી બાજુએ પેટ પર છાણાની માફક સોજો જણાય અને બરોળ ફુલે તે ઉપર ચુનો અને મધ સંભાગે મેળવી રોજ લગાડે. ઉપર ૩ દબાવે અને કુમારનો રસ અને હળદર સંભાગે મેળવી તેમાંથી ૧ તોલો બે વાર ખાવી.

૭=બરોળ પીગળી જાય—આસન ૧ તોલો, જવખાર, સંચળ, સીંધવ, આંબાહળદ દરેક બબે તોલા. આ ચીજોને નાળીએરને કાણું પાડી તેમાં ભરવું. તે નાળીએરને પાછું બંધ કરી બાળવું. ઉપરની કાચલી બળી રહે ત્યારે નાળીએર બધા વસાના સાથ છુંદી એક રસ

કરવું. તેમાંથી તોલો એક રોજ ખાવું. દવા ખાવાની ૩) દીવસ આગળ નીસોતરનો જુલાબ લેવો. મેથીની ભાજી, વેંગણાંનું ભરત, ચોખા, જુવાર, એટલી ચીજ ખાવો, ચીકાસ ખાવો નહીં.

૮=બરોળ માટે મરી અને ટંકણખારનું સેવન કરવું.

૯=કમળા માટે મરી અને કરીઆતુ રોજ ૩ વાર વાપરવું.

૧૦=બરોળ માટે સરપંખાનું સુરણ ૦॥ તો. રોજ ખાવું.

૧૨=બરોળ માટે—રાઇ તોલા ૩ અને ખસી કરેલા બળદનું મુતર એક શેર મેળવવું. તેમાંથી એક તોલો રોજ પીવું.

૧૩=બરોળ તથા લોહીની ગાંઠ માટે—રોહેડો ૦। તો. મધ સાથે રોજ ૩) વાર ખાય. ઉપાય બીજો—ગાંઠ પર મધ ચોપડી તે ઉપર ચુનાની ફાંક છાંટે અને ૩ દબાવે. ત્રીજો ઉપાય—કુમાર અને હળદર સંભાગે એક તોલો રોજ એક વાર ખાય.

૧૪=બરોળ માટે—મરજાદના મુળનો ભુકો ભારોભાર ખાંડમાં મેળવીને તેમાંથી તોલો ૧ સવારે પાણી સાથે ૭ દીવસ ખાવો.

૧૫=બરોળ તથા કલેજાનાં દરદો માટે—હરડે ૬ ભાગ, જવખાર ૫ ભાગ, પીપળ ૪ ભાગ એની ફાકી બનાવી ૦॥ તોલો રોજ બે વાર ખાધા પછી ખાવી.

૧૬=પ્લીહ-બરોળ માટે-હળદર ભુકો ૦॥ તોલો અને કુમારનો રસ ૪ તોલા મેળવી દીનમાં બે વાર પીવો.

૧૭=બરોળ માટે—ફટકી ૧, જવખાર ૨, નવસાર ૨, શુરોખાર ૪, સીંધવ ૧ ભાગ, આ પ્રમાણમાં મેળવીને એનો ભુકો બનાવવો. ૧ થી ૩ વાલ ભુકો પાણી સાથે પીવો. બરોળ માટે જાણીતો દેશી ઉપાય છે. ખાર મોટા પ્રમાણમાં ચાલુ ખાવાથી વિર્ય નબલું થાય.

૧૭=બરોળ, પેટમાં ગોળો, પેટનો આફરો સારો થાય—સંચોરો, સંચળ જવખાર, ટંકણખાર ફુલવેલો સરખે ભાગે લેવો, તેને કુંમારના રસ સાથે મેળવીને ચીનીબોર જેવડી ગોળી બનાવી ૧ અથવા ૨ ગોળી રોજ પાણી સાથે ગળવી, ખાવામાં ગોસ અને રોટલી લેવી.

૧૯=બરોળ—સુકાં અંજીર શેર ૧, સરકો શેર ૦॥ મેળવી તેમાંથી દરરોજ સવારે ૪ અંજીર ખાવાં. સરકો ખાવામાં લેવો, આથી બરોળ સારી થાય છે.

૨૦=સરકામાં ભીંજવેલા અંજીરનો લેપ બરોળપર બાંધે અને ચંદરસ માસો ૧ સરકા સાથે ચટાડે તો બરોળ સારી થાય,

૨૧=બરોળ માટે નીચલા ઉપાયો છે—બલીસ્ટર મુકીને, દોરાનું પોત મુકીને, ગોળીનું પોટ મુકીને, દાહામ મુકીને ચાર મહીના સુધી આ દરદના ભાગને ઝરવા દેવું.

૨૨=ચોવલી પાન સાથે ફુલવેલો ટંકનખાર ખવાડે તો બરોળ સારી થાય.

૨૩=બરોળ ડાબી બાજુના પાંસળાં નીચે હોય છે, તે માટે કનેરની જડની છાલ વાલ બે રોજ સરબત સાથે ખાવી અને સરકા સાથે વાટી બરોળપર ચોપડવી. આ જડ ઝહેરી છે. (હકીમ નીલાનુસ કહે છે જે બરોળ માટે એના જેવો બીજો કોઇ ઉપાય નથી.)

૨૪=લીવર(યકૃત) ના દુખાવા માટે મુળાનો રસ તોલા ૨॥ દીવસમાં ૩ વાર પીવો અને બહાર દરદવાળી ચામડી ઉપર મસળવો. બરોળ માટે મેથી ખાવામાં ફાયદો છે.

જવના ઝાડનાં લાકડાંના પ્યાલામાં જમવું અને પાણી પીવું, તે બરોળને ફાયદો કરે છે.

૨૫=બરોળની ગોળી—જવખાર, ખડીઓખાર, નવસાર, એળીઓ, રેવનચીનો સીરો, હીરાકસી સંભાગે કુમારના પાનનાં રસમાં ૪ પહોર (૧૨ કલાક) મસળીને ચણા જેટલી ગોળી કરવી, તેમાંની ગોળી ૨ રોજ વરીયાળીના પાણીમાં ગળવી.

( આ વસાણા વધુ વખત મસળાય તો ગુણ વધે છે. )

૨૬=મરજાદાના મુળ—છાયામાં સુકવી બારીક કરી ભારોભાર ખાંડ મેળવી ૧ તોલો સહવારે પાણી સાથે મેળવી દીન સાત પીવાથી બરોળ મટે છે.

૨૭=બરોળ માટે—નવસાર બેઆની ભાર પાણીમાં મેળવી રોજ બે વાર પીવો. પાકા પપાઉન ખાવામાં ઘણો ફાયદો છે.

૨૮=કમળા માટે સસતો અને સેહેલો ઇલાજ; પાનમાં ખાવાનો ચુનો ૧) થી ૩)વાલ સુધી માખણ સાથે રોજ બે વાર ૬)દીવસ સુધી ચાટવો. જુઓ "કલેજાંના દરદ" "કમળો."

## બદહજમી-પેટનો દુખાવો-પેટનો-પવન-અજીરણ-ભુખ લાગે.

૧=ચતુરોશન એટલે સુંઠ, મરી, પીપર પીપરીમુળનું સંભાગે ચુરણ-બદહજમી, સળેખમ પેટનો દુખાવો અને પેટના પવનને માટે ૦ાા તોલો ખવાય છે.

૨=ત્રીકટુ એટલે સુંઠ, મરી, પીપર ઉપલાં દરદ માટે વપરાય છે.

૩=બદહજમી-ખાધેલું કાચું ઝાડા વાટે નીકળી પડે } તે માટે વરીઆળી, એલચી સત કચરો દરેક ૧) તોલો તેમાં ૫) તોલા સાકર મેળવી ૦ાા તોલો ખાય અને ચુરણ ઉપરથી વાસી પાણી પીએ.

૪=વરીઆળી પાક બનાવવાની રીત—સુનામખી, જીનીહરડે, ગુલાબના ફુલ દરેક ૬ તોલા, લીસોતર ૧) તો. (એમાં જુલાબ લાવવાનો ગુણ છે માટે ખપે એટલો લેવો). વરીઆળી, કાળી દરાખ, દરેક ૬) તો. એને ઘીમાં તળે અને શાકરના સીરામાં પાક બનાવે. રાતરે સુતી વેળા ખપે એટલો ખાય.

૫=બંધકોશ મટે—સિંધવ અને લીંબુના રસમાં આથેલી સુંઠની ફાકી ૦ાા તો. રોજ બે વાર ખાધા પછી લેવી.

જુઓ "પેટનો દુખાવો" પેટનો પવન.

## બાલ કાળા થાય.

૧=બાલ કાળા અને તેજસ્વી બને—તેલમાં તળેલા આમળા ૮ ભાગ, કોપરૂં ગોવાઈ સુંકું ૪ ભાગ, કપુરકાચલી, કચોરો, સુંગધીવાળો, મોથ, અગર, તગર, સુખડ, ગુલાબ કળી અકેક તોલા એ બધાંને પાણીમાં મેળવીને બાળ ઉપર લગાડે.

૨=બાલ સફેદ થતા અટકે, બાળ કાળા ભમર જેવા થાએ—નાહતી વેળા દર વખતે આમળાનું ચુરણ બાલ પર ઘસવું.

૩=સફેત બાલ કાળા થાય—બાવલની કુમળી પાલી અને કુમળાં પાનનું ચુરણ અને અજમો સંભાગે ચુરણ કરી ૦ાા તોલો ચુરણનું સેવન કરે.

૪=બાલ કાળા થાય—ખાખરાના જડની રાખ ૧૦ તોલા, છીપ બાલીને ચુણો કરેલી તે ૨॥ તોલા એ ચીજોને લોખંડના વાસણમાં મુકી, સીસાના બટાથી ઘુંટે. ભાંગરાનો રસ નાખે અને ઘુંટે. બે દીવસ સુધી ઘુંટીઆ કરે. પછી તે બાલને લગાડે તો સફેદ બાળ કાળા થાય.

૫=બાલ કાળા થાય—સાંપની કાંચલીનું તેલ બાલે લગાડે તો બાલ કાળા થાય છે.

૬=બાલ કાળા થાય—નગોડના પાતરાંની ચટણી શેર ૧, મધ શેર ૧, ઘી શેર ૧, લોઢાના વાસણમાં મેળવી ઉપર લોઢાનું ઢાંકણુ ઢાંકી ૪૦ દીવસ અનાજની કોઠીમાં રાખી તેમાંથી ૧ આંગલી દીન ૩ ચાટે તો બાલ કાળા થાય. ભાંગરો ખાવાથી બાલ કાળા થાય છે, ભાંગરાના રસ સાથે સુનામખી ૧ મહીનો ખાવાથી બાલ કાળા થાય છે અને કાળા રહે છે.

પુલ સાથના ભાંગરાને સફેદ ભાંગરો કહે છે. ફળ સાથના ભાંગરાને કાળો ભાંગરો કહે છે.

૮=ભાંગરાનું તેલ બનાવવાની રીત—ભાંગરાનો રસ ૧૫ તોલા મંડુલ ૧) તો. ત્રીફળ ૧) તો. ઉપલરી ૧) તો. તેલ ચાર તોલા આ વજનથી લઇને લોખંડના વાસણમાં ઉકાળવું. પાણી બળી જાય ત્યારે ગાળી લેવું.

બાલ વધારવા અને બાલ કાળા કરવા માટે ભાંગરાનું તેલ વાપરવું.

૯=બાલ કાળા થાએ—ભાંગરો, હરડાં બેહેડાં આંબળા, કાળાં મરી, લોખંડનો કાટ એ સરવેને સંભાગે સેરડીના રસમાં ૧ માસ મેળવી બાલને લગાડે.

૧૦=બાલ કાલા તરત થાય—૩) ભાગ આંબળાં, ૨) ભાગ બેહેડાં, ૧) ભાગ હરડે, ૫) ભાગ આંબાની ગોટલી, ૧) ભાગ લોઢાનો કાટ એ સઘળાની પાણી સાથ ચટણી કરી લોઢાના વાસણમાં આખી રાત રહેવા દેવી અને સહવારે તેનો લેપ કરવો અથવા દીવસે ભીંજવી રાખી રાતરે લેપ કરી સહવારે બાલ ધોઇ નાખવા.

૧૧=બાલ કાળા થાય-સાપનું ડોકું કાપી નાખવું. એક હાલ્લામાં ઘઉં શેર ૧૦ ભરી તેમાં ડોકા વગરનો સાપ મુકે તેની ઉપર ઘોડાની લીંડ મુકી ૪૦ દીવસ જમીનમાં દાટે. પછી ઘઉં મરઘીને ખવાડે તો મરઘીના સપેદ પીછાં કાળાં થઈ જાય, તે મરઘી હલાલ કરી તેની ગોળી બોર જેવી બનાવી માણસ રોજ ખાય તો બાલ કાળા થાય અને જુવાન દેખાય.

૧૨=બાલ કાળા થાય—ત્રીફળ (હરડા બેહરાં આમળાં) ગળીના પાન, લોઢાનો ભુકો, ભાગરાના રસમાં છુંદી ગધેડીના મુતરમાં મેળવી બાલ ઉપર લેપ કરવો

ભાંગરાનો રસ, લોઢાનો કાટ, હરડાં બેહરાં આમળાં, ઉપલ સારીના મુલ (સારીવા) (એ સારીવાને બદલે સારસાના મુલ ચાલે) સરખે ભાગે લેવું. ધીમી આંચે ઉકાળવું આ લેપ લગાડવાથી બાલ કાળા મજબુત થાય છે.

૧૩=હરડાં, બેહેરાં, આમળા, દાડમની છાલ, કાળો ભંગરો, સીસાંની રાખ, દરાખની જડ, લોખંડનો કાટ, સરખે વજને લેવો. તેને ભાંગરાના રસમાં ૩) વાર પત આપવો. તેને લોઢાંના વાસણમાં મુકી ઉપરથી ભાંગરાનો રસ નાખે, રસમાં મસાળો ડુબે, અને રસ બે આંગળ ઉપર રહે તેટલો ભાંગરાનો રસ નાખે. આ વાસણને ઘોડાની લીડમાં ૪૦ ) દીન બંધ રાખે. આ કલપ બાલને મસળે તો ૬) માસ સુધી બાલ કાળો રહે.

૧૪=બાલ કાળા થાય—સીંદુર, સાબુ, ચુનો સંભાગે લઇ પાણીમાં ઘુંટી બાલને લગાડે, અને ઉપર નાગરવેલનું પાન બાંધે તો બે કલાકમાં બાલ કાળા થાય.

૧૫=બાલ વધે, બાલ કાળા થાય—લીંબોડીનું તેલ એક માસ બાલને લગાડે અને નાખે તથા સુંઘે.

૧૬=બાલ કાળા થાય—સુનામખી ભાંગરાના રસ સાથે સેવન કરે.

૧૭=બાલ કાળા થાય—વેંગણું લીલું, જમાલગોટો, ભીલામો સંભાગે છુંદીને તેની લેપડી કરે. લીમડાના ઝાડને કાણું પાડી અંદર તે લેપડી મુકે અને તે કાણું, ગાબડું મારી પુરી લીએ. ઉપર છાણ કાદવ લગાડે. ઝાડ ઉપર ફુલ આવશે તે કાળા રંગના આવશે તે પાન સાથે ખાવાથી બાલ કાળા થાય છે. બકરાને એ

ફુલ ખવાડે તો સફેદ બકરૂં કાળું થઇ જાય છે, ઝાડના ફુલ કાળાં ન થાય તો આ ઇલાજ વરસમાં બે વાર કરવો.

૧૮=બાલ કાળા થાય—ટાલક પર બાલ આવે—જટામાસી માથા પર લગાડે.

૧૯=બાલ કાળા થાય—જાયફળના તેલમાં બાલ કાળા કરવાનો ગુણ છે. જો બાલ ભુરા કરવા હોય તો અરધું તેલ અને અરધું પાણી મેલવવું અને બાલમાં મસળવું.

૨૦=બાલ કાળા થાય—ઇંદ્રવણાના બીનું તેલ બાલ ઉપર ઘણા દીવસ લગાડે તો બાલ કાળા થાય.

૨૧=બાલ સફેદ થતા અટકે, બાલ કાળા ભમરજેવા થાય—નાહતી વેળા દર વખતે આમળાનું ચુરણ બાલપર ઘસવું.

બચપણમાં સફેદ થયલા બાલ કાળા થાય-હરડે ૧) ભાગ બેહેરાં ૧) ભાગ આમળા ૩) ભાગ કાચી કેરીની ગોટલી ૩) ભાગ લોખંડની ભસ્મ ૧) ભાગ પાણીમાં વાટીને લોખંડની કઢાઇમાં ૨) રાત રાખી આ પછી લેપ લગાડે. અથવા હરડે ભાગ ૧), આમળા ભાગ ૩), કાચી કેરીની ગોટલી ભાગ ૩), એઓને પાણી સાથ મેળવી લોખંડની ખળામાં છુંદવું, પાણી સુકાયને બીજું પાણી નાંખી, રોજ છુંદવું અથવા હલાવવું. આ મુજબ ૧૦) દીવસ કર્યા કરવું. વસાણાની ટેનીક એસીડ ખળના લોખંડ સાથ મળીને કાળા ભમર જેવો લેપ થશે તેને તલના તેલમાં મેળવી ચપુમાં ભરી રાખવો, સુકાય નહીં એટલું તેલ નાખવું. આ લેપ લગાડવાથી સફેદ બાળ તરત કાળા થાય. ઘણા દીવસ ચાલુ રાખે તો બાલનો કુદરતી રંગ ફેરવઇ જાય.

૨૨=બાલ કાળા થાય—જાંબુના ઠળીઆ છાયામાં સુકવે, તેને બાંડી બુડનાં તેલમાં મેળવી સાત દીવ જમીનમાં દાટી રાખે તેલ ગાળીને બાલને લગાડે. ૭ દીવસ પછી દાટેલા જાંબુને ગરમ કરીને ગાળી લીએ.

૨૩=બાલ સફેદ થતા અટકે—વડના કુમળા છોડના મુળીયાંની લેપડી રાત્રે સુતી વેળા બાલપર મુકે તો બાલ કાળા થાય. ૩ દીવસ લેપડી મુકે.

૨૪=બાલ કાળા થાય—વડના છોડના પાનની પોટીસ બે રેલા બાલવાળી જગાપર આખી રાત બાંધી રાખે. ૩ દીવસ આ મુજબ

કરે તો નવો નીકળતો બાલ કાળો આવે. મોટા બાલ હોય તે આ ઇલાજથી કાળા થાય નહીં. ૩ મહીને આ ઇલાજ ફરી કરવો પડે છે.

૨૫=સફેત બાલ કાળા થાય—ભીલામાના રસમાં મેથીને સાત પટ આપે, તે મેથી જમીનમાં રોપી તેની ભાજી ખાવામાં લે તો બાલ હંમેશ કાળા રહે. સફેત વાલના બકરાંને આ ભાજી ખવાડે તો તેના બાલ કાળા થાય.

૨૬=ભીલામાના કટકા કરી જમીનમાં મેળવે તેમાં પાણી સીંપે ચાર દીવસ પછી તે જમીનમાં મેથી રોપે. તે ભાજીખારના સફેત બાલ કાળા થાય.

૨૭=બાલ સફેત થતા અટકે—ગળવેલનું ચુરણ ૧૦૦ ભાગ, ઘી ત્રીસ ભાગ, મધ ૧૬ ભાગ ગરમ કરી ૦ાા થી ૧ તો. રોજ સહવારે ખાવો. એનો પાક બની શકે.

૨૮=બાલ હંમેશ માટે કાળા થાય—કાળા ફુલના જળભાંગરાના બી ૦૧ તોલો રોજ ખાવામાં લીએ, અને તેનું સેવન લાંબો વખત કરે.

૨૯=બાલ કાળા કરવાનો ઇલાજ—માયાં ૧ તોલો, હરડે પીળી ૧ તોલો, ફટકી તોલા બે, દાડમડીના પાકટ પાન તોલા પાંચ આ ચુરણને ૭ તોલા લીંબુના રસમાં ખરળ કરવું, લોખંડના દાબડામાં પેક કરી જમીનમાં દાટવું, રોજ ઉપર પાણી નાખવું, અને તે જગા ભીની રાખવી. પછી તે માવાને લોખંડની ખળમાં પીસવું. ૭ તોલા મીઠાં તેલમાં મેળવી લોખંડની કઢાઇમાં ઉકળી પાણી બાળવું તે તેલ રોજ બાલે ભરવું.

આ ચુરણને લોખંડની ખળમાં મુકી છુંદે, તેમાં પાણી નાંખે બીજે દીવસે પાણી સુકાઇ જાય ત્યારે ફરી પાણી નાંખીને છુંદે, આ મુજબ પાંચ દીવસ કરે તો જમીનમાં દાટવાની જરૂર રહે નહીં.

૩૦=બાલ કાળા કરવા માટે ભાંગરાનું તેલ નીચે મુજબ બનાવી લગાડે.

લોઢાનો ભુકો, હરડે, આમળા, બેડાં, કપુરી મધુરી એના ચુરણની ચટણી પાણી સાથ બનાવે આ ચટણીથી ૪ ઘણું તલનું તેલ અને ૧૬ ઘણો ભાંગરાનો રસ મેળવી ઉકાળી તેલ બનાવવું.

## બાલ વધે—બાલ ખરતા અટકે—બાલ પાછા ઉગે.

૧=બાળ વધે અને સુંવાળા થાય—કસુંમબાના બી અને છાલની રાખ તેલમાં મેળવી વાલના મુળમાં લગાડવી.

૨=બાળ વધે—કલોંજીને પાણીમાં વાટીને સાત દીન માંથે ચોળે તો બાલ વધે

૩=બાલને પુષ્ટી આપે—તલના પાતરાંને ઉકાળો બાલને ચોપડે તો બાલ વધે અને કાળા થાય.

૪=બાલ વધારવા તથા બાલ ખરતા અટકાવવા માટે—કોપરેલ તેલ ઘણું સારૂં છે પણ તે જલદી ખોરૂં થઇ જાય છે તેથી વાપરવાની સગવડ પડતી નથી. આ કોપરેલમાં સુગંધી તેલ નાંખી હેર ઓઇલ બનાવે.

૫=બાલ વધે, બાલ નવા આવે—બાલ ઉપર ટરપેનટાઇન મસળે અને ટાળક ઉપર ઘસડે તો લોહીનું ફરવું થાય અને બાલની વૃદ્ધિ થાય.

૬=માથાના ટાળક ઉપર બાળ વધારવા માટે ધંતુરાના પાંદડાંનો રસ વેસેલાઇન સાથે મેળવી ખુબ મસળવું.

ધંતુરાની બે જાત છે, સફેદ દાંડીનો અને બીજો કાળી દાંડીનો જેમાં દવાનો ગુણ વધારે છે.

૭=વાળ ખરતા અટકે, વાળ ટાળકપર ઉગે—ગુંજાદી તેલ લગાડવાથી ખરતા બાલ અટકે તથા ટાળકપર બાલ ઉગે તે તેલ નીચે મુજબ છે—

ભાંગરાનો રસ ૧ શેર, લાલ ચણોટીનો ભુકો રાા તોલો, તેલ ૧૦ તોલા પાણી બળે ત્યાં સુધી ઉકાળવું, અને તેલ બાલને ચોપડવું.

૮=બાલ પાછા આવે—ચણોઠીના મુળ અને ફુલ વાટી લેપ કરવો તે ટાળકપર મુકવાથી બાલ પાછા ઉગે છે.

૯=ટાળકમાં વાળ ઉગે, કરંજાદી તેલ—જાઇના પાતરાં, કરંજની છાલ, ચીત્રકના મુળ, કનેરના મુળ, છુંદી પાણી નાંખી કલપ (લોંદો) કરવો, ચારઘણું તેલ લેવું પાણી બાળી તેલ ટાળકપર લગાડે તો વાળ પાછા ઉગે.

૧૦=માથાના બાલ વખતે વખતે સફેદ થાય તે અટકાવવા માટે જાયફળનું તેલ પાણી સાથ મેળવીને અથવા નરૂં તેલ બાલને લગાડવું.

૧૧=બાલ નરમ અને મોટા થાય—નાહતી વેળા કાળા તલના પાતરાં માથે ચોળવાં.

૧૨=બાલનો વધારો—જેઠીમધનું તેલ વાપરવાથી વાળ વધે

૧૩=માથાના ટાળકપર બાલ આવે—ચણોઠી, રસવંતી, હાથી દાંતની રાખ, પાણી સાથે મેળવી માથે લગાડે તો ઘણો ફાયદો થાય.

૧૪=બાલ વધે—કારેલીનું મુળ પાણીમાં ઘસી માથે લગાડવાથી બાલ વધે છે.

૧૫=બાલ વધે—મેથીને પાણીમાં વાટી બાલપર લગાડે.

૧૬=બાલ ખરતા અટકે—કાળી (પથરચટી) પરેસીઆવસાનની રાખ ખરતા બાલના મુળમાં ખુબ મસળવી.

૧૭=બાલ વધે, ટાળકપર બાલ આવે—જાસુદીના ફુલને સફેદ ગાયના મુતરમાં વાટી લેપડી મુકે અથવા માથે મસળે.

૧૮=દાઢી અને મુછના બાલ પાછા આવે—જેઠીમધ અને લીલાં આમળાં દરેક ૦I શેર, તલનું તેલ ૧ શેર, દુધ ૧ શેરને ઉકાળવું માવા જેવું થાય ને એક શેર પાણી નાખી ફરી ઉકાળવું. પાણી બળે ને તેલ ગારી લેવું, તે તેલ નાંખે લગાડવું.

૧૯=બાલ વધે—માથાપર ટાળક પડયું હોય તે ઉપર સોનાનો કટકો ઘસે અને પછી ચણોટીના મુળનો ભુકો ૧ તો. અને ભોંયરીંગણીના ડીંદવાનો રસ બે તોલા મેળવી ચટણી બનાવી ટાળકપર મુકે.

૨૦=બાલ ચીરાતા હોય. બાલ ખરતા હોય તે માટે-૦I સેર આમળાને ૧) શેર પાણીમાં ૩) દીવસ ભીનવી રાખવા, તેમાં ૦II સેર ઘી નાખી, ઉકાળી પાણી બાળી નાખવું. ઘી ગાળીને માથે ચોળવું.

બાલ મોટા કરવા હોય તો-આમળાનું તેલ બનાવી બાલપર લગાડવું.

૨૧=બાલ વધે-ગરમ દવા ખાધાંથી માથે ટાળક પડે તે માટે ગોખરૂ, તલના ઝાડના ફળ, મધ, ઘી, સંભાગે મેળવી લેપડી કરી ટાળકપર રાખે—ટાળકને તુવાલથી ઘસે અથવા સેક કરે અથવા કદિ મસળે અને ત્યાં લોહી ફરતું કરે.

૨૨=ટાળક (માથાંપરના બાલ ખરે તે) મેથી વાટીને લેપડી મુકવી.

૨૩=રસ વંતી, હાથી દાંતની રાખ, અને ગાડરનું દુધ સમાન ભાગે મેળવી લેપ કરવો.

૨૪=કડવા પરવળના પાનનો રસ ૩) દીવસ માથાંપર લગાડવો.

૨૫=બાલ વધારવા માટે આંમળાનું તેલ સારૂં છે. લીલાં આંમળાનો રસ ૧) સેર (સુકાં આમળા ।।। શેરનો ઉકાળો ચાલી શકે) વાળો, મોથ, કપુર કાચલી, ગુલાબના ફુલ, ઘઉંલા, તજ, તમાલ પત્ર, બ્રહ્મી, દરેક તોલો ૧, દમરો તો. ૧૦) આ વસાણા છુંદી, આમળાના રસ સાથ મેળવી ૫) શેર તેલમાં ઉકાળે અને તેલ બનાવે. આ તેલ રોજ વાપરવાથી વાલ સફેદ થતા અટકે અને મોટા થાય.

૨૬=માથાના બાલ વધે—અંકોલનું તેલ માથે લગાડયા કરે તો બાલ જલદી વધે.

૨૭=બાલ ખરતા અટકે—પરેસીઆવસાની રાખ ખરતા બાલના મૂળમાં ખુબ મસળવી.

૨૮=બાલ વધે—બાવચીનું તેલ માથે લગાડે તો બાલ વધે છે, બાવચી કેનથારદીસનો ગુણ ધરાવે છે.

૨૯=બાલ ન હોય ત્યાં આવે બાલ વધે—તદુકમાઇનું લવંગ ચીની કપુર દરેક તોલો ૦। તેને તેલ શેર ૦। માં મેળવીને જાડું કરી ચામડી ઉપર લગાડવું.

૩૦=તાળીક માટે—ભોલામાની છાલનો રસ મધ સાથે મેળવી તાલક પર લગાડે તો વાળ ઉગે.

૩૧=ખરતા બાલ અટકે—તાળક ઉપર કાંદો, મરી, અને મીઠું ઘસવું. તે જગા ઉપર લોહી ફરતું થાય તો બાલ વધવાને ઉતેજન મળી શકે.

૩૨=બાળ પાછા આવે—બકરાંની લીંડીને છાયામાં સુકવી કોરી હાંલ્લીમાં મુકી તેમાં પાણી નાંખવું. જતીનમાં ખાડો ખોદી તેમાં બીજું મોટું વાસણ મુકવું. તે વાસણમાં લીંડીવાળું વાસણ બરાબર કપડછંડ કરીને મુકવું અને છાણા મુકી સળગાવવું. વાસ નીકળે ત્યારે ચુવો થયલો જાણવો. વાસણ કાઢી પેલા મલાઇ જેવા ચુવામાં ટંકનખાર તોલા ૨. બોડાસીંગ તોલા ।।, ઘી તોલા ૨ મેળવીને બાલવાળી જગા ઉપર લગાડે તો બાલ ફરી ઉગે છે.

૩૩=બાલ વધે અને બાલ કાળા થાય—બોરડી અને લીમડાના પાતરાં વાટીને બાલમાં લગાડી ૪ ઘડી પછી નાહવું. તથા બોરડીના

પાતરાને સરસના બી સાથે વાટીને માથામાં ઘસી ગરમ પાણીએ નાહાય તો બાલ વધે છે.

૩૪=માથાના તાળક ઉપર બાલ પાછા ઉગે—ભીંડીના પીલા ફુલની અંદર દીંડવું થાય છે તેને છુંદી તેની લેપડી આખી રાત બાંધી રાખવી. ઘણા દીવસ મુકવી.

૩૫=બાલ પાછા આવે—ભાંયરીંગણીનો રસ મધ સાથે મેળવીને માથાપર લગાડે તો બાલ પાછા આવે.

૩૬=બાલ માથાના ખરી પડે ત્યારે માથામાં બદામનું તેલ મસળે, એહેરાટ ઘડપણનો હોય ત્યારે બદામનું તેલ ૧ તોલો અથવા વધારે રોટી, દાળ, અથવા ભાત સાથે રોજ ખાય.

૩૭=બાળ ખરે નહી—માથાના ખરતા બાલ પર લીંબુ મસળવું.

૩૮=બાલ ખરી પડે નહીં, બાલ પાછા ઉગે—સાપની કાંચરી અંગુરી સરકામાં ખરલ કરી લેપ કરવો.

૩૯=બાલ વધે છે—લીબોડીનું તેલ બાલનો વધારો કરે છે, ખરી પડેલા બાલ પાછા લાવે છે.

બાલ વધારવા માટે—લીંબુના રસમાં આમળાનો ભુકો મેળવી લગાડવું.

૪૦=બાલ મોટા થાય—કોલનવોટર ૨) આઉંસ, ટીંક્ચર કનઠાર દીસ ૨ ડ્રામ, લવનદર તેલ ૧૦ ટીપાં મેળવી દીવસમાં બે વાર બાલપર ઘસવું. ચામડી સુજી આવે તો બંધ કરવું. અથવા કોપરાના તેલ ૧ શેર સાથે કપુર ૧ તોલો મેળવી લગાડવું.

૪૧=બાલ વધારવા માટે—ગોખરૂં, તલના ઝાડના ફુળ, મધ, ઘી સરખે ભાગે વાટી, લેપ કરી તાળકમાં લગાડવું. સોમળ ખાધા પછી અને બલીસ્ટર લગાડયા પછી ખરી ગયલા બાલ પાછા આવે છે.

## બાલ ઉગે નહી.

૧=બાલ ન ઉગે-ગધેડાના લીંડા શેર ૨૦॥(છાંયામાં સુકવેલા) કોરી હાંલ્લીમાં ઘાલી પાણી નાખી કપડછંદ કરવું. વરાળ નીકળે નહીં તેમ કરવું. જમીનમાં એક બીજું મોટું વાસણ દાટી તેમાં લીંડાવાળું

વાસણુ મુકવું. છાણા ઉપર મુકી સળગાવવાં. લીંડાનો વાંસ નીકળે ત્યારે વાસણુ ઉંચકી લેવું. વાસણુમાં ચુવો મલાઇ જેવો થાય તે જુદો પાડી લેવો. પછી ટંકનખાન તોલો ૧॥, ઘી તોલો ૧॥, ખોડાસીંગ તોલો ૧॥, મેળવીને એ મેળવણી ચુવા સાથે એકઠી કરી બાલને લગાડવાથી બાલ ઉગતા નથી. (બાલ ફરી આવે—બકરીની લીંડ લઇને જો આ ઇલાજ કીધો હોય તો બાળ વધે અને ખડતા અટકે.)

૨=બાલ ઉગે નહી-બાલ કાપી નાખ્યા તે જગા ઉપર નીચલી દવા પાણીમાં મેળવી ૭) દીવસ લગાડે. મનસીલ ૦॥ તો. હડતાલ ૨) તો. સંખ ૭) તો. સાજીખાર ૧) ભાગ.

૩=બાલ ઉગે નહી-વીંચું તેલમાં ઉકાળી તેનો લેપ કરી બાલ ઉપર લગાડે તો બાલ ખરી પડે અને ફરી ઉગે નહીં.

૪=બાલ ઉગે નહીં-સરકાની સાથ ઇસપગુળની લાખ મેળવી બાગ કહોવીને તે જગા ઉપર લગાડે તો બાલ ઉગે નહીં.

બાલ ઉગે નહીં-બાલ ખરી પડે-સરકાની સાથ ઉંદરની લીંડી મેળવી બાલ ઉપર લેપ કરે તો બાલ ખરી પડે અને બીજા ઉગે નહીં.

૫=બાલ ન ઉગે-સીલારસ બાલપર ચોપડીને ઘડી ૨) રાખે, ઉપર સેક કરે તો બાલ જાય. ફરી ન થાય. ૧ વાર કરવાથી ન બને તો ૩ વાર કરવું.

૬=બાલ ઉગે નહીં-લસોઢા પાણીમાં ઉકાળી તે પાણીથી બાલ કાઢવાની જગા ભીંજવવી.

૭=બાલ ખરી પડે—ચુનો અને પીળી હડતાલ સંભાગે લઇ છાશમાં ખરલ કરી ચુરણુ બનાવે. તે ચુરણુ પાણી સાથે મેળવી લેપ બાલને લગાડે તો બાલ ખરી પડે, પાછા ઉગે નહીં.

## બાલ તોરો.

બાલ તોરા માટે પારસના પાનરાં છુંદી જરા નીમક નાંખી લેપડી બાંધવી.

## બાલ સાફ થાય.

૧=બાલ સાફ થાય—અરીઠાની છાલ પાણીમાં ભીંજવી નરમ કરે તેને છુંદીને કાળી મટોડી સાથ મેળવી સાબુ જેવા કટકા બનવે એનાથી બાલ ધુવે. શરીરનો મેલ કાપવામાં પણ ઉત્તમ છે. કપડાં ધોવામાં આ સાબુ સારો છે.

૨=બાલ સાફ થાય-બાલનો ચીકાસ નીકળે. ૧) તો. આમળાને ૦। શેર પાણીમાં ગરમ કરી તે પાણી માથે ચોળે, એમાં ૦। તો. તેલ નાખે તો બાલ નરમ થાય.

૩=બાલ સાફ થાય, ચીકાસ નીકળે. કોપરૂં નાળીએરનું તેની ચટણી બનાવી પાણીમાં મેળવી બાલ ઉપર મસળે.

## ધાસ્તી દુર થાય.

છાતીની બ્હીક દુર થાય-સ્કુલનો છોકરો પરીક્ષક આગળ ગભરાઇ જતો હોય તેમજ નાટક કરનારો છોકરો સ્તેજપર આવતાં ધભરાય તો ૫ ટીપાં અફીણનો અર્ક પાણી સાથે આપે અને પછી કામ કરાવે તો ધાસ્તી લાગે નહીં.

## બાળક ઉંઘમાં મુતરે.

૧=છોકરૂં ઉંઘમાં મુતરી ઉઠે તે માટે—આંકડાંનું મુળ અને કાળા તલ સંભાગે લેવા તેમાંથી ૨) થી ૪) વાલ ભુકો ગોળ સાથ રોજ દીન ઉગતે ખાવો.

૨=બાળક ઉંઘમાં મુતરે તે માટે-બે વાલ ગલોનો સત્વ રોજ બે વાર મધ સાથે બાળકને ખવાડે તો ફાયદો થાય

૩=પીસાબ ઉંઘમાં થાય તે માટે-જો ગરમીની રૂતુ હોય તો ધાણા અને ખાંડ મેલવીને ૧ તોલો ખવાડે.

૪=બચ્ચું ઉંઘમાં મુતરે-આકરાના ફુલ સુકાં શેર ૦। ને ગોળ સાથે મેળવી તેની ૧ વાલની ગોળી કરવી, તેમાંની એક ગોળી પાણી સાથ ઘસી સહવારે પાવી.

## બાળક બીહે.

૧=બચ્ચું બીહે અથવા બચ્ચાં જીવે નહી તેનો ઈલાજ-રવીવારે બરી ફજરમાં દાદમરીનું મુળીઉં ઉગમણી દસા તરફનું લાવે તે મુલીઆને સુતરથી બાંધી બચ્ચાંને ગળે ઓરવી દાબે તો ફાયદો થાય એવી કહેતી ચાલે છે.

## બાળકને કબજીઆત.

બાળકના ઝાહાડાની કબજીઆત મટે-આકડાના પાન ઉપર દીવેલ ચોપડી પેટ ઉપર મુકે તો બચ્ચાંનો કબજીઆત મટે.

## બાળકનાં પેટમાં ભાર.

૧=બચ્ચાંને પેટમાં ભાર-હોય ત્યારે ૧૦ ટીપાં સુર્યમુખી ફુળનો રસ પાવો.

૨=બચ્ચાનું પેટ કઠણ હોય તે પોચું પડે-સમુદર ફળ ૦। અથવા ૦॥ વાલ દુધમાં મેળવી પીવામાં આપવું.

૩=પેટ ચડે બાળકનું-તો ૦॥ તોલો કારેલાના પાનનો રસ પાવાથી ઉલટી થઇને પેટ નરમ પડે.

## બાળકને દુધની ગાંઠ બંધાય.

૧=મુબારકી—બાળકના પેટમાં દુધની ગાંઠ માટે-દુધેલીના પાનનો રસ પાવો. દુધેલીના મુળ દુધમાં ઉકાળી ૩ દીવસ પાએ તો ૩ દીવસમાં ઝાડા વાટે ગાંઠ નીકળી જાય.

## બાળક નીરોગી રહે.

૧=તાવ, ખાંસી, ઝાડો, કફ વગેરે બાળકોના વ્યાધી માટે અતિવિષ અથવા કાકડાસીંગ ૧)થી રતી ૩ સુધી રોજ ૩ વાર ખવાડવી.

૨=બાલકના હરેક દરદ મટે-ખાંસી, વાઇ, પેટ કબજ, ગરમી વગેરે મટે. } હરડે અને કરીઆતુ પાણીમાં ઘસી પાવું. અંદર મધ નાખે તો અડચણ નથી.

## બાળકના ગાલ પંચોલા.

૧=બાળકના ગાલ પંચોલા—આ રોગ બાળકને થાય છે. ગાલ સુજી આવે છે અને તાવ ચઢે છે. તે માટે સોનાગેરૂં, સુંઠ, રાસના, અરણીના મુળ સંભાગે પાણીમાં વાટી લેપ કરે.

## બાળકને ગોવરૂં.

૧=બાળકને ગોવરૂં આવે તે માટે—સુંખડ, ધાણા, હરડાં, બેહેડાં, આમળા લઇ પાણીથી ભરેલી ૧) ઘાઘરમાં ભીંજવી રાખે. તરસ લાગે ત્યારે એ પાણી પીએ.

૨=તાવ, ખાંસો, ઉલટીમાં અતીવિષ બચ્ચાં માટે ખાસ છે. માત્રા એક વાલથી બે વાલ સુધી મધ સાથે આપવી.

૩=અતિવીષથી તાવ, ઉધરસ, ઉલટી, ઝાડા અને કરમનો નાસ થાય એ બાળ દવા છે. બાળકના સઘળાં દરદ માટે સારો ઇલાજ છે—અતીવીષની કળી કડવી હોય છે. તે બાળકોના દરદો માટે સાધારણ અને ચોકકસ ઇલાજ છે.

ના થી ૧ વાલ મધ સાથ અપાય છે. નીચે મુજબ મેળવણી વધારે ફાયદો કરતા છે. અતીવીષ, પીપર, કાકડા સીંગ એનું ચુરણ ાા થી ૧ વાલ મધ સાથ મેળવી રોજ બે વાર આપે તો બાળકોના સઘળાં દરદોને ફાયદો આપે અને નુકશાન કાંઇ કરે નહીં. એ બાળ-દવા નીર્ભય અને સર્વોત્તમ છે.

૫=અજમો ૧, હરડે, ૧. ખારક ૧, જાયફળ ૧, મોચરસ ૧, અફીણના, કેસર ૧, મધ ૨ ભાગ, આ પ્રમાણમાં મેળવીને તેની ગોળી ાા ગ્રેનની બનાવવી. બચ્ચાંને ૧ આપવાથી બાળ નિરોગી રહે.

૬=બાળક નીરોગી રહે-બાળક ૧) મહીનાનું થાય ત્યાં સુધી રોજ ૧) વાયવરંગનું ચુરણ મધ સાથ આપવું. પછી ૨) મહીનાનું થાય ત્યાં સુધી બે આપવાં. આ મુજબ દર માસે એકેક વાયવરંગ વધારીઆ જવું.

## બાળક શરીરે ગળે-દુર્બળ થાય તે માટે.

૧=ઉમરાના ફળનું ચુરણ, પોડાવજ સંભાગે ચુરણ બનાવી ૨ થી ૪ વાલ મધમાં રોજ ખવાડવું.

૨=આસંધ ૧) તો. પાણીમાં મેળવી ચટણી કરવી. તેમાં ૧૬ તો. દુધ, ૪ તો. ઘી નાખીને ધીમે ધીમે ઉકાળી ઘી બનાવવું. તે ઘી ૦। તોલો અથવા વધારે રોજ બાળકને ખવાડવું.

૩=સંખાવળી અને ઉંબરાનું ચુરણ વાલ ૨ થી ૪ મધ સાથે રોજ બે વાર ખવાડવું.

૪=ઉંબરાના પાનનો અથવા ફળ રસ ધાવણમાં પાવો.

૫=ખસખસને દુધમાં વાટી રાબડી કરી પાવી. આ રાબડીથી ઝાડા બંધ થાય છે. અને શકતી આવે છે.

૬=બાળકને શકતી આવે } તલ અને આસંધ સંભાગે
બાળકને પુષ્ટી આવે } લેવો, તેમાં ખપે એટલો ખજુર લેવો. તેના વડા બનાવી ગાયના ઘીમાં તળી બાળકને રોજ ખાવામાં આપવા. વેલાતી ઘણા દીવસની વાસી બીસકીટ કરતાં આ વધારે ગુણ આપે છે.

---

## બાળકનો ખોરાક.

૧=બચ્ચાંને દુધ જરપત ન થાય તો દુધ ઉકાળતી વખતે જાયફળનું અરધું ફાડચું સાથે ઉકાળવામાં લેવું. તે ફાડચું પાણીથી ધોઇ સાફ કરી મુકવું. દર વેળા દુધ ઉકાળતાં તે ફાડચું વાપરવું. ભેજાંને સાંટી આપવાનો તેમજ ઉંઘ લાવવાનો ગુણ જાયફળમાં છે.

૨=—બચ્ચાં માટે દુધ ગરમ કરવાની રીત નીચે મુજબ છે— ચોખ્ખું પાણી વગરનું દુધ પસંદ કરી તેને સારી પેઠે ઉકાળ્યા પછી બચ્ચાંને તે દુધ પાવાનો હાલ રીવાજ છે. પણ દુધ ઉકાળવામાં પાણી દુધમાંથી ઓછું થાય છે અને તે ઉકાળેલું દુધ જાડું થાય છે, એટલે તેમાં ચીકાસનું પ્રમાણ વધે છે. આવી રીતે ઉકાળેલું દુધ નબળાં બચ્ચાંને જરપત થઇ શકે નહીં

અને ભારે પડે છે. માટે દેશી વૈદું ભલામણ કરે છે કે બચ્ચાં માટે દુધ ગરમ કરો તેમાં વધુ પાણી નાંખીને દુધ પાતલું કરો, અને ગરમ એટલુંજ કરવું કે દુધની અંદર ઉત્પન્ન થયલાં જંતુ મરણ પામે. દેશી વૈદાની રીતે જો બચ્ચાંને દુધ પાવામાં આવે તો મેલીન્સ્ફુડ અને દુધના દાબડાની જરૂર પડે નહીં.

૩=દુધ ઉકાળવાની રીત—૧ શેર દુધમાં ૦। શેર પાણી નાખી ધીમી અંચે ઉકાળી પાણી બાળવું. વાસણ ખુલ્લું રાખવું. વાસણ ચુલા ઉપરથી ઉતારયા પછી થોડી વાર હલાવવું. તેમાં છારી બાંધવા દેવી નહીં.

૪=માતાના દુધ જેવું બનાવટી દુધ—જ્યારે ગાય ભેંસનું દુધ બચ્ચાંને જરપત ન થાય તો દુધ શેર ૦॥, પાણી શેર ૦।, સુગર ઓફ મીલ્ક ૦॥ તોલો મેળવી ગરમ કરી ગાળીને પાવું.

૫=વાસી દુધ અથવા સવારનું દુધ બપોરે ગરમ કરવાથી કો ઈવાર ફાટી જાય છે. તેનું કારણ એ છે જે દુધમાં પેદા થયલા ખટાસને થોડી ગરમી મલે છે ત્યારે તે ખટાસ પાણી અને દુધ છુટાં પાડે છે. જો ગરમી શરૂઆતથી વધુ હોય તો ખટાસની અસર દુધ ઉપર થઇ શકતી નથી. માટે વાસી દુધ ગરમ કરતાં બળતું ચુલામાં મોટું કરવું; અથવા ખાલી કઢાઇ પહેલાં ખુબ તપાવીને પછી દુધ અંદર નાખવું.

૬=પલાસમેન પાઉડર—મલાઇ કાઢી લીધેલાં દુધને ઉકાળી જરા ધાડું થાય એટલે ગરમ રેતીના ઉપર મુકીને બાળી ને ભુકો કરે તે

૭=બચ્ચાંને દુધ જરપત થાય નહીં તે વેળા દુધ ન આપતાં અંગ્રેજી દાકટરો જવના પાણીની ભલામણ કરે છે અને પછી જવના પાણીમાં ધીરે ધીરે દુધ ઉમેરવા કહે છે. અંગ્રેજી જવને ઠેકાણે દેશી અનાજ મગ છે. મગના ઓસામણની ભલામણ વઇદું કરે છે. જ્યાં જવ (બારલી) ન મળે ત્યાં મગ ઢગલાબંધ મળે છે. એને તેનો ગુણ જરાએ ઓછો નથી.

આખા મગ વાયુકરતા છે.

## બાળકનું પેટ ચઢે.

૧=સેત્રની ઓસામણનું પાણી ૧ તોલો રોજ પાવાથી બાળ-
ાનું પેટ ચઢી આવે, પેટમાં દુખાવો થાય, તે બીમારીઓ સારી થાય.

૨=એલચી, ધાણા, વાયવરંગ, અખરોટ અને ફુદનો આ
ધા ચીજો કરમીવાળાં બાળકને ફાયદો કરે.

૩=પેટ ચઢે—બાળક મટોડું ખાય અને પેટ ચઢે તો ગેરૂં
એક જાતની માટી) બાળકને ખવાડે તો પેટ નરમ પડે.

૪=બાળકનું પેટ ભારે હોય તે માટે—ડીકામાલી અને કાલો
ાર પાણીમાં ઘસીને પેટપર લગાડવો. દુટીની ઉપર લગાડવું નહીં. અથવા
મેળીઓ ગઉમુત્રમાં ઘસી પેટપર લગાડવો. (દુટીપર લગાડવો નહીં.)
ઝાડો થઈ રોગે નીકળી જશે.

૫=બાળકને દુધ પચે નહી તે માટે ગોંસવેલ એક જાતનો
ાંટાવાળો વેલો છે તે પાણીમાં ઘસી પાવો.

---

## બાળકની દુંટી મોટી થાય.

૧=બાળકની દુંટી મોટી હોય તે ઉપર દીવેલ અને મધ મેળવી
ાગાડયા કરવું.

૨=બાળકની દુટીમાંથી આંતરડું દેખાય-એ માટે અબીલને
ુલાબ સાથે એકરસ કરી તેની લુગડાંની પટી કરી મુકે. અને તે
ાટી દુંટીપર મુકે તો દુટી સંધાઈ જાય.

---

## બાળકના દાંત ફુટે.

૧=દાંત બચ્ચાંને આવે છે તે વેળા બહુ વેદના થાય છે.
ાઇવાર લીલા ઝાડા બહુ થાય છે. તાવ ખસતો નથી, બચ્ચું
ુરહાલ થઇ જાય છે. અંગ્રેજી દવામાં સુધીંગસીરપ, ટીઠીંગ પાઉડર,
ોામળ આપવામાં આવે છે. દેશી વઈદું બાળાવજની ભલામણ
રે છે. બાળાવજને પાણીમાં ઘસીને મોંઢાના પારા ઉપર મસળે,
અથવા બાળાવજનું આંગળીયું બનાવી ગળામાં નાખ્યું હોય અને
ાંગળીયું બચ્ચું ચુસ્યા કરે તો વેદના ઘણી ઓછી થાય છે.

૨=દાંત ફુટે-બચ્ચાંના તેમજ( Wisdom teeth ) મોટા માણસના દાંત ફુટે અથવા પારામાં દુખાવો થાય ત્યારે, લીંબુનો રસ પારા ઉપર મસળે છે.

૩=દાંત ફુટે ને દુખાવો થાય ત્યારે-કેળાંના ફુલનો રસ મોઢાના પારાપર ઘસવો.

૪=દાંત નીકળતાં બાળકને થતી પીડા-બાળકને દાંત ફુટતી વેળા તાવ, ઝાડો, ઉલટી થાય છે તે માટે ધાવડીના ફુલ, પીપર, આંબળાનું ચુરણ, મધમાં મેળવી દાંતના પારાપર ઘસવું.

૫=બચ્ચાંના દાંત ફુટે ત્યારે પેટ આવે, પારા ગરમ રહે, તે વખતે પારા ઉપર માખણ ચોપડયા કરવું.

૬=દાંત—બચાંને પેહેલા દાંત આવતાં તેમજ મોટાને છેલ્લાં દાંતો ( Wisdom Teeth ) આવતાં દુખારો થાય ત્યારે મધ પારા ઉપર મસળવું.

## બાળકને પીસાબ ખેંચાઇને આવે.

૧=બાળકને પીસાબ ખેંચાઇને આવે—બાળકને પથરીને લીધે પીસાબ ખેંચાઈ આવે છે એવું માની લેવું નહીં, પણ દીવેલ ઇંદ્રીપર મસળવું તેથી પીસાબ સાફ આવે.

૨=બાળકને ગરમી—બાળક જનમ્યાં પછી ૧૫ દીવસમાં ગરમી ફુટી નીકળે તો ગુલછરીનો કણ, હળદર વાટી માખણમાં મેળવી લગાડવું.

૩=બાળકને ગરમી થાય તે માટે—બાળક જનમ્યા પછી ૧૫ દીવસમાં ફોલ્લાઓ થાય છે તે માટે ગરમારાનો પાલો દુધમાં વાટી શરીરે ચોપડવો.

૪=બાળકની ખાંસી મટે—પાન નાગરવેલનો રસ ૦I તો. મધ સાથે મેળવી ખવાડે.

૫=જનમેલા બાળકને કફ થાય ત્યારે—બાળક ઘુરે છે, તે વેળા ભાંગરાના રસના બે ટીપાં અને મધ ૪ ટીપાં મેળવી તાળવે લગાડે તો કફ નીકળી પડે.

૬=ખાંસી ધાવતા બાળકને હોય તે માટે—૧ એલચી, ૧ લવંગ, લવંગના વજન જેટલો અજમો, આ ચુરણને ચેવલી પાનમાં મુકી બીડી બનાવવી. ૧ તોલા પાણીમાં આ બીડી ઉકાળવી, પછી તેજ ગરમ પાણી અને બીડીને વાટી તેનું પાણી ગાળી લેવું. તે પાણી બેઆની ભાર બાળકને દીવસમાં ૩ વાર પાવું. અને તેનો ધ્રુંદો બાળકની માતાને ખવાડવો.

## બાળકની દુંટી પાકે–નાભિ પાકે.

૧=બાળકની દુંટી પાકે ત્યારે બકરીની લીંડી દુધમાં વાટી લેપ કરવો.

૨=સુખડ અને તજની બારીક ભુકી દાબવી; અથવા પાણીમાં ધસી લગાડયા કરવું.

## બાળકને મુબારકી રોગ.

૧=બાળકનો મુબારકી રોગ—જેમાં પેટ મોટું થાય, ગળાપર સોજો આવે, પેટમાં ગાંઠ થાય, પીસાબ પીળી આવે તે માટે—ખેર ઝાડની અંતરછાલ ૩ માસા લઇ દુધમાં ઉકાળી રોજ બે વાર પાવી.

## બાળકની ગોળી મોટી થાય.

૧=બાળકની ગોળી મોટી થાય તો—દીવેલ ગોળી પર મસળ્યા કરવું.

## બાળકને આંકડી આવે.

૧=બાળકને આંકડા આવે તો—લાલ કાંદો ભાંગીને સુંધાડવો.

૨=બચ્ચાંને આંકડી—પીપળાની વડવાઇ સ્ત્રીના દુધમાં ચાર ધસકરા ધસીને પાવી. (ઇલાજ સારો છે.)

૩=વજ્જર બુટ્ટીની માળા—અરીઠાના બીને ભીંજવી રાખે તે નરમ થાય ને વચમાં કાણું પાડે આ બીની માળા બનાવે. તે ઘોડાઓને શોભા માટે પેહેરાવે અને નજર ન લાગે એવા વીચારથી બાળકને પેહેરવાનો રીવાજ છે.

## બાળકને કીડ થાય.

૧=બાળકની પીસાબની જગે કીડ થાય તો—દીવેલ મસળવું.

૨=ઈંદ્રીનો ઘુમટો સંકોચાય, બાળકની ઇંદ્રીનો ઘુમટો સંકોચાય તે માટે, મોઢામાં પાણી ભરવું. બાળકની ઇંદ્રી પકડી તેના ઉપર મોંઢામાંના પાણીથી જોરથી પીચકારી મારવી. ૭) દીવસ આ પ્રયોગ કરવો.

## બાળક જલદી બોલે.

૧=અકલગરાનું મુળીયું મોઢામાં રાખવાથી ચણચણાટ લાગે છે, અને બોલવાનું ઉત્તેજન મળે છે.

૨=પોપટને આ મુળીયું ખવાડવાથી તે જલદી બોલતાં શીખે છે.

૩=બચ્ચાંઓને અકલગરાના મુળનું આંગળીઉં બનાવી ચુસવા આપે તો બાળક જલદી બોલે છે.

૪=બાળક જલદી બોલે—પીપળાના ફળ, પેંપડા ખાવાથી ફાયદો થાય. એનો પાક અથવા પેંડા કરી ખવાય છે.

૫=બાળકના મોઢાંની વાસ મટે—હરડે અને બદામ ઘસીને ચટાડે.

૬=બાળક રોરો કરે—ત્રિફલા, અને લીંડી પીપરનું ચુરણ ૧ થી ૩) રતી મધ અથવા ઘીમાં ખવાડે

## બાળકને બેશુધ્ધી આવે-બત્રીસી બેસે-બેભાની થાય.

૧=બચ્ચું બેશુદ્ધીમાંથી શુદ્ધીમાં આવે—કોઇ કોઇ વાર ઝાડો કબજ હોવાના કારણે બચ્ચું બેશુદ્ધીમાં આવે છે તે વેળા ગરમ પાણીની પીચકારી સફરામાં મારવાથી ઝાડો થઇ બચ્ચું હોશીયાર બને છે.

૨=સીખમાં નામનું ઝાહાડ ૪) ફુટ ઉંચુ થાય છે, નેપાલ અને ભુતાનમાં એ ઉગે છે. એ ઝાહાડ પાસે જે સુવે તે બેશુદ્ધ થઈ જાય છે, એનું મૂળ જે સુંઘે તે બેશુદ્ધ થાય છે; આવા બેશુદ્ધ થયલા દરદીને નિરવીષીનું મુળ સુંઘાડવાથી હુશિઆર થાય છે.

૩=દાંતની બત્રીસી બેસે તે માટે—મોરના પીછાંની રાખ મધમાં મેળવી દરદીને ખવાડે અથવા દંતના પારા ઉપર ઘસે. અથવા લવંગને ઘીમાં ઘસી અંજન કરે.

૪=જાગૃતી આવે છે-બેભાની દુર થાય-બેશુદ્ધીવાળાને કાંદાનો રસ સુંઘવાથી સુદ્ધી આવે છે.

૫=બેસુદ્ધી માટે—મરી, સુંઠ, પીપળ સરખે ભાગે મેળવી એનો બારીક ભુકો કાગળની નળીમાં ભરી નાકમાં ફુંકવાથી બેશુધ માણુસ હુશિઆર થાય છે.

૬=વીજળીથી, પાણીમાં ડુબવાથી અથવા સાપના ડંખથી માણસ બેશુધ થઇ ગયો હોય તો—ડોકા શીવાય આખુ શરીર ભીની માટીથી ઢાંકવું અથવા હાથ અને પગ માટીમાં દાટવા.

૭=પાણીમાં ડુબેલું બેશુધ થયલું માણસ હુશીઆર થાય—પાણીમાં ડુબેલાં બેશુધ થયલાં દરદીને જમીનમાં ખાડો ખોદી તેમાં મુકે, મોંહ ખુલ્લું રાખે અને શરીર પર મીઠું મુકીને આખું શરીર બંધ કરે. આ મુજબ મટોડું પણ કામ કરે છે.

૮=બચ્ચું બેશુધ થાય છે (ઝાડો બંધ હોવાને લીધે)—ત્યારે કપડાંથી ગાળેલી કાંજી અને દીવેલ એની પીચકારી મારવી.

૯=વાયુથી બત્રીસી બંધ થાય-તો લવંગ, લીંડીપીપર, ટંકનખાર ફુલવેલો સંભાગે લઇ ઠીકરાં પર ગરમ કરી ચુરણ બનાવી શીશીમાં ભરી રાખવું. ખપ પડવે મધમાં મેળવી બત્રીસી અને પારા ઉપર લગાડવાથી દરદી હુશિઆર થાય.

૧૦=બેશુદ્ધી બચ્ચાંને—ઝાડા કબજ હોવાથી કોઇ બચ્ચાંને બેશુદ્ધી થાય છે તે વેળા રેહાનના પાંતરાના રસની પીચકારી સફરામાં મારવી. જુઓ " બેભાની "

## બેહેરાટ—કાનના દરદો.

બેહેરાટ માટે—કાંદાનો રસ ૫ ) ટીપા કાનમાં રોજ નાખવાં.

૨=સુખડનુ તેલ ૫ ) ટીંપા કાનમાં નાખવા.

૩=કાનતો બેહેરાટ જાય—હીંગ ૧ વાલ, સ્રીના થાનના દુધમાં ઘસી ગરમ કરી તેના દસ ટીપાં કાનમાં નાખવાં.

૫=કાનનો બહેરાટ ભાગે—આંકડાના પાકા પાનને જરા ગરમ કરી તેનો રસ કાહાડી તેનાં ટીપાં કાનમાં નાખે.

૬=કાનનો બેહેરાટ ભાગે—ઉંટનું મુતર કાનમાં નાખે.

૭=બેહેરાટ જાય—બદામનું તેલ ૧ તોલો, સરકો ૦॥ તોલો ઉકાળી, પાણી બળી રહે ને ગાળી લેવું. તે તેલ કાનમાં નાંખવું.

૮=ઘડપણનો બેહેરાટ હોય તે માટે બદામનું તાજું બનાવેલું તેલ. તોલો ૧), ઘી, દાળ અથવા ભાત સાથે રોજ ખાવું.

જુઓ, 'કાનના દરદો'

## બેહેરાટ થાય.

૧=સળગમ કાચું ખાવાથી બેહેરાટ થાએ.

૨=કવીનાઇન બાથુક ઘણું ખાવાથી બેહેરાટ થાય.

૩=નબળાં માણસને સરદી લાગવાથી બેહેરાટ વધે.

---

## બુદ્ધી વધે—યાદદાસ્ત વધે-મગજે શક્તી વધે.

૧=બુદ્ધી વર્ધક—વજ બુદ્ધી વધારે છે. આગલા વખતમાં માતાઓ વજને ઘીમાં ઘસી પીપળાના પાન ઉપર મુકી પોતાના બાળકને ચટાડતાં હતાં અને એનું અથાણું બનાવી ખાના સાથે બાળકને ખવાડતાં હતાં, તેની મતલબ બાળકની બુદ્ધી વધારવાની હતી.

૨=યાદદાસ્ત શક્તી વધે—અધેડો, કુષ્ઠગળો, વાવડીંગ, હરડે, સંખાવલી સંભાગે મેળવી ૦। તોલા ભાર રોજ ખાય તો મગજની નબળાઈ દુર થાય

૩=યાદદાસ્ત વધે, મગજ સુધરે—સેરીલોખાન તોલા ૨॥, વજ તોલા ૨॥, મોઠ તોલા ૨॥, લીંડીપીપર તોલો ૧), સુંઠ તોલો ૧, મધ ૨૦) તોલા, ગળો સત્ત તોલો ૧) એ સર્વેનો પાક બનાવી રોજ સહવારે તોલો ૧ અથવા વધારે ખાવો.

બુદ્ધી ઘટે—ટીડોરાના મુળનું શાક બનાવી ખાવાથી બુદ્ધી ઘટે છે. ઓછી થાય છે.

૪=મગજની શક્તી વધે—છોલેલી બદામના મગજ ૧) તો. એલચી ૦। તો. સાકેર ૦। તો. ગાયનું ઘી ૨) તો. આ સઘળાનું મીશ્રણ કરી કલઈના વાસણમાં ૧) રાત ઠારમાં રાખી તે સવાર સાંજ ખાય. આ મુજબ ૨) અઠવાડીઆ ચાલુ ખાય તો ફાયદો થાય.

૫=છોલેલી બદામનો મગજ ૧૦) તોલા, એલચી દાણાં ૫) તો. પીસ્તાં ખસખસ, દરેક ૫) તોલા એનું ચુરણ કરવું. ગાયના દુધનો માવો. ૧) શેર, સાકેર ૧) શેર અને ઉપરનું ચુરણ મેળવી પેંડા બનાવી રોજ ૫) તો. ખાવા.

૬=કેળાંનો અથવા આમળાંનો મુરબ્બો રોજ ખાવો.

૭=બુદ્ધી વધારવા વજ ૦। તોલો દુધ અથવા ઘી સાથ ૨) મહીના ખાવો. જો ઉલટી આવે તો વજન ઓછું કરવું.

૮=લીંડી પીંપરનું ચુરણ ૦। તો. મધમાં ખાવું.-સેવન કરવું. ત્રીફળાંનું ચુરણ ૦। તો. ઘીમાં ૧) વરસ સુધી સેવન કરવાથી બુદ્ધી વધે. બાલ સફેદ થાય નહી. ચામડીએ કરચલી આવે નહીં.

૯=બુદ્ધીવર્ધક—ખોરાકમાં ચોખા અને દુધ ઉત્તમ છે. છાલા પાલામાં બ્રાહ્મી, સંખાવલી, વજ, માલકાંકણી, ભાંગરો, અધેડો, બાવચી, મોચરસ, કેટકી, વાવડીંગ, આંમળાં, વિદારીકંદ છે. ઉપલી ચીજોમાંની કોઇબી એક ચીજનું સેવન કરવું.

૧૦=કોઇપણ છાલાપાલાનું ઘી બનાવવામાં જુનું ઘી લેવું. તેમાં બુદ્ધીવર્ધક ગુણ વધારે છે.

૧૧=આંમળાનું ચુરણ ૧૬ તોલાને લીલા આમળાના રસમાં મેળવવું અને સુકવવું. તેના વજન બરાબર ઘી, લીંડી પીપર બે તોલા, સાકર ૪) તો. મેળવી એક બરણીમાં ૧) વરસ રાખી, વાપરવું.

બળબુદ્ધી વધે—આમળા અને તલ સભાગે મેળવી તેમાંથી ૦।। તોલો લઇ, મધ સાથ મેળવી, રોજ સહવારે ૧૪) દીન ખાવું.

**જુઓ "યાદદાસ્ત વધે, મગજ ખીલે."**

## નાસુર—ભગંદર.

૧=નાસુર સાફ થાય—થુઅરનું દુધ અને સીંધવ મેળવી તેમાં કાકડો બોળી તે કાકડો નાસુરમાં મુકવો.

૨=નાસુર માટે—ગુંગલ અને ચુનો સંભાગે પાણીની સાથે મેળવી નાસુરમાં મુકે તો ફાયદો થાય.

૩=નાસુર, ખરાબ ચાંદા, થાન પાકે—તે ઉપર ગળીનું ચુરણ દાબે તો ફાયદો થાય અથવા કાયફળના લાકડાંને બાળી તેની રાખ દાબે અથવા ધુપેલમાં મેળવી લગાડે.

૪=ભગંદર અને નાસુર માટે ખાવાની દવા—હરડે, બહેરાં, આમળાં પીપર દરેક ચાર તોલા, એ સર્વને પાણીમાં છુંદી રૂા. ૦। ભારની ગોળી કરી, ભગંદર તથા નાસુર માટે રોજ બે વાર ખાયા કરવી.

૫=ભગંદર માટે—પારસના ફળનો રસ ભગંદરની અંદર મુકવાથી રૂઝ લાવે છે.

૬=ભગંદર—નાસુર—આ દરદોની અંદર અકોલનું તેલ મુકે તો રૂઝ જલદી આવે

૭=ભગંદર માટે અરદુસાના પાંતરાં વાટી અંદર જરા મીઠું નાંખી લેપડી કરી ભગંદરની ઉપર મુકવી.

૮=થુવર ખરઆંની—( દાદળીઓ=નેતરીઓ=દાણુશીર ) આ જાતનો થુવર દવાના કામમાં વધુ વપરાય છે.

કંટારીઆ થુવરના દુધની માફકજ આ થુવરનું દુધ સિંધવ સાથે મેળવીને ભગંદરમાં મુકે તો રૂઝ આવે. અંદર નહીં જઈ શકે તો પાણી સાથે મેળવીને પાતળું કરીને જખમમાં મુકે.

૯=ભગંદર મટે—અરદુસાના મૂળીઆંને પાણીમાં વાટી ભગંદર ઉપર રોજ બે વાર મુકે.

૧૦=ચાંદી, ચાઠ, વીસ્ફુટક, ભગંદર માટે—કડવા તુરીઆંના બીનું મગજ અને સુંઠ એકેક તોલો પાણી ૧૬ ) તોલા, તલનું તેલ ૪ ) તોલા એ સઘળાંને ઉકાળવું અને પાણી બળી જાય ને તેલ દરદ પર લગાડવું.

૧૧=ભગંદરની ઉપર કરંજની છાલ અથવા પાંદડાની પોટીસ મુકવાથી ભગંદરનું મ્હોડું પુરાઇ જાય છે.

૧૨=ભગંદર મટે, ગલોડી (ચાર પગું જાનવર)નું તેલ ટાંચણી વતી અંદર મુકવું. ભગંદર રફતે રફતે સારૂં થાય છે.

૧૩=ભગંદર-પીનસ-માટે તરસાના હાડકાં પાણીમાં ઘસી પાવાં. અથવા બીલાડીનું હાડકું ત્રીફળાંના કાહવામાં ઘસી પાવું. તરસાના હાડકાં પાણીમાં ઘસી નાખમાં ટીપાં મુકવાં.

૧૪=નાસુર રગતપીતનું સારૂં થાય—પારો માસા પાંચ, હળદર માસા ૧૦, ઘી માસા ૩૦ ને સારી પેઠે મેળવી તે મલમ રૂની સાથ મેળવી નાસુરમાં મુકે. તેની ઉપર સીંદુરના મલમની પટી મુકે.

૧૫=નાસુર સારૂં થાય—આમલીનો ચીઓડો પાણીમાં ઘસીને નાસુર પર લગાડે, નાસુરની અંદર મુકે તો વધુ ફાયદો થાય.

૧૬=ભગનદર માટે ઇલાજ—ત્રીફળાના કાહવામાં ૧ વાલ ખેર સાલ, ૩ વાલ વાયવરંગ. ૦। તોલો ઘી નાંખી દરદીને રોજ બે વાર પાયા કરવું.

૧૭=નાસુર, ગરમીના આજારથી પગના નળાં પર પડે તે માટે દરદીને ૧૨ દીવસ બીછાના પર સુવાડવો, નાસુરવાળો પગ શરીર કરતાં ૦॥ ફુટ ઉંચો રાખવો. નાસુર ઉપર તાજા ઠંડા પાણીના પોતાં મુકવાં ભીનાસ ચાલુ રાખવો.

૧૮=ભગનદરને ફાયદો થાય—લીબોરીનું તેલ અંદર મુકે તો જખમ પુરાય. અથવા લીમડાના પાન, તલ અને ઘઉંનો લોટ એની લેપડી કરી જખમ પર મુકે.

૨૦=ભગંદર માટે—ભગંદરવાળા દરદીને દરરોજ વરીઆળી લાંબા વખત સુધી ખાવી, અથવા વરીઆળી ઘીમાં સેકીને તે સુખે પેટે ખાવી, વધારે ખાવામાં નુકસાન નથી.

## ભગંદર—નાસુર માટે નીચલા ઇલાજો.

૧=કંટાળા થુઅરનું દુધ મુકવું.

૨=માણસના હાડકાંને પાણીમાં ઘસી અંદર મુકવું.

૩=પારસ પીપળાના ફળનો રસ અંદર મુકવો.

૪=હળદર, આકડાનું દુધ, સીંધાલુણ, ગુંગળ, કરેણના મૂળ, ઇંદ્રજવ દરેક ૧) તો. તેની ચટણી કરવી તેમાં ૫) તો. તેલ અને પાણી ૦ા શેર નાંખી ઉકાળી તેલ બનાવી તે તેલ છીદ્રમાં નાખવું.

૫=ત્રીફળાં, ૧ તો. પીપર તો. ૧, ગુંગળ તો. ૫, એનું ચુરણ ૦ા તો. મધ સાથ રોજ ખાવું, અને લોહી સુધારવું.

૬=નાસુર અને ભગંદર—શરૂઆતમાં ફોલ્લી થાય તેને બેસાડી દેવા માટે લેપ લગાડવો, વડના પાન, ઇંટનો ભુકો, સુંઠ, ગળો અને સાટોડીનો લેપ મુકવો. ફોલ્લી ન વધરાઇ જાય તો પકવવી.

જવખાર, સાજીખાર, ટંકણખાર નાસુરપર મુકે તો તે ફાટે, અને મોં મોટું થાય. અથવા સુંઠ, સરસવ, સાટોડી, અને સરગવાના મુળની છાલ અને છાસ એની જાડી પોટીસ બનાવી મુકવાથી નાસુર ફાટી જશે.

૭=ચમપેલીના તથા વડના પાન, ગળો, સુંઠ, સીંધવ, છાસમાં લેપ કરી મુકવાથી વ્રણ રૂઝાએ છે,

૮=નસોતર, તલ, નેપાળાના મૂલ, મજીઠ, સીંધવ, છાસ એનો લેપ થવાથી વ્રણ રૂઝાય.

૯=લોહીવાળા અને વેદનાવાળા વ્રણ ઉપર તલ, લીમડાના પાન, જેઠીમધ, દુધ એનો લેપ મુકવો.

૧૦=નાસુર રૂઝવવા માટે—સીંધાલુણ અને મધને મેળવી તેમાં સુતરની દોરી બોળી વ્રણમાં મુકવી.

૧૧=કચુરાનું ચુરણ અને સીંદુર પાણીમાં મેળવી, ચટણી કરીને તેને સરસીઆં તેલમાં વધુ પાણી નાખી પકવવું. તે તેલ નાસુરમાં મુકવું.

૧૨=લસણની લેપડી મુકવાથી અંદરના જંતુ મરે. મરઘાના પીછાંની રાખ, અથવા મસુરની દાળની રાખ, જખમપર દબાવે.

જુઓ "નાસુર"

## ભસ્મક રોગ.

૧=ભસ્મક રોગ—અતિ ખાખા કરે તે. બાળક ઘણું ખાય. પણ અંગ લીએ નહી તે માટે બાળકને ઘી, કેળાં ખવાડવાં.

૨=અઘેડાના બી ૨)૪ વાલ અથવા વધારે દુધમાં વાટી ખીર બનાવી ખવાડે. **જુઓ બાળક બહુ ખાએ.**

## ભાંગની કેફ ઉતરે-નિશા ઉતરે.

૧=નીશા ભાંગની ઉતરે—જામફળ ખાવાં અથવા ૦ા તોલો તુઅરની દાળ પાણીમાં વાટી ખાવી.

૨=થોડો દારૂ પીવાથી ભાંગની કેફ કમી થાય.

૩=ભાંગની કેફ ઉતરે—દહીં અને સાકર ખાય. યા મળાઇ અને સાકર ખાય. યા ચાહ ગરમ ગરમ પીવાથી કેફ તરત ઉતરે છે.

જુઓ " નીશા ઉતરે. "

## ભુતજવર.

ભુતજવર—સુર્ય મુખીના ફુલ કાનમાં રાખવાથી ફાયદો છે.

## ભેદવાયુ.

૧=ભેદ વાયુને લીધે અંગ વાસ મારે તેનો ઇલાજ—હરડે દાડમડીનાં કુમળાં પાતરાં, લીંમડાના પાતરાં, આંબાના કુમળાં પાતરાં સંભાગે લેવાં તે બધાનું મીશ્ર ૪ તોલા લઈ બસેર પાણીમાં ઉકાળી ૦ા શેર પાણી રહે તેમાંથી અરધુ અરધુ દીવસમાં બે વાર પીવું. રોજ તાજું બનાવવું.

૨=ભેદવાયુ (મોટું પેટ થાયતે) કૅારો-(સંખ) આખો બાળીને ભસ્મ કરીને અરડુસાના પાંદડાંના રસમાં ખળ કરીને ૨ અથવા ૩ વાલ મધ સાથ આપવાથી ભેદવાયુ મટી જાય છે.

૩=ભેદવાયુ મટે—પીપરલીંડી, જવ, ઘી, આમળા, વાયવડીંગ, સાજીખાર સંભાગે મેળવી તેમાંથી ૦ા તોલો વજન લઇ બે વાલ સુંઠ સાથ મેળવી રોજ સહવારે ફાકે. ઉપરથી પાણી પીએ.

## ભરનીગર.

ભરનીગર—ગુમડાં ફુટે અને પાછાં ભરાય તે માટે બોંયરીંગણીનાં પીળાં ફુલ છુંદી લેપડી બનાવી તે લેપડીની વચ્ચે કાણું પાડી તે કાણું ગુમડાંના મોં ઉપર મુકવું અથવા ભરનીગરનું મોં ખુલ્લું રાખી આસપાસ પીળાં ફુલને લેપ કરવો.

## ભીલામુ ઉડે.

૧=ભીલામું ફુટી નીકળે ત્યારે—તલ, દુધ અને માખણની મેળવણી કરી લેપ કરે.

૨=ભીલામાંનું તેલ—ભીલામાને સેહેજ ગરમ કરવાં. એક થાળીમાં મુકી તે ઉપર બીજી થાળી મુકી ઘણા જોરથી દબાણ કરવું તેથી તેલ નીકળશે.

૩=ભીલામું શરીરે ઉડે ત્યારે—બેહેડાં પાણીમાં ઘસી લગાડવાં.

૪=ભીલામું ઉડે ત્યારે દુધના ફીણમાં તલને વાટી લેપડી કરી મુકવી અથવા ચારોળીના દુધમાં તલ વાટીને લેપડી લગાડવી.

૫=ભીલામું ઉડે=બળતરાં બળે—એ ઉપર આમલીના પાંતરાં છુંદી બાંધવા.

## ભુદણી—ચાંદુ પગે થાય.

૧=પગે ભુંદણી થાય એટલે પગના નળાપર ચાંદુ પડે, માઉસ દેખાય અને રસી ગળે. એ માટે બાવળની છાલ પાણીમાં ઉકાળે, તે પાણીથી જખમ ધુએ અને પછી બોરડીના પાનની લેપડી ચાંદા પર મુકે

૨=લેપડી બનાવવાની રીત—સહવારે દાંતણ પાણી કર્યાં પહેલાં બોરડીના પાનને મોઢાંમાંની લબ સાથ વાટે અને લેપડી બનાવે.

૩=ચાંદા સારા થાય—૧૦૦ વાર ધોયલા ઘીમાં મુડારસીંગ અને કાઠો સંભાગે લઇ, મેળવી લગાડે

૪ પગે ભુંડણી થાય તેનો ઇલાજ—પગના નળા ઉપર ગોળ ચાઠું પડે છે, માઉંસ દેખાય છે અને રસી ગળે છે. મોરથુથુ ઠીકરાં ઉપર ગરમ કરી તેની ભુકી તે ચાઠાં ઉપર લગાડી તે ઉપર કાળા મલમની પટી મારે.

## ભુખ કમી થાય.

૧=ભુખ મરી જાય—ગોખરાંના બીજ પીસીને આટો કરે. દુધમાં આંમળાં ભીજવી આટામાં બોળે અને ચાટે તો ભુખ મરે.

૨=ભુખ બંધ પડે—દેહેજ ઝાહડના બી અથવા પાંતરાં હુકામાં ભરી પીયે તો કેફ ચહડે, ભુખ ભાંગે.

દેહેજ ઝાડના ફુલ મમરાં જેવાં છે થાય છે તેના દાણા ખસ ખસ જેવા થાય છે, તેને ગોખરાં ગાંજો તથા ભરેમંદી સુરતના લોક કહે છે કોઇ બીજા વ્યસનની ટેવ આ ઇલાજથી મટે.

૪=ભુખ કમી થાય—લીમડાના પાંદડાં ચાવવાથી ભુખ મરી જાય છે. જંગલના સાધુઓ, ભુખ ઓછી કરવા તે પાંદડાં ચાવે છે.

શીતળાના દરદીને લીમડાની કુમળી પાનરી (કુમળા પાન) અને જેઠીમધનું છોડું ઘસી પાણી સાથે તેની ગોળી બનાવી ૧ વાલ જેટલી ગોળી દરરોજ દાણા દેખાય ત્યાં સુધી આપવી. આથી દાણા બહુ નીકળે નહીં, અને પીડા ઓછી થાય.

---

## ભુખ વધે—અજીરણ મટે—ખોરાક પચે.

૧=ભુખ વધે—મોઢે સ્વાદ આવે—અાંબોળી અને લવંગ પાણીમાં વાટીને પીએ.

૨=ભુખ વધે—લીંડી પીપર ૧) તોલો, પાણી ૧૦ તોલા ઉકાળી ૨॥ તોલા રાખી મધ સાથ પીવું.

૩=ભુખ લાગે—સાજીખાર મધ સાથે ખાવો.

૪=ભુખ લાગે—લીંબુનો રસ ૦॥ તોલો. આદુનો રસ ૧ તોલો, સીંધાલુણ ૬ વાલ મેળવી ખાવાની ૧ કલાક આગળથી પીવો.

૫=અગની. દીપનગોળી—સુઠ ૧ ભાગ, ગંધક ૨ ભાગ, ઇંદ્રજવ, મરી, સીંધવ એકેક ભાગ મેળવીને એની ગોળી કરી ખાવી. શરીરે ગરમાવો આવે, ભુખ લાગે, પાચન શક્તિ વધે,

૬=ભુખ વધે—મુનામખી મધ સાથે રોજ ૦। તોલો ખાવી.

૭=ભુખ લગાડે, અજીરણુ તોડે, લેહેજત વધે, મોંઢાનો વાસ દુર કરે—સુનામખી ૫ તોલા, હરડે તોલા ૨, સંચર ાા તોલા. એલચી તોલો ા એને કુટી, કપડછંદ કરી, ફાકી મારે. વજન ા થી ાા તોલો

૮=જઠર, અને આંતરડાના વ્યાધી મટે, ખેતરોની ખુલ્લી હવા ખાવાથી એ વ્યાધી ઘટે છે અને ભુખ વધુ લાગે છે,

૯=ખાધેલું પાચન થાય, ઝાડો સાફ આવે. વડનગરૂં મીઠું, ખારા ઘોડાનું મીઠું, લાલ મીઠું, હરડે, વરીઆળી, અને સુનામખી આ ચીજોની મેળવણી છે.

૧૦=પપાઉં પાકું ખાવાથી ખોરાક જરપત થાય છે. એ જાતે ગરમ છે.

૧૧=ભુખ લાગે—જે માણસને ભુખ નહીં લાગતી હોય તેણે ખાવાના વખતની ૧ કલાક આગળ પીવાય એટલું પાણી પીવું. અરધો કલાક હીંચોળા ઉપર હીંચકા ખાવા અથવા હીંચકાવાળી ખુરશી ઉપર હીંચકા ખાવા આ ઈલાજથી ભુખ લાગે છે.

૧૨=માંદગી ભોગવ્યા પછી ખોરાકમાં મગ ખાવાની ભલામણ થાય છે; બધા કઠોળમાં એ હલકો અને પચી શકે તેવો ખોરાક છે. મગનું ઉકાળેલું પાણી નબળા માણસને પીવામાં આપાય છે.

અપવાસ કીધા પછી હોજરી નબળી પડેલી હોય છે ત્યારે હલકા ખોરાક તરીકે મગની ખાચડી ખાવામાં અપાય છે.

કઠોળની જાતમાં મગ ઘણા ઉમદા છે. કોઈ બી દરદી મગ ખાય શકે છે. મગનું ઓસામણ પીએ તો જરાએ નુકશાન નથી. તે ખોરાક તરીકે કામ કરે છે. દુધની ગરજ સારે છે.

૧૩=ભુખને વધારે—સમુદ્રફળ ા તોલો કપાસના પાતરાં સાથ ખાવું.

૧૪=ભુખ લાગે—સાજીખાર ખજુર સાથે ખાવો.

૧૫=ભુખ લગાડે—ા તોલો સુંઠ અને ૨ વાલ મીઠું મેળવી ખાવા અગાઉ ફાકી મારે તો ભુખ લાગે, જીભમાં સ્વાદ વધે, ગળું સાફ થાય.

૧૬=ભુખ લાગે—અજમો, સુંઠ સંભાગે મેળવી ા તોલો ચુરણ મધમાં ચાટે.

૧૭=ઉંદરકાની વેળાના પાન ઉંદરના કાન જેવાં હોય છે, ફળ નાના ગુંગરા જેવાં હોય છે. ફુળ ગુલાબી રંગના છે. એના પાનમાં થી દુધ નીકળે છે. એના પાન ચોળવાથી કાકરીના જેવો વાસ નીકળે છે.

ખોરાક પાચન થાએ—ઉંદરકાનીના પાનનું દુધ ખાવાથી ખોરાક પચે છે.

૧૮=ભુખ ઘણી લાગે—ગ્રહ પીપળાના ફળનું ચુરણ ૦ા તોલો ખાવામાં લેવું.

૧૯=ખોરાક પચે, ભુખ વધે—ફુદનો ખાવાથી ખોરાક પચે.

ભુખ લાગે—અમલસારા ગંધકના તેલની એક સળી પાન સાથ ખાય તો ત્રણ શેર અનાજ ખાઈ જવા જેવી ભુખ લાગે. તેલ બનાવાની રીત જુઓ "ગંધકનું તેલ"

૨૦=ભુખ લાગે—મીઠી આવળના પાંતરાંનો ભુકો દાડમની કળીના રસ સાથ સંભાગે મેળવી ૦ા તોલો ખાય તો ભુખ ઘણી લાગે એમાં નુકશાન કાંઈ નથી.

૨૧=ભુખ લાગે-કડુ ખાવાથી ભુખ છુટેછે એ વેલાયતી જેનશી-અનના મુળીઆંનો ગુણ ધરાવે છે. (કાળી કુટકી જુદી ચીજ છે તેને Hellebore કહે છે.)

૨૨=ભુખ લગાડે—આકડાના ફુલ,પીપળ, પીપળીમુળ, સીંધાલુણ દરેક ૨) તોલા, અકલગરો, લવંગ દરેક ૧) તોલો અને ૦। શેર પાણીમાં ખરળ કરી અને ચણા જેવડી ગોળી બનાવી ખાવી જેમ ખરળ ઘણા દીવસ કરે તેમ ગુણ વધે છે.

૨૩=ભુખ વધારવા માટે, રોજ બે વાર દરાખ પાક ખાવો (જુઓ દરાખ પાક=દરાખ આસવ,)

૨૪=ભુખ વધે-ગોળ સાથે સુનામખી ખાવી.

૨૫=ભુખ વધે-૦। તો. કાળી મુસળી, એલચી સાથે ખાય. અથવા ૦। તોલો કપાસના પાન અને નીમક સાથે ખાય,

૨૬=ભુખ ઘણી લાગે-સીંધવ તોલા ૨), હરડેનો દળ તો. ૬ ચીતરો તોલા. ૩), પીપર તોલા. ૪ એનું ચુરણ ૦। અથવા અરધો તોલો રોજ સહવારે મેળવી ખાય.

૨૭=ભુખ લગાડવા માટે, અજીરણ માટે—ત્રીકુટું (મરી, પીપર, સુંઠ સંભાગે ) ૩થી ૫ વાલ પાણી સાથે ખાવું.

૨૮=સમુદ્રનું મીઠું Sea Salt, ભુખ લગાડે છે, તરસ લગાડે છે. ઇન્ટરૂ મીટન્ટ તાવ બરોળ સાથેની હોય, તે માટે મીઠું ખાવામાં આપે છે.

૨૯=ખાધેલું પાચન થતું ન હોય તો આમલીની ઉપરની છાલની રાખ ૬ ) માસા રાતરે ખાવી

૩૦=ભુખ વધારવા માટે સીંવત્ર અને લીંબુના રસમાં આંદેલી સુંઠનું ચુરણ ૦। તોલો ફાકે.

૩૧=દરાખ આસવ ૧તોલો પીવો.

જુઓ " અજીરણ " ખોરાક પચે. ,,

## મલમ રૂઝનો–મલમ પકવવાનો.

૧=મલમ પકવવાનો—કોપરેલ શેર ૧, રાળ તોલા ૩, મોરથુથુ તોલો ૧।। ઉપર મુજબ થાળીમાં મસળી મલમ બનાવી વાપરવો.

૨=રૂઝવવાનો મલમ—સફેદો ૫ પઇસાભાર, મીણ ૦।।। પઇસાભાર ગાયના ઘીમાં પકાવી આગરી કરી મારે તો દરદોને રૂઝવે.

૩=મલમ રૂઝનો—મીણ ૧) ભાગ, મધ ૪) ભાગ ગરમ કરી મલમ બનાવવો. સાદા મલમને બદલે આ મલમ વપરાય છે.

૪=પીંડલનો મલમ—ઘી ગરમ કરી અંદર રાળ નાખી મલમ કરવો.

૫=મલમ રાળનો—રાળ શેર ૦।, મીઠું તેલ શેર ૦।।, રતાંજળી તોલા ૩, પાણી શેર ૩. થાળીમાં રાળ અને તેલ નાંખી થોડાં થોડાં પાણીથી મસળે, પાણી સઘળું અંદર પચે ને રતંજરી મેળવવી.

# મગજની બીમારી-મગજે વાઈ-મગજે નબળાઇ-મગજે ફેર-મગજે પુષ્ટી.

૧=મગજનો વાયુ-મસ્તક વાયુ—આકડાનાં પાકેલાં પાન માથા ઉપર બાંધે.

૨=મગજને શક્તિ માટે—સંખાવળી, બ્રહ્મી, તુલસી, બીલીના પાનની ચાહ બનાવી રોજ પીવી.

૩=સતાવરી અને આસનનું ચુરણ ૦ાા તોલો દુધમાં ખાવું.

૪=પીત્ત છાતીપરનું, ફેર, ઘુમરી સારી થાય—સુકી બદામના બીજ ૧) તોલો, સાકર ૦ાા તોલો સાથે વાટીને રોજ સહવારે મળસકે ખાય

૫=બ્રહ્મીના પલાનું ઘી બનાવવાની રીત—૫ તોલા પાતરાંનો રસ, ૧ શેર ઘીમાં ઉકાળી તે ઘી રોજ ખાય તો મગજની બીમારી ટળી જાય અને મગજની ભમરી મટે, તથા મગજ બગડેલું સુધરે.

૬=ભમરી માટે—બ્રહ્મીના પાનનો રસ માથે લગાડવો.

૭=મગજ ખસેલું હોય તે દરદીને—ધંતુરાના પાનનો રસ, ૦ા થી ૦ાા તોલો પીવામાં આપવો. અથવા ધંતુરાના ૪ બી ખવાડવા (ધંતુરો મગજની બીમારી ઉત્પન્ન કરવાનો ગુણ ધરાવે છે છતાં મગજની કોઇક બીમારીમાં આ ઈલાજ કામ લાગી શકે. "ઝેર ઝેરને મારે" "ગરમી ગરમીને મારે." આ રીત મુજબ આ ઈલાજ ફાયદો આપે.

૮=મગજે વાઇ, મગજે નબળાઇ માટે—અજમો અને કેરમાની અજમો દરેક ૦ાા શેર, સંચળ ૦ા શેર, વરીઆળી ૫ તોલા એઓને છુંદી ગાયના મુતરમાં ૭ વાર પત આપવા. તેનું ચુરણ સાકર સાથે મેળવી રોજ બે વાર ખાવું. ખટાસ અને તેલ બીલકુલ ખાવું નહીં.

૯=મગજની નબળાઇ માટે—અજમો અને ખસખસની મેળવણી અડમરી, હાંફણ, મગજની નબળાઇ, ગુમરી અને ગર્ભવાળી સ્ત્રીઓની ઓકારીને ફાયદો આપે.

૧૦=મગજની બીમારીને ફાયદો કરે—કપાસનો મગજ ૦ાા તોલો પાણીમાં ઘુંટીને રોજ ૧ વાર પીવાડવો.

૧૧=મગજે પુષ્ટી—ધામણાનું ચુરણ–(નાગબળા ચુરણ) સુંઘવામાં આવે તો મગજને પુષ્ટી મળે છે.

૧૨=મગજને પુષ્ટી મળે, હીસટીરીઆને ફાયદો આપે—લોહ ભસ્મ ૧ ભાગ, જટામાસી ૪ ભાગ, હીંગ ૪ ભાગ એની એક વાલની ગોળી બનાવી રોજ ૧ ગોળી ૩ વાર ખાવી.

૧૩=મગજ સુધરે—ગુલાબઆસીના કંદનું ચુરણ ૰ા તોલો દુધમાં પીએ.

૧૫=મગજ સુકાય તે માટે—૰। શેર ગાયના ઘીમાં એક તોલો છુંદેલો નાગકેશર ઉકાળી ઘી બનાવી નાકે લગાડે.

૧૬=મગજ શાંત થાય—કપાસીઆનું તેલ ૭ દીવસ માથે ઘસે.

૧૭=મુર્છા, ચીતભ્રમ, હેડકી, મગજ ફરે, ધ્યાન રહે નહીં માટે—ધમાસાના ઉકાળામાં ઘી નાંખી પીવું. ૰। શેર ધમાસો, અને બશેર પાણીને ઉકાળવું. ૰ાા શેર રાખવું તેમાંથી ૨ા તોલા કાહવો ઘી સાથ રોજ ૩ વાર પીવો.

૧૮=મગજ ગળે—તે માટે ઘોરમુળાનું ઘી નાકે મુકવું.

૧૯=મગજની બીમારીવાળાને બ્રહ્મીના પાલા સાથ મેળવી તેનું ચુરણ ૰ા તોલો મધમાં આપવું અથવા કોહરાના મગજ ૰ા તો અને કઠ એઆની ભાર આપવું અથવા શંખાવળીનો રસ ૪) તો અને કઠ બેઆની ભાર આપવો.

૨૦=ફેર આવે તે માટે—સતાવરી ૨ તો. ઘી ૪ તો. દુધ ૪) તોલા એઓને ઉકાળી ઘી બનાવવું. તે ઘી ૨ તો. ખાવું.

૨૧=માલકાકડી ૮) ભાગ, સુંઠ ૮) ભાગ, અજમો ૨ ભાગ, એનું ચુરણ ૰ા તો. ગોળ સાથ ખાવું.

૨૨=મરી, સાકર ને ઘી ચાટવું.

૨૩=બદામ, ઘી, સાકર ગરમ કરી ખાવું.

૨૪=સુંઠ ખાવી અને પાણીમાં ઘસી અંજન કરવું.

૨૫=ગળો સત્વ દુધમાં પીવું.

૨૬=મગજ સુકાય તે માટે સુખડને પાણી સાથ ઘસવું. તેમાં સાકર મેળવી શીશીમાં ભરવું. ખપ હોય ત્યારે વારંવાર સુંઘવું.

૨૮=ભમરી આવે તો વાએવડંગની માળા કરી કાને બાંધવી.

મગજે વાઈ, ફેર, ચક્કર નરમ પડે—સુંઠ એકલી, અથવા સંભાગે લવંગ મેળવી તેનું આંખે અંજન કરે.

માથાની ભમરી—(Vertigo) હલધરની લેપડી માથા ઉપર મુકવી અને બાંધી રાખવી.

૨૯=ભમરી મટે, હાથ પગના બળતરાં મટે—મરી સાકેર અને ઘી ચાટે તો આ દરદોને ફાયદો થાય.

૩૦=મગજે ભમરી તથા વાયુ માટે સુરમો આંજે છે તેથી ફાયદો થાય.

૩૧=મગજે વાઈ—ધ્યાન બરાબર રહે નહીં—હળદર અને સાકેર દરેક ના તોલો પાણી સાથ દીનમાં ૨ વાર ખાવી.

હીમજી હરડે તોલા ૫) ને ૧) શેર પાણીમાં ઉકાળીને ૦I શેર રાખી તેના ત્રણ ભાગ કરવા ૧) દીનમાં ભાગ લેવા.

૩૨=ભીલામાનો આસવ—ભીલામા શેર ૧૦, ગોળ મણ ૦II, પાણી મણ ૩, બાવળની છાલ શેર ૭, મરી શેર ૦I, એહેડાં શેર ૦I, અફીણ તોલા ૫;—

પ્રથમ ભીલામાને પાણીમાં ૩ દીવસ ભીજવવાં, ચોથે દીવસે તેમાં બાવળની છાલ નાખવી, પાંચમે દીવસે તેમાં ગોળ નાંખવો, પછી છઠે દીવસે ઉપલો બધો મસાલો અને મધ શેર ૦II નાખી ચુલે ચઢાવવું.

અરધો કલાક ઉકાળીને તેમાં વજ ૧II તોલો, લવંગ ૧II તોલો, જાવંત્રી ૧II તોલો, વજ ૩ તોલા, કેસર ૧ તોલો, કસ્તુરી ૧ તોલો, ગુલાબનું અત્તર ૧ તોલો મીલાવી, ફરી થોડીવાર ચુલાહ ઉપર ઉકાળવું. પછી તેને ગાળીને એકમાસ બંધ રાખવું. એમાંથી ૫ તોલા સહવાર સાંજ લેવું, આથી ગાંડા માણસ સારા થાય છે.

જુઓ 'વાઈ મગજે' 'મગજે નબલાઇ'
'ઘેલાપણું' દીવાનાપણું=મુર્છા.

## મળ વિકાર.

૧=મળ વિકાર મટે—પેટ ભરી ગરમ પાણી પીવું.

૨=પેટમાં બાલ ગયો હોય તો અનેનાસ ખાવાથી તે ઝાડા વાટે નીકળી જાય.

૩=નળબંધ વાયુ, જળંદર માટે—ાા શેર ઘઉંના આટામાં ાા શેર થુઅર કનતાંરીઆનું દુધ મેળવી રોટી બનાવે, તે રોટીનું એક પડ ચેરવે અને એક કાચું રાખી, તેનો ભુકો કરે, ાાા તોલો ભુકો ગરમ પાણી સાથે ખાવો

૪=મળની પીડા દુર થાય—મરી અને સાકરનો કાહવો પીવો.

૫=બાળકને મળ બંધ વાયુ નરમ કરવા આંકડાના પાન બાફી પેટપર મુકે.

૬=નળ મળ વાયુ માટે—મુસો સહવારે ભુખે પેટે ચાવી ખાય.

૭=લસણ અને આદુ દરેક ૩ શેરની કાતરી કરી ૪૦ દીવસ તડકે અને ઠારમાં રાખી તેને ખરળ કરે. પછી જરા ઘી લગાડી તડકે મુકવું. આ મુજબ ફરી ઘી લગાડી ખરળ કરી આમુજબ ૨૫ દીવસ તડકે મુકવું. આખરે એનું વજન ૫ શેર રહેશે. તેમાંથી ાા તોલો વજન લઇ ચેવલી પાન સાથે રોજ ખાવું.

૮=ગરમ ગરમ ઘી, પીવાય એટલું ત્રણ દીવસ પીવું. રાત્રે પેટ ભરીને ગોળ ખાવો. બીજું કાંઇ ખાવું નહીં.

૯=મળ સુદ્ધી થાય-વાયવરંગ અને અજમાનું ચુરણ ાાા તોલો મધમાં આપવું.

૧૦=મળ છુટે-સમુદ્રફળ અને હરડે પાણીમાં ઘસીને પીએ.

૧૧=જુઓ 'મળ બંધ વાયુ, "નળ બંધ વાયુ"

# મરદને શકતી વધે.

૨=મરદને શક્તી પુરૂષાતન માટે—એક શેર આદુની જીણી કાતરી કરી તેને ઘીમાં તળી ભુરતાં મધમાં સાત દીન રાખવું અને આદુ રોજ ૧) તોલો ખાવું

૩=મરદને શક્તી વધે—સફેદ લુગડાંને આકડાના દુધમાં સાતવાર પટ આપવા પછી કાળા જાંબુના ઝાડની અંતરછાલના રસનો પટ ૧ વાર આપવો. આ લુગડાંને ઘીમાં તળવું, એની પટી કરીને નબળી નસ ઉપર બાંધવી તે પટી પાતળી નરમ ચામડીને લાગે નહીં. લાગે તો છાગરો પડે. ત્રણ દીવસ પટી નસ ઉપર બાંધવી. જો ગરમાવો અને અગન લાગે તો પટી કહાડી નાંખવી, નહીં તો ફોલ્લીઆ પડે. લુગડું તલતાં ઘી વધે તેમાંથી એક વાલ ભાર ઘી લઇ પાન સાથે મેળવી ખાવામાં લેવું, એકત્રીસ દીવસ સુધી બ્રહ્મચારી રહેવું.

૪=શક્તી આવે-કાંદાનો તથા આદુનો રસ, મધ, એકેક તોલો ઘી ૦ાા તોલો રોજ ખાવાથી નબળો પડેલો પુરૂષ પાછો વળે છે.

૫=ઢીલા પડેલા મરદ માટે—એકસ્ત્રેકટ નકસવામીકા ૧૫ ગ્રેન, એકસ્ત્રેકટ કેનેબીસ ઇનદીકા ૧૫ ગ્રેન, એકસ્ત્રેકટ અરગટ ૧૫ ગ્રેન એની ત્રીસ ગોળી કરવી. એક ગોળી સહવાર સાંજ લેવી. ઉપરથી દુધ પીવું.

પુરૂષાતન-કાંદા ઘીમાં વધારી લાલ કરી ખાધાથી શકતી વધે છે.

૬=મરદને શક્તી આવે—ગાયના પીત્તાના રસમાં લીલી હળધર ને સાત પટ આપે એટલે સાતવાર ભીંજવી સુકવીને મરદ ખાય તો શક્તી વધે,

૭=શરીરે તાકાત માટે—અફીણ ૦ાા તોલો, લવેંગ ૩ તોલા, કેસર ૧ તોલો, જાયફળ ૨ તોલા, સાકેર ૦। શેર. આ ચીજો પાણી સાથે મેળવી વટાણા જેવી ગોળીઓ બનાવવી ૧ ગોળી સાંજે અને બીજી સવારે ખાવી અને તે ઉપર ૦ાા શેર દુધ પીવું. ગરમી ઘણી જણાય તો લીંબુનું શરબત પીવું.

૮=ઝેહેર કચરા-ઝેહેરી કચરા—આ ઘણીજ ઉપયોગી ચીજ છે. એનો ભુકો ખાવામાં આપે છે. શરીરની શક્તી માટે ઘણો જાણીતો

ઈલાજ છે. મરદને શક્તી વધારે છે. લકવા તથા શરીરના બીજા લોચા ઢીલા પડી ગયલા હોય, મગજના દરદ હોય, ઝાહાડો અને પીસાબ આપોઆપ થતી હોય, ખોરાક ખાધેલો પાછો નીકળી જાય, ઝાહડાની કબજીયાત, અને મીઠી પીસાબ હોય તે માટે ઘણો લાંબો વખત કચરો વાપરવો પડે છે.

કચરાનો ભુકો—કચરાને ગાયના મુતરમાં ઉકાળવો. તે ફુલે ત્યારે ઉપરની ચામડી કહાડી નાંખવી, બે ફારની વચ્ચે જીની જીભ હોય છે તે કહાડી નાંખવી, પછી કચરાને સુકાવા દેઇને દીવેલનો હાથ ચોપડી ઠીકરા ઉપર સેકવા, બળવા દેવા નહીં. લાલ થાય ને ભુકો કરવો.

જુઓ, " નસઢીળીપડે " " પુરૂષાતન " શરીરે શક્તી " વિર્ય વધે. "

## મન શકતી ખીલે—યાદદાસ્ત વધે—બુધ્ધી વધે.

૧=યાદદાસ્ત શક્તિ વધે—યાદદાસ્ત શક્તિ માલકાકણી વધારે છે, જેમ જાયફળ, આમળાં, પસ્તાં, બદામ, ઘી, કાંદાનો મુરબ્બો ખાવાથી યાદશક્તિ વધે છે. તેમ માલકાકણીથી વધે છે.

૨=બુદ્ધિ યાદશક્તિ વધે છે—માલકાકણીનો વેશો થાય છે તે યાદદાસ્ત વધારવાનો ગુણ ધરાવે છે.

૩=મગજે પુષ્ટી—ધામણાનું ચુરણ સુંઘવામાં આવે તો મગજને પુષ્ટી મળે છે.

૪=મનશક્તિ ખીલે—માલકાકણી (જ્યોતિષ્મતી) નું તેલ ૩ ટીપાં ચેવલીપાનપર લગાડી ખાએ, અથવા માલકાકણીના બી નંગ ૫) પાન સાથે મેળવીને ચાવી જાય તો બુદ્ધિ વધે અને મન શક્તિ ખીલે.

૫=ભેજાને શાંતિ આપે—તુકમે કાહુની સાહ બનાવી રોજ પીવી. જુઓ " આદદસ " " બુદ્ધી કમ "

## મરડો, આમવાયુ—અતિસાર—ઝાડા ઘણા થાય—સંગ્રહણી.

૧=મરડો મટે—કબજીઆત મટે—તરસ મટે—ઇસપગોળ ૦॥ તોલો ખાંડ ૦। તોલો મેળવી, ફાકી મારી ઉપરથી પાણી પીવું. ૫) તોલા ઇસબગોળ અને ૧ શેર પાણી મેળવી ૦। કલાક રહેવા દેવું, પછી લુગડાએ ગાળીને સાકર સાથે મેળવી ૩) તોલા પાણી પીવું.

૨=મરડો—આવરના મુળ અને ડાંખળી વચ્ચેના ભાગની છાલનો ભુકો ૧) વાલ દહીં સાથે ખાવાથી મરડો મટે. ને આંતરડાનો જખમ રૂઝાય છે.

૩=મરડો તથા ગળાનો સોજો—જીણા કરમદા જેવા કેરીના નાના મરવાનો ભુકો તોલો ૦।, સાકેર તોલો ૦। પાચ દીવસ લેવાથી મરડો મટે છે. તથા બેઠેલું ગળું ખુલે છે. આંબાના મોહોરને ચુસવાથી પણ બેઠેલું ગળું ઉપડે છે.

૪=આમ વાયુ—એમાં કમ્મર, પીઠુ અને બરડો દુખે ત્યારે ખજુર ૦। શેરને પાણીમાં ભીંજવી ચોળીને તેવું પાણી ગાળીને પીવું. એ મુજબ સાત દીવસ પીવું.

૫=મરડા માટે—ઇસપગુળના બીઆં, ૦॥ થી ૧ તોલો લાલ ખાંડ સાથે ફાકવાથી મરડો મટે, લોહી બંધ થાય.

ઇસપગુળ એક તોલો, સાકેર અરધો તોલો, પાણીમાં અરધો કલાક ભીંજવી દરરોજ એકવાર પીવું. લોહી બંધ થાય અને મરડો સારો થાય.

લોહીનો ઝાડો થાય તો ઇસપગુળ ૦। તોલો સેકીને છુંદીને દહીં સાથે ખાવો. ઝાડામાં અગન લગતી હોય તો સાકેર સાથે લેવી.

૬=મરડો મટે—ઇંદ્રજવને ભુંજીને સાકેર સંભાગે મેળવીને તેમાંથી ૦॥ તોલો ફાકી દીવસમાં ૬) વાર ખાવી.

૭=હીંગ ખાવાથી મરડો થયો હોય તથા પીસાબ બંધ થઇ હોય તો દરદીને વઘારનું જીરૂં સુંઘાડવું અથવા ખવાડવું.

૮=મરડો—સરદી લાગવાથી મરડો થયો હોય તો ચાર પાંચ તોલા સાકર સહવારમાં ભુખે પેટે ચાવી ચાવીને ખાઈ જવાથી મરડો મટે છે.

૯=મરડો—મરડા ઉપર અકસીર ઈલાજ દીવેલ છે. આંતરડાનો કચરો કાઢી નાંખી સાફ કરે છે. દીવેલનો જુલાબ બચ્ચાંને નીર્ભયપણે અપાય છે. સાથે આદુનો રસ નાંખે તો ઠંડો પડે નહીં.

૧૦=મરડો—અતીસાર—જાયફળ, અફીણ, ખારેક સંભાગે લઈ પાનના રસમાં ઘુંટી ચણા જેટલી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી દીનમાં ૩ વાર છાસ સાથે ૭ દીન ખાવી

૧૧=આમ, જળસ દુર થાય—જૂના ગોળ સાથે સુંઠ ખાવી. (નવો ગોળ ભારે અને ગરમ છે.)

૧૩=મરડો લોહી પડવાળો ઝાડો—કરનલ આર. રોબર્ટસન કહે છે જે તજનો ભુકો એઆની ભાર (૩૦ ગ્રેન) આપવાથી બહુજ ફાયદો થાય છે. જો સાથે ૫) ગ્રેન સેલોલ આપ્યું હોય તો બહુ જલદી ફાયદો કરે

૧૪=મરડાને માટે—ચોખાને ત્રણ વાર ધોવા. સુકવીને દુધ, સાકર સાથ પકવી ખાવાથી મરડાવાળા દરદીને ફાયદો થાય છે.

૧૫=સગ્રહણી—મરડા માટે ઓથમીજીરૂં તોલા ૦ા દહી ૦ાા શેર સાથ મેળવી દીવસમાં ૩ વાર ખવાડે.

૧૬=મરડો લોહી સાથનો—ગુલદાવડીના ફુલનો ભુકો ૦ા તોલા મોળાં તાજા દહીં સાથ ખવાડવાનો આ ઇલાજ અકસીર છે.

૧૭=મરડો—અરણીની છાલનું ચુરણ ૪ વાલ, અફીણ ૦ાા રતી મેળવી ૧ વાલના વજનની ગોળી બનાવી તેમાંની ગોળી ૧ દીવસમાં ૩ વાર પાણી સાથે ગળવી.

૧૮=અફીણ ૧ ભાગ આંકડાના મૂળની છાલ ૨ ભાગ એની ગોળી ૧ વાલની આદુના રસમાં બનાવે. આ ગોળી ૧ મધ સાથ રોજ ૩ વાર લીએ; પાણી ઉપરથી પીએ નહી પણ ઘી સાકર ખાય તો વધુ ફાયદો થાય.

૧૯=મોરસરી (બોલસરી=બાલેસરી=બકુલી) ના ઝાડના બીઆં પાણીમાં ઘસી પીવાથી મરડો નરમ પડે.

૨૦=મરડો મટે—જીણી હરડે દીવેલમાં તળેલી ૧) ભાગ કાચી હરડે ૧) ભાગ મેળવે અને ૦॥ તોલો અથવા વધારે ખાય.

૨૧=મરડો સારો થાય—સુવાનું ચુરણ ૦। શેર અને ૧) શેર ઘઉંનો મેંદો મેળવી તેની રોટી કરી દરદીને ૩) થી ૭) દીન ખવાડે.

૨૨=મરડા માટે—વછનાગના ટીંકચરનું ૧ ટીપું પાણી સાથે દર ૦। કલાકે પીવું. ૧ કલાક થયા પછી ૧ ટીપું પાણી સાથે દર ૧ કલાકે પીવું.

૨૩=મરડો—સાકેર ત્રણ ચાર તોલા સવારે ચાવીને ખાવાથી મરડો મટે છે.

૨૪=મરડાની, ઝાડાની ચુંક—સુંઠ ઘીમાં તળી ખવાડે અથવા સુંઠના ઉકાળામાં દીવેલ નાંખી પીવાથી ચુંક, સુળ, બીડ વગેરે તોફાન બેસી જાય છે.

૨૫=અતિસાર અને આમ મટે—ઉંબરાના દુધનાં પાંચ ટીપાં ખાંડ સાથ ખાવાં.

૨૬=સંગ્રહણી, વારંવાર ઝાહડો થાય તે માટે—૧ તોલો એખરો દહીં સાથે ખવાડે,

મરડો મટે—પેટુપર રાઈનું પલાસ્ટર મારવું.

મરડો મટે—સેકેલી વરીઆળી ૧) તોલો, વગર સેકેલી વરીઆળી ૧) તોલો. સાકર ૨) તોલા એનું ચુરણ ૦॥ તોલો દીનમાં ૩) વાર ફાકી ઉપરથી પાણી પાંએ.

૨૭=ઝાડાનું લોહી નરમ પડે—સુંઠ તોલો ૦॥, દુધ સેર ૦॥ પાણી શેર ૦॥ પાણી બાળી ગાળીને પીવું.

મરડો—સંખજીરૂ ૦॥ તોલો, ૧ તોલા સાકેર સાથ ફાકે, યા દહીં સાથે ખાય. અથવા ધાણા, વરીઆળીને સંભાગે ભુંજીને સાકેર સાથે ખાય.

૨૮=મરડા માટે—૦। તોલો સંખજીરાને મલાઇ અથવા માખણ સાથે મેળવીને ખાવું

૨૯=મરડા માટે-હરડે તોલા૪॥, વરીઆલીતોલા૪॥, ઇસબગુલ ૬॥ તો. ઘીમાં સેકીને ભુકો કરી, તેમાંથી એક તોલાના ફાકી મારી પાણી પીએ.

૩૦=મરડા માટે—હીમજી હરડે નંગ ૧૧ ને ખોખરી કરી ગરમ પાણીમાં ભીંજવી રાખવી, ઉપરનું પાણી કાઢી નાંખી નીચલા ઠરાને સાકર સાથે ખાવો. પેટનો દુખાવો, લોહી, સીમીટ બંધ થશે.

૩૧=મરડા માટે ૫) તોલા હીમજી હરડે ઘીમાં તળવી, અને પાંચ તોલા કાચી લેવી તે બંનેને સાથે છુંદી તેમાંથી ૦। તોલો દીવસમાં ત્રણ વાર ખાંડ સાથે ફાકવી.

૩૨=લોહીના ઝાડા બંધ પડે—આમલાનો મુરબ્બો ૩ તોલા સહવાર સાંજ ખાવો. અથવા આમળાનું ચુરણ ૦ તોલો ઘીમાં મેળવીને ભુખે પેટે રોજ ૩ વાર ખાવું.

૩૩=મરડો સારો થાય—ખસખસ, દીવેલમાં તલેળી હીમજી હરડે, ઘીનો હાથ દઈ સેકેલી વળીઆળી, એલચી દરેક ૦॥ તોલો, અફીણ ૦॥ વાલ એનું ચુરણ ૦ થી ૦॥ તોલો ચોખાના ધુવણમાં રોજ ૩ વાર ખાવું.

૩૪=મરડા માટે—ખસખસ અઢી તોલા ખોખરી કરવી તેના ઉપર ૨૦ તોલા ઉકળતું પાણી નાખી ઢાંકવું, ઠંડું પડે ને ગાળી લેવું. તેમાંથી બે તોલા પાણી સાકર સાથ રોજ ત્રણ વખત પીવું.

૩૫=ઝાડા, મરડો, મીઠી પીસાબ—એ માટે બાવળના ગુંદરનું પાણી પીવામાં લેવું અથવા બાવળના ગુંદરના પાણીનું સરબત બનાવીને પીવું.

૩૬=ઝાડા વાટે લોહી—ગુંદરનું પાણી પીવામાં આપ્યાથી ઝાડા વાટે પડતું લોહી અટકે છે.

૩૭=રકતાતિસાર, લોહી સાથના ઝાડા—બાવળના કુમળા પાનનો રસ ૧) તોલો, મધ ૧) તોલો, દુધ તોલા ૫), ઘી ૧) થી ૫) તોલા મેળવીને પીવાથી બંધ થાય છે.

૩૮=બાળકને અતિસાર—બીલ્લાંનો ગર, ધાવરી, વાળો, લોધર, પીપર, સંભાગે મેળવીને ભુકો કરી તેમાંથી બે વાલ દીવસમાં ૩ વાર ખવાડવું.

૩૯=સંગ્રહણી માટે બીલ્લાનો ગર, સુંઠ દરેક ૦ તોલો, ગોળમાં મેળવી દીનમાં ૩) વાર ખવાડવું.

૪૦=લોહીના ઝાડા અટકે—બોરડીની લાખ તોલો ૦ાથી ૦ા મધમાં ચાટે તો રક્તશ્રાવ અટકે. અથવા બોરડીની અંતર છાલ તોલો ૦। અથવા ૦ાા વાટી દહી તથા સાકેર સાથે ખાય તો લોહી બંધ થાય.

૪૧=અતિસાર માટે—ભીંડીનું મુળ ૦। તોલો, કાંસકીનું મુળ ૦। તોલો ઘસીને રાહાલ બેઆની ભાર અને સાકેર સાથે ખાવું.

લોહીનું પડવું—કોઈ વાર ઘણાં મરચાં ખાવાથી લોહી નરમ પડે છે.

૪૨=મરડો—લોહી પડવાળો ઝાહાડો—કરનલ આર રોબર્ટસન કહે છે જે તજનો ભુકો બેઆની ભાર (૩૦ ગ્રેન) આપવાથી બહુજ ફાયદો થાય છે જો સાથે ૫ ગ્રેન સેલોલ આપ્યું હોય તો બહુ જલદી ફાયદો કરે.

૪૩=મરડો—મરડા ઉપર અકસીર ઇલાજ દીવેલ છે. આંતરડાંનો કચરો કાઢી નાખી સાફ કરે છે. દીવેલનો જુલાબ બચ્ચાંને નીર્ભયપણે અપાય છે, સાથે આદુનો રસ મેળવે તો વધારે ફાયદો થાય.

મરડો—દુધ ગરમ કરી તેમાં લીંબુનો રસ નીચવવાથી પાણી છુટું પડે છે તે પાણીમાં શાકેર નાખી પીવાથી મરડો સારો થાય છે.

૪૪=મરડો અને ઝાડા માટે બાવળની પાલીનો રસ અથવા છાલની ચાહ પીવામાં આવે છે. બાવળની છાલનો ઉકાળો પીચકારી તરીકે વાપરવાથી પરમો વગેરે બીજી બીમારીને ફાયદો કરે છે.

ઝાડાનું દરદ મટે, મરડો મટે—કુમળાં બાવળના પાતરાંનો રસ ૪) તોલા ત્રણ દીવસ સુધી દહાડામાં ૩ વાર પીવો.

૪૫=મરડો, ઝાડો—એને માટે બાવળની કુપળને પાણી સાથ ખુંદીને તેનો રસ પીવામાં આપે છે. અથવા પાંદડાના ઉકાળાની પીચકારી સફરામાં મારે છે.

૪૬=ઝાડા છુટવા, મીઠી પીસાબ—ઝાડા છુટે તથા મીઠી પીસાબ હોય તે માટે પાંચ તોલા બાવળની છાલનો ઉકાળો દીવસમાં ૩ વાર પીવો.

બાવળની છાલ ૪ તોલા, પાણી શેર ૧। એને ઉકાળીને ગાળી નાખવું એટલે ઉકાળો બને છે.

મરડો, આમવાયુ, માટે—અરદુસાના પાન અને સાકર અકેક તોલો લઇ દુધમાં ઉકાળી રોજ બે વાર પીએ.

જુઓ "આમવાયુ"="અતિસાર"=સંગ્રહણી=ઝાડા ઘણા થાય.

## મસા શરીર પરના ખરે–તલ શરીરપરના મટે.

૧=તલ તથા મસા જતા રહે–ધાણા વાટીને લેપડી કરી મુકવી.

૨=શરીર ઉપરના મસા માટેનો અકસીર ઇલાજ—ચુનો પાન ઉપર લગાડીને તે ઉપર ખાવાનો કાઠો ભભરાવી તેની બીડી વાળી મસા ઉપર ઘસવાથી મસો તરત નીકળે છે; પાનનો દાંડો, જે દાંડો પાન ખાતી વેળા કાહાડી નંખાય છે તે દાંડાનો ગુચ્છોજ બહુજ અકસીર છે અને તે મસા ઉપર ઘસવાથી મસો તરત નીકળી જાય છે. મસો નિકળ્યા પછી તે ખાડામાં કાથો, ચુનો મુકે છે. આ ઇલાજ અકસીર છે.

૩=મસા શરીર પરના ખરી પડે—ફટકીને દીવેલમાં મેળવીને શરીરની ઉપરના મસાને લગાડે તો મસા ખરી પડે.

૪=મસા શરીરપરના ખરી પડે—કાંદો ૧ તોલો, ફુલવેલો પાપડીઓખાર ૧) તોલો, ચુનો ૧) તોલો મેળવી મસા ઉપર મુકે તો મસો ખરી પડે.

૬=મસા શરીરપરના ખરી પડે–સંચોરો અને કળીચુનો પાણી સાથે મેળવી સળીથી લગાડે.

૭=ખરસવું મટે–મસા શરીરપરના નિકળે—સુરોખાર, તનકન ખાર, ખડીઓ ખાર અકેક પૈસાભાર, ચુનો ૧) પાવભાર, મેળવી પાણી સાથે પીછીવતી લગાડે. આ લગાડવાથી અગન બળે છે.

૮=મસા શરીર પરના ખરી પડે—આતસપર ફુલવેલો સંચોરો અને કળીચુનો સંભાગે મેળવવો અને કાંદાના રસમાં મેળવી મસા ઉપર લગાડવો.

૯=શરીરપરના મસા ખરી પડે—મીઠું પાણીમાં મેળવીને લગાડયા કરે.

૧૦=શરીર ઉપરના મસા ખરી પડે—ચુનો અને સંચોરો (પાપડખાર) સંભાગે લઇને તેને ત્રીજે હીસ્સે કાંદો મેળવીને લગાડે.

૧૧=શરીરપરના મસા સારા થાય—કળી ચુનો દીન ઉગતે ૧ વાલ ખાય તો મસા જાય. ચુનો અને સંચોરો પાણીમાં મલમ કરીને લગાડે તો મસા ખરી પડે,

૧૨=મસા, રકતપીત, ક્ષય—શાક અને અથાણા તરીકે ગીલોડાં ખવાય છે. કડવા ફળના રોપાનું મુળીયું પાણીમાં ઘસીને પીએ તો ક્ષય, રગતપીત, અને મસાના રોગ સારા થાય છે.

મસા—કડવી ગીલોડીનાં પાંદડનો રસ અને ચુનાનો ગંગડો મેળવી મસા ઉપર દશ મીનીટ લગાડવાથી મસો ઘસાઇ જશે. આસપાસની બીજી જગાએ આ લેપડી લાગે નહી. જો લાગે તો બીજી ચામડી ખરાબ થાય છે.

૧૩=મસા—શરીર ઉપર થતાં જીણા મસા માટે અખેરીનો છોડ જીવતો હોય ત્યારે તેનો કાંદો આતવારે લાવી તે વતી ૧) મસો કહાડે તો બધા મસા નીકળી જાય એવું કહેવામાં આવે છે.

મસા માટે અખેરીઆનો કંદ આતવારે લાવી મસા ઉપર ઘસે તો શરીરપરના મસા નીકળે છે.

૧૪=આકડાનું તેલ મસળવાથી સરીરપરના મસા સુકાઇ જાય છે. ખસ. તથા ખરસવું મટે છે.

૧૫=મસા—અધેડાનોખાર અને હડતાલ સંભાગે મેળવીને નાના શરીરપરના મસા ઉપર લગાડવાથી તે ખરી પડે છે,

૧૬=શરીરપરના મસા-માથા ઉપર તથા આખા શરીર ઉપર જીણા મસા થાય છે તે માટે ચુનો અને કાથો ખાવાના પાનમાં મુકીને તેની બીડી બનાવવી તે બીડી મસા ઉપર ઘસવી. તેથી તરત મસા નીકળી જાય અથવા કેલસીઅમ સલફાઇદની ગોળી ૦ ગ્રેન વાળી એક રોજ ખાવી.

૧૮=મસા—મસાની ઉપર કાંદો ઘસવાથી મસા ખરી પડે છે.

૧૯=ચુકનદરના પાતરાં, અથવા ખુરખાનનાં પાતરાં શરીર પર અથવા ખુરફાનનાં ઘસવાથી મસા ખરી પડે છે.

૨૦=મસા ખરી પડે-ચીત્રો, ટનકનખાર, હળદ, ગોળ, સંભાગે મેળવી લગાડે.

૨૯=તલ તથા મસા જતા રહે-ધાણા વાટીને લેપડી મુકવી.

૨૩=શરીર પરના મસા અને તલ માટે-ચુનો અને સાજીખાર પાણીમાં વાટી ચોપડે તો શરીરપરના તલ તથા મસા ખરી પડે છે.

૩૦=શરીરપરના મસા ખરી પડે—ફુલવેલો સંચોરો ૧) તોલો કળીચુનો એક તોલો પ્યાજ ૬) તોલા મેળવીને મસા ઉપર લગાડયા કરવું.

શરીર ઉપર તેમજ નાકમાં જીભ ઉપર હોઠ ઉપર અને કફરામાં ચામડી ઉપર અંકુરો ફુટે છે તેને ખેરવી કાઢવાના ઈલાજો.

૩૧=અઘેડાનો ખાર પાણી સાથ લગાડવો.

૩૨=હરતાળ અને અઘેડાનો ખાર મેળવી લગાડવો.

૩૩=આકડાનું દુધ લગાડીઆ કરવાથી. મસો બળી જશે.

૩૪=ચુનો, સાજીખાર, પાણી સાથ લગાડવો.

૩૫=ફટકડી, એરંડીઆમાં મેળવી લગાડવી.

૩૬=મસા નાકમાં—પીપર, ધુમાડાની મેંસ, દેવદાર દુધ, કરજ, ? સીંધાલુણ, અઘેડાના બી, દરેક ૦ા તોલો, તેલ ૨ા તોલામાં ઉકાળી તેલ બનાવી લગાડવાથી નાકના મસા દુર થાય.

## મંતરથી દરદ દફે થાય.

(મંતર) મંતર, તંતર, અને જંતરથી દરદો સારા થાય છે. જંતર એટલે કાગળ ઉપર હીસાબી આંકડા લખીને તે શરીર ઉપર બાંધીને દરદને હટાડવું તે.

મંતર—એટલે ખોદાનું નામ છયાદ કરી દરદને દફે કરવું તે.

તંતર—એટલે ઠગવીદયા, ખેલ કરીને, અખતરા કરીને, ઠગાઈ કરીને, દરદીની રૂખ સાચવીને તેના મન ઉપર જોઈતી અસર કરીને દુખ સારૂં કરવું તે.

આ ઈલાજો આગલાં વખતમાં બહુ ચાલતા હતા, જે આ જમાનામાં તદન નરમ પડી ગયા નથી. કેળવાયલાં મગજને ઠગે, એવા નવી ધપના ઈલાજો ચાલુ છે.

## માંકડી-દાઢીપર કોહાવાત.

૧=માંકડી—સફેદ ફુલવાળા ધંતુરાનો રસ લગાડે અથવા પાંતરાં છુંદીને બાંધે તો માંકડીની ફુલી સારી થાય

૨=માંકડી ફુના—ચુનો અને લીંબુનો રસ લગાડવાથી માંકડી સારી થાય છે.

૩=માંકડીના ફુલ્લા માટે—હળદર અને દીવેલનો ખોળ પાણીમાં વાટી લગાડવું.

૪=માંકડીના ફુલ્લા માટે—લીંબુનો રસ અને તેલ મેળવી લગાડે તો સારું થાય છે. (" જુઓ દાઢી ઉપર કોહવાત. ")

---

## માથાનો ખોરો-નિખ

૧=માથાનો ખોરો—ખંડાની કાચી દાલ માથા ઉપર મસળવાથી માથાનો ખોરો નીકળી જાય છે. વાળ બહુ સુવાળા થાય છે. કાચા ખંડાની દાળ ચામડી ઉપર મસળવાથી ચામડી સુવાળી થાય છે અને તેજ વધે છે.

૨=માથામાં ખોરો તથા ફુલ્લી—જુના ચામડાંની રાખ દીવેલમાં મેળવી લગાડવી.

૩=ખોરો અથવા માથાના ફુલ્લા—ધાણા સરકામાં વાટી માથે લેપ કરવો.

૪=ખોરો માથાનો, ફોલ્લી માથાની—ઘોડાના નખની રાખ દીવેલમાં ચોપડવાથી સારું થાય.

૫=લીંબુનો રસ માથે ઘસવો.

૬=શીંબોળીનું તેલ લગાડવું.

૭=ભોંય રીંગણીનો રસ બાલપર મસળવો.

૮=ભાંગરાનો રસ માથે લગાડવો.

જુઓ " જુ " " નિખ "

## માથાનો દુખાવો.

૧=માથાના દુખાવા માટે-સુખડ પાણીમાં પાતલું ઘસી માથે ચોપડવું. તે સુકાયને તરત ફરી ચોપડવું. ઘણીવાર મુકવાથી ગરમી ચુસાઈ જઇ માથાનો દુખાવો નરમ પડે છે. આવી રીતે ઘણીજ વાર મુકવાથી તે બરફની ગરજ સારે છે.

૨=માથું દુખવું—સેદરડીનાં પાતરાં માંથે બાધવાથી દુખાવો માથાનો નરમ પડે છે.

માથાનો દુખાવો—હીરાબોર અને સરકો મેળવી માથે લેપ કરે.

૩=માથાના દુખાવો વર્થી થતો હોયને માટે—એરંડાનું મુળ પાણીમાં ઘસી માથા ઉપર લગાડીઆ કરે, લેપ સુકાએ અને ઉપર ઉપર લગાડયા કરે.

૪=માથાના દરદો—ઘણી જાતના માથાના દરદો માટે દીવેલના પાન ઉપર ઘી લગાડી માથે મુકે તો બહુ ફાયદો થાય, છે.

માથાના દુખાવા માટે—કપાસ (નરમાનો) ના પાનનું વરાળીયું માંથે બાંધે.

૫=માથાનો દુખાવો ૧૦ વરસનો સારો થાય—કનેરની કળી બે તોલા, ભીલામું ૧ તોલો, વચનાગ ૦। તોલો, તેલ ૧ શેર એનું તેલ બનાવી ૭ દીન માથે લગાડે.

૬=માથાનો દુખાવો નરમ પડે-કાકડીને છોલી, બીઆં કહાડી નાખવા. તેના નહાના કટકા કરી અરધે ભાગે આકેરનો ભુકો સાથ મેલવવો. એક કાંસાની દાલીને એક નાકે તે મેલવેલી કાકડી મુકવી અને દાલી વાંકી વાળી રસ એકઠો થવા દેવો. તે રસનો નાશ લેવો.

૭=રાઇને સરકામાં ચઢાવીને તેનું પલાસ્ટર પગને તળીએ લગાડી ૧ કલાક રાખે.

માથું દુખવા માટે પકાવેલાં સમુદ્રફળનું ચુરણુ સુંઘવાથી નીટ નાકમાંથી નીકળે છે, છીંક આવી માથું નરમ પડે છે.

માથાના દરદ જાય—સાજીખાર ગાયના માખણમાં ખાવો.

૮=માથાનો દુખાવો=અજીરણ=પેટનો દુખાવો મટે, લોહીનું ફરવું થાય-સુંઠ દારૂમાં ઘસી માથે લગાડવી, સુંઠ ગોળ સાથે ખાવી.

માથાનો દુખાવો ૧૦ વરસનો હોય તે મટે—સુંઠ, અરીઠા, પારસ પીપળાના બી, મરી સંભાગે પાણીમાં વાટીને નાસ લેવો.

માથાનો દુખાવો—સુંઠ પાણીમાં ઘસીને માથે લગાડવી.

૯=માથાનો દુખાવો—અરીઠાની છાલ, અથવા આંબાની અંતર છાલ પાણીમાં ઘસી નાસ લેવો.

૧૦=માથું ગરમીનું દુખે અને ધાત જાય—તો લીલોફળ (નીલો ફળ-કુપણીનું ફુલ)-કમલનું ફુલ એની ચાહ પીવાથી ફાયદો થાયછે.

૧૧=માથાનો સખત દુખાવો મટે—ખાટું લીંબુ માથે ઘસવું.

માથું દુખે પીતનાતાવનું, તો કોઇબી જાતનો સરકો લઇ તેમાં લુગડું ભીંજવી માથે મુકવું, અથવા જગદ સરકો સુંઘાડવો.

૧૨=માથુ દુખે, (પીતનાતાવનું,) ત્યારે સુખડનો પાણી સાથે ઘસારો કરી માથે લગાડવો.

૧૩=માથાના અનેક દરદો માટે—તીફળાનું ચુરણ ૦ા તોલો મધ ઘી સાથ ચાલું લેવું.

૧૪=પીતના માથાના દુખાવા માટે—તક મરીઆનો લુઆબ સાકેર સાથ આપવો.

૧૫=કફના માથાના દુખાવા માટે—પીપરી મુળના ગંઠોડાનું ચુરણ ગોળ સાથ આપવું.

૧૬=સર્વ પ્રકારના માથાના દુખાવા માટે—જેઠી મધ ૪) વાલ, વછનાગ ૧) વાલનું ચુરણ ૧) રતી સુંઘવું.

જીવડાને લીધે માથાનો દુખાવો હોય તો નાકે ટરપેનટાઇ લગાડવું. કીડા નીકળી પડશે. લીમબોળીનું તેલ સુંગવાથી એવોજ ગુણ છે.

૧૭=માથાના દુખાવા માટે—જળદ ચાહમાં ૧) આખા લીંબુનો રસ મેળવી ગરમ ગરમ ચાહ પીવી.

૧૮=સુંઠને પાણીમાં ઘસી નાસ લેવો.

૧૯=ઓગડીનું મૂળ અને પીપર ઘસી કપાળે લગાડે.

૨૦=કેળાની કુપરનો રસ માથે લગાડે.

૨૧=માથાનું દરદ મટે—૦ા તોલો કાળીમુસળી કોપરાં સાથ ખાય.

૨૨=કોઇબી જાતનું માથું દુખતું નરમ પડે—સુંઠ, કેસર, અને સાંકેર દરેક માસા બેને ઘીમાં મેળવીને સુંગવું

૨૩=મગજની ગરમી મટે—ચઠ્ઠન વેલાનો જમાવેલો રસ ટાળવા પર મુકે.

૨૪=મગજે તરી રહે—ગાયના માખણ સાથે સુનામખી ખાવી.

૨૫=ગરમી અથવા પીત થવાથી માથું દુખે } તે માટે સુખડ પાણીમાં ઘસી માથે અને પગને તળીએ વારંવાર લગાડે. પાણી સુકાએને ફરી ફરી લગાડે.

૨૬=માથાનો દુખાવો નરમ પડે—સેવતીના ફુલની બારીક કાતરી કરી પતલાં લુગડાંમાં મુકે માથે બાધે અથવા આ ફુલને પાણીમા બીંજવી રાખી કાદવના વાસણમાં ગારી રાખે, તેના પોતાં માથે મુકે.

૨૭=તાવના દરદીનું માથુ દુખે } તે માટે સરસના ઝાડના પાનનું વરાળીઉં માથે બાધે તો દુખાવો નરમ પડે.

૨૮=માથાના દરદો છીંક લાવવાથી નરમ પડે.

આકડાનું દુધ રાખમાં મેળવી તેનું ચુરણ સુંઘે. આઠમેભાગે મરી મેળવવા થી વધુ ફાયદો થાય.

૨૯=છીંક આવે-ધોળી કરેણના પાનનું ચુરણ સુંઘે છીંક બંધ કરવી હોય તો ઘી સુંઘે

૩૦=પકવેલા સમુદ્રફળનું ચુરણ સુંઘવું.

૩૧=હરીદ્રાનું ચુરણ સુંઘવું.

૩૨=કુકડવેલના દોડવાંમાં પાણી ૧ રાત રાખે તે પાણીના ૨) ટીંપાં નાકમાં મુકે તો રસો ગળે અને આધાશીશી, કમળો મટે.

૩૩=છીંક આવે, માથાનો દુખાવો નરમ પડે. કુલીજનનું ચુરણ તપકીરની માફક સુંઘે તો. માથાનો દુખાવો નરમ પડે

૩૪=છીંક આવે—ભોંયરીગણીના ફળના બીનું ચુરણ સુંઘે.

૩૫=છીંક આવે—મરીનું બારીક ચુરણ સુંઘવાથી છીંક આવે છે.

૩૬=છીંકણી—કનેરના મુળનું ચુરણ તપકીરમાં મેળવી સુંઘે તો છીંક ઘણી આવે.

૩૭=માથાના દુખાવા માટે સાગરસાગુ પાણીમાં ઘસી માથે લગાડયા કરવું.

૩૮=માથાનો દુખાવો મટે—પાનની લેપડી માથે મુકવી.

૩૯=માથાનો દુખાવો નરમ પડે--

લીંબુની ફાડમાં એક વાલ અફીણ બે વાલ લોબાન અને ૪ વાલ મરી છુંદેલાં મુકી તેને ગરમ તવાથા ઉપર મુકે. લીંબુનો રસ ખદખદે કે તરત માથે ઘસવો.

૪૦=માથુ દુખે ત્યારે મરી, લુબાન, ચોખાનો આટો, ગરમ પાણીમાં લેપડી કરી માથે મુકવી.

૪૧=મસ્તક વાયુ માટે—આકડાના પાકેલાં પાન માથે મુકવાં.

૪૨=માથાનો દુખાવો લવારા બકારા સાથનો મટે—આ દરદ માટે ૫ થી ૧૦ અરીઠાંનું ફીણ કહાડી કપાળે અને માથે ચોપડવું.

૪૩=માથાના દુખાવા માટે-આમળાનું ચુરણ ૦। તોતો ઘી અને સાકર સાથ મેળવી સવારસાંજ ખવાડે.

૪૪=માથુ દુખે (ગરમીથી) તો—કાંદો ભાંગીને સુંઘવો.

૪૫=મગજ તરી, માથાનો વેગ જાય—બદામની મીંજ ૧॥ તોલો, ખસખસ ૦॥ તોલો, દુધ શેર ૧॥ માં નાખી ઉકાળે. ૦॥ શેર રહેને તેમાં સાકર ૩ પઇસાભાર નાખી રોજ સુતી વેળા પીએ જરપત થઈ શકે તો અંદર ઘી ૧ પઇસાભાર નાખે

૪૬=માથું દુખવા માટે-લોહીના જોરસાથી માથું દુખે ત્યારે ગરમ પાણીમાં મીઠું નાખી પગના તળીઆં સેકવાં.

૪૭=માથું દુખવું નરમ પડે—એક ચપટી મીઠું મોઢામાં મુકી ઠંડુ પાણી પીવું.

૪૮=માથું દુખે તે માટે પીપરમીંટના ફુલ માથે મસલવામાં આવે છે.

૪૯=માથાનું દુખવું—શરદીનું માથું દુખે તો મરી ખાંડી પાણી સાથે મેળવી માથા ઉપર લગાડવું.

૫૦=માથાનો દુખાવો--નગોડના પાનનો બાફ લેવો, પછી તે પાન માથે બાંધવાં.

૫૧=માથાનો દુખાવે. નરમ પડે--બોરસલીના ફુલનું ચુરણ સુંઘે.

૫૨=માથું દુખવાનું ઘણા લાંબા વખતનું હોય ત્યારે અનંત મુલની સાથ ચોપચીની ખાવામાં આવે છે.

માથું દુખતું નરમ પડે—કાચા તુરીઆનો રસ ગરમ કરી માથે લગાડે તો માથું દુખતું નરમ પડે છે.

૫૪=માથાના દુખાવા માટે—આમલાનો ભુકો ૦ા તોલો તેટલીજ સાકર સાથ મેલવી રોજ સવારે ઘી સાથે ખાવો.

આમલા, નીળોફળ, કેસરને ગુલાબજળમાં છુંદી લેપડી કરી માથા ઉપર મુકવી.

૫૫=માથાનો દુખાવો—જે તરફનું માથું દુખે તે તરફના કાનમાં ઇથરનાં પાંચ ટીપાં મુકવાથી દુખાવો તરત નરમ પડે.

૫૬=માથું દુખે—પીતના તાવમાં માથું દુખે ત્યારે કોહમડીના રસમાં કપડું ભીંજવી કપાળે મુકવું.

૫૭=ગરમીથી માથાનો દુખાવો, તેનો નવાબી ઇલાજ—સવારના પોહોરમાં ગરમ ગરમ જલેબી ખાની કે ઇવાર બરફી, પેંડા ખાવાથી માથું દુખતું નરમ પડે છે.

૫૮=માથાનો દુખાવો નરમ પડે—તુળસીના પાતરાંની લેપડી કરી માથે મુકે, તે સુકાય ત્યારે દુખતું માથું નરમ પડે. આ ઉપાય ઘણો જાણીતો છે.

૫૯=માથાના દુખાવા માટે—નવટાંક કાળી દરાખ, ૦ા શેર પાણીમાં ૧ રાત ભીંજવી તેનો રસ કહાડો રોજ સવારે ૫ દીવસ સુધી પીવું.

૬૦=માથું દુખવે છે—કોઈ દરદીને કેરબાની માળા પહેરવાથી માથું દુખે છે. મગજે નુકસાન થાય છે. તેવા દરદીએ બનફસાનું સરબત અથવા બનફસાની ચાહ પીવી.

૬૧=માથાનો દુખાવો—એરનદીઆનું મુળ પાણીમાં ઘસીને માંથે લગાડે અને પગના તળીઆમાં ઘસે તો ગરમીથી ચહેલું માથું ઉતરે.

માથું દુખે તે ઉપર કેવડાની જડ પાણીમાં છુંદી માથે મુકવી.

૬૩=માથાનો દુખાવો નરમ પડે—૩ વાલ ચુનો અને ૩ વાલ કપુર હાથ પર મસળી સુંગે અથવા નાખમાં લગાડે તો નાખમાંથી રસ નીકળી માથનો દુખાવો નરમ પડે.

૬૪=માથાના દુખાવા માટે—જાયફળ દુધમાં ઘસી દુખાવાપર લગાડે.

૬૫=માથાના દુખાવા માટે—દુવા ઘાસના રસમાં ચોખા વાટીને માથે લેપ મુકવો.

૬૭=માથાના રોગ માટે—તેલની બસતી દેવી. તે રીત નીચે મુજબ છે.

ચામડાંની અથવા લેધર કલાકની દરદીને માથે બેસતી આવે તેવી બંધે બાજુથી ખુલ્લી ટોપી બનાવવી. તે તોપી દરદીને માથે પહેરાવવી. અડદના આટાની સીમીટ બનાવી તે સીમીટ માથાની ચામડી અને તોપીની કોર વચ્ચે લગાડવી. ( જેમ કાચની બારીને ધાંબી લગાડે છે તેમ ) તોપીમાં નાંખેલું તેલ બેહાર નીકળે નહીં તેવી રીતે કરવું. પછી માથાપર મુકેલી તોપીની અંદર તલનું તેલ આસતે આસતે નામવું અને તે પંદર મીનીટ રહેવા દેવું. આ પ્રયોગથી માથાના અનેક દુખાવા નરમ પડે છે. આંખ અને મોઢા- માંથી પાણી છુટે છે. ૦। કલાક પછી દરદીને ગરમ પાણીથી નહવાડવો આપ્રયોગ સાત દીવસ ચાલુ રાખે.

૬૮=માથાનો દુખાવો મટે—૧૦ વરસની જમરૂખીનું મુળ પાણી- માં ઘસી દુખાવાપર લગાડયા કરે.

૬૯=માથુ ખાલી આવે, માથામાંથીરસ નીકળે—દારૂ, સરકો, દાડમની છાલ, મધ, નીમક સંભાગે મેલવી ૪ મહીના સુધી રોજ લગાડવું.

૭૦=માથાના દુખાવા માટે-આમળાનું ચુરણુ ૦। તોલો લઇ ઘી અને સાકર સાથે મેળવી સવાર સાંજ ખાવું.

૭૧=માથું દુખે ત્યારે—મરી કરંજ તેલમાં મેલવી લગાડવું.

૭૨=માથાના દુખાવા માટે—ગળાપર અને ગરદનપર માટીના પાંટા બાંધવા.

૭૩=માથાના દુખાવા માટે, માખણ માથા ઉપર રોજ મસળવું. આ થી આંખનું તેજ બી વધે.

૭૪=માથાનો દુખાવો કોઇબી જાતનો હોય તે મટે—લીમડાનાં પાનનું વરાળીયું ગરમ અરધે અરધે કલાકે માથાપર મુકવું.

માથાનો દુખાવો મટે—ઇંડાની દાળ ૪, ઘી નવટાંક, ખાંડ નવટાંક, આ ત્રણેને પકાવી રાત્રે સુતી વેળા ખાએ અને ઉપરથી પાણી પીએ.

૭૫=માથાનો દુખાવો મટે—બકરીના ભેજાને બાફી તેનો બાફ લેવો; અને તે ભેજું ઘીમાં તળીને ખાવું. ૩ દીવસ આ ઈલાજ ચાલુ રાખવો.

## મીઠી પીસાબ—સાકરીઓ પરમો-મધુ પરમો.

૧=મીઠી પીસાબવાલા દરદીએ ખાંડ વગરની પણ દુધ સાથની ચાહ પેટ ભરીને બે ત્રણ વાર રોજ પીવી. નીકળતી ખાંડ ચાર દીવસમાં ઓછી થાયછે. સ્પેસફીક ગ્રેવાટીથી તપાસતાં તે માલમ પડે છે.

૨=મીઠી પીસાબવાળા દરદી માટે—તલને ઘાણીમાં પીલી થોડું તેલ કહાડી લેવું, થોડું તેલ તલમાં રહેવા દેવું. આ તલના ખોળને ગોળ સાથ મેળવી લાડુ બનાવવા અને રોજ ખાવા. તલના લાડુ ચોકસ ઠંડી મોસમમાં ખાવાનો રીવાજ બહુ લાંબા વખતનો છે અને તે ઠંડી દુર કરવા અને શરીરે ગરમી લાવવાનો વઇદક હેતુ હોવો જોઇએ. મીઠી પીસાબવાળા દરદીને માટે આ ઇલાજ સસ્તો સેહેલો અને સ્વાદિષ્ટ છે.

૩=પીસાબ ઘણી વાર થતી હોય=મીઠી પીસાબ હોય—તો ૯ પૈસાભાર કાળા તલ સહવારે નરણે કોઠે ખાવા.

૪=મીઠી પીસાબ માટે આંબાના ઝાડની અંતરછાલનો ઉકાળો નીચે મુજબ પીવાથી મીઠી પીસાબવાળા દરદીની પીસાબ કમી થાયછે. છાલ ચાર તોલા, પાણી શેર એકમાં ઉકાળી ૦। શેર રાખીને પીવું. એમાં ભીલામું એકના કટકા કરી નાંખવાથી એનો ગુણ વધે છે.

૫=મીઠી પીસાબ—આંબાના કુમળા પાંદડાં કાચાં અને તાજા ખાવાથી મીઠી પીસાબવાળાને ગુણ કરે છે.

૬=સાકરીઓ પરમો—ગળો સત્ત ૩ ભાગ જેઠીમધ ૫ ભાગ સુંઠ ૭ ભાગ પારો ૧ ભાગ તરીફળ ૩ ભાગ આ પ્રમાણમાં સઘળી ચીજો મેળવી તેમાંથી ચણા જેટલી ગોળીઓ બનાવી એક ગોળી દીવસમાં બે વાર ખાય તો સાકરીઓ પરમો નરમ પડે. તરીફળ અને પારો પેહેલા સાથે મેળવવાં.

૮=મધુનારીનો વેલો રજપુતાના તરફ થાય છે, નાગરવેલનાં જેવા પણ અણી વગરના એના પાન છે; એના પાન અથવા ડાંખળી ચાવીને મોંઢાસ ખાય તો ગળપણ લાગે નહી ગોળના માટલામાં એનો રસ મુકાય તો ગોળમાં મીઠાસ રહે નહી.

મીઠી પીસાબ મટે મધુનસીની ડાળી અને પાનને પાણી સાથ વાટી કાઢેલો રસ બે તોલા રોજ બે વાર ખાધા આગળ પીએ તો ઘણો ફાયદો થાય.

૯=શરીરે શકતી, મીઠી પીસાબ—વડના ઝાડની છાલની ચાહ પીવાથી શરીરે શકતી ઘણી આવે છે અને મીઠી પીસાબવાળા દરદીને ઘણો ફાયદો થાય છે. છાલમાં ૧૦ ટકા એસીડ ટેણીક છે.

૧૦=મીઠી પીસાબ માટે બકરાંની તલ્લીને છરી વતી કાપ મુકી અંદર મીઠું ભરી ભુંજીને પંદર દીવસ ખાવામાં લે તો મીઠી પીસાબવાળા દરદીને ઘણો ફાયદો થાય.

૧૧=મીઠી પીસાબને ફાયદો થાય—ચીત્રાનું મુળીઉં, જાયફળ, જાવનત્રી, ધાણા, જીરૂં સરવે સંભાગે લઇ ચુરણ બનાવે. ૦। તોલો ચુરણ રોજ સહવાર, સાંજ ખાય, ઉપરથી તાજી છાસ અથવા દુધ પીએ અથવા ૨ ગોખરૂ, કાળા તલ, ખસખસ, સુકા આમળા, જાંબુના ઠળીઆનું સંભાગે ચુરણ બનાવી તેમાંથી ૦।। તોલો રોજ બે વાર ખાય.

૩ પીસુ (પીસાચી, જે માથેરાન, અને મામલેશ્વર બહુ થાય છે) ના પાન ૦। શેર, કેસર ૦। તોલો એનું ચુરણ ૦।। તોલો સહવાર સાંજ રોજ ખાય, અને ઉપરથી છાસ અથવા દુધ રોજ પીએ.

૧૨=મીઠી પીસાબને ફાયદો થાય—પીસુનું અથવા પીસાચીનું ઝાહાડ માથેરાન અને મામલેશ્વરમાં ઘણા થાય છે તેના પાનની ચાહ રોજ ૨)વાર પીવી.

૧૩=મીઠી પીસાબવાળા દરદી માટે—ઘઉંના થુલાંની રોટી ખાવામાં ફાયદો થાય છે. એમાં સ્ટાર્ચ આટો રહેતો નથી તેથી પીસાબમાં ખાંડનો વધારો થતો નથી.

૧૪=મધુ પરમો, મીઠી પીસાબને ફાયદો થાય—જવની રોટી. અને દૂધ સીવાય બીજો ખોરાક લેવો નહીં, ઘણા દીવસ આ ઇલાજ ચાલુ રાખવાથી ફાયદો થાય. ૧૫ દીવસમાં તેનો ગુણ જણાય.

૧૫=મીઠી પીસાબવાળા દરદો માટે—આમળાનું ચુરણ ૦ા તોલો દીવસમાં ત્રણ વાર લેવાથી ફાયદો થાય. ખાધેલું અનાજ દરદીના શરીરમાં ખાંડ પેદા કરે છે તેનો અટકાવ થાય.

૧૬=મીઠી પીસાબ માટે—મરઘીનું એક ઇંડું સરકામાં બોળી રાખવું, તે નરમ થાય ત્યારે કોટલાં સાથે આખું ઇંડું દરદીએ રોજ સહવારે ભુખે પેટે ખાવું.

મીઠી પીસાબ માટે મધુનાસીના વેલાનો ૦ા તોલો રસ ખાધા પહેલાં રોજ દરદી પીએ.

૧૮=મીઠી પીસાબ, પીસાબે પથરી—એ માટે અકસીર ઇલાજ છે. સરફોદા, સાથરા, કાસની એકેક તોલો; બનફશાહ, જુફો, કરીઆતું, જેઠીમધ, રાજનસ, સુરીજન, મકો. વરીઆળી, સાહજીરૂં, બેહેદાની છાલ, ગલો કાળી દરાખ, ઉસને ખરદુસ, દારૂ હળદર, મોટી હરડેની છાલ, ધાણા, ચોપચીની, ચીનીકબાલા, નાગર મોદ, આમળાની છાલ, દરેક ૦ા તોલો, સીપીસતાન, ઉનાફ દરેક બાર દાણા પાણી ૪ શેરમાં ઉકાળી અરધું બળેને પાણી ગાળી લેવું. છુંછાને ફરી પાણી બશેર સાથે ઉકાળીને ૧ શેર પાણી ગાળી લેવું, આ બંને પાણીને ઉકાળી પાશેર રહેવા દેવું. તેના ૩ ભાગ બનાવી રોજ ૩ વાર પીવું. એનો સામટો અરક બની શકે, ને રોજ પીવાથી બહુ મોટો ફાયદો થાય છે આ નુકસો અસર કારક છે.

૧૯=મીઠી પીસાબ માટે—લોબાન ફુલ વાલ ૧ થી ૨ જમતા પહેલાં તરત લેવાં. ખાંડ ખાવી નહીં. ( Boston Medical Journal ) ખાવાના વખત સીવાય કવખતે કોઇ ચીજ ખાવી નહીં.

૨૦=મીઠી પીસાબ—વડના ઝાડની અંતર છાલ ૪ તોલા, પાણી એક શેર એને ઉકાળી ૦। શેર રાખી પીવું.

૨૨=મીઠી પીસાબવાળા દરદી માટે—તલને ઘાણીમાં પીળી થોડું તેલ કહાડી લેવું, થોડું તેલ તલમાં રહેવા દેવું. આ તલના ખોળને ગોળ સાથે મેળવી લાડુ બનાવવા અને રોજ ખાવા. તલના લાડુ ચોકસ ઠંડા મોસમમાં ખાવાનો રીવાજ બહુ લંબા વખતનો છે અને તે ઠંડી દુર કરવા અને શરીરે ગરમી લાવવાનો વર્ધક હેતુ હોવો જોઈએ. મીઠી પીસાબવાળા દરદી માટે આ ઇલાજ સસ્તો, સેહેલો, અને સ્વાદિષ્ટ છે.

૨૪=મીઠી પીસાબ માટે—મીઠાંને પાણી સાથે મેળવીને પીવાથી પીસાબ ઓછો થાય છે. અને ખાંડમાં ઘટાડો થાય છે.

૨૫=મીઠી પીસાબ માટે—લાલ એરનડીઆના મુળ બે તોલા, ધાણા બે તોલા, પાણી ૪૦ તોલાને ઉકાળી પાંચ તોલા પાણી રહે ને તે રોજ સહવારે ભુખે પેટે પીએ.

૨૬=મધુ પરમેહ માટે ૨) વાલથી વધારે સીલાજીત દુધમાં પીવો.

૨૭=લીમડાની છાલનો ઉકાળો મધ સાથે રોજ પીવો.

૨૮=વડ, જાંબુ, ઉમરો, પીપળો, આંબો, અરડુસો, ગરમાળો કરંજ આ વૃક્ષમાંથી જેટલાંની છાલ મળે તેટલાંનું સમભાગે ચુરણ બનાવી; તેમાં હરડે બેહેરાં આમળાનું ચુરણ સરખે ભાગે નાખી ાાતોલો મધ સાથે લેવું.

૨૯=પીપળાના ટીસી, કુમળાં પાન, છાલ, ટેટી જે મળે તેની ચાહ બનાવી રોજ બે વાર પીવી.

૩૦=હરણની લીંડીનું ચુરણ અથવા હરણનું મુત્ર ખાવામાં લેવું. હરણના સરીરપરની હવા લેવી; હરણ વસતા હોય ત્યાં દરદીએ રહેવું.

૩૧=સાબરસ ગાની ખાક ૦ાા વાલ આદુના રસમાં દરદીએ રોજ ખાવી

૩૨=મીઠા પીસાબવાળાં દરદીને વાલની પાપડી અને ઘઉંની રોટી ખાવાથી ઘણો ફાયદો થાએ છે.

૩૩=પરમો સાકરીઓ, મીઠી પીસાબ—એ દરદ માટે પારો તોલો ૧ા ત્રીફળાં તોલા ૯, જેઠીમધ, સુંઠ, ગળોનો રસ દરેક તોલા ૩ એની ગોળી બનાવીને ખાવી.

જુઓ "પરમો સાકરીઓ" મધુ પરમા"

## મુત્ર કચ્છ—પીસાબ છુટે—ગુરદાના દરદ

૧=મુત્ર કચ્છ માટે—દુધમાં ગોળ મેળવીને પીવું.

૨=મુત્ર કચ્છ માટે—તાડનું મુળીઉં ચોખાના ધોવણમાં ઘસી પીવું.

૩=મુત્ર કચ્છ માટે—તાંદલીઆની ભાજીના મુળનો રસ ૦ા તોલો વાસી પાણીમાં અથવા ચોખાના ધુણમાં પીવો.

૪=મુત્ર કચ્છ—આંકડાના ફુલ છાયામાં સુકવેલાં ૧) એક શેર, જીરૂં ખંભાટી ૦ા શેર એની ફાકી ૦ા તોલો વાસી પાણીમાં અથવા ચોખાના ધુવણમાં પીવી.

૫=મુત્ર કચ્છ માટે—ચોમાસાના દીવસોમાં વાડામાં કુત્રી નામનુ કુત્રી ઘાસ થાય છે તેના બીજનું (ઝુમખાનું) ચુરણ ૦ા તોલો લઇ છાસની સાથે પીવાથી દરદ તરત નાશ પામે છે

૬=મુત્ર કચ્છ માટે—ગોખરૂંનો ઉકાળો તેમાં ૨) વાલ ગુંગળ નાખી પીવામાં લેવું.

૭=મુત્ર કચ્છ સારો થાય—પીસાબ છુટે—જીરાં સાથે જુનો ગોળ ખાવો.

૮=મુત્ર કચ્છ માટે અકસીર ઈલાજ—પાખન ભેદ, પીંપર, તજ, એલચી દરેક ૧ાા તોલા લઇ ચુરણ કરવું. ૬) તોલા ગોળ ગરમ કરવો તે રસ જેવો થાય તેમાં ઉપલુ ચુરણ મેળવી ૧૪) ગોળી બનાવવી. ૧ ગોળી ચોખાના ધુણ સાથે રોજ ખાવી.

૯=મુત્ર કચ્છ માટે—૧ તોલો જેઠીમધ દુધમાં ઉકાળી પીવું.

૧૦=મુત્ર કચ્છ માટે—ગલોનો સત્વ મધ સાથ ખાવો.

૧૧=પીસાબ ઘણી થતી હોય તો--૧) તોલો આદુનો રસ, સાકર સાથે મેળવી દીવસમાં બે વાર પીવો.

૧૨=પીસાબ ઘણી થાય તે માટે--જુવાર (અનાજ) ના દાણાનો આટો ૧) શેર, ઘી ા શેર, ખાંડ ૦ા શેર, એનો લાડુ બનાવી સવાર સાંજ દરેક વેળા ૦ા શેર ખાવો.

સોમ રોગ એટલે પીસાબ વારંવાર થાય તે માટે--ભીંડાના બી, ગળોના સત્વ, તાલીમખાનાના બીજ દરેક ૦ા ૦ા તોલો લઇ દુધમાં ઉકાળી પીવું.

૧૩=પીસાબ ઘણી થતી હોય ત્યારે બેઆનીભાર ફુલવેળી હીરાકસી મલાઇ સાથ બે વખતજ ખાય તો ફાયદો થાય.

૧૪=મુત્ર કછ મટે પીસાબ તરત છુટે-- } કુતરીઆં ઘાસના ઝુમખાનું ચુરણ ા તોલો છાસ ૦ા શેર સાથ ખાય.

જુઓ "ગુરદાના દરદો" "પેસાબ છુટે"

## મોતીઓ આંખનો—આંખના દરદો.

૧=મોતીઓ આંખનો--ખાપરીઉં; બરાસકપુર, સુરમો, પોરનુ ગલની તપકીર, હીમજી હરડે સંભાગે લઈ, ખુબ પીસીને તેની લુગદી કરે, તેને એરંડાના પાનમાં વીંટાળી સુતરથી બાંધે, તે ઉપર બે આંગળ મટોડીનું થડ કરે. લુગડી સુકાવા પછી ૪ છાણાના અંગારમાં પકવે, લાલ અંગારા જેવી લુગદી થાય તેને બહાર કાઢે તે ઠંડી પડે ને અંદરથી માખણ જેવું અંજન કાઢી લેય. આ અંજનથી આંધળાને બહુ ફાયદો થાય છે.

૨=મોતીઓ આંખમાં પાકે નહીં—આંખમાં મોતીઆની શરૂઆત થતાંજ બે તોલા વજનની સુધીની એક હરડેમાંથી ૦ા તોલો લઇ તે મોઢામાં રાખી રાત્રે સુવું, અને તેનો રસ ગળવો. આ મુજબ એક માસ સુધી કરે તો મોતીઓ અટકે છે.

૩=મોતીઓ આંખનો—રેહાનના પાતરા છુંદી તેની ઢેપડી આંખ પર રાતરે અને દીસે ઘણા દીવસ બાંધે તો આંખનો મોતીઓ ખસે અને આંખે દેખાવા લાગે.

૪=આંખનો મોતીઓ—કાળા સાપની ચરબી અને પાણીમાં ઘસેળા નીરમળીને મેળવી આખમાં લગાડવાથી તરતનો મોતીઓ કપાય છે.

૫=આંખના મોતીઆનો ઉપાય—સરૂ થતા આંખના મોતીઆના ઇલાજ તરીકે સારી જાતની મોટી હરડે તે લો ૦ા, સાકર તોલો ૦ા, વાટીને રોજ સહવારે ભુખે પેટે ફાકવું અને પાણી પીવું. ૧ મહીના સુધી આ ઇલાજ ચાલુ રાખવો. ઘણા વૈદો આ ઈલાજની ભલામણ કરે છે.

૬=આંખનો મોતીઓ—સમુદ્રીણુને પાણીમાં વાટી તેના ફડકા આંખમાં રોજ મારવા.

૭=મોતીઓ તથા આંખના ઘણા દરદોને ફાયદો આપે—ખાપરીઉં, ચીનાઈ સાકર, હરડે હીમજી સંભાગે લઇ ૭ દીન ખરલ કરી, તે આંખે રાત્રે સુતી વેળા રોજ આંજે તો આંખના દરદો નરમ પડે.

જુઓ " આંખના દરદો "

## મોંઢાની બદબો—મોંઢાની લબ—મોંઢાપર કાલાસ.

૧=મોંઢાની વાસ બંધ પડે—૩) ભાગ ઉપલેટ, ૨) ભાગ પાપડીઓ ખાર મેળવી દાંતે ઘસે.

૨=બાળકનાં મોંઢામાંથી વાસ નીકળે તો હરડે અને બદામ ઘસીને ચટાડવી.

૩=મોંઢાપરના ચાઠાં નીકળે—કાળી મુસળી દીવેલમાં ઘસી લગાડવી.

૪=મોંઢાની બદબો મટે, લેહેઝટ વધે—ખારેક સાથે સુનામખી ખાવી.

૫=મોંઢાની ગંધ જાય—સાજીખાર ખારકના પાણી સાથે ખાવો.

૬=આગરૂ—બચ્ચાંને મોંઢે આગરૂ થાય તો હરડે અને બદામનો ઘસારો પાવો.

૭=મોંઢામાંથી લબ નીકળે તે બંધ થાય—ભોંયરીંગણીનાં સુકાં પાતરાં ૦ા તોલો પાણી સાથે પીવાં.

૮=મોંઢાપર છાળીઆ પડે તે નીકળે—કોરો પાણીમાં ઘસી લગાડયા કરે.

૯=મોંઢાપરનો કાળાસ મટે—ચામડી સુંવાળી થાય—ચણાના આટાને પાણી સાથે મેળવી મસળવવાથી મોંઢાની ચામડી સફાઇ પકડે. કોલ્ડ ક્રીમ લગાડવું પડે નહીં.

૧૦=ચામડી ઉપર ચણાનો લોટ પાણી સાથે મેળવી મસળવાથી ચામડી નરમ અને સુંવાળી થાય છે.

૧૧=મોંઢાનો કાળાસ ભાંગે—ચોખાનો આટો પાણી સાથે મેળવી મોંઢા ઉપર ઘસવાથી મોંઢાનો રંગ એકસરખો થાય.

૧૨=મોંઢાપરનો કાળાસ મટે—આંકડાના દુધમાં હળદ ઘસી લગાડવી.

૧૩=મોંઢાપરની છાંટ તળે અને લાલી આવે (કોરો) અથવા સંખકોડીને પાણીમાં ઘસીને મોંઢાપર લગાડે.

૧૪=મોંઢાની ગરમી નરમ પડે—લુણીની ભાજી કાચી ચાવે અથવા તેના રસથી કોગળા કરે.

## મોંઢાની ખરાબ વાસ.

૧=મોંઢાની ખરાબ વાસ દુર થાય—ધાણા ચાવવાથી ખરાબ વાસ દુર થાય છે.

૨=મોંઢાની ગંધ જાય—સમુદ્રફળ ગાયના ઘી સાથ ખાવું.

મોંઢુ વાસ મારે તો હરડાં બેહેરાં અને આમળાનો ઉકાળો કરી કોગળા કરવા. (બીજો ઇલાજ) હરડાં ૨, ટંકણખાર ફુળવેલો ૩, બેહડાં ૨, કપુર ૧ ભાગ મેળવી મંજન કરવું.

૩=મોંઢામાં ગરમી હોય ત્યારે—એલચી અને ફટકી સંભાગે મેળવી તેનું ચુરણ બે વાલ અથવા વધુ મોંઢામાં રાખે. દીવસમાં પાંચ વાર રાખે મોંઢામાં પાણી છુટે તે બહાર કહાડી નાંખે.

૪=મોં આવે (બાળકનું)—બદામની મીંજ (વીચ) પાણીમાં ભીંજવી રાખે, નરમ પડે ત્યારે તાંબાના કળશીઆની ઉપર તેને પાણી સાથ ઘસીને મોંઢામાં લગાડે.

## મોંઢાપર કરચળી.

૧=મોંઢાપર કરચળી ન આવે—ગલોનો સત્વ બે માસા રોજ ખાવો.

૨=કરચળી મોંઢાપર આવે ત્યારે સાલેદ તેલ પીવામાં અને મસળવામાં આપવું. ટામેટા સરકો, અને તેલની કચુંબર બનાવી રોજ ખાવી.

## મોંઢામાં ચાંદી–મોંઢુ પાકે–મોંઢામાં ગરમી.

૧=મેંદીના પાનની અથવા બાવળના પાનની લુગડી મોંઢામાં રાખવી.

૨=ફુલવેલી ફટકડી ૪ ) વાલ પાણી ૦। સેર મેળવી કોગળા કરવા.

૩=અકલકરાની ભુકી મોંઢામાં ફેરવવી.

૪=ચણોઠી અથવા તુઅરના પાન મોંઢામાં ચાવવાં.

૫=તલ ચાવી ખાવા, અથવા તલના તેલના કોગળા કરવા.

૬=કાથો, એલચી, હીરાદખણની ભુકી દાબવી.

૭=સંખજીરૂં અને કાથો એની ભુકી દાબવી.

૮=મોંઢુ પાકે તે માટે—સોનાગેરૂં, સંખજીરૂં એકેક તો૦ મોરથુથુ ૧) વાલનું ચુરણ ગરમીવાળા ભાગપર દાબે.

૯=સંખજીરૂં, સોનાગેરૂ, પીપલાની છાલનું અથવા પાનનું ચુરણ, રસવંતી, એલચીની રાખ, એમાંથી જે મળે તેનું ચુરણ મોંમાં લગાડવું.

૧૦=મોંઢામાં ગરમી થાય તે માટે—જીરૂં અને શાકર મોંઢામાં રાખી તેનો રસ ગળવો.

૧૧=મોંઢાની સખત ગરમી નરમ પડે, ચાંદી અને અંગત નરમ પડે—જેઠીમધની ખતાઇ મોંમાં રાખી રસ ગળીઆ કરે અથવા બીજગન મોંમાં રાખી રસ ગળે અથવા ગુળદાવડીના ફુલ, અથવા ચંપેલીના પાનના ઉકાળાથી કોગળા કરે. અથવા ગુલદાવડીના પાન, એલચી, સાકર મોંમાં રાખે તો ગમે તેવી ગરમી હોય તે નરમ પડે.

૧૨=મોંઢાની ગરમી, મોંઢાની ચાંદી મટે—જેઠીમધનો શીરો મોંઢામાં રાખવો. રસ મોંઢામાં એકઠો થાય તે કાઢી નાખવો.

૧૩=મોંઢું પાકેલું સુધરે—જાયના ધોળા પાન ૪ ભાગ, કાંટાસરીઉં ૪ ભાગ, જીરૂં સફેદ ૫ ભાગ, હળડ ૩ ભાગએની ચણા જેવડી ગોળી બનાવી, મોંઢામાં રાખી રસ ગળે.

૧૪=મોંઢામાં ગરમી થાય ત્યારે—ભાંગરાનો પાલો ચાવીને મોંમાં રાખવો રસ એકઠો થાય તે બહાર કાઢવો.

૧૫=મોંઢાના ચાવણીઆની વચમાં ગુમડાં થાય તે માટે—ભોંયરીંગણીના અથવા વેગણાના બીનું ચુરણ દાબે.

૧૬=પાકેલું મ્હોં સારૂં થાય—ટંકણખાર ૧ ભાગ, મધ ૪ ભાગ ભાગ મેળવીને મોઢામાં લગાડવું

મોંઢું પાકે ત્યારે—ગુલાબના ફુલ તોલા ૧, વંશલોચન ૫ા તોલો, એનો ભુકો કરીને ૦ા તોલો મોહમાં મુકે તો જલદી ફાયદો થાય છે.

મોંઢાની ચાંદી અથવા ગરમી માટે—પાન સાથ ખાવાનો કાથો ભુકો કરીને મોંઢામાં દબાવે. ગરમીની રગી મોંઢામાં એકઠી થવા દેવી, મોંઢું રસીથી ભરાઇ જાય ત્યારેતે બહાર કાહડી નાખવી પેટમાં રસી જાય તો અડગણ નથી.

૧૯=મોંઢાની ગરમી માટે આલુ ચુસીચુસીને તેનો રસ ગળવો

૨૦=મોઢું કડવું થાએ તે માટે વરીઆળી અને સાકર થંડા પાણીમાં વાટી, ગાળીને દરદી પીએ તો તરત કડવાસ નીકળી જાએ.

## મોંઢા પર તેજી આવે.

૧=મોઢાં પર તેજી આવે—હરડે, દુધ, અને સુનામખી રોજ ખાવી.

૨=મોંઢા પર નુર આવે—ગાયના દુધ સાથે સાજીખાર ખાવો.

૩=મોંઢા ઉપર તેજી આવે—૦ા તોલો સુનામખી રોજ ગુલકન સાથ ખાવી.

મોંઢાની ખુબસુરતી વધે—દુધમાં લીંબુ નીચોવીને તે સહવાર સાંજ મોઢે મસળે.

૪=મોંડા ઉપર લાલી આવે—ભોંયરીંગણીના પાતરાંનો ભુકો ૧ ચમચી ભરી રોજ પાણી સાથે ખાવો.

૫=મોંઢે લાલી આવે—ભોંયરીંગણીના પાદડાંની ફાકી ઠંડા પાણી સાથે રોજ મારે તો ખાધેલું પાચન થાય અને મોંઢે લાલી આવે.

૬=મોંઢાનું તેજ વધે—જેઠીમધના ભુકાને ગરમ પાણી સાથ મેળવીને મોંઢા ઉપર લગાડે તો ચામડી સુંવાળી થાય અને તેજ વધે જેઠીમધ ખાવામાં બી લીએ.

૭=મોંઢા પર લાલી આવે—ગાંજર ભુંજીને ખાવાથી મોંઢે લાલી આવે.

## મોંઢા પર ઠોઠર.

ઠોઠર મોઢા ઉપર આવે ત્યારે સુંઠ પાણીમાં ઘસી લગાડવી.

## મોરચી.

૧=મોરચી માટે—સુંઠ, સંચર, લીંબુનો રસ સંભાગે મેળવી અડધો તોલો ખાવો.

૨=મોરચી—મોરચી માટે મસતકી ખાવામાં અપાય છે.

## હૃદયના ધપકારા.

૧=વાયુના જોરથી હોય તો સુંઠ, પીપર, એલચી વગેરે ખાવામાં લેવી.

૨=સાંબર સીંગાની ભષ્મ ૨) વાલ ગાયના ઘીમાં ખાવી.

૩=ઉપલેટનું ચુરણ મધ સાથ ખાવું.

૪=સુંઠ, તલ, ગોળ ત્રણે મેળવી ખાવાં

૫=શેકેલાં કાકચાંઆ બે વાલ ખાવાં.

૬=નદીમાની નાની છીપલીઓની ભસમ બે આનીભાર ઉના પાણીમાં પીવી.

૭=હૃદયની ગતી બંધ થાય—વિછીદાનું ચુરણ વધુ પ્રમાણમાં આપે તો હૃદયની ગતી બંધ પડી જાય.

૮=હૃદય ( Heart ) ના ધપકારા માટે જેમ અંગ્રેજીમાં દીજીટેલીસના પાતરાં વપરાય છે, તેવીજ રીતે કરેણના પાંતરા વપરાય છે. કરેણ અને દીજીટેલીસના પાતરાંનો ગુણ એક સરખો છે.

૯=હૃદયના ધપકારા માટે કેરખો ઘસીને પીવામાં આવે છે.

## રક્તપીત-પીતનાં ચાંડા.

૧=રગતપીતના ચાઠાં માટે—સાગરગોટાના મુળ શેર ૦। પાણીમાં ભીંજવી રાખી, તેનો રસ કાહાડી તેના ૩) ભાગ કરે. ૧) ભાગ રોજ સવારે ૩) દીવસ પીએ.

૨=રગતપીત સારૂં થાય—ભાંગના રસ સાથે સમુદ્રફળ પકવેલો ૦॥ તો. અથવા વધારે ૩) દીન ખાય. એક ફળ અથવા વધારે રોજ ૩) દીન સુધી ખાય. ચણાના આટાની રોટી અને ઘી ખાય. બીજું કાંઇ ખાય નહીં.

૩=પીત=સીતપીત=ચાઠાં અગનવાળા } સીંધાલુણ ઘીમાં ઘસી લગાડે અથવા મરીનું ચુરણ ઘીમાં મેળવી લગાડે, અથવા હરડાં, બેહડાં, આમળાંનું ચુરણ ૦॥ તોલો મધ તથા પાણી સાથ રોજ બે વાર ખાય.

૪=રગતપીત માટે—ભુરાંકાહળાંનો ગર સુકો તોલો ૧॥ રોજ બે વાર ૨૧ દીન ખાય. ખોરાકમાં ચાવલ અને દુધ સીવાય બીજું કાંઇ ખાય નહી.

૫=પીતના ચાઠાં માટે—સમુદ્ર ફીણ ૧ ભાગ, અને સરકો ૧ ભાગ મેળવી લગાડે.

૬=શરીરે પીતના ચાઠાં—રસોત, મરી, અફીણ, લીમડાના પાંતરા, ચાક, સુકીગરી, પેટેક બીજ, સંભાગે લઇ તેની વટાણા જેવડી ગોળી કરી રોજ ૧ વાર ખાવી. નાનું ધાવતું બચું હોય તો માતાના દુધમાં ગોળી જરા ઘસીને તેની ઉમરના પ્રમાણમાં પીવી.

૭=પીતનાં ચાઠાં શરીરે હોય તો—કોટીના પાનનો રસ ૧ તોલો, સાકર ૦ા તોલાસાથ દીનમાં બે વાર પીવો. કોટીના પાનનો લેપ કરી ચાઠાંપર મુકવો. અથવા પાન દહીંમાં વાટી શરીરે ચોળવું. આ ઇલાજોથી ચાઠાં બેસી જશે.

---

## રકતપીત–રકતસ્ત્રાવ–લોહીનું પડવું.

૧=ચારોળીનું તેલ બદામના મગજના તેલ જેવો ગુણ ધરાવે છે.

પીટ શરીર ઉપર હોય તો—ત્યાં ચારોળી દુધમાં વાટી મસળવી.

૨=રક્તપીત્ત—માટે ૧ વાલ કબુતરના ચરકનું ચુરણ મધ સાથે અપાય છે.

૩=રકતપીત—માટે તાંદળજાની ભાજીનો રસ અને ઘી સંભાગે ઉકાળી પાણી બળી જાય ને ઘી રહે તે ચાઠાંપર લગાડવું.

૪=રકતપીત શરીરે ફુટી નીકળે-શરીરપર ચાઠાં થાય, હાથ પગનાં આંગળાં ખરવા માંડે તો અગથીઆનું ઘી ૦ા તોલો રોજ ખાવું. ઘી બનાવવાની રીત અગથીઆના ફુલોનું ચુરણ શેર બે, દુધ શેર ૨૫ માં નાંખી દહીં જમાવી તેમાંથી ઘી બનાવવું.

૫=રકતસ્ત્રાવ (નાકમાંથી લોહીનું નીકળવું)—લીલી દરાખના ટીપાં ૧૨ નાકમાં નાખવાં તથા સુકી દરાખ પાણી સાથે મેળવી તેના ૧૨ ટીપાં નાંખવાં.

૬=રકતસ્ત્રાવ-(Bleeding) દરાખ કાળી ૧ તોલો, દુધ ૦ા શેર પાણી ૦ાા શેરને મેળવી ઉકાળવું, ૦ાા શેર પાણી બળી જાય ત્યારે ગાળીને પીવું. કોઇબી જગાથી નીકળતું લોહી બંધ થાય છે.

૭=રકતસ્ત્રાવ—શરીરના કોઇબી ભાગમાંથી નીકળતું લોહી અટકે છે. આંકડાના ફુલનો ભુકો ૨ તોલા, અફીણ ૦ા તોલો, સેકેલું સીંધાલુણ બે તોલા એની એક વાલની ગોળી કરવી. એક ગોળી દીનમાં ત્રણ વાર ખાવી.

૮=રકતપીત માટે—ચોલાઇની ભાજીનો રસ શેર ૦ા, ઘી શેર ૦ા એને ઉકાળી પાણી બળી રહે ત્યારે ઘી ચાંદાપર લગાડવું.

૯=લોહીના ઝાડા માટે—દુધ શેર ના ની અંદર પાણી શેર અરધો નાંખી અંદર કાળી દરાખ તોલો ૦ાા નાખી ગરમ કરી દીવસમાં ૨ વાર પીવું.

૧૦=રકતપીત, ચામડીના દરદો મટે—લીમડા ઉપરની ગલોનો રસ બે તોલા અને દીવેલ ૧ તોલો દરદી છ માસ સુધી રોજ ૧ વાર ખાય. ખોરાકમાં મગ, અને ચોખા સીવાય બીજું કાંઇ ખાય નહીં.

૧૧=હાથના આંગળામાં પાણી ભરાય છે. કોઇવાર આંગળામાંથી પાણી ટપકે છે, અને અગન બળે છે. તે માટે ઇલાજ—મરી, જુની ઇંટ અને ઘી સરખે ભાગે લેવું. ઘીને ૧૦૦ પાણીએ ધોવું અને ત્રાંબાના ખુમચામાં મુકવું. બીજી ચીજો મેળવીને ત્રાંબાના કળસીઆ વતી ખુબ ઘસીને મલમ બનાવવો, એ મલમ લગાડવો.

૧૨=રકતપીતના ચાઠાં મટે—અમલસારો ગંધક ૦ાા તોલો અને પારો ૧ાા તોલો, મોરથુથુ ૪ તોલા, એ બધાની મેળવણીનું ૧ તોલો ચુરણ, ૪ તોલા ધોયલાં ઘીમાં મેળવી લગાડવું.

ગંધક સુદ્ધ કરવો—અંગ્રેજીમાં ગંધકને ભઠીમાં ઉરાડીને સુધ કરે છે.

દેશી વઇદામાં નીચે મુજબ સુધ થાય છે.

૧ શેર ઘી તાવી તેમાં ૧ શેર ગંધક પીગળાવવો. ૧ બીજા વાસણમાં ૧ શેર થંડુ દુધ મુકી તે ઉપર જીણું લુગડું બાંધવું તે લુંગડાંની ઉપર ગંધક અને ઘીની મેળવણી નાંખવી. ગંધક અને ઘી કપડાંમાંથી ગળાઇ દુધમાં પડશે. બીજો કચરો લુગડાંપર અટકી રહેશે. ગંધક વજને ભારી હોવાથી દુધની નીચે ઠરશે. ઘી હલકુ હોવાથી દુધની ઉપર રહેશે. થંડું થવા પછી ઘી બંધાઇ જશે તે દુધની ઉપરથી કાઢી લેવું. પછી દુધને નીપારી ગંધકને સુકવવી,

બીજી રીત—૧ વાસણમાં ૧ શેર દુધ મુકવું તે ઉપર જીણુ કપડું બાંધવું. કપડાંની ઉપર ૦ા શેર ગંધકનો ભુકો મુકવો, તે વાસણ ચુલાપર મુકી દુધ ઉકાળવું, દુધની વરાળથી કપડાં ઉપરની ગંધક પીગળી દુધમાં પડશે અને કચરો કપડાંપર રહેશે. વાસણમાંથી દુધ નીપારી લેવું અને ગંધકને સુકવવી.

૧૩=રગતપીત માટે—ગંધક તોલો ૧, પારો તોલો ૦॥॥ એને ખરળ કરી એકરસ કરવો; પછી તલનું તેલ જરાજરા નાખતાં જવું અને ખરળ કરતા જવું. મધના જેવું ઘાટું બને ત્યાં સુધી તેલ નાખવું અને તે ચાંદાપર લગાડવું.

૧૪=રગતપીત—આંબાની અંતરછાલ, જાંબુરી, પીપરો, કરમ-ડીની છાલ સંભાગે લઇ પાણી સાથ મસળી ૦। શેર રસ કહાડવો તેમાં કળીચુનો એઆંની ભાર મેલવી ૦॥ ભાગ સહવારેઅને ૦॥ ભાગ સાંજે પીએ. આ મુજબ લાંબો વખત ચાલુ રાખે. ખોરાકમાં નાગ-ળીની રોટી સીવાય કાંઇ ખાય નહી, (જાંબુના ઠરીઆને સુંઠબરોતી કહે છે.)

૧૫=શરીરમાં પીત વધે—શરીરના કોઈ પણ ભાગપર કાલી છાંત પડે, ગાંઠ બંધાય તો જાણવું જે લોહી બગડયું છે અને પીતનો ભાગ વધ્યો છે. એ માટે જીરૂં અને સુનામખી દરેક ૦। તો૦ પાશેર પાણીમાં ૧ રાત ભીંજવવું, સહવારે તેને ચોળી, ગાળીને રોજ પીવું. સુખડ અને રતાંજળી પાણીમાં ઘસીને છાતીપર અને તેના નીચલા ભાગ ઉપર લગાડયા કરવી.

૧૬=પીતના ચાઠાં સારા થાય—સાપની કાંચરીની રાખ તલના તેલમાં મેળવી ચાઠાંપર લગાડે.

૧૭=રકતપીત, શરીરે ચાઠાં, હાથ પગના નખ ખવાય—આ-મળા તથા લીમના પાનનો રસ દરેક ૦॥ તોલો, સહવાર સાંજ ભુખે પેટ ૨૧) દીન પીએ. જરૂર હોય તો વધુ દીવસ ચાલુ રાખે.

૧૯=રગતપીત—૧ ભાગ સમુદ્રફીણ અને તેટલોજ સરકો લઈ મલમ જેવું બનાવી પિત ઉપર લગાડવું, દારૂ, માછલી, તેલ, મરચુ, ખાતું ન ખાવું.

૨૦=શરીરે પીટનાં ચાંદા—સજીખાર અને સીંધાલુણ કડવા તેલમાં મેળવીને શરીરે ૧ કલાક સુધી મસળવા પછી ગરમ પાણીએ સેક કરવો અથવા પાણીનો બાફ લેવો.

૨૧=રકતપીતવાળા દરદીને સાપની કાંચળી બાળીને તેની રાખ ૧ ચોખાભાર (એક ગ્રેન) જેટલી રોજ એકવાર ઘી સાથે ખવાડવી. ખોરાકમાં દુધ અને ભાત સીવાય બીજું કંઇ ખવાડવું નહી. જેટલા દીવસ દવા ખાવામાં લે તેથી બમણા દીવસ પરેજી રાખે.

૨૨=રગતપીતમાટે આમળાનુ ચુરણ તથા લીમડાનો રસ દરેક ાા તોલો મેળવીને સાકેર સાથે દીન ૩૧ પીએ (ઇલાજ ચોકસ છે)

૨૩=રકતસ્ત્રાવ—પીસાબ સાથે લોહી પડે ત્યારે શતાવરીનું ચુરણ તોલો ાા, દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦ મેળવી, પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળી, સાકેર તોલો ૧, ઘી તોલો ૧ સાથે મેળવી પીવું.

૨૪=રકતસ્ત્રાવ, ઝાડાનું લોહી—સાકેર તોલો ૧, દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦, પાણી બધું બળી જાય ત્યાં સુધી ઉકાળવું અને પીવું.

૨૫=રકતપીત—રકતપીતવાળો દરદી સાપની કાંચળી ૧ થી ૨ વાલ માસ બે સુધી ખજુર સાથે રોજ ખાય તો ઘણો ફાયદો થાય ( આ ઇલાજ ઘણો જાણીતો છે. )

૨૬=રકતપીત માટે—સાપની કાંચળી માસા બે લઇ ખજુર સાથ ખવાડે. જો પગનાં તળીઆમાં નાસુર પડે તો હળદર ૧૦ ભાગ, પારો ભાગ ૫), ઘી ભાગ ૩૦ ને ૪ પહોર ખરળ કરી રૂમાં મેળવીને મુકે.

૨૭=રકતપીત્યા દરદીને હરડાં, બેહડાં, અને આમળાનું. ચુરણ ાા તોલો અથવા વધરે દરરોજ બે વાર ૬ માસ સુધી ખવાડવું. ખોરાકમાં મગની દાળ અને રોટી તથા બીજો હલકો ખોરાક ખવાડવો.

૨૮=રકતસ્ત્રાવ—લોહીવાળા હરસના મસા માટે—મધ તોલો ૧, ઘી તોલો ાા, ગાયના છાણનો રસ તોલો ાા, પીવામાં લેવું.

૩૦=રકતપીત—કાચકીના છોડના મુળીઆંનો રસ ા શેર કહાડી દરદીને રોજ પાંવો.

૩૧=રગતપીત માટે—કીડામારીના પાનનો રસ ાા તોલો રોજ પીએ તો ફાયદો થાય.

૩૨=રગતપીત, માંઉસનો કોહવાટ—મીણ, રાળ, માણસના હાડકાનું ચુરણ સંભાગે લઇ તેનું તેલ પાતાળ યંત્રથી કાઢી શરીરે લગાડે. આ તેલ ઘણુંજ ફાયદામંદ છે.

૩૩=રગતપીત કલોજી, ઓડાસીંગ, આગરાઇ, મરી, હળદ દરેક ૩ તોલાનું ચુરણુ બનાવી તેના ૧૪ પડીકાં કરે. ૧ પડીકું રોજ સહવારે ૦। શેર દુધ અને ૦। શેર પાણીમાં મેળવીને ૧૨ દીન પીએ. મીઠાં વગરના ચાવલ અને દુધ સીવાય બીજું કાંઈ ખાય નહી. પડીંકા ખાવાં પહેલાં ૧ જુલાબ આપે.

૩૪=ઇંદ્રવાયનાની જડ ૩ તોલા, વરીઆળી ૧॥ તોલો. પાણી ૦॥ શેર એ સઘળાંને ઊકાળી નવટાંક પાણી રાખે. તે પાણી દરદીને પીવાડે. ૩ કલાક પછી ખીચડી ખવાડે.

૩૫=હીંગલો, પારેલાક, રાળ, આકડાની છાલ દરેક ૧ તોલો એના ૧૪ પડીકાં બનાવવાં. દરદીને તદન નાગો કરી ઓઢાડીને રોજ ૧ પડીકાંની ધુંપ આપે. ૧૪ દીન ચાલુ રાખે, ગલીના રંગનો કાળો દોરો સરીરપર વીંટાળી રાખવાની જરૂર જણાય છે.

રકતપીત (Leprocy )મટે—મમરીના રસમાં ત્રાંબુ ભસમ થાય છે તે ભસમ પીટવાળાં દરદીને લગાડેતો કોહવાટ મટે.

જુઓ "લોહી નીકળે"

## રતાંધળો.

૧=રતાંધળો—લીમડાનું મુળીઉં અને બાવળની પાળીએનો કવાથ પીવામાં લેવો.

૨=રતાંધળો-પીપરને ગોમૂત્રમાં ઘસી અંજન કરવું. અગથીઆની ભાજી રોજ ખાવી.

૩=રતાંધળો, આંખની રતાસ મટે—સમુદ્રફીણુ જે ૧ જાતની માછલીનું હાડકું છે તે સાકર સાથે ઘસી આંખે લગાડવું.

૪=રતાંધળો—સંધેસરાના પાતરાં છુંદી તેની લેપડી આંખે બાંધે અને માથે મુકે. ( બીજો ઇલાજ ) માણુસના કાનનો મેળ મધ સાથે મેળવી દીન ૧૪ આંજે તો રતાંધળો સારો થાય

રતાંધળો—બકરીના મુતરમાં લવંગ ઘસી અંજન કરવું.

૬=રતાંધળા માટે ઇલાજ—બકરીની કલેજીના રસમાં કંપીલો તથા મરી સંભાગે ખરળ કરે. તેનું અંજન આંખમાં લગાડે. તલનું તેલ બીલકુલ ખાએ નહીં જેમ હરણુ વાઘથી નાસે તેમ; રતાંધળાએ તેલથી દુર રહેવું.

૭=રતાંધળા માટે—ડોડીની ભાજી પાણીમાં બાફી તેનું નવટાંક પાણી સહારે અને સાંજે ભુખે પેટે પંદર દીવસ પીએ.

૮=રતાંધળો, અનેમાથાના દુખાવા સાથે આંખ દુખે એ માટે—ચણોઠીના મુળને પાણીમાં ઘસી આંખની આસપાસ ઘણી વાર લગાડે. તથા લીમડાના પાનનો રસ દરેક ૦ાા તોલો, સહવાર સાંજ ભુખે પેટે ૨૧) દીન પીએ. જરૂર હોય તો વધુ દીન ચાલુ રાખે.

૯=રતાંધળો—જીરૂં અને કપાસના પાન પાણીમાં વાટી તેની લેપડી ગરદન ઉપર ૨૧ દીન સુધી બાંધવી.

૧૦=રતાંધળો સારો થાય—ગુવારના પાતરાંનું શાક ખાવું.

૧૨=રતાંધળો—પાંચ તોલા ગોળ, ઘી સાથે મેળવી સહવારે રોજ ખાવો.

૧૩=રતાંધળો સારો થાય, ઝાંખ આંખની મટે—જેઠીમધના મુળીયાં બકરાના મુતરમાં ઘસીને આંજવા.

૧૪=રતાંધલો—ચોલાઈની ભાજીના બીની રાખ આંખે આંજવી.

૧૫=રતાંધલો—પીપરને ગૌમૂત્રમાં ઘસી અંજન કરવું.

૧૬=લવંગને બકરીના મૂત્રમાં ઘસી આંજવું.

૧૭=સાટોડીનું મૂળ પાણીમા ઘસી આંજવું.

૧૮=સમુદ્રફીણ અને સાકરનું ચુરણ આંખે ભરવું.

૧૯=કાળી તુળસીના પાનનો રસ ૨) ટીપાં આંખમાં નાંખવાં

૨૦=કાળાં મરી દહીમાં ઘસી આંજવું

૨૧=અગથીઆની ભાજીનું સાક રોજ ખાવું.

૨૨=રતાંધળો, જાંજવો મટે—કમોડના ચોખાને પાણીમાં સહવારે ભીંજવે, સાંજે ગાળી લીએ. તે પાણીમાં લાલ ફુલવાળા કપાસનું મુળીઉં ઘસી અંજન કરે.

૨૩=રતાંધળો સારો થાય-ભોંપાતરી=(ગળજીભી=ગાઓજબાન)નો રસ એક તોલો, ઘી અને સાકેર સાથે સાત દીવસ ખાય.

૨૪=રતાંધળો સારો થાય—ભુરાં કોહરાંનો રસ અથવા મુળનો ભુકો ૨૧ દીવસ આંખે આંજે. એના ફુલનો રસ પણ ફાયદો આપે.

૨૬=રતાંધળો સારો થાય?—ખોરના ઠળીઆની મીંચ (મગજ) તથા સાબુ સંભાગે ખરળ કરે, તેની ગોળીઓ બનાવે. તે ગોળી

વાસી પાણીમાં ઘસી મધ જેવો ઘાહડો ઘસાડો બનાવી ૩ દીવસ રાત્રે સુતી વખતે અંજન કરે.

૨૨=વછન વેળો, (વસંત વેળો બસન વેળો) એ વેલાના રસને કાદવના વાસણમાં મુકે તો રસ બંધાઇને જેલી જેવો થાય. તે આંખપર મુકે તો આંખની રતાસ કાપે; જો ખાવામાં લીએ તો રતાંધળો સારો થાય.

૨૩=રતાંધળો સારો થાય—સધેસરાના પાનનો રસ ૨) ટીપાં આંખમાં નાખે.

૨૪=રતાંધળો—ઇંગારપર વેંગણું બાફવાથી જે રસ વેંગણામાંથી નીકળે તે આંખે આંજે તો રતાંધળો સારે થાય.

૨૫=રતાંધળો સારો થાય--પાડા જાણવરના કાનનો મેલ આંખે આંજે તો રતાંધળો સારો થાય.

૨૭=રતાંધળાં—દરદીને કારેલીના પાનનો રસ આંખે આંજે અથવા રસમાં મરી ઘસી અંજન કરે.

૨૮=રતાંધળાંમે બકરાંની તલ્લી ભુંજી તે ઉપર બકરાંના પીટાનું પાણી જરા લગાડી ખવાડે તો ફાયદો થાએ.

૨૯=રતાંધળાને ભુરા કોળાનું મુળીઉં પાણીમાં ઘસીને દીન ૨૧ સુધી આજવું. **"જુઓ આંખનાં દરદો"**

## રતવા—બાલકને રતવા.

૧=રતવા, ગુમડાં માટે—દેવદારનાં લાકડાનો ગાંઠ પાણીમાં ઘસી રોજ ૪ વાર લગાડે.

૨=રતવા માટે—જેઠીમધ ૧ શેરને ૪ શેર પાણીમાં ઉકાળે, ૧ સેર પાણી રહે તેમાં ૦। શેર તેલ મેલવી શરીરે લગાડે.

૩=રતવા માટે—જીનજોટાના પાતરાંનો રસ ચાઠાં ઉપર ચોપડે તો તરત નરમ પડે.

૪=રતવા ઉપર ૧૦૦થી ૧૦૦૦ હજાર વાર પાણીમાં ધોયલું ઘી વાપરે છે. તેથી રતવા સારા થાય છે.

દવાનુ ઘી બનાવવામાં સુકી વનસપતી હોય તો ૧ ભાગ વનસ્પતિને ૧૬ ભાગ પાણી સાથે ઉકાળીને. આઠભાગ પાણી રાખે અને તે પાણી ઘી બનાવવામાં વાપરે

૫=રતવા વીસ્ફુટક, સીતળા માટે—શરીરની અંદર તેમજ બહાર ઘણી દાહ બળે તે વેળા જેઠીમધનો ઉકાળો ચોપડવો અને પીવો.

૬=રતવાં બાળકને થાય છે તે માટે—રતાલુ કંદને બાફી તેનું ચુરણુ પાણી સાથ મેળવી ત્રણ દીવસ લગાડે ( જરા અગન બળે છે. )

૭=રતવાનો સરસ ઈલાજ—મરી ૩) ભાગ, આછવેલનું છોડું ( ગાંધીને ત્યાં મળે છે) કપીલો ૧) ભાગ, કંકુ ૧) ભાગ, કપુર ભાગ, કેળના સુકાં પાનની રાખ ૩) ભાગ, ધુપેલમાં મેળવી ૬) દીવસ રોજ ૧) વાર લગાડે.

૮=રતવા બાળકને—રતાંજલી, ગુલાબ જળ,વાળો, વગેરે ઠંડક આપનારી ચીજોનો ઘસાડો શરીરે લગાડવો.

" જુઓ બાળકના દરદો "

## લુ લાગે.

૧=લુ લાગેલી ઉતરે—૩ તોલા ખજુર, ૧ તોલો આમલી, ખાંડ ૧ તો. ૦ાા શેર પાણીમાં દોહવી, ગાળીને પીએ.

૨=સુરજનો તાપ લાગે નહી—તાપમાં ફરનારે પોતાની પાસે કુંડા રાખવા.

૩=તડકે ફરતાં લુ લાગે તેનો ઈલાજ—આમળી ૩) તોલા, ગોળ ૧ ) તોલો, મરી ૦। તોલો અને પાણી અરધો શેર અથવા વધારે, કાદવના વાસણમાં ગરમ કરી, દોહરૂં બનાવી, પીએ.

૪=ચીચોડા સાથની આમલી ૩) તોલા લઇ ૦ાા શેર પાણીમા નાખે. તેને વગોળે નહી. ૧ કલાક પછી નીતરૂં પાણી પીએ, અથવા ફક્ત આમલીનું દોહરૂં શરીરે લગાડે.

તડકે ફરતાં લુ લાગે નહી—તાપમાં ફરતી વેળા કાંન બાંધે તો લું લાગે નહી.

લાલરંગનું કપડું. માથા ઉપર રાખી તડકે ફરે તેને લું લાગે નહી.

૫=લુ લાગે નહીં—તાપમાં ફરતી વેળા લીમડાના પાન માથા પર રાખે તો લુ લાગે નહીં.

૬=લુલાગે નહી—તાપમાં ફરતી વેળા માથા ઉપર દીવેલાના પાન મુકે.

૭=લુ લાગે નહી—તાપમાં ફરતી વેળા આકડાના પાન માથા પર રાખે તો લુ લાગે નહીં.

૧૧=તડકાંની ગરમી લાગે નહીં. ઉધરસ, દમ બાળકને હોય-તે માટે ધાણા અને સાકેર પાણીમાં વાટી પીવી.

૧૨=લુખ ( લુ ) લાગે ત્યારે મેથીની સુકી ભાજી પાણીમાં પલારી તે પાણી દરદીને મધ સાથ પાવું.

લુ લાગે નહીં તેના ઇલાજો.

૧૬=મોઢામાં કાળી દરાખ, આલુ અથવા જેઠીમધ રાખે તો લુ લાગે. નહીં.

૧૯=ગરમાળાનો ગોળ ખાવાથી ઝાહાડા થઇને લુ ઉતરસે.

૨૦=કાચી કેરી સાથે ગોળ મેળવી ખાવો.

૨૧=આંબળી અથવા લીંબુનું સરબત પીવું.

૨૨=પાણીમાં ધાણા પલાળી રાખવા તે પાણીમાં સાકર સાથ પીવું.

૨૩=કાળાં મરી અને ઘી પગને તળીએ લગાડી કાંસાની વાડકીથી ઘસવું.

૧૭=તડકે ચાલી તરત તાડી પીવાથી લુ લાગે છે

૧૮=ચાલતાં થાકીને રસ્તામાં પાણી પીએ તો લુ લાગે.

## લુણો-દીવાલે લુણો.

૧=દીવાલે લુણો—દીવાલને લુણો લાગે ત્યારે નીચે મુજબ ચોપડવું. પેહેલા લુણો ઉખેડી કાઢવો. પછી બે ભાગ ફટકી, ૧૦૦ ભાગ પાણી મેળવી દીવાલને બેવાર પચાવવી, પછી નીચે મુજબ પતલું લગાડવું.

ચુનો ૧ શેર, ૦ા શેર ચોખાના આટાની લાહી, નવટાંક સરસ, (ગરમ પાણીમાં પીગલાવેલું) અને નવટાંક ખાંડ, તેમાં જોઇએ એટલું પાણી લેવું. આ સઘળી ચીજો મેળવીને દીવાલ ઉપર એક હાથ પતલો મારી પછી બીજો હાથ મારવો. જો પંદર દીવસમાં લુણો પાછો દેખાય તો ફરી આ મુજબ તેટલી જગા ઉપર કરવું જો. લુણો ઘણો હોય તો ત્રણવાર કરવું.

૨=લુણો દીવાલે લાગ્યો હોય તો તે ભાગ ઓખવી નાખી નીચે મુજબ લગાડવું—પાણી જેમાં ૧ ટકો એસીદ મ્યુરેટીક મેળ ળવેલું હોય તે પાણીથી દીવાલને ૪–૫ વાર પચાવવું. પછી નીચે મુજબ પાતલું લગાડવું–ચુનાની ફાક તાજી બનાવેલી શેર ૧, સીમીટ શેર ૧, પાણી જેટલું ખપે એટલું આ લગાડવાથી લુણો બંધ થશે.

૩=વાઇટ વોસ, દીવાલે ચુણો ધોળવા અને દીવાલે લુણો લાગે નહીં તે માટે—૧ મણ ચુનાને ગરમ પાણીમાં પીગળાવવો. તેનેકપડાંથી ગાળી રેતી જુદી પાડવી. ૦॥ શેર દરીઆનુ મીઠું પાણીમાં પીગલાવી ચુનાના પાણીમાં નાખવું. ૩ શેર ચોખાના આટાને પાણીમાં ઉકાળી પાતલીકાંજી જેવી બનાવીને ચુણાના પાણીમાં નાખવી. ૦॥ શેર સ- રસને બસેર પાણીમાં ભીંજવી ૧ કલાક રાખી મુકવો. ગરમ કરી એક રસ થાયને ચુણાના પાણીમાં નાખવો.

આ મેલવણી બે દીવસ રહેવા દેવી, પછી ગરમ પાણી ના- ખી દીવાલે ધોલવા લાયક ચુણાનું પાણી કરી ગરમ ગરમ દીવાલે લગાડવું. આ મેલવણીથી દીવાલે લુણો લાગતો નથી.

## લકવો–સુનબેરી.

૧=અડદીઓ વા જેમાં મોં મરડાઈ જાય છે. તે દરદીએ લસણ ઘણું ખાવામાં લેવું. અડદના આટામાં લસણ મસળી તેના તલના તેલમાં બનાવી ખાવા.

૨=મગજની નસો ફાટવાથી અથવા ઘણું દબાન થવાથી મગજના તંતુઓ અને બીજા શરીરના ભાગો વચે, વહેવાર ચાલતો બંધ પડે શરીરના જે ભાગ સાથેનો વહેવાર મગજ સાથે બંધ પડે તો ભાગપર લકવો થયો એમ કહોય છે.

દરદીને ઝાહાડાનો કબજીઆત હોય તો, એરંડીઆનો જુલાબ આપવો.

૩=ગુંગળ આ દરદ માટે ઘણો અકસીર છે માટે ત્રીફળા ૩) તોલા, પીપર ૧) તોલો, ગુંગળ ૪) તોલા મેળવી ૦॥ તોલો રોજ બે વાર મધ સાથે મેળવીને ઘણા દીવસ ખાવું.

૪=લકવો સુન બેહેરી—બેહેર ચામડી માટે તેલ—ધંતુરાના પાન, ખરસાની થુઅરની દાંખળી, એરંડાના પાન, નગોરના પાન અને સુંઠ સરખે ભાગે છુંદીને તેના વજન કરતાં બમણું તેલ, અને ચારઘણું દુધ લઇ ઉકાળવું. માવો બંધાઇ તેલ છુટું પડે તે ગાલી લઇને મસળવામાં લેવું. કોઇ દુધને બદલે પાણી વાપરે છે.

૫=લકવાનું તેલ, (સુણબેહેરીનું તેલ)—માલકાકણી, તેથી બમણું તલનું તેલ, ચારઘણું દુધ, એ સઘળું ઉકાળવું, માવો બંધાય ને તેલ છુટું પડે તે મસળવામાં લેવું.

૬=લકવાનું તેલ—અખરોટનું તેલ અથવા ધંતુરાનું તેલ મસળવાથી દરદીને ફાયદો થાય.

૭=લકવો—લકવાવાળા દરદી રોજ સહવારે એક કાચો કાંદો ખાયતો ફાયદો જણાય.

૮=લકવા માટે—ચુલાપર પાણી મુકી તેમાં જરા રાખ અને મીઠું નાખી ઉકાળે, તેમાં બકરાનો ૧ પગ (ખરીઓ) મુકે, પગપરનાં બાલ નીકળે તેમ થાય ત્યારે ખરીઓ બહાર કહાડે અને બીજો ખરીઓ પાણીમાં મુકે. બહાર કહાડેલા પગપરથી બાલ છરી વતી ઓખળી કહાડે. બીજો પગ તઇયાર થાય તેને બહાર કાહાડી બાલ સાફ કરે. એ પ્રમાણે ચાર પગ સાફ કરી પાણીમાં નાખી ચુલે ચઢાવી તે પકવે, આ ખરીઓના રસમાં મધ અને ઇંડા ની સફેદી ખપે એટલી નાખી દરદી રોજ બેવાર પીએ. ૨૧ દીવસ પીએ દસ બનાવવા માટે કલાઇ કરેલું વાસણ જોઇએ, પણ તરત કલાઈ થયા પછી ૩ વાર ચુલે ચઢેલું વાસણ જોઇએ. બીજો ઉપાય —કબુતરનો રસ દરદીને પાવો. કબુતરનો રસ બનાવતાં કબુતર ના માઉસ સાથે ૧) તો ચણા નાખવા જોઇએ.

૯=લકવા માટે અને હાથ પગમાંચીરા પડે તે માટે—ધંતુરાના બીનું તેલ મસળવું.

## લકવાનું તેલ બનાવવાની રીત.

એક તોલો ધંતુરાના બી, અનેસીંધવ એક તોલો પાણીમાં વાટવાં. ૪ તોલા પાણી અને એક તોલો તેલ ઉકાળી પાણી બાળવું અને તેલ ગાળી લેવું.

૧૦=લકવા માટે—બીરબરોટીની રાખ એક વાલ પાનની સાથે દરદીને રોજ બેવાર ખવાડે.

૧૧=લકવા માટે—એક કળીનું લસણ ૦॥ તોલો લઇ છુંદી દુધમાં પકાવી રોજ ખાય.

૧૨=અડદીઓ વા—મોઢું વાંકુ થાય–તે માટે લસણ વાટી તલના તેલમાં ખાવું, અથવા અડદના લોટમાં લસણ મેળવી તેના વડા કરી તેલમાં તળી ખાવાં. લસણ ખાનારા માણસે ગોળ ખાવો નહીં.

૧૩=સંધીવા=લકવા માટે—લસણનું તેલ મસળવામાં આવે છે. તેમજ લસણને ઘીમાં તળીને ખાવામાં આપે છે.

૧૪=લકવાની અસરવાળા દરદીને સાલમ આપે છે. શરીરની નસો ઢીલી પડી હોય તો સાલમ ૦॥ થી ૧ તોલો સુધી દુધમાં ઉકાળી પીવામાં આપે છે. લીલાયતી સેનોટોજના બધા ગુણો એમાં છે.

૧૫=લકવો—૦॥ થી ૧ તોલો સનના બીજ મધમાં સહવારે ખાય તો બહુજ જલદી ફાયદો થાય.

૧૬=લોહી ફરતું કરવા માટે—લસણનો રસ ૧૦ તોલા, બદામનું તેલ ( તલનું તેલ પણ ચાલે ) ૨૮ તોલા ઉકાળવું, રસ બળે, અવાજ નીકળતો બંધ પડે ત્યારે ચુલા ઉપરથી ઉતારી તે તેલ મસળવામાં લેવું.

૧૭=ચીત્રો ૩ જાતના છે. સફેદ, લાલ, અને કાળાં પાતરાંવાળો છે. કાળાં પાતરાંવાનો જળદ છે એમાં ફોફર્સ (ફોફ્સઆ) ઉદાડવાનો ગુણ છે.

સુનેબરી=અંગ મરી ગયલું હોય તે માટે—ચીત્રો પાણીમાં અથવા દારૂમાં ઘસી તે જગાપર ૩-૪ વાર લગાડયા કરે. જ્યાં સુધી ચામડીમાં જોર આવે નહીં, લોહી ફરતું થાય નહી અથવા અગન લાગે નહી ત્યાં સુધી લગાડયા કરવું અગન બળે અને ખમાય નહી

ત્યારે ઠંડા પાણીની ધાર એક હાથની ઉંચાએથી તે અગન વાળી જગા ઉપર ચાલુ નાંખવી અથવા કોપરાંની વાટી પાણીમાં ઘસી લગાડવી.

૧૮=સુન બેહેરી, શરીરે ઝઝની, રગતપીત માટે—મોરથુથુ ૦। શેર, ખોરાસાની અજમો ૦। શેર એઓને ૧૨૫ લીંબુના રસમાં ખરળ કરે. પાંચ દીવસે સુધી ખરળ કરે, આ કીયા પાંચ દીવસે પુરી કરે. એની ચણા જેવડી ગોળા કરે, તેમાંની એક રોજ સહવારે ખાએ.

૧૯=તેલ વચ્છનાગનું—૦। શેર વચ્છનાગ છુંદી પાણીમાં પલાળવા, તેમાં ૫ શેર દુધ, ૧ શેર તેલ નાખી ઉકાળવું. માવો બની તેલ છુટુ પડે તે ગારી લેવું. દુધને બદલે કોઈ પાણી વાપરે છે.

સુન બેહરી, લકવો—વચ્છનાગનું તેલ મસળે તેથી ફાયદો થાય છે.

૨૦=લકવો, મોં ફરી ગયું હોય, જખાં વળગી ગઇ હોય ત્યારે સુંઠ, મરચ. પીપળ, અજમો, મોથ. કાળી દરાખ, ચીતરો, સુરી જન દરેક તોલો ૦। સુખડ ૩ પા સાભાર એની કમુંદીના પાતરાંના રસમાં ચણા જેવડી ગોળીવાળી ૧ ગોળી પાણી સાથે ખાવી,

૨૧=લસણ દુધ સાથે, તેલ સાથે, ઘી સાથે કે સીનપાલુણ સાથે રોજ ખાવું.

૨૨=અડદ દરેક જાતના વા માટે ગુણ કારી છે માટે અડદના આટાના વડાં, અડદની દાળ અથવા અડદનો સીરો રોજ ખાવો.

૨૩=માલકાકણીના બી. ૧૦ થી ૨૦ ખાવાં અથવા તેના તેલના ટીપા ૫ થી ૦ લેવાં

૨૪=૦। તોલો મરીનું ચુરણ ઘી સાથે રોજ સવારે ખાવું મેચાના મુળનો ઉકાળો પાવો.

૨૫=વાના ચસકા મારે તો અ લેડાના પલાસ્ટર અથવા ગુગળી પટો મારવી

૨૬=ખોરાકમાં અડદ, ઘઉં, સરગવાની સીંગો, લસણ વધારે સારી છે. જુઓ "સુનેરી" "લોહી ફરતું થાય"

## લોહી પડે—રક્તસ્ત્રાવ—જખમ રૂઝે.

૧=નાકમાંથી લોહી નીકળે ત્યારે દૂધના ૧૨ ટીપાં નાકમાં મુકવાં.

૨=નાકમાંથી અને છાતીપરથી પડતું લોહી બંધ થાય. કેસર દૂધમાં ઉકાળીને પીવું.

૩=શરીર ઉપરથી લોહી નીકળતું અટકે છે—ખુંઢાના કોટલાની રાખ લોહી નીકળતું અટકાવવા માટે જખમ ઉપર દાબે છે.

૪=લોહી બંધ કરે—મમાનું લોહી, ઝાહાડા ઉલટીમાં લોહી અથવા કોઇબી જગાએથી અને કઇબી કારણે લોહી નીકળે તે બંધ કરવાની શક્તિ જેઠીમધ ધરાવે છે.

૫=લોહી—( રક્તસ્ત્રાવ ) અટકે છે—કપાસ ( વણ )ના મુળ એક તોલો પાણી અને સાકર સાથ મેળવીને પીવાં.

૬=લોહી શરીરના કોઇબી ભાગમાંથી નીકળે તો કપાસના પાતરાં ૨ તોલા અથવા કપાસીઆ ૧ તોલો સાકર અને પાણી સાથે પીવાં.

૭=લોહી ફેફસામાંથી પડતું હોય તો કેરીઓ ખાધાથી અટકે છે.

૮=લોહી પીસાબ સાથે "જુઓ પીસાબે લોહી."

૯=છાતીપરથી લોહી અને બળખા પડે તો ૨) તોલા રસ નીકળે એટલી નમુણી સાથે મરીના ૫) દાણા વાટીને તે રસ ૨) તોલા સહવારે પીવો, એ મુજબ સાંજે પીવો. આ બહુ અકસીર ઇલાજ છે.

કોઇબી ઝાહાડ ઉપર અમરવેળ ( નમુણી ) વધે છે. એની ૧) ૨) જડ કોઇબી ઝાડ ઉપર નાંખો તો તે પપરાઇ જાય છે. કુમળા ઝાડોનો કસ તે ખેંચી લે છે તેથી તે ઝાડ મરી જાય છે.

૧૦=લોહી—પેટમાંના સઘળી જાતના નીકળતાં લોહી હીરાદખન ખાવાથી બંધ પડે છે.

૧૧=સીતલાની ગરમી, ઝાહાડા વાટે લોહી—સીતલાની બહુ ગરમી હોય ત્યારે કોઇવાર ઝાહાડામાં લોહી આવે છે, તે વેળા

કમળનું મુળ પાણીમાં ઘસી બાળકને પાએ તો ઘણોજ સારો ફાયદો આપે છે.

૧૨=લોહીના ઝાહાડા થતા હોય તો કાંસકીનું મુલ ના તોલો ચોખાના ધુણમાં પાવું.

૧૩=રકતાતીસાર, ઝાડામાં લોહી પડે તે—કાળા તલ ૧ ભાગ, સાકર ૨ ભાગ અને બકરીનું દુધ ૪ ભાગ મેળવીને પાવું.

૧૪=લોહી આહાડામાં પડે તો ગુળખરી એક તોલો વાટીને સાકર અને પાણી સાથે પીવી.

૧૫=લોહી શરીરના કોઇ પણ ભાગમાંથી નીકળતું હોય તો જેઠીમધ ૧ તોલો, દુધ ૭ તોલા, પાણી ૩૨ તોલા ઉકાળી દશ તોલા રાખવું અને એક વખતમાં પીવું.

૧૬=શરીરમાંથી લોહી નીકળે તો દરાખ ૧ તોલો, ૪ તોલા દુધ પાણી ૩૨ તોલા એઓને ઉકાળી ૧૦ તોલા રાખી રોજ બે વાર પીવું.

૧૭=લોહી શરીરના કોઇ બી ભાગમાંથી નીકળતું બંધ થાય—ગળોનો રસ તથા વાંસના પાંતરાનો રસ એક તોલો પીવો.

૧૮=નાકમાંથી લોહી અને પરૂ પડે તો કેસર ના તોલો, સાકર ૦। તોલો અને ઘી ૫ તોલા ઉકાળી નાકમાં મુકવું.

૨૦=લોહીના ઝાહાડા બંધ પડે—આમલાનો મુરબ્બો ૩) તોલા સહવાર સાંજ ખાવો. અથવા આમળાનું ચુરણ ૦। તોલો ઘીમાં મેળવીને ભુખે પેટે રોજ ૪ વાર ખાવું.

૨૧=લોહીના ઝાહડા થાય ત્યારે ગળજીભીનું ચુરણ ના તોલો ગાયના દહીની છાસ સાથે પીવું.

૨૨=લોહી સીમીકના ઝાહડા માટે—જાસવંતી સફેદ ફુલવાળીના પાનનો રસ ૧ ચમચો ના શેર દુધમાં આપવો. ૩) દીવસમાં ફાયદો થાય, ખોરાક ફકત કાંજીનો લેવો.

૨૩=લોહીના ઝાડા—હરસના મસા ન હોય છતાં ઝાડા વાટે લોહી પડે તો પીતના ઝાડાનું લોહી સમજવું. પીત છાતીપર થવાથી લોહી બગડી ઝાડ વાટે લોહી પડે છે. ચુલાની અગ્નીનો તાપ અથવા તડકાનો તાપ ઘણો ખાવાથી બી આવું લોહી પડે છે તે

માટે ઇલાજ—ગાયનું દુધ ૧૦ તોલા તેમાં પાંચ ઘણું પાણી નાખે અને ઉકાળે. ૧૦ તોલા રહે ને દરદી પીએ. અથવા બકરીનું દુધ ૧૦ તોલા મધ અને સાકર દરેક બે તોલા મેલવી પીવું

૨૪=દારૂ પીવાથી અને ગરમ ચીજ ખાવાથી લોહી પડે ત્યારે બેદાનાંનો લાબ પીવો અથવા વરીઆળીને દીવેલમાં તળી તેનું ચુરણ એક તોલો રોજ સહવારે ખાવું અને ઉપરથી વાસી પાણી પીવું.

૨૫=ધોરાઘાસ દેવ પુંજામાં વપરાય છે. ગણપતીના પુજનમાં એ ખાસ જરૂરનું છે. ઘણો વખત વરસાદ ન પડે તો પણ એનામુળીઆં તાજાં અને લીલાં રહે છે.

લોહી નાકમાંથી નીકળે ત્યારે—ધોરા ઘાસનો રસ નાકમાં મુકવો.

૨૬=નાક અને મોંઢામાંથી લોહી પડે તે માટે—જુના કપાસની ધુંપ નાખે લીએ. અને પછી કપાસનાપાનનો રસ-એક તોલો સાકર સાથે પીએ.

૨૭=લોહી ફરતું કરે છે—મેથી દાણા ૨૧ ખોખરાં કરી સુંઠ તોલો ૦ા સાકર ૧ તોલો, ખખળતું પાણી શેર ૦ા મેળવી આખી રાત રાખી સવારે પીવું.

લોહી ફરતું કરવા માટે—મરચાં મરી, લસણ, અને સીસારસનો પ મારે છે. જગા લાલ થાય છે, લોહી તે જગાએ આવે છે અને ફરે છે.

જુઓ "રકત સ્ત્રાવજ " જખમ "

## લોહી વધે-લોહી સુધરે-લોહીના બગાડ માટે-લોહી વીકાર માટે-ઉપદંશ માટે.

૧=લોહી સુધારનાર—મસા અંગ ઉપર થાય તે માટે-(દા. પાતરાંવાળા બલડ પીઉરી ફાયર) ઉસબો તોલા ચાર, સાથરાના ફુલ તોલા ત્રણ, સીરખેસ તોલા ચાર. સોંપ તોલા સાડા ત્રણ ચોપચીની તોલા સાડા ત્રણ, ઉનાફ દાણા પચાસ, ગુલબેદમુસક

ચાર તોલા, ગલો લીમડાપરની તોલા ચાર, એના સાત ભાગ કરવા. એક ભાગ એક શેર પાણીમાં ભીંજવી રાખવો. સહવારે ચોળીને ઉકાળવું. અરધો શેર પાણી રહે ને અંદર એક તોલો ગુલકન નાંખી પીવું. સાત દીવસ અથવા એકવીસ દીવસ પીવું. મસા બળા ખરી પડે છે ખુન સફા થાય છે.

જુલાબ લાગે તો ગભરાવું નહીં. દવા ચાલુજ રાખવી સુકી અબાધ અને આદુ ખાવામાં ઘણું લેવું. દારૂ, આમલી, લીલું મરચું, તેલ જરાબી ન લેવું. ગુલબેદમુસક ન મળે તો ઉસકે ખરદુસ લેવું. એને બદલે કોઇ બનફસા અને સુપીસ્તાન લે છે.

૨=લોહી બગડે, ગરમી ફુટી નીકળે, ચાઠાં થાય, ચામડી કાળી પડે, સાંધા ઝળચ—આ દરદો માટે ચોપચીનીને ખાવામાં લીધાથી ફાયદો છે. ૦। શેર ચોપચીનીને ઘીમાં તળી તેની સાથે પીપર, પીપળી મુળ, મરી, લવંગ, સુંઠ, તજ, અકલગરો દરેક ૦। થી ૦॥ તોલો મેળવી તેમાંથી ૦॥ તોલો રોજ બે વાર ખાય.

૩=રક્તપીત, લોહીનો બગાડો—ગળોના વેળાના કટકા ૪ તોલા ખોખરા કરી, ૬૪ તોલા પાણીમાં ઉકાળી, ૪ તોલા રાખી તે રોજ બે વાર પીવું

૪=લોહી સુધારવા તથા ખુજલી દુર કરવા—ગંધકના ફુલ ૦। અથવા ૦॥ તોલો દુધ સાથે ખાવાં.

૫=લોહીનો વધારો, રક્તવૃદ્ધિ માટે—નાળીએરનો સરકો નીચે મુજબ બનાવી એક તોલો રોજ ખાવો.

૬=નાળીએરના પાણીને ધીમી આંચે ઉકાળવું. રસ ઘાડો થાય ને કેશર તોલો ૦॥, લવંગ તોલો ૧ નાંખી પેક કરી રાખવું.

૭=લોહી વધારવા માટે, પાચન શક્તી માટે, લીલી દરાખનો રસ અતી ઘણો ઉપયોગી છે એ ખોરાક તરીકે કામ લાગે છે. એના ગુણો ઘણાજ છે.

૮=લોહીનું સુધરે—ઉપદંશ મટે. આંકડાનું મુળ તોલો ૦॥, ગળો તો. ૪), લીમડાની અંતર છાલ ૪) તોલા એનું ચુરણ ૦। તોલો દીનમાં ૨) વાર ખાવું.

૯=લોહી વીકાર, તથા ગરમી માટે દારૂડીનો રસ, સરપંખાનો રસ, મધ દરેક બે તોલા ૨૧ દીવસ પીએ તો લોહી વીકાર અને ગરમી મટી જાય.

૧૦=ગરમીથી લોહી બગડે, શરીરે ચાઠાં પડે તે માટે—કાંસાની થાળીમાં પાણીથી ૧૦૦ વાર ધોયલું ઘી ૦। શેર તેમાં બે તોલા ફટકી મેળવીને રાત્રે સુતીવેળા દરદીના તલીઆંમાં તેમજ ચાઠાં પર લગાડવું.

૧૧=મોં ઉમરીના છોડ થાય છે, તેના છેક થડમાં ફળ આવે છે.

| | |
|---|---|
| ભયંકર રક્તપીટ, લોહી ગમે ત્યાંથી નીકળે, દુઝતા હરસ, કમળો, લોહીનો સુધારો, પીસાબે પડતો ધટ પદાર્થ. | આ માટે તાત્કાળીક ઉપાય. ઉંબરાનોઆસવ અકસીર છે. (ઉંબરાનો આસવ બનાવવાની રીત જુઓ "આસવ" |

૧૨=લોહી સુધારવા માટે-ચોપચીની ૫) તોલા, પાણી શેર ૧)ને ઉકાળી ૦। શેર રાખે. તેમાંથી ત્રણ તોલા દીવસમાં ૩) વાર પીએ.

લોહી સુધરે, મરદને શક્તિ વધે—ગોળ સાથે ઘી મેલવી રોજ સહવારે ખાવું.

૧૩=લોહી સુધરે—શરીરની અંદર લોહીના જીવજંતુ મરે-મલેરીઆના જીવજંતુ મરે-ભુખ વધે-વિર્ય વધે-કોઢને ફાયદો કરે-ઘડપણ દુર થાય-શરીરનિરોગી રહે. બાલ સફેદ સતા અટકે.-દસ્તાન ન્યમીત થાય.

ઉપલાં સઘલા વ્યાધી માટે નીચે મુજબ લેવું.

ગંધક, જેઠીમધ દરેક ૧) તોલો, ત્રીફલા ૬) તોલા, સાકર ૩) તોલા એની મેળવણી કરી ૦॥ તો ચુરણ રોજ બેવાર ખાવું. ૧) વરસ સુધી ચાલું રાખવું. અથવા ગંધક ૧ તો લોભસ્મ ૧ તો. ત્રીફળા ૬ તો. એનું ચુરણ ૦। તો. શાકરમાં મેળવી રોજ બેવાર ૧ વરસ સુધી ખાય.

લોહી સુધારવા, ચામડીનો રોગ મટાડવા માટે—દારૂડીનો છોડ સારસા પેરેલાના જેવો ગુણ ધરાવે છે, એના ધન (એસ્ટ્રેક્ત) ની એક વાલની ગોળી બનાવી વાપરે અથવા તે પ્રમાણમા શરબત અથવા અરક બનાવી પીએ.

૧૪=ચાંદીનું ઝેહેર શરીરમાં પેસી થયું હોય અને લોહી બગડી ગયું હોય ત્યારે જાઈના ફુલની કળીઓનો રસ ૨ તો., ઘી ના તો. ૧ વાલ રાહળ (રાળ) મેળવી ખાવું.

૧૫=૧ રતલ ઉકળતું પાણી કાદવના વાસણમાં નાખી તેમાં લીમડાના પાન પાશેર ૧ રાત રાખવાં. સહવારે તેમાંથી ૪ તો. પાણી દર ૩ કલાકે પીવું. અથવા દારૂડીનો રસ ૪ તોલા, મરી નંગ ૧૦ને ઘીમાં મેળવી રોજ ૩ વાર પીવું.

૧૬=ચોપચીની તો. ૧૬—ખુરાસાની, અજમો, સુંઠ, વાવડીંગ, એલચી દરેક ૧ તો એનું ચુરણ ૦ા તો પાણી સાથ પીવું.

૧૮=ઇંદ્રવરણાની જડ તો ૩, એક શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી રાખી તેમાં ૩ તો શાકર નાખી સવાર સાંજ પીવું. ઉપરથી દુધ પીવું.

૧૯=વાવડીંગ, ત્રીફળાં, અને ગુંગળ સંભાગે મેળવી ચીનીબોર જેવડી ગોળી બનાવી બે ગોળી રોજ બેવાર ખાવી.

૨૦=ત્રીફળા અને કરીઆતુ એનો ઉકાળો પીવો.

૨૧=લોહી સાફ કરે—કાચનારના ઝાડની છાલ, સરીવા એટલે ઉપલસરી-(જેમાં સારસાના જેવો ગુણ છે;) કપુર મધુરીના મુળ એમાંથી કોઇબી એકનો ઉકાળો રોજ પીવો.

૨૨=લોહી સાફ થાય—વરીઆળી, ધાણા, કાસની સંભાગે મેળવી ૦ા તોલો ફાકી મારવી. ઉપર વાસી પાણી પીવું.

૨૩=લોહી સુધરે-સુનામખી અને ચોપચીની સાથે મેળવી ૦ા તોલો ૪૦ દીવસ ખાવી.

૨૪=લોહી સાફ કરનારી ગોળી. સંભાગે—હીરાકસી અને પીળો એળીઓ, ગુંદર સાથે મેળવી, ૧ વાલની ગોળી બનાવી. તેમાંથી એક ગોળી દિનમાં ત્રણવાર ખાધા પછી લેવી, આથી લોહી સાફ થાય છે.

૨૫=લોહીનો સુધારો કરવા માટે વડની મુળીની ચાહ પીએ.

૨૬=લોહી સાફ થાય, ગર્ભસ્થાન સુધરે, પરમો સારો થાય, બરોળ સારી થાય-સરપંખા ૫) આઉંસ, સ્પીરીટ ૨૦) આઉંસમાં અરક બનાવી તેના ૩૦) થી ૬૦ ટીપાં સુધી પાણી સાથે પીવાં.

૨૭=લોહી સુધારનાર—સીસમનો વહેર ૦।શેર, ૩ શેર પાણીમાં આખી રાત ભીંજવી રાખવો. તેને ગાળીને ૧।। શેર સાકર નાખી સરબત બનાવી ૧ તોલો સરબત દીવસમાં બે વાર પાણી સાથે પીવું.

૨૮=લોહી વધે—લીલાં અંજીર સાકેર સાથે રોજ સહવારે ખાવાં.

૨૯=લોહી સુધરે, મનની દલગીર દુર કરે, કરમ પડે, જલંદરને, કમળાને ફાયદો કરે—કારેલાં ખાવાથી લોહી સુધરે છે અને આ સઘળી બીમારીને ફાયદો આપે છે.

૩૧=લોહીનો વધારો, રક્ત વૃદ્ધી માટે—નાળીએરનો સરકો નીચે મુજબ બનાવી એક તોલો રોજ ખાવો.

૫૦ નાળીએરના પાણીને ધીમી આંચે ઉકાળવું રસ ઘાડો થાયને કેસર તોલો ૦।।, લવંગ તોલો ૧ નાખી પેક કરી રાખવું.

## લોખંડની ભસ્મ.

બાવળના પાંદડાંને છુંદી તેમાં કાનસનો ભુકો મેળવી ૧૪ દીવસ સુધી સુરજના તડકામાં રાખવાથી લોહ ભસ્મ થાય છે. તડકે મુકવા કરતાં ભઠ્ઠીમાં બાળે તો વધારે સારી અને જલદી થાય.

## વરસોળી-વસુરી-રસોળી.

૧=વરસોળી—સંચરો, સાજીખાર અને ચુનો સંભાગે મેલવી મલમ કરી, વરસોળી ઉપર ૪ દીન લગાડે તો વરસોળી કપાએ.

૨=વસુરી માટે ઈલાજ—રેવનચીનો સીરો, એળીઓ, ગુજર, એને પાણીમાં અથવા દારૂમાં ઘસી ઘણા દીવસ લગાડવું.

૩=વસોળીની ગાંઠ—સરગુઆનાં મુલની છાલ, સાટોડી, સુંઠ, દેવદાર, એનો જાડો લેપ કરી મુકવાથી ગાંઠ નરમ થાય છે અને અંદરના મવાદને ધીમે ધીમે ખેંચી લે છે. લેપથી અગન બળે તો થોડો ઘઉંનો આટો ઉમેરવો.

૪=વસુરી માટે—સોમળ બે વાલ, કળી ચુનો ૪ વાલ, ખાપરીઉં ૪ વાલ, લીંબુના રસમાં મેળવી વસુરીને લગાડી ઉપર લુગડું ૭ દીન રાખવું. જયારે વસુરી બળે ત્યારે મલમ રૂઝનો મુકવો.

૫=રસોળી, વસુરી ખરી પડે, પીગળી જાય—કેરડાના કુમળા પાનની લેપડી મીઠા સાથ મેલની વસુરી ઉપર ૩ દીવસ બાંધે.

૬=વસુરી—પાકી કેરીની ગોટલી પાણીમાં ઘસીને વસુરી ઉપર લગાડે તો એક જાતનીવસુરી નરમ પડે.

૭=વસુરી પીગળે—પાપડખાર એક ભાગ અને કળી ચુનો અરધો ભાગ પાણીમાં લાકડાંની સળીથી મેળવી વસુરીપર રોજ લગાડે.

૮=રસોળી માટે—કેરડાના કુંપળ અને મીઠું વાટી લેપ કરવો અથવા પાપડખાર, ચુનો સાથે મેળવી લગાડવું.

૯=વસુરી—કાળા મલમની પતી વસુરી ઉપર ઘણા મહીના સુધી લગાડે તો અંદરનો મવાદ સુકાઈ જાય.

## વા-ધનુરવા માટે.

૧=અફીણ સૌથી સરસ ૦ાા રતી અથવા વધારે આપવું.

૨=કસ્તુરી ૧ થી ૩ રતી આપવી.

૩=ખુરાસાની અજમો અને કપુર સંભાગે મેળવી ૨) વાલ આપવો.

૪=પીપર ચુરણ ૩) વાલ આપવું.

૫=ભાંગની ભુકી ઘીમાં સેકી ૧ થી ૨ વાલ આપવી.

૬=ફુલવેળો ટંકણખાર ૨ થી ૪ વાલ આપવો.

૭=કાળી તુલસીના પાન, લસણ, કાંદો, આદુનો રસ સંભાગે મેળવી ૦ાા તોલો આપવો.

૮=ધંતુરાનો રસ શરીરે ચોળવો.

## ઉરૂસ્તંભ વા-ઝલાવવાનો રોગ.

૧=એમાં કમર આગળથી પગ સુધી અરધુ અંગરહી જાય છે; દરદીને ઝાળીઆ વગર ચલાતું નથી.

તીફલા, પીપર, ગુગળ સંભાગે લઇ ૦ તોલો ચુરણ રોજ બે વાર ખવાડવું.

વારંવાર એરંડીઉ આપી ઝાહાડો ખુલાસે રાખવો.

## ધનઘોરીઓ વા.

૧=ધનઘોરીઓ વા, એમાં દરદી સુતેલો ઉઠે, ત્યારે ધ્રુજે અને પાછો પડે તે માટે ૦। શેર હીકરને ગોળ, ઘીમાં, ગોળ પાપડી બનાવી તે સઘળી ૩) દીવસમાં દરદીને ખવાડવી.

અધસી લાયુ—પીઠ, કમર, ગુંઠણ વગેરે જગાપર ફરતો વાયુ હોય તે માટે-૦॥ તો. દીવેલ ગઉમુત્ર સાથ મેલવી રોજ ૧ વાર એક મહીનો પીવું.

## વાંઝીઆપણું જણાય

૧=ઘઉં અથવા જવના સાત સાત દાણા લઇને પાણીના બે નવાં વાસણમાં મટોડી નાંખી તેમાં નાખવાં અને પાણી સાથે તેને એકરસ કરવાં. હવે ૧ વાસણમાં ૭ દીન મરદ પીસાબ કરે. બીજા વાસણમાં ઓરત પીસાબ કરે. જેના વાસણમાં છોડ ઉગે નહી તેને વાંઝટ સમજવુ.

૨=ગલાસમાં પાણી નાખી વીર્ય નાખવાથી જો વીર્ય પાણી નીચે ડુબે તે વાંઝટપણું ગણાય નહીં, વીર્ય પાણીની ઉપર રહે તો વાંઝટપણું જાણવું.

૩=કાહું, કદુ, દુધેલું, દુધેલી, દુધીઉ એમાના કોઇ બી એક છોડમાં પીસાબ કરે અને તે છોડ મરી જાએ તો તે પીસાબ કરનારને વાંઝટ સમજવું.

## વાયુ પેટનો.

પેટના વાયુ માટે કટોરાનું પાણી પીવું.

જુઓ " કટોરાનું પાણી "

વાયુ પેટનો મટે—મરી અને પીપરનું ચુરણ ૦॥ તોલા મધ સાથ ખાવું.

વાયુ પેટમાં ન થાય—દાળ ભાત ખાતી વેળા નવાળા સાથ મરી અને લસણ ખાવાં.

જુઓ " પેતનો વાયુ. "

## વાઈ હાડકાની

બાદી=વાઇ, હાડકાની વાઇ માટે—લસણ, મરી, દરેક પાંચ તોલા, હીંગ ફુલવેલી ॥ તોલો, સંચળ બે તોલા લીંબુના રસમાં વાટી ચણા જેવડી ગોલી કરે; તે બે ગોળી સહવારે ખાય.

## વીસ્ફુટક–આતેષક–ચાંદી–ટાંકી–ઉપદંશ.

૧=ટાંકીના ચાંદાં દરેક જાતના સારાં થાય—લીમડાનું તેલ અને સફેદો મેલવી મલમ બનાવે તેની પટી લગાડે.

૨=વીસ્ફુટક માટે મલમ—સરસીયું તેલ નવટાંક લઇ ઉકાળવું, તેમાં આંકડાના પાન ૨૧ તળવાં પછી મીણ બે તોલા નાખી મલમ બનાવવો. (૧) પાન તેલમાં તળવું પછી બીજું એ પ્રમાણે ૨૧. પાન તળવાં.

૩=ટાંકીવાળા દરદી જેને ટાંકી ફુટી નીકળી હોય તેને ભુઅરનું દુધ મધ સાથે મેળવી ખવાડે.

૪=વીસ્ફુટકના ચાંદાં જખમ રૂઝે—કાળા ઉંબરાના મૂલ્યાની રાખ બનાવવી અને તે રાખને આખા છોડના રસમાં ૪ વાર પટ આપવો તે ભુકો જખમમાં દાબી પાટો બાંધે તો એકજ વખતમાં ઘાહ રૂજાય ઘીમાં મેળવી મલમ કરી વપરાય છે.

૫=એ ભુકો આકડાના મુળ અને કાળા મરી સંભાગે લઇ જુના ગેળમાં ગોળી જુવારના દાણા જેવી કરવી અને દીનમાં એકેક ત્રણ વાર ખાવી.

૬=આકડાના ઝાડનાં કોયલા અને ખાંડ સંભાગે મેળવી તેમાનો ॥ તો ઘીસાથ ૭ દીવસ ખાવો ખોરાકમા ખીચડી ખાવી.

૭=આતેષક-વીસ્ફુટક માટે—ઉમરાના ઝાહાડના પાતરાંની રાખ ૦। તોલો પાનમાં મુકી રોજ ખાવી.

૮= ચોપચીની ૫ તોલાને અરધા શેર પાણીમાં ઉકાળી ૦। શેર પાણી રહેને તેમાંથી ૫ તોલા દીવસમાં ૩ વાર પીવું. અનંતમૂળ સાથે લેવાંથી એનો ગુણ વધે છે.

૯=ચાંદી તરત રૂઝે—ગુંગલના ઝાડની છાલનું ચુરણુ દાબે.

૧૦=ઉપદંશ-ચાંદી ગરમીની—પીપળાના છાલની સફેદ રાખ ચાંદી પર દાબે.

પીપળાના ઝાહાડની છાયા સીતલ અને તનદુરસ્તીવાળી છે; એનામાં વૈદક ગુણુ ઘણા હોવાથી એ ઝાહાડને પવીત્ર અને પુંજવા લાયક ગણેલું છે, એના ફળને બીજગન કહે છે.

૧૧=ચાંદી અને ચાંદા માટે—દારૂડીના છોડનું છીર અથવા છીરવાળુ ઘી લગાડી તેની ઉપર કાસાજણુ (જસતની રાખ.) ઓકસાઇડઝીંક ભભરાવે તો તરત રૂઝ આવે, અથવા મુળની છા-લનું ચુરણુ દાબે. જો દુધ અથવા દહીંની સાથે લગાડે તો રૂઝ આ વતી વખતે ચામડી તતરે નહીં.

૧૨=ચાંદી-ઇંદ્રીના ફુલપર કોહવાટ માટે-(પમારીઆ) પોમાડીના બીજ, અને કાંઠો સંભાગે મેળવી તેને પાણી સાથે નરમ કરી ચાંદીપર દરેક કલાકે ધોઇ, ધોઇને લગાડયા કરે.

૧૩=પારો, ગંધક, સોપારીની રાખ, મોરથુથુ, સંભાગે લઇ લીંબુના રસમાં ગોટી બનાવવી. તેને પાણીમાં ઘસી, ચાંદા ઉપર અને ચાઠાં ઉપર લગાડવી

૧૪=ટાંકી શરીરે ફુટી નીકળે તે માટે ઇલાજ—મોરથુથુ ૩ ભાગ, જમાલગોટા ૬ ભાગ, ફટકી ૩ ભાગ એ સઘળાંને લીંબુના રસમાં ખરળ કરે. મગ જેવડી ગોળી બનાવે. આ ગોળીઓમાંથી દરદીની શક્તી મુજબ એક અથવા વધારે ગોળી ખવાડવી. ગોળી ખાધા પછી એક તોલો દહીં ખાવું. ઘઉંની રોટી અને ઘી સીવાય કાંઈ ખાવું નહીં.

૧૫=વીસ્ફુટક, ઘેલાપણું, સંધીવા, સફેદ કોહોડ માટે—બ્રહમીનું ઘી જાથુક ખાવામાં લેવું. અને ચાઠાં ઉપર લગાડવું.

૧૬=ગળજીભીનો રસ તોલો ૧ પાણી શેર ૦।। સાકેર તોલો ૩) વાર રોજ પીવું.

૧૭=મજીઠ, ઉપલસરી, અથવા સારસાના મુળીઆં, લીમડાની અંતર છાલનો કાહવો બનાવી અથવા એમાંની કોઇબી ૧ ચીજનો કાહવો બનાવી, સાકર અને મધ સાથેપીવો.

૧૮=બોરડી અને બાત્રળના કુમળાં પાન દરેક ૦ા તોલો, જીરૂં ૦। તોલો સાકર ૦। તોલો સહવાર સાંજ ખાવું.

૧૯=કરીઆતું, લીમડાની છાલ, જેઠીમધ, મોથ, અરડુશો, કડવાં પરવળ, ખડસળીઓ, વાળો, તીફળાં, ઇંદ્રજવ એનો ઉકાળો પીવાથી વિસફોટકને સારો ફાયદો થાય છે.

૨૦=વિસ્ફુટકના ચાંદા ઉપર હીરા દખણ અને કંપીલો દાબવો અથવા પીપળાની છાલનું અથવા ત્રીફળાનું ચુરણ દાબવું.

૨૧=હીરાદખન, કાથો ને સફેતો સંભાગે મેળવી ચુરણ બનાવી વાપરે.

૨૨=શરીરપર ટાંકી ફુટે તે માટે—સરપંખાનું ચુરણ ૦। તો. ખાંડ ૦ાા તોલો મેળવી પાણી સાથે રોજ સહવારે ૭ દીન ખાએ.

૨૩=ચાંદીની ભુકી, સુનાગેરૂ, બોડાસીંગ, કાથો સંભાગે લઈ તેનું ચુરણ બનાવી દાબે અથવા સુનાગેરૂ અને હીરાદખણ મેળવી લગાડે.

૨૪=આતેપક માટે—લીમડાની તથા સરસની છાલ અને બાવળની છાલ દરેક તોલો ાા, પાણી શેર ૧ાા ઉકાળીને પાણી ૧ શેર રાખો તેમાંથી તોલા ૪ એકવાર પીવું.

૨૫=ચામડી સુન મારેલી સુધરે, તજા ગરમી મટે, શરીરપર ચકરડાં થઈ ફાટ થાય તે મટે-ઉટકંટાના આખા ઝાડનો રસ ચોપડે. આ દરદ માટે જો ઇલાજ ન કરે તો રગતપાતનો આજાર લાગુ પડે.

૨૬=ટાંકી ફુટે, મોટા ફોલ્લા થાય—તો હીમજી હરડે તોલા ૮, રસકપુર તોલા ૪, અનારના ફુલ સુકા તોલો ૧, બોડાસીંગ તોલો ૧, જાયફળ તોલો ૧, એલચી દાણા તોલો ૧, લવંગ તો૦ ૧, મરી તો૦ ૧, બારીક કરી ૧૦૦ લીંબુના રસમાં ખરલ કરી વટાણા જેવી ગોળી કરે. એકેક ગોળી સવાર સાંજ ખાય. ખાધાની પર હેજી રાખે તો ફાયદો થાય.

૨૭=ટાંકી તથા નારૂ—હીમજી હરડે તો૦ ૨, મોરથુથુ ફુલવેલું તોલો ૧, સાકેર તોલો ૧, ૧૦૦ લીંબુના રસમાં ખરળ કરી ચીની બોર જેવી ગોળી વાળી, ૧ ગોળી ટાઢાં પાણી સાથે ગળવી. ઉપરથી ભુંજેલા ચણા ખાય, ચણા ન ખાય તો ઉલટી આવે છે.

જુઓ "આતેપક" "ચાંદી" "ટાંકી" "ઉપદંશ."

## વાળો–નારૂ.

૧=વાળો (નારૂ)—એના મોંઢા ઉપર કવચની સીંગની રૂવાંટી ચીમટાવતી મુકે તો વાળો મરે.

૨=જમાલગોટો વાટીને લેપ કરવો.

૩=આસો અને કારતક માસમાં ડાંગર ઉપર વીટલાયલો અને ડાંગરના છોડવા ઉપર લટકતો કોસેટો થાય છે. ૧ કોસેટાની ગોળમાં ૭ ગોળી કરી એક ગોળી ૬ દીવસ ખાવી.

૪=હીંગ અને મધનો લોટ સંભાગે લઈ લેપડી કરીને મુકવી.

૫=કબુતરની પાંખ બે ચોખા ભાર વજનમાં લઇ ગોળ સાથે ખવાડવી.

૬=ગધેડાંના લીડાં, ઘોડાનું મુતર, મીઠું એની લેપડી મુકે.

૭=ચુનો, ચુલા ઉપરનું ધુમસ, મીઠું, એકઠાં કરી ત્રણ દીવસ વાળા ઉપર મુકે તો વાળો દુર થાય.

૮=વાળો પગે નીકળે છે—ત્યારે કબુતરનો અધાર વાલ ૧ થી ૩ ગોળમાં ગોળી બનાવી ખાવી. રોજ તાજી બનાવી ખાવી.

૯=વાળાવાળી જગા ઉપર ધંતુરાના પાતરાંની પોતીસ મુકવાથી અગન નરમ પડે છે અને વાળો બાહાર આવે છે.

૧૦=વાળો—પગે વાળો થાય છે તે જગા ઉપર નવસાર દાબવાથી વાળો મરી જશે.

૧૧=વાળા ઉપર તલનો ખોળ છાસમાં વાટી બાંધવો.

૧૨=વાળા માટે કાચકીના પાતરાં, મીઠું, છાસ એ સઘળું પીસીને વાળા ઉપર પોટીસ બાંધે.

૧૩=વાળો—ચોળાઈની ભાજીના મુળીઆની લેપડી મુકવી.

૧૪=વાળો—નવસારની ભુકી રોજ વાળાપર મુકવી.

૧૫=વાળા થાટે—આકડાના ત્રણ ફુળની ગોળ સાથ ત્રણ ગોળી બનાવવી તે સહવારે ખવાડવી. એ મુજબ સાંજે ફરી ખવાડવી, એ પ્રમાણે રોજ ચાલુ રાખવી. એથી ઝાડા થશે તેની અડચણ લેવી નહીં. વધુ ઝાડા લાગે તો સાકેરની મીઠી ચાહ પાવી. વાળાની કસર હશે ત્યાં સુધી ઝાહાડા આવશે, વાળાની કસર નીકળી ગયા પછી ઝાહડા આવશે નહી.

૧૬=વાળો મરે—મીઠું ૧ ભાગ, ઢોરનું મુતર બે ભાગ, ગધેડાં નાં લીડાં ૮ ભાગ મેલવી લેપડી મુકે.

૧૭=વાળો—થુઅરની ઉપર અમરવેલનો વેલો થાયછે તેની લેપડી બાંધવી.

૧૮=અરીઠાની છાલ અને મરી બબે વાલ ગોળ સાથે ખાવા.

૧૯=વાળો—૦॥ તોલો લોબાન વાટી મધ સાથ ખવાડે તો વાળો બહાર આવે. વાળો બધો બહાર નિકળે તેટલા દીવસ ખાવું.

૨૦=વાળો એ દોરા જેવો ઝીણો કરમ છે. ૧ ફુલ્લી થઇ તે પાકે છે અને અંદરથી તારની માફક કરમ નીકળે છે, તે ફુલ્લાની આસ પાસ ઘી મસળતા જવું અને તે કીડો ઉપર નીકળે એટલે ૧ સોટી ઉપર કીડાને વીટાળતા જવું. ૦॥ કલાકમાં આખો વાળો નીકળી આવે છે, પછી તે જખમ ઉપર સીંદુર દાબવો.

૨૧=વાળા માટે-વંતાક સેકી ભરતીરૂં કરી ૭ દીવસ લેપડી મુકે.

૨૨=વાળા ઉપર વાડ દુધેલીના વેલાના પાતરાંની લેપડી રોજ મુકે.

૨૩=નારૂ નીકળે તે દરદીને હીંગ ખવાડે તો દરદ નરમ પડી જાય, ૧ વાલ હીંગ દીવસમાં બેવાર ગળાવવી.

૨૪=વાળો—નરમાની રૂના પાતરાંની લેપડી મુકે તો વાળો નીકળી જાય છે.

૨૫=વાળા ઉપર ૩ દીવસ મીઠું બાંધે તો સારૂ થાય.

૨૬=વાળો—એરંડાના કુમળાં પાનનો રસ ૧ તોલો ગોળ સાથે મેળવી રોજ ખાય તો વાળો તવાય્ર જાય. વાળો હોય તે દરદીના પગપર ગર, ગુંમડાં, જાંગવો હોય તે, વાળો નીકળી જાય ત્યારે તે દરદો મટે.

૨૭=વાળો મરી જાય—કડવી વેલનું મુળ તેમજ બીજાં મુળો જેવાં કે કંટોલી, કાંસકી, ઉંટ કટો, વડ તેમજ ખેર કચુરો, આમલીનો ચીચોરો, અરીઠાના ફળ, કેળનું પાતરૂં, એ વાળો મારી નાંખવામાં ઉપયોગી છે.

૨૭=વાળો મટે—કાળીજીરી ૦॥ તોલો લઈ પાણી સાથે મેળવી લેપડી બનાવી વાળાપર મુકે. વાળો લેપડીને ચોંટી જાય અને બહાર આવે.

૨૮=વાળો-કડવી વેલાના પાન, અથવા કંટોલીના પાનની લેપડી મુકે અથવા ગધેડાંના લીડાં, ઘોડાનો પીસાબ અને મીઠું એઓને ગરમ કરીને ૭) દીવસ બાંધે.

૨૯=સીતાફળના બી તથા કાચા ફળની લેપડી વાળા ઉપર મુકવી.

૩૧=વાળો—૧ વાલ સાંપની કાંચરી ગોળ સાથે મેળવીને વાળા ઉપર મુકે તો વાળો બહાર નીકળી આવે.

૩૨=નારૂવાળા દરદીને સાંપની ૦।। વાલ કાંચરી ગોળ સાથે મેળવીને સવાર સાંજ ખવાડે તો ફજળ થાય. કાંચરીનો ગુણ જીવ-જંતુને મારી નાંખવાનો છે.

૩૩=વાળાના ઉપર સીંધવખાર ૧ રાત બાંધે તો વાળો મરી જાય.

૩૪=નારીએળની આંખ કાઢી તેમાં તેલીઓ સોહાગો તોલો ૧ા નાખી હલાવીને આખી રાત રાખવું. દરદીએ અંદરનું પાણી પીવું. આખો દીવસ ખાવું નહીં, ભાવે તો પેલું નારીએળ ખાવું. રાત પડે ને પછી ભાવે તે ખાવું.

૩૫=પુરૂષની પીસાબમાં હળદર વાટી લેપ મુકવો.

૩૬=વાળો મરે—કરમાની અને સાબુ કપડવંજી એકેક તોલો લસણ ૦।। તોલો, ચુનો, હીંગ દરેક ૦। તોલાની લેપડી રોજ નવી બનાવી વાળાપર બાંધવી.

૩૭=વાળો મટે—બાદીઆન બે આનીભાર જરા દહીં સાથે ખવાડે તો ઉલટી ઘણી થાય અને દરદ નરમ પડે. જો ઉલટી બંધ ન થાય તો, મરીનો ઉકાળો પાવો. ઇલાજ બહુ આકરો છે.

બાદીઆન અને દહીં જાણીતી અને દરરોજ વપડાતી ચીજો છે, પણ એ બંનેને સાથે મેળવી ખાવાથી ઉલટી ઘણી થાય છે.

૩૮=વાળા ઉપર મેદીના પાતરાંની લેપડી મુકે તો વાળો બહાર આવે. (હાથપગ ફાટે તે માટે મેદીને પાણીમાં પીસીને લેપ લગાડવો.)

૩૯=વાળા માટે ફરંગી ધંતુરાના કુમળાં પાતરાં નો રસ ૨ પૈસાભારમાં ગરમ ઘીના ટીપાં ૭ નાખીને પીવો.

૪૦=વાળો—પગમાં વાળો હોય તો ૩ માકડ ગોળમાં પહેલે દીવસે ગળવા. બીજે દીવસે ૪ અને ત્રીજે દીવસે ૪ ગોળમાં ગળવા.

૪૧=વાળો—મોરથુથુ જુવારના દાણા જેટલું ગોળ સાથે દરદીને ૩ દીવસ આપે. વાળો છે ત્યાં સુધી વામીટ આવે નહીં, વાળો મરી ગયા પછી મોરથુથુ પોતાની અસર જણાવે અને વામીટ આવે ( એમાં જોખમ નથી.)

૪૨=મોરના પીછના ૧) ચાલ્લાંની રાખ અથવા જુવારના દાણા જેટલાં વજનનું મોરથુથુ લગાડવું.

૪૩=સરગવાના મુળને છાસ સાથે વાટી લગાડે તો વાળો મરી જાય છે.

૪૪=એળીઓ, હીંગ, કબુતરની અઘાર, અફીણ સરખે વજને લઇ વાળાપર ચોપડી આકડાનું પાન બાંધવાથી ૩૬) કલાકમાં વાળો નીકળી જશે

૪૫=ફટકી ફુલવેળી ૦ા તોલો ગોળમાં ૩) દીવસ ખાવી.

૪૬=શરીરમાં વાળા ઘણી જગાએ થાય તે માટે ૧) નાળીએરમાં ૬) માસા નવસાર નાખી તે ૨૪ કલાક રહેવા દેવું. આ નાળીએરનું પાણી સહવારે પીવુ. તે દીવસે આજ નાળીએર આખા દીવસમાં ખાવું—બીજું કાંઇ ખાવું નહીં. સાંજે ગાયના દુધની છાસ શરીરે ચોળી નાહવું, પછી દહીને ભાત ખાવું.

## વિર્યનો જોસ નરમ પડે—હવસ નરમ પડે.

૧=કપુર તથા બ્રોમાઇડની માફક રીતાપ વીર્યનો જોસ નરમ કરે છે. એ ખાવામાં અપાય છે.

૨=વિર્યનો જોસ નરમ પડે. કુંવારા છોકરાઓમાં કુટેવ બહુ પ્રસરી છે, તેથી શરીરનું સત્યાનાશ વળે છે. માબાપોને સમજ પડતી નથી, ઉપાયોમાં કસરતની જરૂર દેખાય છે. કસરતમાં બેઠકની કસરત કુટેવ માટે ઘણી ઉપયોગી છે. બેઠકની કસરત વીર્યના રસને દાબે છે, વીર્ય ખરતું અટકાવે છે, મગજને આડે રસ્તે ભમવા દેતું નથી.

વીર્યના જોસને દબાવવા માટે બેઠકની કસરતના જેવો બીજો સારો ઉપાય કોઇ નથી. આ બાબદ દરેક માણુસે ધ્યાનપર રાખવા જેવી છે.

૩=વિર્યનો જોસ, (હવસ) નરમ પડે—કપુર અને ટંકનખાર એકેક વાલ પાણીમાં મેળવી કેટલાક દીવસ ખવાડે તો હવસ નરમ થાય.

## વિર્ય પાત અટકે.

૧=સ્વપને ધાત જતી અટકે—રાત્રે ખાણું ખાધા પછી બે કલાકે તજ, ચીનીકબાલા, ૦।, ૦। તોલો મધ સાથે ચાવી ખાય તો બંધેજ રહે.

૨=સ્વપ્નામાં વિર્યસ્ત્રાવ થતો અટકે-૧૦) શેર થંડા પાણીની ધાર પેડુ ઉપર એવી રીતે નાખવી જે બધું પાણી ઇંદ્રી ઉપરથી નીચે પડે રોજ સુતી વેળા આ ક્રીયા ચાલુ રાખવી.

૩=તુળસીના બી ૦।। તો. અથવા વધારે પાણી સાથ ખાય તો ધાત જતી બંધ પડે. ખાટું ખારૂં ન ખાય.

૪=ધાત જતી બંધ થાય—દુધેલીનો છોડ આખા મુળ સાથ લાવી તેનો ભુકો ૦। તોલો ૦।। સેર દુધમાં પકાવી ખાવો.

૫=ધાત જતી બંધ થાય—અળશીની ચાહ પીવી, અથવા અળસીના બીનો ભુકો ૦।। તોલો મધમાં મેળવી રોજ બેવાર ખાવો

૬=સેકટો=Horseradish Armoracia સેકટાના ઝાડમાં રાઇના ઝાડના જેવો ગુણ છે.

૭=ધાત બંધ થાય—સેકટાનો ગુંદર ૧) તો. પ્યાલામાં નાંખી તે ઉપર ૧) તો. ખાંડ નાંખે તેને ૪) દીવસ રાખી તેમાંથી ૦।। તોલો રોજ ખાવામાં લીએ.

૮=ધાતુ વીકાર, પ્રદર વીકાર, નરમ પડે, હાલતા દાંત મજબુત થાય—બોલસરીનાં તાજાં ફુલ ૧ તોલો, બદામનું મગજ નંગ ૩, સાકેર ૦। તોલો મેળવી રોજ એક વાર ૩ દીન ખાવું.

૯=ધાત જતી બંધ થાય, પુષ્ટી વધે—એક તોલો ભીંડાના બી ૦।। તોલો સાકરમાં મેળવી ને તેના ભાગ કરી પાણી સાથે મેળવી રોજ ત્રણ વાર ખાવું.

૧૦=ધાત સ્વપનામાં જાય તે માટે—સુકા કંટારીઆના ફુલ અને ખાંડ સંભાગે મેળવી ગુલકન બનાવી તેમાંથી ૦।। તો. અથવા વધારે રોજ ખાએ.

૧૧=તીફળાં ૧) ભાગ મરી ૦।। ભાગ પીપર ૦।। ભાગ એનું ચુરણ ૦।। તોલો રોજ પાણી સાથ ખાવું.

૧૨=સ્વપનામાં ધાત જાય, } તે મટે. હીમજી હરડે અને
ઝાડો થતાં ધાત જાય, } સાકરનું સંભાગે ચુરણ ૦।।

તોલો રાતરે સુતી વેળા ફાકી ઉપરથી ગરમ દુધ પીએ.

૧૩=બગલમાંથી ધાત જતી હોય ત્યારે વરીઆળી ખાવાથી ફાયદો થાય.

| | | |
|---|---|---|
| ૧૪=વીર્ય અટકે; ધાતુસ્ત્રાવ અટકે, પેસાબમાં, અથવા સ્વપ્નામાં જતી ધાત અટકે. | } | બાવળના કુમળાં પાન કુમળા કાંટા સાથે, અથવા કુમળા પઇડીઆ (પરડા), |

અથવા બહુફળીનું ચુરણ ૦ા તોલો પાણી સાથ રાતરે લેવું.

વિર્ય નીકળતું અટકે—તુળસીના બીનું ચુરણ ાા તોલો ખાવું. ખાટું. ખોરૂં, તેલ, મરચું ન ખાવું.

પીસાબે ધાત જતી હોય ત્યારે—૦ા તોલો લસણુ વાટી ઘેટાનાં દુધમાં ઉકાળીને પીએ.

---

## વિર્ય વધે-શરીરે શક્તી આવે-મરદને શક્તા.

૧=વીર્ય વધે, કમર અને બરડ નો દુખાવો નરમ પડે—ચણોટીના મુળનું ચુરણ બેઆની ભાર અથવા વધારે દુધમાં ઉકાળી રોજ સહવારે પીવું.

૨=વીર્ય વધે, શરીરે શક્તી આવે—ગાયના દુધનું તાજું માખણુ, મધ, સાકેર અને સોનાના વરખનું પાનુ એક મેળવી રોજ સહવારે ભુખે પેટે ખાવામાં લીએ તો બહુજ ફાયદો થાય.

તાજું માખણુ બનાવવાની રીત—દોઢ સેરીઆ બાટલીમાં એક શેર દુધ નાખી સારી પેઠે હલાવે તો માખણુ ઉપર તરી આવે.

૩=ધાતુ પુષ્ટી વધે—પીપર લીંડી ૧ સેર, દુધ બસેરને ઉકાળે દુધ બળી રહે ને પીપરનું ચુરણુ કરે, તેમાંથી ૩ માસા ચુરણુ લઈ ૬ માસા સાકર સાથ મેલવી રોજ ફાકી મારે. ઉપરથી દુધ પીએ.

૪=વીર્ય વધે, શકતી આવે—આમળાના ચુરણુને લીલા આમળાના રસમાં બે વાર પત આપે, છાયામાં સુકવે. ૦ા તોલો ચુરણુ સાકેર સાથ રોજ બે વાર ભુખે પેટે ખાય ઉપરથી દુધ પીએ.

૫=વિર્ય વધે, બળ વધે, સ્તનમાં દુધ વધે, અડદની દાળનો આટો, ઘી, ખાંડમાં પકાવી તેનો દળ બનાવી રોજ ખાવામાં લીએ. અડદ અને દુધ સાથે ખાવામાં શરીરને નુકસાન થાય છે.

૬=વિર્ય વધે, સ્ત્રીને દુધ વધે—૦॥ તોલો અસાળીઆને દુધ સાથ પકાવી ખીર બનાવી રોજ ખાએ.

૭=ધાતુને પુષ્ટી મળે, બાલ કાળા થતા અટકે-આમળા અને ગોખરૂનું સંભાગે ચુરણ ૩ માસા લેવું. એક માસો ગલોનું સત્વ એને ઘી અને સાકેર સાથ મેલવી રોજ ૧ વાર સહવારે ખાવું. બનતાં સુધી ઘી વધારે મેલવવું એનો ગુણ ઉત્તમ પ્રકારનો છે.

૮=નબળાઇ માટે-ગોખરૂ ૪ ભાગ, મોચરસ એક ભાગ એનું ચુરણ ૧ તોલો દુધમાં ઉકાળી રોજ પીવું.

૯=વીર્ય વધે—સાજીખાર, વડની જટાની કુમળી મૂળીનો ભુકો અને સાકર સંભાગે મેળવી ૦॥ તોલો ખાય તો વીર્ય વધે.

૧૦=વીર્ય વધે-વિદારી તાજા કણુના કટકા કરી છાયડામાં સુકવવા તાજા કણુનો રસ કાઢી પેલા સુકા કટકા તેમાં બોળી રાખવા. રસ પેવસ થાય. ને ઉપલા કટકાને પાછા સુકવવા. તેનો એક તોલો ચુરણ દુધ સાથ ઉકાળી ખાવામાં લેવાથી વીર્ય વધે છે.

૧૧=વીર્યની વૃધિ થાએ, વિર્ય વિકાર મટે-આસનનું ચુરણ ૦। થી ૦॥ તોલો મધ અને ઘીમાં મેળવી રોજ સહવાર સાંજ ખાવું

૧૨=વિર્ય વધે, શરીરે શકતી આવે—ઉટકટાના મુળની છાલનું ચુરણ ૦। તોલો દુધમાં ઉકાળી રોજ પીએ.

૧૩=વીર્ય વધે, આંખનું તેજ વધે, એલચી, જાવંત્રી ૩-૩ વાળ બદામનો મગજ ૧ તોલો વાટીને રોજ સહવારે ખાય.

૧૪=વીર્ય વધે—૧ જાયફળને કોતરી તેમાં ધોળા કરણુના મુળનું દુધ ભરે. જાયફળ કોતરવાથી જે ભુકો નીકળેલો હોય તે વતી પાછું કાણું પુરે જાયફળ ઉપર ઘઉંના આટાનું પડ ચઢાવી, ઘીની બતી ઉપર તેને લાલચોળ કરે. આટો લાલચોળ થયા પછી તે જાયફળની મધ સાથે મરી જેવી ગોળી બનાવી. મધ સાથે ૧ ગોળી રોજ ખાવી. ખોરાકમાં ઘી, ઘઉં, ચોખા, દુધ, સાકેર ખાવી.

વીર્ય વધે—તલને વાટી પાણીમાં કાંજી કરી, ગરમ ગરમ પીવી.

૧૫=વિર્ય પાત—વારંવાર ધાત જાય તો તેને નીચલી દવા ફાયદો કરે છે કપુર ૧ વાલ, અફીણુ ૧ રતી એની ૩ ગોળી કરી દીવસમાં ત્રણુ વાર લેવી. રોજ ચાલુ રાખવી.

૧૬=જ્ઞાનશક્તિ,વીર્યની નબળાઇ, લકવો તથા સુણુબહેરી—અમબર ખાવાથી આ બીમારીઓને ફાયદા થાય છે.

૧૭=વીર્યની વૃદ્ધી—ગરમ દુધ, અને સાકર સાથે ઘી મેળવી પીવું. એના જેવો ધાતુપુષ્ટી માટે બીજો કોઇ સારો ઉપાય નથી.

૧૮=વીર્યનો વધારો, શરીરમાં કૌવતી—દારૂડીની છાલનો રસ તોલા ૪, શાકેર તોલાં ૨૦, કેસર માસા ૪, જાયફળ તોલા ૦ાા, કેવડાનું પાણી તોલા ૨૦, એનું સરબત કરી ૧ તોલો સરબત ને દુધ ૦ાા શેર સાથે પીવું.

૧૯=પુરૂષાતન માટે—ખારેક ઘણી સારી છે. ખારેક મોઢામાં રાખી તેનો રસ ગળવો અથવા ખારેકના ભુકાને દુધમાં ઉકાળીને દુધ સાથે પીવું.

૨૦=થુવર પાક-હાથલા—પંજાવાલા થુઅરના તે લાલ પાકટ ડીંડવાના રસને સાકર સાથે સીરો બનાવે. ચણાના લોટને ઘીમાં તળીને તેમાં મેળવે. કેસર, એલચી, બદામ ફાવે તો નાંખે. વીર્યનો બધેજ કરે, ખાંસી, હાફણુ મટાડે, શરીરમાં ગરમી લાવે થુવરના લાલ ડીંડવાનું સરબત ઉપલો ગુણુ ધરાવે છે.

વિર્યની વૃધ્ધી માટે-કૌવચનાબી (કૌવચો) ગોખરૂ સાથે સંભાગે મેળવી દુધ સાથે ખાવામાં લીએ.

૨૧=ધાતુપુષ્ટી વધે=કેડનો દુખાવો, બરડાનો કાંઠાનો દુખાવો, ગુરડાનું દરદ નરમ પડે—તાજા ગોખરૂના ત્રણ છોડ મુળમાંથી પકડી પાણીમાં બોળી હલાવ્યા કરવા. જ્યાં સુધી એની ચીકણી લાબ નીકળે ત્યાં સુધી હલાવવું. સાકર નાખી આ મુજબ ૧૫ દીવસ પીવું.

૨૨=વીર્ય વધારવા માટે—કઉચા, કપુર, સમુદરસોસ, અફીણુ અકળગરો, કણુકબીજ, વજેઆ એ બધાને સંભાગે મેળવી ચણા જેટલી ગોળી બનાવી ખાવી.

૨૩=ધાત સુધારે—કમરને જોર આપે છે. કમરકસ તુકમેરીઆના જેવા બી છે. ૦। તોલો કમરકસ અને ૦ાા શેર પાણી એ બધે ઉકાળી ગાળી ખાંડ નાખી પીવું.

૨૪=વીર્ય વધે—જેઠીમધનું ચુરણુ અરધો તોલો, મધ ૦। તોલો ઘી ૦ાા તોલો રોજ સહવારે સેવન કરવાથી બહુ ફાયદા થાય છે. ઉપરથી દુધ ગાયનું પીવું.

**૨૫**=વીર્ય અને બળની વૃદ્ધી થાય—આસંધ, તલ, અડદ, સુંઠ ગોળ, ઘી સંભાગે લઇ તેના લાડુ બનાવી પ્રભાતે રોજ ખાવા.

**૨૬**=વીર્ય વધે=શકતી આવે—ઉતકંટાના જે છોડને ૧) જ મુળઉ હોય. તે મુળીઆંનું ચુરણ ૦ાા તોલો અને દુધ ૦ાા શેર ઉકાળીને રોજ પીવું.

**૨૭**=વીર્ય વધે—ખારેક ૧) ને ચીરી ઠળીઓ કહાડવો તેમાં સાલમ ભરી દોરા વતી બાંધી લેવી. તેને ૨ સેર દૂધમાં નાખી ધીરે ઇંગારે ઉકાળવી. ૧ શેર દુધ રહેને દુધ ઠંડુ પાડવું. પેલી ખારક ચાવતા જવું અને દૂધ પીતા જવું આ મુજબ ૧૩ દિવસ કરવું.

**૨૮**=કામોતેજન—ચણોટીનો પાક કામોતેજક છે. એને ખાવામાં લે છે. એરંડીની પેઠેચણોઠીને ઘીમાં તલતાં તથા ઇંગાર ઉપર સેકાતા તેનું ઝેર મરી જાય છે. ઝેરી ગુણ નીકળી જાય છે.

ચનોટીના પાન અને મુળ જેઠીમધના જેવા સ્વાદમાં છે અને ગુણમાં બી તેવા છે.

**૨૯**=ધાત વધે—મોચરસ, ભોંયકોળું સરખે ભાગે મેળવીને ૧ તોલો સહવાર સાંજ ખાવું.

**૩૦**=શરીરે શકતી વધે—પીપર, પીપળી મુળ, તજ, તમાલપત્ર, નાગકેસર, ચીનીકબાલા, લવંગ, અકળગરો સરખે ભાગે લઇ ચુરણ ૦ાા તો. મધ સાથે ૭ દીવસ ખાવું. આથી વીર્ય વધે છે.

**૩૧**=વિર્ય વધે-તરતના સુકવેલા આંમળાના ચુરણમાં તાજા આમળાનો થોડો રસ મેળવી સુકવવું. આ મુજબ સાત દીવસ કરવું એટલે સાત પટ આપવા. ચુરણ ૦ા તોલો દુધ સાકર સાથે સાંજે ભુખે પેટે પીવું, અથવા મધ, ઘી સાથે ખાવું.

**૩૨**=વિર્ય વરધક—ત્રિફળાં અને જેઠીમધનું ચુરણ સંભાગે મધ સાથે રોજ બે વાર ભુખે પેટે ખાવું.

**જુઓ "મરદને શકતી" "ધાત પુષ્ટ" શરીરે શકતી.**

---

## સાપનો વેરી—સાપ નહાશે.

**૧**=સાપ નાહસે—જ્યાં ગરમારાની સીંગ હોય ત્યાં સાંપ આવે નહી. કણેરના ઝાડ આગળ સાપ ન આવે.

૨=ડમરો, રેહાન, સબજો, વર્મવુદ—આ ઝાડ જંગલી તુળસીને મળતું છે, મહોમેદન ભાઇઓ આ છોડને બહુ માન આપે છે. તુલસીના ઝાડ માફક એને ફુલના તોરા થાય છે. તેમાંબી (તુકમોઇ) રહે છે. તુલસીના બી કરતાં રેહાનના બી વધારે થંડા છે.

૩=સાપ ન આવે—જ્યાં રેહાનનો છોડ હોય ત્યાં એના વાસને લીધે સાંપ આવે નહી.

જુઓ "ઝેર સાપનું"

## સાતપડો.

૧=સાતપડીનો છોડ ૬ ફુટ ઉંચો થાય છે તે ઉપર સુશોભીત સફેદ ફુલ થાય છે તેમાં વાસ બીલકુલ નથી.

ગર ગુમડાં પકવવાં—સાતપડા ફોડવા } માટે સાતપડી બહુ ઉપયોગી છે. જે ગાંઠ મોં વગરની છે; જે પાકી છે કે નહી તે જણાતી નથી, જેને કાપ્યા વગર અંદરથી પરૂ બહાર આવતું નથી તેવી ગર ગાંઠોને સાતપડીનો લેપ લગાડો; પણ ગાંઠની વચમાંનો ભાગ જરા કોરો રાખી આસપાસ લેપ લગાડે તો ૩ પહોરમાં ગાંઠ ફાટી પરૂ બહાર આવે, અને ઓજાર વતી કાપવાની જરૂર રહે નહી.

૨=સાતપડાનો ઈલાજ—મીઠું, સુકું મરચું અને હળદનું ચુરણુ બનાવી દરદપર બાંધે.

૩=સાતપડાનો ઇલાજ—જવખાર, મનસીલ, હડતાલ, સીંદુર, ગંધક, સીસ સંભાગે લેવું. તલના તેલમાં મેળવી દરદપર સવાર સાંજ મુકયા કરવું.

૪=સાતપડાનું સત્યાનાશ વાલે—સાતપડો હાથેલીમાં અથવા પગમાં થાય છે. અગન બહુ બલે છે, વેદના બહુ થાય છે, તે માટે સહેલો ઉપાય એ છે જે, એરનદીઆં તેલનું વાસણુ ઘણું જુનુ હોય તેમાં દીવેલનો ઠરો બાઝેલો હોય તે ઠરો ગરમ કરી સાતપડાપર લગાડીઆ કરવો. અગન ઓછી કરે, પકવે અને રૂઝ બી એજ લાવે.

## ના૦ લેડી વેલીંગડને બતાવેલો સંતોષ.

આપણાં લોકપ્રીય ગવરનર નામદાર લોર્ડ અને
લેડી વેલીંગડન છેલ્લા સુરત પધાર્યા ત્યારે
ના૦ લેડી વેલીંગડને સુરત કણપીઠ
બજારમાં આવેલી

# કે. પ્રેમચંદ ભાંડુતવાળાની

## સોના, ચાંદી અને ઝવેરાતની

## દુકાને પધારી

## ઉત્તમ કારીગીરી અને

## મશીન પોલીસના

તરેહવાર જાતની નકશી કામના દાગીનાઓ જોઈ
તેમના કામ માટે સંપૂર્ણ સંતોષ બતાવ્યો
હતો. અને કારીગારી જોઈ ખુશ થયા હતા.
વળી એ દુકાને છેતરવાની ધાસ્તી નથી તેમજ
સોનાના પૈસા પુરા આપવાની સ્ટેમ્પપર ગેરંટી
અપાય છે, તેમજ કેટલાકોની માફક ઘરાકોને
બુમો મારી કંટાળો આપવાનો એ દુકાને
રીવાજ નથી માટે કામ પડે ત્યારે
ત્યાંજ જવા ચુકતા ના.

# સારંગ ગાંઠ—વધરાવળ—અંતરગળ—ગોળી મોટી થાય.

## સારંગ ગાંઠ માટે નીચલા ઇલાજો છે.

૧=નવસારના પોતાં મુકવાથી સોજો બેસી જાય.

૨=એરંડીઉ ચાર પાંચ દીવસે લેયા કરવું અને ઝાડો સાફ લાવવો.

૩=લીમડાનો મગજ ખાવો.

૪=સુંઠ અને મધ ચાટવું.

૫=બગમૂળનો ઉકાળો મધ સાથે રોજ પીવો.

૬=વધરાવળમાં કોથરી વધે તથા ગોળી વધે ત્યારે ગોળી બાંધી દબાણમાં રાખવી, અને ભોંયરીંગણીના મુળનો અને જુની ઈંટનો ભુકો પાણી સાથે મેળવી લેપ કરી મારવો.

૭=ત્રીફલાં અને ગૌમુત્ર પીવામાં લેવું.

૮=એરંડીઉ અને સુંઠ વારંવાર પીવું અને ઝાડો સાફ રાખવો.

૯=ગુલમગોટો, રપચગ, સારંગગાંઠ માટે નીચે મુજબ ચુરણ તો. ૦। દરદીએ ગરમ પાણીમાં રોજ લેવું. સીંધવ, સંચળ, જવખાર, સુંઠ દરેક બબે તોલા, હરડે ૫) તોલા એનું ચુરણ બનાવી રોજ ખાવું.

૧૦=શરૂઆતનું દરદ હોય તો દીવેલનો જુલાબ આદુના રસ સાથે ૩) ૪) દીવસે લેવો, એના જેવો બીજો ઉપાય કોઈ નથી. અથવા હરડેનું અથવા ત્રિફલાંનું ચુરણ ૦। તોલો રોજ બે વાર લેવું.

૧૧=ગોળી મોટી થાય તે માટે—૦। શેર ગધેડાના લીંડા અને ૨) તોલા સુવાની ભુકી પાણી સાથે મેળવી ગરમ કરી ૩) દીવસ લગાડવું.

જુઓ "અંતરગળ" "ગોળીએ સોજો" "વધરાવળ" "ગુલમ ગોટો" "રપચર."

## સંધીવા.

૧=રાસ્ના, આસંધ, એરડાનું મુળ અને ગુંગળનો ઉકાળો પીવો.

૨=એરંડીઉ આદુના રસની સાથે વારવાર પીવામાં ફાયદો છે.

૩=ગળજીભીનો રસ પીવો અથવા તેની ભાજી બનાવી ખાવી.

૪=લીંડીપીપર ગૌમૂત્રમાં ભીંજવી સુકવવી, તેનું ચુરણ ગુગળ સાથે મધમાં ચાટવું.

૫=૧૦) તે ચોપચીને ઘીમાં તળવી તેમાં પીપર, પીપળીમુળ, લવીંગ, તજ, સુંઠ, અકલગરો દરેક તો ૦। થી ૦।। ઉમેરી સાકરની ચાસણીમાં પાક બનાવી ૫) તો. પાક રોજ ખાવો.

૬=કાળીમરોડી ભીંજવી તેમાં મીઠું નાંખી લેપ કરવો.

૭=ધંતુરાનું તેલ, માલકાકડીનું તેલ અથવા લસણનો રસ, લગાડવો.

૮=૧) તો. સાલેદનું તેલ, ૧ તો. લીંબુનો રસ, અને ૨।। તો. પાણી મેળવી દીવસમાં ૩ વાર દરદીએ પીવું.

૯=મરી, પીપર, સંચોરો સંભાગે લઈ તેને આકરાના દુધ સાથે મેળવી ૧) વાલની ગોળી બનાવે. રોજ ૧ ગોળી ખાય.

૧૦=પુરાઇ ગયલી નસો તથા ચડી ગયલા સાંધા માટે તેલ મસળવું.

સાંધાં ચડી જાય તો પીળવંતના પાનનું વરાળીઉં બાંધવું.

૧૧=સરગવાના પાન અગતીઆના પાનને મળતાં છે એના બી સફેદ મરી જેવા થાય છે, તેમાંથી તેલ નીકળે છે, તેને અંગ્રેજીમાં બેનઆઇલ કહે છે. એના ફળ ખાવાથી પુરૂષાર્થ આવે છે.

સંધીવા- સોજો, { નરમ પડે સરગવાનું મૂળ પાણીમાં ઘસી લગાડે ઘણું લગાડવાથી ચામડી પર ફોલ્લાઓ ઉઠે છે.

૧૨=સંધીવા-વધરા-વળ-ગોળીએ સોજો { મટે—સિલારસ લગાડી ઉપર તંબાકુનું પાન બાંધે.

૧૩=સંધીવા માટે—ત્રા ગોહદાનો છોદ, કાંસકીના છોડ જેવો થાય છે. સુરતની પાસે ભાઠા કુમારીઆ, અંતરોલી ગામમાં થાય છે, તેનું મુળીયું ૦। તોલો બકરીના દુધમાં ઘસી પાવું.

૧૪=કમરે ચસકા મારે, સાંધામાં પવન થાય—તો વાળની દાલને પાણીમાં ૧) કલાક ભીંજવી તેને મલમ જેવી વાટીને ચોપડે જ્યારે તે સુકાય ત્યારે અંદરનો પવન ખેંચી કહાડે છે.

૧૫=ઓથમી જીરાંની પોટીસ બાંધવાથી સંધીવા મટે.

૧૬=કળીચુનો મીઠાં તેલમાં મેલવી લેપ કરવો.

૧૭=એલીઓ અને રેવનચીનો શીરો મેળવી લગાડવો અથવા વછનાગ પાણીમાં ઘસી લગાડવો.

૧૮=શરીર વાઇથી અકડી ગયું હોય ત્યારે સંધેસરાના પાનનો રસ ૨ તોલો પીવો.

૧૯=આસવગંધ=ઘોડાઆસંધ=સંધીવા માટે—આસંધ ૧॥ તો. સુંઠ ૦॥ તોલો એના ચુરણને ઘી સાથ મેળવી ખવાડવું. (એનો સીરો અથવા લાડુ બનાવી ખવાઈ શકાય)

૨૦=સંધીવા ઘણો જબરો હોય તે મટે—રાશની, ગોખરૂં, એરંડાનું મુળ, દેવદાર તેળીઓ, સાટોડી, ગરમાળો, ચોપચીની, ઇંદ્રવાયના, દરેક ૩ પઇસાભાર લઇ તેને બશેર પાણીમાં ઉકાળી ૦। શેર રાખે. તેના ૩ ભાગ કરી દીવસે ૩ વાર પીએ. એજ વસાણાને ફરી ફરી ઉકાળી બીજે અને ત્રીજે દીવસે પીએ. એનું એકસ્ટ્રેટ ( Ext. Rasna Lip. ) બનાવી સારસાપરિલાની માફક વાપરે તો ગુણ ઘણો સારો જણાય.

૨૧=આંબાહળદ, સુરીજન, ઝેર કચરો સંભાગે મેળવી ગઉમુત્રમાં ગરમ કરી લગાડે. સુકાયા પછી વારંવાર લગાડયા કરે.

૨૨=૧ શેર ઘી, ૧ શેર ગોળને ચુલાપર મુકી ચાસણી બનાવે તેમાં ૧ શેર અસાળીઆનું ચુરણ નાંખી તેનો પાકબનાવે. થાળીમાં નાખી તેના કટકા બનાવે તેમાંથી ૧ તોલો રોજ ખાએ.

૨૩=કાળી મટોડી ૦॥ શેર, નીમખ ૦। શેર પાણી સાથે મેળવી દરદપર લેપ કરે.

૨૪=ધંતુરાના પાનનું તેલ બનાવી મસલવામાં લેવું.

૨૫=ચુનો, મેથી સંભાગે પાણીમાં મેળવી લેપ કરવો.

૨૬=૮૪ જાતના વા સારા થાએ—ચરેઠી, રાઈ દરેક એક શેર, પીપર, આસન, વછનાગ, પીપર દરેક શેર ૦।, સુવા તોલા પાંચ એના ચુરણને પાણી સાથ મેળવી વડાં ( ભજીઆ ) બનાવી ચાર શેર તેલમાં તળે. ભજયાં બળવાં જેવાં થાએ ત્યારે તેલ ગાલી લીયે. આ તેલ મસળવામાં બહુ ઉપયોગી છે, ભજીઆં જાનવરોના ખાવામાં આવે નહીં માટે જમીનમાં દાટવાં.

૨૭=અઠમડીના વેળાની સીંગોનું તેલ મસળે છે.

૨૮=લેપ સાંધાના દરદ માટે—બોર, ગુંગલ, હળદર, આંબાહળદ પાણીમાં ગરમ કરી લગાડે.

૩૦=અડી ગયલા સાંધા, અડી ગયલું શરીર—કાળા ધંતુરાનુ આખું ઝાડ ફુળ, ફળ પાન, મુળ સાથનાને તેલમાં ઉકાળીને તે તેલ મસળવું.

૩૧=સંધીવા—ગાયના પુછડાંના વાળનો વાલો બનાવી પહેરે તો સંધીવાવાળા દરદીને ફાયદો થાય.

૩૨=સંધીવા—દરદવાળા ભાગ ઉપર ગંધકનો ભુકો ફલાલીનનાં કટકાથી બાંધવો. તેની ઉપર કેળનું પાંતરૂં અથવા બીજા પાતરાં બાંધવા. જેથી ગંધકની હવા બહાર નીકળી જાય નહી.

૩૩=સંધીવા, કમળો, તાવ અટકાવવામાં ગળોનો સત્વ ઉપયોગી છે.

ગળોના સત્વને ઠેકાણે ધઉંનો નીસાસનો બજારમાં વેચાય છે.

ગળોના ગુણો—સામક (Sedative), જવરઘ્ન (Antipiratic), સોધક (Alterative), ખુન સાફ કરનાર (blood purifier,) પાચક (Stomachic), શીતળ (Refregerent) મુત્રલ (Diulretic).

ગળોનો સત્વ બનાવવામાં ગળો તાજી લેવી. ૪ આંગળીઆ કટકા કરીને ઉપરની છાલ કહાડી નાખવી. તેને છુંદીને કલઇવાળાં વાસણમાં નાંખી પાણી પુરતું મેળવી ખુબ હલાવવું તેથી અંદરનો સ્તાર્ચ એકઠો થાય છે. પાણી ઓગાળી કાહાડી કરીને ૨ વાર પાણીથી ધોવો અને સુકવવો.

લીલાં રંગનો સત્વ સારો નહી. સફેદ રંગનો જોઇએ, ચોખો માલ સફેદ અને ફીકો છે.

૩૪=સંધીવા માટે—ધાણા, સુંઠ, દીવેલાનું મુળ સંભાગે લઇ તે ચુરણના ૧) તોલાનો ઉકાળો બનાવી પીવો. એ મુજબ દીવસમાં ૩) વાર પીવો.

૩૫=સંધીવા મટે—ગંધકનું તેલ મસળો. ( ગંધકના તેલની બનાવટ માટે જુઓ " ઢીલી નસો મજબુત થાય. "

૩૬=સંધીવા હોય તો તે ભાગપર ગરમ પાણીની ધાર ઉંચેથી નાંખવી.

૩૭=કાયાકુટીનું તેલ-એળચીનું તેલ—આ તેલ સંધીવા, નજગા માટે લગાડે છે. એનો લીલો રંગ તાંબાને લીધે છે. તે વખત જતે ઉડી જાય છે. આ તેલ ચામડીમાં જલદી પચે છે. તેથી અંદરની નસોના દરદને જલદી ફાયદો કરે છે. એમાં ટરપેનટાઇનની ભેળસેળ થાય છે.

૩૮=સંધીવા માટે—૦ા શેર ચોપચીની, તજ, મસતકી એલચી દરેક ૦ાા તોલો મેળવી તેમાંથી ૦ાા અથવા ૧ તોલો દુધમાં ઉકાળી પીવાય છે.

૩૯=પરસાવનાપોથાપાપરી એની ખુસબો સારી છે. તેને ચોપડીઓમાં રાખવાથી ઉધઇ લાગતી નથી.

સંધીવા માટે—પોથાપાપરીનો સુકો અથવા લીલો પાલો છુંદી તેની લેપડી બાંધવી. આ લેપ મુકવાથી જુના સંધીવાના સાંધા છુટા પડે છે.

૪૦=સંધીવા માટે—કરંજનાં પાંદડાં પાણીમાં ઉકાળીને તે પાણીથી સેક કરવો.

૪૧=સંધીવાનો દુખાવો નરમ પડે—આકડાના ઝાડના રૂની ગોદરી બનાવી તે દુખતા ભાગ ઉપર બાંધવી, કોઇ બી દુખાવા ઉપર આ રૂ બાંધે તો ફાયદો થાય છે.

૪૨=નસનો તથા સાંધાનો દુખાવો મટે—ટરપેનટાઇનમાં ભેગસેળ બહુ થાય છે; ચોખ્ખું ટરપેનટાઇન તે સ્પીરીટ ટરપેનટાઇન છે. તે દવાના કામમાં, ચોળવામાં, શરીરે ગરમી લાવવામાં અને નસોનો તથા સાંધાનો દુખાવો દુર કરવા સારૂ મસળવામાં આવે છે. એ તેલ લોહીને ફરતું કરે છે; ચામડી તે તેલ ઘસવા પછી લાલ થાય છે.

૪૩=સાંધા અડી ગયા હોય તો થુવરનું દુધ અને લીમડાનું તેલ મેળવીને લગાડે છે.

૪૪=સંધીવાયુ, ગરમીના દરદ પછી હાડકાં દુખે તેનો ઇલાજ —થુવરનું દુધ ૩ દીવસને આંતરે ૪ વાર મારવું. બલીસ્તર ઉઠે અને પછી સારૂં થાય. એક બેવાર મારવાથી ગુણ થતો નથી.

૪૫=સંધીવા. ગટકા મારતી ગાંઠો—સંધીવાવાળા દરદીના સાંધા આગળ સોજો હોય તો ધંતુરાના પાતરાંની પોટીસ કરી મુકે છે. પાતરાં છુંદીને તેને પાણી તથા સરખે વજને ચોખાનો આટો મેળવી પોટીસ બનાવે છે.

૪૬=કમર દુખે, સાંધા દુખે, તે માટે—ધઉંને શેકી ચુરણ બનાવે તે ચુરણ ૦ાથી ૧ તોલો મધ સાથે સહવાર સાંજ ખાય.

૪૭=સંધીવા મટે—કોપરાંનાં તેલમાં મરી મેળવી મસળે.

૪૮=વાનું તેલ—નાલીએરના પાણીમાં બે ભીલામાના કટકા કરી નાખે અને ઉકાળે તો તેલ છુટું પડે. તે તેલ મીઠા તેલમાં મેળવી મસળવામાં લીએ.

૪૯=શરીરે ગરમી આવે—બ્રાંડીથી વા સારોકરવાના હેતુથી અને કોલનવોટર શરીરે ગરમી લાવવાના હેતુથી મસળવામાં આવે છે તેમાં મહેનત ફોગટ જાય છે, પઇસા બરબાદ થાય છે, દારૂ અથવા કોલનવાટર જ્યારે શરીરે લગાડવું હોય ત્યારે તેની બાટલીને બુચ મજબુત મારી તડકે મુકવી. તડકાથી દારૂ ગરમ થાય તે ગરમ દારૂ લગાડે તો ઘણો ફાયદો આપે.

૫૦=સંધીવા-ગાઉટ—સુંઠ અને ગોખરૂંનો કાહવો પીવો.

એરંડીઉ. સુંઠના ઉકાળામાં વારંવાર લેવું.

આવળનાં મૂળ અને દાંખળી વચેના ભાગની છાલનું ચુરણ ૧) વાલ, દહીં સાથે ખાવું.

૫૨=આસંધ, સુંઠ, એરંડાના મૂળ, ગોળ દરેક ૧) તોલો પાણી ૧) શેર ઉકાળીને ૦ાા શેર પાણી રાખી તેમાંથી ૩) તોલા રોજ ત્રણ વાર પીવું.

૫૩=પાકા પપઇઆ સાથે ટંકણખાર ૪) વાલ ખાવો.

૫૪=આવળની પાલીનો રસ પીવો.

૫૫=સુંઠ, હરડે અને અજમાનું ચુરણ ૦ાા તોલો ગરમ પાણી સાથે લેવું.

૫૬=લસણ ૧) તોલો અને ગાયનું ઘી ૧) તોલો ખાવું.

૫૭=બાવળના ગુંદરનું સરબત પીવું.

૫૮=ગૌમૂત્ર સાથે ગુંગળ ખાવો.

૫૯=તલ અને સુંઠની ચટણી ખાવી.

૬૦=હરડે ૧૨ ભાગ, સુંઠ ૪ ભાગ, અજમોદ ૩ ભાગ, ખોરાસાની અજમો ૨ ભાગ, સીંધાલુણ ૨ ભાગ, એનું ચુરણ ૦ા તોલો લેવું.

૬૧=સંધીવાના સોજાપર શુરીજન, કેસર અને ઇંડાની સફેતીનો લેપ મારવો.

૬૨=સંધીવા માટે નીચલા જાણીતા સસતા ઉપાય છે—સંધીવા માટે મીઠાંનો જુલાબ લેવો.

કેલોમેલ ગ્રેન ૪, કોલોસીંઠપીલ ગ્રેન ૪, એક વખત માટે ગોળી ૧ બનાવી ગળવી; ઝાડાન થાય તો દીનમાં ૨ અથવા ૩ ગળવી.

સંધીવા માટે—લીંબુનું સરબત પીવામાં ચાલુ રાખવું. પોતાસ કારબોનસ આંઉસ અરધો, પાણી આંઉંસ ૧૦ મેળવીને સુજેલા ભાગ ઉપર એ લોસનના પોતાં ચાલુ મુકવાં.

કલોરોફોર્મ ડ્રામ ૧, પાણી આંઉંસ ૧૦ એ લોસનના પોતાં મુકવાં. અથવા એકસ્ટ્રેકટ બેલેડોના આંઉસ ૦॥, પાણી આંઉસ ૧૨ ના લોસનના પોતાં ચાલુ મુકવાં.

૬૩=સંધીવા માટે—ગરમ પાણીમાં કળીચુનો નાંખી દરદવાળા ભાગને સેકવો.

તાવ વગરના સંધીવા માટે—જેલપ કમપાઉંડના જુલાબની ૪૩૨ છે.

૬૪=ગમ ગુએકમ ગ્રેન બાર, અવલસારો ગંધક ગ્રેન ૨૪, એની ત્રણ ગોળી કરી દીનમાં ૩ વાર ખાવી.

૬૫=સેકટાનું તેલ—સેકટાનાં મુળીઆને છુંદી પાણીમાં નાંખી જંતરમાંથી ગાળે તો પાણી સાથે તેલ નીકળે છે. એ તેલ રાઇ અને લસણના જેવું જલદ છે.

સંધીવા માટે સેકટાનું તેલ મસળવામાં આવે.

૬૬=અંકોલાનું તેલ બનાવવાની રીત—અંકોલાના પાનની લેપડી બનાવવી તે લેપડી કરતાં આઠ ઘણું સરસીઉં તેલ અને ૧૬ ઘણું પાણી નાંખી ઉકાળવું. પાણી બળી રહે ને તેલ ગાળી લેવું.

અંકોલાનું તેલ, અંગુલી તેલ બનાવવાની બીજી રીત—અંકો-લાના બીના મગજને ખાખરાં કરવાં. તે ભુકાને તલના તેલની ૭ ભાવના ( પત ) આપવી, એટલે ભુકો તેલ પી શકે એટલું તેલ પાવું. પછી તે ભુકાને સાંચામાં દાબી તેલ કાઢવું અથવા ભુકાની લુગદી ( કલક ) કરી કાંસાના કાંસીઆને અંદરથી લગાડવી, તે કાંસીઓ બીજા એક કાંસીઆમાં મુકી તડકો લગાડવો. તડકાની ગરમીથી તવાઇને તેલ છુટું પડશે.

કળતર અને સાંધાનો દુખાવો માટે—અંકોલાનું તેલ માલીસ કરવું.

સંધીવાનો સોજો સારો થાય—દીવેલીના મગજ પાણી સાથે વાટી લેપ કરે.

શરીર અડી ગયલું છુટે—કુલીજનનું ચુરણ શરીરે મસળવું.

સંધીવાના દરદીને ખાંડ બહુ નુકશાન કરતા છે. ખતાસ ખાવા કરતાં ખાંડ ખાધાથી વધુ નુકશાન થાય છે; ખાંડનો વીશેષ ઉપયોગ થવાથી કાયા બગડે છે.

સાકેર ખાવામાં ખાંડ જેટલું નુકશાન નથી.

૬૭=નસો ગંઠાયલી હોય, નસો ઢીલી પડી હોય તે માટે-સીંધવ તથા સીંદુર સંભાગે મેળવી ગાયના ઘીમાં મલમ કરી મસળવો.

૬૮=સંધીવા માટે—સુંઠ, એલચી સરખે ભાગે મેળવી ોા તોલો દીનમાં ૨ વાર ખાવો.

સંધીવા માટે—રાતરે સુતી વેળા નીચે મુજબ ચાહ પીવી અને બંનુસ ઓઢીને સુવું.

ચાહ સુંઠની=સુંઠ ખોખરી કરેલી ોા તોલો લઇ ો શેર ઉકળતાં પાણીમાં નાંખી ઢાંકી રાખવો. તે ચાહ રોજ બે વાર પીવી

૬૯=સંધીવા માટે—૫ વાલ સુંઠનો ભુકો અને ૨ વાલ સોડા બાઇકારબ ખાવામાં લેવો અથવા અરધો તોલો સુંઠ, ૧૫ તોલા પાણીમાં ઉકાળીને ગરમ ગરમ પીવું અને ગરમ કપડું ઓઢીને સુવું. પરસેવો થઇને દરદ નરમ પડશે.

સંધીવા માટે—સુનામખી જુલાબના મીઠાં સાથે ખાવી (જ્યારે લોહી પડતું હોય, આમણ બહાર નીકળતું હોય ત્યારે સુનામખી વાપરવી નહીં.) ો તોલો લીમડાનાં પાતરાં સાથે ઉકાળેલા પાણીથી નહાય તો શરીર ની ચેળ નરમ પડે.

તેલ તથા કોપરેલને સંભાગે મેળવીને નજળા તથા વા વાળા ભાગ ઉપર મસળે છે.

૭૦=સંધીવા માટે—લીંબુનું સરબત પીવામાં દરદીને ચાલુ આપવું. કેટલાક દરદીને લીંબુ ખાવાથી સાંધા તરત પકડે છે તે જાણવું.

૭૧=સંધીવા, માથાના દુખાવો. માટે—સંધીવામાં જ્યારે સોજો ન હોય ત્યારે અને માથાના દરદ માટે તેમજ વાળા માટે વછનાગને પાણીમાં ઘસી લેપડી મુકવી.

૭૨=સંધીવા, ખેંચાઇ ગયલી નસો માટે તેલ—જીવતા સરડાને છુંદી નાંખી તેલમાં ઉકાળ્યા પછી તે તેલ ફરીથી અંતરગળજંતર માંથી ગાળી કહાડે, પછી સંધીવા માટે અને ઢીલી થયલી નસો માટે મસળવામાં વાપરે.

૭૩=વા કમરનો, વા સાંધાનો તોડે—સાબરસીંગું પાણીમાં જાડું ઘસેલું તોલો ૦, મધ અને દારૂ (દારૂ વગર બી ચાલે) સાથે મેળવી સવારે ભુખે પેટે ચાટી ઉપરથી દુધ શેર ૦ાા દીન ચાર પીએ. તો રહી ગયલા માણસને જરૂર ફાયદો થાય. સઘળા બીજા ઉપાયોમાં આ પેહેલો અજમાવવો, ઉપાય ઘણો જાણીતો, સેહેલો, અને સસ્તો છે.

૭૪=સંધીવા માટે—કાળાં મરી, શુધ્ધ કરેલા ઝેહેર કચોલા, અફીણ સરખે ભાગે મેળવી પાનના રસમાં એક રતી ભારની ગોળી બનાવી દીવસમાં ૩ વાર ખાઇને ઉપરથી નાગરવેલનું પાન ચાવવું.

૭૫=સંધીવા માટે—આકડાના રૂની ગોદરી બનાવી સાંધા ઉપર બાંધવાથી ગરમી આવે અને ફાયદો થાય.

૭૬=ગુમરો, તલના ઝાડના જેવું એ ઝાડ છે. સુરતની પાસે રાંદેર કસ્બામાં અને સીગણપોર ગામમાં એ ઝાડ થાય છે. ફાગણ માસ સુધી એ ઝાડ જીવે છે. સુરત શેહેરની પાસે સીગણપોરમાં તેને ગુમરો કહે છે. એની લેપડી મુકવાથી સંધીવાને ફાયદો થાય.

વા ખસે, અડી ગયલા સાંધા છુટે, જાંગરો, દમરો મટે, કમર અને ગળામાં કળતર થાય તે માટે ખજુરીઆના પાનની થંડી લેપડી બાંધે. વા ખસીને બીજી જગાએ જાય તો ત્યાં તે લેપડી મુકે. આ લેપડીથી અગન બળે છે. જો એની અગન ખમી ન શકાય તો થંડા પાણીની ધાર ઉંચેથી નાખવી, અથવા કોપરૂં પાણીમાં ઘસી લગાડવું.

જાંગરો તે જમણા પગનું ગુઠણ સુજે તેને કહે છે, દમરો તે ડાબા પગનું ગુઠણ સુજે તેને કહે છે. એ બંને દરદ ખજુરીઆના પાનની થંડી લેપડી મુકવાથી સારાં થાય છે.

૭૮=સંધીવા માટે—તેલમાં પેપરમીંટના ફુલ મેળવીને મસળે છે.

૭૯=સંધીવા માટે લેપ-ધઉંનું થુલું ૪ ભાગ, નીમખ ૧ ભાગ અને ભાંગ ૧ ભાગને ગરમ કરી સુકું બાંધવું.

૮૦=સંધીવા ઉપર ભીલામાનો રસ ચોપડે છે તે જગા ઉપર ગરમી આવે છે. વધારે ચોપડે તો ફોલ્લો ઉઠે છે. પારાની ધાતુ ભીલામા સાથે જલદી મળી જાય છે.

ભીલામાના ઝાડના લાકડાંની ખળમાં પારો મસલ્યો હોય તો પારાની ગોટી બંધાય છે.

ભીલામાથી થયેલો સોજો ઉતરે—તલનું તેલ, અથવા કોપરેલ ચોપડવાથી ભીલામાનો સોજો ઉતરે.

## સસણી-વાવરી-ઉપળીઉ, કરમની કસર

૧=સસણી માટે—ચોધારી થુઅરને બાળી રસ કહાડે. તે રસમાં એળીઓ, હરડાં, રેવનચીનો શીરો, મેળવી પેટપર દુંટીની આશપાસ લગાડે દુંટી ઉપર લગાડે નહીં.

૨=સસણી—આંબાના ઝાડ ઉપરની લાલ થાય છે તે કીડી એક, પાણી તોલા એકમાં મેળવી તેમાંથી ૦। તોલો પાણી બચ્ચાંને પાવાથી સસણીનું જોર નરમ પડે છે.

૩=સસણી માટે—ગરમારાના બી, નાગરવેલના પાનના રસમાં વાટી બાળકને પાએ.

૪=બચ્ચાંને ઉપળીઉ, બચ્ચાંને સસણી માટે—ગોરચંદન ૧) ચોખાના જેટલું માતાના દુધમાં ઘસીને દર ત્રણ કલાકે પાવું.

૫=સસણી મટે—મીઠીજાર નામનું ઝાડ કાઠીયાવાડ, આણુ, ગુજરાતમાં થાય છે, તેનું એક પાન દુધમાં વાટી બાળકને પાય.

૬=સસણી માટે ગૌમૂત્રને ૨ વાર કપડાંથી ગાળીને તેમાં હળદર નાખી ૦। તોલો બાળકને પાવું.

૭=સસણી—બચ્ચાને થાય તો વાઇન ઇપેકેકયુનાના (મદાર) ટીપાં દસથી પચાસ સુધી પાણી સાથ પાવાથી ઝાહડો ઉલટી થઇ નરમ પડશે.

૮=સસણી, વાવરી મટે—ખાવાના પાનનો રસ ૫) ટીંપા, આદુનો રસ ૫) ટીંપા, એમાં ૨) લવંગ મેળવીને બચ્ચાંને ૪) દીવસ પાવો.

૯=સસણી માટે—પાપડખાર ૦॥ વાલગોળમાં મેળવી દીવસમાં બે વાર ખવાડે.

૧૦=સસણી માટે—મરઘાનો સાતપડો (ઠેઠવો) સુકવી બારીક કરવો તે ચુરણુ ૧ વાલ બાળકને મધમાં ચટાડે.

૧૧=વાવરી, સસણી મટે—ઘોડાવજના બે ઘસકડા પાણી સાથ કરી તે પાણુ બાળકને પાય જો ઝાહડો સાફ ન આવતો હોય તો જુલાબ આપવો.

૧૨=સસણી માટે—જુનો ગોળ પાંચ વાલ, સાજીખાર બે વાલ પાણી સાથ મેલવી દીવસમાં ૩ વાર બાલકને પાવુ. ઝાડા વાટે પેટની ગાંઠો પડશે અને બાળક હુશીઆર થશે; અથવા જુનો ગોળ બે વાલ અને પાપડખાર અથવા જવખાર. ચણાની એક દાળ કરતાં બી ઓછો મેળવી માતાના દુધ સાથ બાલકને ખવાડવું.

૧૩=બાલકને સસણી, દમ, ખાંસી માટે ચેવલી પાનપર દીવેલ લગાડી ગરમ કરે અને છાતીપર બાંધે. અને પેટપર મુકે.

૧૪=વાવરી દુન, દુન વાવરી, બાળકનું પેટ મોટું થાય, દમ લેવાએ નહી અને હાફે તે માટે ઈલાજ—બાવળના ઝાડપર નાહી નામનો વેલો થાય છે તેના મુલના બે ઘસકરાં ઓના દુધમાં ઘસી પાવા. પેત ઘણા આવે અને દરદ નરમ પડે. જો પેત ન આવે તો જીવ જોખમમાં જાણવો.

૧૫=બીજો ઈલાજ—અગતીઆ ઝાડાના પાનનો રસ ૦॥ તો. પાવો, અને તે રસ શરીરે ચોપડવો.

૧૬=દુધ વાવરી—નાના બાલકને ૧ મગ જેટલી પકાવેલી ગાપણુ મધમાં આપવી.

૧૭=મરઘીનો ઠેઠવો સુકો ૧ મગ જેટલો ચેવલી પાનના રસમાં આપવો, (ચેવલી પાનને ચુલાની ભેભટમાં બાફવાથી રસ નીકળે છે)

૧૮=નાએના ઝાહાડના પાન છુંદી પેટ પર બાંધવાથી ઝાડો આવી દરદ નરમ પડશે.

કેરાંનું ઝાડ જે ઉપર બોર જેવાં ફળ થાય છે, તે ફલનું અથાણું બને છે, તે ઝાડ સાથે નહીકંડ નામનો છોડ થાય છે તેનાં પાનનો રસ બાલકને પાય અને તેના પાન છુંદી પેટે બાંધે.

૧૯=દુધ વાવરી—પકાવેલી ગાપણ મગ જેટલી મધમાં મેળવી નાના બાળકને પાવી. મોટાં બાળકને બામ ભાજીનાં પાતરાંના રસમાં પાવી.

૨૦=ડીકમાલી, રેવંચી, એલીઓ સંભાગે પાણીમાં ઘસી, તે ઘસારો ડુંટીની ઉપર નહી પણ ડુંટીની આસપાસ લગાડવો. સુકાયને ફરી ફરી ૩ વાર લગાડવો.

૨૧=ધનુરવા, સસણી, બત્રીસી બેસી જાય તે માટે—ખાટલાપર ના માકડનું લોહી દાંતના પારા ઉપર ઘસવું. અથવા સસલાનું લોહી ગરદન પર મસળવું અને ફાવે તો પાવું.

૨૨=સસણી માટે આકડાના મૂળની છાલનું ચુરણ ૫ વાલ અને ખાંડ ૬ વાલનું ચુરણ બનાવી તેમાંથી ૧ વાલ ચુરણ દર ૩ કલાકે બાલકને મધ સાથે ખવાડવું ઉપરથી અજમાનો શેક કરવો.

૨૩=ડીકામલી એળીઓ અને રેવનચીં પાણીમાં વાટી ગરમ કરી ડુંટીની આસપાસ લગાડે.

૨૪=સસણી માટે—સસણીવાળાં બાળકને હરડે અને બેહેરાંનો ઘસારો રોજ પાવો.

૨૫=સસણીમાટે હરડેને આદુના રસમાં ઘસી બાળકને ચટાડે.

૨૬=તસણી વાવળી માટે— } ઘીની બતી ઉપર તારની ચારણી મુકી તે ઉપર ચેવલી પાન ગરમ કરી છાતી ઉપર સેક કરે તો ફાયદો થાય;—

૨૭=સસણી—એક રતી નવસાર દુધમાં મેળવી બાલકને રોજ ખવાડે.

૨૮=ઉપલ્યું બચ્ચાંને થાએ તે વખતે લસણનું તેલ છાતીએ મસળે છે Indolent tumour, ને પીગળાવવા માટે લસણની લેપડી મુકાય છે.

૨૯=જુનો ગોળ—જુલાબ લાવે છે. બચ્ચાંને સસણી અને ઉપલ્યાં માટે અપાય છે.

૩૦=સસણી અથવા ઉપલીઉ બચ્ચાંને થાય ત્યારે સસલાના ાહીને છાતી અને ગરદને ચોપડવું અને પાવું, સસલાનું તાજુ ાહી તુરત રૂ માં બોળી લઇને છાયામાં સુકાવી રાખે છે. ત્યારે લોહીનોખપ પડે ત્યારે આ રૂ પાણીમાં ભીંજવીને લોહી કુતું પાડે છે.

૩૩=સસણી માટે—ફુલવેલી ફટકી એક વાલ મધ સાથે ખવાડવી.

૩૪=સસણી—ા તોલો ગૌમુત્ર ૨ વાર કપડાંથી ગાળી તેમાં ૧ વાલ હળદર નાખી પાવું.

સસણી બચ્ચાંને—માતાના ભારે ખોરાક ખાવાથી બચ્ચાંને સસણી થાય છે તે માટે મરઘીનો સાતપડો યાને ડેડવો ૧ વાલ ાણી સાથે બચ્ચાંને પાવો.

૩૫=સસણી-દાંતનું બેસી જવું—માકડનું લોહી રૂમાં મુકી તેનો કાકડો કરી તેનો ધુમાડો સુંઘાડવો.

૩૬=સસણી માટે—બાળકના પેટ ઉપર (દુંટીપર નહીં) એળીઓ, ીકામરી, રેવંચીનું લાકડું ઘસીને સહવાર સાંજ લગાડવું.

૩૭=સસણી બાળકને થાય તે દીવસે કારેલીના પાનનો રસ ૧ તોલા અને હળદર પાંચ વાલ મેળ્વીને તેમાંથી એકેક ચમચી સહવાર સાંજ આપવી.

૩૮=તાન થાય બાળકને તે માટે—કાંડામાં ઘી મેળવી કપાળ ર લગાડે અને દીવેલાનું પાન ઉપર બાંધે. સહવારે બાંધી સાંજે ાહાડે. ૩ દીવસ આ ઇલાજ ચાલુ રાખે.

૩૯=બચ્ચાંને ઉપળીઉં-ખાંસી—સીતાબના પાનને કેળના પાનમાં ીટાળી ગળે બાંધવું.

સસણી—સીતાબનો રસ અનેબાવચીનો રસ મધ સાથે પાવો.

૪૦=સસણી—૧ રતી ગોરૂચંદન તથા ૨) વાલ હલદર, નાગર-ળના પાનનાં રસમાં આપવી.

જુઓ "વાયરી" "ઉપલીઉં" "કરમ."

## સંગ્રહણી-ઝાડા-મરડો-આમવાયુ-અતિસાર.

૧=સંગ્રહણીના દરદીને ખાસ તાજી છાસ અને તાજું દહીં વધારે ગુણ કરે છે, કારણ કે તેમાં લેકટીક આસીદ છે. સડેલો ખોરાક ખાવાથી આંતરડામાં જીવજંતુ થાય છે, તેનો લેકટીક એસીડ નાશ કરે છે.

સંગ્રહણી. અસાધ્ય હોય તે સાધ્ય બને. દરદીને ફક્ત છાસ આપવી. બીજું કાંઇ ખાવાનું નહીં આપવામાં આવે તો સંગ્રહણીને ફાયદો થાય. સંગ્રહની ઘણી મજબુત હોય તો આ ઇલાજ ઘણો સારો છે.

૨=ઝાડા, સંગ્રહણી માટે—જાંબુના પાતરાંનો રસ પીવાથી ફાયદો છે.

૩=ઝાહડા, મરડો, સંગ્રહણી, લોહીનું પડવું—એ માટે નીચલો કડાનો આસવ ૧।। તોલો દર વખતે દીવસમાં ૩ વાર આપવો આસવ જેમ જુનો થાય તેમ વધુ ફાયદો આપે છે.

કડાની છાલ ૧૦ શેર. પાણી અઢીમણ (૨।। મણ) ઉકાળીને ચોથે ભાગે આસરે ૨૯ શેર રહેને ગાળી કાહડવું અને તેમાં નીચે મુજબ નાખવું. શાકર ૧૦ શેર, મધ ૫ શેર, ધાવડીના ફુલે ૬૪, રસાજન, સામરનો ગુંદર, અરદુસાના મુળ, મોફ, સુંઠ, લોધર, વાળો, કાચાં બીલ્લાંનો ગર, ઇંદરજવ, કડાની છાલ, આંબાની ગોટલી, અતીવિષની કળી, રીસામણીનો પંચાગ, ચીત્રાનું મુળ, અને ભીલામું દરેક આઠ આઠ તોલા બરણીમાં ભરી તે બરણી ૧ માસ જમીનમાં દાટવી. પછી પીવામાં લેવું. જુના અતીસારને બહુ ફાયદો આપે છે.

૪=સંગ્રહણી અને લોહીસાથના ઝાડા માટે ૦ તોલો તલ, માખણ, અથવા ઘી સાથે ખાવા.

૫=પીપર આસવ સરદી, સંગ્રહણી નબળાઈ, હરસ, ગુલમવાયુ આ દરદો માટે પીપર આસવ ઉપયોગી છે. તે બનાવવાની રીત—૨૫) શેર ઉકાળેલું પાણી, સાકર ૧૦) શેર, મધ ૫) શેર, પીપર, મરી, ચવક, ચીત્રો, નાગકેસર, વાયવડંગ. લોદર, આમળા, વાળો, ધોળુ ચંદન, લવંગ, તગર, એ સઘળાં ૧ બરણીમાં પેક કરી, મોં કપડછંડ કરી ૧ મહીનો તડકે રાખવું, પછી બાટલીઓ પેક કરવી.

## સળેકમ-સળેખમ-સરકમ.

૧=સળેખમ—સળેકમ-સરખમ-શ્લેષ્મ માટે-કપુર અને શાકર સંભાગે લઇ ગોળી ચણા જેવડી બનાવી કાળાં મરીના ચુરણમાં રાખવી રોજ ૩ થી ૬ ગોળી ખાવી. મરી કપુરને ઉડી જતાં અટકાવે છે.

૨=સળેખમ—ગોળ, ઘી પીપળી મુળની રાબડી પીવાથી સળેખમ નરમ પડે છે.

૩=ચીના લોકો સરકમ થયલા માણસની આંખના ભાવાની બચેનો ભાગ લાલ થાય ત્યાં સુધી આંગળીથી ઘસે છે તેથી સરકમ નરમ પડે છે.

૪=સળેખમ માટે—દેશી ખાંડને અંગાર ઉપર મુકી તેનો ધુમાડો પતરાની ગળની વતી તથા કાગળની ભુંગરી વતી નાંખે લેવો.

૫=સળેખમ-ખાંસી—ભુજેલા ચણા અને મીઠું ખાવાથી સળેખમ, ખાંસી નરમ પડે છે.

૬=સળેખમ માટે—અફીણના અર્કના ટીપાં વીસ પાણીના મોટાં ગલાસમાં મેળવી તે પાણી જરા જરા પીએ અને એક કલાકમાં તે પાણી પુરૂં કરે.

૭=સળેખમ—માટે, દુધ, શાકર, મરી ગરમ કરી પીવું.

૮=સરકમ માટે—કપુરના ટીંકચરના ટીંપા પાંચ પાણીમાં નાખી પીવાં.

૯=સળેખમ માટે કપુર સુંઘવાથી સળેખમ નરમ પડે છે.

૧૦=સલેકમ થાય નહીં-થંડીના દીવસોમાં નાહતી વેળા શરીરે તેલ મસળનારને સરદી થાય નહીં.

૧૧=સળેકમ ઘણો જોરમાં થયો હોય તો—દરાખના ઝાડના પાનના ભજીઆં કરી ખાવાથી સળેકમ નરમ પડે.

૧૨=સલેકમ મટે—કાલાં મરી ૦। તોલાનું ચુરણ દુધ ૦। શેરમાં ઉકાલી પીએ.

૧૩=સળેખમ મટે—મરી, અજમો, ખસખસ સંભાગે મેળવી ભુંજીને ચુરણ બનાવે. ના થી એક તોલો ચુરણ ફાકે.

૧૪=આક કટોરાનું પાણી પીવું. (બનાવવાની રીત જુઓ " કટોરાનું પાણી "

૧૫=સળેકમ મટે—સરસીંઉ તેલ નાંખે લગાડીઆ કરે.

૧૬=સળેકમ મટે—રાતરે સુટી વેળા કાચો કાંદો ખાવો.

૧૭=સળેકમ થયલો મટે—હળદરની ધુઇ લેવી.

૧૮=સુંઠ, મરી, લીલી ચાહ વગેરેની ચાહ બનાવી ગરમ ગરમ પીવી, ઠંડુ પાણી પીવું નહી. સળેકમ જરૂર મટે.

૧૯=સુંઠ, મરી, પીપરનું ચુરણ ૦। તો. ઘી અને જુનો ગોળ સાથે મેલવી રોજ ૩ વાર ખાવું.

૨૦=સુતી વખતે સેકેલા ચણા અથવા ચણાના ભજીઆં ખાવાં.

૨૧=આકડાના મુળની છાલ, જેઠીમધ, સંભાગે મેળવી તેના સરખે વજને સાકર લઇ તે ચુરણ બે વાલ દર ૩ કલાકે લેવું.

૨૨=મીઠું બારીક વાટી સુંગવું.

૨૩=જાયફળ વાટી કપાળે લેપ કરવો.

૨૪=હળદરના ચુરણનો ધુમાડો નાંખે લેવો.

૨૫=રાતે ગરમ પાણીમાં રાઈ નાખી તેમાં પગ બોળવા. પાણી ઠંડુ પડે તો બીજું ઉકળતું પાણી નાખવું. ૨૦ મીનીટ પગ બોળી રાખ્યા પછી ગરમ ચાહ પી સુઈ જવું.

૨૬=સળેખમ થયો હોય તેને સુંઠની ચાહ પાવી, ગરમ ઉકળતાં પાણીમાં સુંઠ છુંદીને નાખવી, ૦। કલાક પછી પીવી.

૨૭=દુધમાં ૦। તોલો હળદર અને ખાંડ ઉકાળીને પીવી.

૨૮=વછનાગના ટીંકચરનું ૧ ટીપું ગરમ પાણી સાથે દર કલાકે ચાર વાર પીવું.

૨૯=સળકમ, અડગરી, ખાંસી મારે—ઘીનો ધુમાડો નાકે લેવો. અને અજમાના ચુરણની પોતલી સુંઘીઆ કરવી.

નવસાર નાકે સુંઘવાથી સળેખમ નરમ પડે છે.

૩૦=સળેખમ મટે—મરી, ગોળ અને દહી ખાવાથી સળેખમ મટે.

૩૧=સળેખમ સરદીથી થયો હોય ત્યારે—એલચી અને લવંગ ચાવી મોઢામાં રાખે.

# સનેપાત.

૧=સનેપાટ તથા શરીરે જરડી થાએ તેનો—ઇલાજ ૩ શેર જુવારના આટાની રોટલી એક કરે. તે રોટી કોરાં માટીના વાસણમાં મુકે, અંદર ૩૦ શેર ( ના મણ ) પાણી નાખે, પછી તેનું મોંહ બંધ કરી તડકામાં ૭ દીવસ મુકે, પછી ગોળ શેર ત્રણ તે માંટલામાં નાંખે. ૭ દીન તે વાસણ ફરીથી તડકે રહેવા દીએ. મોંહ બંધ રાખે. ૨૧ માં દીવસે. ( અદીતવારે ) ૧૦ શેર લોહડું લાલ ગરમ કરી તે માંટલામાં મુકી દેવું, તેને ૭ દીન તડકે રાખવું. પછી ગારીને બાટલીઓ ભરી તેમાંનું પાણી ૩ થી ૫ તોલા પીવામાં લેવું. ( જુવારનો આસવ બને છે )

૨=સનેપાટનો ઇલાજ—કાળા ધંતુરાના પાંતરાં એક તોલો લેવાં. તેની બંને બાજુએ ચુનો લગાડી એક કાદવના વાસણમાં બંધ કરી સળગાવી તેની રાખ કરવી અને તે રાખમાં પીપલાનું મુળ ૩ તોલા બારીક કરી નાંખવું. અને તેમાનું ચુરણ બે વાલ રોજ ખાવું,

ઉપાય બીજો—ધંતુરાના રસને ગાયના માખણમાં મેળવીને દરદીને શરીરે મસળવું.

૩=સનીપાત માટે(કુકડપાડા) તુરીઆના બીજ, અરીઠા, સમુદર-સોષના બીજ, કાંટાના બીજ, એઓના ચુરણને ઘી સાથ એકેક વાલની ગોળી વાળવી. દરદીની શક્તિ જોઇ એક, બે, કે ત્રણ ગોળી દીનમાં ૩ વાર આપવી. મરતી વખતના સનેપાતને બી ફાયદો બતાવે છે. આ દવા અજાયબ ગુણ ધરાવે છે.

સનેપાટ=સુરતી માટે—આકડાના પાન ગરમ કરી માથે મુકે તો ફાયદો થાય.

૭=સનેપાત તાવ માંથાનો હોય તે માટે—વચનાગ ૧) તોલો, મરી ૩) તોલા, અડાયાંનીરાખ ૧૬ તોલા મેળવી શરીરે લગાડે.

૮=કળીઠી ચમના અળશી શેકી ભુકો કરી શરીરે મસળે અથવા સેકેલા ચણા, અજમો, વજ, સુંઠ શરીરે ઘસવી.

૯=સનેપાત માટે—પીપળાના ઝાડની વડવઈ તથા જાવંત્રીની ગોળી બનાવી આપે છે.

૧૦=સનેપાતના તાવમાં પીવાની દવા—ભોંયરીંગણી, અથવા કરીઆતુ, ગળો, સુંઠનો ઉકાળો પાવો. અથવા ફુલવેલો નવસાર બબે વાલ કરીઆતાની ચાહમાં આપવો, તથા અકલગરો, ઉપલેટ, સુંઠના ઉકાળામાં પાવું.

સમુદ્રફળ—સમુદ્રફળને પકવવાની રીત—સમુદ્રફળ ૧) શેરને ગાયના બશેર દુધમાં ઉકાળે, દુધ બળી રહેને ૨) શેર ગાયના મુતરમાં ઉકાળે પછી ૨) શેર બકરીના મુતરમાં ઉકાળે. પછી વાપરે તો ગુણ દવાનું ઘણો વધે.

## સરકો.

સરકો બનાવતી—ધાન્ય આમ્લ, ફોતરાં વગરનું કોઇ બી અનાજ અડદ, મગ, ચોખા, ઘઉં, જવ વગેરે કોઇબી ૧) જાતનો અનાજ ૧) શેર અને પાણી ૮) શેરમાં મેળવી વાસણનું મોંહ ૧૫ દીવસ બંધ રાખે. તેને ગાળી સરકો બનાવે. કોઇબી ઝાડનું મુળ, પાન, ફુલ, દરાખ, વગેરે ૧૦) દીવસ એમાં ભીંજવી રાખવાથી તેનો રસ એ સરકો ખેંચે છે.

## શરીર ફુલે—શરીરે ચરબી—ચરબી શરીરે—બરોળ

૧=પીપર, મરી, સુંઠ, પીપરી મૂલ, ધાણા, વરીઆળી, મોટી હરડે, એનો ઉકાળો કરે. તે ઉકાળાને વધુ ઉકાળી ઘટ બનાવે. તેમાંથી ૦। અથવા ૦॥ તોલો દીવસમાં ૩) વાર પીએ તો ફુલેલું શરીર નરમ પડે.

૨=શરીર ફુલે—કોઈ ઝેરી જાનવરના દંખથી શરીર ફુલી આવે તો દુધેલીનું મુળ છાસમાં ઘસી લગડે તો તરત સોજા નરમ પડે—ફુલ બરોળ મટે, પેટના વ્યાધી દુર થાય—દુધેળીના ફુલ અને ખારેક સંભાગે લઇ તેના ચુરણની ગોળી ચણા જેવડી બનાવી તેમાંની એક રોજ ખાય તો હોજરીની બીમારી સારી થાય અને બરોળનો સોજો જલદી નરમ પડે.

૩=આ વેલો જમીનમાં ઉંડનો રહે છે, ફકત પાંદડા જમીન પર રહે છે, પાંદડા એક બાજુથી લાલ રહે છે પાણીવાળી જગા પર થાય છે, આ વેલો કવચંતજ મળે છે.

શરીર જાડું થાય—જવાસો દુધ રોજ લેવાથી શરીર જાડું થાય.

**જુઓ " ચરબી શરીરે " " શરીરે ચરબી. "**

## શરીરે ગરમી આવે–સુસતી ટળે–જાગૃતિ રહે.

૧=શરીરે ગરમી આવે—ઇંડાની કાચી દાળ એક તોલો, બ્રાંડી ०।। તોલો અને ત્રણ તોલા પાણીની મેળવણી કરી દરદીને ગરમી લાવવા માટે આપે છે.

૨=શરીરે ગરમી લાવે—તાવમાં પરસેવા લાવનારી દવાથી શરીર થંડુ થાય. નબળાઇ જણાય અને હૃદય નબળું પડે ત્યારે જેઠીમધ ખવાડવાથી ગરમી અને શક્તી આવે.

૩=ઠંડા ઓસડો જેવાં કે ડાએફોરેટીક દવાઓ અને એન્ટી ફેબ્રીન આપ્યા કરવાથી દરદી શરીરે નરમ પડી જાય છે અને થંડો પડે છે. જેઠીમધ આપવાથી ગરમી આવીને દરદી હુશીયાર થાય છે.

૪=સરીરે જાગૃતી રહે—કાફીનો કાહવો ગરમ છે ઉંઘને કાપે છે, અંગમાં હુશીયારી લાવે છે.

કાફીમાં ચીકોરી ભેળે છે. કાફી ઠંડા પાણીમાં રંગ આપે નહીં. ચીકોરી ઠંડા પાણીમાં રંગ આપે છે. એટલે ચીકોરી સાથની કાફી ઠંડા પાણીમા નાંખે તો જરા રંગ પાણીમાં ઉતરે છે.

૫=કાફીને બદલે કુમારીઆના બીને સેકીને તેનો ભુકો વેચવામાં આવે છે અને તે કાફીના જેવો સ્વાદ આપે છે.

બીજા હલકા અનાજ બાળી ભુકો કરીને કાફીમાં ભેળે છે.

૬=સુસ્તી ટળે—આવરના છોડના ફુલની ચાહ બનાવી પીએ તો કાફીના જેવો ગુણ આપે છે. **જુઓ " જાગૃતિ રહે. "**

## શરીરે ચેળ આવે.

**શરીરે ચેળ આવે તે મટે—લીમના પાનનો ધુમાડો આપવો.**

**જુઓ " કીડ "**

## શરીરે સુળ મારે.

૧=સુળ એટલે શરીરમાં ખીલા મારે તે વાયુથી ઉત્પન્ન થતા સુળ પીઠમાં લાગે, પીતથી ઉત્પન્ન થતા સુળ દુંટીમાં લાગે. કફથી ઉત્પન્ન થતા સુળ સાંધાઓમાં લાગે. એ દરદ મારે સાબરસીંગની ભસ્મ ૦। તોલો, હીંગ ૧ વાલ ઘી સાથે મેળવી રોજ ખાય તો દરેક જાતના સુળ નરમ પડે.

૨=સાબરસીંગને ૧ આખો દીવસ કુમારના રસમાં ભીંજવી રાખવું. પછી તે સાબરસીંગ કુમારના પેતાંમાં મુકી તે કુમારને પાછો બાંધી લેવો. તેને છાનામાં મુકી બાળવો. ચુના જેવી ફાક થાય તે ખાવામાં લીએ.

૩=શરીરે બળતી દાહ મટે—લીમડાની કુપળને વાટી પાણીમાં વલોવતાં જે ફીણ આવે તે શરીરે લગાડે.

૪=શરીરે ગરમી આવે—થીકું તેલ ૧) શેર સીંધાલુણ ૦। શેર ઉકાળીને શરીરે મસળવું.

૫=સુંઠ ૩ ભાગ, અજમો ૫ ભાગ છુંદી તેનો ચુકો શરદીવાળી જગાએ મસળવો. કળતર પણ દુર થાય. શરદી પણ નરમ પડે.

૬=સાંધામાં છાતીમાં અથવા પેટમાં સુળમારે તેનો ઇલાજ—સુરવાળા કરી ૧ જાતનું ઘાંસ થાય છે. તેની ટોચ કાળા રંગની છે, તે ટોચ કાંટાવાળી અને ચાર આંગળ લાંબી રહે છે. તેનો ઉકાળો કરી પીવાથી ગમે તેવી શુળ હોય તે નરમ પડે છે. શુળ મટાડવાનો અતિ અદભુત ચમત્કાર એમાં છે.

જુઓ "ઉકળાટ" 'અગન'

## શરીરે ચિત્રી પડે.

શરીરે ચિત્રી પડે તે માટે—કુવાડીઆના બીજે મુળાનો રસમાં વાટી લગાડવું.

## શરીરનો દુખાવો.

૧=દુખાવો—શરીરના કોઇ પણ ભાગ ઉપર દુખાવો થાય ત્યારે વડનું દુધ લગાડે છે.

## શરીરે આંકરાં.

૧=આંકરાં શરીરે આવે તો બકરીનું દુધ, માખણ અથવા ઘી ખુબ ઘસવાથી આંકરાં બંધ પડશે વધુ વખત આ ઇલાજ ચાલુ રાખવાથી ફરીથી આંકરાં આવશે નહીં. 'જુઓ આંકરાં.'

## શરીરે ચસકા.

૧=શરીરે ચસકા, મારે ખેંચતાણ થાય તો—ભોંયરીંગણીનો ધુમાડો શરીરપર લેવો. જુઓ 'ચસકા.'

## શરીરે થંડી ભરાય.

૧=કટોરાનું પાણી પીવાથી થંડી મટે—જુઓ 'કટોરાનું પાણી.'

૨=શરદી જાએ, ગરમી આવે—સમુદ્રશોસ, જાયફળ, જાયવંત્રી, લવંગ સંભાગે લઈ પાનના રસમાં ચીનીબોર જેવડી ગોળી કરીને રોજ ખાવી.

૩=ઠંડી માટે, શરીર દુખે તે માટે—૨) ટીંપા ટીંકચર એકોનાઈટ પંદર પંદર મીનીટે પાણી સાથે આપવામાં ફાયદો છે.

૪=હાથે પગે શરદી લાગે તો—વેંગણાને છોલી કટકા કરી પાણીમાં ૪ કલાક સુધી ભીંજવવા. તે પાણી હાથ પગને મસળવું.

૫=શરદી પાણીમા ભીંજાવાથી લાગે તો સુંઠ, ગોળ, ઘી, ચાટવાથી ગરમાવો આવે છે.

૬=શરીરે ગરમી લાવવા માટે—શરીરે સુંઠનો ભુકો ઘસે છે.

૭=શરદી માટે—શરીરે સરદી હોય તો મરીનો ભુકો મસળવો.

જુઓ "શરીરે ગરમી આવે.'

## શરીરની ચામડી થંડીથી ફાટે.

પગમાં ચીરાપડે ત્યારે—વડનું દુધ ધગાડવાથી ફાયદો થાય છે.

થંડીમાં હાથ પગ ફાટે ત્યારે—અંજીરીના પાનની રાખ મસળે.

જુઓ "હાથ ફાટે" "પગ ફાટે"

## શરીરે શીતળા થાય નહીં.

શીતળા થાય નહીં—સામરનો રશ, સફેદ ચદન અને જેઠી મધ સંભાગે ધસીને એક તોલો ખાએ તો શીતળા નીકળે નહીં.

## શરીરે સુખાકારી રહે–ઓળપેનકયુર શરીર નિરોગી રહે–ઘડપણ જલદી ન આવે.

૧=શરીર નીરોગી રાખવા માટે નીચલા ઉપાયો કરવાઃ—

હરડેબેરા અને આમળાનો સંભાગે ભુકો કરી ના તોલો એક વરસ સુધી ચાલુ ખાવાથી શરીરે રોગ થતો નથી.

૨=ત્રીફળા અને જેઠીમધ સંભાગે એકેક તોલો મેળવી તેનાં પડીકાં આઠ કરવાં અને તેમાંનું ૧ ભુખે પેટે દુધ, ઘી, અથવા મધ સાથે લેવું. એક વરસ સેવન કરવું;

૩=ત્રીફળ તોલો ા, ઘી તોલો ાા સવારે રોજ ખાવું.

૪=ત્રીફળ અને પીપર સંભાગે મેળવી ાતોલો ઘી સાથે લેવું.

૫=ત્રીફળ અને પીપર સંભાગે મેળવી ા તોલો ઘી સાથે લેવું.

૬=૩૬૦ રોગ ટળે—જીન જોટાની છાળ, નગોડના મુળની છાલ, દુઅરની દાંડી, પીપળીમુળની છાલ, છાયામાં સુકવી તેની ભુકી કરી હાથેલી ભરી ફાકી મારવી.

૭=રસાયણ ચુરણ, ઘડપણ જલદી ન આવે—આમળા, ગોખરૂં, ગળોએઓનું સંભાગે ચુરણ બનાવી ાા તોલો રોજ બેવાર સેહેવે, એટલે બહુ લાંબો વખત ખાયા કરે.

૮=નીરોગી રહે–સઘળાં દરદો હરે–સૌથી સરસ ટોનીક } હરડે બેહરાંને આમલાનું ચુરણ ૭ ભાગ (શેરની ૪૦ વાળી)હરડે ૧ ભાગ

અને હીરાકસી ૧ ) ભાગ મેળવી તેનું ચુરણ ા તોલો બપોરે ખાવા પેહેલાં ૩) કલાક આગળથી ખાય; અને રાત્રે ખાધા પછી ૩) કલાકે ખાય, સાથે ઘી, મધ અને સાકેર લેવી; (ઘી અને મધ સરખાં વજને કોઇ વખતે ખાવું નહીં ) ઉપરથી ાા શેર દુધ પીવું. આ ચુરણ ચાલુ લેયા કરવું.

૧૦=તનદુરસ્તી આવે, નીરોગી થાય. જીલ ઝાડની છાલ, નગોરના મુળીઆની છાલ અને તેની ડીરીનું સંભાગે ચુરણ બનાવે, તે ચુરણના ચોથા ભાગે પીપરીમુળ મેળવે તેમાંથી ૦। તોલો ચુરણ ભુખે પેટે રોજ ખાય અને સેવન કરે.

મરદને શકતી આવે, ઘડપણની નબળાઇ દુર થાય, વીર્યનો વધારો થાએ. મગજની શકતી વધે, કુટેવથી થયલી નબળાઇ સારી થાય, ગરભસ્થાન સુધારે, શરીરે ફુલેલી સ્ત્રીને ફાયદો આપે,—આટલા દરદો માટે આસન સારી પેઠે જણાઇ ચુકયું છે. ૦।। અથવા ૧) તોલો આસન અરધો સેર પાણીમાં ૧) રાત ભીંજવી રાખી સહવારે ૦।। સેર દુધમાં ઉકાળી રોજ પીવું. જો ફાવે તો ૦।। તોલો ચોખ્ખું ગાયનું ઘી નાખી પીવું.

આસંધનો અરક અને વાઇન તઇયાર બનાવી વેલાતી દવા તરીકે વેચાય છે તેના ગુણો નીચે મુજબ જણાવ્યા છે.

Asandh Wine is the best "pick me up." It has been recognised as the best Tonic in nervous debility, Exhaustion, Loss of memory, Brainfag, Dimness of sight, Confusion of ideas, loss of vigour, Pulpitation of heart, sleeplessness, Incapacity of study or busidess.

## સ્ત્રીની ઓકારી.

૧=અજમો અને ખસખસનું ચુરણ અડગરી, હોફ્ણ, મગજની નબળાઇ, ગુમરી, અને ગર્ભવાળી સ્ત્રીઓની ઓકારીને ફાયદો કરે છે.

૨=ઓકારી ગર્ભવાળી સ્ત્રીને હોય તો ઉમરાના પાકા ફળ ખવાડવા.

૩=ગર્ભવાળી સ્ત્રીને ઓકારી માટે ઉતમાં જીરૂં અને લીંબુનો રસ મેળવી ખવાડવું.

૫=ગર્ભણી સ્ત્રીને ઉલટી થાય ત્યારે કલંબો ૨ થી ૪ વાલ ખવાડવો.

૬=ગર્ભવંતીની ઉલટી મટે—ા તોલો ધાણા અને ા તોલો સાકરને ચોખાના ધુણમાં વાટી પીવું.

૭=હમેલવાળી સ્ત્રીને પેટમાં દુખાવો થાય તો તુરીઆનું ફુલ ૧ પાણી સાથે વાટીને ખવાડે ફુલ ન મળે તો મુળીયું ઘસીને પીવાડે.

ગર્ભવાળી સ્ત્રીની ઓકારી મટે—આવળની સીંગ ા તોલો ગાયના દુધમાં વાટી શાકર સાથે ખવાડવી.

૯=ગર્ભણીને ઉલટી મટે—બીલ્લાંના ગરને પાણીમાં મેળવી પીવો.

## સ્ત્રીના પેટમાંની છોડ નીકળે.

૧=સ્ત્રીના પેટમાંનો છોડ નીકળે—વાંસલોચન, ઉપલેટ, જીરૂ, સંભાગે લેવું. તેમાંથી ા તોલો ૭ દીન ખાવું.

૨=સ્ત્રીના પેટમાં છોડ હોય તે પડે—એકેક તોલો કાળા તલ, સફેદ તલ પાણીમાં ઉકાળીને ૭ દીવસ પીવા.

## ગર્ભણી સ્ત્રીને લોહી પડે.

૧=ગર્ભણી તથા સુવાવડીને લોહી પડે તો તલ, જવ, અને સાકરનું સંભાગે ચુરણ કરી મધમાં ખવાડવું.

## સ્ત્રી હમેલવાળીને પેટમાં દુખાવો.

૧=હમેલવાળી સ્ત્રીને પેટમાં દુખાવો થથ તો તુરીઆનું ફુલ ૧ પાણી સાથે વાટીને ખવાડે. ફુલ ન મળે તો મુળીઉં ઘસીને પીવાડે.

## સ્ત્રીનું દુધ તપાસવાની રીત.

૧=પાણીથી ભરેલાં ગલાસમાં સ્ત્રીના દુધનું એક ટીપું પાણીની ઉપર રહે તો દુધ વાયુથી ખરાબ થયલું સમજવું. દુધનો રંગ પીળાસપર હોય તો પીતવાળું જાણવું. દુધનું ટીપું પાણીની નીચે બેસે તો કફવાળું દુધ જાણવું. જો દુધનું ટીપું પાણી સાથે મળી જાય તો દુધ ચોખ્ખું જાણવું.

૩=ઓરતના થાનની દરેક ઇજા માટે—ઇંદ્રવાનીનું મુળ ૧ તો પાણીમાં ઘસીને છાતીએ લગાડે.

સ્રીની છાતી પાકે તે માટે હળદર અને લોઢરને પાણીમાં વાટી લેપ મારવો. સમુદ્ર શોષના પાન છાતી પર બાંધવા. જુઇના પાન ઘીમાં વાટી લેપડી મુકવી. હળદર અને ધંતુરાના પાનની લેપડી મુકવી. પીપળાની છાલ જરા શેકીને ચુરણ કરવું. તે ૦। તો. ચુરણ ૦। શેર પાણીમાં નાખવું. લોખંડનો ટુકડો લાલ ગરમ કરી તે પાણીમાં બોળવો આવું ઝમેલું પાણી રોજ તાજું બનાવી બેવાર પીવું.

૪=સ્તનમાં (થાનમાં) દુધ બધાય તો નવસારના પાણીનાં પોતાં મુકવાથી ગાંઠો છુટી પડે છે.

૫=સ્તનપાક—સ્રીની છાતી પાકે—ધાવણની ગાંઠ બંધાય એ માટે—ઇંદ્રામણાના મુળને પાણીમાં ઘસીને છાતીએ ચોપડે.

૬=સ્રીની છાતીની બોતરી પાકે, રસી નીકળે અને વાસ મારે તો તે ઉપર અંજીરની પોટીસ મુકવી. લીલાં અંજીર ન મળે તો સુકાં વાપરવાં.

૭=સ્રીના થાન પર સોજો—પારસ પીપળાના પાનનાં વરાળીઆં ગરમ ગરમ બાંધે. વરાળીઉં થંડુ પડે ને બીજું તરત મુકે.

## સ્રીના થાનનાં દરદો—દુધ—કમી થાય.

૧=સ્રીના થાનમાં દુધ ઉભાઇ જાય—તેને કમી કરવાનો ઇલાજ નીચે મુજબ—ફુસ મુકાવવા અથવા લાખ, બોડાસીંગ વાટીને થાનપર લેપ મારવાથી દુધ કમી થશે.

૨=સફેદ જીરૂં ખાવામાં ઘણું આપવું અને સરકામાં મેળવીને તેનો થાનપર લેપ કરવાથી દુધ કમી થશે.

૩=મસુરની દાળ પાણી સાથ પકાવી તેમાં સરકો નાખી સ્રીને ખવાડવું અને તેજ દાળ થાને ચોપડવાથી દુધ કમી થશે.

૪=ઇસપગુળનો માવો થાન ઉપર મુકવાથી દુધ કમી થાય છે.

૫=મેતાબના પાતરાં ખોરાકમાં નાખી ખવાડવાં, તે પાતરાં છાતીએ બાંધવાથી દુધની આવક ઓછી થાય છે.

## થાનમાં દુધ બંધાય.

૧=દુધની ગાંઠ ઓરતના થાનમાં બંધાય ત્યારે થાનપર સેક કરી દુધ પાતળું કરવું અથવા ગરમ પાણી અને સરકો રબરની કોથળીમાં અથવા ફુકામાં ભરી છાતી ઉપર રાખવો. અથવા વાલની દાળના આટામાં જરા ઘી નાખી, સરકા સાથે લેપડી કરી, ગરમ ગરમ લેપડી છાતીપર મુકવી. શરીર સરદીવાલું હોય તો અજમો પાણી સાથે મેળવી, પોતીસ કરી છાતી ઉપર મુકવી.

૨=દુધ પાતલું થાય ત્યારે દુધ ખેંચવાની શીશીથી દુધ ખેંચવું. અથવા એક બાટલીમાં ગરમ પાણી નાખી તે પાણી બહાર કાઢી નાંખવું. પછી થાનની ઓતરી તે બાટલીના મોઢામાં દાબવી; તેથી દુધ બાટલીમાં નીકળી આવશે.

૩=સ્ત્રીની છાતીમાં દુધ બંધાઇ જાય ત્યારે મસુરની દાળ પકાવી તેમાં સરકો મેળવી સ્તન ઉપર લેપ કરે.

૪=સેતાપના પાન વાટી લેપ કરે.

૫=વાલની દાળ વાટી તેમાં જરા ઘી અને સરકો નાખી છાતીએ લેપ કરે.

૬=ધંતુરાના પના, ઇંદ્રવરણાના મુળ વાટી તેનો જાડો લેપ કરી થાનપર બાંધે નવસારના પોતાં થાનપર મુકવાં.

૭=લીંબડાના પાન બાફીને થાનપર મુકવાં.

૮=જેઠીમધ અને સીંધવ બમે વાલ ઘીમાં રોજ ખાવો.

૯=સ્ટન રોગ—સ્ત્રીની છાતી પાકી સોજો આવે ત્યારે હળધર અને લોધરનો લેપ મારવો અથવા હળધર અને કુંવારના રસનો લેપ મારવો.

## સ્ત્રીનું ધાવણ બગડે.

સ્ત્રીનું દુધ બગડે ત્યારે સારીવા ( ઉપલસરી ), કાળીપાટ, દેવદાર, કરીઆતું, મોરવેલ, કડુ, ગળો, સુંઠ, મોથ, ઇંદ્રજવ, સંભાગે લેવું તેના ૪) તોલા ચુરણ ૧)શેર પાણીમાં ઉકાળી, ०। શેર રાખી, તેમાંથી બે વાર રોજ પીવું.

## પ્રદર–ધુવણીજ–સ્ત્રીને પાણી પડે.

૧=ગર્ભના દોષને મટાડે—પ્રદર ( ધુવણીજ ) રોગ મટે, લાલ પાણી નીકળે તે મટે—જીરૂં, સાકેર સંભાગે મેળવી તેમાંથી ા અથવા એક તોલો ચોખાના ધુનમાં પીવાથી ઉપલા દરદો મટે છે.

૨=સ્ત્રીઓને પાણી જાય ત્યારે નાગ કેસર બે આણી ભાર છાસ સાથે ખાવું, છાસ અને ભાત જમવામાં લેવું.

૩=સ્ત્રીને પાણી પડે તે માટે—ા તોલો કેરીની કાચી ગોટલી રોજ ૩ વાર ખાવી.

૪=ઘઉંનું દુધ—સ્ત્રીઓને ધાતુ જાય, પાણી પડે અને દરતાન જાય તે માટે ખાવામાં ઉપયોગી છે.

૫=પ્રદર–પ્રમેહ મટે—ભોંકોળું અથવા વિદારી કણના ગરને સુકવી તે ભુકાને કોળાના રસના ૭) પટ આપવા. એનું ચુરણ તોલો ૨) વાર ખાવું.

૬=લોહીવા, રક્ત પ્રદર, ત્રણ દીવસમાં મટે—હડમચી જે ગાંધીને ત્યાં મળે છે તે બેઆની ભાર સાકર સાથે રોજ બે વાર થંડા પાણી સાથ ખાવી.

૭=પ્રદર માટે પકેવલી ધાભણ ા તો ખાવામાં અપાય છે.

૮=સ્ત્રીઓને પાણી ધોળું અથવા લાલ પડે તે માટે—જીરૂં ા તોલો સાકર ા તો ચોખાના ધુવણમા પીવું.

૯=પ્રદર મટે, સ્ત્રીને પાણી પડતું અટકે. ઉલતી બંધ થાય—ભમરીના ઘરની માટી, મધ અથવા પાણી સાથ મેળવી ખવાડે.

૧૦=સ્ત્રીને પડતું પડતું અટકે—ખાવાનું મીઠું પાણીમાં નાખી તે પાણીની પીચકારી મારે.

૧૧=સ્ત્રીને પાણી પડતું અટકે. પગની કળતર ભાગે. કમળ સુધરે. } આ દરદો માટે નીચલો ઉપાય અકસીર છે. સ્ત્રીઓને ખાસ દરદો માટે બહુ ઉપયોગી છે એ દવા ખાવામાં લેવી નહી સીંધવ ૧ા તો ગુંગળ ૩ તો આ વસાણા છુંદી ગરમ કરવાં એની સાથ સુવા લોધર માયા, ધાવરીના ફુલ, બજાલુ, દરેર પાંચ તોલા સુરણની મેળવી ચુરણ બેનાવે ા તોલો ચુરણની ગોળી મધ સાથે બનાવે

આ ગોળી રૂમાં વિંટારી છુપા ભાગમાં રખવાથી સ્ત્રીના અનેક છુપાં દરદને ફાયદા થાય. આ ઈલાજ ઘણો અકસીર છે

૧૩=સ્ત્રીઓને સફેદ પાણી છુપા ભાગમાંથી નીકળે છે તેના કારણ એ છે જે શરીરનું લોહી ઓછું થાય. ત્યારે અથવા કામકાજ વિનાની સ્ત્રીઓ ઘરમાં બેસી રહેતી હોય તેને લાગુ પડે, તેના ઇલાજો.

૧૪= રસવંતી ચાર વાલ ચોખાના ધુણમાં પીવી.

૧૫=સતાવરીનું ચુરણ દુધમાં પીવું.

૧૬=તાંદળજાની ભાજીના મૂળીઆનું ચુરણ દુધમાં પીવું.

૧૭=આસોપાલવની છાલના ૦ાા સેર ઉકાળામાં ૦ાા શેર દુધ નાખી, ફરી ઉકાળી, પાણી બાળીને દુધ રહે તે પીવું.

૧૮=આમળાનું ચુરણ મધમાં ખાવું.

૧૯=જીરાનું ચુરણ સાકર સાથ ખાવું.

૨૦=૦ાા તોલો નાગકેસર ૦। સેર છાસમાં વાટી પીવું.

૨૧=મુખડનો બારીક વેહેર ૧તો. અને સાકર બે તોલાનું ચુરણ કરી તેના ૨૪ પડીકાં કરી ચોખાના ધોણ અને મધ સાથે રોજ ૩ પડીકાં ખાવાં.

૨૨=જેઠીમધ ૦ાા તો. સાકેર તો. ૧) ચોખાના ધોણમાં પાવું.

૨૩=૦ાા તો. નાગકેસર, માખણ, અને સાકર સાથ ખાવી.

૨૪=ઉબરાના (ઊમેડા) ફળનું ચુરણ માખણ સાથ ખાવું.

૨૫=ગોરૂચંદન માસો ૧), ફટકડી માસા ૪) ને બે કોડીઆમાં મુકી કપડછંદ કરી પકવવું તે ચુરણ ૧) ચણોઠીભાર સાકરમાં ખાવું.

૨૬=પ્રદર=રોગ અન્યમીટ રૂતુ સુધરે—વડની લીલી } વડની લીલી છાલ ૦ાાતો. મધસાથ રોજ બે વાર ખાવી.

## સ્ત્રીના ગર્ભને નુકસાન લાગે.

૧=ગર્ભને નુકશાન પોંહોચે—ગર્ભવાળી સ્ત્રી ઘણી એલચી ખાએ તો નુકશાન થાય.

૨=ઇંધરાયણના ફળ ગર્ભને નુકશાન કરતા છે.

| | |
|---|---|
| ૩=ગર્ભને નુકશાન કરે. માથે ન આવવાથી પેટમાં થયલી ગાંઠ સારી થાય. | સફેદ સાતોડીના મુળની સળી ગર્ભને નુકસાન કારક છે. પણ છુપા ભાગમાં રાખવાથી અંદરની ગાંઠ સારી થાય. |

## ગર્ભસ્થાન સુધરે-કમળ સુધરે.

૧=કમલ સુધરે—સીંધવ ૧ાા તોલો, ગુંગલ ૩ તોલા. છુંદી ઠીકરાં ઉપર ગરમ કરીને પછી સુવા, લોધર, માવા, ધાવરીના ફુલ બન્નલુ, દરેક ૫) તો. મેળવી ૦ા તોલો ચુરણ મધ સાથે ખાય.

૨=" પીપળાના ઝાડને પુંજવાથી પુત્ર પેદા થાય છે આ ઝાડ રોપવામાં બહુ પુન છે, અને કાપવામાં દોષ ( પાપ ) છે."

આ ભાષા બહુ અલંકારી છે. અંદરની મતલબ જુદી છે, અને સાધારણ માણસોને સમજવામાં આવતી મતલબ જુદી છે.

પુંજવું એટલે હાથ જોડીને, ચોખા નાળીએર ચઢાવીને પુજન કરવાની મતલબ નથી, પણ એ ઝાડ બહુજ ઉપયોગી છે. માટે તે તરફ માનની નજરે જોવું, તેનો નાશ ન કરવો, પણ તેની વૃદ્ધી કરવી આ ઝાડ રોપવામાં પુન અને વગર અર્થે કાપવામાં પાપ ગણેલું છે.

મરદને શકતી આપવા અને વીર્ય વધારવા માટે તેમજ સ્ત્રીઓને પાણી જતું અટકાવવા અને ગર્ભસ્થાનની બીમારીઓ સુધારવા માટે એ ઝાડ બહુજ ઉપયોગી છે. તે માટે દવા તરીકે તેને હંમેશા વાપરો તો સંતાન થવાની આશા છે.

ચામડીના દરદો મટે, ગર્ભ સ્થાનના દરદો દુર થાય, મગજ શાંત રહે—પીપળાની છાલ ૧ તોલો, પાણી ૦ા શેરમાં એક રાત બોળી રાખે તે પાણી ગાળીને સહવારે ઘણા દીવસ પીએ.

પીપળાની પેપડીઓ પાકે તે પક્ષીઓ ઘણા ખાય છે, અને તે ખાધા પછી ઇંડા મુકે છે, એટલે પ્રજા ઉતપન કરવાની શક્તી એમાં વધુ છે.

પ્રદર રોગ મટે, ગર્ભ સ્થાનના રોગ મટે, કમરનો દુખાવો મટે, શરીરે તાકાત આવે—પીપળાની પાકેલી પેપડીને છાયામાં સુકવી ચુરણ બનાવે ૧ તોલો ચુરણ, ૧ તોલો મધ અથવા શરબત મેળવી પાક બનાવે ૧) તો. પાક ખાય. ગર્ભવાલી સ્ત્રીને આપી શકાય.

૩=ગર્ભસ્થાનના દરદો દફે થાએ, શરીરે શકતી આવે—પીપળાના ઝીણા પાદડાં (કુના કુના પાતરાં) ને કટકા કરી પાણીમાં બાફે. સાકર અને પાણીની ચાસણી બનાવે, તે ચાસણીમા બાફેલા પાન નાખી મુરબ્બો બનાવે, તે મુરબ્બો ખાવાથી બહુજ શકતી આવે. બંગભસ્મ, ગજવેલભસ્મ, સોનાના વરખ કરતાં વિશેષ ગુણ એમાં છે. પેપડીનું (ફળાનું) ચુરણ કરીને પણ ખવાય.

મરદને શકતી વધે—પીપળાના છોડનું તેલ બનાવી ૩ ટીપાં (૧ વાલ) ખાવાના પાન પર લગાડી રોજ ખાએ.

૪=ગર્ભસ્થાન સુધરે—સ્ત્રી માથે આવી ગયા પછી ા તોલો આસંધ દુધમાં ઉકાળી રોજ પીએ.

૫=ગર્ભસ્થાન સુધરે—આમલીના ઝાડ ઉપરનો વાંદો, ઉજળી ગાયના દુધ સાથે ખાય તો ગર્ભસ્થાનની ખામી દુર થાય.

૬=ગર્ભસ્થાનને ફાયદો કરે—રૂતુ આવ્યા પછી સ્ત્રીએ કાંસકીનું મુળ પાણીમાં ઘસી ૭ દીન પીવું.

૭=ગર્ભપાત થયા કરે તો જેઠીમધ, ગર્ભપાળ રસ, વસંતમાળી અકેક તોલો મેળવીને ૬૦ પડીકાં કરી રોજનાં બે ખાતાં ૩૦ દીવસ સુધી ખાય.

૮=ગર્ભસ્થાન સુધરે—પારસ પીપળાના બીજનું ચુરણ ાા તોલો રૂતુ કાળમાં ઘી ખાંડ સાથે ૪ દીવસ ખાવું.

૯=ગર્ભપાતનો અટકાવ થાય—કેરબાની માળા સ્ત્રીને ગળે પહેરાવી રાખે તો ગર્ભપાટ થયા કરતો હોય તે અટકે.

૧૦=ગર્ભધારણ કરે—કાલા તલ ટાંક ૯), અજમો ટાંક ૬) આ બંનેને તેલમાં તળી તેમાંથી ૨) ટાંક દરરોજ પ્રભાતે ખાય. તે પુરૂ થાએ ને પછી વરધારો ટાંક ૧૪) નાગકેસર ટાંક ૬) એના ૧૪ પડીકાં કરે ૭ દીવસ રોજ બે પડીકા ખાય. દસતાનના ચોથે દીનથી દવા ખાવીસરૂ કરે.

૧૧=ગર્ભસ્થાન સુધરે—નાગ કેસર, જીરૂં દરેક ૦। તોલો ગાયના ઘી સાથે ૭ દીવસ ખાવું.

૧૨=ગર્ભસ્થાન સુધરે—નાગ કેસરનું ૦। તોલો ચુરણ ઘી સાથે રજસ્વાળાના ચોથે દીવસથી દીવસ ૩ સુધી ખાય. ભોજન દુધ ભાતનું લેવું.

ગર્ભસ્થાન સુધરે—નાગકેસર, બરાસ, મસતકી, સાકર સંભાગે લઇ તેનું ૦॥ તેલો ચુરણ રજસવાળાના ચોથા દીવસથી રોજ એક વાર ખાવું.

૧૩=ગુંગળની ગોટી છુપા ભાગમાં મુકવાથી બહુ ફાયદો છે. ( જુઓ પ્રદર પાનું નંબર ૧૧. )

ગર્ભપાત થાય નહીં—સેકેલા જવનો ભુકો, તલ, સાકર સભાગે મેળવી ૧ તોલો વજન, ગર્ભવાળી સ્ત્રી રોજ ખાય તો ગર્ભપાત થવાની ધાસ્તી રહે નહીં.

૧૪=ગર્ભને મદદ કરનાર, આંખને તેજ આપનાર, પુત્ર જીવક વૃક્ષ ઇંગોરીઆ જેવું થાય છે. એના ફળના ઠળીઆની માળા, જેનો દીકરો જીવતો ન હોય તે સ્ત્રી પહેરે છે. બનારસમાં એ રીવાજ છે એનાં પાતરાં આસોપાલવને મળતાં છે. એનું ઝાડ પુનામાં પેસવાના વાડામાં છે. બીજું મુંબઇમાં રાણીના બાગમાં છે.

૧૫=ગર્ભસ્થાન સુધરે—બીજોરાનું મુળ ૦॥ તોલો દુધમાં ઉકાળી તેમાં ઘી નાખી રજસ્વાળાના ૩ દીવસ સુધી પીવું.

૧૬=ગર્ભસ્થાન સુધરે—કાથો અને જાયફળ દરેક બેઆની ભાર (૫ વાલ) મેળવીને દસ્તાન દેખાય તે દીવસથી ૪ દી૦ સુધી રોજ ૧ વાર ખાવું.

૧૮=બાળકો જલદી બોલે-બાળકના ઘણા રોગ મટે-પુરૂષને તાકાત મળે-ગર્ભસ્થાનના ઘણા દરદો સુધરે—પીપળાના ફળ ( પેંપડી ) ખાવાથી ઘણોજ ફાયદો થાય છે. એનો પાક અથવા પેંડા બનાવી ખવાય છે.

૧૯=ગર્ભસ્થાનને ફાયદો કરે—પુષ નક્ષેત્રને દીને વાંદાનો પંચાગ ( ફળ, ફુલ, પાતરાં, મુળ વગેરે ) લાવી રાખવા. તેમાંનો ૧ અથવા બે તોલા પંચાગ દુધમાં ઉકાળી સ્રીને પીવડાવે તો તેના ગર્ભસ્થાનને ફાયદો થાય છે.

૨૦=ગર્ભસ્થાને ફાયદો કરે—પુષ નક્ષેત્રમાં બોરડી તથા આમલીપરનો, તેમજ આંબા પરનો વાંદો લાવી કાળી ગાયના દુધમાં ૧ તોલો સ્ત્રીને આપ્યો હોય તો તેણીનું ગર્ભસ્થાન સુધરે.

૨૧=ગર્ભસ્થાન સુધરે—સરપંખાના મુળ, પાંતરાં, ડાળ વગેરે એટલે આખો છોડ રવિવારે લાવવો. તેનો ૦॥ તોલો એક વરણી ગાયના નવટાંક દુધમાં ૧ કન્યાને હાથે મરદન કરાવવું. તે નવટાંક દુધ રૂતુ કાળમાં વંઝા સ્ત્રીને ખવાડવું. ગર્ભસ્થાનની કાંઈક ખામી દુર થાય છે. ખોરાકમાં ખીર, ખાંડ, ચોખા, મગ, મીઠો આહાર આપવો.

ગર્ભસ્થાનને ફાયદો થાય—વડના ઝાડ ઉપરના વાંદાનો રસ ૧) તોલો રસ માંથે આવ્યા પછી ચોથે દીવસથી ૩) દીન સુધી પીવાડવો.

ગર્ભસ્થાન સુધરે—ધારીઓ પીટ પાપડો એ કામ માટે વપરાય છે.

૨૨—ગર્ભસ્થાન સુધરે—પીતપાપડો=( પલાસ પાપડો ) એક હાલ્લીમાં મુદ્રા કપડછંદ કરે અને તેની ભસ્મ બનાવે. ૧) વાલ ભસ્મ ચોખાના ધોણમાં રોજ પીએ.

દસ્તાન બંધ થયા પછી આ ઇલાજ ઘણા દીવસ ચાલુ રાખવો.

૨૩=ગર્ભસ્થાન સુધરે—આસંધ તોલો ૦॥ અથવા ૧) ૦॥ શેર પાણીમાં ૧) રાત ભીંજવી રાખવો. તેને ૦॥ શેર દુધમાં ઉકાળી પીવો, ૦॥ તોલો ગાયનું ઘી દુધમાં નાખવું. માંથે આવ્યા પછી ચોથે દીવસથી એ પીવું.

૨૪=ગર્ભસ્થાન સુધરે—પકાવેલું સમુદ્રફળ ભેંસના દુધમાં ઘસી, ગાયના ઘી સાથે ખાય. (સમુદ્રફળ પકાવવા માટે જુઓ "સમુદ્રફળ".)

૨૫=ગર્ભસ્થાન સુધરે—સરમાઉ ઝાડના પાન ગર્ભ સ્થાનના વ્યાધી માટે વપરાય છે.

ગર્ભસ્થાનનો દોષો દુર થાય અને ગર્ભ રહેવાને બની શકે તે માટે ઉપાયો.

૨૬=દસ્તાનના દીવસો પુરા થયા પછી સાત દિવસ સુધી કાસકીનું મૂળ ૦। તો૦ પાણીમાં વાટી પીવું.

૨૭=ધોળા ફુલની ભોંયરીંગણીનું મૂળ ૦ા તો૦ દુધમાં પીવું.

૨૮=પીળાં ફુલવાળાં કાંટાસેળીઆના મૂળ, ધાવડીના ફુલ, વડની ટીસીઓનું ચુરણ રોજ બે વાર ૦ાા તોલો ખાવું.

૨૯=પારસ પીપળાની મુળની છાલ અથવા તેના ફળ અને જીરૂં દુધ સાથે પીવું.

૩૦=ખાખરાનું ૧) પાન વાટી દુધ સાથે પીવું.

૩૧=૧) બીજોરાંના સઘળા બી દુધ સાથ રોજ પીવાં.

૩૨=અજમો, ભોંયરીંગણીનું મૂળ, પીપર, નાગકેશર એનું ચુરણ ૦ાા તોલો ઘીમાં ચાટવું.

૪૪=સરપંખાનું ચુરણ રોજ સવારે દુધમાં ૦ાા તો૦ પીવું.

૪૫=પીપળાના મૂળની છાલ ૦ા તો૦ દુધમાં પીવી.

## સુવા રોગ–સુવાવડીના રોગો.

૧=કસુવાવડથી થતા અનેક રોગો મટે, નાગરવેલના પાનની ચાહ બનાવી રોજ બે વાર પીઆ કરે આ ચાહનું સેવન કરે.

૨=સુવા રોગવાળી સ્ત્રીને ચીલોતરાં પક્ષીના પીછાં ગરમ પાણીમાં ઉકાળી તે પાણીથી નહવાડે તો ઘણો ફાયદો થાય છે. સુવાવડી દરેક બાયડીને આ પાણીથી નહવાડવાનો રેવાજ ચોક્કસ જાતના લોકોમાં હતો.

૩=સુવાવડી બાયડી માટે પરી—વાયુ શરીરે થયો હોય તે માટે—બાવચી, રાસના, ગોખરૂં, તાલવંતી પીડવંની, આસંધ, એરંડાનું મુળ, કઉચા, ગળો, સતાવરી, કાંટાસળીઓ, મોંઠ, હરડેનું દળ, દેવદાર, દારૂ હળદર દરેક ૦ાા તોલો લઇ એની પરી ૩ કરવી. ૧ પરી સાથે ૩ શેર પાણી નાખીને ઉકાળવી, અને ૦ા શેર રહેને પીવી.

૪=સુવાવડી બાયડીની પરી, સોઆવરના કોઇ બી રોગ માટે પીવાય છે. સુવા રોગ માટે જાણીતો ઇલાજ—અતીવીષ, દેવદાર, વજ, કોઠ, સુંઠ, પીપર, જાયફળ, નાગરમોથ, કદુ, કરીઆતું, હીમજી હરડે, ગજપીપર, રાતો ધમાસો, રીગણી, ગળો, કાકડાસીંગ, સાહજીરૂં સંભાગે મેળવો તેમાંથી ૨ તોલા લેવું. તેને ૧૬ તોલા પાણીમાં ઉકાળીને ૭ તોલા રાખી પીવું. માટીના વાસણમાં ઉકાળવું. સુવાવડમાં કોઇ બી જાતનો રોગ જણાય ત્યારે આ ઉકાળો પીવો.

૫=સુવા રોગ, પગનો સોજો, સુવાવડ પછી થતી ખસ—આ દરદો માટે અરણીના પાનનો રસ ૨) તોલા અને તલનું તેલ ૧ તોલો મેળવી ૭ દીવસ પીએ તો રોગ જાય.

૬=સ્ત્રી સુવાવડીને શક્તી આવે-દરાખ આસવ પીવામાં લેવો.

૭=લોહી વા દુર થાય, પ્રદર મટે—૦। તોલો ઉંદરની લીંડી દુધમાં ઉકાળીને સ્ત્રીને પાવી. બીજા ઇલાજોમાં કબુતરની અધાર ૦॥ તોલો દહી સાથે ખવાડવી. બાવલનો કોલસો ૦॥ તોલો દુધ સાથે ખવાડવો. ભેંસની ડાબી બાજુના સીંગડાના વેહેરમાં રૂ વીંટાળી તેની બતી બનાવે, ઘીની બતીમાં તેની કાજળ પાડે તે કાજળ આંખે આંજે તેથી લોહી વા મટે.

૮=કાંસકીનું મુળ ૦॥ તોલો દુધમાં ઘસીને પીએ.

૯=બાવળીઆના જડની છાલ ૦॥ તોલો ચોખાના ધોવાણ સાથ સ્ત્રી પીએ. ૦॥ તોલો અડાયાંની રાખ પાણી સાથ પીએ.

૧૦=સોવા રોગ, સોહ રોગ, જણીઆ પછી સ્ત્રીને થાય છે તે માટે—ધંતુરો કાળો અને મરી સંભાગે લઇ પાનના રસમાં ચણા જેવડી ગોળી બનાવે. સહવાર સાંજ એકેક ગોળી ખાવાથી ઘણી સારી અસર થાય છે.

૧૧=સુવાવડ પછી થતા અનેક રોગમાં સુવાવડની પરી પીવામાં આવે છે તે. ( તાવ, સુળ માથાનો દુખાવો, કફ વગેરે માટે ) દેવદાર યાદી કવાથ, તેમાં નીચે મુજબ વસાણા છે.

દેવદાર ઘોડાવજ, ઉપલેટ, પીપર, સુંઠ, કરીઆતું, કડુ, કાયફળ ધાણા, હરડે, ગજપીંપર, ભોરીંગણી, ગોખરૂં, ધમાસો, ઉભી ભોરીંગણી, અતિ વીસની કળી, ગળો, કાકડાંસીંગ કાળીજીરી, હીંગ, સીંધાલુણ. આ વસાણાને મેળવી તેમાંથી ૪) તોલા લઈને ૧) શેર પાણીમાં ઉકાળી ૦। શેર રાખી પીવો.

આ ઉકાળાનું ઘટ લીકુઇડ એકસ્ત્રેકટ બનાવે તો રોજ કાહાવો બનાવવાની ખટપટ ઓછી થાએ.

૧૨=સુવાવડ પછીની નબળાઇ અથવા જુણી તાવ } જરૂર મટે-પીપર ૧) ભાગ લોહ ભસ્મ ૧) ભાગ, ત્રીફળાંનું ચુરણ ૬) ભાગનું ચુરણ કરી એમાંથી ૦। તોલો ચુરણ ઘી અને મધમાં મેળવી ચાટવું અને ઉપરથી દુધ પીવું.

# સ્ત્રીને દસ્તાન આવે–લોહીવા થાય–સ્ત્રીને ૠતુ આવે.

૧=દસતાન બરાબર નહીં નીકળે તો ૨) વાલ ટંકણખાર અને બે વાલ તજ મેળવી દર ૩) કલાકે આપે.

૨=દસતાનમાં દુખાવો હોય તો તલનો ભુકો વાલ ૨) દર ૩) કલાકે લેવો.

૩=સ્ત્રીઓને દસ્તાન આવે—૧ તોલો ખાંડેલા કાળા તલ, ૨૦ તોલા પાણીમાં ઉકાળીને ૫) તોલા રહે તે ગાળી અંદર ગોળ નાંખીને પીવું. દસ્તાન દેખાયા પછી ૪ દીવસ રોજ તાજું દુધ પીવું. અને તલનો ખોળ પાણીમાં ભીંજવી પેઢુ ઉપર મુકવો.

૪=દસ્તાન અને પીસાબ છુટે–દસ્તાન અને પીસાબ છોડાવવા માટે સીતાબ ૩ વાલ ખાવામાં અપાય છે.

૫=દસ્તાન છુટે, દુખાવો બંધ પડે—હીરાકસી, એળીઓ, હીરાબોર સંભાગે મેળવી તેની ૫) ગ્રેનની ગોળી બનાવી રોજ બે ખાવી.

સ્ત્રીને દસ્તાન છુટે—ાા વાલ હીંગ અને ાા વાલ સીંધવની ગોળી કરી દીવસમાં બે વાર ખવાડે.

૬=સ્ત્રીને ૠતુ લાવવા માટે—ગાજરના બી ઉપયોગી છે પણ વધુ પ્રમાણમાં ખાવામાં નુકશાન કરતા છે.

૭=સ્ત્રીને ૠતુ આવે—ધોરો (દુવા) ઘાસના રસમાં દાડમની મોટી કળી વાટી કાંજીમાં ૭ દીવસ સ્ત્રીને ખવાડે.

૮=સ્ત્રીને ૠતુ લાવવા માટે—પીપળાની છાલ ાા તોલો પાણીમાં ઘસીને પીએ.

૯=સ્ત્રીને ૠતુ ન આવે અને તેના કારણે પેટમાં ગાંઠ થઇ હોય તો આકડાના મૂળ અને ચોથે હીસ્સે મરી વાટીને ૧) થી ૨) વાલ ચુરણ મધમાં લેવું. તેથી ગંઠ તુટે અને ૠતુ આવે.

## સ્ત્રીને દસ્તાન બંધ થાય—લોહીવા બંધ પડે દસ્તાન બંધ થાય.

૧=રસમતી ૧) ટાંક બકરીના દુધ સાથે ૧૫ દીવસ પીએ.

૨=દસ્તાન ઘણું જતું હોય તો ૫) એલચી સુવા, વરીઆળી દરેક ૦ા તોલો, ફુદનો બે આની ભાર એનો કાહવો રોજ તાજો બનાવી પીવો.

૩=દસ્તાન બંધ થાય—દસ્તાન જતું હોય તે થંડા ઈલાજોથી બંધ ન પડે તો બે તોલા દારૂમાં ૦ા તોલો પોચીખાન મેલવી પીવો.

૪=દસ્તાન જતું બંધ પડે—૦ાા તોલો જીરૂ સહવારે બામ દાદે ખાય ઉપરથી પાણી પીએ.

૫=સ્ત્રીને દસ્તાન ઘણું જાય તે અટકે, ચુલામાં ભુંજેલી ગાપણ ૦ાા તોલો પાણી સાથે ફાકે, ઉપરથી દુધ પીએ.

પીસાબનું ફુલ મોટું થાય, સોજો આવે તે નરમ પડે—ફુલવેળી ગાપણને દીવેલમાં મેળવીને સોજાપર લગાડે.

૬=ગર્ભવાલી સ્ત્રીને દસ્તાન આવતું હોય તો—ગાયનું ઘી કાસાંની થાળીમાં ૧૦૦ વાર ધોઇને ઘી આખે શરીરે મસળવું.

૭=દસ્તાન માટે—દસ્તાન ઘણું જાય ત્યારે સફેદ સાવરીના મૂળીઆનો ભુકો ૦ા તોલો લઈ દુધ સાકેર સાથ રોજ ખાવો.

૮=દસ્તાન—સંધેસરા ઝાડની ડાળીઓ બાળી, તેના કોલસાની ભુકી ૦ાા તોલો દસ્તાન જતું હોય તે માટે ખવાડવી.

૯=સ્ત્રીને દસ્તાન ઘણું જાય તે અટકે—કપાસના પાનનો રસ ૧ તોલો પાવો અથવા કપાસના મુળને ચાખાના પાણીમાં ઘસીને બે વાર પાવું.

૧૦=સ્ત્રીને દસ્તાન બંધ થાય—ગળીનું મુળ ૦ા તોલો, ચોખાના ધુનમાં ઘસીને દીવસમાં બેવાર ૭ દીન પાવું.

૧૧=દસ્તાન બંધ થાએ—રીસામણી-સરમાઉ ઝાડના મૂળનું ચુરણ ૦ા તોલો ખાએ અને ઉપરથી દુધ પીએ.

૧૨=ગર્ભની સ્ત્રીને દસ્તાન થાય તો પેઢું ઉપર ઠંડા પાણીની ધાર ૧ હાથની ઉંચાઇએથી નાંખવી.

૧૩=દસતાન ઘણું જતું હોય તે માટે મગને ભુંજી તેનો આટો બનાવે, તે આટો ૦॥ અથવા એક તોલો ઘેટાનાં દુધમાં ઉકાળી પીએ, અને જુની છીંએતુ છાર બારીક કરી પાણીમાં મેળવી પીરૂ ઉપર લેપડી મુકે.

૧૪=સ્ત્રીને દસતાન ઘણું જાએ—સ્ત્રીને દસતાન ઘણા દીવસ જયા કરે તો ગુલમોહોરનાં પાનનો રસ ૦। તોલો સાકેર સાથ પીવો.

૧૫=સ્ત્રીને દસતાન ઘણુંજ જાએ—ત્યારે પઠાણુ લોધર બેઆની ભાર આપવું; દસતાન હદ બહાર જાય તોજ આપવું.

૧૬=સ્ત્રીના દસ્તાન માટે—સ્ત્રીને દસ્તાન ઘણું જાય ત્યારે ઘઉંની કાંજી કરી પીવાથી ફાયદો થાય છે.

૧૭=દસ્તાના બંધ પડે—ઇંડાના કોટલાની રાખ ૧ પૈસાભાર લઈ થંડા પાણી સાથ પાંચ દીવસ સુધી રોજ એકવાર પીએ તો દસતાન બંધ થાય અને ફરી આવે નહીં.

૧૮=સ્ત્રીનો લોહીવા બંધ થાય—કડાના ફુલ ૦। તોલો, સાકેર અને એલચી દરેક ૦। તોલો, એને ૧ શેર પાણીમાં ઉકાળીને ૦। શેર રાખવુ. આ પાણી થોડું થોડું દીવસમાં ૩ વાર પીવું. આ મુજબ આઠ દીવસ પીવું.

૧૯=દસ્તાન બંધ થાય—કેરબાને ગુલાબમાં વાટીને ખાવામાં આપે તો તેથી દસ્તાન બંધ થાય છે. માત્રા એ અથ । ૪ વાલ.

૨૦=લોહીવા=દસ્તાન સ્ત્રીને બહુ જતું હોય તો કેવરાની જડ ૦। તો. ૦। શેર દુધમાં ઘસી સાકેર મુકીને ૭) દીવસ પીએ તો દસ્તાન બંધ થાય. અથવા જાસુસના ફુલનું પાણી સાકેર સાથે ૭) દીન પીએ

૨૧=દસ્તાન બંધ થાય—માથે આવેલી સ્ત્રીને તરત નહવાડવી હોય તો કબુતરના અઘારની બારીક ભુકી બેઆની ભાર અથવા વધારે ખવાડવી. આથી કોઈબી સ્ત્રીનું દસ્તાન ઉતાવળે બંધ થાય છે. ઉપાય ચોકસ છે. જરૂર હોય તો ૨ કલાક પછી બીજીવાર ખવાડે.

૨૨=ધાપણને છાણાના તાપથી પકવે છે. દસ્તાન બંધ કરવા સ્ત્રીઓ એનો ઘણો ઉપયોગ કરે છે.

૨૩=સ્ત્રીને દસ્તાન ઘણું આવે તો પીપલાના ૫) પાન રોજ ૩ વાર ખાવામાં આપવાં.

૨૪=બાવળનો ગુંદર—સ્ત્રીઓને ખવાડવાથી કમરે જોર આવે છે અને દસ્તાનની બીમારી સુધરે છે.

૨૫=દસ્તાન ઘણું જાય તે અટકે—પીળી મટોડીને ઉકળતા પાણીમાં બીંજવે, તેનું નીતરૂં પાણી ૫) તોલા લઈ તેમાં ૧ તોલો સાજી નાંખી પીએ.

૨૫=ચુલામાંની અરાયાની સફેદ રાખ ૦॥ તોલો અથવા વધારે ૦॥ શેર દુધમાં નાખી ગાળીને રોજ ૧ વાર ૪ દીન સુધી પીએ.

૨૬=દસતાન બંધ થાય—તાંદળજાની ભાજી છાયામાં સુકવેલીનું ચુરણ અને રસમતી સંભાગે મેળવી તેની પોટલી બનાવી સ્ત્રી છુપા ભાગમાં મુકે

૨૭=દસ્તાન ઘણું પડે તે વેળા કોઇ પ્રસંગે મરચાં ખાવાથી ફાયદો થાય.

૨૮=સ્ત્રી તે દસ્તાન ઘણું જાય તો રીંગણીના ફુલનો રસ મીઠાં તેલ સાથે મેળવી પીરૂ ઉપર લેપ કરે તો દસ્તાન ઓછું આવે હમેલવાળી ઓરતને દસ્તાન આવે તો રીંગણીના મુઠીભર પાંતરાને એક શેર પાણીમાં ઉકાળી ૦। શેર રાખે. એમાંથી ત્રણ તોલા પાણી દીવસમાં ૩ વાર પીએ.

૨૯=ઓરતને દસ્તાન ઘણું જાય તો જેનસીઅન રૂટ પાઉડર અને મેદીના કુટેલાં પાતરાં મેળવી ઓરતના બંને હાથમાં લગાડે તો લોહી બંધ થાય.

## ધાવન વધે—સ્ત્રીને થાનમાં દુધ વધે.

૧=સ્ત્રીના થાનમાં શકતી વધે—ઇંદ્રાવણના મુળને ચોખાના ધુણમાં ઘસીને ( બોતરી ઉપર નહીં ) પણ બોતરીની આસપાસ થાન ઉપર લગાડે.

૨=સફેદ તલ શેર ૦॥ છુંદીને ૧॥ શેર શેરી વાછનમાં નાંખે, એક રાત પલારી રાખે, પછી ગાળીને તેમાંથી દીવસમાં ત્રણ વાર બબે તોલા અરક પીએ અને તેનો છુંછો છાંટીએ બાંધે.

૩=બી ગાજરનાં, કાંદાના, મુળાનાં, સળગમના, સુવા, વરીઆળી સરખે વજને લેવાં. એ આખા વજન જેટલા ભુંજેલા ચણા લઇ ચુરણ બનાવે. તેમાંથી રોજ સહવારે તોલો ૧।। ખાય, ઉપરથી દુધ શેર ૦।। પીએ તો થાનમાં દુધ વધે.

૪=ગાયના દુધમાં ચોખા વાટીને ખાવાથી થાનમાં દુધ વધે છે.

૫=૩ ભાગ સુવા, ૧ ભાગ કોપરૂં લઇ તેને ઘીનો પટ આપી સેકવું, વજનમાં ૧ થી ૨ તોલા અથવા વધુ રોજ બે વાર ખાવાથી થાને દુધ વધે છે.

૬=ગાયનું દુધ શેર ૦।। તેમાં સફેદ ચણા તોલો ૧ આખી રાત ભીંજવે તે ગાળીને સાકેર સાથે પીવાથી દુધ વધે છે.

૭=જંગલી તુળસી તોલા ૩ ના રસમાં કડવા વાલનો આટો તોલા ૪ મેળવીને સ્ત્રીના થાન પર લગાડવાથી દુધ વધે છે.

૮=ગળોનો સત્વ ખાધાથી બૈરાંને દુધ વધે છે.

૯=ગળોનો સત્વ—ગળો લીમડા ઉપર થાય તે વધારે ગુણવાળી છે. તે ખાવામાં કડવી લાગે છે. વેલો જાડો હોય તેમ તેમાંથી સફેદ સત્વ ઘણો નીકળે છે. ગળોને છુંદી, પાણીમાં ભીંજવી ચાર દીવસ ચોળ્યા કરવી. અંદરનો આટા જેવો ભાગ છુટો પડે ત્યારે કુચો કહાડી લઇ કપડાથી ગાળી લેવું. સત્વ નીચે ઠરી બેસે ત્યારે પાણી નીતારી લેવું. બીજું પાણી નાખી તે સત્વને ધોવું. બે ત્રણ વાર પાણીથી ધોવાથી સત્વ સફેદ થાય ત્યારે તેને સુકવે.

૧૦=સ્ત્રીના થાનમાં દુધ વધે—સાઠાથી ચોખાને વાટે અને દુધ સાથે કાંજી બનાવી, અંદર સાકેર નાખી ૧૪ દીન પીએ તો દુધ થાનમાં વધે.

૧૧=દુધ સ્ત્રીનું વધે—કપાસીઆના બીજને છુંદી ભુકો કરે. ૧) તોલો ભુકો દુધમાં ઉકાળીને પીએ.

૧૨=દુધ થાનમાં વધે—મલવેળનો ઉકાળો સાકેર નાખી પીવો.

૧૩=પીપર, સુંઠ, હરડે સંભાગે મેળવી રોજ પાણી સાથે તોલો ૦। થી ૦।। ખાય તો દુધ સ્ત્રીને વધે છે.

૧૪=ખસખસ અને બદામ ખોરાક સાથે ખવાડયાથી સ્ત્રીને દુધ વધે છે.

ઘઉંનું દુધ પકાવીને ખવાડવાથી દુધ સ્ત્રીને વધે છે.

પાળકની ભાજી ખવાડવાથી સ્ત્રીના થાનમાં દુધ વધે છે.

૧૫=ાા શેર દુધમાં પીપર, પીપરીમુળ, સુંઠ, મોથ, વાળો, ધાણા, મજીઠ દરેક એઆની ભાર મેળવીને પીએ તો થાનમાં દુધ વધે.

૧૬=દુધ વધે—કાથાખેર એ હીરાખેર અને કાથાની બનાટ છે. છોકરૂં જણ્યા પછી સ્ત્રીને ખાવામાં આપવાથી છાતીએ દુધ વધે.

૧૭=પદુધ સ્ત્રીના થાનમાં વધે ના તો સાતવરીના દુધમાં વાટીને પીવી. સુવા તથા કોપરૂં ઘીનો પટ દેઈને ગરમ કરી રોજ ખાવાથી સ્ત્રીના થાનમાં દુધ વધે છે. દુધની સાથે ૪ લીંડી પીપર મેળવી પીવી.

૧૯=સ્ત્રીના થાનમાં દુધ વધે—જીરૂં સેકીને ભુકો કરવો, તે ાા તોલો રોજ બે વાર ખાવો.

૨૦=ગુલકન—ખરા ગુલાબની પાંદડી ૧ ભાગ, ચીનાઇ સાકર ૨) ભાગ ખુબ ચોળીને મેળવવું. તડકે અને થારમાં મુકી રાખવું

હલકો ગુલકન ખોટા ગુલાબ અને ખાંડનો બને છે.

ગુલકન રોજ ખાવાથી બૈરાં અને બુધાં આદમીને ફાયદો થાય છે.

૨૧=થાનમાં દુધ વધે—પીપર અને વેખંડ વાટી લેપ કરી છાતીએ લગાડે.

૨૨=સ્ત્રીને દુધ વધે—બાલકને જન્મ આપ્યા પછી જીરૂં કોઇ બી પ્રકારે સ્ત્રીના ખાવામાં આપે.

૨૩=ધાવણ વધે—આસંધ ાા થી ૧) તોલો, વિદારીકંદ ાથી ાા તોલો, સતાવરી ા થી ાા તોલો અથવા ઉપલી ત્રણે ચીજોને સંભાગે મેળવી તેમાંથી ાા તોલો રોજ સવારે દુધમાં ઉકાળી પીવો.

૨૪=સ્તનમાં દુધ વધે—આસંધ, ભોંકોહળું, જેઠીમધ દરેક ા થી ાા તોલો દુધમાં ઉકાળી રોજ પીવું.

૨૫=સ્ત્રીના થાનમા દુધ આવે—૩ બાળસીઓનો ભુકો ગોળમાં મેળવીને સ્ત્રીને ખવાડે તો દુધ આવે અને વધે.

૨૬=સ્તનમાં દુધ વધે—નરમાની કપાસ અને શેરડીના મુળનું સંભાગે ચુરણ બનાવી તેમાંનું ૧ તોલો ચુરણ દુધમાં ઉકાળી કાંજી બનાવી રોજ પીએ.

૩૫=બકરીનું ફેફસું કાપી કટકા કરે, તેને ઘી, મસાલા સાથ વઘારી સેરવો બનાવી પીએ, અને પકાવેલું ફેફસું ભાત સાથ ખાય તો થાનમાં ઘણું દુધ આવે.

૩૬=છાતી ઉપર ૦।। કલાક સેક કરવો, પછી બાફેલા એરંડી આના પાન બાંધવાં.

૩૭=પીપર, સુંઠ, અને હરડે સમભાગે મેળવી ૦।। તોલો ચુરણ રોજ બે વાર લેવું. દુધનો ખોરાક લેવો.

૪૦=સ્ત્રીઓને દુધ ઓછું આવતું હોય તો અડમડીના વેળાના પંચાગ ( પાન, ફળ, મુળ, વગેરે ) નો ઉકાળો ( ૧=૮ ) બનાવી સ્ત્રીને રોજ પાવો છુંછો રહે તે સ્થન ઉપર બાંધવો.

અડમડી વનસ્પતીનો વેળો છે, તે દુધાળ ( દુધ નીકળી સકે એવી ) વનસ્પતી ઉપર ચઢે છે. એની ઉપર સીંગો જુમખા બંધ થાય છે. એના કુમળા પાનની ભાજીનું સાક કરો ખાય છે.

રતનજોતના પાંતરા છાતીએ બાંધે તો સ્ત્રીને દુધ વધે છે.

થાનમાં દુધ વધે—સ્ત્રીએ ૧) તો. વરીઆળી રોજ બે વાર ખાવી.

થાનમાં દુધ આવે—સ્ત્રીને તેમજ ગાયને ખોરાક લીધા પછી ૩) દીવસ સતાવરીના પાનનો રસ ખવાડે તો દુધ વધે અને અનેક વ્યાધી દુર થાએ. સરદી થવાનો સંભવ લાગે તો મરી, સુંઠ સાથે આપવું.

સ્ત્રીના થાનમાં દુધ વધે—શાક ભાજી ખાનારાઓને વીદારી-કણ બહુજ સારો છે. એનો ભુકો ૧ થી ૨ તોલા દુધમાં રોજ ખાય તો ધાવણુમા દુધ વધે.

દુધ વધારે—ઓરતના થાન ઉપર મોગરાના ફુલ બાંધવાથી દુધ વધે છે.

સ્તાનમાં દુધ વધે—કરચલાને છુંદી ઘીમાં તળવાં, તેમાંથી ૧ તોલો અથવા ૦।। તોલોચુરણ દર આતવારે ઘરના ઉંબર પર

બેસીને ખાવું. કરચલાં જાતે ગરમ છે. માટે જેટલાં સેહેન થાય તેટલા ખાવાં, હરસવાળા દરદીએ ખાવાં નહીં.

## સ્ત્રીનું દુધ કમી થાય.

સ્ત્રીના થાનમાંથી ઉંસાઇ જતું દુધ કમી કરવું હોય તો ચેવલી પાન છાતીપર બાંધવાં.

## સ્ત્રીનું કષ્ટાવું–બાળક જલદી આવતરે–પ્રસવ સેહેલથી થાય.

૧=કસતાતી બાયડીને માથે પમારીઆનું મુળીયું બાંધ્યું હોય તો છોકરૂં તરત નીકળે છે. છોકરૂં બહાર નીકળે કે તરત મુળીયું માથાંપરથી કાહડી નાંખવું

આ મુળીયું ચોક્કસ ક્રિયા કરી લાવવું જોઇએ એવું કેટલાક માને છે, તે ક્રિયા નીચે મુજબ છે.

કુંમારીઆનું મુળીઉં લાવવાની રીત—છોડ આગળ શનીવારે સાંજે જવું. તેને નોતરૂં દેવું કે મારે તારો ખપ છે. સ્ત્રીઓને કસતાતી છોડવવાને માટે કાલે તને લઇ જઇશ. આતવારે બામદાદે તે મુળીઉં લાવવું આ કથા ઘણા જણ જાણે છે. પણ આ જમાનામાં તે કબુલ થઇ શકે એવી નથી. આ મુળીયું દસ્તાનવાળી ઓરતના પડછાયામાં આવે તો તેનો ગુણ ઉતરી જાય.

૨=કપાસના છોડના જમીનમાંના મુળીઆની છાલ અંગ્રેજી અરગટના ગુણ ધરાવે છે.

૩=કપાસના છોડની છાલ ૨ તોલા, ઉકળતું પાણી ૧૦ તોલા, કલાઇના વાસણમાં બે કલાક ઢાંકી રાખી, તેમાંથી ૨ તોલા પાણી પાવું. આથી છોકરૂં બહાર આવે. બરાબર વખતસર આપવું જોઇએ. આમૂળ સંકોચવાનો ગુણુ ધરાવે છે અને જો જરૂર પહેલાં અપાય તો ગર્ભસ્થાન સંકોચાય અને છોકરૂં પેટમાં મરણ પામે.

૪=છોકરૂં અવતરે—કસતાતી ઓરતને ડુંટી આગળથી નીચે સુધી બકરીનું દુધ ચોળવું.

૫=સ્ત્રી કસ્ટાતી હોય તે છુટે—ઉતરાનનું મુળીઉં લાવી સ્ત્રીને જમણે પગે બાંધે તો તરત છોકરૂં બહાર આવે અને અરામ થાય.

છોકરૂં આડુ પડેલું તથા મરી ગયલું હોય તો બહાર પડે—ઉતરાનનું મુળરીત સર લાવીને સ્ત્રીને જમણે પગે બાંધવું.

૬=સ્ત્રી કસતાતી હોએ અથવા પેટમાં છોકરૂં મુએલું હોય તો પહેડુથી દુંટી સુધી બકરીનું દુધ મસળે અને છોકરૂં નીકળવાની જગા આગળ ઘોડાના નખની ધુંઇ આપે તો છોકરૂં નીકળી પડે.

૭=ગાયનું છાણુ પાંચ તોલા પાણી સાથ મેળવી લુગડાંથી ગાળીને કસ્તાતી બાઇને પીવાડે તો છોકરૂં જળદી બહાર આવે.

૮=કસ્તાતી બાઇ છોકરૂં જણે—જીનજોતા તથા મહાદળનું મુળ પાણીમાં ઘસીને ઓરતની જાત ઉપર ચોપડે તો છોકરૂં બહાર નીકળે.

૯=સ્ત્રીનું કસ્ટાવું—૫ ) વાલ તનકનખાર, અને ૨ ) વાલ તજ ચોખાની કાંજી સાથે આપે એકેક કલાકે ૩ વાર આપે

૧૦=બાયડી કસ્તાતી હોય તો અદુસાના ઝાડનુ મુળીઉં પાણીમાં ઘસીને તે દુટીપર અને પીસાબની જગાપર ચોપડે તો છોકરૂં સહેલાઇથી અવતરે.

૧૧=સ્ત્રી કસતાતી હોએ તો એક તોલો કારમજ પાણીમાં વાટી ગાળીને એક વખતમાં પાઇ દેવું.

૧૨=સ્ત્રીના પેટમાં મુએલું છોકરૂં હોય તે નિકળે—ચ્હીનો પાલાનો રસ બે તોલા સીંધવ સાથે ખવાડે તો છોકરૂં બહારનીકળે.

૧૩=દસ્તાન છોડવવા માટે, કસતાતી બાયડી માટે તથા બઇરાંનાં ખાસ દરદો માટે ટંકનખાર ખાતામાં અપાય છે.

૧૪=સ્ત્રીનું કસ્તાવું થાય ત્યારે ૩ તોલા ગરમારાની છાલને ાા શેર પાણીમાં ઉકાળી, નવટાંક રાખીને સ્ત્રીને પાએ.

૧૫=મુએલું છોકરૂં બહાર આવે—ગાયના છાણુને પાણી સાથે મેલવી તેનો રસ કહાડે, તે પાંચ તોલા રસ દુધ સાથે પીવાડે.

૧૬=સ્ત્રી નબળી હોવાથી પ્રસવ થતા ઘણી પીડા થાય છે, તે માટે હાલમાં હુસીઆર વૈદોની જરૂર પડે છે, પણ આગળા વખતમાં થતા ગર ગટુ ઇલાજોનો સંગ્રહ નીચે મુજબ છે.

૧૭=લીમડાનાં મૂળ રીતસર લાવી કમરે બાંધવાં પ્રસવ થયા પછી તરત છોડી નાખવા.

૧૮=સૂર્યમુખીનું મૂળીઉં રીતસર લાવીને સ્ત્રીના ચોટલે બાંધવું.

૧૯=સરગવાના મૂળનો રસ સ્ત્રીને પગે ચોપડવો.

૨૦=તકમરીઆનું મૂળ રીતસર લાવી પાણીમાં ઘસી પાવું.

૨૧=પીપર, ઘોડાવજ, પાણીમાં વાટી દીવેલ મેળવી ડુંટી પર લેપ કરે.

૨૨=મીંઝોરાના મૂળ રીતસર લાવી કમરે બાંધે, પ્રસવ થયા પછી તરત છોડી નાખે.

૨૩=પોઇના મુળીઆને પાણીમાં ઉકાળે તેમાં તલનું તેલ મેળવી છુપી જગાની ઉપર અને અંદર લગાડે.

૨૪=કાળા સાપની કાંચરીની અથવા મીંઢોળની ધુમાડી છુપા ભાગને આપે.

૨૫=કસતાતી બાઇ છુટે—ઇંડાંની ૨) દાળ ૧) તોલો મધ, ૧) તોલો. તેલ, ાા વાલ કેસર મેળવીને સ્ત્રીને પાએ.
કસ્તાતી બાયડીનો જણવાનો વખત થયો હોય પણ છોકરૂં બહાર કાઢવાની શકતી બાઈને ન હોય ત્યારે નીચે મુજબ આપે છે. એથી અંદરનો ભાગ સંકોચાય અને છોકરૂં બહાર આવે છે. કપાસના મુલીઆની છાલ ચાર આંઉસ, પાણી ૨૪ આંઉસ એને બાળીને ૨૦ આંઉસ પાણી રાખી એમાંથી ૫ તોલા પાણી દર ૨૦ મીનીટે આપવું.

૨૬=સ્ત્રી કસતાતી હોય, છોકરૂં પેટમાં મરી ગયું હોય—તો સાંપની કાંચળી કમરે બાંધવી તેથી છોકરૂં બહાર પડે છે.

## સોજેશરીરે-સોજેગોળીએ-ધાવરૂં-ધાવનુ અંતરગળ.

૧=શોજો શરીર ઉપર હોય તો તે ઉપર ઈસપગુલનો લેપ કરવો.

૨=સોજો—ગાયનું છાણુ સોજા ઉપર લગાડવું.

૩=હાથ, પગ, અથવા શરીરે સોજો—ધંતુરાના પાંદડાનો લેપ ાડવો.

૪=સોજો—ભીલામુ લાગી આથી સોજો આવ્યો હોય તો કુમાઆના પાંદડાનો રસ ચોપડે તો સોજો ઉતરે છે.

૫=કપાસીઆના મગજ ખાવાથી શરીરના અંદરના સોજાને મ થાય છે.

૬=પગ ઉપર સોજો હોય તો પાનની જડ પાણીમાં ઘસી ાડવી.

૭=સોજો—ધાણાને માણસના મુત્રમાં વાટી સોજા ઉપર મુકે સોજો ઉતરે.

૮=ચામડીનો સોજો—કોઈ જખમથી ચામડી ઉપર સોજો ાવે તો જેઠીમધના ઉકાળાનું સેવન કરવું અને સોજા ઉપરજેઠીાનું ઘી મસલવું જો જખમ જુનો હોય તો લોહી, પરૂ, સાફ ી પછી ઘી જેઠીમનું મુકવું.

૯=સોજો હાથ ઉપર આવે તો નગોડના પાંતરા, હળદર, મક એ સઘળું વાટીને લેપ કરવોતે ૩ દીવસ સુધી મુકવો.

૧૦=સોજો—ધંતુરાના પાંતરાં ગરમ કરી સોજા ઉપર બાંધવા.

૧૧=સોજો દરદનો—કબુતરના પીછની રાખ તેલમાં મેળવીને પડવાથી દરદને પકવીને ફાડી નાંખે છે.

૧૨=સોજો—ખાવાનો તંબાકુ પાણીમાં ગરમ કરીરે લગાડવાથી જો પાકી પરૂ થઇ નીકળી જાય છે.

ભીલામુ ઉડીયું હોય ત્યારે—ભીલામું ઉડીયું હોય ત્યારે ામલીના પાંતરાં છુંદીને તે જગાએ બાંધવા.

૧૩=ધાવરૂ=ધાવનું=મોંઢાપર સોજો=શરીરે સોજો મટે—ગુરૂ કડાનું છોરૂ પાણીમાં ઘસી લગાડે. સુકાયા પછી ઉપર ઉપર ગાડયા કરે.

૧૪=ધાવનાનું લાકડું અથવા સુખડ અને સુકા આમળા પાણીમાં ઘસે, તેમાં વાટેલું જીરૂં નાખી થંડો લેપ કરીઆ કરે.

૧૫=સોજો બીલામાની ગરમીથી આવે ત્યારે—કડવી ગીળો-લીના પાલાના રસમાં બાવલના પડદા વાટી લગાડે, એથી તરત ફાયદે થાય છે.

શરીરે સોજો આવે તે માટે ઈલાજો.

૧૬=ધોરી ગરણીનો પાલો કમરે બાંધે.

ખારેટીની છાલનો રસ બે તોલા ૪ દીવસ પીએ.

૧૭તગોડના પાનનો રસ બે તોલા અને પીપરની ભુકી ૦। તોલો મધ સાથ ખાય.

૧૮=સોજો આવે ત્યારે—બીલ્લીના પાનનો રસ બે તોલા પીએ.

૧૯=સોજો ગળાનો—આંબાના જીણા મરવા, અથવા આંબાના મોર ચુસવા.

૨૦=અંતરગળ—ગોળીને ગરમ પાણીથી, કે કાળા પથરથી ઘણો વાર સેકવી. અથવા સુવાને બાફી તેને વાટી, ફરી ગરમ કરી ગોળીએ લેપ બાંધવો. ગોળી પોચી પડે ત્યારે આંતરડું દાબીને ઉંચે ચઢાવવું, તે ચઢીઆ પછી બાલ કાપીને નીચલો લેપ લગાડવો. મસ્તકી, હીરાદખણ, એળીઓ, હીરાબોર સરખે ભાગે લઇને મધની ચાસણી કરી લેપ બનાવે. તે લેપ લુગડાં ઉપર મુકી ગોળીપર બાંધે પછી કાછો બાંધે. બચ્ચાંઓ માટે અકસીર ઇલાજ એ છે.

૨૧=અંતરગળ અનેગોળાનું ઓષડ—હળદર, કુકુમળી, સાજી, સંભાગે લઈ કંટારા થુવરના દુધમાં ગોળી બનાવી રાખવી. તેમાંથી એક અથવા બે ગોળી પાણી સાથે ૪ દીવસ ખાવી, ઉપરથી વાસી પાણી પીવું. અથવા હળદર અને સાજીની ફાકી ૦।। તોલો રોજ ફાકે, ઉપરથી ઠંડી પાણી પીએ.

૨૨=વધરાવળ—ગોળી ઘણી મોટી થાય તો ગોળી ઉપર ઠંડા પાણીની ધાર ૧૦ મીનીટ સુધી દીવસમાં ૫) વખત નાંખવી ખોરાકમાં ખીચડી, દાળ, ભાત, ખાવા. અધુરે પેટે ખોરાક ખાવો; બહુ દાબીને ખોરાક લેવો નહીં. આ ઇલાજ ૮ દીવસ ચાલુ રાખવો. ઠંડાને બદલેગરમ પાણી વાપરો તો તેનાથી પણ ફાયદો થશે.

૨૩=ગોળી મોટી હોય તે માટે—આકડાના કુમળા પાન ૨). ( કુમળીઆં, એટલે ૨) પાન સાથેજ વળગેળાં હોય તેવા નાનાં પાન ) ચેવલી પાન ૩), તે ઉપર કાથો, ચુણો, સોપારી, રીસસરની મુળી, બધાંની બીડી બનાવી રોજ ૧ વાર ત્રણ દીવસ ખાવી. ગરમી જણાય તો ઘી ખાવું.

૨૪=ગોળીનો સોજો ઉતરે—પોપટીના પાનનો ઠંડો રસ ગોળીએ લગાડે; સુનાગેરૂ તે સાથે મેળવે તો વધુ ફાયદો થાય.

૨૫=સોજો ગોળીએ—ચંપેલીના પાનનું વરાળીઉ ગોળીપર બાંધવું.

૨૬=અંતરગળ ( ગોળી વધી હોય ) માટે—રીંગણીનું મુળ અને જુની ઈંટને, વાસી પાણીમાં ઘસીને ગોળીપર દીવસમાં ૭ વાર લગાડવું. આ મુજબ ૫ દીવસ જારી રાખવું.

૨૭=અંતરગળ માટે—વચનાગ. ( શોધેલો ) એળીઓ, જવખાર, ઉપલેટ, ગુંગળ સંભાગે લઈ એરંડીઆના પાતરાંના રસમાં ખખડાવી, લેપ કરવો, તે ઉપર એરંડીઆનું પાંતરૂં બાંધી લંગોટ વાળવી. અથવા ગાયના પીત્તાનું પાણી ગોળીએ ચોપડે તો અંતરગળ નરમ પડે.

૨૮=કાયબાના બીચ, અક્કલગરો, મરી, એરંડીઆના બી સંભાગે વાટીને પાનનાં રસમાં ચીનીબોર જેવી ગોળી કરીને સહવાર સાંજ ખાવી.

૨૯=ગોળી મોટી થાય ત્યારે વચનાગ પાણીમાં ઘસી ગોળીએ લેપ કરવો.

૩૦=ગોળી મોટી થાય ત્યારે વંતાકડીનું મુળ ઘસીને ચોપડયા કરવું.

૩૧=ગોળી મોટી થાય ત્યારે સરકાની સાથે એદંડીઆની જડ ખખડાવીને દીવસમાં ૩ વાર ગોળીપર લગાડવી.

૩૧=અંતરગળવાળા દરદીને જીરાં પાક ૦।। તોલો રોજ બે વાર ખાવો. જીરાં પાક બનાવવાની રીત—શેરડીના સરકામાં સફેદ જીરાંને ૨૪ કલાક ભીંજવી રાખી પછી સુકવે પાશેર જીરાના ભુકા સાથે અઢી તોલા સુંદને મધથી મેળવી પાક બનાવવો.

૩૨=વધરાવળ માટે સરપંખાના મુળનું ચુરણ ૧ માસો પાણી સાથે રોજ ખાવું.

૩૩=ગોળી મોટી થાય તે માટે—૧ તો. સીંધાલુણને ૪ તોલા ઘી સાથે મેળવી ત્રાંબાના વાસણમાં તેનો લેપ કરવો. તેને સુરજના તાપમાં રાખી ગેટીના ડુચા વડે ખુબ ચોળવું. તે મલમ ગોળી ઉપર વારંવાર ઘણો વખત ઘસ ઘસ કરવાથી ગોળીના સરવે દરદ તરત નાશ પામે. આ પ્રયોગ ચમત્કારી છે.

૩૪=અંતરગળ માટે—સુંઠનો પાક રોજ બે વાર ખાધા પછી લેવો. સુંઠનો ભુકો મધ સાથે મેળવી પાક બનાવી તેમાંથી ખપનો પાક રોજ બે વાર ખાવો.

૩૫=અંતરગળ માટે—સુવા બાફી વાટીને ગોળી ઉપર લેપ મુકવો, ગોળી નરમ પડે ત્યારે દાબીને ચઢાવવી. પછી ફરી લેપ કરી કાછો બાંધવો. દરદીને ૩ દીન સુવાડી રાખવો.

૩૬=અંતરગળ અને ઉંધી ગાંઠ, ઉંધા ગુમડાં માટે-સુંવાને છુંદી પાણીમાં બાફી તેની ગરમ પોટીસ ગાંઠ ઉપર જોરથી બાંધે, ૨-૪ દીનમાં ગાંઠ પાકી પરૂ બહાર નીકળે. અંતરગળ માટે એની પોટીસ મુકી કાછો બાંધે.

૩૭=ગોળી મોટી થઇ હોય તો—રીસામણીનું પાન વાટી ગરમ લેપ કરી મુકવો.

૩૮=અંતરગળવાળા દરદીએ (૭ થી ૧૦) સુકી લીમોડીનો મગજ બે ત્રણ દીવસે ખાવો જો લીલી લીંમોડી હોય તો આખી ગળી જવી. એથી ગોળીનું દરદ નરમ રહેશે અને કાવત આવશે

૩૯=ગોળીએ અંતરગળ હોય ત્યારે રાંધેલો વછનાગ એળીઓ, જવખાર, ઉપલેટ્રા, ગુંગળ, એ સરવેને ગરમ કરી લેપ કરવો.

૪૦=ગોળી મોટી-અંતરગળ—સુખડ, સોપારી લાલ, રસવંતી, અફીણ, સંભાગે એકેક તોલો, જવનો આટો તોલા ૪, લીલા ધાણાના રસમાં મેળવી લગાડે છે.

૪૧=અંતરગળ—ઝોળો ચઢે ત્યારે ઝાડો અને પવન છોડવવાની જરૂર છે માટે એળીઓ, હીંગ, સુંઠ, સંચળ, સંભાગે મેળવી ૫)

સ (બેઆની ભાર) ચુરણ મધ સાથે અથવા પાણી સાથે ખાવું. ૩ર હોયતો ૧ કલાક પછી ફરી ખાવું.

૪૨=ગોળી ઉપરનો સોજો મટે—લીલા ધાણાના રસમાં ગુલેઅ-ાની, રતાંજળી, મેળવી લગાડવી, અથવા કપાસ તથા દીવેલના ાચને કોથમીરના રસમાં મેળવી લગાડવાં.

૪૩=ઇંદ્રએ સોજો હોય તે માટે પીપળો, વડ, ઉમરો, એમાંના ઇબી ૧ ઝાડની છાલનો ઉકાળો બનાવી પોતાં મુકવાં.

૪૪=કુકડવેલ-કુકડવેલ્યાં-કુકડવાડો એ ઘણા કડવાં અને ઝેહેરી છે. કડવેલ સોજા ઉપર લગાડે તો સોજો નરમ પડે.

૪૫=સોજો, { હળદર, મીઠું અને સુખડ પાણીમાં ઘસી લગાડવું. ા વીકાર { ઉપર ઉપર લગાડયા કરવું.

૪૬=કોઠમીરનો રસ અને એળીઓ લગાડે.

૪૭=લીંબુના રસમાં સંમદરફળ પકાવેલું ઘસી સોજા ઉપર ગાડીઆ કરે.

૪૮=ભીલામુ લગાડવાથી સોજો હોય તો તલને ભેંસના દુધમાં ાટીને લેપ કરવો.

૪૯=અરણીના પાન બાફી બાંધવા.

૫૦=એરંડાના પાનનું વરાળીઉં બાંધવું.

૫૧=ધતુરાના પાન વાટી લેપ કરવો.

૫૨=સાટોડી અને સુંઠ વાટી લેપ કરવો.

૫૩=હળદર અને સુંઠ બાટી લેપ કરવો.

૫૪=કાળા ધતુરાની દાંડીનો રસ ના તોલો દારૂ ૩ તોલા, રમ કરી લગાડવું.

૫૫=અરણી, આમલી, આવળ, લીમડા, અમેડાના, પાનની ાટીસ મુકવી.

શરીરે સોજો—એ દરદમાં પીસાબ, ઝાડો અને પરસેવો લાવ ાની જરૂર છે.

૫૬=દુધમાં એરંડીઉં પીવું.

૫૭=કાલીપાટનો ઉકાળો, અથવા ત્રીફળાં ગૌમુત્રમાં લેવાં.

૫૮=બીલીના પાનનો રસ પીવો.

૫૯=ત્રીફળાંનો કુઆત અને ભેંસનું ઘી પીવું.

૬૦=ગોળ, પીપર, સુંઠ, સંભાગે મેળવી ખાવી.

ગોળ અને આદુનો રસ ખાવામાં લેવો.

૬૧=ગોળ અને સુંઠ અથવા ગોળ અને હરડે અથવા ગોળ અને પીપર ખાવામાં ફાયદો છે.

૬૨=જખમ થવાથી સોજો થાય ત્યારે થંડા પાણીના પોતા મુકવા.

૬૩=સોજો—સરકો, જવ, મગ કપાસીઆના આટા સાથે પાણી મેળવી લેપ કરવાથી સોજો નરમ પડે છે

૬૪=સોજો—પીપર અને સુંઠ સંભાગે મેળવીતેમાંથી ૦॥ તો ચુરણ ગોળ સાથ રોજ બે વાર ખાવું.

૬૫=સોજો નરમ પડે—સુંઠ, દેવદાર, સાટોડી સંમભાગે મેળવી ૦॥ તોલા. ફાકી રોજ લેવી ઉપરથી દુધ પીવું

૬૬=સોજા દરેક જાતના મટે—સુરોખાર ૫ પૈસા ભાર, સોનાગેરૂ ૫ પઇસાભાર એને મેળવી પાંચ પડીકાં બનાવે. ૧ પડીકું કોરાં કાદવના વાસણમાં મુકે, અંદર ૧॥ શેર પાણી નાખી આખી રાત ઠારમાં મુકે. સહવારે નીતરૂં પાણી કાઢી આખા દીનમાં ૫-૭ વાર પીએ. આ મુજબ ૫ દીન પીએ. ખોરાક ફકત ચણાના આટાની રોટી ઘીમાં બનાવી ખાય, બીજું કાંઈ ખાય નહી

## ઝામરી.

ઝામરી હાથ ઉપર—હાથના પોંચાની પીઠપર સોજાની માફક ગાંઠ થાય છે. તે ઉપર કાંસકાંના પાનની લેપડી મુકે તો પાકીને ફુટી જાએ.

## સાત પડો.

સાતપદાનો ઇલાજ—મીઠું, સુકા મરચાં, હળદર સુકી સંભાગે મેળવીને તેની લેપડી રોજ નવી મુકવી.

## સીતલાની ગરમી.

સીતલાની ગરમી શરીરમાંથી નીકળે તે માટે શીતલા સારા થયા પછી ધાણા જીરૂ ના ના તોલો પાણીમા એક રાત ભીંજવી સાકર સાથ પીવું.

## સુલેમાની લવણ-સુલેમાની સાલ્ટ.

સુલેમાની લવણ—લવણક્ષાર નીચે મુજબ છે:—

નવસાર, સુરોખાર, સીંધવલુણ સંભાગે લેવું તેને આંટાના લોંદામાં મુકી, તે લોંદાને કપડછંદ કરી અરાયાના ઇંગારથી પક વવું. જે ભુકો બને તે લવણક્ષાર છે.

## હૈયું નબળું-હૃદય નબળું-હોલેદર.

૧=હાર્ટ નબળું હોય તે દરદીએ કેરબાની માળા પહેરવી ફાયદાકારક છે.

૨=કલેજામાં ઠંડક પડે, કલેજાની ફીકર મટે—દુધીનો અથવા લુરા કોહરાંનો મુરબો પાંચ તોલા અથવા વધુ ભુખે પેટે અથવા ઘણી ભુખ લાગે ત્યારે ખાવો.

૩=હૈયું નબળું હોય તો સાજીખાર, દાડમની કળીના રસમાં ખાવો.

૪=કુંપરીના ફુલ ( નિલોફળ ) ની સફેદ પાંતરીનો ગુલકંદ ખાવાથી પેટમાં ઠંડક આવે, અને ફીકર, ચીંતા લાગતી બંધ પડે.

૫=પેટમાં ફીકર લાગતી હોય તો પેટપર જોરથી પાટો બાંધે.

૬=પેટમાં ફીકર લાગે તે દરદીએ ઉંડો સ્વાસો સ્વાસ લેવો, નાક વાટે દમ લેવાય એટલો લેવો, જેટલો વખત દમ ઘુંટી શકાય તેટલો વખત દમ ઘુંટવો, પછી દમ ધીરે ધીરે બહાર કાઢવો. આ મુજબ પાંચથી દસ મીનીટ ચાલુ રાખે તો તરત ફાયદો જણાય.

## હરસ—મસા હરસના—બાવાસીર

૧=હર્ષ માટે—કુકડવેલનું ચુરણ ૧ તોલો લઇ ૬૪) તોલા પાણીમાં આખી રાત ભીંજવી રાખે, તેનું પાણી ઝાડે જાય ત્યારે સફરો ધોવામાં છ માથ સુધી વાપરે તો દરદ જડમુળથી જાય અથવા કુકળવેલ, ઇંદરાવારણી, કડવું તુંબડું એના મુળનું ચુરણુ ગોળ સાથ મેળવી સફરામાં રોજ મેળવું થોડા દીવસમાં હરસ જડ મુળથી જાય છે.

૨=હરસના દરદીએ ગંધક પાક (Confection sulphur) મરી પાક ( Confection pepper ) ચાલુ ખાવામાં લેવાથી ફાયદો થાય છે.

૩=હરસના મસાવાળા દરદીએ ગંધક, મેઢીઆવાળ ( સુના મુખી ) અને ગુલાબની સુકી કળી સંભાગે મેળવી તેમાંથી ાા તોલો દીવજમાં બે વાર મધ સાથે (ચાટણ કરે) અથવા રાતરે સુતી વેળા રૂ૦ ૧) ભાર સુધી રોજ ખાવું.

હરસ માટે—ગંધકપાક, ઘણો વખત આપવામાં આવે છે તે ઝાડો સાફ લાવે છે. હરસને મટાડે છે. લોહી સાફ કરેછે.

૪=હરસ માટે ગંધક ઘણી ઉપયોગી છે. ઝંહાડાની કબજીઆત મટાડે છે.

હરસનું લોહી પડતું હોય તો ગંધક વાલ ૮ તથા ફટકી વાલ ૨) પાણી સાથ ફાકવી ને ઉપરથી દુધ પીવું.

ગંધકનું તેલ—સોધેલા ગંધકને દુધમાં ઉકાળી તેનું દહી કરી ઘી બનાવવું. તે ગંધકનું તેલ કહેવાય છે.

ગંધકને શુદ્ધ કરવો—એક તપેલીમાં ઠંડું દુધ મુકવું. ઉપર ધોળો કટકો દુધને લાગે નહી તેવી રીતે બાંધવો. લુગડા ઉપર ગંધકનો ભુકો નાંખવો. તે ઉપર ઢાંકણુ ચતું ઢાંકવું. ઢાંકના ઉપર અંગાર મુકવો. ગંધક તપી, પાતલી થઈ દુધમાં પડશે. બાકી કચરો કપડાં ઉપર રહી જશે. આ ગંધક શુધ થએલો ગણાય છે.

૫=હરસ માટે—ધાણા તથા બનફસા દરેક ૦I તો લુંદી પાણી સાથ પીવું.

૬=હરસ માટે—અઘેડાના લીંડવાં પાણીમાં ભીંજવે, ઉપરનું નીતરું પાણી દહીં સાથ પીવામાં લેવું.

હરસ=અર્સ માટે—૨ થી ૪ તોલા આદુનો ઉકાળો કરી ૨૧ દીવસ સુધી રોજ પીવો.

૭=હરસનું લોહી બંધ પડે—નાગલી દુધેલીના પાન ૪ તોલા ઘીમાં તળી ખાય તો તત્કાળ લોહી બંધ થાય.

છાલાપાલાનો ભુકો બનાવવાની રીત—જે છાલાપાલા ગામા સામાંજ મળે છે તેને સુકવી રાખવા કરતાં તેની ચટણી બનાવીને નીકળે એટલો રસ કહાડી તેરસ તડકે સુકવી ભુકો કરી રાખવો. અને તેનો ફાવે ત્યારે ઉપયોગ કરવો.

૮=હરસ માટે—આમલીની છાલ અને કડવા તુરીઆના બી એની ધુંઇ આપવી, હરસ બહાર આવે ત્યારે ફરી ધુંઈ આપવી.

હરસ માટે—આમલીના પાતરાંનો રસ પીવો.

હરસ—હરસ ઉપર તમાકુની લેપડી મુકવી.

૧૦=હરસ સફરાના હોય તે માટે—ગલગોટાના ફુલ ૦। અથવા ૦॥ તોલો સાકેર સાથે મેળવી સહવારે રોજ ખાય. અથવા એનો ગુલકન બનાપી ખાય.

૧૧=મસા હરસના નરમ પડે—દારૂડીઆના બીનો ધુમાડો આપે.

હરસ મટે—ઇંદ્રવાયણુની જડ પાણીમાં ઘસીને હરસપર લગાડે.

હરસ માટે—ખારેકના ઠળીઆની ધુંઈ સફરામાં આપવી.

હરસના માટે—કાળા કોહોડનું ચામડું બાળીને ધુંઇ આપે, અથવા હુકામાં પીએ તો હરસ જાય.

૧૨=હરસ માટે—કપાસના છોડના મુળને વાટી ચોખાના ધુણુ અને મધ સાથે પીવું.

૧૩=હરસ—કુકડવેળના ફુલના બીજને ગાયના મુતરમાં વાટીને ત્રણવાર લેપ કરે તો હરસ મુળમાંથી ખરી પડે.

હરસ માટે—નાગકેશરના બીજ, ઇંદર જવ, રસમતી સંભાગે ચુરણ કરી હથેલી ભરી ચોખાના ધુણુ સાથે ૭ દીવસ સુધી ખાવું.

હરસ માટે—નાગ કેશર, સાકેર સંભાગે મેળવી ાા તોલો પાણી સાથે સહવાર સાંજ બે વાર ખાવું.

હરસ માટે નાગ કેશર માખણ અને મધ સાથે ચાટવું.

૧૪=હરસનું પડતું લોહી તરત નરમ પડે—નાળીએરની ઉપરની ચોટલી બાળી તેની રાખ કરી તે રાખ વાલ ૨ દહી અથવા મલાઇ સાથે ખાવી. ગુણ ન માલમ પડે તો રાખ ૪ વાલ લેવી.

હરસના મસા મટે—જુના ગોળ સાથે હરડે ખાવી.

(જુનો ગોળ રસાયણ રૂપ છે. ત્રણ વરસનો ગોળ ઘણો સારો છે.

મધની ગેરહાજરીમાં જુનો ગોળ ચાલે છે.)

હરસના મસા (કફના) મટે—હળદના ગાંઠીઆને થુઅરના દુધમાં સાત ભાવના દઇને (સાત પત આપીને) તેને પાણીમાં ઘસી મસા ઉપર લેપ કરે.

મસા હરસના માટે—ગળીનો ભુકો દાબે તો લોહી બંધ થાય.

હરસ માટે—છાસનું સેવન કરવું ઘણું સારૂં છે

૧૭=હરસ માટે—ખરેટીના પાનની લેપડી મુકવાથી ખરી પડે છે એના પાતરાં નવટાંક લઇ તેને પાણી સાથે મસળી રસ કાઢી ચાર મરીના દાણા નાંખી પીવાય છે.

હરસના મસા—હરસનાંમસા માટે કાળા તલ, ગાયનું માખણ, શાકર એકેક પઇસા ભાર રોજ ખાવું.

હરસના—હરસ માટે કાળા તલ વાટીને ૬ માસા એટલે આઠ આની ભાર માખણ સાથે રોજખાવા.

૧૮=સુરણ રોજ ખાવામાં લીધુ હોયતો ધાતુ વધારે અને હરસના મસાને મટાડે છે વવડતુ સુરણ વધારે ગુણકારી છે.

હરસ મટે—૫ શેર કાચાં સુરણને સુકવી તેનું ચુરણ ાા તોલો રોજ બેવાર થંડા પાણી સાથે ખાવું. સુરણ બધુ પુરૂં થાય ત્યાં સુધી ખાવું.

સુરણના પાંતરાની ભાજી બનાવી રોજ બે વાર ખાએ.

સુરણનાં કટકાને ઘીમાં તળી ચાસ પાઇ મુરબ્બો બનાવી રોજ ખાએ.

બાફેલા સુરણનું ચુરણ તેલ અને સીંધવ મેળવીને રોજ ખાવું.

સુરણ ૮ ભાગ, મરી ૧ ભાગ, સુંઠ, ૨) ભાગ, ચીત્રો ૪ ભાગ, ગોળ ૧૬ ભાગ, મેળવી ૧ તો રોજ ખાવું.

૨૦=હરસનું લોહી બંધ થાય, અકરસાટ નરમ પડે—ચીમડાના પાનનો રસ એક તોલો, ઘી સાકર સાથે મેલવી પાંચ દીન પીવો.

હરસ માટે વેલાતી આમળીની છાલ અને કડવી ડોળકીના બીની ધુંઇ આપવી.

હરસ માટે—તેલ અને નાગકેસર સંભાગે ખાવાથી હરસને ફાયદો છે માખણ સાથે નાગકેસર ખાવાથી લોહી બંધ થાય છે.

૨૧=મુળ વ્યાધી=હરસ ખરી પડે—કાળો ચીત્રો, ટંકણખાર, હગદ, ગોળ સંભાગે મેળવી હરસપર લેપવી મુકે તો હરસ ખરી પડે (આ ઇલાજ ઘણાઓને જાણીતો છે.)

૨૨=બીજો ઇલાજ—ચીત્રાની છાલને અથવા મુળને ઘસી તે ઘસારો કોરાં કાદવના વાસણમાં લગાડીને તેમાં દુધ નાખે. એક રાતમાં તે દહી થશે તે સહવારે દરદીને ખવાડવું. થોડા દીવસ આવું દહી ખાવામાં આવે તો હરસ નાબુદ થાય

૨૩=મસા ખરી પડે—ચણોઠી, ફરાસ ાપડો દરેક પાંચ તોલા સાથે નીપાળગોટો, વચનાક, સીંધુર એ સવળાને લીંબુના રસમાં ખરળ કરી મસા પર લગાડે

૨૪=મસા હરસના મટે—મસા ગરમીથી થાય તો લોહી પડે, રસ વીકારના હોય તો પરૂ અથવા આમ પડે, વા વીકારના હોય તો સુકા હોય પણ દરદ કરે. ગુંગલ ચોખ્ખો ચલકતો દશ તોલા લઈ પાણીમાં પીગલાવે અને ગાળે, તેમાં મધ અને સાકર દરેક પચીસ તોલા નાખી ચાસણી બનાવે. તેમાં મોટી હરડે ૪ તોલા નાખી રસપાક બનાવે તેમાંથી ાા તોલો રોજ બેવાર ખાવો.

૨૫=હરસ માટે આવળના મુળની છાલ ાા તોલો દુધમાં ઉકાળી ૭ દીવસ પીવી.

મસા દુઃખે તે બંધ થાય—આમળી ઉપરની છાલની રાખ ૨) વાલ દહી સાથે ખાવી અથવા ચીચોરો અને સાકર પાણીમાં ઘસી રોજ ૩ વાર મસા પર લગાડવું.

હરસ મટે—હાથલા થુઅરના લાલ દીડવાં (ડોડવાં) નો રસ બે તોલા રોજ બેવાર ૩ દીવસ પીએ તો હરસ નરમ પડે. જો ૭ દીવસ પીએ તો મસા ફરી ઉપડે નહીં.

૨૬=હરસને ફાયદો કરે—ભુંજેલા ચણાના દાળીઆ રોજ સ-વારે બે તોલા ખાય અથવા પાણીની તરસ લાગે ત્યારે દાળીઆ બે તોલા ખાય અથવા જો દાળીઆજ ખાઇને પેટ ભરે બીજું કશું ખાય નહીં તો ઘણો ફાયદો થાય.

હરસના મસા ઉપર--ગળીનો ભુકો લગાડીઆ કરે તો ફાયદો થાય.

૨૭=હરસનો દારૂ, ગોળનો દારૂ—સુંઠ ૧ શેર, હરડે ૧ સેર, જુનો ગોળ બશેર, પાણી ૬ શેર મેળવીને ૧ તાંબાના વ.સ-ણમાં પેક કરી ઘોડાની લીડમાં ૧૫ દીવસ દાટે, પછી જેમ સરાબ ગાળે તેમ તેને જંતરથી ગાળે એ ગાળેલા દારૂમાં બે વાલ કસ્તુરી મેળવે. દારૂ પાંચ તોલા અને ગુલાબ જળ ૪ તોલા મેળવીને દરદીને ૭ વાર પાએ.

૨૮=હરસ માટે—આકડાના અથવા આમળીના લાકડાંના કોલસા ઉપર અજમો મુકી તેની ધુંઇ હરસપર આપવી.

હરસનો ઇલાજ— આકડાના પાનનો રસ ૫ તોલા, અને ૧ તોલો સોનાગેરૂ મેળવી સોટકી બનાવવી જેમ વધારે બંને ચીજોને ખરળ કરે તેમ ગુણમાં વધે. આ ગોટી પાણીમાં ઘસી હરસપર લગાડવી. બળતરાં બળશે તે ખમાએ ત્યાં સુધી ખમવાં. ન ખમી શકાય તો પાણીથી ધોઇ નાખી હરસપર મેંદીના પાનની લેપડી મુકવી. તેથી હરસ મટી જશે. સારૂં થાય ત્યાં સુધી રોજ આ ઇલાજ કરવો. આકડાનું દુધ પણ મસા ઉપર લગાડવામાં આવે છે.

૨૯=હરસ માટે—મૂળાના પાતરાંનો રસ ૩ તોલા પાવો.

હરસ માટે—નાગચંપાના ફુલની ધુંઘ આપે.

હરસનું જોર નરમ પડે—વીલાયતી કોલસાની ભુકી ૦। તોલો દહી સાથે મેળવીને દરદી ખાય.

હરસનું લોહી, કળતર, દુખાવો મટે—૦॥ તોલો જીરાંની ફાકી પાણી સાથે લેવી.

૩૦=હરસ માટે મલમ—અફીણ ૪ તોલા અને ઘી ૨ તોલા. ઘીને સાત પાણીથી ધોવું અને રાખવું. બીજે દીવસે એજ ઘીને ફરી સાત વાર ધોવું અને રાખવું. આ મુજબ ૭ દીવસમાં સાત વાર ઘીને ધોવું. અને તેના ૭ ભાગ કરવા. અફીણના પણ ૭ કરવા. પછી ૧ ભાગ અફીણ અને ૧ ભાગ ઘીને તાંબાંનો કળીસીઓ ઉંધો વાળી તે ઉપર ઘસીને મેળવવું અને ૧ કપમાં રાખવું. બીજે દીવસે બીજો ભાગ અફીણ બીજા ભાગનું ઘી ઉપર મુજબ કળસીયા ઉપર ઘસી મેળવીને પછી પહેલે દીવસે બનાવેલા મલમ સાથે મેળવી રાખવું. તીજે દીવસે તીજો ભાગ ઉપર મુજબ મેળવવો. આ મુજબ ઘીના અને અફીણના સાત ભાગ સાત દીવસમાં મેળવી મલમ એકઠો કરવો આ મલમ હરસ માટે ઘણો ઉપયોગી છે. અને બાળક જણતાં મસા બહાર આવે તે માટે બી આ મલમ ઉપયોગી છે.

૩૦=ગળકાના વેલા કડવા અને મીઠા આવે છે.

હરસ ખરી પડે—કડવા ગળકા અને જાણવરોના સીંગડા ઉપરની મુરદાળ છોળ ( ખોપડાં ) નો ધુમાડો હરસ ઉપર લેવાથી હરસની ગાંઠ( ગલોડી ) નીકળી પડે.

૩૨=હરસનું લોહી પીચકારી માફક પડે ત્યારે ૦। તો. વેલાતી કોલસો દહીં સાથ ખવાડે તો લોહી બંધ થાય, આ ઇલાજ રોજ એકવાર ચાલુ રાખે તો રફતે રફતે દરદ નાબુદ થાય ફેની દારૂ આવા દરદીને ફાયદો કરે છે.

૩૩=લોહીવાળા હરસ મટે—હીરાદખણ ૨) તોલા, મ્હેરોબા ૧ તોલો, કવડી લીંબોડીનો મગજ ૨ તોલા, બકાન, લીંબોડીનો મગજ ૧) તોલો, રસવંતી બે તોલા લેવી. કેહેરોબાને પહેલે ગુલાબ જળમાં પીસવું, પછી બધી ચીજ મેળવીને ચણા જેવડી ગોળી બનાવવી. ૨) ગોળી સહવારે અને ૨) ગોળી રાત્રે રોજ ખાવી.

૩૪=લોહીનો ઝાહડો મસાનું લોહી=ચામડીના દરદો સાફ થાય. } કડા છાલના ઉકાળામાં સાકેર મેળવી શરબત બનાવવું તે કડવું સરબત ૧ ચમચો અથવા વધુ પાણી સાથ મેળવી રોજ પીવું.

હરસનું લોહી બંધ પડે—અઠમડીની સીંગનું ચુરણ ૦। તોલો લઇ ૨) વાલ સંચળ સાથે મેળવી ફાકે.

હરસનું લોહી બંધ કરવા માટે કડાની છાલ અને ફુળ બંધે વપરાય છે.

૩૫=હરસ માટે—આમળીના ચીચોરાને નગોરના પાનના રસમાં ઘસી લગાડે અને નગોડનાં પાનના છુંછાની (કુસાની) લેપડી હરસ પર મુકે. લેપડી સાથ કુમાર મેલવે તો વધારે ફાયદો થાય.

૩૬=હરસ દરેક જાતના સારા થાય—ગરમારાના પાન પાંચ, મરી નંગ ૭ ને શેર પાણી સાથ જેમ ભાંગ ઘુટે તેમ ઘુંટી ૦॥ તોલો ગોળ મેળવી રોજ સહવારે પીવું. જો હરસનો જોર વધારે હોય તો દીવસમાં ત્રણ વાર પીવું.

હર્સ માટે—તલ ૦॥ તોલો માખણ સાથ મેલવી રોજ ખાય, અથવા માખણ, સાકેર અને ૦। તોલો નાગકેસર મેલવી ભુખે પેટે ખાય તો હરશનું લોહી જરૂર નરમ પડે.

૩૭=હરસ મટે—બે તોલા મઠને બુડતાં પાણીમાં એક રાત ભીંજવે, સહવારે તે મઠને ઘી અને જીરામાં વઘારી ભુખે પેટે ખાય, ૩ દીવસમાં ફાયદો થાય.

હર્ષ ખરી પડે—લીબોડીનું મગજ તેલમાં તલે, અને મોરથુથુમાં મેળવે અને ઘી સાથ મેળવી લગાડે.

૩૮=હરસ મટે—રસમતી અને ગરમાળાનો ગર સંભાગે જુના ગોળમાં મેળવી લગાડે અને એક વાલની ગોળી કરી રોજ એક ગોળી ત્રણ વાર ખાય રસ પાટને નામે કલકતામાં એ દવા ઓળખાય છે.

૩૯=હરસ મટે—રસમતીનો ઘસાડો હરસ પર લગાડે તો પેહેલાં લોહી નીકળે પછી મસા સુકાઇ જાય.

રસવંતીની બનાવટ—દારૂ એક તાલો અને લીલી હળદર મેળવી બારીક કરવી, તેમાં તેના વજનથી આઠ ઘણું પાણી નાખી ઉકાળવું, અરધું પાણી બળી રહ્યા પછી આઠ ઘણું (૮ તોલા) દુધ નાખી ઉકાળવું પ્રવાહી સઘળું બાળી નાખવું.

૪૦=હરસને ફાયદો આપે—હીંગ અને ખજુર ખાવામાં લીએ, અથવા ઇંદરજવ, રસમતી, સુનાગેરૂ, મેળવી તેમાંથી ૦। તોલો ખાય અને ઉપરથી છાસ પીએ.

સરમાઉ ઝાડ—રીસામણી-લજામણું-બાજવરધી, હરસ માટે એની લેપડી મસા પર મુકે તો મસા નરમ પડે.

હરસ મટે—વછનવેલાના પાનની ધુંઇ લેવાથી હરસ મટે હરસ જો બહાર નીકળેલા હોય તો કરમાઇ જાય.

૪૧=હરસને ફાયદો કરે—બોરબરોટીની રાખ, સફેદ કાથો, સંભાગે લઇ મધમાં મેળવી હરસ પર લગાડે.

હરસનું લોહી નરમ પડે—ગળજીબીનો રસ બે તોલા પીવો.

હરસ માટે—અફીણ, કાલીજીરી, લીંબોડીના બીજ દરેક ૧ તોલો, મીઠું બેઆની ભાર વાટીને પાણી સાથે લેપડી બનાવવી ઝાડે જઇ આવ્યા પછી મસા સફરાની બહાર નિકળે ત્યારે બીછાણે જઈ સુવું અને મસા બહાર હોય ત્યારે તે ઉપર લેપડી મુકવી

૪૨=હરસ તરત મટે—મુળાના કંદ અને પાન વચેનો લીલો ભાગ છુંદી તેનો રસ બે તોલા ૧) તોલો ઘી સાથે મેળવી સહવારે પીવો. મુળાના પાન ગરમ અને હજમીઅત છે. મુળાનો કંદ સરદ છે.

હરસનું લોહી બંધ થાય—મુળાના પાનનો રસ એક તોલો તેમાં એક રતી ગંધકના ફુલ મેળવી પીએ.

હરસ માટે—ખાવાનું મીઠું ધુપેલમાં મેળવી લગાડવું.

હરસનો મલમ—મીણ ૧ તોલો, ઘી ૪ તોલા માયાં અને મીઠું ૧ તોલો એનો મલમ બનાવી હરસ પર રોજ બેવાર લગાડે તો હરસ ઝરી જાય.

૪૩=હીમજી (હીમજી હરડે) ને પાણીમાં ઘસી મસા પર લગાડે. સાથે જરા અફીણ ઘસી લીએ તો વધુ ફાયદો થાય ખોરાક સાદો લેવો.

હરસ=બાવાસીર.

૪૪=જુદા જુદા દરદીને જુદી જુદી ખાવાની ચીજ માફક ન આવવાથી હરસનું જોર વધે છે. માટે જે ખોરાક માફક ન આવે તે છોડી દેવો.

ઝાડો સાફ લાવવાની પેહેલી જરૂર છે. રોજ ઝાડો નરમ અને સાફ આવવો જોઇએ.

સઉથી સારો જુલાબ, હરડે અથવા હીમજી હરડે છે. જેનું ચુરણ સાકર સાથ મેળવી રોજ ખાનું ખાધા પછી ૦॥ તોલો બે વાર લેવું.

તાજી છાસ જમીઆ પછી રોજ પીવામાં ફાયદો છે.

તલ, ભીલામુ, હરડે, ગોળ સંભાગે મેળવી તેમાંથી ૧) તોલો રોજ સહવારે ખાવું.

સાકર ૧૫) તોલા, સુરણ ૫) તોલો સફેદ ચણોઠી ૧) તોલો સુવા ૧) તોલો, એનું ચુરણ ૦। તોલો મધ અથવા માખણ સાથે ખાવું.

૪૫=કડવી ગીલોડીના પાનના રસમાં કળી ચુનો પલાળીને તે મસાપર ૫) મીનીટ ઘસવું. અગન ન ખમાએ તો પાણીથી ધોઈ ઉપર ઘી લગાડવું. મસા સીવાય બીજી ચામડીને ચુનો લાગે નહીં આ કીરીઆથી મસા ઘસાઇ જાય છે

કહેરોબા ( કરેબા ) અને એળીઓ ઘસી હરસપર લગાડે તો હરસ ખરી પડે.

૪૬=હરસ માટે—તાડની સીંગનો ધુમાડો આપવો.

હરસ મુળમાંથી ખરી પડે—થુઅરનું દુધ મસા ઉપર લગાડવાથી હરસ નીકળી પરે.

હરસ માટે—લીલું કોપરૂંને સાકર ચાવી ખાવી.

હરસ જાય—ધાણા ૦॥ તોલો છુંદી તેના પાણીમાં બતાસા નાખી ( પતાસાં ) પીવું.

હરસનું લોહી—લોહી હરસનું નીકળે અથવા બીજી કોઇ જગાએથી નીકળે તો કાળી દરાખ તો. ૦॥, દુધ તોલો ૨૦, પાણી તોલા ૨૦ ઉકાળી ૨૦ તો. રાખી દીવસમાં બે વાર પીવું.

૪૭=હર્ષ માટે ધુંઇ—નગોડ, આસંધ, ભોંયરીંગણી, લીંડી પીપર એનું ચુરણ કરી ધુણી દેવાથી અંદરના હર્ષ બહાર નીકળી આવે છે, તેની ઉપર શરગવાના મુળના રસમાં સોમલ ઘસી ૧) વાર લગાડે તો તાત્કાળ નરમ પડે. બહુ સંભાળથી લગાડવું કારણ તે બહુ ઝેહેરી છે.

હરસના દરદ મટે—જંગલી તુલસીના પાતરાં દહીં સાથે ૭) દીવસ ખાવામાં લે છે.

૪૮=હરસના મસા બહુ અકરસાટ કરે તો ટંકણખાર, કાથો, ગંધક, દરેક ૦। તો. ઘી ૨॥ તોલાનો મલમ કરી લગાડે.

હરસના મસા ખરી પડે—ચીત્રક, ટંકનખાર. ગોળ, હળદર સંભાગે મેળવી હરસ પર લગાડે.

૪૯=કપાસ (નરમાના) ના બીયાં ૪ ના મગજ, એક પઇસાભાર ગોળ સાથ ત્રણ માસ સુધી રોજ ગળે તો હરસ મટે છે. પહરેજી કાંઇ નથી.

હરસ—કરણનો એકસ્ટ્રેકટ એક ભાગ, ઘી સાત ભાગ મેળવીને હરસપર લગાડે તો સારૂ થાય

હરસ—કરણનું મુળીડું પાણીમા ઘસીને હરસપર લગાડે તો હરસ સારા થાએ. આ મુળીયું લગાડવાથી જરા બળતરાં બળે છે.

હરસ=અર્સ માટે—૨થી ૪) તોલા આદુનો ઉકાળો કરી ૨૧) દીવસ સુધી રોજ પીવો.

૫૦=હરસનું લોહી જાય તે માટે—જાયફળ કોતરીને તેમાં એક ટાંક અફીણ ભરે, જાયફળનું મોહ બંધ કરે ધતુરાનાં દીંડામાં તે જાયફળ મુકી તે દીંડવું બંધ કરે, અને તે દીંડવાંને ઘઉંના આટાથી કપડછંદ કરે અને અંગારમાં મુકે, આગ બળીને કાળો થાય ને કાઢી લીએ આ જાયફળને ખરળ કરી તેમાંથી ૪ ચોખાપુર ૧ દરદીને રોજ ચોખાના ધુણમા આપે તો લોહી બંધ થાય

મસા—હરસના મસાને ઠંડા પાણીની પીચકારીથી વારંવાર ધોવાથી અથવા બને તો ઠંડા પાણીમાં રૂ ભીંજવી મસા ઉપર દાબવાથી લોહી નરમ પડે છે.

૫૧=હરસના મસાનું લોહી પડતું હોય ત્યારે ઠંડા પાણી ૦। શેરની પીચકારી સફરામાં રોજ લેવી, એથી અંદરના ભાગમાં લોહી ફરતું થાય છે, અને તેથી મસા બંધાતા નથી, અને ઝાડો આવે ત્યારે કરાઝવું પડે નહીં.

પર=કેરબો ઘણી જાતનો આવે છે. ખરો કેરબો સુગંધી સારી આપે છે. તેનોરંગ પીળો, ને લાલ રહે છે. વખત જતે રંગ બદલાય છે. એ કોપાળ ગમને મળતો આવે છે. એમાં વીજળી હોય છે. કપડાં પર ઘસીને ઘાસના તંખળાં અથવા સુતરના દોરાની આગળ ધરીએ તો તેને તે ખેંચી લે છે. ઉકળતા પાણીમાં અને ઉકળતા અળસીના તેલમાં એ પીગળે છે. એનું તેલ ઓઇલ સકસીની છે. તે તેલ વખત જતે કાળું બને છે. છોકરાંને આંકડી થાય, કરમ ચઢે તે વેળા બચ્ચાંને બરડાની કરોડ ઉપર આ તેલ મસળે છે. કેરબો શરીરના અંદરના ભાગમાંથી પડતું લોહી અટકાવે છે.

કેરબો એ ચંદરસની જાત છે. આ બંને એક જાતના ગુંદર છે. બંનેને કપડાં ઉપર ઘસીને જીના ઘાસના તણખા આગળ ધરે તો તણખું ખેંચાઇને તેને વળગે.

હરસ ખરી પડે—કેરબો અને એળીઓ ઘસીને ચોપડે તો હરસ ખરી પડે.

હરસ માટે—કળીહારીનું અને સરસડાનું મુળ પાણીમાં ઘસવું. દુટીની આસપાસ ચાર ચાર આંગળ ફરતો તેનો લેપ કરે તો સાત દીવસમાં હરસ ખરી પડે.

પ૩=હરસના મસા દુર થાય—કપુર ૧ ભાગ અને ૭ વાર ધોયલું ઘી ૭ ભાગ તેનો મલમ કરી લગાડે.

હરસ મટે—છાશ રંગ બદલે ત્યાં સુધી તેમાં કંકુ મેળવે. તે છાસ નવટાંક પીવી.

કોઠો કબજ, હરસનું લોહી—એ માટે તલ ઉપયોગી છે, તલનો ઉકાળો કરી પીવો અથવા લાડુ બનાવી ખાવો. ગર્ભવંતી સ્રીને તલ ઘણા જથામાં લેવાથી અડચણ થાય છે.

પ૪=હરસ માટે—કમોઇનું મુળીયું પાણીમાં ઘસી તે પાણીમાં બે ખજુરની પીસી આખી રાત ભીંજવી રાખી, ચોળી, ગાળીને તે પાણી પીવું.

હરસના મસા માટે ગલોડી ૪) પગુ જાનવર જે સાપબામનીના જેવું હોય છે તેનું તેલ લગાડવું.

૫૫=હરસના મસા ચીમરાએ—સંધેસરાની પાલીને પાણી સાથ ક્ષુંદી લેપડી કરી સફરા ઉપર મુકે તો મસા ચીમરાએ, અને અગન નરમ પડે.

હરસના મસા ઉપર લગાડે તો ખરી પડે—સંધેસરાનું મુળીઉં, કળી ચુનામાં ઉકાળીને પછી તે મુળીઆને ઘી સાથ ઘસીને મસા ઉપર લગાડે.

હરસ—મસાનો મુળ વ્યાધી મટે—હીમજી હરડે ને જુનો ગોળ ખાય.

૫૬=મસા સફરાના મટે—અરીઠાના ઠળીઆના મગજને તલના તેલમાં ઉકાળી મલમ બનાવી લગાડે.

હરસ—૦ા તોલો સેકેલી હળદર કુમારના ગર્ભ સાથ ૭) દીન ખાવી.

હરસ—તુવરની દાળમાં હળદનો ગાંઠીઓ બાફવો. છાયામાં સુકવવો. પાણીમાં ઘસી લેપ કરવો. હરસ નરમ પડી સણકા તરત બંધ થશે.

હરસ માટે ધુમાડી—લસણના છોડાં (ફોતરાં,) ભેસના સીંગડાની છોડ, પક્ષી ચામચીદીઆની અઘાર, હાથી દાંતનો વેહર, માછલાના ભીંગરાં, એમાથી કોઇપી એક લેવું. જમીનમાં બે વે-હેંત ઉંડો ખાડો ખણી તેમાં દેવતા મુકી તે ઉપર ઉપલો ભુકો ૧ તોલો યા વધુ મુકવો. ખાડા ઉપર ઉઢોણી અથવા ખંટીનું પડ મુકવું, અને ઉપર એવી રીતે ચપટ બેસવું કે સઘળી ધુંઇ ગુદાને લાગે. ૦ા કલાક ધુંઇ લેવી.

૫૭=હરસ એટલે સફરામાં ચામડી ઉપર અંકુરો ફુટે તે એને ખેરવી કાઢવા માટે અઘેડાનો ખાર પાણી સાથ લગાડે.

હડતાલ અને અઘેડાનો ખાર પાણી સાથ લગાડે.

ફટકડી એરંડીઆમાં મેળવી લગાડવી.

૫૮=હરસ માટે—ખડીઓખાર, સાહજીર, કળીચુનો, મોરથુથુ સંભાગે લઇ લીંબુના રસમાં ૩ દીવસ ખરળ કરેને મસાપર લગાડે તો જરૂર મસા ખરી પડે.

હરસ માટે—ફાંદાની કાતરી સુકવી ચુરણ કરે, તે ૦ાા તોલો ચુરણ, ૧) માસો તલ, અને ૫) તોલા સાકર મેળવી રોજ ખાય. ખોરાકમાં ઘી, સાકર વધારે ખાય.

૫૯=હરસનો મલમ—હીરાદખન તોલો ૦ાા, ઓફાર ૦ા તોલો સંગજીરૂં ૦ા તોલો, અફીણ ૦ાા તોલો, કપુર ૦ાા તોલો અને માખણ ૧૪ તોલા લઇ મલમ બનાવી સફરા ઉપર લગાડયાથી એ રોગ મટે છે.

હરસના મસા ખરી પડે—હીંગ ૪ વાલ, દીવેલાની મીંજ ૧૨ વાલ, લસણુની કળી ૧૨ વાલ એઓને છુંદી લેપડી બનાવી મસા ઉપર બાંધે. ઘણા દીવસ બાંધે તો મસો ખરી પડે.

હરસ માટે—આવળાની મુળની છાલ ૦ાા તોલો દુધમાં ઉકાળી ૭) દીન પીવી.

૬૦=હરસનું લોહી બંધ પડે—ઇંદ્રજવનું ચુરણ ૦ાા તોલો છાસ સાથ ખાય, અને તેની લેપડી હરસપર મુકે.

મસા મટે—કરંજના ઝાડનું લાકડું પાણીમાં ઘસી મસા ઉપર લગાડે.

હરસ હોય અથવા ગોળીએ સોજો હોય તે માટે—કાચકીના પાન છુંદી દારૂમાં મેળવી તેનો લેપ ગોળાપર બાંધે; અને ખાખરા ના પાન મુકી પાટો બાંધી રાખે તો ગમે એવા લાંબા વખતની ગમે એટલી ગોળી મોટી હોય તો પણ ફાયદો થયા વીના રહે નહીં પણ લેપ ઘણા દીવસ ચાલુ મુકવો જોઇએ. હરસના મસા માટે આ લેપડી રોજ મુકવાથી ફાયદો થાય.

૬૧=હરસ ખરી પડે—કીડામારીના પાનની લેપડી મુકયા કરે તો મસા ખરી ગડે.

હરસ જળદી ખરી પડે—પાણીમાં રહે છે તે કાચબાનું પડ એટલે ઉપરનું ઢાંકણું તેની ખાખ અને કીડામારીના પાનની લેપડી મેલવી મસા ઉપર મુકયા કરે. કાચબો ન મળે તો ખેરા એટલે કરચલાં ( એક જાતની માછલી ) જે જીંગાની સાથે દરીઆમાંથી પકડાય છે તેના શરીર પરનાં કોચલાંની ભસ્મ બી ચાલે. ભસ્મને બદલે કોચલાંને છુંદીને બારીક કરે તે બી ચાલે.

હરસ—કુકડવેલના ફળના બીની લેપડી કરી ત્રણ દીવસ હરસ પર મુકે

૬૨=હરસ માટે મલમ—અફીણ ૪ તોલા અને ઘી ૨ તોલા લેવું ઘીને સાત પાણીથી ધોવું અને કલાઈના વાસણમાં રાખવું બીજે દીવસે એજ ઘીને ફરી સાત વાર ધોવું આ મુજબ ૭ દીવસમાં સાત વાર ઘીને ધોવું. અને તેના ૭ ભાગ કરવા અફીણના પણ ૭ ભાગ કરવા પછી ૧ ભાગ અફીણ અને ૧ ભાગ ઘીને તાંબાંનો કળસીઓ ઉંધો વાળી તે ઉપર ઘસીને મેળવવું અને તે ૧ કપમાં રાખવું બીજે દીવસે બીજો ભાગ અફીણ બીજો ભાગ ઘી ઉપરનું મુજબ કળસીઆ ઉપર ઘસી મેળવીને પછી પેહેલે દીવસે બનાવેલા મલમ સાથે મેળવી રાખવું ત્રીજે દીવસે ત્રીજો ભાગ ઉપર મુજબ મેળવવો આ મુજબ ઘીના અને અફીણના સાત ભાગ સાત દીવસમાં મેળવી મલમ એકઠો કરવો આ મલમ હરસ માટે ઘણો ઉપયોગી છે

હરસ માટે—અફીણ, કાળીજીરી, લીંબોડીના બીજ, દરેક ૦। તોલો, મીઠું બેઆની ભાર વાટીને પાણી સાથ લેપડી બનાવવી. ઝાડે જઇ આવ્યા પછી મસા સફરાની બહાર આવે ત્યારે બીછાણે જઇ સુવું, અને મસા બહાર હોય ત્યારે તે ઉપર લેપડી મુકી રાખવી સ્ત્રીને બાલક જણતાં મસા બહાર હોય ત્યારે તે ઉપર લેપડી ઉપર મુજબ મુકી રખવી.

૬૩=હરસ માટે—વેલાતી આમલીની છાલ અને કડવી ડોળકીના બીની ધુંઇ આપે

મુળ વ્યાધી-હરસ માટે—દરદીએ રોજ સહવારે ભુખે પેટે ૧ સોનેરી કેરૂં માખણ સાથે ખાવું.

૬૪=બાવાસીરનો ઇલાજ—૧) શેર સુરણ (લવણતું સુરણ વધારે સારૂં) બાફીને તેનો આટો બનાવવો ગોળ જુનો ૧) શેર સાજીરૂં શેર ૧ તથા પીપળ મુળ; વાયવરંગ તમાલપતર, જાવંતરી સાતોડીની જડ ખુરાસાની અજમો દરેક નવનવ માસા લેઇ એ બધાનો ગોળના સીરામાં પાક બનાવી ૧) થી ૨ તોલા રોજ ખાવો સુરણ બાફવાની દેશી રીત ૧ કાદવના વાસણમાં લાકડાની સળીઓ

અગાર નગાર મુકી માદગા જેવું બનાવી તે ઉપર સુરણના કકડા મુકવા. તેમાં પાણી નાખી ઉકાળવું પાણી સુરણને લાગે નહીં. વરાળથી બાફી છાયામાં સૂકવવું,

હરસ માટે—સુરણના કકડા ઘીમાં તળી ખાવાથી હરસ ત્રણે પ્રકારના દુર થાય

વવરતાં સુરણનું ચુરણ ૩૨ તોલા, ચીત્રો ૧૬ તોલા, સુંઠ ૪ તોલા, મરી ૨ તોલા, એનું ચુરણ અને તેથી બમનો ગોળ મેળવી ૦ાા અથવા ૦ાાા તોલો રોજ ખાવું એને સુરણવટીક કહે છે.

૬૫=હરસ માટે—સુરોખાર પાણીમાં વાટી લગાડવો હરસ નીકળી પડે છે.

હરસના મસા માટે—સંચોરો અને ચુનો એનો પાણીમાં મલમ કરી લગાડે તો મસો ખરી જાય.

અર્ષ—હરસનો ઈલાજ, હરસ સફરામાંથી બહાર આવે ત્યારે સોમલને સરગવાના મુળના રસમાં ઘસી લગાડે તો તરત ખરી પડે પણ દવા ઝેરી છે. સમજદાર વઇદે વાપરવી અથવા ચોલાઇની ભાજીના રસમાં સોમલને ખરળ કરે રસ ઘણો વાપરે અને હરસને લગાડે હરસ ખેરવવાનું કામ સોલમનું છે પણ તેની અગન ઓછી કરવા માટે બીજી વસતું મેળવવી પડે છે આ ઈલાજ જોખમભરેલો છે અનુભવીથીજ થઇ શકે.

૬૬=મસા શરીર પરના ખરી પડે—સંચોરો અને કળીચુનો સંભાગે લઇ પાણીમાં મેળવી પીછી વડે તે મસા ઉપર લગાડે સફરાના મસા ઉપર એ દવા લગાડવી નહીં બહુ જલદ છે.

મસા શરીરપરના ખરી પડે—સંચોરો ફુળવેલો અને સંભાગે કળીચુનો અને ત્રીજે ભાગે કાંદો ( ડુંગળી ) મેળવી લગાડે.

મસા ઉપર હીરાદખનનો ભુકો લગાડે તો મસા ખરી પડે.

મસા—હીરાદખન ૦ા તોલો, કાળાં મરી ૦ાા તોલો વાટી, મેળવીને ખાય, ઉપરથી છાસ શેર ૧ પીએ તો હરસ નીકળી પડે. ( આ ઇલાજ ઘણો જાણીતો છે. ) ૪ દીવસ આ ઇલાજ ચાલુ રાખે.

૬૭=હરસ માટે—વાડીમાં જઈ લીંબુના ઝાડ ઉપરથી ૭ લીંબુ આતવારને દીવસે લાવે. રોજ એકેક લીંબુ ૭ દીવસ સુધી દરદી ચુસે, તો હરસનું લોહી બધ થાય.

૬૮=હરસ માટે સુરણ બહુ ગુણકારી છે. વવરતા સુરણને કપ· ડછંદ કરી છાણાનાં છગામાં બાફી તેનું ઝેર કહાડી નાખે તેને ખમ· ણી ભુકો કરી સુકવે અને ા થી ૧ તોલો દુધમાં ઉકાળી રોજ ખાય તો હરસને બહુ ફાયદો કરે છે.

હરસની ચુળ થાય તે માટે ૫ શેર સુરણ કાપી, તેની ભુકી કરી, રોજ ૦। થી ા તોલો ખાયા કરવી. ૫ શેર સુરણની ભુકી પહોંચે ત્યાં સુધી ચાલુ ખવી·

૬૯=હરસ માટે સુરણની ગાંઠને છોલી છીણી નાખી સુકવીને ભુકો કરવો, ઘીમાં તળવો, પછી ખરી સાકરના શીરામાં મેળવી એલચી, વાંસ કપુર, બદામનો મગજ મેળવી ચકતા પાડવાં. ૪ તોલા દરરોજ સહવારે ખાઇને દુધ પીવું. હરસવાળાં દરદીને દવા તરીકે સુરણ ઘણું ખાવું. રોટલીમાં સુરણ, શાકમાં સુરણ, પુરીમાં સુરણ ફાવે તેમ સુરણ બહુ ખાવું.

હરસ માટે નીચલું ચુરણ ગોળ સાથે રોજ સવાર સાંજ ખાવું. સુરણ ભાગ ૮. સુંઠ ૨, મરી ૧, ગોળ ૧૬ ભાગ મેળવી સવાર સાંજ ા તોલો રોજ ખાવું.

દરેક જાતના મસા માટે ઉપલું ચુરણ છે. ઝાડો કબજ હોય તો સુંઠને બદલે હરડે લેવી.

પીતના મસા હોય તો ઉપલા ચુરણમાં ગોળને બદલે સાકેર લેવી, હરસના મસા તથા, મસાની ચુળ થાય તે માટે—સુરણ(વવ ડતું સુરણ વધારે ગુણ આપે) સુકવી, તેની ભુકી બનાવી; તેમાંથી ૦। અથવા ા તોલો અને ખાંડ ા તોલો મેળવી દરરોજ સહ વાર સાંજ ખાવી.

૭૦=હરસ માટે—હલદરના ગાંઠીઆને થોરના દુધમાં ૭ પટ આપીને તેને પાણીમાં ઘસી મસા ઉપર લગાડે તો મસા મટે, અથવા હરડેની છાલ ૦। થી ા તોલો, જુનો ગોળ ૧ તોલો, એને પાણીમાં પળાલી ઘણા દીવસ સેવન કરે. ચુનો, સાજીખાર, ખડીઓ ખાર, મોરથુથુ સંભાગે લઇ લીંબુના રસમાં ૩ દીવસ ભીંજવીને મસા ઉપર લગાડે તો મસા મસા ખરી પડે.

મસા ખરી પડે—ગોળ, ચીત્રક, ટંકનખાર, હલદર સંભાગે લઇ લેપડી કરી મસા ઉપર મુકે તો ખરી પડે.

હરસ માટે રીસામણીના પાનનો રસ દીનમાં ૨) વાર લગાડવો.

૭૧=મસા જડમુળથી જાય—સસલાની કાપી તેના કાળા ગુરદા તરત કાચા ચાવીને ખાઈ જવા.

હરસ માટે—સુરણ આખું અથવા તેના કટકા કેળના, દીવેળાના અથવા કોઇ બીજા પાદડાંમાં વીંટાળી તેના ઉપર માટીનો થર દેવો. તે સુકાયને છાણામાં પકાવી લેવું (આ બનવતને પુટપાક કહે છે,) આ માવો, સુકાવીને તેનું ચુરણ ાા તોલો, તેલ અને ગોળમાં મેળવી રોજ ખાવો. (ઘણો જાણીતો ઉપાય છે) સુરણનું શાક વારંવાર ખાવું તેમાં પણ ગુણ છે.

હરસ માટે—સુરણનો ગુણ ઘણો છે.

સુકા સુરણની ધુંઈ લેવાથી હરસ સુકાઈ જાય છે.

હરસ મટે—વવળતું સુરણ સુકવી તેનું ચુરણ ૮ ભાગ, અંદરનો દાંડા કાઢી નાખેલું ચીતરાનું મુળીઉં ૧ ભાગ, સુંઠ ૨ ભાગ મરી સફેદ ૧ ભાગ એની મેળવણી ા તોલો લઈ ા તોલો ગોળ સાથે, સવાર સાંજ એક માસ ખાવું પેહેલા ઘી ચાટવું જેથી ગળામાં વવરાટ લાગે નહીં.

૭૨=નાકમાં મસા, નાકમાં કીડા—રાળ તોલો ૧, ગાયનું ઘી શેર ા, કકડાવીને ૭ ટીપાં નાંકમાં દીન ૧૪ સુધી મુકવાં.

૭૩=હર્ષ—મલોહોર, લોહી જામેલું—રગત રોહીડાને ગાયના મુતરમાં ઘસી પીવું અથવા ચુરણ ઘીમાં લેવું.

લીંબડાનું તેલ મસા ઉપર જાથુક લગાડવું. એ જાણીતો ઇલાજ છે, ઠંડક આપે છે અને મસા ચીમડાઇ જાય છે.

હરસ—૧ તોલા લીમડાના તેલમાં ૧ વાલ કપુર મેળવીને તેનું એક ટીપું. પતાસામાં મેળવી રોજ સહવારે સાત દીવસ ખાવાથી મસા સારા થાય છે.

૭૪=હરસ માટે—લીમડાના ૨૧ પાનને ફોતરા વગરની મગની દાળ સાથ વાટી તેના વડા બનાવી ઘીમાં તળીને ૨૧ દીન સુધી રોજ ખાવાં. સમુદ્રનું મીઠું ખાવું નહીં, સીંધવ થોડો ખાવો.

હરસના દરદીએ મીઠાને બદલે સીંધવ ખાવું.

૭૫=હરસ માટે—જુવારના ખેતરમાં વછનવેલો ઘણો થાય છે. એના પાંતરાની લેપડી અફરા ઉપર મુકવાથી લોહી બંધ પડે છે.

હરસ માટે—વસંતવેલો જાતે ઘણો ઠંડો છે. એના પાંદડાંનો રસ કાઢી કાદવના કોડીઆમાં રાખવાથી જેલી જેવો બધાય છે તે હરસ માટે ખવાય છે, ને તેથી લોહી પડતું તરત બંધ પડે છે.

મસા મટે—વસંતવેલાનો રસ તથા સત્યાનાશીના છોડનો રસ સરખે ભાગે મેળવવો, તે ગરમ કરવાથી પાનલો રસ થશે તે બાટલીમાં ભરી મુકવાથી બગડશે નહી.

વડની છાલ ખાવાથી લોહી પડતું અટકે છે.

હરસ—વડની રેખા કુમળી સહવારે ખાવી.

૭૬=મસા કાળીચઉદસની રાતરે આંબાના ઝાડપરના વાંદાને રીતસર આમંત્રણ કરી, આતવારે કાપી લાવી તાવીજમાં મૂકી દરદીને બાંધે તો હરસ મુળથી જાય છે. ( કેટલાક છાલા પાલાને ચોકસ વખતે અને અમુક દીવસે કાપવાનું લખાણ દેસી વઇદામાં ઘણી વાર થાય છે. તેનો મુદો સમજાતો નથી.)

હરસ માટે—સુંઠ ૧૨, પીપર ૮, મરી ૪, પીપળ ૧૨, ચળક ૪, તાલીસ પત્ર ૪, નાગકેસર ૨, તમાલ પત્ર ૦ાા, એલચી ૧, તજ ૧, વાળો ૧, જુનો ગોળ ૧૨૦ તોલા, આ બધાનો પાક કરી તેમાંથી ૦ાા તોલો પાક પાણી સાથે જમવા પહેલા લેવો,

મસા સાત દીનમાં મટે—સુરોખાર, જવખાર, ટંકણખાર, સીંધવખાર, દરેક ૦ા તોલો લેવો તેઓને મેળવી સાત ભાગ કરવા ૧ ભાગ રોજ ૭ દીવસ સુધી પાણી સાથ ખાવો.

મસા મટે—સોમલખાર વાલ ૩, સુરોખાર વાલ ૪, સંચોરો, સાજીખાર, અંદરજવ દરેક બે વાલ, એનો ભુકો લીંબુની ફાડમાં ભરવો, તેનો રસ મસાને લગાડવો લીંબુની ફાડ મસા ઉપર દીન ૭ સુધી બાંધવું. મસો નહીં ખરે અને ફાયદો નહી જણાય તો ખુશબોવાળા રાંધેલા ચાવલ અને ખાંડ તે ઉપર બાંધે.

૭૭=મસા ૩ જાતના છે. લોહીના, બાદીના (વાયુના) અને બલગમના.

લોહીના મસામાંથી લોહી પડે છે. જો મસાવાળો દરદી લોહીઆર હોય તેનું લોહી બંધ કરે તો બીજું દરદ થાય.

બળગમના મસામાંથી બળગમ પડે છે.

ગરમ વસ્તુ ખાધાથી મસાનું જોર વધે છે. દરદીને ઠંડક જોઇએ. ઝાડા રોજ સાફ અને નરમ આવવા જોઇએ.

નીચે લખેલા ઉપાયોથી મસા સારા થાય છે—

હીમજી હરડે દીવેલમાં તળેલી અને વરીયાળી સંભાગે મેળવી તેમાંથી ૦ાા તોલો ફાકી રોજ લેવી.

ગુલકન રોજ ખાવો.

૭૮=રસવંતી બે રતી, સવાર સાંજ ખાવી અને આમણુ ઉપર ચોપડવી.

સીસું ઘીમાં ઘસી મસા ઉપર લગાડવું.

માયાનો અફીણુ સાથનો મલમ લગાડવો.

ઇંદ્રજવ ૦। તોલો દહી સાથે રોજ ખાવું.

ટાંકી થયા પછી મસા થાય તે માટે પારાનો મલમ લગાડવો.

સીંગડાં, વાળ અથવા ચામડાની ધુંઇ લેવી અથવા તેની રાખ આમન ઉપર લગાડવી.

સરપંખાના મુળ બેઆની ભાર પાણીમાં વાટી સાકેર સાથે પીવાથી લોહી બંધ થાય છે.

નાગકેશર ૦। તોલો, ઘી, સાકર અથવા દહી સાકેર સાથે લેવું.

કેશર બે વાલ ખાવામાં લેવું.

કુકડવેલના બીનો ધુમાડો લેવો.

૧૪ દાણા ચીની કબાલાના પાણી સાથે પીવા.

આંકડાના દુધમાં અફીણ ઘસીને લગાડવું.

ધંતુરાના પાતરાંની લેપડી આમણુ ઉપર મુકવી.

ભાંગના પાતરાંની લેપડી આમણુ ઉપર મુકવી.

મેદીનાં પાતરાંની લેપડી મુકવી.

૭૯=હરસના મસા મટે—હરસ ૩) જાતના છે. ગરમીના એટલે લોહી વીકારના હોય તો તે ફાટે ત્યારે લોહી પડે છે.

રક્તવીકારના મસામાંથી આમ અને પરૂ પડે છે.

વા વીકારના મસા સુકા હોય ત્યારે ફકત દરદ થયા કરે છે.

બાવળની સુકી પાલી અને ઉંદરની લીંડીની ભુકીને દેવતા ઉપર મુકી તેની ઉપર કાદવનું જાડું કુંડુ ઉંધુ મુકવું. ૨) આંગળ જાય એટલું કાનું કુંડને વચમાંથી કરવું. આ કોતરેલા ભાગ ઉપર સફરો મુકીને હરસ ઉપર ધુંઈ લગાડવી. એ મુજબ દીવસમાં ત્રણ વાર સાત દીવસ ધુંઈ આપવી.

૮૦=મસા સુકા, જે દરદ કરે પણ જેમાંથી લોહી નીકળે નહીં તે માટે ઇલાજ મરી ૧૫ તોલા, સુવા ૧ શેર ખાંડીને મધ સાથે મેળવી પાક બનાવી રાખવો, રોજ બે વાર ના થી ૧ તોલો લેવો.

૮૧=હરસના મસા—હરસના મસા માટે કાળા તલ, ગાયના માખણ, સાકર એકેક પઇસાભાર રોજ ખાવું.

હરસનું લોહી અટકે—ના તોલો તલ વાટી માખણ સાથે ખાવા.

હરસનું લોહી—લોહી હરસનું નીકળે અથવા બીજી જગાએથી નીકળે તો કાળી દરાખ તો૦ ના, દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦, ઉકાળી દીવસમાં બેવાર પીવું.

હરસ જાય—ના તોલો ધાણું છુંદી પાણીમાં ભીંજવવાં, તે પાણી પતાસાં સાથે પીવું.

હરસ માટે—ધાણા તથા બનફસા દરેક ૦ા તોલો છુંદી પાણી સાથ પીવા. શરીરના ઝીણા મસા તથા તલ ઉપર ધાણા વાટીને લેપડી મુકે તો તે નીકળી જાય.

હરસ માટે—લીલું કોપરૂં અને સાકર ચાવી ખાવું.

હરસનું પડતું લોહી તરત નરમ પડે—નાળીએરની ઉપરની ચોટલી બાળીં તેની રાખ કરી તે રાખ વાલ ૨ લઇ દહીં યા મલાઇ સાથે ખાવી. ગુણ ન માલમ પડે તો રાખ ૪ વાલ લેવી

૮૩=હરસના મસા માટે—બરાસ કપુર, કરેણની જડ, રતાંજરી, ઘસીને ચોપડે તો મસા સુકાઈ જાય છે.

હરસના મસા માટે—ઘેંડાના બાળનો ધુંઈ આપવાથી હરસના મસા મટે છે.

હરસ માટે—ભાંગરાની લેપડી, સફરા ઉપર આઠ દીવસ સુધી રોજ નવી બાંધવી. અગન બળે છે. અને હરસ નરમ પડે છે.

હરસ મટે—ટંકનખાર, હાથીદાંત દરેક ૦। તોલો લઇને તેનો ધુમાડો આપવો. આથી હરસ સારો થાય છે.

૮૫=બલોહોર, અને હરસ માટે—કણુકબીજ બે વાલ સાકર સાથે ખાવા.

હરસનું લોહી બંધ પડે—કડાની છાલ આ દરદ માટે ઘણી ઉપયોગી છે. એનો આસવ ૧।। તોલો દીનમાં ૩ વાર લેવો.

હરસનું લોહી અટકે—કારેલાનો રસ સાકર સાથ પાવો.

૮૬=હરસ=મુળ વ્યાધી સારો થાય—કુકરવાડાના બીજ, ગોળ અને કાવળીનો રસ મેળવી મશા ઉપર મુકે તો અગન તરત નરમ પડે કુકરવાડાનો બીજ અને સીંધવ કાંજીમાં વાટી મસા ઉપર લેપ કરે

૮૭=હરસ મટે—કોઠીની ખાક, એલચી, ચીનીકબાલા, કાથો, રેવનચીની ખટાઈ સંભાગે ચુરણ બનાવી ૧) તોલો ચુરણ અને ૪ ભાગ ધોયલું ઘી મેળવી રોજ ૩) વાર લગાડવું.

૮૮=હરસ-નાસુર મટે—કાળો જવ ભાંગરો (ભ્રંગરાજ), ભાંગ (પીવામાં લીએ છે તે), કુકડવેલો (મુળ સાથે આખો) જાનવરના સીંગડાના મુળ (ચોમાસામાં સીંગડા ઉપર ફુનગી ફુટે છે તે.)

આ વસ્તુઓનો ભુકો કરવો કોઇબી ફાવતી રીતે એ ભુકાની ધુણી આપવી.

ઉપર મુજબ ધુણી રોજ બેવાર ૧૦) દીવસ ગુદાના ભાગ પર લેવી ધુણી લીધા પછી મેદીતા પાનની લુગદી મસા ઉપર મુકવી ધુમાડો સહન ન થાય અને અગન ઘણી બળે તો ગુદા આગળ દીવેલ ચોપડવું-દશ દીવસ સુધી આ પ્રયોગ કરવો.

૮૯=હરસમાટે—મનસીલ તોલા ૧૦, આકરાનું દુધ તોલા ૮૦, તેલ તોલા ૨૦, હળદર તોલા ૧૦, એ સરવેને ઉકાળી તેનું તેલ બનાવી હરસ પર લગાડે.

હરસ માટે—માખણ ૨ તોલા, નાગ કેસર ૦।। તોલો, શાકર ૧ તો ખાવામાં રોજ લેવું, તેથી લોહી બંધ પડે છે.

મસા શરીર ઉપરના ખરી પડે—મીઠું ને કુવાનું પાણી મેળવી લગાડે.

૯૦=હરસ માટે—મુળાના પાકાં પાંદડાના ઉપલા અરધા ભાગનો રસ ૧ તોલો તેમાં પાંચ ટીપાં ઘી નાંખી સવાર સાંજ પાંચ દીવસ પીવાથી જાથુકના મસા જાય છે.

૯૧=હરસ માટે મુળાના પાંતરાનો રસ સાકર સાથે રોજ સહવારે ભુખે પેટે પીવો.

હરસ માટે—મોરથુથુ અને ટંકણખાર દરેક તો ૧ લઇ બંધેને વાટી ૩ દીવસ લેપડી કરે તો મસા તુટી પડે. પછી સારી ચોખા રાંધી તેની લેપડી કરે (આ ઇલાજ આકરો છે)

મુળ વ્યાધી—હરસ માટે અખરોટના તેલમાં લુગડું ભીંજવી ગુદામાં મુકે તો ફાયદો થાય.

૯૨=હરસનો ઇલાજ—આકડાના પાનનો રસ ૫ તોલા અને ૧ તોલો સોનાગેરૂ મેળવી સોટકી બનાવવી. જેમ વધારે બંને ચીજોને ખરળ કરે તેમ ગુણ વધે. આ ગોટી પાણીમાં ઘસી હરસ ઉપર લગાડવી. બળતરાં બળશે તે ખમાએ ત્યાં સુધી ખમવા. ન ખમી શકાય તો પાણીથી ધોઇ નાખી હરસપર મેદીના પાનની લેપડી મુકવી. તેથી હરસ મટી જશે. સારૂં થાય ત્યાં સુધી આ ઇલાજ કરવો. આકડાનું દુધ એકલું મસા ઉપર લગાડવામાં આવે છે.

## હાડકું ભાંગે-હાડકું ઉતરે-મોચકાવું.

૧=હાડકું ભાંગે તે જલદી સંધાએ—ગાયનું દુધ તેમાં ઘી, સાકર અને ૦। તોલો ચાપરા લાખનું ચુરણ નાખી રોજ સહવારે પીએ તેથી હાડકું જલદી સંધાએ.

૨=હાડકું ભાંગે, હાડકું ઉતરે તે માટે લસણ, લાખ, મધ, સાકર, ઘી મેળવી દરદી રોજ ખાએ તો જલદી સારૂં થાય. લસણ ખાવાથી ગરમી ફુટે, જી ફુલ્લી શરીરે થાય ત્યારે ઘી લગાડવું.

૩=ભાંગેલા હાડકાં મીન ખાવાથી જલદી સંધાએ છે.

૪=મોચકાયલા ભાગ માટે—ગરમ પાણીનો સેક કરવો. ઇંડાની સફેતીમાં ગેરૂ મેળવી ગરમ કરી લગાડવું પછી આસપાસ તાપ લગાડી સેકીને લેપને સુકવવો.

પ=ભાંગેલાં હાડકાંપર નાળીએર ખમનેળું, તેલ, સુકી હળદર ગરમ કરી સેક કરવાથી ફાયદો થાય

૬=ભાંગેલાં હાડકાંવાળી જગા ઉપર જેઠીમધને પાણીમાં વાટી તેની ચટણી બનાવી મુકવી.

૭=હાડકું ભાંગેલું—ભાંગેલું-ભાંગેલા હાડકાંને બરાબર બેસાડીને જેઠીમધની ચટણી ગરમ તેલમાં મેળવી તે ઉપર પાટો બાંધવો, અને દરદીને જેઠીમધ ખાવામાં બી આપવાથી સાંધો જલદી મળી જશે.

૮=હાડકું ભાંગે—ત્યારે ગરમ દુધ, સાકર, ઘી, લાખનો ભુકો ૦। તોલો મેળવીને પાવો, આથી હાડકું જલદી બંધાય.

૯=હાડકું ભાંગેલું સંધાય—ઘણી જુની ઇંટને બારીક વાટી ૦। તોલો ભુકો દુધમાં મેળવી ચોખામાં રાંધી ખાવાથી ભાંગેલું હાડકું આપોઆપ સંધાય છે.

સાંધો મેળવનાર છે—શરીરનું હાડકું ભાંગી ગયું ઉ હોય તે વેળા જેઠીમધના ઉકાળાનું સેવન ઘણો વખત કરવું.

૧૦=હાડકું ભાંગેલું જલદી સંધાય—લસણ, મધ, પીપળાની છાલ મેળવીને રોજ ખવાડવી.

૧૧=બાવળની છાલનું ચુરણ અથવા બાવળના કુમળાં પરડાનું ચુરણ ૦॥ તોલો મધ સાથ ખાવું.

૧૨=ભાંગેલું હડકું—હાડસંધીનો પાલો ૮ દીવસ બાંધે રગત રોહીદાની છાલ પણ આ મુજબ બંધાય છે.

૧૩=હાડકું ભાંગેલું જલદી સંધાય—સાંધવૃક્ષની છાલ છુંદીને ૩ દીવસ ભાંગેલાં હાડકાં ઉપર બાંધવી.

૧૪=હાડકું ભાંગે તો તેને પહેલે ગોઠવવું. પછી ઉપર પાણીની ધાર નાંખવી અને કપડું પાણીમાં ભીંજવી મુકવું. કળતર નરમ પડયા પછી આંખ ઉપર થંડા પાણીના ફટકા મારવા પછી લાલ મટોડીને પાણી સાથ મેળવીને લેપ મારવો અને કપડાંનો પાટો બાંધવો. ૧૨ કલાક પછી મજીઠ, મહુડાની છાલ, આમલીના પાન એઓનો ગરમ

લેપ મારવો. ૨૪ કલાક પછી પાણીએ ધોયલાં ઘીમાં ચોખાનો આટો ખુબ મસળી તેનો પાટો બાંધવો. બીજા ૧૨ કલાક પછી ઉંમરો, પીપળો, વડ, એની છાલનો ઉકાળો કરી તે ઉકાળાથી સેક કરવો એટલે હાડકું સંધાઇ જશે.

૧૫=હાડકુ જલદી સંધાય તે માટે આસુંદરાના ઝાડનું ચુરણ દુધમાં પીવું.

૧૬=ઘઉં, ઘી, અને ગોળનો શીરો રોજ ખાવો.

૧૭=બાવળ, ત્રીફલા, સુંઠ, ગુંગળનું ચુરણ ખાવું.

૧૮=લેપ—ફટકીને ઇંડાની સફેદી સાથ મેળવવાથી સીમેંટ થાય છે. જે ભાંગેલા હાડકાં ઉપર લગાડવાથી મજબુતી આપે છે. બાફેલી ધાભણુને ફટકીના પાણીમાં બોળી ફરી પકવે તો ચીકાસ વધુ આવે તેનું સીમેંટ ભાંગેલા હાડકાંપર લગાડે.

૧૯=લેપ ભાંગેલા અથવા મોચકાયલા હાડકાં માટે—ફટકી ૧ તોલો, આંબાહળદર ૨) તોલા ઇંડાની સફેદીમાં મેળવીને તેનો લેપ લગાડવો.

૨૦=મોચકાયા પછી શરીરના સાંધામાં દુખાવો ચાલે તો મધને ઇંડાની સફેદી મેળવી મસળવું.

૨૧=મચક માટે લેપ—કોપરૂં ૧) ભાગ, હળદ ૪ ભાગ ગરમ કરીને લેપ બાંધવો.

૨૨=ગુંગળનો લેપ અને રૂ બાંધવો.

૨૩=હસેસ=( શેણ ગુંદર ) નો લેપ બાંધવો.

૨૪=નાળીએરનું પાણી પીવું.

૨૫=ખાંડ અને મીઠું દરેક ૦। તોલો ખાવું.

૨૬=પીપળાનું ૧) પાન ગોળ સાથ ૮ દીવસ ખાવું.

૨૭=ફટકી બે વાલ ગોળ સાથ રોજ ખાવી.

૨૮=મચક માટે—તેલ મસળીને ગરમ પાણીનો સેક કરવો.

| | |
|---|---|
| ૨૯=હાડગંભીર= હાડકું સડેલું હોય. ઉંડો ઘા હોય તે માટે | દેશી વાલ જે ખેતરમાં પાકે છે તેના પાનની ચટણી બનાવી તે ચટણી જખમમાં દબાએ એટલી રોજ નવી દાબવી. |

## હાથીપગ.

૧=હાથી પગ માટે—ભાદર વેલ, સાતુરી, ઘોડાજવ મેળવી લેપ કરે.

૨=હાથી પગ માટે એક તોલો કીરમજ પાણીમા ભીંજવી એકજ વખત પીવાથી ફાયદો થાય.

૩=હાથી પગ, સારંગ ગાંઠ (આંતરડાંનું ગોળીમા ઉતરવું) ઉપર આવરના પાંતરાનું વરાળીઉં બાધે છે.

૪=હાથી પગ માટે—નેટરની જડ સુંઠ, મરી, પીપર, કચરો, અજમો, સુવા, દેવદાર, વાયવરંગ એઓનું સંભાગે ચુરણ ॥ તોલો રોજ ૩ વાર ખાવું, અને એ ચુરણ પગને મસળવું. ૧ મહીનો સુધી એ ઈલાજ ચાલુ રાખવો અથવા નફ તેલ રોજ બે વાર મસળે.

૫=નાગરવેલ પાનના રસમાં સીંધાલુણ મેળવી ગરમ પાણી સાથે રોજ પીવું.

૬=આવળના પાન બાફી બાંધવાં.

૭=સાટોડી, સુંઠ, અને સરસવનો જાડો લેપ કરવો.

૮=ધતુરો, એરંડાનું મૂળ, નગોડ સાટોડીના મુળ, સરગવાની છાલ, સરસવ એઓના ચુરણને પાણી સાથે મેળવી બહુ જાડો લેપ કરવો.

૯=હાથી પગ, પગે સોજો, } વર ધારાનું મુળ ॥ તોલો ગાયના મુતરમાં ઘસી પીએ તો ૧ એક વરસનો સોજો હોય તે નરમ પડે.

૧૦=હાથી પગને ફાયદો થાય—કસાઇનો છોડ બરૂના છોડને મળતો છે, એનું તેના ઉપર મોતી જેવાં ફુલ થાય છે, એનું મુળ ગઉમુત્રમાં છુંદી સોજા ઉપર ૭ દીવસ લેપ કરે.

૧૧=હાથી પગને ફાયદો થાય—ખાખરાના મુળનો રસ અને સરસીઉં તેલ સંભાગે મેળવીને બે તોલા દરદી પીએ.

સાગરના ઝાડની છાલનો કાહવો પીવો.

હરીતકી દીવેલમાં તળી ગઉમુત્ર સાથે ૭ દીવસ ખાવી.

૧૩=હાથી પગ માટે—॥ તોલો હળદર ॥ તોલો ગોળઅને ગૌમૂત્ર ૧ તોલો સાથે મેળવી ખાવામાં લેવું.

૧૪=હાથી પગ માટે સાપના મોંઢામાં હળદર નો ગાંઠીઓ દાબીને મુકવો. તે સાપને એક હાલ્લીમાં મુકી કપડછંદ કરવું જમીનમાં ૧ ખાડો ખોદવો તેમાં હાંલ્લી મુકવી હાલ્લીની આસપાસ ફાફડીઓ કાંટાલાળો થુવર અથવા બાવળીયા અથવા બોરડીના કાંટા મુકવા (કુતરા કોહલાં સાપને ખાઇ ન જાય માટે) ખાડો પુરી નાખી માસ ૧ પછી પેલો ગાંઠીઓ કાહાડી પાણી સાથે ઘસી હાથી પગને લગાડે.

૧૬=હાથી પગ—હળદરનું ચુરણ ગૌમુત્ર સાથે પાવું ૧ વરસનો વ્યાધી દુર થશે.

## હાફણ–ખેન–દમ–સ્વાસ.

૧=હાંફણ માટે—ફુલવેલો ટંકનખાર ૨ ભાગ, મરી ૧ ભાગ મેળવી તેમાંથી ૦। તોલો મધમાં સહવાર સાંજ ખાવું.

૨=હાકણ માટે, ટંકણાવલેહ એટલે ફટકડી ફુલવેલી ૧ ભાગ ટંકનખાર ફુલવેલો ૨ ભાગ, મરી ૩ ભાગ, આ ત્રણ ચીજોને મધમાં મેળવી ૦। તોલો સવાર સાંજ ખાય તો હાંફણ મટે.

૩=હાંફણ માટે—ધંતુરાના પાતરાં ૨૦ થી ૩૦ ગ્રેઈન સુધી લઇ તેની બીડી બનાવી પીવામાં લે છે; જો પાતરાં ગુણ ન આપે તો બી વાપરવામાં આવે છે. હાંફણનો હુમલો થાય કે તરત એ બીડી પીવી જોઇએ. દરદીને હાંફણનું જોર નહીં હોય છતાં સુતી વેળા ૧ બીડી પીવાની ટેવ રાખે તો હાંફણ તદન સારી થાય. કોઈ દરદીને આથી સુસતી જણાય તો આ ઈલાજ બંધ રાખવો

હાંફણ—જુનો ગોળ ૦। તોલો સરસીઆ તેલમાં મેળવી ચાટવાથી હાંફણ નરમ પડે છે.

હાંફણ—ચોલાઈની ભાજી ૦। શેર લેવી તેને ૦।। શેર પાણીમાં ખુબ ઉકાળી તે પાણી ૫) તોલા દીવસમાં ત્રણવાર પીવું. તાજું બનાવી રોજ પીવું. આ ભાજી રોજ ખાવામાં લેવી.

હાંફણ, હડકીની ખાંસી, પીસાબનું બંધ થવું એ માટે ધંતુરાના પાતરાં વપરાય છે.

ખાંસી, હાંફણુ માટે ધંતુરાના બી અને મરી સંભાગે લેવા અને આદુના રસમાં તુંવર જેવી ગોળી બનાવી દીવસમાં બે ખાવી.

હાફણુ સાથ અડગરી હોય તે માટે—દેવદાર ૧ તોલો પાણી ૧૬ાા તોલા ઉકાળી, કાહાવો બનાવી તેમાંથી ૩ તોલા પીવું.

હાફણુ જાય-ાા શેર મરીને થુવર ખરસાણીના દુધમાં દુબતાં રાખીં કાદવની કુલડીમાં મુકી તેને કપડછંડ કરી ચુલાની નીચે ૭ દીન મુકે તેમાંથી એક મરી પેહલે દીવસે ખાવું, પછી એકેક મરી રોજ વધારયા જવું.

૭=ખેરસાળની પાનના રસમાં વટાણા જેવી ગોળી મોંહામાં રાખવી. હાફન ખદી મટે બહુ સારી છે.

હાંફણુ માટે અદુસાના સુકા પાંતરાનો ધુમાડો પેટમાં લેવો

૮=હાંફણુ (બેન) જાય—ચોખાના ધુણમાં કાળી અરણીનું મુળીઉં ઘસીને પીવું.

હાંફણુ માટે ઇલાજ—કાળા ધંતુરાના બીને ગઉમુત્રમાં સુદ્ધ કરીને તેની બરમ કરવી, તેમાંથી રતી એક પાન સાથે ખાવી

ખાંસી અને દમ માટે—મધ અને જવનું પાણી ગુણકારી છે.

દમ નરમ પડે—થુઅર કંટારીઆના ૩ પાન રોજ ખાવાં.

૯=દમ, હાંફણુ માટે—બાજરીને દુધમાં ખરમોટી છાયામાં સુકવે, આ મુજબ ૭ પત આપે. તેને કાદવના વાસણુમાં મુકી મોં બંધ કરે.

જમીનમાં ખાડો ખોદી તેમાં છાણા મુકે તે ઉપર પેલુ વાસણુ મુકી તેની આસપાસ અને ઉપર બીજા છાણા મુકી સળગાવે અને બાજરી બળીને ચુરણુ થાય આ બળેલી બાજરીનું ચુરણુ ૦ાા તોલો થંડા પાણી સાથ મેળવીને રોજ ખાવું.

૧૦=દમ માટે બીર બરોટી પાન સાથ ખવાય છે.

૧૧=હાફણુ માટે—જેઠીમધ અને અકકલકરો સંભાગે લઇ મધ સાથ ગોળી બનાવી ૧ ગોળી રોજ ૩ વાર ખાવી.

૧૨=દમ માટે—બેહેડાંને બકરીના મુતરમાં ઘસે, તે ઘસારો મધ સાથ ખાએ.

૧૩=શ્વાસ, ખેન, દમ માટે—સેડટાના ઝાડને કોતરી અંદર અજમો ભરવો અને તે ગાબડું પાછું પુરી લેવું, ૪ માસ પછી અજમો બહાર કાઢી તેનું ચુરણ ના તોલો રોજ બે વાર ખાવું.

શ્વાસ, દમ મટે—જવના ગરમ પાણીમાં મધ નાખી પીવું.

૧૪=હાફણ, દમ નરમ પડે—૧ તોલો ટંકણખાર ફુલવવો. લવગ, પીપર, અંકક તોલો ગરમ કરી સઘળાંનું ચુરણ બનાવી એઆની ભાર ( પાંચ વાલ ) ચુરણ સહવાર સાંજ મધમાં ખાવું.

૧૫=દમ, ખાંસી, હાફણ માટે—પીપળાની રાખ ૧ શેર લઇ સવાશેર પાણીમાં દોહવી પાણી નીતરૂં ગાળી લેવું. તે પાણી ૧ તોલો રોજ ૩) વાર પીવું અથવા પીપળાની છાલનો રસ ૧ાા તોલો સહવારે ૧ વાર ૧૪ દીવસ પીવો.

દમ, ખહી માટે—થુઅરનું દુધ બે વાલ ગોળમાં ખાવું.

૧૬=દમ માટે—થુઅરના ભુકાની બીડી બનાવી દરદી પીએ તો તરત ફાયદો થાય ધંતુરાની બીડી કરતાં વધારે સારૂં કામ થાય.

હાફણ માટે—કાળાં મરીને આકડાનાં દુધમાં મેળવી તેનું ચુરણ બનાવે. ચુરણ એકવાલ અથવા વધારે મધ સાથ રોજ બે વાર ખવાડે.

૧૭=ખેન, હાંફણ માટે—ભોંયરીંગણીનાં પાકા ફળના બી અને અજમો સંભાગે ચુરણ બનાવી તે ૦। તોલો ચુરણ તાજા પાણી સાથ રોજ બે વાર ખાવું. ૧૪ દીવસ ચાલુ રાખવું.

૧૮=હાંફણ, દમ, હેડકી માટે—અરદુસીનો રસ ૧ તોલો, લીંડીપીપર ૧ વાલ મેળવી રોજ બે વાર ૧૫ દીવસ પીવો, અથવા અરદુસો તોલો ૧, કાએફળ તો. ૦ાનું ચુરણ બનાવી તેમાંથી ૦। તો. ચુરણ મધ સાથ મેળવી રોજ બે વાર ખાવું.

૧૯=હાફણનું જોર ઘણું હોય ત્યારે ૧) ચોખાપુર મોરથુથુને ઘઉંના આટામાં મુકી ગોળી બનાવી ખાય તો હાફણ તરત નરમ પડે.

૨૦=હાફણ—ખહી માટે, ૧) તોલો લસણ અને ૧ તો. બદામ એઓની છુંદીને ૦ાા શેર બકરીના દુધમાં ઉકાળી તેમાં સાકેર,

જાયફળ મેળવી ચાટણ બનાવવું, તેમાંથી ૧) તો. સવાર સાંજ ભુખે પેટે રોજ ખાવું.

૨૧=હાફણ, ખાંસી માટે, હળદરના ગાંઠીઆ ૫) તોલાને ૧) વાસણમાં મુકવા. તે વાસણમાં ગાયનું દુધ શેર ૧ દોહવું, તેને ગરમ કરવું. તેનું દહીં બનાવવું, પછી છાસ કરવી. તે છાસમાંથી હળદના ગાંઠીઆ કહાડી કટકા કરી સુકવવા. તે કટકા દીવસમાં ૩ વાર ૦। તોલો ખાવા.

૨૨=સ્વાસ, દમ માટે—મીઠું અને આકરાનું દુધ સંભાગે લઇ તેની ટીકરી બનાવી, તે મોઢામાં રાખીને તેનો રસ ગળવો,

૨૩=હાફણ માટે—આકડાના ફુળ (છેક મોટાં નહીં તેમ છેક નાહના નહી) છાલ કાહાડેલાં મરી, સંચળ સંભાગે મેળવી ચણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી રોજ ૩ વાર ખાવી.

૨૪=ખાંસી, હાંફણ માટે—ખાત્રીપુર્વક ઇલાજ બાજરીનો આંટો, નીમક, હળદરનું ચુર્ણ સંભાગે મેળવી તેમાંથી ૦।। તોલો રાત્રે સુતી વખતે ખાવો; ઉપરથી ગરમ પાણી પીવું. સવારે છાતીપરથી બળગમ ગડશે અને જરૂર ફાયદો થશે. સાધારણ ખાંસી અને બળગમ માટે રામબાણ ઇલાજ છે.

૨૫=હાંફણવાળા દરદીને—લવંડરના ફુળની ચાહ બનાવી ખાંડ સાથ પીવી.

૨૬=હાંફણવાળા દરદીનો કફ બહાર કાઢવા માટે વિછીડાનું ચુરણ ૧ રતીથી ૧) વાલ સુધી આપે.

૨૭=શ્વાસ અને દમ માટે—૪ લવંગને દીવાની બતી ઉપર ગરમ કરી મોઢામાં રાખી તેનો રસ ગળ્યા કરે.

૨૮=સ્વાસ, દમ માટે—સરપંખાના મુળનો ધુમાડો લેવો.

૨૯=સ્વાસ, દમ માટે હળદરના ગાંઠીઆને દીવાની બતી ઉપર ગરમ કરી તે મોઢાંમાં રાખી તેનો રસ ગળે અથવા તે હળદનો ભુકો ગોળ સાથે મેળવીને ખાવો.

૩૦=સ્વાસ દમ માટે વડની કુપળ મોંઢામાં રાખી રસ ગળવો.

૩૧=હાંફણ માટે—કિરકંટાના પીળાં ફુલની રાખ ૦॥ વાલ ચેવલી પાનમાં મુકી ખાય અથવા મધમાં ચાટે.

૩૨=હાફણ માટે—કેવડામાંથી સફેદ આટો નીકળે છે તે ૦॥ વાલ મધ સાથે ખાવામાં રોજ લેવો તેનું વજન વધારતા જઈ બે વાલ સુધી લેવું. ૧૫ દીવસ ચાલુ રાખવું.

૩૩=હાંફણ મટે—ફુલવેલો ટંકણખાર ૨ ભાગ, મરી ૧ ભાગ મેળવી તે ૦। તોલો ચુરણ મધમાં સહવાર સાંજ ખાવું.

૩૪=સ્વાસ—દમ માટે—ધંતુરો ઘણો ઉપયોગી છે ઘણી સારી અસર કરે છે. દમવાળા દરદીને ધંતુરાનું બી એકેક રોજ ૧ અઠવાડીયું ખવાડવું. બીજું આખુ અઠવાડીયું બબે બી ખવાડવાં. ત્રીજે અઠવાડીયે ત્રણ ત્રણ રોજ ખવાડવા. ચોથે અઠવાડીએ ચાર ચાર અને પાચમે અથવાડીએ પાચ પાંચ બી ખવાડે તો એ રોગ મટે.

૩૭=દમ, હાફણ માટે—મરી ૦। તોલો, મધ, સાકર દરેક ૦॥ તોલો મેળવીને ચાટવું.

૩૮=દમ-હાંફણ માટે—મરી, સાકર સંભાગે મેળવી દમના દુખથી કંટાળેલા દરદીએ મધ સાથે ૦॥ તોલો ચુરણ ખાવું.

હાફણ માટે બીજા ઇલાજો નીચે મુજબ છે.

મરી, સુંઠ, પીપર સંભાગે ચુરણ બનાવી ૦॥ તો. ચુરણ ઘી તથા ગોળ સાથ ખાવું.

આદુના રસમાં મધની ચાસણી બનાવી ખાવી.

આદુનો રસ અથવા ઉકાળો હાફણ માટે પીવો. આ ઇલાજ બહુ સારો છે.

૩૯=હાફણ-બેંયરીંગણીના પાંદડાં, અથવા મુળનો રસ ૨ તો, મધ ૨ તોલા એટલું એક વખત માટે પીવું. આ મુજબ રોજ ત્રણ વાર પીવાથી હાંફણ તથા ખાંસી બંધ થાય છે.

હાફણ (બેન) નો ઇલાજ-ધંતુરાના બીજ અને મરી સંભાગે લઈ વટાના જેવી ગોળી બનાવી તેમાંની બે ગોળી સહવારે અને સાંજે ખાવી.

૪૩=હાંફણ માટે-મરી, મનસીળ, જટામાસી, સંભાગે મેળવી તેમાંથી ત્રણ વાલની બીડી બનાવીને પીવી.

૪૪=દમ, હાંફણ—સરસીઉં તેલ અથવા રાઇનું તેલ ૦ા તોલો લઇ તેમાં ગોળ મેળવીચાટવું. દરદના પ્રમાણમાં વધતું ઓછું અને બે ત્રણ વાર રોજ લેવું. આ ઉપાય બહુ સ્હેલો અને સસ્તો ઘરમાં બની શકે તેવો છે.

દમ—પીપરને આઠ પહોર ખરળ કરી મધ સાથે ખાવી.

હાંફણ સાથે ખાંસી હોય તે માટે—લીંડી પીપર વાલ ૪ મધ સાથે અથવા જુનો ગોળ ૦ાા તોલો મેળવીને રોજ ત્રણ વાર ખાવું.

૪૫=હાંફણ—વડનું દુધ વાલ એકની આરારૂટમાં ગોળી બનાવી દીવસમાં ત્રણ વાર લેવી.

૪૬=હાંફણ, હેડકી માટે—સરપંખાના મુળના ચુરણ ૧ માસાની બીડી કરી પીવી.

દમ, હાંફણ—સરસીઉં તેલ ૦ા તોલો અને જુનો ગોળ ૧ તોલો ખાવો.

૪૭=દમ તથા સાહસનો ઉપાય—તંબાકુ ૪ વરસનો જુનો ૧ તોલો, હીંગ ચોખ્ખી ૧ તોલો, ગોળ ૫ વરસનો ૪૦ તોલા, આ આ બધાને મેળવી ૧ ગોળો બનાવી તે ગોળાને ૧ા શેર અરદાના આટાનો લેપ કરવો. જમીનમાં ખાડો ૧ હાથ ચોરસ ખોદી તેમાં છાણા અથવા શાણી ગોબરી મુકી વચ્ચે ગોળો રાખી સળગાવવું. બળી રહેને તે ખાડો મતોરાથી ઘાંકી નાખી ૧ રાત ગોળો ખાડામાં રહેવા દેવો, પછી અંદરની દવામાંથી વાલ ૧, ખાવાના પાન સાથે ચાલુ ઘણા દીવસ ખાવી.

હાંફણ માટે ઈલાજ—હુરહુરાના પાતરાંને છુંદીને તેની લેપડી બંને હાથના અંગુઠાની નીચેની નસો ઉપર હાંફણ શરૂ થતાં પહેલાં બાંધે અને ઘણા દીવસ ચાલુ રાખે.

૪૮=હાફણ—સ્વાસ—પીવાની ચાહમાં શાકર નાંખી લીંબુ ૧ ફાળનો રસ નીચવી પીએ તો હાંફણ તરત નરમ પડે છે.

દમ—સ્વાસ માટે હરડા બેરાનું ચુરણ ૦ા તો. મધ સાથે ખાવુ.

હાંફણુ માટે—હાડકાંને ૦ા તોલો બારીક ભુકો, પાણી સાથે પીવાય છે.

૪૯=દમ, હાંફણુ માટે—કેળાંને ચીરી અંદરનાબી કહાડી નાખે અને તેની જગામા મરીનું ૦ા તો ચુરણ ભરે. આખી રાત ઠારમાં રાખે, સહવારે તે કેરૂં દરદી ખાય,

૫૦=દમ, હાંફણ માટે—કેળાંની કુપળ નવટાક, વડાગરૂં મીઠું નવટાંકને ખરળ કરવું. ૧ પાણીવાળાં નાળીએરને કોતરી અંદરનું પાણી કહાડી નાંખવું, તેમાં ઉપલું ચુરણ ભરી કાણું બંન્ધ કરવું, તે નાળીએરને ભઠીમાં બાલવું. કાટલા બળી રહે ત નાળીએરને અંદરના ભુકા સાથ વાટવું. તેમાંથી ૧ તોલો રોજ સહવારે ૭દીન ખાવું, પહરેજી—તેલ મરચું, દુધ, માછલી, આમલી, કેરી એ ખાવું નહી.

—❧—

## હિસ્ટીરીઆ-વાઈ-મૃગી-આંકડી.

૧=ચાંદરાની અચાર ૧ વાલ મધમાં રોજ બેવાર ખાવી.

૨=લીંબોડીના મગજને કાદવના વાસણમાં ભરી પેક કરી એક ખાડામાં જ્યાં અમેશાં પાણીનો ભીનાસ રહેતો હોય ત્યાં ૬ માસ દાટી રાખવી. વળી કાળાં મરીને જાડા કંટાળા થુવરના થડમાં મુકી ૬ માસ રહેવા દેવાં. ફાગણથી ભાદરવા માસ સુધી આ કામ કરવું આ બંધે જણસોનું સંભાગનું ચુરણ દરદીને સુંગાડે તો મગજનો કીડા મરી જશે અથવા છીંક સાથે બહાર આવશે.

૩=હીસ્તીરીઆને ફાયદો કરે—લસનની ૪ કળી અને હીંગ ૧ પૈસાભાર મસળીને દરદીને સુંઘાડીઆ કરે. જો જોરપર હોય તો એક વાલ હીંગખાવામાં આપે.

૫=હીસ્ટીરીઆ માટે—૧૦૦૦ વરસના જુના અમદાવાદી કાગળને પીતલની થાળીમાં બાળે તેની રાખનું બારીક ચુરણ આંખે આંજે તો હીસ્ટીરીઆ માટે

૬=હીસતરીઆ—વાયુના રોગ માટે—દરદીએ અરીઠાનું ચુરણ સુંઘવાથી હુસીઆરી આવે.

૭-હીસતીરીઆ-આંકડી-શરદી માટે—ઘોડાવજનું બારીક ચુરણ દરદીને સુંઘાડે તેથી મોંમા ફીક મારશે અને દરદ નરમ પડશે. ૦ાા તો. ગોડાવજનું ચુરણ મધમાં મેળવી રોજ બે વાર ખવાડે.

૮=હીસતીરીઆ—કમળ કાકરીના બીનું ચુરણ ૦ા તો. પાણી સાથ પીવું.

૯=હીસ્ટીરીઆ માટે—માલકાકણીના બીને લુગડામાં મુકી ખુબ મસળી અંદરથી કચરો ઝાટકી કાઢવો. બીને ઘીનો હાથ લગાડી લોઢીપર સેકી તેમાંથી રતી બે (ચાર ગરેન) લઇ સાકર સાથે મેળવી ૩ દીવસ ખાવી.

૧૦=હીસ્ટીરીઆ—હલદરનો ધુમાડો આપવો.

જુઓ " આંકડી " " વાઇ "

## હેડકી—અડગરી.

હેડકી—ફુળવેલી ફટકી ૨ વાલ ગોળ સાથ ખાવી અથવા કુવારના રસમાં સુંઠની ભુકી મેળવી ખાવી.

હેડકી—અડગરી માટે અડદ અથવા હળદરના ચુરણની બીડી બનાવી ધુમાડો પેટમાં લેવો.

જુઓ " અડગરી. "

## અજીરણુ-હોજરીના દરદો બદહજમી,-અરૂચી.

૧=સુંઠ ૦। તોલો મીઠું, ૨) વાલ મેળવી ખાધા અગાઉ ફાકી મારી અરધા કલાક પછી ખાવું.

સુનામખી ૦। તોલો મધ સાથ રોજ ખાવી.

કાલાજીરી ૪) વાલ અને મીઠું ૨) વાલ ખાવું.

૨=અજીરણનો બ્યાધી બહુ વધ્યો છે. ખોરાક ખાવા પાછળ જે પૈસો ખરચાય છે તેનો કરતાં વધતો પૈસો ખોરાકને પચાવવાનું મથન કરવામાં જાય છે. સેહેલો અને સુનરો ઇલાજ એ છેજ.

૩=ખોરાક રોજ એકવાર લેવો. અરધી ભુખે ખાવું.

૪=દુધ કાજીનોજ ખોરાક ચાલુ રાખવો.

૫=અપવાસ અથવા અઠવાડિયામાં ૧) દીવસ કરવો.

૬=દુધમાં ચુણાનું નીતરૂં પાણી નાંખી પીવું બીજો ખોરાક લેવો નહીં

૭=દુધનું અજીરણ થાય તો દુધમાં ૫) ૭) એલચી ઉકાળીને દુધ પીવું.

૮=અજીરણ માટે—જીરૂં અને સાકર રોજ બે વાર ખાવી

૯=હરડે, જીરૂ, પીપરીમુળ સંભાગે ચુરણ ૦॥ તોલો લેવો.

ઝેહેરકચરો ઘીમાં તળી તેની ફાકી બનાવે. તે ફાકી ૧ વાલ, મરી ૧ વાલ સાથ મેળવે અને જમતાં પેહેલાં અરધો કલાક આગળથી ખાય.

૧૦=સુંઠ તોલા ૭), મરી તોલા ૫), પીપર તોલો ૬), નાગકેસર તોલો ૪), તમાલપત્ર તોલો ૩), તજ તોલા ૨), એલચી તોલા ૧), સાકેર તોલા ૨૮, એનું ચુરણ ૦॥ તોલો જમતાં પેહેલાં પાણી સાથ લીએ.

૧૧=સીંધાલુણ, નવસાર, જવખાર સરખે ભાગે લઈ જુદા જુદા છુંદી એક રસ કરે તેને કાદવના વાસણમાં કપડછંદ કરે. તે વાસણની આસપાસ છાણા મુકી સળગાવે. અંદરનો ખાર બેઆની ભાર જમતા વખતે ખાય

૧૨=આદુ, સીંધવ અને લીંબુની ચટણી બનાવી ખાતું ખાવા પેહેલા ખાય.

૧૩=હીંગ ( સેકેલી ), સુંઠ, મરી, પીપર, અજમો, જીરૂં, સાહજીરૂં, સીંધાલુણ એઓને સંભાગે મેળવી જમવા પેહેલાં ખાય, અથવા ચટણી બનાવી કોળીએ કોળીએ ખાય.

૧૪=લીંડીપીપર અને સીંધાલુણ લીંબુના રસમાં ૩ દીવસ ભીંજવી રાખી સુકવી તેનું ચુરણ બનાવી રોજ ૨ વાલ ખાવું. સેકેલી ભાંગની ભુકી ૦ાા વાલ અથવા વધારે ખાવી.

૧૫=સુંઠ, મરી, પીપર સંભાગે લેવી તેમાં સીંધાલુણ નાંખી લીંબુના રસથી ગોળી બનાવી ખાવી.

૧૬=અજીરણ માટે પેપરમીંટના ફુલ એલચી પાન સાથે ખાવાં.

૧૭=અજીરણ, બંધકોષ, જીર્ણજ્વર, જુનો તાવ માટે ચોકસ ઈલાજ નીચે મુજબ છે:—હરડે નંગ ૨૦૦, આમળા નંગ ૨૦૦, લીંડી પીપર નંગ ૨૦૦, આ બધી ચીજને કાદવના વાસણમાં મુકી ખાખરાના ખારમાં ભીંજવી રાખી તે સુકાય ને તેનું ચુરણ કરે. પછી ચુરણ ૧ ભાગ, સાકર ૦। ભાગ, મધ ૪ ભાગ, ઘી ૩ ભાગ, એ બધાને મેળવી બરણીમાં (માટીના ચીકા વાસણમાં) મુકી બરણીનું મોંહ બંધ કરી ૬ મહીના જમીનમાં દાટે. એમાંથી ૧ તોલો રોજ સહવારે ખાય ઉપરથી દુધ પીએ તો બળ બુદ્ધી પાછી આવે છે.

૧૮=બદહજમી માટે—રોજ સહવારે ઠંડા પાણીમાં ફાવે એટલું આદું લીંબુ નીચવી પીવામાં લેવું.

૧૯=અજીરણ માટે—ત્રીફળા, પીપર, મરી, સુંઠ, સંચરનું, ચુરણ કરી હથેલી ભરીને વાસી પાણી અને મધ સાથે ખાય તો ભુખ લાગે, વાય જાય અને પીત જાય.

૨૦=સુંઠ, પીપર, કારૂજીરૂં, હીંગ, મરી, અજમો, સીંધવ, સંભાગે ૨ થી ૬ વાલ સુધી દીવસમાં બે વાર લેવું.

૨૧=પેટની પીડા અને અજીરણ માટે—કુમારનો રસ ૦। થી ૦ાા તોલો સાકર સાથે ખાવો.

૨૨=અજીરણનું ચુરણ—સુંઠ, મરી, પીપર, અજમો, સીંધવ, સંભાગે લઇ સહવારે ાા તોલો ચુરણ વાસી પાણી સાથે લેવું.

૨૩=સુંઠ, મરી, પીપર સંભાગે મેળવી ૦ા તો. પાણી સાથે દીવસમાં ત્રણ વાર ખાવું.

૨૪=અજીરણ, સોજો, અરૂચી, જલંદર, આફર, થોથરા માટે—બેઆની ભાર લવણક્ષાર ઘી સાથે જમતી વખતે ચાટવું. પેપ્સીન અને લેક્ટો પેપટીનનું કામ કરે છે.

## અડગરી—હેડકી.

૧=કાગળની અંદર રૂમુની બીડી બનાવી તે સળગાવી તેનો ધુમાડો પેટમાં લેવામાં આવે તો અડગરી મટે.

૨=અડગરી, ગળું બેઠેલું હોય તે માટે—લવંગ ચારને દીવેલની અથવા ચીની બત્તી ઉપર ગરમ કરી તેના ફુલને બાળી તે લવંગ ચાવી રસ ગળવો.

૩=દમ, અડગરી, હાથપગ મોટા થાય, સાસ માટે હરડે અને સુંઠ દરેક ૦ા તોલો પાણીમાં ઘસીને પીવા.

૪=હેડકી માટે—રેશમ બાળીને તેની રાખ મધ સાથે ચાટવી.

૫=અડગરી માટે—સુંઠ અને ગોળ ખાવો.

૬=અડગરી તથા હાંફણ માટે—કાસુંદરાના પાનની ચાહ બનાવી રોજ બે વાર પીવી.

૭=અડગરી માટે—કોઠનો અથવા આમળાનો રસ ૧ તોલો અને પીપર ૩ વાલ મધ સાથ ખાવી, અથવા કોઠની અંદરનો સુકો અથવા લીલો ગર ગોળ સાથે ખાવો.

## આસવ.

૧=દરાખનો આસવ બનાવવાની રીત—કાળી દરાખ છુંદેલી શેર ૫ લેવી પાણી શેર ૫૦) લેવું તેને બાળીને શેર પચીસ પાણી રાખવું. તેમાં ગોળ શેર વીસ નાંખી મેળવવું. તેમાં નીચે મુજબ મસાલો છુંદીને નાંખવો.

તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, પીપર, મરી, દરેક ૪ તોલા, ધાવડીના ફુલ ૫૦. એઓને ૧) બાટલામાં ભરી તડકે ૧ માસ સુધી મુકવું. પછી તેને ગાળી બાટલીઓ ભરવી. મંદ અગ્નિ, પેટનો વાયુ, સુંક, ઝાડાનો કબજો એટલાં દરદ માટે એ આસવ ઉપયોગી છે.

આસવ કોઇબી વસાણુનો બનાવવો હોય તે નીચે મુજબ છે—તે વસાણુનો ઉકાળો શેર ૫, મધ શેર ૬।, ગોળ શેર ૧૨॥, પાણી શેર ૩૨ એને મેળવી બરણીમાં પેક કરી તડકે અને દારમાં ૧ માસ રાખી પછી બાટલીઓ ભરવી.

૨=રોહીદા આવસ, રોહીત અરીસ્ટ–૪૦૦ તોલા રોહીદો, ૪૦૯૬ તોલા પાણી સાથ ઉકાળવું, ચોથો ભાગ પાણી રાખી તેમાં ગોળ ૮૦૦ તોલા, ધાવદીના ફુલ તોલા ૪), પંચકોલ એટલે પીપર, ચવક, પીપરીમુળ, ચીત્રો, સુંઠ દરેક ૪ તોલા, તજ, તમાલપત્ર, એલચી ( ત્રીજાત ) દરેક ૪) તોલા, ત્રીફળાં ૧૨ તોલા મેળવી બરણીમાં ભરી તેનું મોં ૧ માસ બંધ રાખવું.

## આફરો–આફળો.

૧=ચણું ખાધાથી આફરો થાય ત્યારે થુવરનું દુધ પાપડ ઉપર ચોપડી તે ભુંજીને દરદીને ખવાડે તો ઝાડો પુષ્કળ આવે.

૨=પેટનો આફરો મટે—હીંગ અને મરચાંની ભુકી સંભાગે ગુંદર સાથ મેળવી ચીનીબોર જેવડી ગોળી કરી દર ૧) કલાકે એકેકી ખાવી.

૩=આફરો—કાચુ અનાજ ખાવાથી માણુસના અને જનાવરોના પેટ આફળાઈ આવે છે તે માટે કેરાના આચારનું પાણી પીવું, એટલે ઝાડા વાટે રોગ નીકળી જશે

## આમન બહાર નિકળે.

૧=આમન—ફટકીનું પાણી આમન ઉપર લગાડવાથી તે અંદર બેસી જાય છે

૨=આમન બહાર નીકળે તો મનસીલની અથવા ફટકડીની ધુંઈ આપવામાં આવે છે

૩=આમન બહાર નીકળે—મસુરની દાળનો આટો ઇંડાની સફેદીથી સાથ મેળવી આમન ઉપર મુકે.

૪=આમણ સફરામાંથી બહાર નીકળે ત્યારે માયું અને કલઇ સફેતો સંભાગે મેળવીને સફરા ઉપર લગાડે. ઘણું જુનું દરદ દફે થાય અને ઘણોજ વખત ચાલુ રાખે તો ફરી આમન બહાર આવે નહીં.

૬=આમન બેસે—માગાનું પાણી લગાડવાથી અથવા લુંગડુ એ પાણીમાં ભીંજવી આમન ઉપર મુકે તો આમન પાછું બેસે.

૭=સ્ત્રીની જાત બહાર પડતી હોય અથવા આમન સફરાની બહાર નીકળે તો મેદીના બીની લેપડી મુકી જોરથી કાછડો વાળવો.

૮=આમન બેસે—હીરાકસીનું પાણી આમનને લગાડે તો આમન બેસે છે.

૯=આમન બહાર નીકળે તો—રીસામણીનું પાન અથવા મુળનો રસ હાથે ચોળીને તે હાથે આમન અંદર બેસાડવી.

---

## આગરૂં-પીલ્સ.

૧=આગરૂ—લીલી હરડેનો રસ ૧ તોલો રોજ મધ સાથ પાવો.

૨=આગરનું તેલ—બાવળની છાલ અથવા પાતરાં, અથવા સીંગ ૨ તોલા, કવચના બીજ ૧ તોલો, અરેઠી ૧ તોલો, આંબા-હળદ ૨ તોલા, પાણી શેર ૧, તેલ શેર ૦ા એનું તેલ બનાવવું અને તે તેલ લગાડવું.

આગરૂ મોંઢાનો—બાવળની છાલના ઉકાળા કોગળા કરવા.

---

# આધાશીશી.

૧=આધાશીશી માટે—૧ બદામનું મગજ ૩ લસણની કળી, અડદની દાળ માસા ૬ એનો લેપ કરી લુગડાંપર લગાડે અને તે માથા પર મુકે.

૨=આધાશીશી, માથાનો દુખાવો, } તરત મટે—કલોરોફોર્મ, અને વચનાકનો અરક સંભાગે મેળવી તેમાં ૩ બોળાને માથા પર દાબે તો દુખાવો તરત નરમ થાય.

૩=આધાસીસી માટે સમુદર ફળ બકરીની પીસાબમાં ઘસી નાકમાં ટીપાં મુકે.

૪=આધાસીસી માટે સોપારી ઘસીને માથે લગાડે તેથી માથું દુખવું મટી જાય.

૫=આધાશીશી, અને બેશુધી માટે—અરીઠાના પાણીનું ટીપું નાકમાં મુકે તો ફાયદો થાય છે.

૬=આધાસીસી અને હીરતારીઆ માટે-અરીઠાની છાલ પાણીમાં ઘસીને ને સુંઘે.

૭=આધાસીસી=માથાનો દુખાવો—હીંગ ૧ વાલ અને નગોડના પાતરાં ૧ તોલા સાથે વાટી તેની પોટલી કરીને તેમાંથી ૫ થી ૧૦ ટીપાં નાકમાં નાખવાં.

૮=આધાસીસી માટે ઇલાજ—૧ વાલ હીંગને ૦ા તોલા પાણીમાં વાટીને તેના તે ટીપા નાકમાં નાખવાથી માથું દુખતું બંધ પડે છે.

૯=આધાશીશી માટે—આસનતું સુરણ નાકે ઘસવું.

૧૦=આધાસીસી મટે—એરંડાના મુળ લીંબુના રસમાં ઘસી કપાળે લેપ લગાડયા કરે, લેપ સુકાય તેની ઉપર ફરી લગાડે.

૧૧=આધાસીસી નરમ પડે—કનેરના પાનનો રસ બબે ટીંપા નાકમાં નાંખે.

૧૨=પીનસ અને આધાશીશી મટે-કેસરને ઘીમાં વાટી ઘી સુંઘવું.

૧૩=આધાસીસી, અદોસી માટે—આકડાના મુળનો ધુમાડો નાકે લેવો

૧૪=આધાશીશી મટે—કેરીના મરવાનું ચુરણ સ્ત્રીના દુધમાં મેળવી જે બાજુનું માથું દુખતું હોય તે બાજુના નસકોરામાં લગાડે.

૧૫=આધાશીશી માટે તલનો ખોળ અને વાવડીંગ પાણી સાથે મેળવી લેપ કરી માથે લગાડે.

૧૬=આધાશીશી મટે-તલ અને દુધ વાટી લેપડી કરી માથે મુકવી.

૧૭=આધાશીશી માટે તુળસીના પાંતરાનો રસ ટીંપા ત્રણ નાકમાં મેળવાં.

૧૮=આધાશીશી માટે—તુળસીના પાતરાં ૬) મરીણા દાણા ૩ એ બંધેને છુંદી કપડામાં મુકી તે પોતલી પાણીમાં બોળીને સુંઘવી.

૧૯=આધાશીશી માટે—બાવળના ઝાડ ઉપર કાંટાના કવરમાં ડોશી બંધાય છે તેમાંનો કીડો તુલસીના પાંતરાં સાથ વાટી રસ નાકમાં મુકવો.

૨૦=આધાશીશી અથવા માથું બળગમથી દુખે. ત્યારે સૂર્ય ઉગે ત્યારથી સુરજ અસ્ત પામે ત્યાં સુધી માથાનો દુખાવો રહે એના ઈલાજમાં ભોંયરીંગણીના પાંતરાંનો રસ નાંકમાં મુકે તો સારૂં થાય.

૨૧=અરધું માથું દુખે—તે માટે જંગલી મગ જેની સીંગ ઉપર રૂવાંટી થાય છે. તે છોડના પાંતરાનો રસ કહાડી ૨) ટીંપા નાંકમાં નાખવાં.

૨૨=આધાશીશી માટે—આધાશીશી વા અને બળગમથી થાય છે તે વેળા દુન્યા અકારી પડે છે. બળગમથી અધાશીશીનો દુખાવો સુરજ ઉગે ત્યાંરથી તે અસ્ત પામે ત્યાં સુધી રહે છે. એનો ઇલાજ—વજ, મરી, પીપર, સુંઠ એ બધાને પાણીમાં ઘસીને સુંઘવું.

આધાશીશી મટે—આકડાનાં પાકાં પાન જે પોતાની મેળે ખરી પડે તેની ઉંધી બાજુએ તેલ લગાડી ગરમ કરે. તેને દાબવાથી પાણી જેવાં ટીપાં પડે તે ટીપાં ૫) જે બાજુથી માથું દુખતું હોય તે બાજુ નાકનાં પીકરાંમાં ૩ દીવસ રોજ ૧) વાર નાંખવાં. નાક ઝરીને ફાયદો થશે.

## આટણ.

ગ. આંટણ માટે—પીલોરીના ઝાડના પાદડાંને રસ, સીંધવ ખાર સાથે મેળવી લગાડે તો આંટણ જલદી પોચું પડે છે.

---

## આંખના દરદો-આંખને મોતીઓ-આંખનું ફુળુ.

૧=આંખે અંધાપો આવે તેનો ઈલાજ—કાચની શીશીનો બહુજ બારીક ભુકો તોલા ૩, સરસના બીજ ૧૭, એઓને વાટી સુરમાં જેવું કરી ખાતા લીંબુના રળમાં ૩ દીવસ ખરળ કરે તેની સાથે બરાસ કપુર એઆની ભાર મેળવી આંધળાને આંજે તો ફાયદો થાય છે. આંખના બીજા દરદો પણ મટે છે.

૨=અંધાપાના ઉપાય—કાળા નાગની પેટની અંદરથી ચરબી તાવી લેવી. સંધેડાનો રસ કહાડી ૧ કાદવના કોડીયાંને ચોપડી છાયામાં સુકવવું. એ મુજબ ૩ વાર સુકવવું. ગીલીકબાલા તોલો ૦I એલચી ૦I તોલો, બરાસ વાલ ૧ ને છુંદી મેળવવું. પેલા કોડીઆની અંદર રૂની જાડી જ્યોત મુકી પેલો ભુકો દીવાની જ્યોત ઉપર અને તેની આસપાસ ભભરાવવો. તેમાં ચરબી નાખી ને જ્યોત સળગાવી દેવી. ઉપર બીજું કોડીઉં ઢાકવું મેંસ એકઠી કરી આંખે ૪૦ દીવસ અંજન કરે તો અંધાપો જાય.

૩=ફુલું આંખનું મટે, લોહી આંખનું કાપે—ઉટકંટાની લીલી અથવા સુકી ડાળી પાણીમાં ઘસી આંખે લગાડે, અથવા ધોળી ચણોટી, વાઘણનું દુધ, ડાભડા ઘાસનું ફુલ જે થડમાં થાય છે તે (ઘાસની ઉપર થાય છે તે ન ચાલે) પાણીમાં ઘસી લગાડે.

૪=ફુળું મટે—આંખના કાળા ભાગમાં સફેદ ફુળું હોય ત્યારે વડાગરૂ મીઠું છાસમાં વાટી અંજન કરે.

૫=આંખનું ફુળું મટે, સમુદ્રફળ અને ઘોડાના નખ પાણીમાં ઘસી અંજન કરે.

૬=આંખના ખીલ સારા થાય—સરગવાના બી ઘસીને આંખે લગાડે.

૭=આંખમાં અગન બળતી હોય તે માટે—હગ્ડેના ૧૨ દાણા પાણીથી ધોઇને પછી તેને ૦। શેર પાણીમાં ૧ રાત ભીંજવી રાખવા તેને હાથ વતી ચોળીને કપડાંમાંથી ગાળવું. તે પાણીમાં જુનું કપડું બોળીને આંખોના પોપચા ઉપર મુકવું.

૮=આંખની ઝાંખ, ફુળું, રતાસ માટે તુવેરની દાળમાં હળદરને ગાંઠીઓ બાફી છાયડામાં સુકવે તેને પાણીમાં ઘસી આંખે આંજે. આંખની ગરમી માટે—બકરીના માખણમાં હળદર ઘસીને નાક પાસેના આંખના ખુણામાં મુકવી. એથી ગરમી મટી જાય છે.

૯=આંખે ઝાંખ હોય તે મટે—હળદરનો ગાંઠીઓ, ચોનાઇ શાકર, રતાંજલી પાવી સાથે ઘસીને આંખની આસપાસ લગાડી ૩ કલાક રહેવા દેવી રોજ તાજું ઘસીને લગાડવું.

૧૦=આંખ લાલ થાય તે માટે—લીલી હળદર, શાકર, મીઠી શેરડી, જીરૂં સંભાગે મેળવી તે બકરીના દુધમાં ભીંજવી આંખ ઉપર અને આસપાસ લગાડવું. વાગવાથી અથવા ગરમીથી બંધાય લોહી છુટી જશે.

૧૧=પેટની ગરમી, મગજની ગરમી આંખની ગરમી, પીસાબે ગરમી, કલેજાનો દુખાવા, પીસાબમાં ઠરો મટે—ઇસપગુળ અને ખાંડ સંભાગે મેળવી ૧ તોલો સહવારે, અથવા સાંજે ખાય. ઉપરથી પાણી પીએ.

૧૨=આંખનું તેજ વધે—આસન અને જેઠીમધનું ચુરણ સંભાગે મેળવી તેમાંનો ૧ તોલો આમલીના રસમાં રોજ પીવું અથવા(૦।। તો. સુકા આમળાને ૩ તોલા પાણીમાં એક રાત ભીંજવી રાખી સહવારે ગાળી તે પાણી પીએ.)

૧૩=આંખના દુખાવા માટે-કપાસના પાનની લેપડી આંખપર મુકે.

૧૪=૧આંખની ઝાંખ મટે, આંખના ચસમા ઉતરે, આંખે તેજ, વધે, ખીલ, પડળ, ફુળું કપાય—ખાખરાના મુળના કટકા કરી કાદવના હાલામાં ભરવા, એવી રીતે ભરવા અને દાબવા જે હાલું ઉંધું વાલીએ તો તે કટકા બહાર પડે નહીં. જમીનમાં ખાડો ખોદી તેમાં એક બીજું વાસણ એવી રીતે મુકવું જે તે વાસણની કોર

જમીનની સપાટી બરાબર રહે તે વાસણ ઉપર ખાખરાનામુળવાળું હાલ્લું ધાકવું, ઉંધું મુકવું. તે ઉપર છાણા મુકી સળગાવે. પેલાં મુળને બાફ લાગી અંદરથી પાણી છુટી નીચલાં વાસણમાં એકઠું થશે. નીકળનો રસ બહાર ઘોળાય નહી, અને નીચલા વાસણમાં એકઠો થાય એવી યુક્તી રાખવી.

આ રસને ગાળીને ઉકાળવો, મધ જેવો ઘાડો કરવો અને સળીથી આંખે આંજવો.

૧૫=નાગર મોઠ મોટા બકરાના મુતરમાં ઘસી આંખે આંજે તો જનમનું ફુળુ મટે.

૧૬=પાકું લીંબુ આંખ ઉપર ઘસે તો ગરમી મટે છે. પાકાં લીંબુની ઉપર માખણ ચોપડી, તેને પાણીમાં આખી રાત મુકે, પછી તે માખણ આંખમાં લગાડે તો ઠંડક આપે છે. અને આંખના દરદને કાપે છે.

૧૭=આંખના દરદ માટે—તરત મારેલા કાળા સાપના કટકા કરવા, તેને ૨૫ શેર દુધના સાથ ૧ તાંબાના વાસણમાં મુકવા, તેમાં ૪ વીછું નાખવા, વાસણનું મોંઢું બંધ કરી ૨૧ દીવસ રાખી મુકવું. પછી વાસણમાં બંધાયલા દહીને વલોવી માખણ કાઢવું. તે માખણ એક કુકડાને ખવાડવું. તે કુકડાની અધાર આંખે આંજે તો આંખે તેજ વધેઅને ઘણા દરદ સારાં થાય છે. કાલા સાપની ચરબી પણ આંખના મોતીઆની દવા બનાવવામાં ઉપયોગી છે.

૧૮=આંખના દરદો માટે નીચલી દવાઓ આંખમાં આંજવાથી ફાયદો થાય છે. નીરમળી પાણીમાં ઘસીને કાળા સાપની ચરબીની મેંસ સાથે આંજે, અથવા સંખની ભસ્મ, અને ઘીની મેસ મેળવી આંજવાથી આંધળો દેખતો થાય, એવું તેજ વધે છે.

૧૯=આંખ, કાનના દરદ માટે—સુનામખી ગરમ પાણી સાથે ના તાલો રોજ ખાવી.

૨૦=આંખના દરદો માટે—તરત મુવેલા સાપના મોંઢામાં અથવા ગરૂડ પક્ષીના મોઢંમા સુરમાનો કટકો મુકી તેમાં ઘી ભરવું. પછી ૧ કાદવણા વાસણમાં તેને મુકી ઢાંકણ ઢાંકી બંધ કરવું કપડમટી

કરવી. ૧ ખાડો જમીનમાં ખોદી તેમાં અર્ધાં અડ્યાં મુકી તે ઉપર વાસણમાં મુકવું. અને બીજા અડાયાં મુકી ખારો છાણાથી ભરવો. પછી અગનીથી સળગાવવો. પછી સુરમાને કહાડી લેવો. તેને કપુરકાચલીના ચુરણ સાથ મેળવીને આંખે આંજે તો જેની આંખની કીકીઓને નુકશાન થયલું હોય તે જોઇ શકે.

૨૧=આંખમાં નાસુર હોય તેનો ઇલાજ—હળદર, ચીતરો, કાઠો, નાગર મોથ, લીમડાના પાન, નીમક સંગ, હરડે હળદ, પીપળીમુળ, વાયવરંગ, સુંઠ, વજ, દરેક એકેક તોલો લેવો. તેને સુરમાં જેવું બારીક કરી ગોળી બનાવી તે ગોળી પાણીમાં ઘસીને લગાડવી.

૨૨=આંખનું ફુલું હોય તો સ્ત્રીના દુધમાં ઉપળી ગોળી ઘસીને આંખે લગાડે

પાપણ ખરતાં હોય તો ગાયના પીત્તામાં એ ગોળી ઘસીને આંખે લગાડે.

આંખની કીકી સફેદ થતી હોય તો એ ગોળી મધમા ઘસીને અંજન કરે.

૨૩=આંખના પાપણ ખરી પડે તેનો ઇલાજ—ખાટાં લીંબુને કાપીને બે ફાળ કરવી. અંદરના બી કહાડી નાખવા. બે ફાડની વચે હળદનો ગાંઠીઓ મુકીને બાંધી લેવું. લીંબુ સુકાઈ ગયા પછી હળદનો ગાંઠીઓ કહાડી મધ સાથે ઘસીને આંખે આંજવું.

આંખ રાતી થાય તો ઉપર મુજબ બનેલો હળદનો ગાંઠીઓ મધ સાથે ઘસી આંખે અંજન કરવું.

૨૪=આંખે સફેતી મારતી હોય તો લીંબુમાં પાકેલો હળદનો ગાંઠીઓ ગાયના દુધમાં ઘસીને અંજન કરવું.

૨૫=આંખની કીકી પર પડદો આવે તો—રીસામણી પાનનો રસ અને ઘોડાનું મુતર સંભાગે મેળવી અંજન કરવું.

૨૬=આંખે તમ્મર આવે તો સમુદ્રફળનું અંજન કરવું.

૨૭=આંખના ખીલ માટે સરગવાના બી પાણીમાં ઘસી અંજન કરે.

૨૮=આંખની ગરમી—સાકર પાણીમાં ઘસી આંખે આંજે તો ગરમી મટે.

આંખની ગરમી માટે—શાકર તોલો એક. માખણ ગાયનું તોલા ત્રણ, સફેદ મરી નંગ સાત સહવારે નરણે કોઠે રોજ ખાવું.

૨૯=આંખ દુખે=આંખ રાતી થાય તે માટે—કોઠમડી પાણીમાં છુંદી તેના રસમાં જરા મીઠું નાખી તેના પોતાં આંખ પર મુકે.

૩૦=આંખ ગળે ત્યારે—બાવલના પાનના રસના ટીપાં મુકવાં.

૩૧આંખ—આંખમાં ફટકીના પાણીના ટીપાં નાખે છે તેથી આંખ નરમ પડે છે અને ગરમી કપાય છે.

૩૨=આંખના ખીલ ઉપર મોરથુથુ લગાવે તો મટે.

૩૩=આખના દરદો મટે-ચસમાં લેવા પડે નહીં-આંખની તેજી વધે—કપુર, ચંદનનો ભુકો, બાલછડ બાલીછડીલો, દરેક ૧ તો. લવંગ અને પીપર દરેક ાા તોલો એ સઘળાને બોખરું કરી મેળવે, તેને લોખંડના ઠીકરાં પર મુકી ઉપર કોરીનું વાસણ ઢાંકે તેને અડદના લોટથી બંધ કરે, ચુરણની હવા બહાર જવા દેવી નહી, ઠીકરાંની નીચે અંગાર મુકે, ૩ કલાક અંગાર રહેવા દેવો. કોરીના વાસણ પર બરાસ કપુરની પોપરી બંધાસે તેનું અંજન કરે.

બરાસ કપુર—કપુર તોલો ૧, એલચી, જેઠીમધ, ચીનીકબાબા દરેક એક તોલો લેવો આ બધાનું ચુરણ કરી એક કાંસાની થાળીમાં મુકવું, ઉપર ચીનાઇ માટીનું કપ ઢાંકવું, અડદના લોટથી થાળી સાથે કપને ચીટકાવવું. અંદરની હવા બહાર જવા દેવી નહીં. એક રાત રાખી બીજે દીવસે તડકે મુકવું, અથવા દીવાની બતી પર મુકવું. કપુર ઉડીને કપની અંદર પર બંધાશે તે અંજન કરવામાં લેવું.

૩૪=આંખનું તેજ વધે-આંધળો દેખે—કાળા નાગના પેટમાંની ચરબી લોઢાના વાસણમાં તાવે. તેની કાજળ બહુ તપાસથી પાડે. કાજળ એકઠા કરવા માટે જોઇતાં માટીના કોડીયાંને સંધેસરાનો રસ ચોપડી છાંયામાં સુકવે.

૩૫=આંખમાં કચરો જાય ત્યારે ઓરતનું દુધ આંખે આંજવું.

૩૬=આંખની ગરમી કપાય—દાડમના દાણાનો રસ આંખમાં મુકવાથી ગરમી કપાય છે.

૩૭=આંખના દુખાવા માટે—દારૂડીઆ—(ઓખરો=સત્યાનાશી) નો રસ આંખમાં આંજે.

૩૮=આંખની ગરમી કાપે—માથું બોરાવ્યા પછી દીવેલાના પાંતરાં ૨, માંથે બાંધે તો ગરમી ચુસી લે. માથાના બાળ મોટા હોય તો ગુણ લાગે નહીં.

૩૯=આંખની ખસ જાય—ભીંડીના બીજ ઘસીને આંખે આંજે તો આંખની કીડ જાય.

૪૦=આંખની ગરમી અને ઝાંખ મટે—બેહેડાંને મધ સાથ ઘસીને દીનમાં ૩ વાર આંખે આંજવું.

રતનજોત, આંખની સળી—એ ઘણી જાતના આંખના દરદો સફા કરે છે. અંગ્રેજી તેમજ દેશી વૈદામાં એ વપરાય છે. એની બનાવટ નીચે મુજબ છે—મોરથુથુ, ફટકી, સુરોખાર સંભાગે લેવો. આ બધાં એકઠા વજનનો પચાસમો ભાગ કપુર લેવો. તેઓને ઇંગાર ઉપર ગરમ કરી નરમ થાય ને સળીઓ બનાવવી. ( મોરથુથુ ઇંગાર ઉપર પકાવીને લેવું. )

૪૧=આંખે ગરમી તથા ઝાંખ માટે—મધને ૧ ગલાસમાં નાંખી આંગળી વડે ખુબ મસળીને આંખે અંજન કરવું.

૪૨=આંખની દવા—જીણી હરડે મધમાં ઘસીને આંખમાં આંજવી. પાણીથી પળાલેળાં કપડામાં વીટાળીને નરમ કરવી.

૪૩=આંખની રોસની વધે—બુઢા પણામાં કરચળી આવે નહી. કાળીમુસળી સાથ સુનામુખી ખાએ.

૪૪=સળગમ પકાવી—નહાર કોઠે ખાય તો આંખને તેજ વધે.

૪૫=આંખના દરદો, પરવાળાં, ટુંકી નજર માટે સાતોડીનું મુળ દુધમાં ઘસી આંખે લગાડે.

૪૬=આખે તેજ વધે—સાજીખાર લીલી દરાખના રસમાં ખાવો.

૪૭=આંખે તેજ વધે. મરદને શકતી વધે, ઘીલી નસો મજબુત થાય—સીતાફના બી તોલો ૦।। ગાયના ઘીમાં તળી, ૭ દીવસ સુધી ભુખે પેટે ખાવાં.

૪૮=આંખને તેજ આવે—હરડે બેઆની ભાર, સાકેર સથે રોજ રાત્રે ખાવી. એથી આંખને ઘણા ફાયદા છે. આંખ નબળી પડતી જણાય તો આ ઉપાય પહેલો કરવો.

## અંતરગળ-વાયુ ગોળો-સારંગ-ગોળી મોટી થાય.

૧=અંતરમળ માટે અને પીસાબ છોડાવવા માટે—અજમો ૫, દીવેલીનું મગજ રાા, સુંઠ ૦।, સંચળ ૫, વરીઆળી ૨ ભાગનું ચુરણ બનાવી. તે ચુરણ ૦। તોલો લેવું તેને ૧। તોલો દીવેલ, ૧। તોલો દુધમાં મેળવીને પાવું, ઝાહડો ૦।। કલાકમાં ન આવે તો ફરી ઉપર મુજબ પાવું.

૨=અજમો, દીવેલનું મગજ, કલોંજી, સુવા, અજમોદ સંભાગે ખુંદી તેનો સેક કરવો.

વાયુગોળો, સારંગગાંઠ, જળંદર માટે—ઠરીઆ વગરની ખારક ૧૭ ભાગ, અજમો ૪ ભાગ, એનું ચુરણ ૦। તોલો ૧૫ દીન રોજ બે વાર ખાવું.

૩=અંતરગળ માટે ઇલાજ—અજમો ૭ તોલા, દીવેલ ૧૪ તોલા, પાણી બશેર એઓને સાથે ઉકાળી પાણી બાળી નાખવું. તેલ ગાળી લેવું. આ તેલ પીરૂ, પેટ, અને ગોળી ઉપર ૦।। કલાક સુધી મસળવું. પછી આકડાના પાન જરા ગરમ કરી ગોળીની આસપાસ અને ગાંઠા આગળ બાંધવા ૧૨ કલાક પછી ગરમ પાણીથી ગોળીને સેકવી.

૪=એળીઓ, જવખાર, ઉપલેટ, વચનાગ એ સઘળાનું તેલ ઉપર બતાવેલી રીત પ્રમાણે બનાવવું, તે તેલ અંતરગળની બાજુએ ૧૦ દીવસ મસળવું,

૫=આંતરડુ ગોળીમાં ઉતરેલું પાછું ચઢે, સારંગગાંઠ સારો થાય—બાવરના પાતરાંને છુંદીને ગરમ પોટીસ કરીને ગોળી ઉપર મુકે તો આંતરડું પાછું ઠેકાણે જાય.

૬=આંતરડું ઉતરે ગોળી મોટી થાય—તે માટે નવસારના પોતાં મુકે ગોળી સંકોચાય અને આંતરડું ચઢે. ઉલટી વગેરે બીજા ચીન્હો નરમ પડે.

૭=આંતરડું ઉતરેલું હોય ત્યારે મેંદીનો આટો, ધંતુરાના પાતરાંના રસમાં મેળવી ગરમ કરી લગાડવાથી આંતરડું ચઢે છે.

૮=અંતરગળ માટે—મેથી છુંદી પાણીમાં ઉકાળી મસકા જેવી કરી ઉતરેલાં આંતરડાવાળી જગા ઉપર બાંધવી. એમાં સોસવાની શકતી છે માટે આંતરડું ઉપર ચડે છે.

૯=રેપચર, ગોળીમાં આંતરડું ઉતરે તે માટે—ઇસેસ અને ઘોડાવજ ૦॥ ઘડિં ભાર, બ્રાંડી ૧ તોલો પાણી ૦॥ તોલો મેળવી પીવું.

૧૦=સારંગ ગાંઠ માટે—એરનડીઉ બે તોલા આદુનો રસ ૩ તોલા અને દુધ ૫ ) તોલા. મેળવી રોજ ફાવે તેમ પીવું.

૧૧=અંતરગળ માટે—કુવાના પાણીમાં રાખવામાં આવે છે તે કાચબાના ઇંડાનું તેલ વાલ બે પાન સાથે દરદીને રોજ ખવાડે.

## એક વસાણાના અનેક ઇલાજો

કાળી મુસળીનું ચુરણ ટાંક ૧ નીચે મુજબ ખાવાથી થતા ફાયદા

૧=કોપરાં સાથે ખાય તો માથાનું દરદ જાય.

૨=નીમખ સાથે ખાય તો ભુખ વધે.

૩=ગાયના ઘી સાથે ખાય તો શરીરનો રોગ ટળે.

૪=તલ સાથે ખાય તો માથાનો બળગમ ટળે.

૫=બકરીની પીસાબ સાથે ખાય તો બુઢાપો આવે નહી બાલ કાળાં થાય નહીં.

૬=ઠંડા પાણીમાં સાત દીન ખાય તો તરીઓ તાવ જાય.

૭=૦॥ તોલો ત્રીફળાં સાથ ખાય તો ઘા જલદી રૂઝે.

૮=ગરમ પાણીમાં ખાય તો પેટના દરદ નરમ પડે,

૯=ગાયના ઘી, માખન કે દુધ સાથ ખાય તો વિર્ય વધે.

૧૦=દારૂ સાથ ખાય તો પેટના દરદ મટે.

૧૧=કેરાંની છાલ સાથે ખાય તો ભુખ ઘણી વધે.

૧૨=એલચી સાથ ખાય તો ભુખ વધે.

૧૩=છોકરાની પીશાબમા ઘસી પાંએ તો સાપનું ઝેર ઉતરે.

૧૪=બકરીના દુધમાં ઘસી અંજન કરે તો આંખનું તેજ વધે.

૧૫=પીસાબમાં ઘસી પીએ તો દીવાનો હુસીઆર થાય.

૧૬=ભાંગરાના રસમાં ઘસી કાનમાં મુકે તો બેહેરાત જાય.

૧૭=ગાયના ઘીમાં ખાય તો પેટમાના કરમ નીકળી પડે.

૧૮=એરંડીઆમાં ઘસી લગાડે તો મોંઢાપરના દાઘ જાએ.

૧૯=એરંડીઆ માં ઘસી આંખે લગાડે તો તમર જાય.

૨૦=લીંબુના રસમાં ઘસી દુટીપર તથા પીરૂપર લગાડે તો પીસાબ છુટે.

૨૧=ગોળ સાથ ખાય તો દરેક જાતનો તાવ જાય.

૨૨કરમદીની જડ સાથ ઘસી લગાડે તો દરાજ જાય.

૨૩=કપાસના પાન સાથ ખાય તો ભુખ વધે.

## ઓકારી—ઉળતી.

૧=ઓકારી બંધ થાય—અરધો તોલો એલચીનું ચુરણ મધમાં ચાટવું.

૨=ઉળટી માટે—ખોરાક ખાધા પછી તરત ઉલટી થાય તે માટે એલચી ૨ાં તોલા, તુળસીના પાન ૧ તોલો, કપુર બેઆની ભાર, એની ૧ વાલની ગોળી બનાવી તે ૩) ગોળી ખાણું ખાવા આગળ પાણી સાથે ગળે.

૩=લોહીની ઉલટી થાય, લોહીના બળખા પડે તે બંધ થાય —કાસુંદરાનો રસ ૦ા તો, નાગ કેસર દાણા ૪ અને મધ ૦ા તો મેળવીને દરદી પીએ તો લોહી બંધ થાય.

૪=ઓકારી બંધ થાય— ખારેક ભુંજીને ચાવી ખાય.

૫=ઉલટી દબે—બદામના કોટલાં બાળી કોલસો કરે તેનું ચુરણ ૦ાા તો મધ સાથે ખાય.

૬=રાઇનું પલાસ્ટર કલાક ૦ાા થી ૧ સુધીમાં રાખવું. જગા રાતી થાય બળતરાં બળે છતાં પણ બલીસટર ઉઠતું નથી. ઘણા બળતરાં બળે તો ઘી ચોપડવું.

૭=ઉલટી બેસે—હોજરી ઉપર રાઇનું પલાસ્ટર મારવું.

૮=ઉલટી અને હેડકી માટે પીપરનું ચુરણ અને મોરના પીછની રાખ સંભાગે મેળવી ૨ વાલ મધમાં વારંવાર ખાવી.

૯=ઉલટી માટે ખંડેલી વરીઆળી ૨ તોલાની પોટલી ૧ શેર પીવાના પાણીમાં મુકી રાખવી તરસ લાગે ત્યારે તે પાણી પીવું.

૧૦=ઉલટી જમીઆ પછી થાય તે માટે ખાટું લીંબુ જે ઇંડાના આકારનું લંબગોળ હોય તેનો રસ ૧ તો. તેમાં બેઆની ભાર પાંપરનું ચુરણ મેળવી સહવાર સાંજ ખાવું.

૧૧=ઓકારી—મુગાની કુમરી ડાખળી સખત ઓકારીને અટકાવેછે.

૧૨=ઓકારી જાય—સાજીખાર ભાંગરાના રસમાં ખાવો.

## ઉલટી બંધ થાય.

૧=ધાવણની ઉલટી બંધ પડે—હીંગ ૧ ભાગ, અફીણ ૦॥ ભાગ પાણીની સાથ મેળવી મરી જેવી ગોળી બનાવે, અરધી અથવા આખી ગોળી (ઉંમરના પ્રમાણમાં) પાણીમાં ઘસીને દીવસમાં બે વાર આપે. બાળકના પેટમાં ધાવણ ન ટકતું હોય તે ટકી શકે. દેશી વૈદુ કહે છે જે હીંગ ખાવામાં લેવી હોય ત્યારે તેને જરા સેકી ગરમ કરી વાપરવી વગર સેકેલી હીંગ ઘણું દરદીને ઉલટી કરાવે છે, અથવા છાતી ઉપર ચુંથારો કરે છે.

૨=ગર્ભવાળી સ્ત્રીની ઓકારી મટે—આવળની સીંગ ૦ા તો. ગાયના દુધમાં વાટી સાકેર સાથ ખવાડવી.

૩=ઉલટી મટે—એલચીના ફોતરાની રાખ ૦ા તોલો ખવાડવી.

૪=ઓકારી મટે નાળીએરની ચોટલીની રાખ ૧ વાલ, મધ સાથ ચટાડવી

૫=ઉલટી—પીંપળાના છાલની રાખ તોલા પાંચ, ૧ શેર ગરમ અથવા ઠંડા પાણીમાં દોહવી ૧ કલાક રાખવી, ઉપરથી નીતરૂં પાણી કાહાડી ૩ તોલા પાણી એકેક કલાકે પાવું, ઉલટી ડબે ર્યાં સુધી પાવું.

૬=ઉલટી બંધ થાય—કોલેરાની અથવા બીજી કોઇબી ઉલટી માટે ફુદનાનો રસ નવટાંક દીવસમાં ૩ વાર પીવો.

૭=બાળકોને ઉલટી, ઝાહડો અટકે અને ઉંઘ આવે—જાવનત્રી; મધ, લવંગ દરેક ૨ તોલા; અજમો, કેસર, ખારેક, જાયફળ, હરડે દરેક ૧ તોલો. અફીણ તોલો ૦॥ એની બાજરીના દાણા જેવડી ગોળી કરવી, સહવાર સાંજ એકેકી આપવી.

૮=ઓકારી લાવવા માટે—મીંઢળના બીજને કપડછંદ કરી તેમાંથી ૧ વાલ ખાવાં ઉપરથી પાણી પીએ તો ઓકારી થાય. વળી ફરીથી પાણી પીએ તો વધુ ઓકારી થાય એ મુજબ જેટલી વાર વામીટ કરાવવું હોય તેટલીવાર પાણી પીએ.

૯=ઉલટી થતી હોય તો—આદુ અને કાંદાનો રસ એકેક તોલો પીએ તો ઉલટી બંધ થાએ.

કપુર કાચળીમાં સુગંધ છે. કોઇની ભુકાની બનાવટમાં ખુસબો લાવવા માટે એની ભુકી મેળવે છે બાલ વધારવાનો ગુણ એમાં છે.

ઉલટી ઘણી થતી હોય તો—કપુરકાચળી પાણીમાં ઘસીને જીભપર લગાડે.

ઉલટી અને ઝાડા બંધ થાય—કેસરના ઝાડનું મુળ કાપતી વેળાએ સુર્યની સામી બાજુએ ઉભા રહેવું એટલે મુળ કાપનારનો ઓળો તે ઝાડ ઉપર પડે નહી. તે મુળ પાણીમાં ઘસી પીવું.

## ઉદેલ તેલ.

ઉદેલ-લોબાનનું તેલ—લોબાન અને રાળ સંભાગે મેળવી પાતાળ જંતરથી તેલ કાઢવું. આ તેલની ખુસબો સારી છે, બાલને લગાડવામાં ફાયદો છે.

## ઉટીઉં તુટીઉં.

ઉટીઉં તુટીઉં નરમ પડે—જુની ઇંટનો ભુકો અને મીઠું સંભાગે મેળવી કાદવના વાસણમાં મુકી ખુબ ગરમ કરવું. પછી

તે ગરમ વાસણું સગડી પર મુકી રાખી આખે દીલે તેનો બફારો લેવો. બફારો લેતી વખત અંગ ઢાંકવું હવા શરીરને લાગવા દેવી નહી પછી ઓઢી સુઈ જવું.

## ઉંદરી.

૨=ઉંદરી જાય—બાળ આવે—માખીનો અધાર અને સાબુ અંકોળા-ના રસમાં ઘસીને ૯ દીવસ સુધી લગાડે તો ઉંદરી સારી થાય

૩=ઉંદરી માથા પરની મટે—કપાસના મગજને પાણીમા વાટી માથાની ઉંદરી ઉપર લેપ કરે અને જુવારની રોટીનું ૧ પડ ઠીકરાંપર ગરમ કરવું અને બીજું કાચુ પડ માથા પર જયાં લેપ કરેલો છે તે ઉપર મુકી ૩) દીવસ બાંધી રાખવું.

૪=ઉંદરી માથાની સારી થાય—કાળીજીરીને બાળી કોલસો કરી તેલમાં મેળવીને લગાડે.

## ઉંઘ આવે.

૫=ઉંઘમાં બચ્ચું રડે તો જાયફળ પાણીમાં ઘસી કપાળે લગાડે તો શાંતીથી ઉંઘે.

૨=ઉંઘ આવે અને વધે—કાળી મરચી (મરી) ને ઘોડાની લાદમાં વાટી આંખે આંજે તો ઉંઘ આવે અને મગજની બીમારી ઓછી થાય.

૩=ઉંઘ ન આવે તેનો ઇલાજ—ભાંગ ૧ તોલો લેવી તેનાં બીઆં કાડી નાંખવાં અને સાત પાણીએ ધોઇ સુકવીને ભુકો કરવો. ૨ થી ૫ વરસના છોકરાને ૨ ગ્રેન, ૧૦ થી ૧૫ વરસના છોકરાંને ૬ ગ્રેન, ૧૫ થી ૫૦ વરસના માણસને ૮ ગ્રેન આપવી આ ઇલાજથી ઉંઘ આવશે અને તબીયત સારી રહેશે

૪=ઉંઘ આવે—અળસીનું તેલ અને દીવેલ સંભાગે મેળવી પગના તળીઆને લગાડે અને કાંસાના વાટકાથી પગને મસળે.

૫=ઉંઘ ઘણા દીવસની ન આવતી હોય તે માટે—કસ્તુરી ઓ અથવા ગાયના દુધમાં ઘસી આંખે અંજન કરે.

૬=ઉંઘ આવે-તાવ ઉતરે—સેદરદીના છોડવા ઠંડી જગા ઉપર થાય છે. રામતુલસીના પાન જેવાં એના પાન છે. એના મુળની તોપી બનાવી માંથે મુકે તો તાવ જાય અને ઉંઘ આવે.

૭=ઉંઘ ન આવે તો લીંડીપીપરના મુળનું ચુરણ ૦॥ તોલો ગોળમાં ખાવું.

૮=ઉંઘ આવે—રાત્રે વતાકડા સેકી મધ સાથ ખાવી. તરત ઉંઘ આવે.

૯=ઉંઘ આવે અને ઉંઘ વધે—ચોમાસા પેહેલાં સુરમાને લીમડાના ઝાડને કોતરી તેમાં મૂકે, તેને બંધ કરે ચોમાસું ગયા પછી તે સુરમાને બહાર કાઢી તેને કપુર (અથવા સતકચીની) સાથ પીસી બારીક બનાવી આંખે આંજે તો દરદીને ઉંઘ આવે, મગજની બીમારીવાળા દરદીને બહુ ફાયદો થાય

૧૦=ઉંઘ આવે કેટલાંક દરદીઓને સુતી વેળા સુરમો આંખે આંજે તો નીંદ આવે છે.

૧૧=ઉંઘ લાવવા માટે પકાવેલાં સમુદર ફળને બકરીના તાજા દુધમાં ઘસીને આંખના પોપચા ઉપર તથા કપાળપર લગાડે

૧૨=ઉંઘ—હરડાંના ઠળીઆઓમાં ઉંઘ લાવવાનો ગુણ છે.

૧૩=ઉંઘ આવે—એરંડીઆના બી દુધમાં વાટે અને દરદીના કપાળે અને કાન આગળ લગાડે.

૧૪=ઉંજાગરો થાય તેનો ઇલાજ—ઉજાગરાથી શરીર સુસ્ત થાય, કામ કરવા ગમે નહીં ત્યારે લીંબુનો રસ ૧ તોલો ખાંડ ૧ તોલો અને પાણી ૦। શેર મેળવીને પીવું.

## પેટની ગાંઠ ખસે.

૧=પેટની ગાંઠ ખસે ત્યારે કાંસકીના છોડના આતવારે સહવારે તોડેલાં ૩) પાતરાં દરદીને ખવાડે.

## વિર્ય વધે

સુરણનું ચુરણ ૦॥ તોલો અથવા ૧) તોલો ૦॥ શેર દુધમાં ઉકાળી રોજ બે વાર પીએ. વવડનાં સુરણમાં વધારે ગુણ છે.

## કાખબલાહી.

૧=કાખ બલાહી=સાત પરો=બાલતોરો એ માટે—લીમડાના પાનની પોટીસ મુકે તો પાકીને દરદ નીકળી જાય

૨=પાકું કાખ બલાહી ઉંધુ ગુમડું { એક કલાકમાં ફુટે, સરમાઉ ઝાડની પોટીસ કરી ગુમડાં પર મુકે.

૩=બદ તથા કાખબલાહી માટે—કાંટા સળીઆની ગરમ પોટીસ બાંધે તો તરતની બદ વધરાઇ જાય પાકે નહીં.

૪=બદ, કાખબલાહી પાકે—વડનું દુધ કાગળ ઉપર લગાડી પટી મારે તો દરદ પાકે છે.

૫=કાગબલાહી—રસવંતી, એળીઓ પીળો, રેવંચીનો સીરો સંભાગે કુમારના રસમાં મેળવી લગાડે તો કાખબલાહી પાકે અથવા બેસી જાએ.

૬=કાખ મંજરી ( બાંગલઇ ) રાઇ અને કાથ વાટી તેની લુગદી ગાંઠ પર મુકે તો તરત ફુટે.

૭=બદ અને કાખબલાહી વધે નહીં, પાકે નહીં અને બેસી જાય તે માટે—કમોઇના પાનની પોટીસ મુકવી.

## કીડ.

૧=કીડ—લીંબુનો રસ, સુખડનું તેલ, દીવેલ સરખે ભાગે મેળવીને મસળવું.

૨=કીડ—હળદર અને કાંદાનો રસ મસળવો.

૩=કીડે અને વવરો મટે—ખસખસને ખુબ વાટવી અને લીંબુના રસમાં મેળવી કીડવાળી જગા ઉપર સારી પેઠે મસળવી.

૪=સુકી કીડ માટે—ધુપરેલ ૩ ભાગ, ખાંડ ૧ ભાગ ચુલાપર ગરમ કરી લગાડે.

સમાપ્ત.

# ડી. પી. માદનની કંપનીમાં

## વેચાતી,

## સાધારણ ઉપયોગમાં આવતી

## પરચુરણ દવાઓ.

---

**સારસાપેરીલા કમપાઉંડ કમ અયોડાઈ.—**
**સાધારણ** રીતે વપરાતા સારસાપેરીલાની સાથે બીજી ઘણી ઉપયોગી દવાની મેળવણી હોવાથી આ જાતનો સારસાપેરીલા દરદીને જલદી આરામ કરે છે. સાંધાઓમાં થતી કળતર દુર કરે છે, ખુજલી, દરાજ, ગરગુમડાને જડમુળથી કહાડી નાંખે છે. લોહીનો સુધારો અને વધારો કરે છે, ઝાહડો સાફ લાવે છે. ભુખ લગાડે છે. અને અંગમાં ફોવતી આપે છે. સારસાપેરીલા જો પીવાની જરૂર હોય તો આ જાતના સારસા પીવાની ઘણાઓ મજબુત ભલામણ કરે છે.—**કીમત રૂ. રા, ૧I, ાા॥ .**

**કેમીકલફુડ**—બચ્ચાંઓને શકતી આપનારી દવા જોઇએ તો ફકત આ એકજ છે. બચાંઓ જેઓને અતેસારની માફક ઝાડો ચાલુ રહેતો હોય, જેઓને ખાધેલું પેટમાં ટકી શકતું ન હોય, જેઓને વારેઘડીએ કોહવાટ થતો હોય, જેઓના હાડકાં તવાઇ જતાં હોય અથવા શરીરમાં કોઈપણ અવયવો ખામીભરેલા હોય, તેઓ માટે એ દવા ઘણીજ ઉપયોગી છે. એ દવા લાંબો વખત રેહેવાથી બગડી જાય છેં, માટે બજારૂ સસ્તો માલ ન લેતાં તાજો માલ વાપરવાની સાવચેતી રાખવી—**કીંમત ૧I, ાા॥ .**

---

## આસંધ આસવ.

### સુવારોગ માટે—

આસંધ, દરાખ વગેરે વસાણાથી બનેલો આ રસ કોઇબી રીતે નુકસાન કરતો નથી. આ રસ લોહીને વધારે છે. નબળાં પડી ગયલાં દરદીને હુશીઆરી આપે છે, પાચન શકતી વધારે છે. ભુખ લગાડે છે. લોહીના દુર કરે છે. શરીરે ફોવત લાવે છે

પોર્ટવાઈનની બરાબરી કરવા માટે આ એકજ દવા છે. પણ એમાં નીસો બીલકુલ નથી, સોઆવરી બૈરાંને કૌવત આપે છે અને દુધનો વધારો કરે છે.

**ઇસટન સીરપ**—ગરમ દેશની હવાથી તથા તનમનને ઘણી મેહનત આપવાથી શરીરે સુસ્તી અને થાક લાગે છે તે આ દવાથી દુર થાય છે, અને લાંબા વખતની હાડધગી જુની તાવ તથા તે પછી થતી નબલાઇ દુર કરે છે. તે ધાતુને સુધારે છે. તથા તેના બીગાડાથી થતા અનેક પ્રકારના વ્યાધી દુર કરે છે. વળી કમરનું દુખવું, પગનું નીપરાઈ પડવું, વગેરે બંધ પડે છે. જુનો થયલો માલ ઘણો સસ્તો મળે છે; પણ એવા સસ્તા માલથી ફાયદો થવાની આશા નથી—**કીંમત રૂ. ૦ાા= તથા ૧.**

**કોડલીવર ઇમલશન**—કોડલીવર ઓઇલ ખાંસી અને હાંફણવાળાને ફાયદો કરે છે એટલુંજ નહીં પણ તવાઇ જતાં શરીરને પાછું ખીલતું કરવાને ચોક્કસ ગુણ ધરાવે છે; એટલું છતાં એના ખરાબ વાશને લીધે જેવું જોઇએ તેવું વાપરી શકાતું નથી, એટલા માટે હમોએ આ તેલ બનાવ્યું છે, જેમાંથી વાસ બીલકુલ કહાડી નાંખી સ્વાદિષ્ટ કર્યું છે, અને તે સાથે બીજી દવાની મેળવણીઓ હોવાને લીધે તે બીજી બધી જાતના કાદલીવર કરતાં ઘણો જલદી ફાયદો કરે છે.—**કીંમત રૂ ૦ાા= તથા રૂ. ૧.**

**ચોથીઆ નાશક**—આ હમારી ચોથીઆ તાવની અકશીર દવા હજારો દરદીઓ ઉપર સંતોસકારક રીતે વપરાઈ ચુકવાથી તે સર્વે ઠેકાણે પ્રસિદ્ધ થઇ ચુકી છે. માટે તે વિષે વધુ બોલવાની અગત્ય નથી, માત્ર ટુંકમાં જણાવીએ છીએ કે એ દવાની બરાબરી કરવા માટે બીજી કોઇ નથી. ઘણા લાંબા વખતનો તાવ હોવા છતાં, અજાયબીભરેલું એ છે કે, તે ફકત ચારજ દીવસમાં તાવ કહાડી નાંખે છે. વળી વધારે અજાયબીભરેલું એ છે કે, દવા વનસ્પતિની બનાવેલી હોવાથી કોઇને કશી હરકત કરતી નથી, અને તે સાથે પહરેજી કાંઇ જરુરત નથી. ગર્ભવાળી સ્રીને એ દવા અડચણ કરતી નથી.—**કીંમત રૂ. ૦ાા=.**

# ડાકટર ઈસતન સીરપ.

નામાંકીત ડાકટર **ઈસતને**, **આએરન**, **કુઈનીન**, તથા **સ્ટ્રીચનીઆંનો** બનાવેલો અને જાહેર કીધેલો **સીરપ**.

**આ ઈસતન સીરપ** હાડધગી, તથા ઝીણી તાવને દુર કરે છે, ધાતુ સુધારે છે અને પાચન શકતી વધારે છે.

સરીરમાં થતી **નબળાઈ**, **સાંધાનું દરદ**, **ઝીની તાપ**, તથા ગરમ દેશમાં લાંબો વખત રહ્યાથી, તથા તન અને મનને મહેનત આપ્યાથી, જે દરદો ઉત્પન્ન થાય છે, તેવાં અનેક દરદોને નાબુદ કરવાને સઉથી વખણાયલો અકસીર ઇલાજ એ છે જે આ **સીરપ** લાંબો વખત સુધી વાપડવો.

**આ ઈસતન સીરપ** એવી તદબીરથી બનાવેલો છે જે એક સાધારણ તનદરોસ્તીવાળા આદમીને ઘણી મહેનત તથા થાકના કારણને લીધે થતી નબલાઇને, તથા બગડતી તનદરોસ્તીને તે તુરતજ અટકાવી શકે છે તેમાં જરૂર કરીને મજબુત બાંધાના માણુસને તે ઘણો ઉપયોગી થઇ પડે છે. તાવ પછી થતી નબળાઇ માટે એ ઘણો ઉપયોગી છે

**ઇસતન સીરપ** ઉમ્મરે પુગેલી સ્ત્રી પુરૂષોને એક સરખી રીતે માફક આવે છે. તે **લોહી સુધારે છે સાંધાઓના દુખાવા**, અને **આળસાઇને દુર કરેછે. શરીરમાં હોશીઆરી** આવી માણુસ પુરતો તનદરોસ્ત થાય છે, એટલા વાસ્તે સર્વેને ભલામણ કરીએ છીએ કે **ઈસતન સીરપ** નબળાં માણુસે કામમાં લેવો. જુનો અને રંગ પકડેલો માલ વાપરવો નહીં

**પીવાની રીતઃ—અરધી ચમચીથી એક આખી ચમચી** સુધી અથવા ૩૦ **ટીપાંથી ૬૦ ટીપાં** સુધી **દીવસમાં** ત્રણવાર પાણી સાથે પીવાં.

એક ડ્રામ **સીરપમાં** કેવી અને કેટલી દવા આવે છે તેની વીગત—

ફોસફેટ આફ આએરન ૨) ગ્રેન, ફોસફેટ આફ કુઇનીન ૧) ગ્રેન. ફોસફેટ આફ સ્ત્રીચનીઆ ગ્રેનનો બત્રીસમો ભાગ.

**કીંમત શીશી ૧)ના રૂા. ૦ાા તથા રૂા. ૧ા.**

બજારૂ સસ્તો માલ લાલ રંગનો હોય છે તે જુનો સમજવો. તે વાપડયાથી ગુણ જણાતો નથી.

**વેચનાર—ડી. પી. માકનની કું. વેલાતી દવા વેચનાર-સુરત.**